■ મૂલ ગ્રંથકાર ■

પૂ. આચાર્ય ભગવંતશ્રી જયકીર્તિસૂરીશ્વરજી મ

■ ટીકાકાર ■

પૂ. આચાર્ય ભગવંતશ્રી સોમતિલકસૂરીશ્વરજી મ.



ક્ષેત્રસમાસ

ગુજરાતીકરણ ભાષાનુવાદ

■ ભાષાનુવાદકાર ■

પૂ.આ.શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિ મ.

• પ્રકાશક •

શ્રી ચાણપીના આદીશ્વર ભગવાન

જૈન દેરાસર ટ્રસ્ટ

મહીધરપુરા, છાપરીના શેરી

સૂરત - 395003

શ્રી ધરણેંદ્ર-પદ્માવતી સંપૂજિતાય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રીદાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિગુરુભ્યો નમઃ

ઐં નમઃ

શીલોપદેશમાલા

(ગુજરાતી ભાષાંતર)



: મૂલગ્રંથકાર :

સકલસિદ્ધાંતસારવેદ્દી પ. પૂ. આચાર્યદેવ **શ્રી જયકીર્તિસૂરીશ્વરજી** મહારાજા

: ટીકાકાર :

શીલપ્રિય પ. પૂ. આચાર્યદેવ **શ્રી સોમતિલકસૂરીશ્વરજી** મહારાજા

: ભાવાનુવાદકાર :

સિદ્ધાંતમહોદધિ સ્વ. પ. પૂ. આચાર્યદેવ **શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મ.ના પટ્ટાલંકાર

પરમગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી** મ. ના શિષ્યરત્ન

પરાર્થપરાયણ પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્વિજયલલિતશેખરસૂરિ** મ. ના વિનેય

આચાર્યદેવ **શ્રી રાજશેખરસૂરિ મહારાજ**

: પ્રકાશક :

શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દહેરાસર ટ્રસ્ટ

છાપરીયા શેરી–સૂરત

(પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી મહોદયસૂરિ મ. સા.ના પરમતારક ઉપદેશથી)

મૂલ્ય : રૂા. ૪૦=૦૦

વિ. સં. ૨૦૪૯, વીર સં. ૨૫૧૯, ઈ. સ. ૧૯૯૩, નકલ ૧૦૦૦

: પ્રાપ્તિસ્થાન :

શ્રીમતી લલિતાબેન લલ્લુભાઇ ઝવેરી પૌષધશાળા

મહીધરપુરા–છાપરીયા શેરી, સૂરત–૩૯૫૦૦૩

સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી પ્રકાશિત થયેલ હોવાથી પૂ. સાધુ–સાધ્વીજી કે જ્ઞાનભંડાર સિવાય કોઈ પણ ગૃહસ્થે આ પુસ્તક વસાવવું હોય તો છાપેલી કિંમત ચૂકવીને જ વસાવવું, અન્યથા દોષના ભાગીદાર બની જવાય.

ભરત પ્રિન્ટરી ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ. ફોન : ૩૮૭૯૬૪.

પ્રકાશકીય

પ્રશાંતમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજના મંગલ આશીર્વાદથી શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દહેરાસર ટ્રસ્ટ તરફથી આ **"શીલોપદેશમાલા"** ગ્રંથનું પ્રકાશન કરતાં અમે હર્ષ અનુભવી રહ્યા છીએ. આ ગ્રંથનું નામ યથાર્થ છે. શીલ એટલે બ્રહ્મચર્ય, શીલના-બ્રહ્મચર્યના ઉપદેશોની માલા તે શીલોપદેશમાલા. આ ગ્રંથમાં બ્રહ્મચર્યનો ઘણો મહિમા ગાયો છે. શીલપાલન કરવાથી થતા લાભોનું અને શીલભંગથી થતી હાનિનું અનેક દૃષ્ટાંતોપૂર્વક રોચક વર્ણન કરવામાં આવ્યું છે. આમાં આવેલી કથાઓ સામાન્યજનને પણ વાંચવી ગમે તેવી છે.

ભૂતકાળમાં આ ગ્રંથ ઉપર થયેલી અનેક ટીકાઓની રચનાથી જાણી શકાય છે કે ભૂતકાળમાં આ ગ્રંથ ઘણો પ્રચલિત હતો. જિનદાસ શ્રાવકે ગુરુની પાસે સાત વર્ષની વયે શીલોપદેશમાલાનું વ્યાખ્યાન સાંભળીને જીવનપર્યંત એકાંતરે બ્રહ્મચર્ય વ્રત પાળવાનો નિયમ લીધો હતો. એની પત્ની સુહાગદેવીએ પણ લગ્ન પહેલાં સાધ્વીજી પાસે એકાંતરે બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લીધો હતો. જે દિવસે જિનદાસને વ્રતની છૂટ હતી તે દિવસે પત્નીને નિયમ હતો. જે દિવસે પત્નીને છૂટ હતી તે દિવસે જિનદાસને નિયમ હતો. આથી બંનેએ ગુરુની પાસે યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો હતો.

આ વિગત સેનપ્રશ્નગ્રંથમાં (સળંગ પ્રશ્નનંબર) ૩૯૬મા પ્રશ્નના ઉત્તરમાં જણાવી છે. આના ઉપરથી પણ સમજી શકાય છે કે પૂર્વે આ ગ્રંથ સામાન્ય જનસમાજમાં ઘણો પ્રચલિત હતો.

આજે જ્યારે જનસમાજમાં શીલનો પ્રેમ ઘટવા લાગ્યો છે, શીલભંગના પ્રસંગો ખૂબ વધી રહ્યા છે, શીલની રક્ષા થાય તે માટે મહાપુરુષોએ બતાવેલી મર્યાદાઓનો-નિયમોનો ભાંગીને ભુક્કો થઈ રહ્યો છે, પરિણામે કુમારીઓનું કૌમાર્ય ખંડિત થવાનો ભય ઉપસ્થિત થઈ રહ્યો છે, કામવાસના વધે તેવું વાતાવરણ સર્જાઈ રહ્યું છે ત્યારે, શીલ ઉપર પ્રકાશ પાથરતો આ ગ્રંથ ઘણો ઉપયોગી બની રહેશે.

શીલોપદેશમાલા ગ્રંથ મહારાષ્ટ્રી પ્રાકૃત ભાષામાં છે, અને તેના ઉપર "શીલતરંગિણી" નામની સંસ્કૃત ટીકા છે. શીલોપદેશમાલા મૂળગ્રંથના કર્તા આચાર્ય શ્રી જયસિંહસૂરિના શિષ્ય આચાર્ય શ્રી જયકીર્તિસૂરિ છે. તેઓશ્રીના જીવનની વિશેષ કોઈ માહિતી અમને પ્રાપ્ત થઇ નથી. શીલતરંગિણી સંસ્કૃત ટીકાની રચના રુદ્રપલ્લીય ગચ્છના આચાર્ય શ્રી સંઘતિલકસૂરિના શિષ્ય આચાર્ય શ્રી સોમતિલકસૂરિએ વિ.સં. ૧૩૯૪ માં કરી છે. તેમનું બીજું નામ વિદ્યાતિલક હતું. તેઓશ્રીએ બીજા પણ વીરકલ્પ, ષડ્દર્શન-સૂત્રટીકા, લઘુસ્તવટીકા અને કુમારપાલદેવ ચરિત વગેરે ગ્રંથોની રચના કરી છે.

પ્રસ્તુત પ્રકાશનની પૂર્વભૂમિકા કાંઈક આ પ્રમાણેની છે :- વ્યાખ્યાનવાચસ્પતિ, મહાન શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદપૂર્વક તેઓશ્રીના લઘુ ગુરુબંધુ પરમગીતાર્થ સ્વ. પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયહીરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ.પૂ. આચાર્ય શ્રીમદ્વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજ સ્વશિષ્યો સાથે સૂરત-છાપરીયાશેરી શ્રીમતી લલિતાબેન લલ્લુભાઇ ઝવેરી પૌષધશાળામાં ચાતુમાસાર્થે પધાર્યા. તેઓશ્રીના પ્રભાવે ચાતુર્માસમાં આરાધના-પ્રભાવનાની સુંદર સુવાસ ફેલાઇ. તેઓશ્રીને જ્ઞાનખાતાની રકમનો સદુપયોગ કરાવવા માટે વિનંતિ કરતાં તેઓશ્રીએ, જેઓશ્રીના અનુવાદો ચતુર્વિધ સંઘમાં ખૂબ ઉપયોગી બની રહ્યા છે તે પૂજ્ય આચાર્યદેવ શ્રી રાજશેખરસૂરિ મહારાજે કરેલા, આ આ ટીકાસહિત શીલોપદેશમાલા ગ્રંથના ભાષાંતરના પ્રકાશન તરફ અમારું લક્ષ દોર્યું. અમોએ સહર્ષ આ ભાષાંતરનું પ્રકાશન કરવાનો નિર્ણય કર્યો. તેના ફળસ્વરૂપે આજે અમે આ ગ્રંથરત્નને શ્રીમતી લલિતાબેન લલ્લુભાઈ ઝવેરી પૌષધશાલા અને શ્રી વમલચંદ ખીમચંદ સુતરીયા ઉપાશ્રયના જ્ઞાનદ્રવ્યની આવકમાંથી છપાવીને આપની સમક્ષ મૂકી શકયા છીએ.

આ પ્રસંગે એક સ્પષ્ટતા કરવી અત્યંત જરૂરી છે કે જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે પ્રાચીન ગ્રંથોના હસ્તલેખન, જ્ઞાનભંડારોનું સંરક્ષણ, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની અધ્યયન વ્યવસ્થા વગેરેમાં સમુચિત રીતે જ કરવો યોગ્ય છે. આવા ગ્રંથોનું પ્રકાશન કરવાનું કર્તવ્ય જો કે યથાશક્તિ શ્રાવકોએ જ અદા કરવાનું છે. તે શકય ન હોય અને જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ અનિવાર્ય બને તો પણ તેમાં જરૂરી મર્યાદાનું પાલન આવશ્યક છે. તેથી જ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રીસંઘો હસ્તકના જ્ઞાનભંડારોને જ આ ગ્રંથ સાદર સમર્પિત કરાશે. ગૃહસ્થોએ આ ગ્રંથ વસાવવો હોય તો તેનું પૂરું મૂલ્ય જ્ઞાનખાતે અર્પણ કરીને જ વસાવવો અને જ્ઞાનભંડારમાંથી વાંચન કરવા માટે ઉપયોગ કરવો હોય તો તેનો યોગ્ય નકરો જ્ઞાનખાતે આપવા ચૂકવું નહિ. જેથી કોઈપણ પ્રકારના દોષના ભાગીદાર ન થવાય.

પ્રૂફસંશોધન આદિ કાર્યો ખૂબ ચીવટથી કરી આપવા બદલ પ. પૂ. આચાર્યદેવ શ્રી લલિતશેખરસૂરિજી મ.સા., પ.પૂ. આચાર્યદેવ શ્રી રાજશેખરસૂરિ મ. સા. અને પ.પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી મ. સા.ના અમે ઋણી છીએ.

સમયસર સુંદર મુદ્રણ કરી આપવા બદલ ભરત પ્રિન્ટરીના માલિક શ્રી કાંતિલાલ ડી. શાહ વગેરેને પણ અમે ભૂલી શકીએ તેમ નથી.

પ્રાંતે-આ ગ્રંથનું વાંચન-ચિંતન-મનન કરીને સૌ કોઇ શીલના પ્રેમી બનીને શીલનું પાલન કરનારા બનો એ જ પરમશુભેચ્છા.

-શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દહેરાસર ટ્રસ્ટ

પૂ. આ. શ્રી રાજશેખરસૂરિ મહારાજના

સરળ અને સુબોધ શૈલીમાં આલેખાયેલાં પ્રેરણાદાયી પુસ્તકો

૧ માતાપિતાની સેવા

માતા-પિતાનો ઉપકાર કેટલો બધો મહાન છે ? એમની સેવા કાજે કઈ કઈ ચીજોનું બલિદાન કરવું જોઈએ ? વગેરે જાણવા આ પુસ્તિકા ઘણી ઉપયોગી છે. એની ત્રણ આવૃત્તિમાં ૧૬ હજાર નકલો પ્રગટ થઈ ચુકી છે. 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' વગેરે દૈનિકપત્રોએ પણ આને સારો આવકાર આપ્યો છે.

૨ મૈત્રીસાધના

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓ ધર્મનું મૂળ છે, અને પ્રમોદાદિ ત્રણ ભાવનાઓનું મૂળ મૈત્રી છે. આવી મહિમાવંતી મૈત્રીના સ્વરૂપને અને મહિમાને જાણવા માટે આ પુસ્તિકા વાંચવી જરૂરી છે.

૩ પ્રમોદપુષ્પપરિમલ

આમાં પ્રમોદભાવનાનું સરળ અને સુગમ વિવેચન કરવામાં આવ્યું છે. ગુણાનુરાગની ગરિમાને, ગુણ પ્રશંસાથી પ્રગટ થતા અનેકાનેક લાભોને, અને ગુણ-અવગુણના પારમાર્થિક સ્વરૂપને સમજવા માટે આ પુસ્તિકા અવશ્ય વાંચો.

૪ સત્સંગની સુવાસ

આમાં સત્સંગના મહિમાનું અને કુસંગથી સર્જાતા અનર્થોનું વિવિધ રીતે વર્ણન કરવામાં આવ્યું છે. સત્સંગ અનેકાનેક દૃષ્ટિથી કેટલો બધો જરૂરી છે અને લાભદાયી છે એનું પુણ્ય દર્શન મેળવવા માટે આ પુસ્તિકા અનેક રીતે આદરણીય છે.

૫ ભવભાવના

આમાં બારભાવનાઓનું વર્ણન છે, પણ પાંચમી સંસારભાવનાનું વર્ણન ઘણા વિસ્તારથી કરવામાં આવ્યું છે. આથી આ પુસ્તિકા દુઃખમાં સમાધિ માટે ટોનિક ઔષધતુલ્ય અને વૈરાગ્ય પોષક છે. જૈનના દરેક ઘરમાં આ પુસ્તિકા હોવી જરૂરી છે. આની ત્રણ આવૃત્તિમાં ચાર હજાર નકલોનું પ્રકાશન થયું છે.

૬ તત્ત્વાર્થાધિગમસૂત્ર

આમાં જીવ વગેરે નવતત્ત્વોનું વિશદ છતાં સરળ અને સુગમ વિવેચન કરવામાં આવ્યું છે, જૈનશાસનના પ્રાણભૂત નવ તત્ત્વોનું સ્પષ્ટતાથી અને વિસ્તારથી જ્ઞાન મેળવવા માટે આ પુસ્તકનું અવગાહન જરૂરી છે.

-: પ્રાપ્તિસ્થાનો :-

જયેન્દ્ર વેલજી હરણિયા, ૧૭ B, દિગ્વિજય પ્લોટ, **જામનગર-૩૬૧૦૦૫** (સૌરાષ્ટ્ર)	તત્ત્વાર્થાધિગમસૂત્ર મહેસાણા શ્રી યશોવિજયજી જૈન પાઠશાલામાં મળે છે.	**અમૃતલાલ જીવરાજ** ૧૭ એમ; આઝાદરોડ, ફાતમાબાઈ કોર્ટ, જેકબસર્કલ **મુંબઈ-૪૦૦ ૦૧૧**

સાદર સમર્પણ

આ ગ્રંથનું ગુજરાતીમાં ભાષાંતર કરવા માટે મને જેઓશ્રીએ પ્રેમપૂર્ણ પ્રેરણા કરી તે કવિકુલકિરીટ પ. પૂ. આ. શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પ્રશાંતમૂર્તિ પ. પૂ. પંન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજી ગણિવરના કરકમલોમાં સાદર સમર્પણ.



— રાજશેખરસૂરિ

વિષયાનુક્રમણિકા

વિષય	ગાથા	પેજ
મંગલાચરણ	૧	૨
શીલપાલનનો ઉપદેશ.	૨	૪
શીલનું માહાત્મ્ય	૩–૪	૫
શીલ મોક્ષનું મુખ્ય કારણ	૫	૧૨
શીલવંતોની પ્રશંસા	૬–૭	૧૨
તપસ્વીઓમાં પણ નિર્મલ શીલવાળા અલ્પ હોય.	૮	૧૩
તત્ત્વજ્ઞાનીને પણ શીલપાલન દુષ્કર	૯	૧૬
શીલપાલન બધાય ધર્મોથી અધિક દુષ્કર	૧૦	૧૬
શીલપૂર્વક કરેલા દાનાદિ પ્રમાણભૂત છે.	૧૧	૧૭
નિર્મલશીલનો પ્રભાવ	૧૨	૧૭
તપસ્વી પણ શીલરહિત હોય તો મોક્ષ ન પામે.	૧૩	૨૦
શીલપાલનની દુષ્કરતા	૧૪–૧૫	૨૧
સુભટો પણ સ્ત્રીથી જીતાય છે.	૧૬–૧૭	૨૨
માની જીવ પણ સ્ત્રીને આધીન બને છે.	૧૮	૨૬
પંડિત પણ સ્ત્રીને આધીન બને છે.	૧૯	૩૦
સ્ત્રીથી થયેલી લૌકિક દેવોની વિડંબના	૨૦	૩૦
કામી દેવોને પૂજનારાઓનો ઉપહાસ	૨૧	૩૩
કામી ગુરુઓને પૂજનારાઓનો ઉપહાસ.	૨૨	૩૩
ચોથાવ્રતના ભંગમાં શેષવ્રતોનો પણ ભંગ	૨૩થી૨૫	૩૪
વિષયાસક્ત જીવ ગુરુ ન હોઈ શકે.	૨૬	૩૬
શાસ્ત્રમાં મૈથુનનો એકાંતે નિષેધ.	૨૭	૩૬
ધીર પણ સ્ત્રીસંગના કારણે ધર્મથી ભ્રષ્ટ બને.	૨૯–૩૦	૩૭
નંદિષેણ સ્ત્રીના કારણે ચારિત્રથી ભ્રષ્ટ બન્યા.	૩૧	૪૪
તદ્ભવમોક્ષગામીઓને પણ વિષયો દુર્જેય છે.	૩૨	૪૭
કામદેવ દુર્જેય છે.	૩૩–૩૪	૫૦
કામને જીતનારાઓની પ્રશંસા	૩૫થી૩૯	૫૦
દૃષ્ટાંતોથી શીલપાલનનું સમર્થન	૪૦	૮૮
સ્થૂલભદ્રના શીલની પ્રશંસા	૪૧	૧૦૨
શીલમાં મક્કમ જીવ લોભાતો નથી.	૪૨	૧૧૪
શીલના કારણે સ્ત્રીઓ પણ પૂજ્ય છે.	૪૩	૧૩૦
શીલના કારણે ગૃહસ્થો પણ શ્રેષ્ઠ છે.	૪૪–૪૫	૧૩૧
ચોર પણ શીલપાલનથી સદ્ગતિમાં જાય.	૪૬	૧૩૯
શીલવંતી સ્ત્રીની પ્રશંસા.	૪૭	૧૪૪
મહાસતીનું સ્વરૂપ	૪૮	૧૪૫
પરપુરુષને સેવનારી સ્ત્રી મહાસતી નથી.	૪૯	૧૪૫
નિંદનીય પણ સ્ત્રીઓ શીલથી પ્રશંસનીય બને	૫૦	૧૪૫
સીતા–સુભદ્રાની પ્રશંસા	૫૧–૫૨	૧૪૬
મહાસતીઓ સુખોમાં લોભાતી નથી.	૫૩	૧૫૧
મહાસતીઓનાં દૃષ્ટાંતો	૫૪	૧૫૮
પતિથી ત્યજાયેલી સતીઓનાં દૃષ્ટાંતો	૫૫	૧૮૭
મહાસતીઓનાં દૃષ્ટાંતો	૫૬	૨૩૫
શીલવંતનો સંગ પણ બહુગુણકારી બને.	૫૭	૨૩૬
શીલરહિતના અનેકગુણો પણ ગુણ નથી	૫૮	૨૫૬
શીલવાનને આ ભવમાં જ મળતાં ફળો.	૫૯	૨૫૬
શીલથી ભ્રષ્ટ બનેલાઓનાં દૃષ્ટાંતો.	૬૦થી૬૨	૨૫૭
શીલથી ભ્રષ્ટ કૂલવાલકનું દૃષ્ટાંત.	૬૩	૨૫૭
વિષય તૃષ્ણાથી તપ પણ નિરર્થક બને.	૬૪	૨૬૨
પરસ્ત્રીગમનથી મહાન પણ લઘુ બને.	૬૫	૨૬૬
શીલવિનાશથી અપજશ ફેલાય.	૬૬	૨૬૭
શીલમાં આદર કરવાનો ઉપદેશ.	૬૭	૨૮૦
શીલરક્ષા વિષે દશવૈકાલિકની ચાર ગાથા	૬૯થી૭૨	૨૮૧
શીલરક્ષા માટે સ્ત્રીત્યાગના આગ્રહનો હેતુ	૭૩–૭૪	૨૮૧
પોતાના આત્માને જ બોધપ્રદાન.	૭૫	૨૮૨
વિષયસુખમાં આસક્તને થતાં દુઃખો	૭૬–૭૭	૨૮૪
વિષયાકાંક્ષાને દૂર કરવાનો ઉપદેશ.	૭૮	૨૮૫
સ્ત્રીઓના દોષોનું વર્ણન.	૭૯થી૮૫	૨૮૫
સ્ત્રીઓથી વિરક્ત બનેલાઓની પ્રશંસા.	૮૬	૨૮૬

વિષય	ગાથા	પેજ
સ્ત્રીમાં વિશ્વાસ મૂકનારની દુર્દશા થાય.	૮૭	૨૯૯
સ્ત્રીઓ વિશ્વાસ કરવા યોગ્ય નથી.	૮૮-૮૯	૩૦૪
પરસ્ત્રીના પ્રેમથી પોતાને ભાગ્યશાળી માનનારાઓને ઠપકો.	૯૦	૩૦૪
અનેક સ્ત્રીઓમાં આસક્તને શિવવધૂ ન ઈચ્છે.	૯૧	૩૦૫
મોક્ષ મેળવવા શીલપાલનનો જ ઉપદેશ.	૯૨	૩૦૫
કામથી પીડાયેલાને દુઃખ જ છે.	૯૩-૯૪	૩૦૫
સ્ત્રીઓનું શરીર પણ વૈરાગ્યનું કારણ છે.	૯૫	૩૦૬
શીલનું માહાત્મ્ય-શીલ રહિતની નિંદા.	૯૬-૯૭	૩૦૬
કેવો જીવ શીલની રક્ષા કરે તેનું કથન.	૯૮	૩૦૬
મુનિના શીલની રક્ષાનો ઉપાય	૯૯	૩૦૭
ગૃહસ્થના શીલની રક્ષાનો ઉપાય	૧૦૦	૩૦૮
મુનિ અને ગૃહસ્થને હિતશિક્ષા.	૧૦૧-૧૦૨	૩૦૮
સ્ત્રીઓને હિતશિક્ષા.	૧૦૩	૩૦૯
કેવી સ્ત્રીઓ વિરલ હોય તેનું કથન	૧૦૪	૩૦૯
મહાસતીઓ શીલમાં દૃઢ હોય છે.	૧૦૫	૩૧૦
"સતી" શબ્દનો અર્થ.	૧૦૬	૩૧૦
સતી ન હોવા છતાં પોતાને સતી માનનાર સ્ત્રીઓની દુષ્ટતાનું કથન.	૧૦૭	૩૦૨
ઉક્ત વિષયનું દૃષ્ટાંતથી સમર્થન.	૧૦૮	૩૧૧
મહાસતીનું લક્ષણ.	૧૦૯	૩૨૮
શીલ રક્ષાનો ઉપાય.	૧૧૦	૩૨૮
સ્ત્રી સાથે એકાંતમાં રહેવાથી દોષારોપણની સંભાવના.	૧૧૧	૩૨૮
શીલ પાલનના ફળનું કથન.	૧૧૨	૩૨૯
કેવો જીવ શીલ પાળે તે જણાવે છે.	૧૧૩	૩૨૯
મંગલ આશીર્વાદ.	૧૧૪	૩૩૨

દૃષ્ટાંતોની અકારાદિ અનુક્રમણિકા

દૃષ્ટાંત	પેજ
અગડદત્ત	૨૮૯
અંજનાસુંદરી	૧૬૩
આર્દ્રકુમાર	૩૮
ઈન્દ્ર	૩૩
ઋષિદત્તા	૧૮૭
કમલા	૨૧૯
કલાવતી	૨૨૪
કૂલવાલક	૨૫૮
ગુણસુંદરી-પુણ્યપાલ	૫
ચંદ્ર	૩૨
દત્તપુત્રી (શૃંગારમંજરી)	૨૭૬
દમયંતી	૨૦૦
દ્વૈપાયનઋષિ	૧૩
દ્રૌપદી	૨૬૨
ધનશ્રી સતી	૩૩૦
નર્મદાસુંદરી	૧૭૨
નેમિનાથ (નવભવની વિગત)	૫૨
નારદ	૧૭
નૂપુર પંડિતા (અંતર્ગત મહાવત-રાણીનો પ્રસંગ)	૨૬૭
નંદિષેણ	૪૪
નંદયંતી	૨૪૭
પ્રદેશી રાજા	૩૦૦
બ્રહ્મા	૩૧
મદનરેખા સતી	૧૫૧
મનોરમા	૨૫૨
મલ્લિનાથ ભગવાન	૮૮
મહાદેવ	૩૧
રતિસુંદરી	૧૮૨
રહનેમિ	૪૮
રિપુમર્દન-ભુવનાનંદા	૨૨
રુક્મિણી (નારદના સંબંધમાં)	૧૭
રોહિણી	૨૫૨
વજ્રસ્વામી	૧૧૪
વિશ્વામિત્ર ઋષિ	૧૫
વંકચૂલ	૧૩૯
શીલવતી	૨૩૫
સીતાજી	૩૧૧
સુદર્શન શેઠ	૧૩૧
સુભદ્રા સતી	૧૪૭
સુંદરી	૧૫૮
સ્થૂલભદ્ર	૧૦૩

શ્રી ધરણેંદ્ર પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રીશંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-હીરસૂરિગુરુભ્યો નમઃ
ऐं नमः

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી જયકીર્તિસૂરિ વિરચિત
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી સોમતિલકસૂરિ કૃત શીલતરંગિણી ટીકા સહિત
શીલોપદેશમાલા ગ્રંથનો
આચાર્ય શ્રી રાજશેખરસૂરિ કૃત
ગુજરાતી ભાવાનુવાદ



ટીકાકારનું મંગલાચરણ

ઉપદેશ આપવાના સમયે જેમના દાંતનાં કિરણોથી મિશ્રિત થયેલા અને ખભા ઉપર ફેલાતા કેશના અંકુરોએ સુવર્ણપાત્રમાં રહેલા દહીંથી મિશ્રિત થયેલી અને લાંબી એવી દૂર્વાની (=ધ્રોખડની) લીલાને (=ચેષ્ટાને) ધારણ કરી, અર્થાત્ તેના જેવી શોભાને ધારણ કરી, તે આદિનાથ ભગવાન કલ્યાણ માટે થાઓ. (૧)

મૃગના લાંછનવાળા અને પૃથ્વીમંડલ ઉપર હર્ષ પામતા જીવોના પારમાર્થિક વિકાસને કરતા એવા જે શાંતિનાથ ભગવાન સંસાર ઉપર અરુચિભાવવાળા મોક્ષના ઉત્તમ સાધનને (=ચારિત્રને) પામીને સ્થિર અને દેદીપ્યમાન લક્ષ્મીવાળા થયા, તે શાંતિનાથ ભગવાન કલ્યાણ માટે થાઓ.[1] (૨)

---

૧. આ શ્લોક દ્વયર્થક હોવાથી તેના અર્થની ચંદ્ર અને શાંતિનાથ ભગવાન એ બેમાં ઘટના થાય છે. તે આ પ્રમાણેઃ- જેમ (**मृगलाञ्छनः**=) ચંદ્ર (**कुमुदां**=) ચંદ્રવિકાશી કમળોનો (**युक्तं विकाशं**=) યોગ્ય વિકાસ (**दधानः**=) કરે છે, તેમ (**मृगलाञ्छनः सन्**=) મૃગલાંછનવાળા થયા છતા (**यः**=) જે શાંતિનાથ ભગવાન (**कु+मुदां**=) પૃથ્વીમંડલ ઉપર હર્ષ પામતા જીવોના (**युक्तं विकाशं**=) વાસ્તવિક વિકાસને (**दधानः**=) કરે છે, જેમ ચંદ્ર (**भवानी+हित+भावं**=) પાર્વતીને હિતકર ભાવવાળા (**शिवोत्तमाङ्गं**=) મહાદેવના મસ્તકને (=મસ્તક રૂપ આશ્રયને) (**आप्य**=) પામીને (**स्थिरभासुरश्रीः**) સ્થિર અને દેદીપ્યમાન શોભાવાળો (**अभूत्**=) થયો, તેમ જે શાંતિનાથ ભગવાન (**भव+मनीहित+भावं**=) સંસાર વિષે અરુચિભાવવાળા (**शिवोत्तमाङ्गं**=) મોક્ષના ઉત્તમ સાધનને=ચારિત્રને (**आप्य**=) પામીને (**स्थिरभासुरश्रीः**=) સ્થિર અને દેદીપ્યમાન (અનંતસુખાદિ-રૂપ) લક્ષ્મીવાળા (**अभूत्**=) થયા, (**श्रिये स शान्तिः**=) તે શાંતિનાથ ભગવાન કલ્યાણ માટે થાઓ.

મુક્તિરૂપી રમણીનું અન્યમાં ન હોય તેવા પ્રકારનું રૂપ જ્ઞાનરૂપી અરિસામાં જોઇને જેઓ બાલ્યાવસ્થાથી તેમાં જ મનવાળા થયા તે નેમિનાથ ભગવાન કલ્યાણની વૃદ્ધિવાળા (=કલ્યાણની વૃદ્ધિ કરનારા) થાઓ. (૩)

જેમના જ્ઞાનમાં અનેક ભાવોએ પ્રતિબિંબિત થઈને બાધા વિના નિવાસ કર્યો, અને (પરસ્પર વિરોધી એવા) સાત નયો શત્રુતાનો (=વિરોધનો) ત્યાગ કરીને ફણાના બહાને રહ્યા. તે પાર્શ્વનાથ ભગવાન કલ્યાણ માટે થાઓ. (૪)

જે જિન ગર્ભમાં હોવા છતાં માતા-પિતાની લક્ષ્મી બધી તરફથી વૃદ્ધિ પામી તે સિદ્ધાર્થ રાજાના પુત્ર અંતિમ તીર્થંકર મને સિદ્ધકાર્યોના સમૂહથી શ્રેષ્ઠ કરે, અર્થાત્ મારાં સર્વ કાર્યોને સિદ્ધ કરે. (૫)

જે કલાવાન ગુરુઓના હસ્તના સંગથી (=હસ્તના સ્પર્શમાત્રથી) જડ પણ મનુષ્ય દોષોથી થયેલી દુર્દશાનો નાશ કરે છે, અને રત્નોમાં ચંદ્રકાંતમણિની જેમ કલાવાન મનુષ્યોમાં અગ્રપદને પામે છે, તે શ્રીગુરુઓ જય પામો.[૧] (૬)

પૂર્વે શ્રીજયસિંહસૂરિના **શ્રીજયકીર્તિ** નામના શિષ્યે જે શાસ્ત્રની રચના કરી છે તે શાસ્ત્રની સુખપૂર્વક સમજી શકાય તેવી વૃત્તિને સ્વ-પરના ઉપકાર માટે હું રચું છું.

મૂલગ્રંથકારનું મંગલાચરણ

અહીં જેમણે તત્ત્વોપદેશરૂપ અમૃતના સારને એકઠો કર્યો છે એવા પ્રકરણકાર, પુણ્યરૂપી વેલડીના પલ્લવોના વિકાસ કરવા મેઘના આરંભ સમાન **શ્રી શીલોપદેશમાળા** નામના પ્રકરણના પ્રારંભમાં સાર-અસારનો વિચાર કરવામાં કુશળ એવા ચતુર પુરુષોના ચિત્તને ચમત્કાર પમાડવા માટે, વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા પુરુષો પ્રવૃત્તિ કરે એ માટે, અને વિઘ્નસમૂહની શાંતિ કરવા માટે, પોતાના ઇષ્ટદેવને નમસ્કાર કરવાપૂર્વક, અભિધેય, પ્રયોજન અને સંબંધથી મનોહર એવી પ્રથમ ગાથાને કહે છે :-

आबालबंभयारिं, नेमिकुमारं नमित्तु जयसारं ।
सीलोवएसमालं, वुच्छामि विवेयकरिसालं ॥१॥

---

૧. આ શ્લોક દ્વયર્થક હોવાથી તેનો અર્થ ચંદ્રકાંતમણિ અને મનુષ્ય એ બંનેમાં ઘટે છે. તે આ પ્રમાણે:-(**जडोऽपि चन्द्रोपलवत्**=) જેમ જડ પણ ચંદ્રકાંતમણિ (**कलावतां**=) ચંદ્રોના (**करसङ्गमाद्**=) કિરણોના સંગથી (**नाशितदोषदुर्दशः**=) દોષોથી થયેલી દુર્દશાનો નાશ કરે છે, અને (**रत्नेषु धुरि स्थितिं**=) રત્નોમાં અગ્રપદને (**समश्नुते**=) મેળવે છે, તેમ (**कलावतां येषां**=) કલાવાન જે ગુરુઓના (**करसङ्गमाद्**=) હસ્તસંગથી (**जडोऽपि नरः**=) જડ પણ મનુષ્ય (**नाशितदोषदुर्दशः**=) દોષોથી થયેલી દુર્દશાનો નાશ કરે છે અને (**कलावतां धुरि स्थितिं**=) કલાવાનોમાં અગ્રપદને (**समश्नुते**=) મેળવે છે, (**जयन्तु ते गुरवः**) તે ગુરુઓ જય પામો.

ગાથાર્થ :–બાલ્યાવસ્થાથી બ્રહ્મચારી અને જગત્સાર એવા બાવીસમા તીર્થંકર નેમિકુમારને નમીને વિવેકરૂપી* હાથીની શાલા સમાન શીલોપદેશમાલાને કહીશ.

ટીકાર્થ :–(आबालब्रह्मचारीः–) નિર્દેશ (=કથન) ભાવની પ્રધાનતાવાળા હોય છે, અર્થાત્ નિર્દેશમાં ભાવની મુખ્યતા હોય છે. આથી બાલ શબ્દનો બાલભાવ એવો અર્થ છે. આ એટલે આરંભીને. આબાલ એટલે બાલભાવથી (=બાલ્યાવસ્થાથી) આરંભીને. બ્રહ્મચારી એટલે ચોથા વ્રતને ધારણ કરનારા. તેવા પ્રકારના મનોહરરૂપ રૂપી સંપત્તિથી ઇંદ્રાણીને જીતનાર રાજીમતીનો ત્યાગ કરીને ગિરનાર પર્વતના શિખર ઉપર જલદી દીક્ષાનો સ્વીકાર કર્યો હોવાથી નેમિનાથ ભગવાન બાલ્યાવસ્થાથી જ બ્રહ્મચારી હતા. રાજીમતીના ત્યાગનું સ્વરૂપ તો આગળ કહેવામાં આવનારા શ્રી નેમિનાથ ભગવાનના ચરિત્રમાં વિસ્તારથી સ્પષ્ટ કરવામાં આવશે.

(जगत्सार :–) જગતમાં (= ત્રણ ભુવનમાં) સાર=પ્રધાન. અન્યમાં ન હોય તેવા દુર્ધર શીલરૂપી ધુરાના ભારને વહન કરનારા હોવાથી નેમિનાથ ભગવાન જગત્સાર હતા. અથવા જગતમાં સાર=રહસ્યભૂત, અર્થાત્ પરમ સ્વરૂપ વડે ધ્યાન કરવા યોગ્ય. અથવા जयसारं એવું જ સંસ્કૃતરૂપ સમજવું. જયથી સાર=શ્રેષ્ઠ તે જયસાર. નેમિનાથ ભગવાન બાહ્ય અને અભ્યંતર શત્રુઓ ઉપર વિજય મેળવવાથી શ્રેષ્ઠ હતા.

(नेमिकुमार :–) સંસારવાસમાં પણ ત્રણસો વર્ષ સુધી સ્વયં સામે આવતી રાજ્યલક્ષ્મીને તૃણ સમાન ગણી હોવાથી નેમનાથ ભગવાનનું કુમારપણું જાણવું, અર્થાત્ રાજ્ય ન સ્વીકારવાથી નેમનાથ ભગવાન કુમાર કહેવાયા.

(शीलोपदेशमाला :–) શીલ એટલે મૈથુનના ત્યાગરૂપ ચોથું વ્રત. તેના ઉપદેશો એટલે અન્વયવ્યતિરેકથી દૃષ્ટાંતો, અર્થાત્ અન્વયથી=શીલ પાલનથી થતા ગુણોને અને વ્યતિરેકથી=શીલનું પાલન ન કરવાથી થતાં દોષોને જણાવનારાં દૃષ્ટાંતો કહેવા તે શીલોપદેશ. તે શીલોપદેશોની માલા=શ્રેણિ તે શીલોપદેશમાલા. અથવા માલા એટલે પુષ્પોની માલાના જેવી માલા. જેમ પુષ્પોની માલાને હૃદય ઉપર (=છાતી ઉપર) અને કંઠપીઠમાં (=કંઠમાં) ધારણ કરવામાં આવે છે, તેમ શીલોપદેશરૂપ પુષ્પો મોટા ભાગે હૃદયમાં અને કંઠમાં ધારણ કરવામાં આવે છે, આથી પુષ્પોની માલા અને શીલોપદેશ-રૂપ પુષ્પો એ બંનેમાં સમાનતા હોવાથી શીલોપદેશરૂપી પુષ્પોમાં માલાની ઉપમા યુક્ત છે. આનાથી એ પણ સિદ્ધ થયું કે (જેમ માલામાં એક જ જાતિનાં પુષ્પો અનેક હોય છે તેમ) વિશેષ ઉપદેશ આપવાના હેતુથી કેટલાંક વચનોને ફરી ફરી કહેવામાં પણ દોષ નથી. કહ્યું છે કે–

---

* આનાથી ગ્રંથકાર એ કહેવા માગે છે કે જેમ હાથી હસ્તિશાલામાં રહે છે, તેમ વિવેક શીલવંત પુરુષોમાં રહે છે. શીલરહિત પુરુષોમાં પ્રાયઃ વિવેક ન હોય.

सज्झाय–झाण–तव–ओसहेसु उवएस–थुइ–पयाणेसु ।
संतगुणकित्तणेसु य, न हुंति पुणरुत्तदोसाउ ॥ १ ॥

"સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધ, ઉપદેશ, સ્તુતિ, દાન અને (અન્યમાં) વિદ્યમાન ગુણોનું કીર્તન કરવામાં પુનરુક્તિ દોષ લાગતો નથી."

(विवेककरिशाला :–) વિવેક એટલે હેય (=ત્યાગ કરવા યોગ્ય) અને ઉપાદેય (=સ્વીકારવા યોગ્ય) નો વિચાર. વિવેક એ જ કરિ=હાથી. આ શીલોપદેશમાલા વિવેકરૂપી હાથીની શાલા સમાન છે. કારણ કે જેમ હાથી શાલામાં રહે છે, તેમ વિવેક શીલોપદેશમાલામાં રહે છે, અર્થાત્ જ્યાં શીલોપદેશમાલા હોય છે ત્યાં વિવેક રહે છે.

અહીં વાચ્ય–વાચકરૂપ **સંબંધ** છે. પ્રકરણનો અર્થ વાચ્ય છે અને પ્રકરણ વાચક છે. શીલ સંબંધી ઉપદેશો **અભિધેય** (=કહેવા યોગ્ય) છે. **विवेककरिशालां** એ શબ્દોથી **પ્રયોજન** જણાવ્યું છે. પ્રયોજન કર્તાનું અને શ્રોતાનું એમ બે પ્રકારે છે. એ બંને પ્રયોજનના પરંપર અને અનંતર એમ બે પ્રકાર છે. તેમાં કર્તાનું પરંપર પ્રયોજન મોક્ષપ્રાપ્તિ છે. અનંતર પ્રયોજન ભવ્ય જીવો ઉપર અનુગ્રહ કરવો એ છે. શ્રોતાનું પણ પરંપર પ્રયોજન મોક્ષગમન છે, અને અનંતર પ્રયોજન પ્રકરણના અર્થનું જ્ઞાન થવું એ છે.

અહીં મંગલાચરણમાં અન્ય તીર્થંકરોને નમસ્કાર ન કરતાં શ્રી નેમિનાથ ભગવાનને જ નમસ્કાર કર્યો તે ગ્રંથની શીલસંબંધી પ્રધાનતાને જ વ્યક્ત કરે છે.

અહીં તીર્થંકરોના ચાર અતિશયોનું સૂચન આ પ્રમાણે છે :– जयसारं એ પદથી અપાયાપગમ એ અતિશયનું સૂચન કર્યું છે. जगत्सारं એ પદથી પૂજાતિશયનું સૂચન કર્યું છે. જ્ઞાનાતિશય વિના પૂજાતિશય ન હોય એથી પૂજાતિશયના સૂચનથી જ્ઞાનાતિશયનું પણ સૂચન કરી દીધું છે. જ્ઞાનાતિશયથી અવશ્ય ઉપદેશની પ્રવૃત્તિ થાય છે. આથી જ્ઞાનાતિશયના સૂચન દ્વારા વચનાતિશયનું સૂચન કરી દીધું છે. આ પ્રમાણે અહીં ચાર અતિશયોનું સૂચન કર્યું છે. [૧]

હવે ફલ બતાવવાપૂર્વક શીલનો જ ઉપદેશ આપતા ગ્રંથકાર કહે છે :–

निम्महियसयलहीलं, दुहवल्लीमूलउक्खणणकीलं ।
कयसिवसुहसंमीलं, पालह निच्चं विमलसीलं ॥ २ ॥

ગાથાર્થ :– સર્વ પરાભવોનો ચૂરો કરી નાખનાર, દુઃખરૂપી વેલડીઓના મૂલને ઉખેડી નાખવા કોદાળી સમાન અને મોક્ષસુખની પ્રાપ્તિ કરાવનાર નિર્મલ શીલનું તમે નિરંતર પાલન કરો.

ટીકાર્થ :– જેવી રીતે રવૈયો દહીંના (માટીના) વાસણનો ચૂરો કરી નાખે તેવી રીતે શીલ સર્વ પરાભવોનો ચૂરો કરી નાંખે છે. આથી જ શીલનું પાલન કરનારાઓને સિંહ, બલવાન હાથી, સાપ, યુદ્ધ આદિના પરાભવો પીડા કરતા નથી.

જેમ વેલડી જલવૃષ્ટિથી થાય છે તેમ દુઃખ કર્મરૂપી જલની વૃષ્ટિથી થાય છે, માટે દુઃખને વેલડીની ઉપમા આપી છે. શીલ લાંબાકાળથી આચરેલાં (=ઉત્પન્ન કરેલાં) લાખો દુઃખોનો નાશ કરે છે.

શીલનું નિરંતર પાલન કરવું જોઈએ. દાન, તપ, ભાવના વગેરે ધર્મો જેટલો કાળ પાળવામાં આવે તેટલો કાળ ફલ આપનારા થાય છે, પણ શીલ તેવી રીતે ફલ આપતું નથી. કારણ કે શીલ લાંબા કાળ સુધી પાળીને એકવાર પણ શીલનું ખંડન કરવામાં આવે તો સંપૂર્ણ વ્રતનો ભંગ થાય છે. આથી શીલનું નિરંતર પાલન કરવું જોઈએ. કહ્યું છે કે–

"લોકો ભારને ઉપાડે છે, પણ વિસામો લેતા હોય ત્યારે ભારને ઉપાડતા નથી. પણ આ શીલનો ભાર તો જાવજ્જીવ વિસામો લીધા વિના ઉપાડવો જોઈએ." [૨]

આ ભવમાં અને પરભવમાં પ્રાપ્ત થતા શીલના માહાત્મ્યને જ બે ગાથાઓથી કહે છે :

लच्छी जसं पयावो, माहप्पमरोगया गुणसमिद्धी ।
सयलसमीहियसिद्धी, सीलाउ इह भवेवि भवे ॥ ३ ॥
परलोएवि हु नरसुर-समिद्धिमुत्तमं भुंजिऊण सीलभरा ।
तिहुयणवणमियचरणा, अरिणा पावंति सिद्धिसुहं ॥ ४ ॥

શબ્દાર્થ :–દંભ વિના બ્રહ્મચર્યનું પાલન કરવાથી આ ભવમાં પણ લક્ષ્મી, યશ, પ્રતાપ, માહાત્મ્ય, આરોગ્ય અને ગુણસમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે, યાવત્ સકલ વાંછિતોની પ્રાપ્તિ થાય છે.

વિશેષાર્થ :–લક્ષ્મી=ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ અને માંડલિક રાજા વગેરેની સંપત્તિ. યશ=સર્વદિશાઓમાં ફેલાતી પ્રશંસા. પ્રતાપ=આજ્ઞાનું ખંડન ન થાય તેવું ઐશ્વર્ય. માહાત્મ્ય=સર્પ વગેરે પુષ્પમાલા આદિરૂપે દેખાય. આરોગ્ય=જ્વર, અતિસાર, ભગંદર અને ક્ષય વગેરેની પીડા ન થાય. ગુણસમૃદ્ધિ=મહાવ્રતો અને અણુવ્રતોની પુષ્ટિ. ૩

શબ્દાર્થ :–સારી રીતે પાળેલા શીલના પ્રભાવથી મનુષ્ય–દેવની લક્ષ્મીને ભોગવીને (અંતે) ત્રણ જગતને વંદનીય અને ઋણરહિત બનેલા જીવો મોક્ષસુખને પામે છે.

વિશેષાર્થ :–અહીં ઋણ શબ્દથી પૂર્વનાં શુભાશુભ કર્મો સમજવાં. કારણ કે જેમ ઋણ અવશ્ય ચૂકવવું પડે છે તેમ કર્મો અવશ્ય ભોગવવા પડે છે. આથી ઋણરહિત બનેલા એટલે સર્વ કર્મોથી મુક્ત બનેલા. ૪

આ પ્રમાણે બે ગાથાનો અર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે વિષે ગુણસુંદરી અને પુણ્યપાલ એ બેનું દૃષ્ટાંત બતાવવામાં આવે છે. તે આ પ્રમાણે :–

જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે દ્વીપ-ચંદ્ર સૂર્યના બહાનાથી ચાર ચક્રોને ધારણ કરે છે એથી તે જાણે કે ચક્રવર્તીનો પણ [૧]ઈશ્વર છે. તે જંબૂદ્વીપમાં જ ભરતક્ષેત્ર છે. એ ભરતક્ષેત્રના દક્ષિણવિભાગમાં લક્ષ્મીથી વિભૂષિત શ્રીભદ્દિલપુર નામનું મનોહર નગર છે. તેમાં અતિશય ઊંચા મહેલોની ટોચ ઉપર રહેલો સૂર્ય સુવર્ણકુંભ જેવો દેખાય છે, સ્વર્ગગંગા ધજા જેવી અને તારાઓ ઘુઘરીઓ જેવા દેખાય છે. તે નગરમાં અતિશય પરાક્રમથી સિંહ સમાન અરિકેશરી નામનો રાજા હતો. (તે નગરમાં રહેલાં) રત્નો જાણે રાજાના પ્રતાપના કણિયા હતા એવી હું કલ્પના કરું છું. તે રાજાની જૈનધર્મથી શોભતી, અખંડિત ભોગ-સૌભાગ્યવાળી અને કામદેવરૂપી હસ્તિનું લાલન કરનારી કમલમાલા નામની પટરાણી હતી. તે રાણીથી અનેક દેવતાઓની અનેક માનતાઓથી લાંબા કાળે સો પુત્રોની ઉપર એક પુત્રી જન્મી. પોતાને ધન્ય માનતા રાજાએ મહાન જન્મોત્સવ કરાવ્યો. પછી તેનું ગુણસુંદરી એવું [૨]સાન્વર્થ નામ રાખ્યું. કામવૃક્ષની લતાની જેમ પ્રતિદિન વધતી તે ચંદ્રકલાની જેમ સર્વને પ્રિયદર્શનવાળી થઈ. તેના શરીરરૂપી વનમાં મદક ઉન્માદરૂપી નીકોથી સિંચાયેલ અને હાવભાવરૂપી ફેલાતી છાયાવાળું યૌવનરૂપી વૃક્ષ વૃદ્ધિ પામ્યું. શાસ્ત્રો ભણીને તે એકવાર સર્વ અંગોમાં વિભૂષા કરીને માતાની આજ્ઞાથી પિતાના ચરણોમાં નમવાની ઇચ્છાથી રાજસભામાં આવી. ચોસઠ કળાઓથી પૂર્ણ, જાણે સાક્ષાત્ સરસ્વતી હોય તેવી અને વિનયથી અત્યંત નમ્ર બનેલી પુત્રીને રાજાએ ખોળામાં બેસાડી. પછી મદપૂર્ણ શૃંગારોના જ તરંગોવાળી સભાને જોતા તે રાજાએ [૩]મદથી ઉન્મત્ત બનેલા હાથીની જેમ જગતને તૃણ સમાન ગણ્યું. તે વિચારવા લાગ્યો કે આ મારી સભા દેવસભા છે, આ સેવકો દેવો છે, મારી પાસે ઇચ્છિત લક્ષ્મી છે અને હું ઇંદ્ર છું. સ્વર્ગમાં શું આનાથી બીજું કાંઈ વિશેષ છે? અર્થાત્ નથી. ઇત્યાદિ ગર્વરૂપી ઘેબરના અતિશય અજીર્ણના કારણે રાજા, દંડથી આક્રમણ કરાયેલો સર્પ જેમ વિષને બહાર કાઢે તેમ, (મદરૂપી ઝેરવાળું) વચન બોલ્યોઃ હે લોકો! તમે આ પૃથ્વી ઉપર દૈવી ક્રીડાથી દેવતાના જેવું સામ્રાજ્ય ભોગવો છો તે કોની [૪]મહેરબાનીથી?

---

૧. જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય હોય છે. આથી ટીકાકારે અહીં કલ્પના કરી છે કે- જંબૂદ્વીપ ચંદ્ર-સૂર્યના બહાનાથી ચાર ચક્રોને ધારણ કરે છે અને એથી તે ચક્રવર્તીનો પણ ઈશ્વર છે. કારણ કે ચક્રવર્તીને એક ચક્ર હોય છે, જ્યારે જંબૂદ્વીપને ચાર ચક્ર છે.

૨. નામ પ્રમાણે ગુણો હોય તેવા નામને સાન્વર્થ કહેવામાં આવે છે. સુંદરી એટલે સુંદર સ્ત્રી. ગુણોથી સુંદર સ્ત્રી તે ગુણસુંદરી. તે ગુણોથી સુંદર હતી માટે તેનું ગુણસુંદરી એવું નામ **સાન્વર્થ છે.**

૩. જ્યારે હાથીના ગંડસ્થલમાં મદ વધી જાય છે ત્યારે હાથી મદથી ઉન્મત્ત બનીને ગમે તેમ પ્રવૃત્તિ કરે છે અને કોઈને ગણકારતો નથી.

૪. અહીં શબ્દાર્થ આ પ્રમાણે છે:-**प्रसादप्रासादाद्**=મહેરબાનીરૂપી મહેલ ઉપર ચઢીને. છાપેલી પ્રતમાં **प्रसादप्रासाद**-એમ જે છપાયું છે તેના સ્થાને **प्रसादप्रासादाद्** એમ જોઈએ.

આ પ્રમાણે વચન સાંભળીને શિયાળોની જેમ સમઝાળે આકુલ બનેલા સેવકોએ રાજાને કહ્યું: હે સ્વામી સદા આપની મહેરબાનીરૂપ કલ્પવૃક્ષની છાયામાં રહેલા અમે ભ્રમરોની જેમ ઇચ્છિત ફલાસ્વાદને પામીએ છીએ. આ સાંભળીને કર્મના મર્મને જાણનારી અને જૈનધર્મથી વાસિત થયેલી કુમારીએ, જાણે સેવકોના આ કથનને દૂર કરતી હોય તેમ, માથું ધુણાવ્યું. વિસ્મય પામેલા રાજાએ મસ્તક ધુણાવવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે સ્પષ્ટ કહ્યું કે, હે પિતાજી ! શુભાશુભ ફલની પ્રાપ્તિમાં કર્મ જ કારણ છે. જેની મહેરબાનીથી લોકો ધનવાનોની ખુશામત કરે છે તે માત્ર એક લક્ષ્મી જ લાંબા કાળ સુધી જય પામો, બીજી વસ્તુથી શું ? આ સાંભળીને અત્યંત ગુસ્સે થયેલા રાજાએ ભવાં ચઢાવીને કહ્યું: તું કોની મહેરબાનીથી સદા આ પ્રમાણે સુખો ભોગવે છે ? રાજપુત્રીએ કહ્યું: આ બધા જ લોકો પોતે કરેલાં કર્મોના ફળને ભોગવે છે, અન્ય તો માત્ર નિમિત્ત બને છે. રાજાએ તેને ખોળામાંથી ઉતારીને તેની પાસેથી આભૂષણો વગેરે લઈ લીધું, લગભગ જરી ગયેલી અને મલિન સાડી પહેરાવી. પછી પોતાના સેવક દ્વારા જરી ગયેલા વસ્ત્રવાળા, ગરીબ અને કૃશકાયાવાળા કઠિયારાને બોલાવીને તેની સાથે ગુણસુંદરીનાં લગ્ન કર્યાં. રાજાએ ગુણસુંદરીને કહ્યું : જા, પોતાના કર્મને ભોગવ, પોતાની જીભનું (=વચનનું) ફલ પામ. પછી રાજાએ સેવકોને આજ્ઞા કરી કે જે આની પાછળ જશે તે મારો શત્રુ છે. અંતઃપુરની સ્ત્રીઓએ અને મંત્રીઓએ રાજાને કહ્યું : બાળક અનુચિત આચરણ કરે તો પણ તેના ઉપર કોપ ન કરવો જોઈએ. બાલ્યાવસ્થામાં પત્નીના સ્તનોને ખેંચતો પુત્ર શું મારવા યોગ્ય થાય છે ? ઇત્યાદિ ઘણી વિનંતિ કરવા છતાં રાજાએ કોઈનું પણ વચન ન માન્યું, બલ્કે સર્પની જેમ ગુસ્સે થયો.

વિશેષ વિકસતા મુખરૂપી કમલવાળી, હું પોતાના પુણ્યકર્મોને ભોગવીશ એમ માનતી અને પુણ્યવંતી એવી તે જેમ રાજહંસી કાગડાની પાછળ જાય તેમ કઠિયારાની પાછળ ગઈ. ભિખારીના જીર્ણ થઈ ગયેલા ઘરમાં આવીને તેણે પતિને બેસવા માટે આસન આપ્યું. કઠિયારાએ તેને કહ્યું : હે રાજપુત્રી ! તું તારી ઇચ્છા હોય ત્યાં જા. અહીં તારા લાયક શું છે ? અર્થાત્ અહીં તારા લાયક કાંઇ જ નથી. સુવર્ણ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ધનને લાવે છે. (એમ તું બીજે જ્યાં જઇશ ત્યાં સુખી થઇશ.) ગુણસુંદરીએ કહ્યું : હે સ્વામી ! આવું વચન ફરી ન બોલશો, ચિંતામણિરત્નસમાન આપ જ મારા શરણ છો. પછી વિનયથી નમેલા મુખવાળી ગુણસુંદરીએ પોતાના નખો અત્યંત કોમળ હોવા છતાં કઠિયારાના જટારૂપે રહેલા મસ્તકના કેશોને છોડવાનું શરૂ કર્યું, તેટલામાં તેને કેશોમાંથી ચંદનની સુગંધનો અનુભવ થયો. આથી તેને આશ્ચર્ય થયું. તેણે વિચાર કરીને રહસ્ય જાણી લીધું. પછી તેણે પતિને પૂછ્યું : હે સ્વામી ! આજે આપે લાકડાઓનો ભારો કયાં મૂકયો છે ? પતિએ કહ્યું : ભોજન મેળવવા માટે કંદોઇની દુકાને મૂકયો છે. તેથી તેની સાથે કંદોઇની દુકાને જઇને ભારો ઘરમાં મૂકાવ્યો. વાહળથી

ઢંકાયેલો પણ સૂર્ય શું ઝાંખો બને છે? ચંદનનો ટુકડો લઈને ગુણસુંદરી સુગંધી દ્રવ્યો વેચનારની દુકાને ગઈ. ત્યાં ચંદનના ટુકડાને વેચીને મળેલા ધનથી વસ્ત્રો અને આભૂષણો લીધાં. પછી તેણે જાણે સાક્ષાત્ કેલેશો હોય તેવા પતિના મસ્તકના કેશોને છૂટા કરીને શરીરે તેલથી મર્દન કર્યું. પછી હાથ, પગ અને નખોને સ્વચ્છ કરવાપૂર્વક સ્નાન કરાવ્યું. પુણ્યથી રાજપુત્રી મળી એથી કઠિયારાનું પુણ્યે જ પાલન કર્યું. આથી (લોકોએ) તેનું "પુણ્યથી જે પળાય=રક્ષણ કરાય તે પુણ્યપાલ" એમ સાર્થક 'પુણ્યપાલ' એવું નામ પાડ્યું.

પુણ્યપાલ જે વૃક્ષમાંથી ચંદનનો ટુકડો લાવ્યો હતો તે વૃક્ષને ગુણસુંદરીએ ઘરે મંગાવ્યું. **વ્યવહારથી બહાર કરાયેલા પુરુષોથી (=સાધુઓથી) હંમેશાં ઉપયોગમાં લેવાતાં મેરુપર્વતનાં શિખરો પણ સમય જતાં [1]ક્ષય પામે છે** એમ જાણીને ગુણસુંદરીએ બધું ય ચંદન વેચીને હજાર સોનામહોરો મેળવી. એનાથી વેપાર કરીને વ્યવહાર ચલાવ્યો. કુશળ ગુણસુંદરી પતિને પશુની જેમ હેય-ઉપાદેયના જ્ઞાનથી રહિત જાણીને વિદ્યાભ્યાસ કરાવવા માટે બહારગામ લઈ ગઈ. ત્યાં બારાખડી ભણાવીને અક્ષરો શિખવાડ્યા અને ગણિતના વ્યવહારમાં પણ કુશળ બનાવ્યો. વસ્ત્ર અને કરિયાણું વગેરેની પરીક્ષા કેવી રીતે કરવી તે શિખવાડ્યું. પછી એકાંતમાં હેય-ઉપાદેય કાર્યો સંબંધી સમજણ આપી. સર્વ વિદ્યાઓમાં કુશળ ગુણસુંદરીએ પતિને થોડા જ દિવસોમાં ધર્મમાં અને વ્યવહારમાં અસાધારણ પ્રવીણ બનાવ્યો. ગુણસુંદરીએ પોતે સ્ત્રી હોવા છતાં પતિને તે રીતે કુશળ બનાવ્યો કે જેથી વિદ્વાનોના પણ ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કર્યો. ક્રમે કરીને પતિ સ્વયં સર્વ કાર્યોમાં પ્રવૃત્તિ કરવા લાગ્યો ત્યારે નિશ્ચિત બનેલી ગુણસુંદરીએ એક પુસ્તક વાંચ્યું. તેમાં સાત ઔષધિઓને ભેગી કરી અમુક પ્રક્રિયા કરવાથી સુવર્ણની સિદ્ધિ થાય એવો પ્રયોગ જાણવામાં આવ્યો. આથી ઈંટો ભેગી કરીને તેમાં સાત ઔષધિઓ મેળવીને ઘણું સોનું બનાવ્યું. હવે તે જાણે અમૃતના સમુદ્રમાં ડૂબી હોય તેમ ચિંતાથી વિશેષ મુક્ત બની; અને જેમ ભ્રમરી કમલમાં રમે તેમ તે ધર્મરૂપી ઉદ્યાનમાં અધિક રમવા માંડી. લક્ષ્મી વડે રાજાની જેમ વિલાસ કરતો પુણ્યપાલ પણ દાન અને ચતુરાઇપૂર્વકનાં કાર્યોથી ઘણી પ્રસિદ્ધિને પામ્યો. તેની લક્ષ્મી જે પ્રમાણે વધવા માંડી તે પ્રમાણે ધર્મ પણ ઉત્તરોત્તર વધવા માંડ્યો. ધર્મ વડે દાન અને દાનથી યશ ઉત્તરોત્તર વધવા માંડ્યો, અને તે પ્રમાણે તેની ચતુરાઇ પણ ઉત્તરોત્તર વધી. કહ્યું છે કે- **જડ પણ મનુષ્યો લક્ષ્મીના પરિચયથી કુશળ બને છે, ચતુરાઇ ભરેલા ચરિત્રોવાળી સ્ત્રીઓને યૌવનનો મદ જ લલિતોને=શૃંગારવાળી ક્રીડાઓને**

---

૧ આનો ભાવ એ છે કે-જો નવું ધન મેળવવામાં ન આવે તો મેળવેલું ધન થોડા જ સમયમાં ખલાસ થઈ જાય માટે નવું ધન મેળવવું જોઈએ.

શિખવાડે છે. ધર્મમાં બુદ્ધિવાળા પુણ્યપાલે ત્યાંના રાજાની અનુજ્ઞાથી જમીન લઇને ત્યાં ઊંચા દ્વારવાળું જિનમંદિર બંધાવ્યું.

સદા એક સ્થળે જ રહેવાથી મનુષ્ય જડ બને છે=તેની બુદ્ધિનો વિકાસ થતો નથી એ કારણે રાજપુત્રીએ પતિને દેશાંતર જવાની ઇચ્છાવાળો કર્યો. દેશાંતર જવા માટે ઉત્સુક બનેલા પુણ્યપાલે ઘણાં વાહનોને અને સેંકડો કરિયાણાઓને લઈને સાર્થની મોટી (=સારી) ગોઠવણ કરી. પછી પટહ વગડાવીને ઘોષણા કરાવી કે સાર્થની સાથે આવનારાઓમાં જે ભાતા વિનાના હશે તેમને ભાતું અને જેમને વાહન જોઈતું હશે તેમને વાહન આપીશ. (સમય થતાં) તેણે ત્યાંના રાજાની રજા લીધી અને સ્તુતિ-પાઠકોએ મંગલ કર્યું એટલે હાથીની જેમ [1]દાન દેતો તે સિંહલદ્વીપ તરફ ચાલ્યો. સર્વ આડંબરથી માર્ગમાં જતો તે "પુણ્યપાલ નામનો નાયક જાણે જંગમ કલ્પવૃક્ષ છે" એમ બધા સ્થળે પ્રસિદ્ધિને પામ્યો. રસ્તામાં જિનશાસનની પ્રભાવના કરવાપૂર્વક જીર્ણ થયેલા જિનમંદિરનો ઉદ્ધાર કરતા તેણે જાણે પોતાના પુણ્યપુંજ હોય તેવાં નવીન ચૈત્યોને બંધાવ્યાં. પૃથ્વી ઉપર યશને ફેલાવતો અને આનંદથી મનોહર લાગતો તે અનેક દેશોને ઓળંગીને અનુક્રમે સિંહલદ્વીપમાં આવ્યો. ત્યાં તેણે સેવકોને અદ્‌ભુત માણેક-રત્નોથી બનાવેલા ઘણા આભૂષણોથી અલંકૃત કરીને જાણે શરીરધારી કલ્પવૃક્ષો હોય તેવા કર્યા. જાણે ઇંદ્રની સ્પર્ધા કરતો હોય તેમ તેણે તે જ ભાલેજ દેશમાં થયેલા લાખ અશ્વોને માણસો પાસેથી મંગાવ્યા. જાણે દાનની સ્પર્ધા કરવાથી [2]અપરાધી થયા હોય તેમ ભદ્રજાતિના હજાર હાથીઓને પણ વિંધ્યાચલ પર્વતમાંથી તેણે લીધા.

ઘણા વૈભવનો અનુભવ કરાવીને હવે અવસર પામીને ગુણસુંદરીએ મધુરવાણીથી પતિને કહ્યું: હે સ્વામી! સૂર્યથી અત્યંત તપેલા પક્ષીઓના ગળાના જેવું ચંચળ ધન પ્રાપ્ત કરીને વિવેકી પુરુષે તેને જલ્દી સફલ કરવું જોઈએ. હે નાથ! જે ધન પુણ્યના સાધનોને પોષતું નથી અથવા સ્વજન અને સંબંધીઓના કૌતુક માટે થતું નથી તે ધનથી શું? તેથી જ્યાં અરિકેશરી રાજા છે ત્યાં જવું ઉચિત છે, જેથી તે પણ આંખો ફાડીને કર્મના ફલને જુએ! ગુણસુંદરીનું કહેવું સાંભળીને તેના ભાવને સમજવામાં કુશળ અને પ્રબલ સામર્થ્યવાળા તેણે જલ્દી પ્રસ્થાન માટેની ભેરી વગડાવી. જાણે સમ્રાટ્ હોય તેમ માર્ગમાં સામે આવવું વગેરે રીતે રાજાઓના સત્કારને પગલે પગલે પામતો તે

---

૧. હાથીના ગણ્ડસ્થલમાંથી ઝરતા મદને દાન કહેવામાં આવે છે. આથી મદને ઝરાવતો હાથી દાન (=મદ) આપે છે એમ કહેવાય. જેમ હાથી દાન આપતો (=મદ ઝરાવતો) ચાલે તેમ પુણ્યપાલ રાજા દાન આપતો ચાલ્યો.

૨. પોતે દાન આપે છે અને હાથી પણ દાન આપે છે. (=મદ ઝરાવે છે.) આથી હાથીઓએ પોતાના દાનની સ્પર્ધા કરી માટે તે અપરાધી થયા એમ અહીં કવિની કલ્પના છે.

આગળ ગયો. રસ્તામાં તીર્થને પામીને અતિશય દાન, સંઘપૂજા અને પ્રભાવના વગેરે કાર્યોથી જૈનશાસનની ઉન્નતિ કરી. લોકો આશંકા કરવા લાગ્યા કે શું આ ચક્રવર્તી છે? અથવા પૃથ્વી ઉપર આવેલો ઇંદ્ર છે? અથવા મહાસૈન્યવાળો વાસુદેવ પૃથ્વીને સાધે છે? પછી યોગ્ય યુક્તિથી વિચાર કરીને આ "મહાનાયક" છે એ પ્રમાણે તેને ઘણો પ્રસિદ્ધ કર્યો. ક્રમે કરીને શ્રી ભદ્દિલપુરના સીમાડા સુધી આવીને તેણે જન્મભૂમિનાં પૂર્વનાં અનેક ચિહ્નોને જોયાં. પૂર્વના કઠિયારાના પ્રસંગને યાદ કરી કરીને "બ્રહ્માથી પણ કર્મની વિચિત્રતા દુર્લંઘ્ય છે" એમ તેણે મિત્રોની આગળ કહ્યું. શહેરની નજીકમાં સાર્થનો પડાવ નાખીને સ્વાર્થ અને પરાર્થને જાણનારા તેણે ત્યાં વિમાનસમાન નવો મહેલ બનાવડાવ્યો. જાણે ગુણોને એકઠા કર્યા હોય તેમ રત્નોને થાળીમાં મૂકીને સાર્થવાહે અરિકેશરી રાજાને ભેટણું આપ્યું. તે તે દેશાંતરમાં અનુભવેલા આશ્ચર્યકારી વૃત્તાંતોથી રાજાના ચિત્તને વિસ્મયવાળું બનાવ્યું. રાજાઓ પણ આખી જીંદગી સુધી પણ જે ભાવો ન જુએ તે ભાવોને દેશાંતરમાં મુસાફરી કરનારાઓ સહેલાઈથી અનુભવે છે. રાજા ધનથી તમારા કેટલાક હાથીઓને લેવાની ઇચ્છા રાખે છે એમ મંત્રીએ કહ્યું એટલે ઉદાર અને શ્રેષ્ઠ એવા શેઠે કહ્યું: ધનનું શું કામ છે? આ બધું જ સ્વામીના ચરણોમાં સમર્પી દીધું છે. માટે પ્રસન્ન થઇને ત્યાં જ આવીને મારા ઉપર અનુગ્રહ કરો. કૌતુકથી તેના વૈભવને જોવાની ઇચ્છાવાળો રાજા પણ થોડા પરિવારને સાથે લઇને સાર્થમાં ગયો. વિવિધ પોષાકો પહેરીને પ્રવેશ કરતા અને નીકળતા તથા વિવિધ ભાષા બોલતા લોકોથી સાર્થને સ્વર્ગલોકના જેવો જોઇને તે ચિત્તમાં ચમત્કાર પામ્યો. તેટલામાં પુણ્યપાલે વિનયથી રાજાને સ્નાનમંડપમાં લાવીને બાજોઠ ઉપર બેસાડ્યો.

દેવીઋદ્ધિથી સ્નાન કરીને ચીનાઈ(=ચીનદેશમાં બનેલાં) વસ્ત્રો પહેરીને જિનપૂજા કરવાની ઇચ્છાવાળો રાજા જિનમંદિરમાં ગયો. ત્યાં રાજાએ કપૂરથી પૂર્ણ કસ્તૂરી, ચંદન, અગરુચંદન અને કેશરથી તથા ઉત્તમ સ્તવનોથી જિનેશ્વરની પૂજા કરી. પછી રાજા ભોજનશાળામાં બેઠો એટલે સોનાના બાજોઠ ઉપર રત્નની સુંદર થાળીઓ મૂકી. શ્વેત વસ્ત્ર અને આભૂષણને ધારણ કરનારી જાણે દેવી હોય તેવી કોઇ સ્ત્રીએ પૂર્વદિશાના દ્વારથી આવીને થાળીઓમાં ફળો મૂક્યાં. ફરી લીલા રંગનાં વસ્ત્રો અને આભૂષણોને ધારણ કરનારી કોઈ સ્ત્રીએ દક્ષિણદિશાના દ્વારથી નીકળીને મનોહર રસોઈ પીરસી. પીળાં વસ્ત્રો વગેરેથી મનોહર કોઈ સ્ત્રીએ પશ્ચિમદિશાના દ્વારથી આવીને પકવાન્નો મૂક્યાં. રાતાં વસ્ત્રોને ધારણ કરનાર કોઈ સ્ત્રીએ ઉત્તરદિશાના દ્વારથી આવીને ઘી વગેરે મૂક્યું. એક જ રૂપવાળી ચાર સ્ત્રીઓને જોઇને રાજાએ આશ્ચર્ય થવાથી પૂછ્યું: તમારે કેટલી સ્ત્રીઓ છે? પુણ્યપાલે સ્મિત કરીને રાજાને 卐કહ્યું: હે સ્વામી! આપે જેની જે રીતે ધારણા કરી છે તે તે રીતે જ છે. ભોજન કર્યા પછી પરસ્પર આકર્ષાયેલ ચિત્તવાળા પુણ્યપાલ

卐 અહીં तराम् પ્રત્યય સ્વાર્થમાં હોવાથી તેનો વિશેષ કોઇ અર્થ નથી. (સિદ્ધહેમ૦ ૭-૩-૭)

અને રાજા નવીન સ્નેહથી પૂર્ણ વાતોમાં બેઠા. તે વખતે સમયની જાણકાર ગુણસુંદરી પૂર્વે પિતાએ આપેલી સાડીને પહેરીને હર્ષથી ઉતાવળે ત્યાં આવી. તેને જોઈને ઓળખીને રાજા વિલખો પડી ગયો અને તેની આંખો સંકોચાઈ ગઈ. તે કોમળતાપૂર્વક બોલ્યો : હે પુત્રી ! સારો પોષાક પહેરીને મારા ખોળાને અલંકૃત કર. ગુણસુંદરીએ તે પ્રમાણે કર્યું. પછી કર્મના ફળને માનતા રાજાએ કહ્યું : તું જ મને ઉન્માર્ગમાંથી સન્માર્ગમાં લાવી. ગુણસુંદરીએ કહ્યું : ભોજનસમયે એક જ હું વારંવાર આવતી હતી. પણ ભિન્ન ભિન્ન શૃંગાર કરીને આવતી હોવાથી આપે મને ન ઓળખી. હે પુત્રી ! આ પુણ્યપાલ કોણ છે ? એમ રાજાએ ધીમેથી પૂછ્યું એટલે સતી ગુણસુંદરીએ છડીદાર પુરુષદ્વારા પ્રારંભથી પોતાનું વૃત્તાંત જણાવ્યું. મંત્રી, સામંત અને અંતઃપુરની સ્ત્રીઓ વગેરે નગરજનો આ વૃત્તાંતને સાંભળીને ઉત્કંઠાથી ત્યાં આવ્યા. આંસુઓથી ભિંજાયેલી આંખોવાળી માતાઓએ તેને આલિંગન કરીને કહ્યું : હે પુત્રી ! તારા મેળાપથી આજે આનંદે અમારામાં (=અમારા હૃદયમાં) પગ મૂકયો છે. ધાવમાતાઓ અને બાલ્યાવસ્થાના સ્નેહથી તેને મળવા માટે ઉત્સુક બનેલી સખીઓ જોરથી હુંકારો કરવા લાગી અને પ્રેમથી પરાણે તેને ભેટી પડી. તેના વૈભવને સાંભળી સાંભળીને વિસ્મયથી બોલતી સ્ત્રીઓએ અતિશય કોલાહલ કર્યો. ગુણસુંદરીએ પિતાના સેવકોનો હર્ષથી વસ્ત્રો, આભૂષણો અને તાંબૂલ આપીને સત્કાર કર્યો. લોકોએ પુણ્યપાલને પણ બીજના ચંદ્રની જેમ ઉત્કંઠાથી જોયો. તે પણ વિનયથી મસ્તક નમાવીને આદરથી સસરાને નમ્યો. પછી જમાઈ અને સસરો એ બંને હાથી ઉપર બેસીને અંતઃપુર અને પરિવારની સાથે મહાન આડંબરથી નગર તરફ ચાલ્યા.

રસ્તામાં શ્રીવર્ધમાનસૂરિની મધુર અને હિતકર ધર્મદેશના સાંભળીને રાજાએ જમાઈને કહ્યું કે, જો કે તમારા વૈભવને સાંભળીને જ મને વૈરાગ્ય થઇ ગયો છે, તો પણ હું વિસ્તારથી જૈનધર્મને સાંભળવાને ઇચ્છું છું. બધાએ ભેગા થઈને સૂરીશ્વરના ચરણોમાં નમીને અતિશય સંવેગનું કારણ એવું ધર્મનું માહાત્મ્ય સાંભળ્યું. તે આ પ્રમાણે :– લક્ષ્મી, યશ, સુકુલમાં જન્મ, પ્રતાપ અને પ્રિયનું મિલન– આ સર્વ ધર્મરૂપી કલ્પવૃક્ષનું ફળ છે એમ જિનેશ્વરોએ કહ્યું છે. વળી– ગુણસુંદરીએ (પૂર્વભવમાં) જે નિર્મલ શીલ પાળ્યું હતું, તેનું આ ભવમાં આ ફળ મળ્યું છે અને અંતે તે મોક્ષ પણ પામશે. દુઃખરૂપી તરંગોથી યુક્ત આ અપાર ભવરૂપી સમુદ્રને દીક્ષારૂપી નૌકાનો આદર કર્યા વિના તરી શકાય તેમ નથી. આ સાંભળીને રાજાએ કહ્યું : હું આપના ચરણોનો આશ્રય સ્વીકારું છું. મહાત્માએ પણ કહ્યું: પ્રમાદ ન કરવો. (નિવાસસ્થાને) જઇને મંત્રીઓની સાથે વિચારણા કરી. પછી દયાળુ રાજાએ કેદીઓને મુક્ત કર્યા. પોતાને પુત્ર ન હોવાથી રાજ્યસંપત્તિ જમાઈને આપી. અર્થીઓને વાંછિત આપ્યું. પછી મહાન આડંબરથી ચારિત્રને સ્વીકારીને નિરતિચારપણે પાળ્યું. નીતિમાં કુશળ પુણ્યપાલ રાજાએ જિનધર્મની

પ્રભાવના કરતાં લાંબા કાળ સુધી સામ્રાજ્યનું પાલન કર્યું. એકવાર ગુણસુંદરીએ પુણ્યપાલને ઉપદેશ આપ્યો : યૌવન નાશવંત છે, લક્ષ્મીનો ઉત્કર્ષ ક્ષણભંગુર (=ક્ષણવારમાં નાશ પામવાના સ્વભાવવાળો) છે, કાયા સેંકડો કષ્ટોથી યુક્ત છે. માટે તમે ધર્મમાં મતિ કરો. સુલોચન નામના પુત્રને રાજ્ય ઉપર બેસાડીને દંપતીએ મહોત્સવપૂર્વક દીક્ષા લીધી. તે બંને લાંબા કાળ સુધી નિરતિચાર ચારિત્ર પાળીને શાશ્વતસુખવાળા, અવિનાશી અને અવિકારી (=જેમાં જરાપણ ફેરફાર ન થાય તેવા) મોક્ષને પામ્યા. જે ધીર મનુષ્યો આ શીલરૂપી માણિક્ય રત્નને અખંડપણે હૃદયમાં ધારણ કરે છે તે મનુષ્યો ગુણસુંદરીની જેમ આ લોકમાં અને પરલોકમાં વાંછિત અર્થની પ્રાપ્તિ થવાથી આનંદિત બને છે. [૩-૪]

મોક્ષના સાધક બીજા ધર્મકારણો હોવા છતાં પરમાર્થથી શીલ જ મોક્ષનું કારણ છે એમ કહે છે:-

देवो गुरू य धम्मो, वयं तवं गुत्तिमवणिनाहोवि ।
पुरिसो नारी वि सया, सीलपवित्ताइं अग्घंति ॥ ५ ॥

ગાથાર્થ :- દેવ, ગુરુ, ધર્મ, વ્રત, તપ, ગુપ્તિ, પૃથ્વીનાથ, પુરુષ અને સ્ત્રી પણ સદા શીલથી પવિત્ર હોય તો જ ગૌરવને પામે છે.

ટીકાર્થ :- દેવ=તીર્થસ્થાપના વગેરે કરનાર. ગુરુ=ધર્માચાર્ય. ધર્મ=હેય-ઉપાદેયનો ઉપદેશ. વ્રત=દીક્ષાસ્વીકાર. તપ=બાહ્ય અને અભ્યંતર એ બે ભેદને આશ્રયીને બાર ભેદવાળું. ગુપ્તિ=મન, વચન અને કાયાનું રક્ષણ કરવું. ગાથામાં अवणिनाहोवि એ સ્થળે રહેલા अपि શબ્દથી ભિખારીનું પણ ગ્રહણ કરવું. પુરુષ શબ્દથી ધર્મી પુરુષ સમજવો. સ્ત્રી શબ્દથી મોક્ષસાધન જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નોને ધારણ કરનારી સ્ત્રી સમજવી. આ બધા નિરંતર શીલથી પવિત્ર હોય તો જ ગૌરવને પામે છે, અર્થાત્ શીલવંતો જ પૂજ્ય બને છે અને સુગતિમાં જવાને લાયક બને છે. [૫]

શીલમાં બીજા મનુષ્યો પ્રવૃત્તિ કરે એ માટે શીલવંતો દુષ્કર કાર્ય કરનારા છે એમ જણાવીને બે ગાથાઓથી શીલવંતોની જ પ્રશંસા કરતા ગ્રંથકાર કહે છે :-

दायारसिरोमणिणो, के के न हुया जयंमि सप्पुरिसा ।
के के न संति किं पुण, थोवच्चिय धरियसीलभरा ॥ ६ ॥
लट्ठट्ठमदसमाई-तवमाणावि हु अईव उग्गतवं ।
अक्खलियसीलविमला, जयंमि विरला महामुणिणो ॥ ७ ॥

ગાથાર્થ :-જગતમાં દાતારશિરોમણી સત્યપુરુષો કોણ કોણ નથી થયા ? વર્તમાનમાં પણ દાતાર સત્પુરુષો કોણ કોણ નથી ? [1]પણ શીલનો ભાર ધારણ કરનારા થોડા જ હોય છે.

---

૧. મૂળ ગાથામાં રહેલા **किं पुण** શબ્દનો **पुनः** એવો અર્થ જણાય છે. ટીકામાં એ સ્થળે **पुनः** એવો જ ઉલ્લેખ છે. પુનઃ શબ્દનો ક્યારેક 'પણ' એવો અર્થ પણ થાય છે, અહીં 'પણ' એવો અર્થ જણાય છે.

ટીકાર્થ :- દયાથી આર્દ્ર (=ભિના) બની જવાના કારણે જેઓ (બીજાના રક્ષણ માટે) પોતાના જીવને (=શરીરને) પણ ત્યજવાથી તોલે તેવા દાતાર સત્પુરુષો ભૂતકાળમાં ઘણા થઈ ગયા છે. આ વિષે કહ્યું છે કે-

कर्णश्चर्म शिबिर्मांसं, जीवं जीमूतवाहनः ।
ददौ दधीचिरस्थीनि, नास्त्यदेयं महात्मनाम् ॥ १ ॥

"કર્ણ રાજાએ ચામડી આપી, શિબિરાજાએ માંસ આપ્યું, જીમૂતવાહન રાજાએ પોતાના પ્રાણ આપ્યા, અને દધીચિ રાજાએ હાડકાં આપ્યાં. મહાત્માઓને ન આપવા લાયક કંઈ પણ નથી."

વર્તમાનમાં પણ દાતાર સત્પુરુષો ઘણા છે. કિંતુ સત્પુરુષો પણ (=સત્પુરુષોમાં પણ) શીલનો ભાર ધારણ કરનારા થોડા જ હોય છે. [૬]

ગાથાર્થ :- જગતમાં છઠ્ઠ, અઠ્ઠમ અને ચાર ઉપવાસ વગેરે અતિશય ઉગ્ર તપ તપનારા પણ (=તપ તપનારાઓમાં પણ) અખંડિત બ્રહ્મચર્યવાળા મહામુનિઓ અવશ્ય વિરલા જ હોય છે.

ટીકાર્થ :- તપસ્વીઓમાં પણ નિર્મલશીલવાળા વિરલા જ હોય છે. કારણ કે બ્રહ્મચર્યવ્રતનું પાલન દુષ્કર છે. આગમમાં કહ્યું છે કે-"ઇંદ્રિયોમાં રસના, કર્મોમાં મોહનીય, વ્રતોમાં બ્રહ્મચર્ય અને ગુપ્તિઓમાં મનોગુપ્તિ આ ચાર દુઃખથી જીતી શકાય છે." [૭]

તપસ્વીઓમાં પણ નિર્મલશીલવાળા વિરલા હોય છે એ જ વિષયને લૌકિક દૃષ્ટાંતથી કહે છે :-

जं लोए वि सुणिज्जइ, नियतवमाहप्पपरंजियजयावि ।
दीवायणविस्सामित्त-पमुहमुणिणोवि पब्भट्ठा ॥ ८ ॥

ગાથાર્થ :- તપસ્વીઓમાં પણ નિર્મલશીલવાળા વિરલા હોય છે. જેથી લોકમાં પણ સંભળાય છે કે પોતાના તપના માહાત્મ્યથી જગતને આકર્ષનારા પણ દ્વૈપાયન, વિશ્વામિત્ર વગેરે મુનિઓ પણ ભ્રષ્ટ બન્યા.

ટીકાર્થ :- સુકાં પાંદડાં અને શેવાલનો આહાર કરનારા તથા પાણી પીનારા પણ દ્વૈપાયન, વિશ્વામિત્ર વગેરે મુનિઓએ સ્ત્રીની શૃંગાર ભરેલી ચેષ્ટાઓથી ચલિત બનીને શીલને ભ્રષ્ટ કર્યું. આ પ્રમાણે ગાથાનો અર્થ છે. ભાવાર્થ તો કથાઓથી જાણવો. તે ભાવાર્થ આ પ્રમાણે છે :-

દ્વૈપાયન ઋષિની કથા

પાંડવોનો પૂર્વજ, હસ્તિનાપુરનો નાયક અને શિકારનો વ્યસની શાંતનુ રાજા જંગલમાં ગયો. ત્યાં પ્રેમથી સ્વપ્રિયાને આગળ કરીને હરણ પલાયન થઈ ગયું. દોડીને તેની પાછળ જતો રાજા ઉત્તમ જંગલમાં પ્રવેશ્યો. તેમાં આગળ સાત માળવાળો મહા-

મહેલ જોઈને રાજા એ મહેલ ઉપર ચઢયો. ત્યાં રહેલી બાળાએ રાજાના પગ ધોયા અને પૂજાની સામગ્રીથી રાજાની પૂજા કરી.

રાજા પ્રત્યે બાળાનો સ્નેહ વધવા લાગ્યો અને એથી તેની રોમરાજી વિકસ્વર બની. પછી સુંદરમુખવાળી તે બાળાને રાજાએ પૂછ્યું: તું કોણ છે? કોની પુત્રી છે? વનમાં એકલી કેમ છે? બાળાએ કહ્યું: હું જહ્નુ નામના વિદ્યાધર રાજાની ગંગા નામની પુત્રી છું. પતિની પ્રાપ્તિ થાય ત્યાં સુધી વનમાં રહેવું એવા જ્યોતિષના વચનથી અહીં રહી છું. તેથી હે નાથ! આપના યોગથી હમણાં જ્યોતિષવચન મને ફળ્યું છે. પછી રાજા ગંગાને પરણીને પોતાના નગરમાં ગયો. ક્રમે કરીને ગંગાએ પુત્રને જન્મ આપ્યો. તેનું ગાંગેય નામ પાડ્યું. મોટા થયેલા તેને મામાએ ધનુર્વેદ (=બાણવિદ્યા) વગેરે વિદ્યાઓ શિખવાડી. એકવાર શાંતનુએ યમુનાનદીના કિનારે નાવમાં બેઠેલી સત્યવતી નામની કન્યાને જોઈને તેના પિતાની પાસે તેની માંગણી કરી. નૌકાસૈન્યના અધિપતિ તેના પિતાએ કહ્યું: આપના જેવો વર ક્યાંથી મળે? પણ આપને ગાંગેય નામનો પુત્ર છે. આથી કન્યા આપવાનો મને ઉત્સાહ થતો નથી. ગાંગેય રાજ્યનો હકદાર હોવાથી મારી પુત્રીનો પુત્ર રાજ્યને ક્યાંથી ભોગવી શકે? આ સાંભળીને આનંદ રહિત બનેલો રાજા પોતાની નગરીમાં ગયો. પિતાના ભાવને જાણનારા ગાંગેયે નાવિકને કહ્યું: હું (જીવનપર્યંત) બ્રહ્મચર્ય પાળીશ અને રાજ્ય તારી પુત્રીના પુત્રને આપીશ. તેના આવા સાહસથી તુષ્ટ થયેલા દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, અને 'જય જય' એવા શબ્દો બોલીને (ભીષ્મપ્રતિજ્ઞા કરી હોવાથી) ગાંગેય ભીષ્મ છે એમ કહ્યું, અર્થાત્ ગાંગેયનું ભીષ્મ એવું નામ પાડ્યું. નાવિકે જલદી કન્યા આપીને ભીષ્મને કહ્યું: એકવાર મેં આને (=સત્યવતી નામની બાળકીને) યમુનાનદીના કિનારે જોઈ. તે વખતે દેવોએ કહ્યું: આ રત્નાંગદ રાજાની સત્યવતી નામની પુત્રી છે. પુત્ર વિનાની મારી પત્નીએ વાત્સલ્યથી એનું પાલન કર્યું. પછી આનંદથી ભીષ્મે પિતાને સત્યવતી ભેટ કરી=સોંપી. રાજાએ તેને પરણીને કેવળ સુખનો જ અનુભવ કર્યો. ક્રમે કરીને સત્યવતીએ અસાધારણ સાહસવાળા અને પરસ્પર વાત્સલ્યભાવવાળા ચિત્રાંગદ અને ચિત્રવીર્ય નામના બે પુત્રોને જન્મ આપ્યો. શાંતનુનું મૃત્યુ થતાં ભીષ્મે ચિત્રાંગદને રાજ્ય ઉપર બેસાડ્યો. તે એકવાર યુદ્ધમાં નીલાંગદ નામના શત્રુથી હણાયો.

હવે ભીષ્મે વિચિત્રવીર્યને પહેલાં રાજ્ય આપ્યું, પછી અંબિકા, અંબાલિકા અને અંબા નામની ત્રણ કન્યાઓ પરણાવી. વિચિત્રવીર્યને ક્ષયરોગને પામેલો તથા ધર્મ, કામ, અર્થ અને પુરુષાર્થથી રહિત બનેલો જોઈને ભીષ્મ કુલછેદની શંકાવાળો બન્યો. આથી તેણે વિચાર્યું: કોઈ પણ રીતે કુલની વૃદ્ધિ કરવી જોઇએ. આથી ભીષ્મે સત્યવતીથી ઉત્પન્ન થયેલા અને અનુગ્રહવાળા દ્વૈપાયનઋષિને પ્રસન્ન કર્યા. ભીષ્મે દ્વૈપાયન ઋષિને કહ્યું: હે બંધુ! તમે સમયજ્ઞ છો; માટે ક્ષય પામતા કુલનો ઉદ્ધાર કરો. આ પ્રમાણે પ્રાર્થના કરાયેલા તેણે ત્રણ વધૂઓને ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા. બંને આંખે પાટો

આંધીને દ્વૈપાયન ઋષિની પાસે ગયેલી અંબાલિકાએ ધૃતરાષ્ટ્રને જન્મ આપ્યો. શરીરે ચંદનનો લેપ કરીને ગયેલી અંબિકાએ પાંડુને જન્મ આપ્યો. શંકા વિના ગયેલી અંબાએ વિદુરને જન્મ [1]આપ્યો. અતિશય દુષ્કર તપને કરતા આવા પણ મુનિ સહેલાઈથી ભ્રષ્ટ બન્યાં. ખરેખર ! વિષયો મુશ્કેલીથી જીતી શકાય છે. કહ્યું છે કે–

कानीनस्य मुनेः स्वबान्धववधूवैधव्यविध्वंसिनो,
नप्तारः किल तेऽपि गोलकसुताः कुण्डाः स्वयं पाण्डवाः ।
पञ्चैतेऽपि समानजायत इति प्रातः समुत्कीर्तनं,
तेषां पावनमाः कथं नु विषमा धर्मस्य शून्या गतिः[2] ॥१॥

વિશ્વામિત્ર ઋષિનું દૃષ્ટાંત

આ પ્રમાણે સંક્ષેપથી દ્વૈપાયન ઋષિનું દૃષ્ટાંત જે પ્રમાણે જાણ્યું છે તે પ્રમાણે કહ્યું. હવે વિશ્વામિત્રનું દૃષ્ટાંત કહેવામાં આવે છેઃ– ક્ષત્રિયોનું ભૂષણ અને ગાધિરાજાના પુત્ર એવા વિશ્વામિત્રે વશિષ્ઠઋષિની સ્પર્ધાથી (=વશિષ્ઠની સમાન થવા) તાપસી દીક્ષા લીધી. પછી તે પાકેલાં અને સુકાં પાંદડાં, પાણી અને શેવાલનો આહાર કરીને ઘણું દુષ્કર તપ કરતો હતો. સૂર્ય સામે દૃષ્ટિ રાખતો હતો. સમય જતાં એને વસ્તુઓને ઉત્પન્ન કરવાની શક્તિ પ્રાપ્ત થઈ. જ્ઞાની સૂર્યે તેને દરેક વસ્તુઓને ઉત્પન્ન કરતો જાણીને તપથી ભ્રષ્ટ કરવા મેનકા નામની દેવાંગનાને પૃથ્વી પર મોકલી. મેનકાએ વસંતઋતુ વગેરે વિકુર્વીને પૃથ્વીને સ્વર્ગ જેવી કરી દીધી. આમ કરીને તેણે વિશ્વામિત્રની પાંચે ઇન્દ્રિયોને જલદી વિહ્વલ બનાવી દીધી. કામથી વિહ્વલ બનેલા આશયવાળા તેણે ધ્યાનનો ભંગ કરીને અને પોતાની તપ ક્રિયાને ભૂલીને મેનકાને ગળે લગાડી. મિથ્યાદૃષ્ટિઓના શાસ્ત્રમાં કહ્યું છે કે–**"સારી રીતે કાબૂમાં રાખેલી પણ ઇંદ્રિયોનો વિશ્વાસ ન કરવો. વિશ્વામિત્ર ઋષિએ પણ ઉત્કંઠાપૂર્વક મેનકાને ગળે લગાડી."** અતિશય

---

૧. આ વિષે વિશેષ વિગત આ પ્રમાણે છે :–ભીષ્મે અંબિકાને કહ્યું કે તું વસ્ત્ર રહિત થઈને યમુના નદીના કાંઠે તપ કરતા દ્વૈપાયન ઋષિની પાસે જા. અંબિકાએ વિચાર્યું કે, એ તો મારા જેઠ થાય. (દ્વૈપાયન સત્યવતીનો પુત્ર છે અને ચિત્રવીર્ય પણ સત્યવતીનો પુત્ર છે. આથી તે અંબિકા વગેરે ત્રણેનો જેઠ થાય.) આથી વસ્ત્ર રહિત થઈને મારાથી તેમની પાસે કેમ જવાય ? આમ વિચારીને તે વસ્ત્ર રહિત કરેલા પોતાના દેહને સુખડ અને કેશર વગેરે ચોપડીને દ્વૈપાયન ઋષિ પાસે ગઈ. દ્વૈપાયન તેના ઉપર મોહિત થઈને આદર કરીને બોલ્યો કે તારે પુત્ર થશે પણ કોઢિયો થશે. બીજા દિવસે ભીષ્મે અંબાલિકાને મોકલી તે પણ શરમના કારણે પોતાની આંખે પાટો બાંધીને ગઈ. તેથી તેને દ્વૈપાયને કહ્યું કે તારે પુત્ર થશે પણ આંધળો થશે. ત્રીજા દિવસે ભીષ્મે અંબાને મોકલી. તે નિઃશંકપણે ગઈ. પછી તે ત્રણેને અનુક્રમે પાંડુ, ધૃતરાષ્ટ્ર અને વિદુર એ ત્રણે પુત્રો થયા.

૨. **कानीनस्य मुनेः** ઇત્યાદિ શ્લોકનો અર્થ મને બરોબર સમજાયો નથી માટે લખ્યો નથી.

અનુરાગવાળી મેનકાને લાંબા કાળ સુધી ભોગવી. પછી ચૈતન્યને પામેલા તેણે ધ્યાન-ભંગમાં કેટલો કાળ પસાર થયો ? એમ મેનકાને પૂછ્યું. તેણે કહ્યું : નવસો સાત વર્ષ છ મહિના અને ત્રણ દિવસ પસાર થયા. આવો ક્ષત્રિયવંશમાં ઉત્પન્ન થયેલો મહાતપસ્વી પણ વિશ્વામિત્ર તપથી ભ્રષ્ટ કરાયો. માટે નિર્મલપણે શીલનું પાલન દુષ્કર છે. અહીં ગ્રંથ-વિસ્તારના ભયથી સ્વરૂપમાત્ર કહ્યું છે. આ બંને દૃષ્ટાંતોનો વિસ્તાર તો મહાભારતમાંથી જાણી લેવો. અહીં ગાથામાં કહેલા 'આદિ' શબ્દથી રેણુકા વગેરેમાં કામુકપણે પ્રસિદ્ધ થયેલા યમદગ્નિ વગેરે જાણવા. [૮]

મિથ્યાદૃષ્ટિ મુનિઓની વાત દૂર રહી, તત્ત્વના જ્ઞાતાઓને પણ શીલપાલન દુષ્કર છે એમ જણાવે છે :-

जाणंति धम्मतत्तं, कहंति भावंति भावणाओ य ।
भवकायरावि सीलं, धरिउं पालंति नो पवरा ॥९॥

ગાથાર્થ:-જેઓ ધર્મતત્ત્વને જાણે છે અને બીજાઓને કહે છે, ભાવનાઓ ભાવે છે, સંસાર ભીરુ છે અને પ્રવર છે તેઓ પણ શીલ ધારણ કરીને તેનું પાલન કરતા નથી.

ટીકાર્થ:-ધર્મતત્ત્વ = જિનેશ્વરોએ કહેલો મોક્ષમાર્ગ. ધર્મતત્ત્વને કહે છે એમ કહીને અહીં તત્ત્વજ્ઞાનની દૃઢતા (= નિશ્ચિતતા) જણાવી છે. (કારણકે અનિશ્ચિત જ્ઞાન-વાળો બીજાને કહી ન શકે.) ભાવના = અનિત્ય વગેરે બાર પ્રકારની ભાવનાઓ. પ્રવર = ઉત્તમકુલ અને ઉત્તમ જાતિવાળા. આવા જીવો પણ સિંહની જેમ શીલ-સ્વીકારીને પણ શિયાળની જેમ સત્ત્વથી ચલિત થાય છે, અર્થાત્ જેવી રીતે શીલનો સ્વીકાર કર્યો તે જ રીતે પાળી શકતા નથી. આગમમાં કહ્યું છે કે :-**"ચાર પ્રકારના પુરુષો કહ્યા છે. તે આ પ્રમાણે:-૧. કેટલાક પુરુષો સિંહની જેમ ચારિત્રનો સ્વીકાર કરે છે અને સિંહની જેમ તેનું પાલન કરે છે. ૨. કેટલાક પુરુષો સિંહની જેમ ચારિત્રનો સ્વીકાર કરે છે અને શિયાળની જેમ તેનું પાલન કરે છે. ૩. કેટલાક પુરુષો શિયાળની જેમ ચારિત્રનો સ્વીકાર કરે છે અને સિંહની જેમ તેનું પાલન કરે છે. ૪. કેટલાક પુરુષો શિયાળની જેમ ચારિત્રનો સ્વીકાર કરે છે અને શિયાળની જેમ તેનું પાલન કરે છે."** આ ચાર ભાંગાઓમાં પહેલો અને ત્રીજો એ બે ભાંગા શુભ છે અને બાકીના બે અશુભ છે. [૯]

શીલપાલન બધા જ ધર્મોથી દુષ્કર છે એમ કહે છે :-

दाणतवभावणाई-धम्माहिंतो सुदुक्करं सीलं ।
इय जाणिय भो भव्वा, अइजत्तं कुणह तत्थेव ॥१०॥

ગાથાર્થ:-દાન, તપ, ભાવના વગેરે ધર્મોથી શીલ દુષ્કર છે, એમ જાણીને હે ભવ્યો ! તમે શીલમાં જ અતિશય આદર કરો.

ટીકાર્થ:–શીલ દુષ્કર છે એ અંગે કહ્યું છે કે–**"ભાવના અને દાન ક્ષણિક છે, અર્થાત્ ભાવના અને દાન બહુ જ થોડીવાર કરી શકાય છે, તપ પણ નિયત સ્થિતિવાળું છે, પણ શીલનું પરિશીલન તો યાવજ્જીવ સુધી કરવાનું હોય છે, તેથી તેનું પાલન દુષ્કર છે."** હે ભવ્યો! શીલ દુષ્કર છે એમ જાણીને શીલમાં જ પરમ આદર કરો, પણ દુષ્કર છે એમ માનીને તેની ઉપેક્ષા ન કરો.[૧૦]

શીલ જ પ્રમાણ છે, અર્થાત્ શીલ વિના કોઈ જ ધર્મ પ્રમાણ નથી એમ કહે છે:–

तं दाणं सो य तवो, सो भावो तं वयं खलु पमाणं ।
जत्थ धरिज्जइ सीलं, अंतररिउहिययनवकीलं ॥ ११ ॥

ગાથા-ટીકાર્થ:–તે જ દાન દાન તરીકે ગણાય છે. તે જ તપ તપ તરીકે ગણાય છે, તે જ ભાવ ભાવ તરીકે ગણાય છે, વ્રત પણ તે જ પ્રમાણ છે, જે દાન, તપ, ભાવ અને વ્રતમાં આંતરશત્રુના હૃદયને ભેદવા માટે નવા ભાલા સમાન શીલ ધારણ કરવામાં આવે. [૧૧]

અન્ય વ્રતોમાં અતિચારો લાગવા છતાં શીલના નિરતિચાર પાલનનું માહાત્મ્ય કહે છે:–

कलिकारओवि जणमारओवि सावज्जजोगनिरओवि ।
जं नारओवि सिज्झइ, तं खलु सीलस्स माहप्पं ॥ १२ ॥

ગાથાર્થ:–કલહ કરનારા, લોકોને મારનારા, અને સાવદ્યયોગમાં તત્પર એવા પણ નારદ જે સિદ્ધ થાય છે, તે ખરેખર! શીલનો પ્રભાવ છે.

ટીકાર્થ:–નારદ યુદ્ધની ઈચ્છાવાળા હોય છે, માટે કલહ કરનારા હોય છે, એથી જ લોકોને મારનારા છે, એટલે કે લોકોના સંહારના હેતુ છે. સાવદ્યયોગમાં તત્પર એટલે પરસ્ત્રીનું અપહરણ કરાવવું અને શોકચનો સંયોગ કરાવવો વગેરે પાપપ્રવૃત્તિમાં આસક્ત. (અહિંસા વગેરે) બીજાં વ્રતોમાં શિથિલતા કરવા છતાં નારદ મોક્ષને પામે છે, તે નિર્મલ શીલનો પ્રભાવ છે. આ પ્રમાણે ગાથાનો અર્થ છે. વિસ્તૃત અર્થ તો કથાથી જાણવો. તેમાં રુક્મિણીનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે છે:–

નારદની કથામાં રુક્મિણીનું દૃષ્ટાંત

દ્વારિકા મહાનગરીમાં કૃષ્ણ નામે વાસુદેવ હતો. બલદેવ સહિત તે મોટા રાજ્યનું પાલન કરતો હતો. એકવાર કલહ કરનાર, ક્રીડાના પ્રેમી, કુતૂહલી અને (બ્રહ્મચર્યની) પ્રભાના વૈભવથી પ્રકાશ કરનારા નારદ ફરતાં ફરતાં કૃષ્ણના મહેલમાં આવ્યા. બલરામ સહિત કૃષ્ણ કેટલાક પગલા તેમની સામે ગયો. તેમના ચરણોનું પ્રક્ષાલન કર્યું. પૂજાની સામગ્રીથી પૂજા કરી, નમસ્કાર કર્યો. ક્રીડાના પ્રેમી હોવાના કારણે ચંચળ એવા નારદ ત્યાં ક્ષણવાર રહીને અંતઃપુરમાં ગયા. દર્પણમાં મુખને જોતી સત્યભામાએ તેમની પૂજા

ન કરી. આથી નારદે વિચાર્યું: ઇંદ્રાણીઓએ પણ મારી અવજ્ઞા કરી નથી. પણ આ અહંકારવાળી હોવાથી ઔચિત્ય પણ ન આચર્યું. ગુસ્સે થયેલા તે છલાંગ મારીને ઉડીને કુંડિનપુર ગયા. ત્યાં રુક્મિણીએ તેમનો સત્કાર કર્યો. નારદે તેની આગળ કૃષ્ણના ગુણો કહ્યા. કૃષ્ણ પ્રત્યે તેને અનુરાગવાળી બનાવીને પટમાં તેનું રૂપ આલેખ્યું. સત્યભામા પ્રત્યે દ્વેષના કારણે તે રૂપ જલદી કૃષ્ણને બતાવ્યું. આ દેવી કોણ છે એમ કૃષ્ણે પૂછ્યું. નારદે કહ્યું: રુક્મિણી નામની આ કન્યા છે અને રુક્મી નામના રાજાની નાની બહેન છે. વિસ્મયપૂર્વક તેના મોગરાનું ફૂલ અને ચંદ્ર જેવા મનોહર ગુણોને સાંભળતા કૃષ્ણે રુક્મિણી પ્રત્યે અતિશય અનુરાગ ધારણ કર્યો. આથી કૃષ્ણે નારદને કહ્યું: હે દેવર્ષિ! જે રીતે આ મારી પ્રિયા થાય તે રીતે કરો. અથવા કલ્પવૃક્ષને કરેલી પ્રાર્થના શું કયારેય નિષ્ફલ થાય? નારદે કહ્યું: ખેદ ન કરો. જે રીતે રુક્મિણી તમારી પત્ની થાય તેમ કરું છું. તમે (તમારી બહેન મને આપો એમ રુક્મિણીની માગણી માટે રુક્મિ રાજા પાસે) દૂત મોકલો. રુક્મિ રાજા તમારા પ્રત્યે કેવું વર્તન કરે છે તે જોઇએ. હર્ષ પામેલા કૃષ્ણે આ પ્રમાણે કહેતા નારદની પૂજા કરીને રુક્મિણીની માગણી કરવા માટે રુક્મી રાજા પાસે દૂત મોકલ્યો. રુક્મીએ કહ્યું: અમે બહેનને ગોવાળને નહિ આપીએ. પહેલાં મહા-પરાક્રમી શિશુપાલ આનો વર પ્રાપ્ત થયો છે=શોધ્યો છે. રત્ન સોનાની સાથે શોભે, પિત્તળની સાથે ન શોભે. રુક્મીએ દૂતદ્વારા કૃષ્ણને આ પ્રમાણે કહેવડાવ્યું. આ વખતે રુક્મિણીની ફોઇએ રુક્મિણીને કહ્યું: હે પુત્રી! પૂર્વે અતિમુક્ત મુનિએ તું કૃષ્ણની પટરાણી થશે એમ કહ્યું છે. આજે પ્રેમથી તારી માગણી કરવા છતાં કૃષ્ણને ક્રોધથી ના કહીને રુક્મીએ હવે તને શિશુપાલને આપી છે. રુક્મિણીએ પહેલાં નારદની પાસેથી શિશુપાલ ખરાબ રૂપવાળો છે એમ જાણ્યું હતું. આથી પોતે શિશુપાલને અપાઈ છે એમ સાંભ-ળીને રુક્મિણી વિષાદથી ઉદાસીન બની ગઇ. શું કયારે પણ જ્ઞાનીની વાણી નિષ્ફલ થાય? એમ બોલતી રુક્મિણી કૃષ્ણ પ્રત્યે અનુરાગવાળી છે એમ ફોઇએ નિર્ણય કર્યો. આથી તેણે જલદી દૂત દ્વારા કૃષ્ણને જણાવ્યું કે, તમને અનુરૂપ એવી રુક્મિણી પ્રત્યે તમને અનુરાગ હોય તો તમે ગુપ્તપણે જલદી આવો. હું મહા મહિનાની આઠમના રોજ નાગ-દેવની પૂજાના બહાને રુક્મિણીને ઉદ્યાનમાં લાવીશ. આ તરફ કુંડિનપુરમાં વિવાહ નિમિત્તે કરેલા મહોત્સવમાં રુક્મિણીને પરણવા માટે ઉત્સુક એવો શિશુપાલ આવ્યો. નારદના મુખથી શિશુપાલનું આગમન જાણીને બલદેવ અને કૃષ્ણ એ બંને બે રથ ઉપર બેસીને કુંડિનપુર આવ્યા. પૂર્વે સંકેત કરેલા સ્થાનમાં ફોઇએ આગળ કરેલી [1]રુક્મિણીને જોઇને કૃષ્ણે વિચાર્યું: આ નારદે જેવી કહી હતી તેનાથી પણ વધારે સુંદર છે. પછી કૃષ્ણે રુક્મિણીને સ્નેહપૂર્વક કહ્યું: હે ભદ્રે! સ્નેહને આધીન બનેલો અને એથી જેમ ભ્રમર કલ્પવૃક્ષની મંજરીને યાદ કરે તેમ તને યાદ કરતો હું દૂરથી આવ્યો છું. આથી વિલંબ

૧. અહીં '**पीनवक्षोजभरमन्थरां**' એ પદનો હેતુપૂર્વક અર્થ લખ્યો નથી.

કર્યા વિના જલદી રથ ઉપર ચઢ. કોઈથી આદેશ અપાયેલી રુક્મિણી પણ રથ ઉપર ચઢી. પોતાના દોષને છુપાવવા કોઇએ પોકાર કર્યો કે હા હા ! કૃષ્ણ બળાત્કારે રુક્મિણીને ઉઠાવી જાય છે ! કાર્યની સારી રીતે સિદ્ધિ થવાથી ઉત્સાહિત બનેલા કૃષ્ણ જાણે શત્રુઓનો ઉત્પાત ન હોય તેમ શંખ પૂરીને (=વગાડીને) બલદેવની સાથે ચાલ્યા. સંગ્રામ માટે વાગેલાં વાજિંત્રોના અવાજથી આકાશને ક્ષુબ્ધ બનાવતા અને શસ્ત્રોના સમૂહથી જાણે પૃથ્વીને ભોજનની લાલસાવાળી બનાવતા હોય તેવા શિશુપાલ અને રુક્મી રાજાને સૈન્યસહિત પોતાને પાછી લાવવા આવતા જાણીને રુક્મિણી ભયથી ધ્રુજવા લાગી. તેણે કૃષ્ણને કહ્યું: હે નાથ ! તમે બંને એકલા છો, તે બે અસંખ્ય સૈન્યથી પરિવરેલા છે. તમને બેને મારા નિમિત્તે આ કષ્ટ આવ્યું, આથી હું વ્યાકુળ છું. કૃષ્ણે કહ્યું: હે પ્રિયા ! તું ભય ન પામ. શત્રુનો વિનાશ કરનારા મારા પરાક્રમને તું જો. તેના ભયને દૂર કરવા કૃષ્ણે એક હાથથી તાડના અનેક વૃક્ષોને ઉખેડી નાખ્યા. હે પ્રિયા ! બિચારા અને કાગડાના જેવા ચંચલ આ બે મારી આગળ કોણ છે ? આમ કહીને કૃષ્ણે વીંટીના વજ્રનું કપૂરની જેમ ચૂર્ણ કરી નાંખ્યું. ક્રોધથી કૃષ્ણને યુદ્ધનો આરંભ કરતા જોઇને બલદેવ પ્રિયાસહિત કૃષ્ણને આગ્રહપૂર્વક આગળ મોકલીને પોતે ત્યાં જ રહ્યો. રુક્મિણીથી પ્રાર્થના કરાયેલા કૃષ્ણે બળદેવને કહ્યું: તારે યુદ્ધના મેદાનમાં ક્રૂર પણ રુક્મી રાજાને જીવતો રાખવો. વેગવાળા રથથી કૃષ્ણ પ્રિયાની સાથે ઘર તરફ ચાલ્યા એટલે જેમ મેરુપર્વતથી [1]સમુદ્રનું મંથન થયું હતું તેમ બલદેવે વૈરીઓના સૈન્યરૂપ સમુદ્રનું મન્થન કર્યું. શત્રુઓના બલનો નાશ કરનાર બલદેવે ઇંદ્રવજ્રની જેમ હળથી હાથીરૂપ પર્વતોને પાડી નાખ્યા. યુદ્ધના મેદાનમાં મરેલા અશ્વોના પુછડારૂપી ચામરોથી પૃથ્વીએ જાણે વીરપુરુષોનું વાળવાળું બિછાનું કર્યું હતું. યુદ્ધમાં પરાક્રમી સુભટોની સાથે પડેલા અનેક રથોથી યુદ્ધભૂમિ જાણે વેતાલો જેવા હાડપિંજરોથી ભયંકર થઈ. શિયાળ જેવો શિશુપાલ ભય પામીને બગલાથી મુક્ત થયેલા માછલાની જેમ પોતાના સૈન્યની સાથે નાસીને કયાંક જતો રહ્યો. યુદ્ધ ક્રીડામાં કુતૂહલવાળા નારદ આ વખતે આકાશમાં શિશુપાલ ઉપર અતિશય હસતાં હસતાં તાળીઓ પાડીને નાચ્યા. હવે જેણે ધનુષને કાનનું કુંડલ કર્યું છે એવો રુક્મી રાજા સિંહની જેમ બળથી ફાળ મારીને બલદેવની સામે આવ્યો. રુક્મી રાજાની બાણશ્રેણીને તીક્ષ્ણબાણથી ઉતાવળે છેદતા બલદેવરૂપી હજામે રુક્મીના મુખસહિત મસ્તકને મુંડી નાખ્યું. બલદેવે તેને કહ્યું: તું બંધુપત્નીનો ભાઈ હોવાથી બંધુપત્નીના વચનથી તને જીવતો છોડી દઉં છું. તેથી ભિક્ષુની જેમ આત્માનું પોષણ કર, પણ મર નહિ. શરમના કારણે કુંડિનપુર જવા માટે અસમર્થ રુક્મી ત્યાં ભોજકટ નામનું નગર વસાવીને રહ્યો. યુગાંત સુધી કીર્તિસ્તંભ–સમાન તે નગર વસાવ્યું એટલે કૃતકૃત્ય બનેલો બલદેવ ત્યાંથી દ્વારિકાપુરી ગયો.

૧. વૈદિકધર્મમાં "શંકરે મેરુપર્વતને રવૈયો બનાવીને સમુદ્રનું મંથન કર્યું" એવી માન્યતા છે.

આ તરફ દ્વારિકાની નજીક આવીને રુક્મિણીની શરમને છોડાવતા કૃષ્ણે રુક્મિણીને મધુર શબ્દોથી કહ્યું : મહેલોની શ્રેણિઓમાં રહેલા રત્નોની કાંતિથી આકાશને પ્રકાશિત કરનારી અને દેવોએ બનાવેલી દેવપુરીની જેવી આ દ્વારિકાનગરી છે. અહીં નંદનવનમાં દેવાંગનાની જેમ ક્રીડાગૃહો, ઉદ્યાનો, સરોવરો અને મંદિરોમાં ક્રીડાઓ કરીને બગીચાને સફલ કર. આ વખતે અવસર પામીને રુક્મિણીએ કૃષ્ણને કહ્યું: હે સ્વામી! તમે નોકરડીની જેમ પકડીને મને અહીં લઈ આવ્યા. હું શું થઈશ? અર્થાત્ હવે મારી કેવી સ્થિતિ થશે? શોકચોના હાસ્યને મારે સહન કરવું પડશે. કૃષ્ણે તેને સર્વ રાણીઓમાં મુખ્ય બનાવીશ એમ કહીને સંતોષ પમાડ્યો. પછી જેમ વસંત (ઋતુ) મોગરાની વેલડીને રમાડે તેમ કૃષ્ણે વિલાસરૂપી સમુદ્રને તરવા નૌકાસમાન રુક્મિણીને ગાંધર્વ વિવાહથી પરણીને રમાડી. કપટમાં કુશળ કૃષ્ણે ઉદ્યાનમાં લક્ષ્મીદેવીના મંદિરમાં રહેલી જુની મૂર્તિને ખસેડીને ત્યાં રુક્મિણીને રાખી, અને સૂચના કરી કે સત્યભામા આવે ત્યારે તારે લક્ષ્મીદેવીની જેમ નિમેષ રહિત રહેવું. આ પ્રમાણે રુક્મિણીને શિખામણ આપીને કૃષ્ણ સવારે ઘરે આવ્યા. અધિક ગુસ્સે થયેલી સત્યભામાએ પૂછ્યું: હે ધૂર્ત! સ્ત્રીને ક્યાં મૂકી! કૃષ્ણે સ્પષ્ટ કહ્યું: બહાર લક્ષ્મીદેવીના મંદિરમાં મૂકી છે. સંભ્રમ પામેલી સત્યભામા પણ શોકચોની સાથે જલદી ત્યાં ગઈ. લક્ષ્મીદેવીના મંદિરમાં રુક્મિણીને પ્રત્યક્ષ જોવા છતાં સત્યભામાએ આ લક્ષ્મીદેવી છે એમ માન્યું. તે બોલી: અહો! ચિત્રકારનું કૌશલ્ય આશ્ચર્ય પમાડે તેવું છે. પછી તેના ચરણોમાં મસ્તક મૂકીને વિનંતિ કરી કે, હે લક્ષ્મીદેવી! હું કૃષ્ણે નવી લાવેલી પત્નીના રૂપને જીતનારી બનું તેવી કૃપાળી મને બનાવ. મારી આ કામના પૂર્ણ થશે ત્યારે તારી પૂજા કરીશ. પછી આમ-તેમ જોઈને સત્યભામાએ કૃષ્ણને ફરી પૂછ્યું: હે ધૂર્ત! પત્ની ક્યાં છે? કૃષ્ણે કહ્યું: આગળ ચાલ, બતાવું. હવે રુક્મિણીએ કૃષ્ણની આગળ ઊભી રહીને પૂછ્યું: આમાં મારે કોણ નમવા લાયક છે? આથી કૃષ્ણે સત્યભામાને બતાવી. સત્યભામાએ કૃષ્ણને કહ્યું: તમે જ આને (રુક્મિણીને) કપટથી અતિશય ચતુરાઈ શિખવાડી છે. આ પણ નિર્લજ્જ છે કે જેથી એણે મને પોતાના ચરણોમાં નમાડી. કૃષ્ણે સ્મિત કરતાં કહ્યું: બહેનને વંદન કરવામાં શો દોષ છે? સંતોષ પામેલી આ જ તારા વાંછિતોને પૂરશે. વાયુથી હલાવાયેલા પત્રની જેમ ક્રોધથી ધ્રુજતા શરીરવાળી સત્યભામા કૂદીને ખેદરૂપી સમુદ્રમાં ડૂબી. પછી તે પોતાના નિવાસમાં ગઈ. આ પ્રમાણે કૃષ્ણે રુક્મિણીને સર્વ શોકચોથી અધિક સત્કાર કરવાપૂર્વક પટરાણી બનાવી. આ પ્રમાણે લોકોનો નાશ કરતા અને અતિશયક્લેશવાળા શોકચભાવને કરનારા પણ નારદ જે મોક્ષ પામે છે તે શીલનો વિલાસ=પ્રભાવ છે. [૧૨]

તપસ્વી પણ શીલરહિત હોય તો મોક્ષને પામતો નથી એ કહે છે:-

दायावि तवस्सीवि हु, विसुद्धभावोवि सीलपरिभट्ठो ।
न लहइ सिवसुहमसमं, ता पालह दुक्करं सीलं ॥१३॥

ગાથાર્થ:–દાતા હોય, તપસ્વી હોય, અને વિશુદ્ધભાવવાળો હોય એવો પણ જીવ જો શીલથી ભ્રષ્ટ હોય તો નિશ્ચયથી અસામાન્ય એવા મોક્ષસુખને પામતો નથી. તેથી દુષ્કર શીલનું પાલન કરો.

ટીકાર્થ:–દાતા = સદા દાનમાં તત્પર. તપસ્વી=છઠ્ઠ અને અઠ્ઠમ વગેરે દુષ્કર તપને કરવાના સ્વભાવવાળો. વિશુદ્ધભાવવાળો=નિર્મલ વિચારવાળો. અસામાન્ય=કેવલી પણ જેનું પૂર્ણ વર્ણન ન કરી શકે તેવું. શીલનો આવો પ્રભાવ હોવાથી હે ભવ્યો! જો તમે મોક્ષના અર્થી હો તો દુષ્કર શીલનું પાલન કરો. ઉદ્દેશ અને ઉપદેશમાં સંખ્યાની વિષમતા હોવા છતાં પ્રાકૃત ભાષા હોવાથી દોષ[1] નથી. [૧૩]

હવે ફરી બે ગાથાઓથી શીલપાલનની દુષ્કરતાને કહે છે:–

दीसंति अणेगे उग्गखग्गविसमंगणे महासमरे ।
भग्गेवि सयलसिन्ने, मंमीसादायिणो धीरा ॥१४॥
दीसंति सीहपोरिस–निम्महणादलियमयगलगणा य ।
मयणसरपसरसमये, सपोरिसा केवि विरला य ॥१५॥

ગાથાર્થ:–તીક્ષ્ણ તલવારોથી વિષમ આંગણાવાળા મહાયુદ્ધમાં સકલસૈન્ય ભગ્ન થવા છતાં ભય ન પામો એમ બોલનારા ધીરપુરુષો દેખાય છે. (૧૪) સિંહના બળનો નાશ કરનારા અને હાથીઓના સમૂહને ભેદી નાખનારાઓ પણ દેખાય છે. પણ કામદેવનું બાણ ફેલાય=વાગે ત્યારે કોઈક જ મર્દાનગીવાળા રહે છે. (૧૫)

ટીકાર્થ:–શત્રુના સુભટોએ પોતાના સૈન્યને જુદી જુદી દિશાઓમાં પલાયન કરી દેવા છતાં સાહસ કરીને ગભરાઓ નહિ, ભય ન પામો, એમ બીજાઓને હિંમત આપે અને પોતે પણ યુદ્ધમાં ટકી રહે એવા પણ ધીરપુરુષો સંસારમાં હોય છે. કારણકે આવા જ પુરુષો સુભટની મર્યાદામાં પ્રવેશ કરી શકે છે, અર્થાત્ આવા જ પુરુષો સુભટ બની શકે છે. કહ્યું છે કે–**"મહાસુભટોનું સૈન્ય ભગ્ન થવા છતાં જેઓ વૈરીઓના સમૂહને લાત મારવામાં તત્પર છે, તેમને માતા મસ્તકે ધારણ કરે છે. કારણ કે તેવા સુભટો જ પૃથ્વીને ધારણ કરે છે."** [૧૪]

સિંહના બળનો નાશ કરનારા અને હાથીઓને ખંડિત કરનારા પણ ધીરપુરુષો સંસારમાં દેખાય છે, પણ કામદેવનો ઉન્માદ જાગ્રત બને ત્યારે કોઈક જ મર્દાનગીવાળા રહે છે, અર્થાત્ કામરૂપી શત્રુનો પ્રહાર થાય ત્યારે તેનાથી બચવા માટે શીલરૂપી શસ્ત્રને ધારણ કરનારા વિરલા જ હોય છે. કહ્યું છે કે–**"દશ અવસ્થારૂપી દશ-મસ્તકવાળો અને દેવ–દાનવોથી દુર્જેય એવો કામદેવરૂપી રાવણ શીલરૂપી શસ્ત્રથી જ જીતી શકાય છે."** [૧૫]

---

૧. દાતા વગેરે ઉદ્દેશ એકવચનમાં છે, અને 'પાલન કરો' એ ઉપદેશ બહુવચનમાં છે.

સુભટો પણ સ્ત્રીથી જીતી શકાય છે એમ કહે છે :–

जे नामंति न सीसं, कस्सवि भुवणेवि ते महासुहडा ।
रागंधा गलियबला, रुलंति महिलाण चरणतले ॥१६॥

ગાથાર્થ:–જેઓ જગતમાં કોઇને પણ મસ્તક ન નમાવે તેવા મહા સુભટો પણ રાગાંધ અને બલહીન બનીને સ્ત્રીઓના ચરણતલમાં આળોટે છે.

ટીકાર્થ:–જેઓ સમસ્ત જગતમાં કોઇને પણ પોતાનું મસ્તક ન નમાવે તેવા રાવણ સમાન મહાબળવાળા પણ પુરુષો રાગાંધ બનીને અનુરાગના કારણે સ્ત્રીઓની આગળ 'હું તને વશ છું' એમ બોલવા લાગે છે અને કામવાસનાના કારણે જાણે બલ ક્ષીણ થઈ ગયું હોય તેવા બનીને સ્ત્રીઓના ચરણતલમાં આળોટે છે. [૧૬]

ઉપર્યુક્ત વિષયને જ વિશેષથી કહે છે :–

सक्कोवि नेय खंडइ, माहप्पमडप्फरं जए जेसिं ।
तेवि नरा नारीहिं, कराविया नियदासत्तं ॥१७॥

ગાથાર્થ:–ઇંદ્રો પણ જેમના ફેલાતા ગર્વવાળા માહાત્મ્યનું ખંડન કરી શકતા નથી તે પણ મનુષ્યો સ્ત્રીઓ વડે પોતાના દાસ કરાયા છે.

ટીકાર્થ:–બીજાની વાત દૂર રહી, ઇંદ્ર પણ જેમના અહંકારને દૂર કરવા સમર્થ નથી, અર્થાત્ જેઓ પોતાના બળના અહંકારથી ઇંદ્રને પણ ગણતા નથી, તેઓ પણ સ્ત્રીઓ વડે વિવિધ રીતે વિડંબના પમાડાયા છે. આ વિષે રિપુમર્દન રાજા અને ભુવનાનંદા રાણીનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે :–

રિપુમર્દન અને ભુવનાનંદા રાણીનું દૃષ્ટાંત

અહીં ભરતક્ષેત્રમાં સુખાવાસ નામનું નગર હતું. ત્યાં અતિશય ઊંચા મહેલોની ઉપર તારાઓ અક્ષતના (=ચોખાના) જેવા જણાતા હતા. તેમાં માનથી મહાન, અતિશયપ્રતાપના તાપથી યુક્ત અને મેરુપર્વતની જેમ રત્નોથી સમૃદ્ધ રિપુમર્દન નામનો રાજા હતો. તેનો ન્યાયનો સાગર એવો બુદ્ધિસાગર નામનો મંત્રી હતો. તેને પ્રેમરૂપી સંપૂર્ણધનવાળી રતિસુંદરી નામની પત્ની હતી. તે નગરમાં પૂર્વદિશામાં શ્રીઆદિનાથ-ભગવાનનું દેવવિમાન જેવું ઊંચું અને અત્યંત સુંદર મંદિર હતું. તેની આગળ અતિશય વિશાળ અને ઊંચું આમ્રવૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર મનુષ્યભાષામાં કુશળ એવું પોપટનું યુગલ હતું. એકવાર પુત્રનો જન્મ થતાં પોપટનું યુગલ હર્ષિત બન્યું. પૃથ્વીમાં રાજાથી પણ અધિક પોતાની સફલતાને ધારણ કરી, અર્થાત્ તે બંને અમે રાજાથી પણ અધિક પુણ્યવંત છીએ એમ માનવા લાગ્યા. એકવાર પતિ અન્ય પોપટીમાં આસક્ત છે એમ માનીને પોપટીએ પોપટને માળામાં પ્રવેશ ન આપ્યો અને કહ્યું : જ્યાં તારી પ્રિયા છે ત્યાં જા. અન્યમાં આસક્ત મનુષ્ય ઉપર પ્રેમ, પરાધીન સંપત્તિઓ અને સત્ય–અસત્ય વગેરેના

ભેદને નહિ જાણનારા મનુષ્યની સેવા આ ત્રણ મનુષ્યોનું ઝેર છે. પોપટે કહ્યું : હે ભદ્રા ! મારા અપરાધને ક્ષમા કર. ફરી તેવું નહિ કરું. પોપટે આ પ્રમાણે ઘણું કહ્યું છતાં પોપટીએ ન માન્યું. પોપટે કહ્યું : તો કુલનું કારણ મારા પુત્રને આપ, જેથી હું જ્યાં જવું હોય ત્યાં જતો રહું અને તું પણ તને સુખ ઉપજે તેમ રહે. પોપટીએ કહ્યું : એક તો જાતે અપરાધ કર્યો અને વળી પુત્રને માગે છે ! હે પોપટ ! તું અતિશય કુશળ છે. ખરેખર ! જગત રાજ વગરનું છે. આ પ્રમાણે વિવાદ કરતા તે બંનેને પુત્રની માલિકી કોની ? એ વિષે સંશય થયો. આથી રાજકુલમાં જઇને બંનેએ પોતાની વિગત કહી. રાજાએ વિચાર્યું : જેમ ખેતરમાં બીજ વાવીને ઉત્પન્ન થયેલું ફળ ખેતરનો માલિક મેળવે છે તે જ પ્રમાણે પુત્રરૂપ સંતાનને પિતાએ જ મેળવવું જોઇએ. આ પ્રમાણે વિચારીને રાજાએ પુત્ર પોપટને અપાવ્યો. પોપટીએ આ મર્યાદાને (=ન્યાયને) ચોપડામાં લખાવી. વૈરાગ્યયુક્ત પોપટીએ આમ્રવૃક્ષની નીચે બેઠેલા શ્રુતજ્ઞાનીને વંદન કરીને પોતાનું આયુષ્ય પૂછ્યું. જ્ઞાનીએ કહ્યું : હે પોપટી ! તેં મનુષ્ય આયુષ્ય બાંધ્યું છે. આજથી ત્રીજા દિવસે મંત્રીની પુત્રી બનીને રાજપત્ની બનીશ. કચારેક જોઇને (= વાંચીને) ઉપયોગથી જાતિસ્મરણજ્ઞાન થાય એમ વિચારીને તેણે સાધુએ કહેલા વૃત્તાંતને મંદિરની ભીંતમાં લખ્યો. પછી મુનિની પાસે જઇને વધતા શુભાશયવાળી તેણે વિધિથી અનશનનો સ્વીકાર કર્યો અને બરોબર પાલન કર્યું. શુભસ્વપ્નોથી સૂચિત અને શુભોદયવાળી તેણે મંત્રીની રતિસુંદરી પત્નીના કુક્ષિરૂપી કમલમાં લક્ષ્મીની જેમ નિવાસ કર્યો. સમય થતાં તેનો જન્મ થયો. રૂપસંપત્તિથી દેવાંગનાને જીતતી તે પુત્રીનું ભુવનાનંદા નામ રાખવામાં આવ્યું. સમય જતાં તે મોટી બની. પૂર્વપુણ્યના પરિપાકથી થોડા જ દિવસોમાં તેણે સરસ્વતીની જેમ કલાસમૂહમાં કુશળતાને ધારણ કરી. એકવાર ઉદ્યાનના આભૂષણ સમાન જિનમંદિરમાં અક્ષરશ્રેણિને જોઇને તેને જાતિસ્મરણજ્ઞાન થયું, અને એથી તુરત તેણે પોપટના ભવનું સ્મરણ કર્યું. આ જ જિનેશ્વરના પ્રભાવથી હું મંત્રીના ઘરમાં ઉત્પન્ન થઈ એમ વિચારીને તે સદા ભક્તિથી જિનપૂજા કરતી હતી. એકવાર રાજાએ મંત્રીના ઉત્તમ અશ્વથી અને પોતાની ઘોડીઓથી જન્મેલા અનેક કિશોર અશ્વોને મંત્રી પાસેથી મંગાવ્યા. ભુવનાનંદાએ તે અશ્વકિશોરોને આપવા ન દીધા. ન આપવાનું કારણ બતાવતાં તેણે કહ્યું : આ અશ્વો પિતાના ઘોડાથી ઉત્પન્ન થયેલા છે જેનું બીજ હોય તેની જ તે વસ્તુ થાય છે. જો રાજાને આમાં વિશ્વાસ ન આવતો હોય તો પોતાના ચોપડાને જુએ. કારણકે પોપટયુગલનો પુત્ર માટે વિવાદ થયો ત્યારે રાજાએ જાતે આ કાયદો ચોપડામાં લખ્યો છે. ચોપડામાં તે કાયદાને તે પ્રમાણે જ વાંચીને વિસ્મય પામેલા રાજાએ ભુવનાનંદા બાલપંડિતા છે એમ જાણ્યું.

કેટલાક દિવસો પસાર થયા બાદ રિપુમર્દન રાજા ભુવનાનંદાને પરણ્યો. પરણ્યા પછી રાજાએ (માત્ર દેખાવથી) ગુસ્સે થઇને ભુવનાનંદાને આદેશ કર્યો કે, હે પ્રિયા !

તું પંડિતા છે. આથી તને સર્વલક્ષણોથી યુક્ત પુત્ર ન થાય ત્યાં સુધી તારે મારા ઘરે ન આવવું. જરાક હસીને ભુવનાનંદાએ પણ કહ્યું: હે સ્વામી ! નક્કી પુત્ર થયા પછી જ આપના ઘરે આવીશ. વળી બીજું પણ આપ સાંભળો કે ત્યારે (=મને પુત્ર થશે ત્યારે) હું કચાંય પણ આપની પાસે મારા પગ [1]ધોવડાવીશ અને મારા પગની મોજડીઓ ઉપડાવીશ. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને ભુવનાનંદા પોતાના પિતાના ઘરે ગઈ. એકાંતમાં મંત્રીની આગળ વૃત્તાંત કહ્યો. મંત્રીએ કહ્યું: હે પુત્રી ! મુશ્કેલીથી બની શકે તેવી આ ઘટના કેવી રીતે બની શકશે ? ભુવનાનંદાએ કહ્યું: હે પિતાજી ! સારી રીતે યોજેલી બુદ્ધિથી અસાધ્ય શું છે ? નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે:-**"ધનુર્ધારી વડે છોડાયેલું બાણ એકને જ હણે, અથવા એકને પણ ન હણે, પણ બુદ્ધિમાનથી ઉપયોગ કરાયેલી બુદ્ધિ રાજાની સાથે આખા દેશને હણે છે."** મંત્રીએ કહ્યું: આ કાર્ય અતિશય ભાગ્યબળ સિવાય બુદ્ધિથી, દાનથી કે પુરુષાર્થથી શકય નથી. ભુવનાનંદાએ કહ્યું: આપે કહ્યું તેમ જ છે, એમાં કોઈ સંશય નથી. પ્રાણીઓને આ સંસારમાં બુદ્ધિ પણ ભાગ્યથી જ મળે છે. હે પિતાજી ! હવે આપ જલદી રાજાના આવાસની નજીકની ભૂમિમાં શ્રીઆદિનાથ ભગવાનનું મંદિર કરાવો. તેમાં સુંદર સ્ત્રીઓ ત્રિકાલ વાજિંત્રની સાથે ગીતો ગાઈને મનોહર સંગીત કરે તેવું પણ કરો. જેમાં (માત્ર) સ્ત્રીઓ રહે તેવું મારું ઘર પણ (મંદિરની બાજુમાં) બનાવો. મંત્રણાના મહાસાગર મંત્રીએ ભુવનાનંદાએ કહેલું કરાવ્યું. મંદિરમાં વાજિંત્રો વાગવા લાગ્યા, ગીતો ગવાવા લાગ્યા. અતિશય શણગાર સજીને ભુવનાનંદા જાતે નૃત્ય કરવા લાગી. મારું સાચું નામ સાંભળીને કદાચ રાજા મને યાદ કરે એમ વિચારીને મંત્રીપુત્રીએ પોતાનું 'લીલાવતી' એવું બીજું નામ રાખ્યું. એકવાર મધુરપંચમસ્વરથી ગવાતા આદિનાથભગવાનનાં ગીતો (=સ્તવનો) મહેલની અગાસી ઉપર ચઢેલા રાજાએ સાંભળ્યાં. સામાન્ય રાજપુત્રનો વેશ ધારણ કરીને રાજાએ મંદિરમાં પશ્ચિમ તરફના દ્વારથી આવીને નાટક જોયું. રાજા નૃત્ય કરતી લીલાવતીના નેત્રબાણથી એવો હણાયો કે જેથી તે સ્થાનથી ઉઠવાનું પણ ભૂલી ગયો. સંગીત પૂર્ણ થયા પછી લીલાવતી પાલખીમાં બેસીને પોતાના ઘરે ગઈ એટલે રાજા પણ તેના ઘરે ગયો અને તેના ઘરે જ ક્ષણવારની જેમ રાત્રિ પસાર કરી. રાજા આ પ્રમાણે દરરોજ મંદિરમાં નાટક જોતો હતો અને રાત લીલાવતીના ઘરે જ વીતાવતો હતો. રાજા ત્યાં જે જે ચેષ્ટા કરતો હતો તે બધું લીલાવતી તેના પિતાને જણાવતી હતી, અને તેનો પિતા તે બધું ચોપડામાં લખતો હતો. એકવાર મોજડીઓ વિના પાલખીમાં બેસીને તેણે રાજાને કહ્યું: મોજડીઓને ઉપાડનારી કોઈ સ્ત્રી નથી, માટે તમે આ મોજડીઓને હર્ષથી ઘરે લઈ આવો. રાજા પણ મોજડીઓને મસ્તકે મૂકીને ઘરના

---

૧. અહીં ધોવડાવીશ એમ જણાવ્યું છે, પણ આગળ પગ દબાવવાનું જણાવ્યું છે, પગ દબાવવાની વાત બરોબર જણાય છે.

આંગણામાં લાવ્યો. પૂર્વ મુજબ જ નર્તકીએ રાતે તેને સુવાડ્યો. એકવાર તેણે રાજાને કહ્યું: હે સ્વામી ! મારા પગ બહુ દુઃખે છે. તમે મારી સખીને ઉઠાડો, જેથી તે ક્ષણવાર મારા પગ દબાવે. ત્રીજી વ્યક્તિના આગમનને સહન નહિ કરનારા રાજાએ જાતે તેની એવી પગચંપી કરી કે જેથી તે સુખપૂર્વક ઊંઘી ગઈ. સ્વપ્નમાં તેણે પોતાના મુખમાં પ્રવેશતા સંપૂર્ણ ચંદ્રને જોયો. પછી જાગેલી તેણે જોયું તો રાજા હજી પગ દબાવતો હતો. પગ દબાવવાનું બંધ કરાવીને તે સહસા ઊઠી. પછી તેણે રાજાની આગળ સ્વપ્નની વાત કરી. રાજાએ કહ્યું: હે ભદ્રા ! તને સર્વોત્તમ પુત્ર થશે. તેટલામાં રાત્રિની સમાપ્તિને સૂચવતો શંખ વાગ્યો. રાજા જલદી ઊઠીને પોતાના મહેલમાં ગયો. લીલાવતીએ ધર્મધ્યાન કરતાં કરતાં રાત્રિ પસાર કરી. સવારે સૂર્યોદય થતાં તે પિતાના ઘરે આવી. પિતાને રાત્રિનો વૃત્તાંત કહ્યો. પોતાના ઘરનું બારણું બંધ કરી દીધું. એકાંતમાં રહીને ગર્ભનું સુખપૂર્વક પાલન કરવા લાગી.

બીજા દિવસે રાજાએ લીલાવતીની પાડોશણ બહેનને પૂછ્યું: લીલાવતી ક્યાં ગઈ? તેણે કહ્યું: હું જાણતી નથી. તેના વિના રાજા અત્યંત દુઃખી થઇ ગયો. રાજાએ કષ્ટથી રાત્રિ પસાર કરી. સવારે રાજાએ મંત્રીને પૂછ્યું: હે મંત્રી ! તમારા દેવમંદિરની બાજુમાં લીલાવતી નામની જે નર્તકી રહેતી હતી તે ક્યાં ગઇ તે જણાવો. મંત્રીએ કહ્યું: હે દેવ ! તે ખરાબ આચરણ કરનારી હતી તેથી મેં તેને મંદિરમાંથી કાઢી મૂકી છે. આથી તે કોઇકના ઘરે જઇને રાત પસાર કરે છે. તેથી તેના સ્થાને બીજી કોઈ નર્તકી હોય તો શોધવી. આ પ્રમાણે સાંભળીને રાજા મૌન બન્યો અને આકારને છુપાવીને રહ્યો, અર્થાત્ પોતાના અંતરના ભાવોને બહાર જણાવા ન દીધા. સમય થતાં મંત્રીપુત્રીએ સર્વ અંગોમાં શુભ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. ક્રમે કરીને મંત્રીએ તેને ગુપ્ત રીતે સર્વ કલાઓનો અભ્યાસ કરાવ્યો. એકવાર મંત્રી પુત્રસહિત પુત્રીને સભામાં લઈ ગયો. રાજાએ તેને પૂછ્યું: વસ્ત્રથી મુખ ઢાંકનારી આ કોણ છે ? મંત્રીએ કહ્યું: હે નાથ ! તે જ આ મારી પુત્રી અને તમારી પ્રિયા ભુવનાનંદા છે, આ તમારો પુત્ર અને મારો દોહિત્ર છે, એમ ધ્યાનમાં લો. (આ સાંભળીને ગુસ્સાના કારણે) કંપિત હોઠવાળો રાજા જેટલામાં કંઈક બોલે તેટલામાં મંત્રીએ તેના હાથમાં પોતાનો ચોપડો આપ્યો. મંત્રીપુત્રીની સાથે એકાંતમાં પણ જે કરાયું હતું અને જે બોલાયું હતું તે બધું જ લખેલું જોઇને રાજા આશ્ચર્ય પામ્યો. પ્રિયા તરફ શરમ અને સ્નેહરસથી મિશ્રિત થયેલી દૃષ્ટિને નાખતા રાજાએ પોતાના વર્તનને વારંવાર યાદ કરીને લાંબા કાળ સુધી માથું ધૂણાવ્યું. પછી પુત્રને સર્વ અંગે આલિંગન કરીને પોતાના ખોળામાં બેસાડીને રાજા બોલ્યો: હે પુત્ર ! આ રાજ્ય તારું છે અને બધી લક્ષ્મી તારી છે. અરે ! મહાસતી તારી માતાએ પુત્રના જન્મથી અને પ્રતિજ્ઞાને પૂરી કરવાથી મને સહેલાઇથી જીતી લીધો છે અને

આનંદિત પણ કર્યો છે. સ્ત્રીવડે સહેલાઈથી [૧]જિતાયેલા એવા મારા ધૈર્યને, બળને, પરાક્રમને અને યશને પણ ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ. મંત્રીએ કહ્યું: ખેદ ન કરો. કારણ કે આ પ્રતાપ આપનો જ છે. અરુણ (=સૂર્યોદય પહેલાં થતો લાલ પ્રકાશ) અંધકારનો જે નાશ કરે છે તે સૂર્યનો પ્રભાવ છે. હવે રાજાએ વૈરાગ્ય પામીને રાજ્ય પુત્રને આપ્યું અને પોતે દીક્ષા લઈને આત્મકલ્યાણ સાધ્યું. આવા પ્રતાપી પણ રિપુમર્દન રાજાને પત્નીએ દાસ બનાવ્યો તો બીજાઓની શી ગણતરી ? [૧૭]

સ્ત્રીની આધીનતાને જ વિશેષપણે કહે છે:-

मरणेवि दीणवयणं, माणधणा जे नरा न जंपंति ।
तेवि हु कुणंति लल्लिं, बालाण य नेहगहगहिला ॥ १८ ॥

ગાથાર્થ:-માનને જ ધન માનનારા જે ઉત્તમ મનુષ્યો પ્રાણાંતે પણ દીનવચન બોલતા નથી તે માની મનુષ્યો પણ સ્નેહના કારણે કદાગ્રહથી દબાઈને અવશ્ય સ્ત્રીઓની આગળ ગરીબની જેમ પ્રાર્થનાવચનો અને ખુશામત ભરેલા વચનો બોલે છે.

ટીકાર્થ:-માનને જ ધન માને તેવા પુરુષો જ ઉત્તમ છે. કહ્યું છે કે-**"અધમ પુરુષો ધનને ઇચ્છે છે, મધ્યમ પુરુષો ધન અને માનને ઇચ્છે છે, ઉત્તમ પુરુષો માનને ઇચ્છે છે, મોટાઓનું માન એ જ ધર્મ છે."** અહીં વિજયપાલ રાજા અને લક્ષ્મીરાણીનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે:-

વિજયપાલ રાજા-લક્ષ્મીરાણીનું દૃષ્ટાંત

પુરિમતાલ નામનું નગર હતું. તેમાં મહેલની અગાસીઓ ઉપર ચઢેલી સ્ત્રીઓના મુખોથી અકાળે ચંદ્રની ભ્રાન્તિ થતી હતી. તેમાં માનવંત મનુષ્યોમાં શિરોમણિ વિજયપાલ નામનો રાજા હતો. તેની વધતા વિલાસોના અભિમાનવાળી રંભા નામની રાણી હતી. એકવાર હાથી ઉપર બેસીને રાજવાટિકાએ જતા રાજાએ જાણે બીજી લક્ષ્મીદેવી હોય તેવી લક્ષ્મી નામની શ્રેષ્ઠિપુત્રીને જોઈ. રાજા તેના નેત્રરૂપ જાળથી તેના પ્રત્યે આકર્ષાયો. રાજવાટિકાએથી પાછા ફરીને મહેલમાં આવ્યો. પછી તેના પિતાની પાસે માગણી કરીને રાજા લક્ષ્મીને પરણ્યો. રાજાનું ચિત્ત લક્ષ્મીમાં હતું. આથી તે રાત-દિવસ અંતઃપુરને છોડતો ન હતો=અંતઃપુરમાં જ રહેતો હતો, અને લક્ષ્મીની સાથે જ વિલાસ કરતો હતો.

રાજ્યની વ્યવસ્થા કરવાનું તેણે છોડી દીધું. લક્ષ્મીની સાથે ભોગવાતા ભોગોથી નચાવાયેલો તે કીડાની જેમ આત્માને ભૂલી ગયો અને વિવેકરહિત બની ગયો. તેણે આ પ્રમાણે કેટલોક કાળ પસાર કર્યો. એકવાર મંત્રીએ કહ્યું : હે સ્વામી ! રાગને આધીન બનેલો સામાન્ય માણસ પણ લઘુતાને પામે છે તો રાજા કેમ ન પામે ? ક્રમથી જ

---

૧. વાક્યરચના ક્લિષ્ટ ન બને એ માટે **प्रत्युत** શબ્દનો અર્થ અનુવાદમાં લીધો નથી.

સેવાતા ધર્મ, કામ અને અર્થના વિસ્તારો વાંછિત ભોગોને આપે છે, અન્યથા તે નિષ્ફલ બને છે. રાગરૂપી ઘણા વિષથી અંધ બનેલા ગુણવાનોના ગુણો નાશ પામે છે. ગુરુઓના ઉપદેશો તેમના કાનમાં પ્રવેશતા નથી. હે રાજેંદ્ર! આપના શત્રુઓ ઉદ્યમવાળા થાય છે. તેથી હે પ્રભુ! આસક્તિને છોડો અને હવેથી રાજ્યની ચિંતા કરો. રાજાએ કહ્યું: હે મંત્રી! સાંભળો, તમે અજ્ઞાન છો એથી આ પ્રમાણે કહો છો. ઊંડા ખાતો નિદ્રાળુ માણસ શું તળાઇની (=ગાદલાની) રાહ જુએ છે? પાણીની તૃષાવાળો પાણી મેળવીને શું અમૃત માટે રાહ જુએ છે? એ પ્રમાણે સ્ત્રીમાં આસક્ત થયેલ મનુષ્ય શું અન્ય કાર્યમાં અનુરાગવાળો થાય? જ્યાં સુધી આ સ્ત્રી મારી આંખ સામે છે=જીવે છે ત્યાં સુધી તમારે મારો જીવ જાણવો. મારે રાજ્યચિંતાનું પ્રયોજન નથી. આ પ્રમાણે રાજાને રાજ્યચિંતાથી વિમુખ જાણીને મંત્રી વગેરે ભેગા થઇને જેટલામાં કંઈક પરસ્પર મંત્રણા કરતા હતા તેટલામાં સવારના સમયે લક્ષ્મીરાણીને ઉલટી થઈ. તેથી રાજાએ જલદી ચિકિત્સકોને બોલાવ્યા. ચિકિત્સકો ઉપાયોથી ઘણી ચિકિત્સા કરી રહ્યા હતા તેટલામાં સૂર્યોદય થતાં તે ઓચિંતી મરણ પામી. રાજાનું શરીર તત્કાલ વધતી મૂર્છાથી વિહ્વલ બનીને પૃથ્વીતલ ઉપર પડ્યું અને કાષ્ઠની જેમ નિશ્ચેતન બની ગયું. ચંદનના પાણીનું તેના ઉપર સિંચન કરવામાં આવ્યું અને પંખાઓથી હવા નાખવામાં આવી. આનાથી તે ચૈતન્યને પામ્યો અને ઉન્મત્ત બાળકની જેમ રડવા માંડ્યો. હે પ્રિયા! તું ક્યાં ગઈ છે? મને યોગ્ય ઉત્તર આપ. આવા હાસ્યને લાંબો કાળ સહન કરવા હું સમર્થ નથી. આ પ્રમાણે વિલાપ કરતા અને તેના પડખાને નહિ છોડતા તેને કોઇએ કહ્યું: આ મરી જ ગયેલી છે. આથી એનો અગ્નિ સંસ્કાર કરો. ગુસ્સે થયેલા રાજાએ કહ્યું: આ કયો દુષ્ટ કટુ શબ્દોથી ટાંકણીની જેમ મારા કર્ણોને છોલે છે? રે રે! પાપી! પોતાના પુત્ર વગેરે લોકનો અગ્નિસંસ્કાર કરો. આ મારી પ્રાણપ્રિયા તો સો વર્ષ સુધી જીવશે. આથી જે અમંગલ વચન બોલશે તે મારો શત્રુ છે. આ પ્રમાણે બોલતા પણ રાજાની ઉપેક્ષા કરીને તેનો અગ્નિસંસ્કાર કર્યો. લક્ષ્મી રાણીમાં જ ચિત્તવાળો અને હવે વિશેષ કરીને તેને નહિ જોતો રાજા ઇંદ્રિયોના સંચારને રોકનાર યોગાત્મા જેવો થયો. રાજાએ જ્યાં સુધી પ્રાણપ્રિયાની વિશેષ શુદ્ધિ (=ક્યાં છે એવી વિશેષ માહિતી) નહિ મેળવું ત્યાં સુધી ભોજન નહિ કરું એવી પ્રતિજ્ઞા કરી. રાજાએ ભોજનનો ત્યાગ કર્યો તેને દશ દિવસ થઈ ગયા.

(રાજાને કોઈ પણ રીતે ભોજન કરાવવું જોઈએ એવા આશયથી) મંત્રીઓએ કોઈક પુરુષને શિખવાડીને રાજાની પાસે મોકલ્યો. તેણે રાજાને કહ્યું: હે દેવ! આજે હું આપને વધામણી આપું છું કે ભાગ્યથી પ્રિયાની શુદ્ધિ (=ક્યાં છે એવી માહિતી) મળી છે. રાજાએ હર્ષમાં આવીને પૂછ્યું: ક્યાં છે? પુરુષે દેવભાષામાં કહ્યું: હે દેવ!

મદવાળા હાથીના જેવી ચાલવાળી આપની પ્રિયા ઇંદ્રિસભાની મધ્યમાં બેઠેલી છે અને મનોવાંછિત સુખોથી સંતોષને ધારણ કરે છે. પણ આપનાં દર્શન વિના બેદ પામે છે. તેણે આપને કહ્યું છે કે આપને પણ ત્યાં મનુષ્યલોકમાં રહેવું યોગ્ય નથી. કારણ કે મનુષ્યલોક આધિ, વ્યાધિ, દુર્ગન્ધ અને પીડાઓથી દુઃખદ (=દુઃખ દેનાર) છે. સ્વર્ગ સર્વ ઇંદ્રિયોની પ્રીતિ અને પુષ્ટિ કરનારા ભોગોથી દેદીપ્યમાન છે. એથી હે નાથ! જો આપને મારી જરૂર હોય તો જલદી અહીં આવો. જો નંદનવન સ્વાધીન હોય તો કયો વિદ્વાન પુરુષ મરુભૂમિમાં ક્રીડા કરે. આથી રાજાએ કહ્યું : હે મંત્રિજનો! મને જલદી સ્વર્ગનો માર્ગ બતાવો, જેથી હું ત્યાં જઈને પ્રિયાના મુખકમલને જોઉં. પેલા પુરુષે કહ્યું: હે દેવ! જ્યાં સુધીમાં હું સ્વર્ગમાં આપના આગમનને કહીને આવું ત્યાં સુધી આપ ભોજન કરો, સ્નાન કરો, પાણી પીઓ, રાજ્ય, દેશ અને રાજભંડાર વગેરેને સંભાળો અને પુણ્યને સાધો. પુરુષના આવા વચનથી રાજાએ ભોજન વગેરે કર્યું. કારણ કે "બુદ્ધિહીન કે બુદ્ધિશાળી, રંક કે રાજા અસત્યને પણ રાગથી સત્ય જાણે છે." લાંબા કાળે ફરી આવીને તે પુરુષ રાજાની પાસે આવ્યો. તેણે આ કલ્પવૃક્ષનાં ફળો દેવીએ મોકલ્યા છે એમ કહીને રાજાની આગળ અપૂર્વ મોટાં અને મનોહર ફળો ભેટ ધર્યાં. પછી તેણે દેવીએ આભૂષણો મંગાવ્યા છે એમ કહીને રાજા પાસે શરીરનાં સર્વ આભૂષણો માગ્યા. મંત્રીઓએ જલદી રાજાના દેખતા આભૂષણો તેને આપી દીધા. પછી તે પુરુષને કેટલાક દિવસો સુધી ગુપ્ત રાખ્યો. તે પુરુષ થોડા થોડા દિવસે આ પ્રમાણે વારંવાર રાજાની પાસે આવે છે અને જાય છે.

એકવાર કોઈ ધૂર્ત પુરુષે આ વૃત્તાંત જાણ્યો. તેણે ભોજપત્રના જેવું ચીકણું સુવર્ણપત્ર બનાવ્યું. તેમાં અક્ષરો કોતરીને એ અક્ષરોને કસ્તૂરીરસથી ભરી દીધા. પછી તેને પત્રની (=કાગળની) જેમ વીંટીને રાજાના હાથમાં અર્પણ કર્યું. તેણે રાજાને કહ્યું : હે દેવ! હું પત્રવાહક છું. દેવીએ મને સ્વર્ગથી મોકલ્યો છે. આ પ્રમાણે સાંભળીને તેના શરીરે રૂંવાટાં ખડાં થઈ ગયાં. પત્રને ખોલીને આ દેવસામગ્રી ધન્ય છે એ પ્રમાણે પ્રશંસા કરતા તેણે પત્ર વાંચ્યો. (તેમાં આ પ્રમાણે લખ્યું હતું–) "સ્વસ્તિ શ્રી પુરિમતાલનગરે, ઇંદ્ર જેવા પ્રતાપી શ્રી વિજયપાલ રાજાના ચરણ કમળોમાં પ્રેમથી નમીને, સ્વર્ગથી આતુર લક્ષ્મી રાણી ઉત્કંઠાપૂર્વક જણાવે છે કે, અહીં મને કુશલ છે. આપ મારા હૃદયમાં વસેલા છો એથી હું અતિશય ભારવાળી છું. હું ત્યાં (=મનુષ્યલોકમાં) આવવા અતિશય ઉત્કંઠાવાળી હોવા છતાં અતિભારના કારણે આવવા સમર્થ નથી. માટે આપે પ્રસન્ન થઈને પોતાના સર્વ અંગોનાં આભૂષણો મોકલવા, જેથી હું દેવીઓમાં પતિના ઘણા માનને ધારણ કરું, અર્થાત્ પતિને આના ઉપર ઘણું માન છે એમ દેવીઓને થાય. વળી– એક પખવાડિયામાં કે એક મહિનામાં સારાં વસ્ત્રો અને આભૂષણો વગેરે બીજું પણ આ જ વૃદ્ધના હાથે પોતાના કલ્યાણના સમાચાર જણાવવા સાથે મોકલવું." રાજાએ

મંત્રીઓને કહ્યું : મારાં આભૂષણો, વસ્ત્રો અને સુગંધી વિલેપન વગેરે આના હાથમાં આપો. કારણ કે- **પ્રિયસ્વજનના સમાચાર આપનાર લાખ મૂલ્ય મેળવે છે, લેખ લઈ જનાર કરોડ મૂલ્ય મેળવે છે, પ્રિયસ્વજનના દર્શનનું સો કોડ જેટલું મૂલ્ય છે, અને મિલનનું તો કોઈ મૂલ્ય જ નથી.** રાજા અવિચારી હોવાથી ગમે તેને ગમે તે આપી દેશે અને એથી રાજ્ય વિનાશ પામશે એમ જાણીને મંત્રીઓએ મંત્રણા કરી. પછી મંત્રીઓએ આદરપૂર્વક રાજાને પૂછ્યું: આ પત્રવાહક સ્વર્ગમાં કેવી રીતે જશે ? રાજાએ જવાબ આપ્યોઃ જેવી રીતે આવ્યો તેવી રીતે જશે. મંત્રીઓ બોલ્યાઃ હે સ્વામી તે દેવીની કૃપાથી અહીં આવ્યો છે, પણ જશે કેવી રીતે ? આ સાંભળીને રાજાએ પૂછ્યું: પૂર્વે આવેલો પુરુષ સ્વર્ગમાં કેવી રીતે ગયો ? મંત્રીઓએ કહ્યું: તે અગ્નિમાં બળીને સ્વર્ગમાં ગયો. રાજાએ આજ્ઞા કરી કે આ પણ એ રીતે સ્વર્ગમાં જાય. આથી ભડકે બળતા અગ્નિમાં નાખવા માટે તેને લઈ જવા લાગ્યા. આ જોઈને પદ્મ નામના શેઠે રાજાને કહ્યું: હે દેવ ! આ વૃદ્ધ છે, એના અંગો વૃદ્ધાવસ્થાથી શિથિલ થઈ ગયા છે, આથી તે સ્વર્ગમાં જવા સમર્થ નથી, આથી કોઈ યુવાન માણસને મોકલવો જોઈએ. મંત્રીઓએ કહ્યું : હે સ્વામી ! આ શેઠ સારો જવાબ આપી શકે છે, વાચાળ છે અને શીઘ્ર જઈ શકે તેવો છે, માટે દેવીની પાસે તેને જ મોકલો. રાજાએ તે પ્રમાણે જ સ્વીકાર્યું. આથી કસાઈઓ પશુને લઈ જાય તેમ મંત્રીઓ તેને બાંધીને લઈ જવા લાગ્યા. શેઠના સંબંધીઓએ મંત્રીઓને પૂછ્યું : આણે શો દોષ કર્યો છે ? મંત્રીઓએ કહ્યું : આનો મુખદોષ (=મુખથી નકામું બોલવારૂપ દોષ) સિવાય બીજો કોઈ દોષ નથી. પછી તેના સ્વજનોએ ભક્તિથી મંત્રીવર્ગને આમંત્રણ આપીને તેને છોડાવ્યો. પેલા ધૂતારાને પણ દયાથી મંત્રીઓએ છોડી દીધો.

ફરી એકવાર રાજાએ વૃદ્ધમંત્રીઓને કહ્યું : તમે દેવીને સ્વર્ગમાંથી અહીં તેડાવો. તેના વિના હું દુઃખી થાઉ છું. મંત્રીઓએ આ વિષે વિચાર કર્યો. પછી નવીન યૌવનવાળી, ઉત્તમ અને વિચક્ષણ એવી લક્ષ્મી નામની સ્ત્રીને રાજાના અલંકારો પહેરાવીને અને બધું સમજાવીને નગરની બહાર ઉદ્યાનમાં રાખી. પછી મંત્રીઓએ રાજાને કહ્યું કે, દેવીને લઈ આવવા માટે સ્વર્ગમાં માણસને મોકલ્યો છે. બીજા દિવસે સવારે તે પુરુષે રાજાને કહ્યું : હે દેવ ! હું આપને વધામણી આપું છું કે ભાગ્યથી દેવી ઉદ્યાનમાં આવી ગયા છે. (હર્ષમાં આવીને) રાજાએ સર્વ અંગોમાં પહેરેલાં પોતાનાં આભૂષણો વગેરે તેને આપ્યું. પછી રાજા ઘણી સામગ્રીથી (=ઘણા આડંબરથી) ઉદ્યાનમાં આવ્યો. આદરથી દેવીને જોઈને રાજા હર્ષ પામ્યો. રાજાએ ઉત્તમ મંત્રીઓને કહ્યું : મહાદેવીએ પોતાની રૂપ-સંપત્તિથી પોતાના સ્વર્ગવાસની ખાતરી કરાવી છે. તે પૂર્વે શ્યામ હતી, કાન નાના હતા, હોઠ લાંબા હતા, નાસિકા વાંકી હતી,- હમણાં તે ઉત્તમ અંગો અને ઉપાંગોથી દેદીપ્યમાન બની છે. આમાં સંશય શો છે ? કારણ કે સ્વર્ગનું ભોજન અમૃતરસ છે.

મંત્રીઓએ કહ્યું : દેવોના સર્વ ભાવો શ્રેષ્ઠ હોય છે. વળી– આપના આગ્રહથી તુષ્ટ થયેલા ઇંદ્રે આ દેવીને સર્વ અંગોમાં સુંદર બનાવીને આપની પાસે મોકલી છે. આનંદથી અત્યંત પૂર્ણ બનેલા રાજાએ દેવીને પોતાના હાથીના સ્કંધ ઉપર બેસાડીને જલદી પોતાના અંતઃપુરમાં લઈ ગયો. અતિશય વધતા રાગથી તેની સાથે રાત–દિવસ ભોગસુખોને અનુભવતો રાજા તેને સ્વર્ગની વાતો પૂછતો હતો અને સારી રીતે સમજાવાયેલી તે પણ સ્વર્ગની વાતો કહેતી હતી. આ પ્રમાણે માનરૂપધનવાળા જે મહાન મનુષ્યો પૃથ્વીને તૃણસમાન ગણે છે તે પણ પ્રબળ કામવાસનાના કારણે બીજાને આધીન નહિ બનનારી સ્ત્રીની સેંકડો ખુશામતો કરે છે. આ પ્રમાણે સ્નેહના કારણે કદાગ્રહમાં વિજયપાલ રાજાનું દૃષ્ટાંત પૂર્ણ થયું. [૧૮]

પંડિતો પણ સ્ત્રીને આધીન બની જાય છે એમ કહે છે :–

जे सयलसत्थजलनिहि–मंदरसेला सुएण गारविया ।
बालालल्लुरवयणेहिं, तेवि जायंति हयहिययया ॥ १९ ॥

ગાથાર્થ :– જેઓ સર્વશાસ્ત્રરૂપી સમુદ્રમાં સુમેરુ પર્વત જેવા છે, અને શ્રુતથી ગર્વિષ્ઠ બનેલા છે તેવા વિદ્વાનો પણ સ્ત્રીઓના વિલાસવાળા વચનોથી સારા આશયથી રહિત બની જાય છે.

ટીકાર્થ–જેમ સુમેરુ પર્વત સમુદ્રને અવગાહીને (=સમુદ્રની અંદર પ્રવેશીને) રહ્યો છે, તેમ જેમણે સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે અને એથી સર્વ શાસ્ત્રોમાં પ્રવેશ કરીને રહેલા હોવાથી સર્વશાસ્ત્રોરૂપી સમુદ્રમાં સુમેરુપર્વત સમાન છે. તથા બીજાઓમાં ન હોય તેવું શ્રુતરહસ્યનું જ્ઞાન પોતાનામાં હોવાથી ગર્વિષ્ઠ બની ગયા છે, તેવા વિદ્વાનો પણ સ્ત્રીઓના વિલાસ ભરેલા વચનોથી સારા આશયથી રહિત બની જાય છે, અર્થાત્ ત્યાંજ રાગરૂપી સાગરમાં ડૂબી જાય છે. કહ્યું છે કે–" **વિદ્વાનોનો પણ આ નિર્મલ વિવેકરૂપી દીપક ત્યાં સુધી જ પ્રજ્વલિત રહે છે કે જ્યાં સુધી મૃગ જેવા ચક્ષુવાળી સ્ત્રીથી ચપળ આંખોરૂપી વસ્ત્રના છેડાઓથી તાડન કરાતો નથી.** " [૧૯]

ફરી પણ લૌકિક દેવોની જ સ્ત્રીથી થયેલી વિડંબનાને કહે છે :–

हरिहरचउराणणचंद–सूरखंदाइणोवि जे देवा ।
नारीण किंकरत्तं, करंति धिद्धी विसयतण्हा ॥२०॥

ગાથાર્થ :–કૃષ્ણ, મહાદેવ, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને ગણપતિ વગેરે જે દેવો છે તેઓ પણ સ્ત્રીઓનું દાસપણું કરે છે=સ્વીકારે છે. આથી વિષયતૃષ્ણાને (=ઇંદ્રિયોની વિષયોમાં લોલુપતાને) ધિક્કાર હો.

ટીકાર્થ:-લૌકિકમતમાં "આ દેવોને સ્ત્રીઓએ નવા નવા પ્રકારોથી નચાવ્યા છે. તેમાં કૃષ્ણની તો સ્ત્રીપરતંત્રતા રુક્મિણીની સાથે લગ્ન કરવાના પ્રસંગે સ્પષ્ટ કરી જ છે. આથી અહીં ફરી કહેતા નથી. ગોપીઓની સાથે ક્રીડા કરવાની આસક્તિથી તે તે વિડંબનાના પ્રકારો લોકમાં પ્રસિદ્ધ હોવાથી અનેક રીતે જાણવા. જેમકે-" **કૃષ્ણને એકીટસે જોતી અને દહીંની ખાલી ગોળીમાં રવૈયાને નાખતી રાધા જગતનું રક્ષણ કરો. જેના ચપલ ચક્ષુરૂપી ભ્રમર રાધાના સ્તનરૂપ પુષ્પગુચ્છ ઉપર ફરે છે, તે કૃષ્ણે પણ દોહવાની બુદ્ધિથી બળદને બાંધ્યો.**"

(મહાદેવની વિગતઃ-) મહાદેવ પાર્વતીના વિરહને સહન નહિ કરી શકવાના કારણે અર્ધનારી મહાદેવનું (=અર્ધા અંગમાં નારીનું અને અર્ધા અંગમાં મહાદેવનું) સ્વરૂપ ધારણ કરનારા બન્યા. આથી તેમનું સ્ત્રીદાસપણું સ્પષ્ટ જ છે. કહ્યું છે કે- "**આ માતા છે? ના, આ માતા નથી. કારણ કે એના મુખની આગળ પીળા દાઢીના વાળ હોતા નથી.** (આ મૂર્તિમાં તો મુખની આગળ પીળા દાઢીના વાળ છે.) **તો શું આ પિતા છે? ના, આ પિતા નથી જ. કારણ કે પિતાનું સ્તનથી ભારે બનેલું હૃદય ક્યારેય જોયું નથી. તો પછી આ કઇ સ્ત્રી છે? અથવા આ કયો પુરુષ છે? આ શું છે અને કેવી રીતે છે? આ પ્રમાણે ભય પામીને ગણપતિ (=મહાદેવ અને પાર્વતીનો પુત્ર) દૂર ગયો એટલે પાર્વતીની સાથે હાસ્યપૂર્વક એકાંતમાં ક્રીડા કરનારા મહાદેવ રક્ષણ કરો.**" મહાદેવનું આવું ચરિત્ર કેટલું કહેવાય?

બ્રહ્માનો વૃત્તાંત આ પ્રમાણે છે:-બ્રહ્મા પૂર્વે કયારેક જંગલમાં ગયા. ત્યાં સાડા ત્રણ કરોડ વર્ષ સુધી દુઃસહ તપ કર્યો. તે જાણીને ઇંદ્ર પોતાના ચિત્તમાં ક્ષોભ પામ્યો. જો આ ક્રોધ કરે તો મને પણ (સ્વસ્થાનથી) ભ્રષ્ટ કરે. આ ચિંતાના કારણે ઇંદ્ર મેરુ પર્વત ઉપર ક્રીડા કરતો નથી, નંદનવનમાં પણ આનંદ પામતો નથી, નાટકની પ્રશંસા કરતો નથી, પ્રિયાઓને પણ ખુશ કરતો નથી. આ પ્રમાણે ઈંદ્રને શૂન્ય ચિત્તવાળો જોઈને રંભા વગેરે દેવાંગનાઓએ અંજલિ જોડીને કહ્યું: હે દેવરાજ! બધી સંપત્તિ સ્વાધીન હોવા છતાં શું આપને પણ કંઈક દુઃસાધ્ય છે? જેથી આપ ખિન્ન દેખાઓ છો. ઇન્દ્રે કહ્યું: સ્વભાવથી ચંચળ અભિપ્રાયવાળી સ્ત્રી જો કે મંત્રણાને યોગ્ય નથી, તો પણ હિતકારીને દુઃખ જણાવીને સુખ મેળવી શકાય છે. કહ્યું છે કે-" **ભેદ ભાવથી રહિત ચિત્તવાળા મિત્રને, ગુણવાન નોકરને, પ્રિય સ્ત્રીઓને અને સ્નેહયુક્ત સ્વામીને દુઃખ કહીને જીવ સુખી થાય છે.**" ચૌદલોકના સ્રષ્ટા બ્રહ્મા પણ સ્વયં તીવ્ર તપ કરે છે, તેથી મારું મન કંપે છે=અસ્થિર રહે છે. રંભા વગેરેએ કહ્યું: હે સ્વામી! આ કામ કેટલું છે? અર્થાત્ આ કામ સાવ થોડું છે, અમે ક્ષણવારમાં તેમને ક્ષોભ પમાડીએ છીએ. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરતી દેવાંગનાઓને ઇન્દ્રે પૃથ્વી ઉપર મોકલી. દેવાંગનાઓએ પૃથ્વી ઉપર આવીને બ્રહ્માની આગળ રહીને ગ્રામ-

રાગથી અદ્વિતીય મનોહર સંગીત કર્યું. બ્રહ્માની બધી ઇંદ્રિયો દેવાંગનાઓના ગીત, નૃત્ય અને વાજિંત્રોથી વ્યાક્ષિપ્ત બની ગઈ, ક્ષણવારમાં કાયા હરણની જેમ ચેષ્ટારહિત બની ગઈ. હવે દેવાંગનાઓએ કહ્યું : તપને છોડીને ઇચ્છિત વરદાન માગો. દેવાંગનાઓમાં રંભા નામની દેવાંગનાએ સારા આડંબરવાળી વાણીથી બ્રહ્માને કહ્યું : આ અમે છીએ, આ બકરો છે, આ દારૂ છે. હે પ્રભુ ! જો અમારા ઉપર આપની કૃપા હોય તો આ ત્રણમાંથી કોઈ એકનો સ્વીકાર કરો. બ્રહ્માએ વિચાર્યું કે દેવીઓને ભોગવવામાં આવે તો તપનો નાશ થાય. બકરાનો જીવઘાત કરવો તપસ્વીઓને ઉચિત નથી. પાણી જેવો દારૂ તો શિષ્ટ પુરુષોમાં અશુભ ગણાતો નથી. આથી દારૂ પીવાનું સ્વીકારીને બ્રહ્માએ નિઃશંકપણે દારૂ પીધો. પછી દારૂના ઉન્માદવાળા અને ભૂખથી ઘેરાયેલા બ્રહ્માએ બકરાને હણીને આધો. પછી દેવીઓને ભોગવવાની ઇચ્છા કરી. આ પ્રમાણે દેવીઓએ બ્રહ્માની પરીક્ષા કરી. હવે દેવીઓએ વિચાર્યું કે, નવા તપથી તો અમોએ એને ભ્રષ્ટ કરી દીધો છે, અર્થાત્ નવો તપ કરવાનું તો બંધ કરાવી દીધું છે, પણ પૂર્વે કરેલા તપને તે કેવી રીતે વેચે ? અર્થાત્ પૂર્વે કરેલા તપને વેચી દે તેવું હવે કરવું જોઇએ. આ પ્રમાણે વિચારીને તે દેવીઓ તે જ વખતે નૃત્ય કરતી કરતી દક્ષિણ દિશામાં ગઈ, તેથી બ્રહ્માએ એક ક્રોડ વર્ષના તપથી (=એક ક્રોડ વર્ષના તપના પુણ્યથી) દક્ષિણ દિશા તરફ એક (=બીજું) મોઢું કર્યું. એ પ્રમાણે (દેવીઓ અન્ય દિશામાં ગઇ એટલે) દેવીઓના દર્શન માટે ઉત્સુક બ્રહ્માએ બીજા એક ક્રોડવર્ષ તપથી ત્રીજું મોઢું કર્યું. (ત્રીજા એક ક્રોડવર્ષના તપથી) ઉત્તર દિશામાં ચોથું મોઢું કર્યું. તેના અનુરાગની પરીક્ષા કરવા માટે દેવીઓ નૃત્ય કરતી કરતી આકાશમાં ગઈ. આથી બ્રહ્માએ અર્ધા ક્રોડવર્ષના તપથી કઠોર મુખવાળું મસ્તક ઉત્પન્ન કર્યું. પછી દેવીઓ નમસ્કાર કરીને અને ઉપહાસ કરીને સ્વર્ગમાં જતી રહી. આ પ્રમાણે બ્રહ્મા ચાર મુખવાળો થયો અને સ્ત્રીના દાસપણાને પામ્યો.

(ચંદ્રની વિગતઃ–) ચંદ્રને જ્યારે જ્યોતિષલોકમાં ઇંદ્ર પદવી આપવાની હતી ત્યારે ચંદ્રને નમસ્કાર કરવા સુરો અને અસુરો પરિવાર સહિત ચંદ્રની પાસે આવ્યા. આ વખતે દેવતાઓના ગુરુ બૃહસ્પતિની પત્નીના રૂપમાં ચંદ્રનું ચિત્ત આકર્ષાયું. આથી બૃહસ્પતિની પત્નીને ભોગવીને બુધને ઉત્પન્ન કર્યો. (સૂર્યની વિગતઃ–) સૂર્યના તેજને સહન નહિ કરી શકતી અને પશ્ચિમદિશામાં ઘોડીનું રૂપ ધારણ કરનારી રત્નાદેવી નામની સ્ત્રીને હંમેશા ભોગવવાની ઇચ્છાવાળા સૂર્યે વિશ્વકર્માની (=દેવોના સુથારની) પાસે પોતાનું શરીર[૧] છોલાવ્યું. (ગણપતિની વિગતઃ–) જો કે ગણપતિ લોકમાં

૧. પૃથ્વી ઉપર ફરતા સૂર્યે કોઇ રત્નાદેવી નામની રૂપવતી સ્ત્રીને જોઇ. તેથી મોહ પામેલા સૂર્યે રત્નાદેવીની પાસે ભોગની પ્રાર્થના કરી. રત્નાદેવીએ કહ્યું; હે સ્વામી ! આપનું તેજ મારાથી સહન થઇ શકતું નથી. માટે ઓછું કરો. આથી સૂર્યે બ્રહ્મા પાસે જઈને કહ્યું: મહારાજ ! મારું તેજ ઓછું કરો. આથી બ્રહ્માએ સંધાડો મંગાવી તેના ઉપર સૂર્યને ચડાવી તેનું શરીર ઘસવા માંડ્યું. પછી સૂર્યે રત્નાદેવીને ભોગવી.

બ્રહ્મચારી તરીકે માન્ય છે, તો પણ જો તે દેવ છે તો અવિરત હોવાથી દુઃશીલતાનું ભાજન જ છે. ગાથામાં રહેલા આદિ શબ્દથી અહલ્યાના જાર તરીકે પ્રસિદ્ધ ઇંદ્ર વગેરે જાણવા. કહ્યું છે કે-"**શું કમલ જેવા નેત્રવાળી દેવીઓ નથી? જેથી ઇંદ્રે તાપસી [1]અહલ્યાને ભોગવી. હૃદયરૂપી ઘાસની ઝુપડીમાં જ્યારે કામરૂપી અગ્નિ પ્રદીપ્ત બને છે ત્યારે કયો પંડિત પણ ઉચિતને કે અનુચિતને જાણે છે?**" [૨૦]

આવા પ્રકારના જ દેવોને પૂજનારાઓનો ઉપહાસ કરે છેઃ-

पूइज्जंति सिवत्थं, कहिंवि जइ कामगद्दहा देवा।
गत्तासूयरपमुहा, किं न हु पूयंति ते मूढा ॥२१॥

ગાથાર્થઃ-મિથ્યાત્વરૂપી મદિરાથી જેમનું ચૈતન્ય (=જ્ઞાન) હણાઈ ગયું છે એવા કોઇ જીવો જો મોક્ષ માટે પૂર્વોક્ત સ્વરૂપવાળા કૃષ્ણ, મહાદેવ, બ્રહ્મા વગેરે કામગર્દભ દેવોને પૂજે છે તો તે મૂઢ જીવો ખાડાઓમાં ફરતા ભૂંડ વગેરે પશુઓને કેમ પૂજતા નથી?

ટીકાર્થઃ-જેઓ કામના કારણે ગધેડાની જેમ યોગ્ય વિચાર કરવામાં મૂઢ બની ગયા છે તે કામગર્દભ છે. જેમકે- બ્રહ્માએ પોતાની પુત્રીની સાથે ભોગ ભોગવવાની ઇચ્છા કરી, અથવા જેઓ કામને વિષે આસક્ત હોવાના કારણે સ્ત્રીઓ વડે ગધેડાની જેમ ભાર વહન કરાય છે તે કામગર્દભ છે. કહ્યું છે કે- "**જેના વડે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સ્ત્રીઓના ઘરનું કામ કરનારા દાસ કરાયા છે, વાણીનો અવિષય એવા ચરિત્રથી પવિત્ર થયેલા તે કામદેવ ભગવાનને નમસ્કાર થાઓ.**" (૧) આવા દેવોને પણ જે વિવેકહીન જીવો તત્ત્વપણે (=સાચા દેવ માનીને) પૂજે છે તે અજ્ઞાન જીવો ખાડામાં ફરતા ભુંડ વગેરેને કેમ પૂજતા નથી? નગરના ભુંડો પણ સદા કામાતુર હોય છે. તેથી તેઓ પણ તેમના પૂજ્ય કેમ ન બને? કારણ કે તે દેવોના અને ભુંડોના આચારમાં કોઈ ભેદ નથી. [૨૧]

હવે કામાતુર બ્રાહ્મણોને ગુરુ તરીકે સ્વીકારનારા મિથ્યાત્વીઓનો ઉપહાસ કરતા ગ્રંથકાર કહે છેઃ-

विसयासत्तोवि नरो, नारी वा जइ भइज्ज गुरुभावं।
ता पारदारिएहिं, वेसाहिं वा किमवरद्धं ॥ २२॥

---

૧. ઇન્દ્ર ગૌતમઋષિની રૂપવતી સ્ત્રી અહલ્યાને જોઈને કામાતુર થયો. પછી એકવાર ગૌતમઋષિ સ્નાન માટે નદીએ ગયા ત્યારે ઇન્દ્રે અહલ્યા સાથે વિષયસુખ ભોગવ્યું. એટલામાં ગૌતમઋષિ આવી ગયા. ઇન્દ્ર બિલાડાનું રૂપ કરી બહાર નીકળ્યો. ગૌતમે તેને ઓળખીને શાપ દીધો કે-"તારે હજાર ભગ (=યોનિ) થાઓ." પછી દેવોએ ઋષિને ઘણી પ્રાર્થનાથી મનાવ્યા અને સહસ્રનેત્ર નામ કરાવ્યું.

ગાથાર્થ–:જો વિષયાસક્ત પણ પુરુષનો કે સ્ત્રીનો ગુરુ તરીકે આદર કરાય છે તો પરસ્ત્રીગામીઓએ અને વેશ્યાઓએ શો અપરાધ કર્યો છે?

ટીકાર્થ–:જો વિષયમાં આસક્ત પણ વ્યાસ, વિશ્વામિત્ર અને વસિષ્ઠ બ્રાહ્મણ વગેરે પુરુષનો અથવા વિષયમાં આસક્ત બનેલી પણ પાર્વતી અને અરુંધતી વગેરે સ્ત્રીનો ગુરુ તરીકે આદર કરાય છે તો પરસ્ત્રીગામી પુરુષોએ અને વેશ્યાઓએ શો અપરાધ કર્યો છે? (જેથી તેમને ગુરુ તરીકે ન માનવા.) કારણ કે ગુણની દૃષ્ટિએ એ બધામાં કોઈ ભેદ નથી. આ પ્રમાણે મિથ્યાત્વીઓનો આ ઉપહાસ છે. કહ્યું છે કે–**" જો સરાગી દેવ હોય, અબ્રહ્મચારી પણ ગુરુ હોય અને દયાહીન પણ ધર્મ હોય, તો તો ખેદની વાત છે કે આ જગત વિનાશ પામ્યું છે. "** (ચો. શા. પ્ર. ૨. ગા. ૧૪) આ પ્રમાણે લૌકિક દેવોનું અને ગુરુઓનું શીલ રહિતપણું જાણવું. તેમનું શીલરહિતપણું (તેમના) શાસ્ત્રોમાં કહેલી યુક્તિઓથી જ અમે જણાવ્યું છે. સ્વમતમાં (=જૈનમતમાં) પણ બધા જ દેવો અને તાપસો અવિરત હોવાથી જ દુઃશીલતાનું ભાજન છે. આથી આમાં આગમનો વિરોધ નથી. [૨૨]

હવે ચોથા વ્રતનો ભંગ થતાં બાકીના ચાર વ્રતોનો પણ ભંગ થાય એમ કહે છેઃ

मेहुणसन्नारूढो, नवलक्खं हणेइ सुहुमजीवाणं ।
इय आगमवयणाओ, हिंसा जीवाणमिह पढमा ॥ २३ ॥

ગાથાર્થ :– અબ્રહ્મનું સેવન કરનાર પુરુષ ઉત્કૃષ્ટથી નવ લાખ સૂક્ષ્મજીવોને હણે છે, આવા આગમના વચનથી શીલનાં ભંગમાં પહેલી જીવહિંસા થાય છે, અર્થાત્ શીલભંગ કરનારે પહેલાં જ પ્રાણાતિપાતવિરમણવ્રતની વિરાધના કરી.

ટીકાર્થ :– સૂક્ષ્મજીવો એટલે કેવલજ્ઞાનીથી જ જાણી શકાય તેવા સૂક્ષ્મજીવો. અબ્રહ્મનું સેવન કરનાર પુરુષ ઉત્કૃષ્ટથી નવલાખ સૂક્ષ્મજીવોને હણે છે. આગમમાં કહ્યું છે કે– **"સ્ત્રીની યોનિમાં એક, બે, ત્રણ યાવત્ ઉત્કૃષ્ટથી લક્ષપૃથક્ત્વ (=બે લાખથી નવલાખ) બેઇંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે. ૧. પુરુષની સાથે સ્ત્રીનો સંયોગ થતાં તે જીવો નાશ પામે છે. જેમ વાંસની નળીમાં તપેલા લોઢાનો સળિયો નાખવામાં આવે તો વાંસનો નાશ થાય છે, તેમ પુરુષની સાથે સ્ત્રીનો સંયોગ થતાં સ્ત્રીની યોનિમાં ઉત્પન્ન થયેલા બેઇંદ્રિય જીવોનો વિનાશ થાય છે. ૨. એક મનુષ્યે ભોગવેલી નારીના ગર્ભમાં ગર્ભજપંચેંદ્રિય મનુષ્યો એક વખતે ઉત્કૃષ્ટથી નવલાખ ઉત્પન્ન થાય છે. તે નવલાખમાંથી એક અથવા બેનો સંતાનપણે જન્મ થાય છે, બાકીના બધા ત્યાં જ એમને એમ વિનાશ પામે છે. ૩. વળી** (ભગવતીસૂત્ર શ. ૨ ઉ. ૫ માં) **કહ્યું છે કે–હે-ભગવંત! મૈથુન સેવનાર પ્રાણી કેવો અસંયમ કરે છે? હે ગૌતમ! જેમ-**

કોઇ પુરુષ બૂરથી (=વનસ્પતિ વિશેષથી) ભરેલી નળીનો અથવા રૂથી ભરેલી નળીનો તપેલા (લોઢાના) સળિયાથી નાશ કરે, તેવી રીતે મૈથુન સેવનાર જીવ[1] અસંખ્યાતા જીવોનો નાશ થાય તેવો અસંયમ કરે છે.'' ૪.

આવા આગમવચનથી શીલના ભંગમાં પહેલી જીવહિંસા થાય છે, અર્થાત્ શીલ-ભંગ કરનારે આ રીતે પહેલાં જ પ્રાણાતિપાતવિરમણવ્રતની વિરાધના કરી. [૨૩]

બીજા-ત્રીજા વ્રતનો ભંગ કેવી રીતે થાય છે તે જણાવે છે :-

નો કામીણં સચ્ચં, પસિદ્ધમેયં જણસ્સ સયલસ્સ ।
તિત્થયરસામિપમુહા-દત્તંપિ હુ તત્થ ખલુ હુજ્જ ॥૨૪॥

ગાથાર્થ :- કામીઓને સત્ય હોતું નથી એ સકલ લોકમાં પ્રસિદ્ધ છે. શીલભંગમાં તીર્થંકર-અદત્ત અને સ્વામી-અદત્ત વગેરે અદત્ત પણ થાય.

ટીકાર્થ :- કામીજીવોમાં = વિષયલાલસાથી અસ્વસ્થ બનેલા જીવોમાં કામી જીવોમાં સત્યવાદીપણું સંભવતું નથી એ બીના સકલ લોકમાં પ્રસિદ્ધ છે. કહ્યું છે કે-**''વણિક, વેશ્યા, ચોર, જુગારી, પરદારાગામી, દ્વારપાલ અને કપટી -આ સાત પુરુષો અસત્યના મંદિર હોય છે.''**

અહીં કોઇને પ્રશ્ન થાય કે- પિતા વગેરેની અનુજ્ઞાથી પરણેલી પોતાની પત્નીઓની સાથે જ મૈથુન સેવવાના આગ્રહવાળાને પણ ત્રીજા વ્રતનો ભંગ કેવી રીતે થાય ? આ પ્રશ્નના સમાધાન માટે ગ્રંથકાર ગાથાના ઉત્તરાર્ધમાં જણાવે છે કે- તીર્થંકરઅદત્ત, સ્વામી અદત્ત વગેરે અદત્ત (= ચોરી) પણ થાય. તીર્થંકરોએ મોક્ષરૂપ ફલ મેળવવા માટે સદ્વર્તન કરનારાઓને મૈથુનનો સર્વથા નિષેધ કર્યો હોવાથી સ્વસ્ત્રી સાથે મૈથુન સેવ-નારને પણ તીર્થંકરઅદત્ત દોષ લાગે. સ્વામી એટલે રાજા. રાજાએ પણ આ કાર્ય કરવાની અનુજ્ઞા આપી ન હોવાથી આમાં સ્વામીઅદત્ત દોષ લાગે. અહીં ગાથામાં આવેલા આદિ (=પ્રમુખ) શબ્દથી જીવઅદત્ત અને ગુરુઅદત્ત જાણવું. (સ્ત્રીની યોનિમાં રહેલા જીવોએ મને હણો એવી અનુજ્ઞા આપી ન હોવાથી જીવઅદત્ત દોષ લાગે. ગુરુએ પણ આ કાર્ય માટે અનુજ્ઞા આપી ન હોવાથી ગુરુઅદત્ત દોષ લાગે.) આગમમાં કહ્યું છે કે-**સ્વામીઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત અને ગુરુઅદત્ત એમ ચાર પ્રકારે અદત્તાદાન (=ચોરી) છે એમ ગીતાર્થો કહે છે.''**
આ પ્રમાણે શીલભંગમાં ત્રીજા વ્રતનો ભંગ જાણવો. [૨૪]

---

૧. પુરુષ-સ્ત્રીના મૈથુનથી સ્ત્રીની યોનિમાં અસંખ્ય સમૂર્ચ્છિમ પંચેંદ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે, તેમનું આયુષ્ય અંતર્મુહૂર્ત જેટલું હોય છે. અંતર્મુહૂર્ત બાદ એ બધા જીવો મૃત્યુ પામે છે. (સંબોધસપ્તતિ ગાથા-૬૩)

ચોથા–પાંચમા વ્રતનો ભંગ કેવી રીતે થાય તે જણાવે છેઃ–

अब्बंभं पयडं चिय, अपरिग्गहियस्स कामिणी नेय ।
इय सीलवज्जियाणं, कत्थ वयं पंचवयमूलं ॥२५॥

ગાથાર્થ-ટીકાર્થઃ-શીલભંગમાં ચોથા વ્રતનો ભંગ તો સ્પષ્ટ જ છે. પરિગ્રહ રહિતને સ્ત્રી હોતી જ નથી, તો તેનો ઉપભોગ ક્યાંથી હોય? અર્થાત્ પરિગ્રહ વિરમણ વ્રતના ભંગ વિના સ્ત્રી પણ ન રાખી શકાય. આ પ્રમાણે શીલરહિત જીવોને પાંચવ્રતોનું મૂળ એવું શીલવ્રત ક્યાંથી હોય? અર્થાત્ શીલનો ભંગ થતાં પાંચે ય વ્રતોનો ભંગ થાય છે. [૨૫]

વિષયાસક્ત જીવ ગુરુ ન હોઇ શકે એવો ઉપદેશ આપે છેઃ–

ता कह विसयपसत्ता, हवंति गुरुणो तहा पुणो तेहिं ।
भग्गा जिणाण आणा, भणियं एयं जओ सुत्ते ॥२६॥

ગાથાર્થ-ટીકાર્થઃ-તેથી વિષયમાં આસક્ત જીવો ગુરુ કેવી રીતે હોય? કારણકે એક વ્રતના ભંગમાં સર્વવ્રતોનો ભંગ થાય છે અને જે શીલવંત હોય તે જ ગુરુ સેવવા લાયક છે. તથા દુઃશીલ તે ગુરુઓએ જિનાજ્ઞા ભાંગી છે. કારણકે શાસ્ત્રમાં આ (=હવે પછીની ગાથામાં કહેવાશે તે) કહ્યું છે. [૨૬]

શાસ્ત્રમાં શું કહ્યું છે તે કહે છેઃ–

न हु किंचि अणुन्नायं, पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
मुत्तुं मेहुणभावं, न तं विणा रागदोसेहिं ॥२७॥

ગાથાર્થઃ-તીર્થંકરોએ સાવદ્યરૂપ કોઈ પણ કાર્યની એકાંતે અનુજ્ઞા આપી નથી, અને એકાંતે નિષેધ પણ કર્યો નથી. પણ મૈથુનનો એકાંતે નિષેધ કર્યો છે. કારણકે મૈથુન રાગદ્વેષ વિના થતું નથી.

ટીકાર્થઃ-જો નિર્વાહ ન થાય તો સાવદ્યનો પણ સ્વીકાર કર્યો છે, અર્થાત્ સાવદ્ય પણ કાર્ય કરવાની અનુજ્ઞા આપી છે. તાત્પર્ય કે અનુજ્ઞાત અને નિષિદ્ધ એ બંને ય સર્વવ્રતોમાં ઉત્સર્ગ અને અપવાદથી સંમત પણ છે અને અસંમત પણ છે. સૂરિઓમાં ઉત્તમ પૂજ્યશ્રી જિનવલ્લભસૂરિએ કહ્યું છે કે–**" નિર્દોષ આહાર આદિથી જ્યારે સાધુનો નિર્વાહ થઇ શકતો હોય તેવા અવસરે પણ દોષિત આહાર આદિનું દાન આપનાર અને લેનાર બંનેને અહિતકારી છે. નિર્દોષ આહાર આદિથી નિર્વાહ ન થતો હોય ત્યારે (માંદગી આદિમાં) દોષિત આહાર આદિનું દાન આપનાર અને લેનાર બંનેને હિતકર છે. આ વિષે રોગીનું દૃષ્ટાંત છે, જ્વરાદિથી પીડાતા રોગીને ઘેબર વગેરે આપનાર વૈદ્ય જેમ**

બંનેનું અહિત કરે છે અને ભસ્મકવાતાદિના રોગથી પીડાતા રોગીને ઘેબર વગેરે આપનાર વૈદ્ય બંનેનું હિત કરે છે તેમ અહીં પણ સમજવું.”

આ ઉત્સર્ગો અને અપવાદો ચોથાવ્રતના ભંગને છોડીને જાણવા. કારણકે મૈથુન-સેવનમાં ઉત્સર્ગ અને અપવાદ નથી. મૈથુનસેવન રાગ-દ્વેષ વિના થતું નથી. સંસારનું મૂલ આરંભ (=જીવહિંસા) છે અને રાગ-દ્વેષ આરંભના સ્તંભરૂપ છે. કહ્યું છે કે- **“જો રાગ-દ્વેષ ન હોય તો કોણ દુઃખને પામે ? કોને સુખોથી આશ્ચર્ય થાય ? કોણ મોક્ષ ન પામે ?”** (ઉ. મા. ગા. ૧૨૯) [૨૭]

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે :-

તા સયલ ઇયરકટ્ઠા-ણુટ્ઠાણસમુજ્જમં પરિહરેઉં ।
ઇક્કં ચિય સીલવયં, ધરેહ સાહીણસયલસુહં ॥૨૮॥

ગાથાર્થ-ટીકાર્થ:-તેથી હે ભવ્યજીવો ! કષ્ટથી કરી શકાય તેવાં તપશ્ચર્યા વગેરે અનુષ્ઠાનો વિષે ઉદ્યમ છોડીને જેનાથી સ્વર્ગ-મોક્ષનાં સુખો સ્વાધીન છે તેવા એક શીલ-વ્રતને જ ધારણ કરો. [૨૮]

ધીરપુરુષો પણ સ્ત્રીસંસર્ગના કારણે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ બને છે એમ [1] જણાવે છે:-

સાવજ્જજોગવજ્જણ-સજ્જા નિરવજ્જઉજ્જુઆવિ જણ ।
નારીસંગપસંગા, ભગ્ગા ધીરાણ સિવમગ્ગા ॥૨૯॥

ગાથાર્થ:-સંસારમાં ધીરપુરુષોના અબ્રહ્મસેવન વગેરે સાવદ્યયોગોના ત્યાગમાં સુલભ તથા નિરવદ્ય યોગોમાં સરલ એવા પણ મોક્ષમાર્ગો સ્ત્રીસંબંધના પ્રસંગથી ભાંગી ગયા.

ટીકાર્થ:-નારીનો સંગ જ મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં અંતરાયભૂત હોવાથી ધીર-પુરુષોના મોક્ષમાર્ગો ભાંગી ગયા. કહ્યું છે કે-**“હે સંસાર ! જો વચ્ચે દુસ્તર સ્ત્રીઓ ન હોય તો તારો કાંઠો દૂર નથી.”** [૨૯]

સ્ત્રીસંસર્ગને જ (=સ્ત્રીસંગ જ અનર્થનો હેતુ છે એ વિષયને જ) દૃષ્ટાંતથી દૃઢ કરતા ગ્રંથકાર કહે છે:-

સંવેગગહિયદિક્ખો, તબ્ભવસિદ્ધીવિ અદ્દયકુમારો ।
વયમુજ્ઝિય ચઉવીસં, વાસે સેવિંસુ ગિહવાસં ॥૩૦॥

ગાથાર્થ:-સંવેગથી દીક્ષા લીધી હોવા છતાં અને તે જ ભવમાં મોક્ષે જનારા હોવા છતાં આર્દ્રકુમારે સંયમને છોડીને ચોવીસ વર્ષ સુધી ગૃહવાસ સેવ્યો.

ટીકાર્થ:=ગાથાનો ભાવાર્થ દૃષ્ટાંતથી જાણવો. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે:-

---

૧. **धीरानेवोपष्टभवन्नाह** એ અવતરણિકાનો ભાવાર્થ લખ્યો છે. શબ્દાર્થ આ પ્રમાણે છે:- ધીરપુરુષોનું જ આલંબન લેતા, અર્થાત્ ધીરપુરુષોને જ વક્તવ્યનો વિષય બનાવતા ગ્રંથકાર કહે છે:-

આર્દ્રકુમારનું દૃષ્ટાંત

આ જ ભરતક્ષેત્રમાં [1]પૃથ્વીરૂપી સુંદરીની વેણીના મણિસમાન અને સંપત્તિથી સ્વર્ગના નગરને પણ હલકો પાડનાર રાજગૃહ નામનું નગર હતું. તે નગરીમાં જાણે राजन् [2]શબ્દના ભ્રમથી વધતા પ્રેમવાળી સઘળી કળાઓ જેને સેવે છે તેવો શ્રેણિક રાજા હતો. તેનો જૈનધર્મનો જાણકાર અને ભયરહિત અભય નામનો પુત્ર હતો. તેનો મતિરૂપ તારો [3]રાજમંડલમાં અધિક દીપતો હતો. અન્ય દ્વીપમાં (આર્દ્રક નામના અનાર્ય દેશમાં આર્દ્રક નામના નગરમાં) રહેલા આર્દ્રક રાજાની પૂર્વથી ચાલી આવતી પ્રીતિમાં વધારો કરવા માટે શ્રેણિક રાજાએ મંત્રીને ભેટણા સાથે આર્દ્રક રાજા પાસે મોકલ્યો. મંત્રીએ જાણે સ્વામીની પ્રીતિનો પુંજ હોય તેવું તે દેશને ઉચિત કામળી વગેરે ભેટણું રાજાની આગળ ધર્યું. આર્દ્રક રાજાએ પરમ પ્રેમથી તે ભેટણું લઈને આદરપૂર્વક શ્રેણિકના રાજ્યની કુશળતા પૂછી. મંત્રીએ પણ શ્રી શ્રેણિકના વૃત્તાંતરૂપી વાઇ રહેલા મલયપર્વતના પવનથી આર્દ્રક રાજાની મનોવૃત્તિરૂપી વેલડીને સારી રીતે નૃત્ય કરાવી, અર્થાત્ શ્રેણિકના સારા સમાચારો જાણીને આર્દ્રક રાજાને આનંદ પમાડ્યો. પછી આર્દ્રકરાજાના આર્દ્રક નામના પુત્રે પૂછ્યું: હે મંત્રી ! તમારા સ્વામીનો યોગ્ય કોઈ કુમાર પણ છે ? કારણ કે લાંબાકાળની પ્રીતિને ટકાવી રાખવા માટે હું તેની સાથે આદરપૂર્વક કુલને યોગ્ય પ્રીતિ કરવાને ઇચ્છું છું. કહ્યું છે કે–"જેમ પિતાનું ઋણ પુત્રમાં આવે, પુત્રનું ઋણ તેના પુત્રમાં આવે તેમ, દિન પ્રતિદિન વધતી પ્રીતિ ક્રમશઃ જેમના પુત્રોમાં અને પ્રપૌત્રોમાં આવે છે તેઓજ ધન્ય છે." મંત્રીએ કહ્યું: ધર્મનો જાણકાર, બુદ્ધિમાન, કરુણાનિધિ, પાંચસો મંત્રીઓનો અધિપતિ, કૃતજ્ઞ, કુશળપુરુષોમાં અગ્રેસર, શ્રી શ્રેણિકરાજાના પુત્ર અને અભય એવા નામથી પ્રસિદ્ધ બનેલા મંત્રીને શું તમે સાંભળ્યા નથી ? આર્દ્રકરાજાએ શ્રેણિકના પુત્રની સાથે મૈત્રીને ઇચ્છતા પુત્રની "હે પુત્ર ! સારું કર્યું, તું સુપુત્ર છે" એમ પ્રશંસા કરી. શ્રેણિકપુત્રના ગુણોને અને નામને સાંભળીને વિસ્મય પામેલા અતિશય આનંદથી પૂર્ણ બનેલા કુમારે પણ મંત્રીને આ પ્રમાણે કહ્યું: મને પૂછ્યા વિના ન જવું. મારો સંદેશો સાંભળવો. કારણ કે મારું મન આગ્રહપૂર્વક અભયમંત્રી પ્રત્યે આકર્ષાય છે.

---

૧. મૂળમાં **क्षोणी** એવો પ્રયોગ છે. પણ અર્થની બરાબર ઘટના કરવા અનુવાદમાં "પૃથ્વીરૂપી સુંદરીની" એમ લખ્યું છે, તથા અહીં "વેણીના મણિસમાન" એવા પ્રયોગના સ્થાને મસ્તકના મણિ સમાન" એવો પ્રયોગ વધારે બંધબેસતો ગણાય.

૨. **राजन्** શબ્દના ચંદ્ર અને રાજા એમ બે અર્થ થાય છે. એટલે ચંદ્રમા રહેલી કળાઓને એવો ભ્રમ થઈ ગયો કે આ શ્રેણિક રાજા=ચંદ્ર છે. તેથી સઘળી કળાઓ તેને સેવવા લાગી.

૩. તારાના પક્ષમાં **राजमण्डल** એટલે ચંદ્રમંડલ અર્થ થાય.

હવે આર્દ્રક રાજાએ (શ્રેણિકરાજા માટે મોતી વગેરે ભેટણું આપીને) પોતાના પુરુષોની સાથે મંત્રીને જવાની રજા આપી. આર્દ્રકુમારે પણ અભયકુમાર મંત્રીને મોતી વગેરે મોકલ્યું. રાજગૃહનગરમાં આવીને મંત્રીએ શ્રેણિકને આર્દ્રકરાજાએ મોકલેલું ભેટણું આપ્યું અને અભયમંત્રીને સંદેશાની સાથે આર્દ્રકકુમારે મોકલેલું ભેટણું આપ્યું. અભયકુમારમંત્રીએ વિચાર્યું: આ કોઈ આસન્નભવ્ય (=નજીકમાં મોક્ષમાં જનાર) જીવ છે, જિનશાસનની અતિશય ઇચ્છાવાળો છે. પૂર્વે ચારિત્રની વિરાધના કરીને અનાર્યોમાં ઉત્પન્ન થયો છે. અભવ્ય કે દૂરભવ્ય જીવ મારી સાથે મૈત્રીને ઇચ્છતો નથી. કારણ કે સમાન ધર્મવાળા જીવોની પરસ્પર પ્રીતિ થાય છે. તેથી તેને તીર્થંકરની પ્રતિમા અવશ્ય મોકલવી જોઇએ. તે જિનપ્રતિમાને જોઇને જાતિસ્મરણ પામીને સમ્યક્ત્વ પામશે. આ પ્રમાણે વિચારીને બુદ્ધિમાન અને ધર્માનુરાગી અભયકુમારે આદિનાથની પ્રતિષ્ઠિત થયેલી સોનાની પ્રતિમાને પૂજાનાં ઉપકરણો સહિત નાની પેટીમાં મૂકી. એ નાની પેટીને મોટી પેટીમાં મૂકી. તે પેટી રાજાના ભેટણાંઓની સાથે આર્દ્રકરાજાના પુરુષના હાથમાં આપી. પેટીને ઉઘાડીને આદિનાથની પ્રતિમાને જોઇને હર્ષથી પૂર્ણ બનેલા આર્દ્રકુમારે પણ ચિત્તમાં વિચાર્યું કે આ આભૂષણ કંઠમાં પહેરાય? મસ્તકે પહેરાય? કે હૃદય ઉપર ધારણ કરાય? આને પૂર્વે મેં જોયું છે એમ વિચારતો તે જાતિસ્મરણ પામ્યો. તેણે વિચાર્યું: આ ભવથી ત્રીજા ભવે હું મગધદેશમાં વસંતપુરનગરમાં સામાયિક નામનો કણબી હતો. મારી બંધુમતી નામની પત્ની હતી. હવે એકવાર મેં પત્નીની સાથે ધર્મ સાંભળીને વૈરાગ્યસહિત દીક્ષા લીધી. એકવાર સાધ્વીઓની મધ્યે રહેલી પત્નીને જોઇને પૂર્વના અનુરાગથી મેં તેની ઇચ્છા કરી. તે જાણીને પત્નીએ આ મુનિ મારા અને પોતાના વ્રતનો ભંગ ન કરે એવા આશયથી અનશનનો સ્વીકાર કર્યો. અનશનનું પાલન કરીને મૃત્યુ પામીને તે દેવલોકમાં ગઈ. આ સાંભળીને વ્રતભંગના ભયથી મેં પણ અનશન સ્વીકાર્યું. હું મરીને દેવ થયો. ત્યાંથી અનાર્યોમાં ઉત્પન્ન થયો. મારો તે ગુરુ છે અને તે બંધુ છે કે જેણે મને પ્રતિબોધ કર્યો. આ પ્રમાણે વિચારીને તેણે અભયકુમારને જોવાનો મનોરથ કર્યો.

તેણે પિતાને કહ્યું: હું અભયકુમારને જોવાને ઇચ્છું છું. પિતાએ કહ્યું: આપણે સ્વસ્થાનમાં રહીને જ શ્રેણિકની સાથે પ્રીતિ કરીએ છીએ. પિતાએ તેને રોક્યો, પણ તે સ્વયં જવા માટે ઉત્સુક હતો. આથી તે અનુરાગવાળી કુલસ્ત્રીની જેમ જવા માટે કે રહેવા માટે સમર્થ ન બન્યો. નહિ જોયેલા પણ અભયકુમારના ગુણોને જોયેલા હોય તેમ દૃઢ વિચારતો તે ઘરમાં કે વનમાં એમ ક્યાંય સ્વસ્થતાને ન પામ્યો. અન્ય કાર્યોનો ત્યાગ કરીને અભયકુમારને જ યોગીની જેમ એકાગ્રતાથી ચિત્તમાં ધારણ કરતા તેણે પતિની પ્રાપ્તિ માટે [1]પ્રોષિતાની જેમ કષ્ટથી દિવસ પસાર કર્યો. અભયકુમારની વાતો કરતો

---

૧. પ્રોષિતા એટલે જેનો પતિ પરદેશ ગયેલો છે તેવી સ્ત્રી. જેમ પ્રોષિતા પતિના વિરહથી કષ્ટથી દિવસ પસાર કરે તેમ આર્દ્રકુમારે અભયકુમારના વિરહથી કષ્ટથી દિવસ પસાર કર્યો.

આર્દ્રક અભયકુમાર પાસે જવાનો અવસર જોવા લાગ્યો. ઉડીને પોતાની ઇચ્છા પ્રમાણે જતા પક્ષીઓને તેણે પોતાનાથી અધિક માન્યા. હવે આર્દ્રકરાજાએ પોતાના પુત્રને અભયકુમારની પાસે જવાની ઇચ્છાવાળો જાણીને પાંચસો સામંતોને તેનું રક્ષણ કરવાનો આદેશ કર્યો. છાયાની જેમ રાત-દિવસ પોતાના પડખાને નહિ મૂકતા સામંત રાજાઓથી આર્દ્રકુમારે પોતાને કેદી જેવો માન્યો. નગરની બહાર ઘોડાઓને ચલાવતો તે પોતાની ઇચ્છા પ્રમાણે દૂર પણ જતો હતો અને સામંતોને વિશ્વાસ ઉપજાવવા સ્વયં પાછો આવી જતો હતો. એકવાર સમુદ્રમાં રત્નોથી ભરેલું વહાણ તૈયાર કરાવ્યું. વહાણના આગળના ભાગમાં જિનપ્રતિમાને મૂકી. સામંતો પોતાને જોતા ન હતા ત્યારે જલદી વહાણમાં બેસીને તે આર્યદેશમાં આવ્યો. ત્યાં ધનને સાતક્ષેત્રોમાં વાપર્યું. જિન-પ્રતિમા અભયકુમારને આપીને પ્રત્યેકબુદ્ધ તે સાધુવેશ પહેરીને જેટલામાં સામાયિક ઉચ્ચરે છે તેટલામાં આકાશમાં દેવીએ કહ્યું: તું વ્રત ન લે. કારણ કે તારે ભોગફલવાળાં કર્મો ભોગવવાનાં છે. ભોગફલવાળાં કર્મો તીર્થંકરોને પણ ભોગવવા પડે છે. માટે તે કર્મો ભોગવ્યા વિના તું વ્રત લેવાને યોગ્ય નથી. તે ધર્મથી શું ? કે જેનાથી નરકમાં જવું પડે, અર્થાત્ જે ધર્મનો સ્વીકાર કર્યા પછી તેનો ભંગ કરીને નરકમાં જવું પડે તે ધર્મનો સ્વીકાર ન કરવો જોઈએ. આર્દ્રકુમારે દૈવીવાણીનો અનાદર કરીને વ્રત સ્વીકાર્યું. અતિ ઉગ્ર ચારિત્રને પાળતા આર્દ્રકમુનિ એકવાર વસંતપુર નગરમાં આવ્યા.

બંધુમતીનો જીવ વસંતપુર નગરના શ્રેષ્ઠીના ઘરે ધનવતી નામની પત્નીની શ્રીમતી નામની પુત્રી થયો. એકવાર આર્દ્રક મુનિ નગરની બહાર દેવમંદિરમાં કાઉસ્સગ્ગમાં રહ્યા હતા. આ વખતે સખીઓથી યુક્ત શ્રીમતી ત્યાં રમવા માટે આવી. પછી ત્યાં "હે સખીઓ ! પતિને વરો" એમ બાલિકાઓએ કહ્યું. બાલિકાઓ મંદિરના [1]એક એક થાંભલાને ભેટીને "આ મારો પતિ આ મારો પતિ" એમ કહીને વરવા લાગી. શ્રીમતીએ પણ કાઉસ્સગમાં ઉભેલા આર્દ્રક મુનિને થાંભલાના ભ્રમથી ભેટીને "આ મારો પતિ" એમ કહ્યું. આ અવસરે "સારી પસંદગી કરી સારી પસંદગી કરી" એમ દેવી બોલી. પછી ગર્જારવ કરતી દેવીએ ત્યાં રત્નોની વૃષ્ટિ કરી. ગર્જારવથી ભય પામેલી શ્રીમતી મુનિના પગમાં પડી. આ અનુકૂલ ઉપસર્ગ છે એમ જાણીને મુનિએ બીજા સ્થળે વિહાર કર્યો. માલિક વિનાનું ધન રાજાને આધીન થાય એવો નિયમ હતો. આથી રાજપુરુષો જેટલામાં તે રત્નોને લે છે તેટલામાં દેવી બોલી કે આ રત્નો મેં શ્રીમતીની આર્દ્રકમુનિ સાથે થયેલી સગાઈમાં આપ્યાં છે. દેવીનું આ વચન સાંભળીને અને ત્યાં સર્પોને જોઈને રાજપુરુષો પલાયન થઈ ગયા.

---

૧. આ વિગત ટીકામાં ન હોવા છતાં વિશેષ સ્પષ્ટતા માટે અન્યગ્રંથના આધારે લખી છે.

તે ધન શ્રીમતીના પિતા દેવદત્તે કોઈ જાતના વિઘ્ન વિના લઈ લીધું. બાકીના લોકો કેવળ કૌતુક જોતા રહ્યા. શ્રીમતી જુવાન થવા છતાં અને પિતાના કહેવા છતાં કોઇને વરી નહિ. તેણે પિતાને કહ્યું : જેના ગૃહદેવતાએ (=ઘરમાં રાખેલી પ્રતિમાના અધિષ્ઠાતા દેવે) ધન આપ્યું છે તે જ મારો વર છે. તે ધન લઇને આપે પણ એમાં અનુમતિ આપી દીધી છે. આથી આપે મને બીજાને ન આપવી.

લૌકિકોએ પણ કહ્યું છે કે– રાજાઓ એકવાર બોલે છે, સાધુઓ એકવાર બોલે છે. કન્યાઓ એકવાર પરણાવાય છે. આ ત્રણ એક એક વાર થાય છે. હે વત્સે ! ભ્રમરની જેમ ભમતા તે મુનિને તું કેવી રીતે મેળવી શકીશ ? કદાચ મળી જાય તો પણ તું તેને કેવી રીતે ઓળખી શકીશ ? કારણ કે સેંકડોથી અધિક સાધુઓ હોય છે. શ્રીમતીએ કહ્યું : હે પિતાજી ! ત્યારે તેમના પગમાં પડેલી એવી મેં ચિહ્ન જોયું છે. એથી જો તેમને હું જોઉં તો સહેલાઈથી ઓળખી લઉં. ત્યારથી ત્યાં જે જે સાધુઓ આવે તે સર્વને તે ભિક્ષાદાન અને વંદન કરવા લાગી. બારમા વર્ષે આવેલા તે મુનિને શ્રીમતીએ ચિહ્ન જોઈને ઓળખી લીધા. શ્રીમતીએ મુનિને કહ્યું : હે સ્વામી ! આપ મારા વર છો. કારણ કે તે વખતે મેં આપને પતિ કર્યા છે. તે વખતે આપ થુંકેલાની જેમ મને મૂકીને અને તિરસ્કારીને જતા રહ્યા. પણ હમણાં હે નાથ ! મારી ઉપેક્ષા ન કરો, મને ભોગવો. હે સ્વામી ! હવે પણ જો આપ મારી અવજ્ઞા કરશો તો આપને સ્ત્રીહત્યાના પાપથી લેપીને હું અગ્નિમાં બળી મરીશ. રાજા અને લોકોથી પ્રાર્થના કરાયેલા આર્દ્રક મુનિએ દેવવાણીને વિચારીને શ્રીમતીને પરણ્યા. શું ભાવી અન્યથા થાય છે ?

ક્રમે કરીને તેમને ત્રીજા વર્ષે પુત્ર થયો. તે પુત્ર નવ વર્ષનો થયો ત્યારે આર્દ્રકુમારે શ્રીમતીને કહ્યું: તને સહાયક પુત્ર થયેલો છે. આથી હું હવે દીક્ષા લઉં છું. બુદ્ધિમતી શ્રીમતી તે વખતે રેંટિયો લઇને રૂ કાંતવા માંડી. બાળકે કહ્યું: હે મા ! આ તેં શું શરૂ કર્યું છે ? શ્રીમતીએ કહ્યું: હે વત્સ ! તારો પિતા તપ કરવા માટે જશે અને તું તો હજી નાનો છે. આથી રેંટિયો જ મારું શરણ છે. આ પ્રમાણે સાંભળીને બાળકે પોપટની જેમ કાલીભાષામાં કહ્યું: હે મા ! મારા પિતા ક્યાં જવાના છે ? એમને હું બાંધીને રાખું છું. પછી રેંટિયાથી કાંતેલા સૂતરથી પિતાના પગને બાંધતા તેણે આ પ્રમાણે કહ્યું : હે મા ! તું ભય ન પામ. ઝુડ નામનું જલચર પ્રાણી જેમ હાથીને બાંધી લે (=પકડી લે) તેમ મેં પિતાને સૂતરના તાંતણાઓથી બાંધી જ લીધા છે. બાળકની તે ચેષ્ટા જોઈને આર્દ્રકનું ચિત્ત દયાળુ બન્યું. આથી તેણે કહ્યું : બાળકે મારા પગોમાં સૂતરના જેટલા બંધન=આંટા કર્યા છે તેટલાં વર્ષો સુધી હું ગૃહવાસમાં રહીશ, તેથી અધિક નહિ. પછી સૂતરના બંધન ગણ્યા તો બાર થયા. આથી તેણે ઘરમાં રહીને બાર વર્ષો પસાર કર્યા. અવધિ પૂર્ણ થતાં તેણે વિચાર્યું : પૂર્વભવમાં મેં મનથી પણ ચારિત્ર ભાંગ્યું તો અનાર્યપણાને પામ્યો, પણ હમણાં તો સર્વથા ચારિત્ર છોડી દીધું

હોવાથી મારી કઈ ગતિ થશે ? પછી શ્રીમતીની રજા લઈને મુનિવેશ પહેરીને પવનની જેમ (અપ્રતિબદ્ધપણે) વિહાર કર્યો. આર્દ્રકમુનિએ એકવાર રાજગૃહનગરના માર્ગમાં પોતાના પાંચસો સામંતોને જોઈને ઓળખી લીધા. તે સામંતો ચોરી કરીને પોતાનો નિર્વાહ કરતા હતા. આથી મુનિએ તેમને પૂછ્યું: પેટને પૂરવાના બીજા ઉપાયો હોવા છતાં તમોએ આ શો ધંધો શરૂ કર્યો છે ? તેમણે પણ મુનિને આ પ્રમાણે કહ્યું: જ્યારથી આપે અમને વનમાં મૂકી દીધા ત્યારથી અમે શરમથી સ્વામીને પોતાનું મુખ બતાવતા નથી. આપને જ શોધતા અમે આટલી ભૂમિ સુધી આવ્યા છીએ. જીવનનિર્વાહનો બીજો ઉપાય ન મળવાથી ચોરીથી જીવીએ છીએ. મુનિએ કહ્યું : હે ભદ્રો ! સાંભળો, તમે ભવ્ય છો, તેથી હું તમને મળ્યો છું. માટે પોતે આચરેલા પાપની આલોચના કરીને ધર્મને આદરો. મુનિની ધર્મમય દેશના સાંભળીને પુણ્યશાલી તે રાજપુત્રોએ સંસારરૂપી સમુદ્રથી તારનારી દીક્ષા લીધી.

તેમનાથી યુક્ત આર્દ્રકમુનિ મહાવીર ભગવાનને વંદન કરવા રાજગૃહનગર તરફ ગયા. રસ્તામાં મળેલા ગોશાળાએ તેમની સાથે વિવાદ શરૂ કર્યો. તેણે કહ્યું : અહો ! માત્ર કષ્ટ જ જેનું ફલ છે તેવો આ તપ નિરર્થક કરવામાં આવે છે, કારણ કે સુખ અને દુઃખ વગેરે ભોગવવામાં [1]નિયતિ જ પ્રમાણ છે. જીવ સેંકડો ઉપાયોથી જે કાર્યને સાધી શકતો નથી તે કાર્ય નિયતિબળથી સહેલાઈથી થઈ જતું દેખાય છે. આર્દ્રકમુનિએ કહ્યું : જેમ તેમ ન બોલ. નિયતિ અને પુરુષાર્થ એ બંનેથી કાર્ય સિદ્ધિ થાય છે. જેમકે—થાળીમાં રહેલું ભોજન કર્મથી પ્રાપ્ત થયું છે. થાળીમાં રહેલું તે ભોજન જ્યાં સુધી હાથ મુખમાં ન મોકલે ત્યાં સુધી મુખમાં પેશતું નથી. અથવા કોઈક કાર્ય નિયતિથી થાય છે અને કોઇક કાર્ય પુરુષાર્થથી થાય છે. આથી કાર્ય નિયતિ અને પુરુષાર્થ એ ઉભયસ્વરૂપ જ છે, કયારેય એકસ્વરૂપ નથી જ. કહ્યું છે કે—"ભાગ્યનું બળ અચિંત્ય છે' નિયતિનું બળ અચિંત્ય છે, અને પુરુષાર્થનું બળ પણ અચિંત્ય છે. ખોદેલા કૂવા વગેરેમાં કયારેક આકાશમાંથી પાણી પડે છે તો કયારેક પાતાળમાંથી પણ પાણી આવે છે." આ પ્રમાણે આર્દ્રકમુનિએ દુષ્ટાત્મા ગોશાળાને નિરુત્તર કર્યો. કૌતુકવાળા દેવો, વિદ્યાધરો અને ગંધર્વોએ તેમની સ્તુતિ કરી.

હવે મુનિ હસ્તિતાપસોના આશ્રમમાં આવ્યા. તે આશ્રમમાં જીવદયાના આભાસથી ધર્મમાં ભ્રાન્તિવાળા તાપસો રહેતા હતા. અર્થાત્ તે તાપસો જીવહિંસાને પણ અજ્ઞાનતાથી જીવદયા માનતા હતા. તે આશ્રમ હાથીના માંસથી ભરેલું હતું. [કારણ કે તે તાપસો

---

૧ નિયતિ એટલે ભવિતવ્યતા. જે કાળે જે થવાનું હોય તે થાય તેને ભવિતવ્યતા કહેવામાં આવે છે. બધું જ ભવિતવ્યતા પ્રમાણે થાય છે, પ્રયત્ન કરવો નિરર્થક છે એમ માનનાર નિયતિવાદી કહેવાય. ગોશાળો નિયતિવાદી હતો. આથી તેણે પોતાના નિયતિવાદનું સમર્થન કરવા મુનિની સાથે વાદ શરૂ કર્યો.

હાથીનું માંસ ખાતા હતા.] ત્યાં તાપસોએ મુનિને કહ્યું: હણાયેલા ઘણા ધાન્યજીવોથી શું ? હણેલો એક હાથી શ્રેષ્ઠ છે, જેથી લાંબો કાળ પસાર કરી શકાય. [અર્થાત્ ધાન્યનું ભોજન કરવાના બદલે હાથીના માંસનું ભોજન કરવું જોઈએ. કારણ કે ધાન્યના ભોજનમાં ધાન્યના અનેક જીવો મરે છે. હાથીના માંસમાં એક જ હાથી મરે છે. એક હાથી મારીને મેળવેલું માંસ ઘણા વખત સુધી ચાલે છે. આમ હાથીનું માંસ ખાવામાં હિંસા ઓછી થાય.] તાપસોએ આ પ્રમાણે કહ્યું એટલે પાંચસો મુનિઓથી પરિવરેલા આર્દ્રકમુનિ જે દિશામાં હાથી લોઢાની સાંકળોથી બાંધેલો છે તે દિશા તરફ ગયા. તે હાથીએ ભક્તિથી નમ્ર લોકોથી વંદાતા મુનિને જોઈને કર્મલઘુતાથી નમવાની ભાવના કરી. અયસ્કાંત મણિ (=લોહચુંબક) સમાન મહર્ષિના દર્શનથી જતેની સાંકળે। તૂટીને પાપની જેમ દૂર પડી ગઈ. (હાથી મુનિ તરફ દોડ્યો.) હાથીને આવતો જોઈને લોકો પલાયન થઈ ગયા. ગમે તેટલો પવન હોય તો પણ મેરુ સ્થિર રહે તેમ મુનિ ભય પામ્યા વિના સ્થિર રહ્યા. હાથીએ મસ્તક નમાવીને મુનિના ચરણોને સ્પર્શી સ્પર્શીને પ્રણામ કર્યા, અને પરમ સુખને પ્રાપ્ત કર્યું. મુનિનો અતિશય પ્રભાવ જોઈને તાપસો ગુસ્સે થયા. પણ આર્દ્રક મહર્ષિએ તે બધાને પ્રતિબોધ પમાડ્યો. તેથી સંવેગ અને નિર્વેદથી યુક્ત તેમણે વીરજિનને નમીને મોક્ષની ઇચ્છાથી ચારિત્ર લીધું.

ત્યાં અભયકુમાર સહિત શ્રેણિકરાજાએ આર્દ્રકમુનિને વંદન કર્યું. આર્દ્રકમુનિએ રાજાને ધર્મલાભરૂપ આશીર્વાદ આપ્યા. રાજાએ કુશળતા પૂછીને મુનિને કહ્યું: હે મહર્ષિ ! હાથીનો બંધનથી છૂટવાનો આશ્ચર્યકારી પ્રસંગ સાંભળવાને ઇચ્છું છું મુનિએ કહ્યું: હે મહારાજ ! હાથીનું બંધનથી છૂટવું એ આશ્ચર્યકારી નથી, પણ સૂતરના તાંતણાઓના બંધનથી છૂટવું એ મને અતિશય દુષ્કર લાગે છે. શ્રેણિકે પૂછ્યું: તે કેવી રીતે ? આથી મુનિએ રેંટિયાનો અને સૂતરના તાંતણાનો પ્રસંગ વિસ્તારથી કહ્યો. તથા ધર્મપ્રાપ્તિમાં ઉપકારી હોવાથી અભયકુમારની પ્રશંસા કરી. નિષ્કારણવત્સલ એવા તેં મને પ્રતિબોધ પમાડ્યો એમ કહીને સઘળો વૃત્તાંત અભયકુમારને જણાવીને ધર્મલાભરૂપ આશીર્વાદ આપ્યા. આ પ્રમાણે આર્દ્રકમુનિનું આશ્ચર્યકારી ચરિત્ર સાંભળીને શ્રેણિક અને અભયકુમાર સહિત સર્વ લોકો હર્ષ પામ્યા. પછી બધા પોતાના ઘરે ગયા. આર્દ્રકમુનિએ રાજગૃહનગરમાં જિનેંદ્ર શ્રી વીરસ્વામીને વંદન કર્યું. પછી પોતાના મનુષ્યભવને સફળ કરીને અને સર્વ કર્મોનો નાશ કરીને આર્દ્રકમુનિ મોક્ષ પામ્યા. વિશુદ્ધ સંવેગથી દીક્ષા લીધી હોવા છતાં અને તે જ ભવમાં મોક્ષમાં જનારા હોવા છતાં આર્દ્રકમુનિ ચોવીશ વર્ષો સુધી ગૃહવાસમાં રહ્યા. ખરેખર ! વિષયો ભયંકર છે ! [૩૦]

સામાન્ય માનવની વાત દૂર રહી, તીર્થંકરના હસ્તે દીક્ષિત બનેલાને પણ સ્ત્રી-સંગથી દોષ થાય એમ જણાવે છેઃ–

पइदिवसं दहदह–बोहगोवि सिरिवीरनाहसीसोवि ।
सेणियसुओवि सत्तो, वेसाए नंदिसेणमुणी ॥ ३१ ॥

ગાથાર્થ :–દરરોજ દશ દશ પુરુષોને પ્રતિબોધ પમાડનારા (=પ્રતિબોધીને ચારિત્ર લેવા માટે મોકલનારા) હોવા છતાં, શ્રીવીરના હસ્તે દીક્ષિત બનેલા હોવાં છતાં અને શ્રી શ્રેણિક રાજાના પુત્ર હોવા છતાં શ્રી નંદીષેણમુનિ વેશ્યામાં આસક્ત બન્યા=બાર વર્ષ સુધી વેશ્યાના ઘરે રહ્યા.

ટીકાર્થ :–ગાથાનો ભાવાર્થ દૃષ્ટાંતથી જણાવે છે. તે આ પ્રમાણે :–

નંદિષેણમુનિનું દૃષ્ટાંત

કોઈક દેશમાં કોઈક બ્રાહ્મણે યજ્ઞ કરવાનું શરૂ કર્યું. તેમાં એક નોકરને યજ્ઞભૂમિનું રક્ષણ કરવાનું કહ્યું. જિનધર્મના જાણકાર તે નોકરે એકવાર તે બ્રાહ્મણને કહ્યું: યજ્ઞમાં અન્ન વગેરે જે કંઈ વધે તેનો હું પણ મને ઠીક લાગશે તે પ્રમાણે ઉપયોગ કરીશ. બ્રાહ્મણે તે પ્રમાણે સ્વીકાર્યું એટલે તે યજ્ઞભૂમિનું રક્ષણ કરવા લાગ્યો. યજ્ઞક્રિયા માટે વિદ્વાન બ્રાહ્મણોને બોલાવવામાં આવ્યા. [1]મધુપર્ક વગેરેનો તથા સેંકડો ઘડા પ્રમાણ ઘીનો હોમ કર્યો. દરરોજ ભાત, મોદક આદિથી અતિથિઓને જમાડવામાં આવે છે. સદાચારી તે નોકર દરરોજ વધેલું પ્રાસુક અન્ન અને ચોખાનું અતિશય શુદ્ધ પાણી મુનિઓને ભક્તિથી વહોરાવતો હતો. તે અવસર પ્રમાણે વસ્ત્ર વગેરે પણ મેળવીને મુનિઓને વહોરાવતો હતો અને વહોરાવ્યા પછી વંદન વગેરેથી આત્માને પવિત્ર કરતો હતો. તે મરીને દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાં તેણે ઘણા કાળ સુધી ભોગોને ભોગવ્યા. ભાવપૂર્વક કરેલી થોડી પણ ક્રિયા ફલવાળી થાય છે. ત્યાંથી તે શ્રેણિકરાજાના પુત્રપણે ઉત્પન્ન થયો, અને નંદિષેણ એવા નામથી પ્રસિદ્ધ થયો. ક્રમે કરીને તે યૌવનની શોભાને પામ્યો. પિતાએ તેને અનુપમ લાવણ્ય, રૂપ, સૌભાગ્ય અને શરીરની શોભાવાળી પાંચસો રાજકન્યાઓ પરણાવી.

આ તરફ [2]સલ્લકીવનમાં રહેલો હાથણીઓના ટોળાનો અધિપતિ એક હાથી જેમ અધિપતિદેવ દેવીઓની સાથે ક્રીડા કરે તેમ હાથણીઓની સાથે સ્વેચ્છા મુજબ ક્રીડા કરતો હતો. કોઈ હાથી મને મારીને આ હાથણીઓના ટોળાનો નાયક ન થાઓ એમ વિચારીને ઉત્પન્ન થયેલા હાથીરૂપ બચ્ચાને મારી નાખતો હતો. યજ્ઞ કરનાર બ્રાહ્મણનો જીવ તે ટોળામાં હાથણીના ઉદરમાં અવતર્યો. હાથણીએ આ ગર્ભનું હું કોઈ પણ પ્રકારે રક્ષણ કરીશ એમ વિચાર્યું. પછી તે કપટથી પગે લંગડી બનીને ધીમે ચાલતી હતી. આથી તે પાછળ રહી જતી હતી. એક પહોર પછી પ્રેમથી રાહ જોતા નાયક પાસે જઈને ભેગી થઈ જતી હતી. આ પ્રમાણે કપટથી કચારેક એક દિવસે તો કચારેક બે દિવસે ભેગી

---

૧. દહીં, ઘી, પાણી, મધ, અને સાકર એ પાંચ દ્રવ્યોના મિશ્રણને મધુપર્ક કહેવામાં આવે છે.

૨. સલ્લકી હાથીઓને પ્રિય એક જાતની વનસ્પતિ છે. સલ્લકીવનમાં એટલે સલ્લકી જેમાં અધિક હોય તેવા વનમાં.

થતી તેણે નાયકને વિશ્વાસ પમાડ્યો. સ્ત્રીઓથી કોણ કોણ નથી છેતરાતું ? પ્રસૂતિનો દિવસ નજીક આવતાં એક દિવસ નાયક દૂર હતો ત્યારે તે તાપસોના આશ્રમ પાસે ગઇ. તેને પોતાના મસ્તકે ઘાસનો પૂડો મૂકીને ચરણોમાં પડતી જોઇને તાપસોએ જાણ્યું કે આ શરણની માગણી કરે છે. આથી તાપસોએ તેને કહ્યું: હે વત્સે ! તું અહીં ભયરહિત રહે. જન્મ થતાં જ પુત્રને ત્યાં મૂકીને પોતે ટોળામાં જતી રહી. વચ્ચે વચ્ચે ગુપ્ત રીતે બાળકને ધવડાવે છે. તાપસો વડે સ્વાભાવિક પ્રેમથી ઘાસ અને સલ્લકીવનસ્પતિના પાંદડાઓથી પોષાતો તે ક્રમશઃ આશ્રમના વૃક્ષની જેમ વૃદ્ધિ પામ્યો. તે બાળકની જેમ ક્રીડા કરતો હતો અને ઘાસ વગેરે ખાતો હતો. તેણે સ્વયં મસ્તકે કેશજટાની વેણી કરી. તાપસો આશ્રમના વૃક્ષોને પાણી સીંચે ત્યારે તે પણ પાણી સીંચતો હતો. આથી તે પૃથ્વી પર 'સેચનક' એવા નામથી પ્રસિદ્ધ થયો. સાત હાથ ઊંચો, નવ હાથ લાંબો, ત્રણ હાથ જાડો, નાની ડોકવાળો, મહુડાના પુષ્પો જેવી પીળી આંખવાળો, સાતે અંગોથી સુંદર, ચારસો ચાલીસ સુલક્ષણવાળો અને ભદ્રજાતિનો તે હાથી ક્રમે કરીને મદોન્મત્ત બન્યો. નદીના કિનારે પાણી પીવાને માટે આવેલા પિતાને બળથી મારીને પોતે યૂથપતિ થયો.

પોતાના વૃત્તાંતને જાણીને તેણે હૃદયમાં વિચાર્યું કે, જેવી રીતે મારી માતાએ કપટ કરીને તપોવનમાં મારું રક્ષણ કર્યું અને જે રીતે ક્રૂરકર્મવાળા મેં મારા પિતાનું જેવું કર્યું તેવું બીજો કોઈ મારું ન કરે તેમ કરવું જોઇએ. આમ વિચારીને તેણે વાંદરો જેમ પક્ષીના માળાને ભાંગી નાખે તેમ તાપસોના આશ્રમને ભાંગી નાખ્યો. તાપસોએ વનમાં સારાં લક્ષણોવાળો એક હાથી છે અને તેણે અમારા આશ્રમને ભાંગી નાખ્યો છે એમ શ્રેણિકને કહ્યું. રાજા જંગલમાં જઇને તેને બાંધીને નગરમાં લઈ આવ્યો. પૂર્વે કયારે ય બંધન જોયું ન હોવાથી તે હાથી સર્પની જેમ અંતરમાં બળ્યો. મોટા સ્થાનમાં મોટા [1]આલાનમાં બંધાયેલો તે ઉદ્યમ વિનાનો બની ગયો. તે વખતે તે ગુસ્સોરોષવાળા માની પુરુષની જેમ આંખો મીંચીને રહ્યો, અર્થાત્ અંદરથી બળતો હતો, પણ બહારથી શાંત રહ્યો. તાપસોએ આલાનસ્તંભમાં બંધાયેલા તેની પાસે આવીને કહ્યું: તેં અમારા આશ્રમનું રક્ષણ સારું કર્યું ? હે દુરાત્મન્ ! અમોએ તારું ઘણા કાળ સુધી લાલન-પાલન કર્યું. છતાં તેં જે દુષ્ટઆચરણ કર્યું તેનું આ ફલ ભોગવે છે. આમ તાપસોએ તેનો તિરસ્કાર કર્યો. હાથીએ વિચાર્યું: ચોક્કસ એમના કહેવાથી હું આ દશાને પામ્યો છું. પછી તેણે આલાનસ્તંભને ઉખેડીને બંધનને તોડી નાખ્યું. ક્રોધથી લાલ આંખવાળા તેણે જલદી વનમાં આશ્રમ પાસે જઇને તાપસોની પાંદડાંઓથી બનાવેલી ઝુંપડીઓને તલની જેમ મસળીને કાપુસની જેમ ફેંકી દીધી. તાપસોના રક્ષણ માટે અને હાથીને પકડવા માટે અધ્યારૂઢ થયેલા પુત્રોની સાથે શ્રીશ્રેણિક રાજા વનમાં

---

૧. હાથીને બાંધવાના થાંભલાને આલાન કહેવામાં આવે છે.

ગયો. જેમ ક્ષીણ થયેલા મંત્રવાદીઓ દુષ્ટભૂતને મંત્રોથી વશ ન કરી શકે તેમ શ્રેણિકપુત્રો તેને વશમાં લાવવા સમર્થ ન થયા. જેમ [1]જાંગુલીનું વચન સાંભળીને સર્પ શાંત થઈ જાય તેમ હાથી નંદિષેણનું વચન સાંભળીને પૂર્વભવને યાદ કરીને જાણે ચિત્રમાં આલેખાયેલો હોય તેમ શાંત થઈ ગયો. બાળક જેમ બકરા ઉપર બેશે તેમ નંદિષેણ તે હાથી ઉપર બેસીને સહેલાઈથી તેને આલાનસ્તંભ પાસે લઈ આવ્યો. તેને સુંદર-લક્ષણોથી પૂર્ણ જાણે બીજો યુવરાજ હોય તેવો જાણીને શ્રેણિકરાજાએ પટ્ટહસ્તી કર્યો.

એકવાર અંતઃપુર અને પુત્રોના સમૂહથી યુક્ત શ્રેણિક રાજા ગુણશિલ નામના ઉદ્યાનમાં શ્રીમહાવીર પ્રભુને વંદન કરવા ગયો. ભગવાનની (દાન–શીલ–તપ–ભાવ એ) ચાર પ્રકારની કર્ણ માટે અમૃત સમાન દેશના સાંભળીને અભયકુમાર વગેરેએ ગૃહસ્થ-ધર્મના સારને મેળવ્યું. શ્રેણિકને પૂછીને કોઈ પણ રીતે વ્રતલેવાની ઈચ્છાથી શ્રીવીર પ્રભુની પાસે જતા શ્રેષ્ઠ બુદ્ધિવાળા નંદિષેણને આકાશમાં રહેલી દેવીએ સ્પષ્ટ કહ્યું: હે વત્સ ! શું ભોગફલવાળું કર્મ ભોગવ્યા વિના ક્ષય પામે ? અર્થાત્ ન પામે. આથી તું સમયની રાહ જો, ખોટી ઉતાવળ ન કર. ચારિત્રાવરણીય કર્મને ઘરમાં જ (રહીને) ખપાવ. સાધુના માર્ગમાં રહેલા મને કર્મ શું કરશે ? એ પ્રમાણે ધીરતાનું આલંબન લઈને નંદિષેણ શ્રીવીરપ્રભુની પાસે ગયો. પ્રભુએ પણ તેને ચારિત્ર લેવાનો નિષેધ કર્યો. પણ તે આગ્રહથી અટક્યો નહિ. હાથીના બે દાંત આગળના ભાગમાં જ હોય છે, પાછળ નહિ. હર્ષથી દીક્ષા લઈને તે પ્રભુની સાથે વિહાર કરવા લાગ્યા. અતિશય-દુઃસહ તપોથી પોતાના શરીરને કૃશ કરી નાખ્યું. ઉત્પન્ન થતી ભોગેચ્છાનો બળાત્કારથી નિરોધ કરવાની ઈચ્છાવાળા તેમણે શ્મશાન વગેરેમાં વિશેષે કરીને ઘોર આતાપના કરવા લાગ્યા. આમ છતાં ઇંદ્રિયરૂપી ચોરો વિકારરૂપ અરણ્યની અતિશય સન્મુખ આવવા લાગ્યા. આથી માની એવા તેમણે આપઘાતનો વિચાર કર્યો. શસ્ત્રથી શરીરને કાપવા લાગ્યા એટલે દેવીએ શસ્ત્રને બુઠું કરી દીધું. અગ્નિમાં પડવા લાગ્યા એટલે દેવીએ અગ્નિને ઠંડો કરી દીધો. ઝેરને ખાવા લાગ્યા એટલે દેવીએ ઝેરને શક્તિહીન કરી નાખ્યું. લટકીને ગળે ફાંસો ખાવા લાગ્યા ત્યારે દેવીએ બંધનને પાંદડાની જેમ છેદી નાખ્યું. પર્વત ઉપરથી પડવા લાગ્યા ત્યારે દેવીએ પકડીને આદરપૂર્વક કહ્યું : આ સંસારમાં શું કર્મને ભોગવ્યા વિના કોઈ ખપાવવા સમર્થ થાય છે ? ભોગવવા યોગ્ય કર્મ તીર્થંકરોને પણ અવશ્ય ભોગવવું જ પડે છે. તેથી તમે નિરર્થક જ પ્રયત્ન કરો છો. મારા વચનને કેમ યાદ કરતા નથી ?

અતિશય તપ કરનારા તે એકવાર છઠ્ઠતપના પારણે અજાણથી એકલા વેશ્યાના ઘરમાં પ્રવેશ્યા. ધર્મલાભ એ પ્રમાણે કહીને મુનિ જેટલામાં પાછા ફરી રહ્યા હતા તેટલામાં વેશ્યાએ હસીને આ પ્રમાણે કહ્યું: અમારે ધર્મલાભનું કામ નથી, અમને તો કેવલ ધનલાભ થાઓ.

---

૧. જાંગુલી=સર્પના ઝેરને ઉતારવાનો મંત્ર જાણનાર.

આ વેશ્યા પણ મને હસે છે એ પ્રમાણે વિચારીને અતિશય ગર્વને અધીન બનીને નંદિષેણ મુનિએ લબ્ધિથી આકાશમાંથી તણખલાને ખેંચીને ધનની વૃષ્ટિ કરી. હવે વેશ્યા પણ દોડીને ભમરીની જેમ તેમના ચરણોમાં પડી. ચરણોમાં પડીને તેણે કહ્યું: હે નાથ! કલ્પવૃક્ષ સમાન આપ આંગણામાં આવીને અનાથ અને આપના પ્રત્યે અનુરાગવાળી મને છોડી દો એ બરોબર નથી. જેમ હાથી પ્રિયવચનોથી અનુરાગવાળો બની જાય તેમ મહાત્મા પણ વેશ્યાના પ્રિય વચનોથી અનુરાગવાળા બની ગયા અને ભોગોને વિષ (જેવા) જાણતા હોવા છતાં આત્માને પ્રેમથી બાંધ્યો. રાગમાં મૂઢ બનેલા તે દેવીની વાણીને અને વીરવચનને યાદ કરીને સાધુવેશ મૂકીને વેશ્યાને ઘરે રહ્યા. દશ કે દશથી અધિક પુરુષોને જે દિવસે પ્રતિબોધ ન પમાડું તે દિવસે મારે દીક્ષા લેવી એવી પ્રતિજ્ઞા તે વખતે નંદિષેણે લીધી. નંદિષેણ ઘણા ભોગોને ભોગવવા લાગ્યા. તથા દરરોજ દશને પ્રતિબોધ પમાડીને શ્રીવીર જિનની પાસે મોકલ્યા પછી ભોજન વગેરે કરતા હતા. હવે ભોગવવા યોગ્ય બળવાન કર્મના બંધનનો ક્ષય થતાં એકવાર નવ પુરુષો પ્રતિબોધ પામ્યા, ટક્ક (=ભાટ) જાતિનો દશમો પુરુષ પ્રતિબોધ ન પામ્યો. સમયને જાણનારી વેશ્યાએ આ વખતે નંદિષેણને રસોઈ તૈયાર થઈ ગઈ છે એમ કહ્યું. અભિગ્રહ પૂરો ન થવાના કારણે તે ભોજન કરવા ઊભા ન થયા. (મહેનત કરવા છતાં) તે પ્રતિબોધ ન પામ્યો. તૈયાર થયેલું ભોજન નીરસ થઈ જતાં વેશ્યાએ વારંવાર તેમને બોલાવ્યા. હે સ્વામી! બીજું (=બીજીવાર) ભોજન તૈયાર થઈ ગયું છે. તેથી વિલંબ કેમ કરો છો? નંદિષેણે કહ્યું: આજે (હજી સુધી) દશમો પુરુષ પ્રતિબોધ પામ્યો નથી. વેશ્યાએ સ્મિતપૂર્વક કહ્યું: હે સ્વામી! તમે જ દશમા થઈ જાઓ. નંદિષેણે હા કહી. ભોગફલવાળું કર્મ ક્ષય પામ્યું છે એમ જાણીને નંદિષેણે શ્રી મહાવીર પ્રભુની પાસે જઈને ફરી દીક્ષા લીધી. પોતાના દુશ્ચરિત્રની આલોચના કરીને પરીષહોને સહન કરતા અને વિશુદ્ધ આત્માવાળા નંદિષેણ મુનિ દેવલોકમાં ગયા. આવા પણ નંદિષેણ મુનિ વિષયોથી વશ કરાયા એમાં શું આશ્ચર્ય છે! કારણ કે સ્મરણ માત્રથી હણનારા વિષયો વિષસમાન છે. [૩૧]

તે જ ભવમાં મોક્ષગામીઓને પણ વિષયો દુર્જેય છે એમ જણાવે છે:-

जउनंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ।
रहनेमी रायमई, रायमई कासि ही विसया ॥ ३२ ॥

---

૧. **आयुस्**=સ્થિતિકાલ. ભોગ્ય છે સ્થિતિકાલ જેનો તે **भोग्यायुस्. भोग्यायुस् कर्मबन्धनનું** વિશેષણ છે. "ભોગવવા યોગ્ય સ્થિતિકાલ છે જેનો એવા કર્મ બંધનનો નાશ થતાં" આ પ્રમાણે શબ્દાર્થ થાય. પણ અનુવાદમાં ભાવાર્થ લખ્યો છે.

ગાથાર્થ:-યદુનંદન, મહાત્મા, જિનબંધુ, વ્રતધારી અને ચરમશરીરી એવા પણ શ્રીરથનેમીએ રાજીમતી પ્રત્યે રાગમતિ કરી. એદની વાત છે કે વિષયો એદને લાવનારા છે, અર્થાત્ દુર્જેય છે.

ટીકાર્થ:-યદુનંદન=શ્રી સમુદ્રવિજય રાજાના પુત્ર. મહાત્મા=ઉપશાંત ચિત્તવાળા. જિનબંધુ=શ્રી નેમિજિનનાં લઘુબંધુ. વ્રતધારી=ચારિત્રધારી ચરમશરીરી.=તે જ ભવમાં મોક્ષગામી. રાજીમતી=ઉગ્રસેન રાજાની પુત્રી. જે વિષયોએ આવા પણ રથનેમીને વિકારોથી કાયર બનાવી દીધા તે વિષયો કોનાથી જીતી શકાય? અર્થાત્ વિષયોને જીતવા કઠીન છે. આ પ્રમાણે ગાથાર્થ છે. ભાવાર્થ તો દૃષ્ટાંતથી જાણવો. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે:-

રથનેમિનું દૃષ્ટાંત

વિરક્ત બુદ્ધિવાળા બાવીસમા શ્રી નેમિજિને રાજ્યનો અને રાજિમતીનો પણ ત્યાગ કરીને ગિરનાર પર્વત ઉપર દીક્ષા લીધી. તેમનો નાનો ભાઈ રથનેમિ રાજિમતીની સાથે વિવાહ કરવાની ઇચ્છાથી તેને પ્રસન્ન કરવા માટે (વિવિધ) ભેટો મોકલવા લાગ્યો. પોતાના બંધુના પ્રેમથી મારા વિષે પ્રેમવાળો તે ભેટો મોકલે છે એમ વિચારીને રાજિમતી પણ તેના પ્રત્યે સ્નેહથી કોઈ શંકા કર્યા વિના ભેટો સ્વીકારવા લાગી. એક દિવસ રથનેમિએ વિવાહ કરવાની ઇચ્છાથી રાજિમતીને પ્રાર્થના કરી. રાજિમતીએ મદન ફલ સુંઘીને ઉલટી કરીને તેને કહ્યું કે, આ ખાઓ. રથનેમિએ કહ્યું: શું હું કૂતરો છું? જેથી દુઃખી માણસની જેમ વમેલું ખાઉં. રાજિમતીએ કહ્યું: તો પછી તમારા બંધુએ તજેલી (=વમેલી) મને ભોગવવાને તમે કેવી રીતે યોગ્ય છે? વળી- હાથીને છોડીને ગધેડાને કોણ અધિક માને? રત્નનો અનાદર કરીને કાચમાં કોણ બુદ્ધિ કરે? આ બંધુના સ્નેહને અનુસરે છે એમ માનીને મેં ભેટો લીધી. જન્માંતરમાં પણ શ્રીનેમિજિન સિવાય બીજો કોઈ મારો વર ન થાઓ. શ્રીનેમિજિનને કેવલજ્ઞાન થતાં પતિવ્રતા રાજીમતી દીક્ષા લઈને સાધ્વી થઈ. વિહાર કરતાં ભગવાન એકવાર ગિરનાર પર્વત ઉપર સમવસર્યા. ત્યાં કૃષ્ણ વગેરે અંતઃપુરસહિત પ્રભુને વંદન કરવા ગયા. સંસાર પ્રત્યે વૈરાગ્યજનક ધર્મદેશના સાંભળીને રથનેમિએ શ્રીનેમિજિનની પાસે દીક્ષા લીધી. રાજીમતીની પાસે ઘણી સ્ત્રીઓ દીક્ષા લઈને તેનું બરોબર પાલન કરતી હતી. ઉત્તમ ફળ આપનારાં કાર્યોમાં પુણ્યશાલીઓ શું શિથિલ થાય? અર્થાત્ ન થાય.

એકવાર શ્રી નેમિજિનને વંદન કરીને જતા રથનેમિ રસ્તામાં વર્ષાદથી તકલીફમાં મુકાયા અને એથી પર્વતની ગુફામાં પેઠા. તે વખતે વર્ષાદથી તકલીફમાં મુકાયેલા રાજીમતીએ પણ ત્યાં રથનેમિ છે એમ નહિ જાણવાથી તે ગુફામાં પ્રવેશ કર્યો. માર્ગ ઉપર દૃષ્ટિ રાખીને રહેલા રથનેમિને રાજીમતીએ અંધકારથી ન જોયા. આથી તેમણે (ભિના થયેલાં) વસ્ત્રોને સુકાવવા માટે આજુ-બાજુમાં મૂકયાં. જાણે સ્વર્ગલોકને જીતવા માટે હોય તેમ, તપશ્ચર્યાને કરતા, વસ્ત્રથી રહિત બનેલા અને પાતળી કાયાવાળા રાજીમતીને જોઈને રથનેમિ અતિશય

કામાતુર થયા. આથી તેમણે વિચાર્યું: જાણે સૃષ્ટિનું સારભૂત ભેગું કરેલું હોય તેવી કાયાવાળી આ સ્ત્રીને મેં એકવાર પણ ભોગવી નથી. મારા નિરર્થક જન્મને ધિક્કાર થાઓ! જાણે ભાઈનો વેર વાળવા માટે હોય તેમ, કામે રથનેમિને મર્મસ્થાનોમાં તે રીતે હણ્યા કે જેથી અંતરમાં વ્યાકુલ બનેલા તે પોતાના આત્માને પણ ભૂલી ગયા. નોકરની જેમ કંઈક ધ્રુજતા શરીરવાળા અને વ્યાકુલ બનેલા રથનેમિ ઉઠીને રાજીમતીની આગળ આવીને આંખો ઊંચી કરીને ઊભા રહ્યા. પછી તેમણે રાજીમતીને કહ્યું: હે ભદ્રે! સ્વેચ્છાથી તું આવ. આપણે બંને (ભોગો ભોગવીને) જન્મને સફળ કરીએ. પછી છેલ્લી અવસ્થામાં તપશ્ચર્યા કરીશું. નહિ સાંભળવા લાયક આ સાંભળીને સરળ ચિત્તવાળા સતી રાજીમતીએ (તુરત) વસ્ત્રો પહેરી લીધા. પછી ધીરતા ધારણ કરીને રથનેમિને સ્પષ્ટ કહ્યું કે, હે મહાનુભાવ! ભવનું કારણ એવો આ તમારો પ્રયત્ન શો? (પૂર્વે લીધેલી) તે પ્રતિજ્ઞાને યાદ કરો. દીક્ષાને ભૂલો નહિ. સાધ્વીની સાથે મૈથુન સેવવું વગેરે બોધિઘાતક છે એમ શ્રી નેમિનાથે જે કહ્યું હતું તે શું આજે જ ભૂલી ગયા? કહ્યું છે કે-"સાધ્વીની સાથે મૈથુન સેવવાથી, ધર્મની અપભ્રાજના કરવાથી, મુનિનો ઘાત કરવાથી અને દેવદ્રવ્યનો વિનાશ કરવાથી બોધિનો ઘાત થાય એમ ભગવાને કહ્યું છે." પૂર્વે ગૃહસ્થાવસ્થામાં હતી ત્યારે મેં તમને વાણીથી ઈચ્છયા નથી, તો આજે ચારિત્રાવસ્થામાં તમારો આદર કેવી રીતે કરું? હું ભોગવંશમાં ઉત્પન્ન થઈ છું અને તમે અંધકકુળમાં ઉત્પન્ન થયા છો. આથી આવું અનુચિત કાર્ય બંનેની શરમને વધારનારું છે. અગંધનકુળમાં ઉત્પન્ન થયેલા તિર્યંચ સર્પો પણ વમેલું ખાતા નથી. વમેલાને ખાવાની ઈચ્છાવાળા (=બંધુએ વમેલી મને ભોગવવાની ઈચ્છાવાળા) તમે તેનાથી પણ અધિક હીન છો. નિષ્કલંક શરીરવાળા પ્રાણીનો આ જન્મ સફલ છે. ખંડિત બ્રહ્મચર્યવાળા પ્રાણીના જીવનને ધિક્કાર થાઓ! અહો! જેનાં મૂળિયાં ઉખડી ગયાં છે તેવું વૃક્ષ પવનથી સ્થિર ન રહે તેમ, સ્ત્રીઓથી વ્યાપ્ત લોકમાં તમારું ચંચળ હૃદય કયાંય સ્થિર નહિ રહે. તેથી કોડિના (રમવાની કોડિના) માટે કોડિનો (એક કોડ ધનનો) નાશ ન કરો. માટે ધીરતાને ધારણ કરીને શુદ્ધ ધર્મને સારી રીતે આચરો. કામોન્માદના બળરૂપી સર્પ માટે અસાધારણ જાંગુલી સમાન એવી રાજીમતીની વચનયુક્તિઓ સાંભળીને રથનેમિએ આ પ્રમાણે વિચાર્યું: ગુણોરૂપી સંપત્તિઓનું નિધાન આ રાજીમતી સ્ત્રી હોવા છતાં ધન્ય છે, અને હું પુરુષ હોવા છતાં અશુભ કાર્યરૂપી સમુદ્રમાં ડૂબેલા મને ધિક્કાર થાઓ! અહો! એ સ્ત્રી હોવા છતાં એનામાં નિર્મલ ધીરતા છે. હું પંચમહાવ્રતધારી પુરુષ હોવા છતાં મારી અધીરતાને ધિક્કાર થાઓ! મેં પૂર્વે અને હમણાં અનુચિત આચરણ કર્યું. મને ધિક્કાર થાઓ. અથવા અવસ્થા પ્રમાણે પુરુષોની લઘુતા અને મહત્તા થાય છે. આથી જે મહાસતીએ નરકરૂપી કૂવામાંથી મારો ઉદ્ધાર કર્યો છે તે જ મારા બંધુ છે, અથવા તે જ મારા ગુરુ

પણ છે, આમાં (જરાય) સંશય નથી. પુણ્યાત્મા રથનેમિ આ પ્રમાણે વિચારીને શ્રી-નેમિનાથની પાસે ગયા. તેમની પાસે દુશ્ચરિત્રની આલોચના કરીને ગાઢ તપનો સ્વીકાર કર્યો. રથનેમિએ ચારસો વર્ષ પછી દીક્ષા લીધી, એક વર્ષ સુધી છદ્મસ્થ રહ્યા, પાંચસો વર્ષ સુધી કેવલી રહ્યા. નવસો ને એક વર્ષ જેટલું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરીને સંપૂર્ણ વિશુદ્ધાત્મા રથનેમિ મોક્ષમાં ગયા. અહો! વિરતિવાળા આત્માને પણ પોતાને આધીન કર્યો તે આ વિષયો સર્વાધિક દુષ્ટ છે. [૩૨]

પૂર્વોક્ત ત્રણ દૃષ્ટાંતોનો ઉપસંહાર કરે છે:-

मयणपवणेण जइ तारिसावि सुरसेलनिच्चला चलिया ।
ता पक्कपत्तसरिसाण इयरसत्ताण का वत्ता ॥ ३३ ॥

ગાથા-ટીકાર્થ:- જો કામદેવરૂપી વાયુથી મેરુપર્વત જેવા ધીર શ્રી આર્દ્રક, નંદિષેણ અને રથનેમિ વગેરે મહામુનિઓ પણ ચલિતચિત્તવાળા બની ગયા તો પછી પાકેલાં પાંદડાં સમાન અધિક હીન જીવોની શી વાત કરવી? અર્થાત્ તેવા જીવો ચલાયમાન થાય તેમાં કોઈ આશ્ચર્ય નથી. [૩૩]

કામદેવની જ દુર્જેયતાને કહે છે:-

जिप्पंति सुहेणं चिय, हरिकरिसप्पाइणो महाकूरा ।
इक्कुच्चिय दुज्जेयो, कामो कयसिवसुहविरामो ॥ ३४ ॥

ગાથાર્થ:-સિંહ, હાથી, સર્પ વગેરે મહાક્રૂર જીવો સુખેથી જ જીતી શકાય છે= તે તે ઉપાયોથી વશ કરીને દમી શકાય છે, પણ મોક્ષસુખનો નાશ કરનાર એક કામદેવ જ દુર્જેય છે.

ટીકાર્થ:-કામદેવ દુર્જેય છે એ વિષે કહ્યું છે કે-**"આ પૃથ્વી ઉપર મદોન્મત્ત હાથીના કુંભસ્થળને ભેદવામાં શૂર મનુષ્યો (ઘણા) છે, કેટલાક પ્રચંડ સિંહનો વધ કરવામાં પણ કુશળ છે, પણ હું વિદ્વાનોની આગળ હઠથી (=મક્કમતાથી) કહું છું કે કામદેવના અભિમાનનો ચૂરો કરવામાં શૂર પુરુષો વિરલા છે."** [૩૪]

કામને જીતનારાઓની જ પ્રશંસા કરે છે:-

तिहुयणविमयणउब्भड-पयावपयडोऽवि विसमसरवीरो ।
जेहिं जिओ लीलाए, नमो नमो ताण धीराणं ॥३५॥

ગાથાર્થ:-સ્વર્ગ, મનુષ્ય અને પાતાલ એ ત્રણ લોકમાં રહેનારા જીવોને વશ કરવામાં સમર્થ એવા માહાત્મ્યથી યુક્ત પણ કામદેવ રૂપ સુભટને જેમણે રમતથી જીતી લીધો છે તે ધીર મહાત્માઓને વારંવાર નમસ્કાર હો.

ટીકાર્થ:- જેમણે આત્માને વશ કર્યો છે તે જ નમસ્કારને યોગ્ય છે અને તે જ ધીર પુરુષો વંદનીય છે. વીરપુરુષ વિદ્યાના બલવાળો હોય છે અને તે બીજાને છળથી પણ જીતે છે. કારણ કે તેમ કરવું એ તેનો ધર્મ છે. એ પ્રમાણે કામદેવ પણ પિશાચની જેમ છેતરે છે. કહ્યું છે કે-**"સ્ત્રીઓના મધ્ય ત્રિવલિરૂપી[1] ત્રિપથમાં[2] અને પુષ્ટસ્તનરૂપી ચોકમાં જરા પણ સ્ખલના પામેલા પુરુષને કામદેવરૂપી પિશાચ છેતરે છે."** [૩૫]

શીલથી યશ પણ અવશ્ય મળે છે એમ ઉપદેશ આપે

नियसीलवहणघनसार-परिमलेणं असेसभुवणयलं ।
सुरहिज्जइ जेहिं इमं, नमो नमो ताण पुरिसाणं ॥३६॥

ગાથાર્થ:- **ટીકાર્થ**:-જેઓ જાતે શીલને ધારણ કરવા[illegible] ત્રણે ભુવનને સુગંધી બનાવે છે તે પુરુષોને વારંવાર નમસ્કાર થાઓ ! આનો તાત્પર્ય એ છે કે જેમણે શીલથી સંપૂર્ણ જગતને વાસિત બનાવી દીધું છે તે જ વંદનીય છે. [૩૬]

(કામદેવના બાણોની) વિષમતાને વિશેષથી જણાવવા માટે કામદેવની દુર્જેયતાને કહે છે:-

रमणीकडक्खविक्खेव-तिक्खबाणेहिं सीलसन्नाहो ।
जेसिं गओ न भेयं, नमो नमो ताण सुहडाणं ॥३७॥

ગાથાર્થ:- જેમનું શીલરૂપી બખ્તર સ્ત્રીઓના [3]કટાક્ષરૂપી તીક્ષ્ણ બાણોથી ભેદાયું નથી તે સુભટોને વારંવાર નમસ્કાર થાઓ.

ટીકાર્થ:- જેમનું શીલરૂપી બખ્તર સ્ત્રીઓના કટાક્ષરૂપી તીક્ષ્ણ બાણોથી ભેદાયું નથી તેમને જ નમસ્કાર કરવો યોગ્ય છે. કયો જીવ સ્ત્રીઓથી ખંડિત થયો નથી ? કહ્યું છે કે-**"ધનને પામીને કોણ અભિમાની બન્યો નથી ? વિષયને અધીન બનેલા કયા પુરુષની આપત્તિઓ નાશ પામી છે ? પૃથ્વી ઉપર સ્ત્રીઓથી કોનું મન ખંડિત નથી કરાયું ? રાજાને કોણ પ્રિય છે ? કોણ કાળનો વિષય બન્યો નથી ? માગનાર કોણ ગૌરવને પામ્યો છે ? દુર્જનની જાળોમાં ફસાયેલો કયો પુરુષ કુશળપણે તેમાંથી બહાર નીકળ્યો છે ?"** [૩૭]

---

૧. મધ્યત્રિવલિ એટલે પેટ ઉપર પડતી ત્રણ કરચલીઓ.

૨. ત્રણ માર્ગો જ્યાં ભેગા થતા હોય તેને ત્રિપથ કહેવામાં આવે છે.

૩. **વિક્ષેપ**=ફેંકવું. વાકય ક્લિષ્ટ ન બને માટે અનુવાદમાં વિક્ષેપનો અર્થ કર્યો નથી. સ્વયં સમજી લેવો.

"વે આ જ વિષયને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :-

निवधूया नियरूवा-वहत्थियासेससुंदरीवग्गा ।
घणसोहग्गा निरुवम-पिम्मा लायण्णरुहरम्मा ॥३८॥
जरजज्जरथेरी इव, परिहरिया जेण नेमिनाहेण ।
बंभव्वयधारीणं, पढमोदाहरणमेस जए ॥३९॥

ગાથાર્થ:- પોતાના રૂપથી સર્વ સુંદરીઓનો ઉપહાસ કરનાર, અતિશય સૌભાગ્યના કારણે સર્વથી અધિક સ્પૃહણીય, નિરુપમ પ્રેમવાળી (=નવભવના સ્નેહવાળી), સૌંદર્ય અને કાંતિથી મનોહર એવી રાજપુત્રી રાજીમતીનો જે નેમિનાથ ભગવાને વૃદ્ધાવસ્થાથી શિથિલ થયેલા અંગોવાળી વૃદ્ધાની જેમ ત્યાગ કર્યો તે નેમિનાથ ભગવાન જગતમાં બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનારાઓમાં પ્રથમ દૃષ્ટાંત છે.

ટીકાર્થ- વૃદ્ધા નીરસતાના કારણે યુવાનોને ત્યાજ્ય હોય છે. નેમિનાથ ભગવાન વિરાગી હોવાથી તેમણે રાજીમતીનો વૃદ્ધાની જેમ ત્યાગ કર્યો. આથી નેમિનાથ ભગવાન બ્રહ્મચારીઓમાં પ્રથમ દૃષ્ટાંતરૂપ થયા. દૃષ્ટાંત અર્થને દૃઢ કરે છે. કહ્યું છે કે-**"યુક્તિથી અર્થનો વિચાર કરનાર પુરુષના વિષયમાં આવેલો અર્થ જ્યાં સુધી ઉઠાડનાર=ઉભો કરનાર પુરુષની જેમ દૃષ્ટાંતનો ટેકો ન લેવામાં આવે ત્યાં સુધી મગજમાં સ્ફુરતો નથી. (=મગજમાં બેસતો નથી.)"**

આ પ્રમાણે ગાથાનો શબ્દાર્થ છે. ભાવાર્થ તો **શ્રી નેમિનાથ ભગવાનના ચરિત્રથી** જાણવો. તે આ પ્રમાણે છે :-

શ્રી નેમિનાથના નવભવની કથા

(પહેલો ભવ ધન-ધનવતી)

જેમનું નવા નવા રસરૂપી અમૃતનું પોષણ કરતું નવભવનું ચરિત્ર નમનારા જીવોને જાણે નવનિધિ પ્રગટ કરે છે=બતાવે છે તે નેમિનાથ શાંતિ માટે થાઓ. એમના લાંછનમાં રહેલી શંખાકારની રેખાઓ જાણે ત્રણ જગતમાં એમના જ ચારિત્રની રેખા= પ્રતિષ્ઠા છે એમ કહે છે. તેમનું ચરિત્ર અહીં કહેવામાં આવે છે. અસંખ્ય દ્વીપશ્રેણિઓમાં દીપક સમાન આ (=જંબૂ નામના) દ્વીપમાં સર્વ સંપત્તિઓનું સ્થાન એવું ભરતક્ષેત્ર છે. ચંચળ પણ લક્ષ્મી તેમાં અચલા (=સ્થિર) થઇને રહી તેથી જ જાણે તેમાં 'અચલ' એવા નામનું પ્રસિદ્ધ શ્રેષ્ઠ નગર છે. તેમાં પરાક્રમથી અનેક રાજાઓનો પરાભવ કરનાર વિક્રમ નામનો રાજા હતો. યુદ્ધમાં લક્ષ્મી તેને પામીને વિષ્ણુના સૌભાગ્યને પામતી હતી, અર્થાત્ જેમ લક્ષ્મી વિષ્ણુને વરી તેમ યુદ્ધમાં લક્ષ્મી=સંપત્તિ વિક્રમ રાજાને વરતી હતી. તેની વિશુદ્ધ પાંખવાળી હંસલીના જેવી ધારિણી નામની પત્ની

હતી. તેણે એક દિવસ રાત્રિના અંતે સ્વપ્નમાં આમ્રવૃક્ષ જોયું. પછી કોઇ દિવ્યપુરુષે તેને કહ્યું : આ વૃક્ષને હું નવ વાર રોપીશ. તેથી ઉત્તરોત્તર એનું ઉત્કૃષ્ટ ફલ થશે. પહેલાં હું એને તારા આંગણે રોપીશ. સવારે જાગેલી રાણીએ રાજાને સ્વપ્ન કહ્યું : રાજાએ પંડિતોને તે સ્વપ્નનું ફળ પૂછ્યું. પંડિતોએ કહ્યું : આ સ્વપ્નનું પુત્રપ્રાપ્તિ-રૂપ મોટું ફળ થશે. આમ્રવૃક્ષને નવ વાર રોપવાનું ફળ શાસ્ત્રથી અમે જાણતા નથી, તેને તો જ્ઞાની જાણે. ધારિણીએ હર્ષના ભારની સાથે ગર્ભ ધારણ કર્યો. સમય થતાં કવિની વાણી જેમ સુંદર કાવ્યને જન્મ આપે તેમ ધારિણીએ પુત્રને જન્મ આપ્યો. રાજાએ દશ દિવસ સુધી પુત્રના જન્મનો મહોત્સવ કરાવ્યો. તેમાં કેદીઓને છોડાવ્યા, અને (ઘણું) દાન આપ્યું. રાજાએ બારમા દિવસે સ્વવંશમાં ઉત્પન્ન થયેલા લોકોને વસ્ત્રાદિથી પૂજ્યા અને પુત્રનું 'ધન' એવું સુંદર નામ રાખ્યું. ક્રમે કરીને કળાઓથી અને વયથી વધતો તે સ્ત્રીઓને મોહ પમાડનારા અને રતિને ક્રીડા કરવા માટે વન સમાન યૌવનને પામ્યો.

આ તરફ કુંકુમનગરમાં સિંહ નામનો રાજા હતો. તેને નિર્મલ આશયવાળી વિમલા નામની પત્ની હતી તથા જાણે લોકોના તાપને દૂર કરનારી સ્વર્ગમાંથી ઉતરેલી ગંગા હોય તેવી 'ધનવતી' નામની પુત્રી હતી. તે કલ્યાણકારી લક્ષણોથી યુક્ત હતી. તેના [૧]રતિ અને પ્રીતિ ઉપર વિજય મેળવવા માટે જાણે [૨]ફલક હોય તેવા બે ગાલ હતા. તે દુર્ગંધરૂપી અઘાડા (વનસ્પતિ)ને છેદવા દાતરડા સમાન હતી, અર્થાત્ તેનું શરીર સુગંધી હતું. તેનું મુખ નિર્મલ ચંદ્ર જેવું હતું. તેની કમળના જેવી દીપતી બે આંખો હતી. જાણે યૌવનરૂપી સમુદ્રનું અવગાહન કરવા (=સમુદ્રમાં પેસવા) સ્તનરૂપી ઘડાઓ જેણે મેળવ્યા છે એવી તે શોભતી હતી. તે એકવાર લક્ષ્મીદેવી કમળના વનમાં રમે તેમ ચમેલીવૃક્ષની સુગંધથી મનોહર ઉદ્યાનમાં જઈને સ્વેચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગી. વનમાં ભ્રમરીની જેમ ભમતી તેણે ચિત્રપટ્ટથી યુક્ત કોઈ પુરુષને અશોકવૃક્ષની નીચે બેઠેલો જોયો. આમાં શું છે? એમ બોલતી ધનવતીની સખી કમલિનીએ કૌતુકથી તેના હાથમાંથી ચિત્રસહિત ચિત્રપટ્ટને ઝુંટવી લીધું. ચિત્ર જોઈને તેણે કહ્યું : સુર, અસુર અને રાજાઓમાં આવું રૂપ સંભવિત નથી. તેથી ચોક્કસ કોઈ એ પોતાની ઇચ્છાથી પોતાનું કૌશલ બતાવવાની ઇચ્છાથી આ ચિત્ર આલેખ્યું છે. અહો! આંખોને અમૃતના પારણા સમાન આ રૂપ કેવું સુંદર છે! આમાં સામાન્ય ચિત્રકારની રેખામાત્ર પણ નથી એમ હું સમજુ છું, અર્થાત્ આ ચિત્ર કોઈ સામાન્ય ચિત્રકારે આલેખ્યું નથી. કમલિનીનું વચન સાંભળીને સ્મિતપૂર્વક ચિત્રકારે કહ્યું : આ કોઈ દેવ કે દાનવ નથી, કિંતુ ધન

૧. રતિ અને પ્રીતિ એ બંને કામદેવની પત્નીઓ છે.

૨. ખેડૂતો ખેતરને ખેડવા માટે હળની અંદર લોઢાનું અણીદાર સાધન રાખે છે. તેને ફલક=ફળું કહેવામાં આવે છે.

નામનો મનુષ્ય છે. તેના પણ સ્વાભાવિકરૂપનું આલેખન કરવા હું સમર્થ નથી. મેં જે પ્રમાણે તેનું રૂપ જોયું તે પ્રમાણે યથાશક્તિ કંઈક આ આલેખ્યું છે. આ ધન કોણ છે એમ પૂછ્યું એટલે ચિત્રકારે કહ્યું : અચલપુરના સ્વામી શ્રી વિક્રમ નામના રાજાનો આ ધન નામનો પુત્ર છે. રૂપનું સૌંદર્ય જોઈને અને ચિત્રકારનું વચન સાંભળીને ધનવતીના શરીરમાં તે જ ક્ષણે વિકસતા રોમાંચોરૂપી[૩] અંકુરો પ્રગટ થયા. વારંવાર ધનનું રૂપ જોઈ જોઈને ધનવતી જાણે મૂર્છા પામી રહી છે અને કંઈક આંખો ખોલી રહી છે એમ જોઇને કમલિનીએ ચિત્રકારને કહ્યું : હે ચિત્રના ભંડાર ! સારું ! સારું ! તેં ચિત્ર સારું ચિતર્યું છે. આ પ્રમાણે સ્પષ્ટ વક્રોક્તિ કહીને કમલિની બીજે જતી રહી. ધનવતી તેનું લાવણ્ય અતિશય પીને વિષ જેવા વનને છોડીને તૃષ્ણા સહિત ઘરે ગઈ. ધનમાં જ મનવાળી તે રાત–દિવસ બેસવામાં, સૂવામાં, જવામાં કે ભોજન કરવામાં એમ કયાંય ગરીબ માણસની જેમ સુખ ન પામી. એકવાર એકાંતમાં રહેલી તેને ખેદપૂર્વક સખીએ પૂછ્યું: હે સખી ! તું કૃષ્ણપક્ષની ચંદ્રકળાઓની જેમ દરરોજ ક્ષીણ કેમ થાય છે ? પાતળી કાયાવાળી ધનવતીએ જાણે રોષપૂર્વક કહેતી હોય તેમ કહ્યું: હે સખિ ! તું મને સામાન્ય માણસને ઉચિત શું કહે છે ? કારણ કે શું તારાથી પણ કંઈ ગુપ્ત છે ? કમલિનીએ કહ્યું: હે માનિનિ ! તારી વાત સાચી છે. તું ધનને ઈચ્છે છે એ હું સમજું છું. તે ચિત્રદર્શનને નિધાનની જેમ હું ભૂલી ગઈ નથી. જાણવા છતાં મેં તને જે મશ્કરીવાળું વચન કહ્યું તે માફ કર. કારણ કે હાસ્યથી કહેલું રોષ માટે થતું નથી. વળી– ત્યારથી તને ધન વિષે અનુરાગવાળી જાણીને મેં બીજા જ દિવસે જ્યોતિષીને આ વિષે પૂછ્યું હતું કે, આ મારી સખીને જે પુરુષ ગમ્યો છે તે પુરુષ તેનો પતિ થશે ? વિશ્વસનીય વચનવાળા તેણે પણ ',એ પ્રમાણે થશે" એમ કહ્યું છે. તેથી હે નિર્મલ ધનવતિ ! તું કાયરતાને છોડીને ધૈર્યને ધારણ કર. કમલિનીથી આ પ્રમાણે કહેવાયેલી ધનવતી કંઈક સુખ પામી.

એકવાર તે શણગાર સજીને પિતાને વંદન કરવા ગઈ. તેને જોઇને રાજા વરની ચિંતારૂપી સમુદ્રમાં ડૂબી ગયો. જાણે મહાત્માઓનાં ચિંતવેલાં કાર્યો (તત્કાળ) ફળે જ છે એમ ખરેખર ! તે જ વખતે વિક્રમરાજાની પાસેથી દૂત આવ્યો. રાજકાર્યની વિગત કહીને દૂત મૌન રહ્યો એટલે રાજાએ તેને પૂછ્યું: હે દૂત ! અચલપુરમાં આશ્ચર્ય શું છે ? દૂતે કહ્યું: હે દેવ ! પરાક્રમ એ જ જેનું ધન છે એવા વિક્રમરાજારૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલ અને ત્રણ ભુવનમાં પણ જેની કિંમત ન કરી શકાય તેવું ધન નામના પુત્રરૂપી કૌસ્તુભ રત્ન એ જ એક આશ્ચર્ય છે એમ આપ જાણો. હે નાથ ! તેવી રીતે કરવું જોઇએ કે

---

૩. **दन्तुर** શબ્દના ઊંચા દાંતવાળો, આગળ આવેલ, આગળ નીકળેલ વગેરે અનેક અર્થો છે. તેમાં અહીં "આગળ નીકળેલ" અર્થ ઘટી શકે છે. રોમાંચરૂપી અંકુરો જેને આગળ નીકળ્યા છે= પ્રગટ થયા છે, એવો શબ્દાર્થ થાય. ભાવાર્થ તો લખ્યા મુજબ જ છે.

જેથી ધન અને ધનવતીનું સર્જન કરનાર વિધાતાનો પણ પ્રયાસ સફલ થાય. રાજાએ કહ્યું: બરેબર ! મારા મનની વાત સમજીને તેં બરોબર કહ્યું છે. તેથી તું અચલપુર પાછો જા અને તારા વચનને સફલ કર. સખીએ આ વૃત્તાંત ધનવતીની આગળ કહ્યો. ધનવતીને સખીના વરપ્રાપ્તિના સૂચક વચન ઉપર વિશ્વાસ ન આવ્યો. આથી તેણે સખીને મોકલીને દૂતને પોતાની પાસે બોલાવ્યો. કારણ કે વિવેકી માણસો શંકાવાળા કાર્યમાં વિશેષ ઉદ્યમવાળા હોય છે. દૂતના મુખથી બધું સાંભળીને સુંદર મુખવાળી તે અતિશય આનંદ પામી. કંકુના પાણીથી પત્ર લખીને દૂતને આપ્યો. આ પત્ર ધનને પહોંચાડજે એમ કહીને તેને રજા આપી. આનંદિત મનવાળો તે દૂત જલદી અચલપુર ગયો. પછી દ્વારપાળ વડે સૂચન કરાયેલો (=રાજાને જણાવીને અંદર જવાની રજા અપાયેલો) તે સભામાં બેઠેલા રાજાની પાસે ઉપસ્થિત થયો. પછી દૂત બોલ્યો: હે દેવ ! વિસ્મયવાળા સિંહરાજાએ વિક્રમરાજાની કુશળતા પૂછી છે, અને ત્યાં (સિંહરાજાને) કુશળ છે. પણ આપના કુમારને પુત્રી ધનવતી આપવા માટે મને ઉતાવળે મોકલ્યો છે. ધનવતીના રૂપને અનુરૂપ વર ધન જ છે. તેથી સંતાનના સંયોગથી પણ તમારા બેનો સ્નેહ વૃદ્ધિ પામો. " તેમ થાઓ " એમ સ્વીકારી તે રાજાએ તેને રજા આપી. પછી તે ધનની પાસે ગયો. જાણે મૂર્ત સ્નેહ હોય તેવો ધનવતીનો પત્ર તેને આપ્યો. કુમારે જાતે પત્રને ખોલીને વાંચ્યો. તે જ વખતે અવસર પામીને કામદેવના બાણોથી હણાયો. પત્ર આ પ્રમાણે હતો :-"આપનાથી જિતાયેલો કામદેવ જાણે સ્પર્ધાથી મને હણે છે. તેથી મારી ઉપેક્ષા ન કરો. હે નાથ ! આ સિવાય બીજું કાંઇ હું માગતી નથી." તેની ચતુરાઇથી ખુશ થયેલા કુમારે પણ પોતાના મનોહર હારની સાથે શૃંગારયુક્ત પ્રતિપત્ર દૂતને આપ્યો. વસ્ત્રાદિથી પ્રસન્ન કરીને મોકલાયેલો દૂત કુંકુમનગર ગયો. કાર્ય સિદ્ધ થયું છે, એમ જણાવીને સિંહરાજાને સંતોષ પમાડ્યો. પછી કુમારનો હાર સહિત પત્ર ધનવતીને આપ્યો. તેણે એકાંતમાં બોલીને પત્ર વાંચ્યો. તે પત્ર આ પ્રમાણે હતો :-" રોમાંચોથી વિકસિત શરીરવાળા અને હૃદયમાં તને ધારણ કરતા મને પણ કામદેવ સ્પષ્ટ પીડા કરે છે. તેથી લગ્ન કરીને આ શત્રુને જીતવો જોઇએ." આ પ્રમાણે ધનને કામદેવની આજ્ઞામાં રહેલો જાણીને જાણે (ધનકુમારના) ગુણોની શ્રેણિ હોય તેવા તેના હારને કંઠમાં ધારણ કર્યો. પછી સારા દિવસે સિંહરાજાએ સ્વયંવરા (=જાતે વરને પસંદ કરનારી) ધનવતીને અચલપુર મોકલી. ધને તેને પરણીને જન્મને સફલ બનાવ્યો.

એકવાર ઉદ્યાનમાં શ્રીવસુંધર નામના જ્ઞાની બિરાજમાન છે એમ જાણીને વિક્રમરાજા પરિવાર સહિત વંદન કરવા ગયો. દિવ્યપુરુષે આમ્રવૃક્ષને નવવાર રોપવાનું જે કહ્યું હતું તેનું ફળ પૂછ્યું. જ્ઞાની સાધુએ નેમનાથના નવભવનું ચરિત્ર કહ્યું. જિનમતમાં સ્થિર બનીને બધા ય પોતાના ઘરે ગયા. એક દિવસ ધન અને ધનવતી ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયા. ત્યાં કોઈ મુનિને મૂર્છાથી ચેતના રહિત જોઇને ભક્તિથી

સ્વસ્થ કર્યા. તેથી ધન પોતાને ધન્ય માનવા લાગ્યો. તે મુનિની દેશના સાંભળીને ધન અતિશય વૈરાગ્યને પામ્યો. સાધુને ઘરે લઈ જઈને બંનેએ ખીર વહોરાવી. સાધુને માસકલ્પ સુધી ત્યાં રાખીને બંને ધર્મમાં દૃઢ પરિણામવાળા થયા. પિતાવડે રાજ્ય ઉપર બેસાડાયેલા ધને પૃથ્વીનું પાલન કર્યું. ધને ધનદત્ત અને ધનદેવ નામના બે ભાઈઓ અને ધનવતીની સાથે સુગુરુની પાસે દીક્ષા લીધી. ક્રમે કરીને આચાર્યપદ પ્રાપ્ત કરીને ભવ્ય લોકોને પ્રતિબોધ પમાડ્યો. મરણ સમયે બે બંધુઓ અને ધનવતીની સાથે અનશન સ્વીકાર્યું. મહિનાના અંતે આયુષ્ય પૂર્ણ કરીને સ્નેહથી યુક્ત ધન અને ધનવતી સૌધર્મ દેવલોકમાં ઇંદ્રના સામાનિક દેવ થયા.

ત્રીજો ભવ ચિત્રગતિ–રત્નવતી

આ તરફ વૈતાઢ્યપર્વતની ઉત્તર શ્રેણિનું આભૂષણ અને જાણે સૂર્યના તેજનો પુંજ હોય તેવું સૂરતેજ નામનું નગર હતું. તે નગરમાં વિદ્યાધરોમાં ઉત્તમ અને નામ પ્રમાણે ગુણવાળો શૂર નામનો રાજા હતો. જેમ વિષ્ણુને લક્ષ્મી પત્ની હતી, તેમ તેને વિદ્યુન્મતી નામની પત્ની હતી. ધનનો જીવ ત્યાંથી ચ્યવીને વિદ્યુન્મતીની કુક્ષિમાં પુત્ર પણે અવતર્યો. તેનું ચિત્રગતિ નામ પાડવામાં આવ્યું. કલાસમૂહને પાર પામનાર તે શોભવા લાગ્યો. વૈતાઢ્યપર્વતની જ દક્ષિણ શ્રેણિનું આભૂષણ શિવમંદિર નગર હતું. તેમાં ચંદ્રના જેવા ઉજ્જવલ યશસમૂહવાળો અનંગસિંહ રાજા હતો. સૌધર્મદેવલોકથી ચ્યવેલો ધનવતીનો જીવ તે રાજાની શશિપ્રભા નામની પત્નીની કુક્ષિમાં પુત્રીપણે ઉત્પન્ન થયો. તેનું રત્નવતી નામ પાડવામાં આવ્યું. જેમ સમુદ્રમાંથી ઘણાં રત્નો પછી લક્ષ્મી ઉત્પન્ન થઇ તેમ રત્નવતી ઘણા પુત્રો પછી ઉત્પન્ન થઈ. આથી તે માતા–પિતાને ઘણી પ્રિય હતી. જેમ લક્ષ્મીદેવીનો પતિ વિષ્ણુ છે તેમ રત્નવતીનો શ્રેષ્ઠ વર કોણ થશે? એમ વિચારીને રાજાએ જ્યોતિષીને પૂછ્યું. જ્યોતિષીએ કહ્યું: જેમ (દૂધ–પાણીનો) સુવિવેક કરવાની બુદ્ધિવાળી હંસલી માનસ સરોવરમાં લીલાપૂર્વક ખેલે, તેમ સુવિવેક કરવાની બુદ્ધિવાળી તમારી પુત્રી યુદ્ધમાં તમારા હાથમાંથી જે તલવાર ખેંચી લેશે અને નંદીશ્વરદ્વીપમાં જેના મસ્તકે પુષ્પવૃષ્ટિ થશે, વિશુદ્ધ ઉભયપક્ષવાળા તેના ચિત્તમાં લીલાપૂર્વક ખેલશે, અર્થાત્ તે તમારી પુત્રીનો વર થશે. રત્નવતી પુત્રીના વરને જાણવામાં ઉપયુક્ત બુદ્ધિવાળા વિદ્યાધરે આ પ્રમાણે સાંભળીને જ્યોતિષીને દાનથી ખુશ કર્યો.

આ તરફ ભરતક્ષેત્રમાં ચક્રપુર નામના નગરમાં જાણે લક્ષ્મીદેવીના કંઠનો અલંકાર હોય તેવો સુગ્રીવ નામનો રાજા હતો. તેની યશસ્વતી અને ભદ્રા એ બે પત્નીઓ હતી. તે બેને અનુક્રમે સુમિત્ર અને પદ્મ નામના બે ઉત્તમ પુત્રો હતા. તે બેમાં મોટો પુત્ર ગુણોથી શ્રેષ્ઠ અને જૈનધર્મનો જાણકાર હતો. બીજો તેનાથી વિપરીત સ્વરૂપવાળો, પાપી અને સર્પની જેમ ક્રૂર હતો. આ (=મોટો પુત્ર) હશે ત્યાં સુધી મારો પુત્ર રાજા

કેવી રીતે બનશે એમ વિચારીને ભદ્રાએ સુમિત્રને ઝેર આપ્યું. [૧]સુમિત્ર સંકટને પામે ત્યારે પદ્મ હર્ષિત કેવી રીતે બને ! એમ ક્રૂર ભદ્રાએ ન વિચાર્યું. સ્ત્રીઓને આવું વિચારવાની બુદ્ધિ કયાંથી હોય ? વિષના વેગથી સુમિત્ર મૂર્છા પામી રહ્યો છે એમ સાંભળીને રાજા મર્મસ્થાનમાં હણાયો. સંભ્રાન્ત બનેલો તે મંત્રીઓની સાથે જલદી તેની પાસે ગયો. મંત્રીઓએ કરેલા મંત્ર–તંત્ર વગેરે અનેક ઉપાયોથી પણ દુર્જનની દુષ્ટબુદ્ધિની જેમ વિષનો વેગ શાંત ન થયો. ભદ્રાએ વિષ આપ્યું છે એ પ્રમાણે લોકોક્તિને સાંભળીને ભદ્રા દુષ્ટ સર્પિણીની જેમ પલાયન થઈને કયાંક જતી રહી. રાજાએ સુમિત્રના પરલોકના ભાથારૂપ ધર્મ કર્યો, અને તેના ગુણોને યાદ કરી કરીને મુક્તકંઠે રુદન કર્યું. તે વખતે કૌતુક જોવાની આકાંક્ષાવાળા અને પૃથ્વી ઉપર ભમતા ચિત્રગતિએ સુમિત્રના દુઃખથી ચક્રપુરને દુઃખી થયેલું જોયું. પછી વિમાનમાંથી ઉતરીને સુમિત્રને વિષથી મૂર્છિત થયેલો જાણીને મંત્રથી પવિત્ર પાણી છાંટીને સચેતન કર્યો. બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ અને સ્વસ્થ ચિત્તવાળા સુમિત્રે ઊભા થઈને 'આ શું ?' એમ પૂછયું. અહો ! મંત્રનો પ્રભાવ ઘણો છે. તેને સકલ વૃત્તાંત કહ્યો. ઉત્કર્ષને સન્મુખ થયેલ અને સર્વ આશાઓને અદ્‌ભુત રીતે પ્રદીપ્ત કરતા (=વધારતા) એવા [૨]સુમિત્રે પદ્મને (=નાના ભાઈને) હર્ષિત બનાવ્યો. પછી તેણે ઊભા થઈને પ્રાણ આપવાથી ઉપકારી થયેલા ચિત્રગતિને નમીને તેનું કુળ વગેરે ઉત્કંઠાપૂર્વક પૂછયું. (ચિત્રગતિના) મંત્રીના પુત્રની પાસે રહેલા ચિત્રગતિના મિત્રે અતિશય હર્ષને કરનારું તેના વંશનું નામ વગેરે બધું કહ્યું. જેમ માટી ખોદતા કુંભારને નિધિનું દર્શન થાય તેમ, મને આપનો સંગ થવાથી વિષ આપનારી પણ સાવકી માતા મારી ઉપકારિણી બની એમ સુમિત્રે કહ્યું. પછી સુમિત્રે બંદીજનની જેમ ચિત્રગતિની સ્તુતિ કરી. તથા માતા–પિતા સહિત તેણે આગ્રહપૂર્વક (પોતાના ઘરે લઈ જઈને) પોતાની સમૃદ્ધિ પ્રમાણે ચિત્રગતિની સેવા કરી. પોતાના ઘરે જવા ઉત્સુક બનેલા અને એથી પોતાના ઘરે જવા માટે પૂછતા ચિત્રગતિને સુમિત્રે પ્રાર્થના કરી કે અહીં કેવલી પધારે ત્યાં સુધી રહો.

કેટલાક દિવસો પછી પૂર્વ પરિચિત કેવલજ્ઞાની પધાર્યા. ચિત્રગતિ સુમિત્ર વગેરેની સાથે વંદન કરવા ગયો. પછી આગળ જઈને બેઠેલા સુગ્રીવ વગેરેને કેવલી ભગવંતે ક્લેશનો નાશ કરનારી દેશના આપી. તે આ પ્રમાણે:–"આ ધર્મ મોક્ષાભિલાષી જીવોનો જામીન થાય છે, અર્થાત્ સંસારરૂપી કેદમાંથી છોડાવે છે. તેથી બુદ્ધિશાળીઓએ

૧ બીજા અર્થમાં સુમિત્ર એટલે સૂર્ય. સૂર્ય સંકટમાં હોય ત્યારે પદ્મ=કમળ વિકસિત કેવી રીતે બને ?

૨. બીજા અર્થમાં હૃદયને સન્મુખ થયેલા અને સર્વ દિશાઓને અદ્‌ભુત રીતે પ્રકાશિત કરતા સૂર્યે કમળને વિકસિત કર્યો.

અજ્ઞાનરૂપી અંધકારનો નિગ્રહ કરનાર આ ધર્મ કરવો જોઈએ. રાજાપણું, ચક્રિપણું અને દેવપણું વગેરે આ સમૃદ્ધિઓ સારી રીતે આરાધેલા આ ધર્મના જ પરમાણુઓ છે. ધર્મ મોક્ષ માટે છે. મોક્ષ માટેનો ધર્મ સાધુ અને શ્રાવકના ભેદથી બે પ્રકારનો છે. તેમાં એક ધર્મ (=સાધુધર્મ) મોક્ષનો સરળ માર્ગ છે. બીજો કંઈક વક્ર છે." પછી ચિત્રગતિએ કહ્યું : હા ! સંસારમાં હું છેતરાયો છું. કારણ કે આ ધર્મ સ્વાધીન હોવા છતાં મેં એક પ્રકારનો પણ ધર્મ આચર્યો નથી. આથી તેણે વ્રતોરૂપી શાખાઓથી ચારે તરફ વીંટાયેલા અને નિરતિચારપણારૂપ પુષ્પોથી અલંકૃત એવા સમ્યક્ત્વરૂપી કલ્પવૃક્ષનો આશ્રય લીધો. હવે નમતી ડોકવાળા (=નમતા મસ્તકવાળા) સુગ્રીવે મુનિને પૂછ્યું : સુમિત્રને વિષ આપીને તે ભદ્રા ક્યાં ગઈ ? મુનિએ કહ્યું : તે અહીંથી નાસીને રસ્તામાં જઈ રહી હતી ત્યારે ચોરોએ તેનાં વસ્ત્રો અને અલંકારો લૂંટી લીધાં અને તેને પલ્લિપતિની પાસે લઈ ગયા. પલ્લિપતિએ પણ તેને વણિકોની પાસે વેચી. તેમની પાસેથી નાસી છૂટેલી તે દાવાનલમાં બળીને પહેલી નરકમાં ગઈ. ત્યાંથી નીકળીને તિર્યંચપણામાં અનંતભવો સુધી ભમશે. રાજાએ કહ્યું : જેના માટે પાપ કર્યું તે પદ્મ જીવે છે અને પોતે નરકમાં ગઈ. અહો ! કર્મોની ગતિ વિચિત્ર છે. અસાર સંસારમાં જીવો નિરર્થક મોહ પામે છે. સંવેગમાં ઉત્સાહવાળા સુમિત્રે પણ તે વખતે કહ્યું : હે પિતાજી ! મને રજા આપો, જેથી હું દીક્ષા લઉં. જેમાં સ્ત્રીઓ શાકિનીની જેમ પુત્રોને પણ હણે છે તે દારુણ શ્મશાન જેવા આ સંસારથી હું કંટાળી ગયો છું. સંયમરૂપી ઉદ્યાનમાં [1]સારી બુદ્ધિવાળા સુગ્રીવે સુમિત્રને દીક્ષાનો નિષેધ કરી પોતાના રાજ્ય ઉપર બેસાડી સ્વયં દીક્ષા લીધી. નવા રાજા થયેલા મિત્ર સુમિત્રને નગરમાં પ્રવેશ કરાવી ચિત્રગતિ પોતાના નગરમાં ગયો. સુમિત્ર રાજાએ પદ્મને કેટલાંક ગામો આપ્યાં. પણ તે તેટલાં ગામોથી સંતોષ ન પામ્યો અને ઇચ્છા મુજબ પૃથ્વી ઉપર ભમવા લાગ્યો.

આ તરફ સુમિત્રની બહેન કે જે કલિંગ રાજાની પત્ની હતી, તેનું અનંગસિંહના પુત્ર કમલ વિદ્યાધરે અપહરણ કર્યું. સુમિત્રની સાથે થયેલી મૈત્રીનો આદર કરીને ચિત્રગતિ રાજાએ જાતે ત્યાં જઈને કમલની સાથે યુદ્ધ શરૂ કર્યું. પુત્રને સહાય કરવાની ઇચ્છાથી અનંગસિંહ ત્યાં આવ્યો. ચિત્રગતિએ યુદ્ધમાં તેને હથિયાર વિનાનો કરી નાખ્યો. હવે રત્નવતીના પિતા અનંગસિંહે ઘણા કાળ પૂર્વે દેવે આપેલા અને મારવામાં સર્વોત્તમ એવા ખડ્ગ મહારત્નનું સ્મરણ કર્યું. તે જલદી બોલ્યો : રે રે બાળક ! જલદી નાસી જા, અન્યથા હું તીક્ષ્ણ તલવારથી કમલના નાલની જેમ તારા મસ્તકને કાપી નાખીશ. ચિત્રગતિએ સ્મિતપૂર્વક કહ્યું : હે વૃદ્ધ ! શું તેં સાંભળ્યું નથી કે કાયરના હાથમાં રહેલું શસ્ત્ર વીરપુરુષોનું જ આભૂષણ થાય છે. પછી ચિત્રગતિએ જલદી

---

૧. સુગ્રીવનો શબ્દાર્થ 'સારી ડોકવાળા' એવો થાય. પણ તેવો અર્થ અહીં બંધ બેસતો જણાતો નથી. આથી સુગ્રીવ શબ્દનો "સારી બુદ્ધિવાળા" એવો ભાવાર્થ લખ્યો છે.

ચિત્તાની જેમ છલાંગ મારીને તેના હાથમાંથી તલવાર ખેંચી લીધી અને મિત્ર સુમિત્રની બહેનને લઈ લીધી. ચક્રપુર જઇને સુમિત્રને તેની બહેન આપી. વિરક્ત બુદ્ધિવાળા અને બુદ્ધિશાલીઓમાં શ્રેષ્ઠ એવા સુમિત્રે રાજ્ય ઉપર પુત્રને મૂકીને દીક્ષા લીધી. મોટા તપોને કરતા સુમિત્ર રાજર્ષિ મગધદેશમાં ગયા. ત્યાં કોઈ ગામની બહાર કાયોત્સર્ગમાં રહ્યા. ઓરમાનભાઇ પદ્મે કાયોત્સર્ગમાં રહેલા તેને જોઈને ક્રોધના આવેશથી ઘીની આહુતિની જેમ અગ્નિને પ્રજ્વલિત કર્યો. સુમિત્રને શત્રુ માનનાર, ક્રૂર સ્વભાવવાળા અને માતાની ગતિમાં જવાની ઈચ્છાવાળા તેણે ભાથામાંથી બાણ ખેંચીને પારધિની જેમ મુનિને મારી નાખ્યા. મહાત્મા પણ શુભધ્યાન અને આરાધના વગેરેથી સમાધિપૂર્વક મૃત્યુ પામીને બ્રહ્મલોકમાં મહર્દ્ધિક દેવ થયા. મિત્ર ચિત્રગતિએ સુમિત્રના મૃત્યુને જાણીને શોક કર્યો. પછી નંદીશ્વરમાં યાત્રા કરવાનો નિર્ણય કર્યો. પુત્રી રત્નવતી સહિત અનંગસિંહ તથા બીજા વિદ્યાધરો તીર્થયાત્રા માટે નંદીશ્વરમાં હર્ષથી ભેગા થયા. ત્યાં આનંદિત ચિત્તવાળા ચિત્રગતિએ શાશ્વતા અરિહંતોની દ્રવ્યપૂજા કરીને વિવિધ સ્તોત્રોથી સ્તુતિ કરી. તે આ પ્રમાણે :—હે સ્વામી ! અનંત સંસારભ્રમણથી થાકેલા જીવને મારવાડમાં મહાન સરોવરની જેમ એક તું જ આનંદ માટે થાય છે. સંસારમાં ડૂબેલો પણ હું જે તારું દર્શન પામ્યો તેનાથી નિઃશંકપણે ઉત્તરોત્તર સમૃદ્ધિઓને પામીશ. અહીં દિવ્યઋદ્ધિનું મૂળ એવા ચિત્રગતિને આદરથી યાદ કરીને સુમિત્રદેવે તેના મસ્તકે પુષ્પવૃષ્ટિ કરી. અનંગસિંહ વિદ્યાધરે પુષ્પવૃષ્ટિને જોવાથી અને આ ખડ્ગ હરણ કરનાર છે એમ જાણીને 'આ પુત્રીનો વર છે' એવો નિર્ણય કર્યો. તે વખતે દેવ અને ચિત્રગતિને પરસ્પર પ્રશંસા કરતા જોઇને ગર્વરહિત બનેલા વિદ્યાધરો ચિત્રગતિને નમ્યા. તે વખતે રત્નવતીની દૃષ્ટિ લાવણ્યરૂપી અમૃતના સાગર એવા ચિત્રગતિમાં તેવી ડૂબી કે જેથી રત્નવતી તે સ્થાનથી ન ખસી. રત્નવતીને ચિત્રગતિ પ્રત્યે અનુરાગવાળી જોઈને અને જ્યોતિષીના વચનને યાદ કરીને રત્નવતીના પિતાએ સૂર રાજાને આ વાત કહી. પછી તે બંનેએ આનંદથી તેમનો વિવાહ કરાવ્યો. કયો અજ્ઞાન માણસ પણ રત્નને સુવર્ણમાં ન જોડે ! ચિત્રગતિ ધનથી પુષ્ટ બનેલા અર્થ અને કામને રત્નવતીની સાથે આચરતો હતો. ક્રમે કરીને તે ચોથા પુરુષાર્થને સાધશે. ધનદત્ત અને ધનદેવ એ બે દેવ સ્વર્ગથી ચ્યવીને ચિત્રગતિના મનોગતિ અને ચપલગતિ નામના નાનાભાઈ થયા. ચિત્રગતિએ પુત્ર પુરંદરને રાજ્ય ઉપર બેસાડીને બે નાના બંધુઓ અને રત્નવતીની સાથે દીક્ષા લીધી. ઘણા તપને કરતા ચિત્રગતિમુનિએ ભવ્ય જીવોને ધર્મમાં પ્રવર્તાવ્યા. પાદપોગમન અનશનથી મૃત્યુ પામીને ચિત્રગતિમુનિ માહેંદ્ર નામના ચોથા દેવલોકમાં શ્રેષ્ઠ દેવ થયા. બે બંધુઓ અને રત્નવતી એ ત્રણ પણ ત્યાં જ દેવ થયા. ચઢિયાતા સુખરૂપી લક્ષ્મીવાળા તે દેવે હર્ષની વર્ષાથી સુખમય જીવનવાળા અને ઘણી સંપત્તિવાળા ચોથા દેવલોકમાં સાધિક સાત સાગરોપમ પ્રમાણ પોતાનું આયુષ્ય પસાર કર્યું.

(પાંચમો ભવ અપરાજિત–પ્રીતિમતી)

આ તરફ પૃથ્વીરૂપી સ્ત્રીના લલાટમાં તિલક સમાન પશ્ચિમ મહાવિદેહમાં પદ્મ નામનો વિજય છે. તેમાં સિંહપુરનગર છે. તેમાં દુશ્મનાવટરૂપી અગ્નિ માટે મેઘ સમાન હરિનંદી રાજા હતો. તેની કીર્તિથી આકાશમાં ચંદ્ર ટુકડા થયેલો દેખાતો હતો, અર્થાત્ રાજાની કીર્તિ સહન ન થવાથી ચંદ્ર જાણે ભાંગી પડ્યો હોય તેવો જણાતો હતો. તેની કામદેવ ઉપર દૃઢ શાસન કરનારી પ્રિયદર્શના નામની પત્ની હતી. તેના ચાંદની જેવા ઉજ્જ્વલ ગુણોએ જગતને આશ્ચર્યથી રંગી દીધું હતું. ચિત્રગતિનો જીવ માહેંદ્ર દેવલોકથી ચ્યવીને તે બેનો પુત્ર થયો. તેનું અપરાજિત નામ હતું. તે પવિત્ર બુદ્ધિવાળો હતો. અપરાજિતનો વિમલબોધ નામનો મંત્રીપુત્ર મિત્ર હતો. સુખમાં અને દુઃખમાં તે બંનેની બે નેત્રોની જેમ સમાન દશા હતી, અર્થાત્ એક સુખી હોય તો બીજો પણ સુખી રહેતો હતો અને એક દુઃખી હોય તો બીજો પણ દુઃખી રહેતો હતો. એકવાર તે બંને જંગલમાં અશ્વોને ખેલાવતા હતા. આ વખતે દુષ્ટ અશ્વો તેમને એક ક્ષણમાં દૂર મહાન જંગલમાં લઈ ગયા. તે બે અશ્વ ઉપરથી નીચે ઉતરીને લગામને ઢીલી કરે છે તેટલામાં ઘોડાઓ જલદી કૃતઘ્ન માણસની જેમ નીચે પડ્યા. માર્ગમાં થાકેલા અને તૃષાથી ઘેરાયેલા રાજપુત્ર અને મંત્રિપુત્ર કલિયુગમાં ન્યાય અને ધર્મની જેમ ક્ષણવાર નિસ્તેજ થઈ ગયા. મિત્ર જેવા સરોવરને પામીને અને અમૃત જેવા પાણીને પીને તે બંને જાણે સમુદ્રને પાર પામ્યા હોય તેમ સ્વસ્થ ચિત્તવાળા થયા. પછી રાજપુત્રે કહ્યું: હે મિત્ર! આપણી દેશાંતરમાં જવાની ઇચ્છા હતી તે (હમણાં) સફળ થઇ છે. જો કે માતા–પિતાની રજા લીધી ન હોવાથી તેઓને આપણો વિયોગ સહન કરવો પડશે, તો પણ તેઓ જેમ તેમ કરીને સહન કરી લેશે. તેથી આપણે આશ્ચર્યોથી પૂર્ણ પૃથ્વીતલ ઉપર ફરીએ. આ પ્રમાણે અનેક ચમત્કારોને જોવામાં પરાયણ તે બંને મદોન્મત્ત હાથીની જેમ ઇચ્છા મુજબ પૃથ્વી ઉપર ફર્યા. એક સ્થળે રાજપુત્રોથી ત્રાસ પમાડાયેલા અને શરણે આવેલા ચોરનું તેમણે રક્ષણ કર્યું, તથા રાજાના સૈન્યને જીતીને શ્રીકોશલરાજાની રૂપથી દેવસુંદરી જેવી કમલમાલા નામની પુત્રીને રાજપુત્ર પરણ્યો. એકવાર વિદ્યાધર રાજાની રત્નમાલા નામની પુત્રીનું એક વિદ્યાધરે અનુરાગથી અપહરણ કર્યું. તે કન્યા તેને ઇચ્છતી ન હતી. આથી તે રુદનપૂર્વક વિલાપ કરવા લાગી. તેના વિલાપથી આ જાણીને રાજપુત્રે વિવિધ શસ્ત્રોથી યુદ્ધ કરીને સૂર્યકાંત વિદ્યાધર પાસેથી તેને છોડાવી. સૂર્યકાંતે પણ તેના ધૈર્યથી ખુશ થઇને ચાંદાને રુઝવનારી મહા મૂલ્યવંતી મણિસહિત મૂલિકા વનસ્પતિ તેને આપી, તથા તેના મિત્રને રૂપ પરાવર્તન કરનારી ગુટિકા આપી. કારણ કે તેવા પુરુષો ગૌરવ કરવાનું જાણતા હોય છે. રત્નમાલાને પોતાના પ્રત્યે અનુરાગવાળી જાણીને તેના માતા–પિતાની અનુજ્ઞાથી રાજપુત્ર પરણ્યો.

ફરી અન્ય કોઈ નગરમાં ભુવનભાનુ વિદ્યાધરે જ્યોતિષીના વચનથી રાજપુત્રને પોતાની બે કન્યા પરણાવી. પછી ઘાતકથી હણાયેલા સુપ્રભ નામના રાજાના ઘાને રાજપુત્રે મૂલિકાના પ્રભાવથી રુઝવી દીધો. આથી શુભ બુદ્ધિવાળો તે સુપ્રભ રાજાની અસાધારણ સ્વરૂપવાળા રૂપની શોભાથી દેવાંગનાઓને ત્રાસ પમાડનારી કન્યાને પરણ્યો.

ત્યાં જ ફરતા તે બે એકવાર કુંડનપુરમાં આવ્યા. ત્યાં કમળ ઉપર બિરાજમાન કેવલજ્ઞાનીને વંદન કર્યું. કર્ણરૂપી પાત્રમાં અમૃતના તરંગવાળી તેમની દેશના સાંભળીને તેમણે પૂછ્યું: હે ભગવંત! અમે ભવ્ય છીએ કે અભવ્ય? જ્ઞાનીએ કહ્યું: તમે ભવ્ય છો. પછી જ્ઞાનીએ અપરાજિતને કહ્યું: તું બીજું સાંભળ, તું આ ભવથી પાંચમા ભવે નેમિ નામનો બાવીસમો તીર્થંકર થઈશ. આ મંત્રીપુત્ર (તારો) પ્રથમ ગણધર થશે. આ પ્રમાણે સાંભળીને હર્ષ પામેલા તે બે તીર્થોને વંદન કરતા ફરવા લાગ્યા.

આ તરફ જનાનંદ નામના નગરમાં જિતશત્રુ રાજા હતો. તેની શીલરૂપી અલંકારને ધારણ કરનારી ધારિણી નામની પત્ની હતી. રત્નવતીનો જીવ માહેંદ્રકલ્પથી ચ્યવીને ખાણમાં ઉત્તમ રત્ન ઉત્પન્ન થાય તેમ ધારિણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. સમય થતાં જેમ ચંદ્રની પ્રભા સુધાને (=અમૃતને) જન્મ આપે (=ઉત્પન્ન કરે) તેમ ધારિણીએ પુત્રીને જન્મ આપ્યો. તેનું પ્રીતિમતી નામ પાડ્યું. તે કન્યા ગુણોની સાથે વધવા માંડી. જાણે સરસ્વતીમાં લાંબા કાળ સુધી રહેવાથી ક્લેશ થવાના કારણે ઉદ્વિગ્ન બની હોય તેમ, સઘળી વિદ્યાઓ બીજે આધાર મેળવવાની ઇચ્છાથી તેનો જ આશ્રય લીધો. ક્રમે કરીને યૌવનને પામેલી તેણે પ્રતિજ્ઞા કરી કે– મને વિદ્યાથી જે જીતી લે તેને જ હું વરીશ. વિચક્ષણ પુત્રીની અતિશય મુગ્ધકેલીથી પૂર્ણ થાય તેવી પ્રતિજ્ઞાને જાણીને પિતાએ પુત્રીના વર માટે સ્વયંવર કરવાનો પ્રયત્ન કર્યો. જે જે કળાઓમાં પ્રીતિમતી અતિશય કુશળ વિખ્યાત હતી તે કલાઓનો અભ્યાસ કરવામાં રાજાઓની શ્રેણિ પ્રીતિવાળી બની. જિતશત્રુ રાજાએ બોલાવેલા ભૂચર અને ખેચર એ બધા ય રાજાઓ ત્યાં આવ્યા. પુત્રવિયોગની પીડાથી એક હરિનંદી રાજા ન આવ્યો. કેટલાક કૌતુકથી આવ્યા, તો કેટલાક ભાગ્ય અને સૌભાગ્યના અભિમાનથી આવ્યા. ત્યાં આવેલા રાજાઓથી (=એક જ સ્થળે બધા રાજાઓ ભેગા થવાના કારણે) બાકીની પૃથ્વી જાણે રાજાઓથી રહિત બની ગઈ. કલાકુશલતાની વિચારણારૂપ અમૃતનું પાન કરવાની ઇચ્છાથી અપરાજિત કુમાર પણ મિત્રની સાથે ત્યાં આવ્યો. પૂર્વે જોનાર કોઈ આપણને ઓળખી ન લે એમ વિચારીને તે બંનેએ મુખમાં ગુટિકા નાખીને જલદી રૂપપરાવર્તન કર્યું. આગળ ચાલતા [1]પ્રતિહારીઓ જેમની ગુણશ્રેણિ ગાઈ રહ્યા છે તેવા વિદ્યાધર અને ભૂચર રાજાઓ ત્યાં ઊંચા મંચ ઉપર બેઠા.

---

૧. કોશમાં પ્રતિહારી એટલે દ્વારપાલ એવો અર્થ પ્રસિદ્ધ છે. પણ અહીં પ્રતિહારી એટલે સદા સાથે રહેનાર છડીદાર પુરુષ એવો અર્થ વધારે બંધ બેસતો જણાય છે.

આ વખતે ઉત્તમ માલાથી યુક્ત, સખી સહિત અને જાણે દેવોને આકર્ષનારી સ્વર્ગમાંથી ઉતરેલી દેવી હોય તેવી પ્રીતિમતી આવી. તે કુમારીને જોતા બધા રાજાઓ તે રીતે કામથી મોહ પમાડાયા કે જેથી સ્થિર આંખોવાળા અને જડ જેવા થઈ ગયા. પ્રતીહારિણી સ્ત્રીએ પ્રીતિમતીને કહ્યું: આ સેંકડો ખેચર અને ભૂચર રાજાઓ બેઠેલા છે. એ રાજાઓમાં સરસ્વતીની જેમ પરીક્ષા કરીને શ્રેષ્ઠ વરને પસંદ કર. તે વખતે પ્રીતિમતીએ વાદિની (=વાદ કરનાર) થઈને અનેક પ્રશ્નો કહીને તેના ઉત્તરો પૂછ્યા. જાણે સ્ત્રીજાતિના પક્ષપાતથી સરસ્વતીએ અપરાધી માણસની જેમ સ્તંભિત કરી દીધા હોય તેમ, તે રાજાઓ ઉત્તર ન આપી શકયા.

આથી પ્રીતિમતીના પિતાએ વિચાર્યું: ખરેખર! વૃદ્ધ હોવાના કારણે ભૂલી જવાથી બ્રહ્માએ પ્રીતિમતીને અનુરૂપ વરનું સર્જન કર્યું નથી. મેં અહીં ચારે બાજુએથી બધા રાજાઓને ભેગા કર્યા. પણ તેઓમાં પુત્રીને યોગ્ય કોઈ નથી. હા! હવે શું થશે? મંત્રીએ રાજાને કહ્યું: હે મહારાજ! વિષાદ ન કરો. બહુરત્ના વસુન્ધરા= પૃથ્વી ઘણાં રત્નોવાળી છે. ગુણોથી અધિક પણ કોઈ પુરુષ હશે. તેથી હમણાં રાહ જુઓ. પછી રાજાએ પટહથી ઘોષણા કરાવી કે– અહીં જે કોઈ પ્રીતિમતીને જીતશે તે જ એનો વર થશે. આ સાંભળીને અપરાજિતે વિચાર્યું: મોટા માણસોને સ્ત્રી સાથે વાદ કરવો યોગ્ય નથી. કહ્યું છે કે–"બાળકની સાથે મિત્રતા, અકારણ હાસ્ય, ગધેડાનું વાહન, સંસ્કાર વિનાની વાણી, સ્ત્રીઓ સાથે વાદ અને ખલપુરુષોની સેવા આ છમાં પુરુષ લઘુતાને પામે છે." સ્ત્રી જીતાઈ જાય તો પણ તેમાં પુરુષનો ઉત્કર્ષ ન થાય. આમ વિચારીને અપરાજિતે (થાંભલામાં રહેલી) પુતળીનો દિવ્ય શક્તિવાળા મણિથી સ્પર્શ કર્યો. તેથી પૂતળીએ કહ્યું: હે પ્રીતિમતિ! માનને છોડ, મારી સાથે વાદ કર. આ રાજાઓ તો માણસના આકારે પશુઓ છે. મારા ગુરુ આ રાજપુત્ર અપરાજિતે મારા ઉપર હાથ મૂકીને જે મહેરબાની કરી છે તે મહેરબાનીથી વાદમાં તત્પર બનેલી મને બૃહસ્પતિ પણ ન જીતી શકે. સરસ્વતીની પુત્રી જેવી પૂતળીએ આ પ્રમાણે કહ્યું એટલે પ્રીતિમતીનું મન ખુશ થઈ ગયું. આથી વાદ કરવા માટે આવીને પ્રીતિમતીએ પૂતળીને પ્રશ્નો પૂછ્યા, અને પૂતળીએ તેના ઉત્તરો આપ્યા. તે આ પ્રમાણે: પ્રશ્નઃ ગુરુ કોણ? ઉત્તરઃ તત્ત્વજ્ઞ. પ્રશ્નઃ ધર્મ કયો? ઉત્તરઃ જીવદયા. પ્રશ્નઃ શું કરવું જોઈએ? ઉત્તરઃ ભવનો છેદ. પ્રશ્નઃ શું સત્ય છે? ઉત્તરઃ પ્રાણીઓનું હિત. પછી પૂતળીએ પ્રશ્ન પૂછ્યોઃ બ્રહ્મચારીઓની પત્ની કઇ? મૈત્રી બ્રહ્મચારીઓની પત્ની છે એવો આ પ્રશ્નનો ઉત્તર છે. પણ પ્રીતિમતી મણિના પ્રભાવથી આ ઉત્તરને ન જાણી શકી. આ પ્રમાણે જિતાયેલી પ્રીતિમતીએ પૂતળીને કહ્યું: શું આ માળા તારા કંઠે નાખું? પૂતળીએ ઉત્તર આપ્યોઃ મારા ગુરુ આ અપરાજિતના કંઠમાં શ્રેષ્ઠ માળા પહેરાવ. મુશ્કેલીથી પૂરી કરી શકાય તેવી તારી પ્રતિજ્ઞાને ક્ષણવારમાં

તેણે પૂર્ણ કરી છે. (અપરાજિતને જોઈને) પૂર્વભવના પ્રેમના કારણે પ્રીતિમતિના શરીરમાં રોમાંચો પ્રગટ થયાં અને એથી તેનાં વસ્ત્રો હાલી ઉઠ્યાં. પછી તેણે અપરાજિતના કંઠમાં વિશુદ્ધ માળાનું આરોપણ કર્યું.

આથી રાજાઓ ક્ષોભ પામીને શરમ વિના આ પ્રમાણે બોલવા લાગ્યા :– અરે! આ કાપડીયો વળી કોણ છે? કે જે અમે વિદ્યમાન હોવા છતાં આ કન્યાને પરણશે? આ પ્રમાણે પ્રચંડ ઉદ્યમવાળા અને કોપથી પૃથ્વીને કંપાવનારા તે રાજાઓ યુદ્ધ કરવા માટે જેમ સર્પો ગરુડની પાસે ઉપસ્થિત થાય તેમ અપરાજિતની પાસે ઉપસ્થિત થયા. કુમાર એક હોવા છતાં જાણે બહુરૂપી હોય તેમ, તેણે પવન ફોતરાઓને ફેંકી દે તેમ ચારે બાજુએથી બધા રાજાઓને પરાસ્ત કર્યા. પૂર્વે સ્ત્રીએ શાસ્ત્રોથી પુરુષોને જીત્યા હતા, અને હમણાં એક પુરુષે શસ્ત્રોથી અમને જીતી લીધા એમ વિચારીને ફરી ભેગા થઈને રાજાઓ લડવા લાગ્યા. જેમ ઇંદ્ર મોટા પર્વતોને પણ પાડી નાખે તેમ અપરાજિતે વેગથી કુદી કુદીને રાજાઓને બળ વિનાના કરીને પાડી નાખ્યા. પછી સોમપ્રભ નામના મામાએ ભયંકર યુદ્ધમાં પણ વાદળમાં ઢંકાયેલા સૂર્યની જેમ તેને ઓળખી લીધો. તેનાથી અટકાવાયેલા રાજાઓ ક્ષણવારમાં યુદ્ધ કરતા અટકી ગયા. મામાએ કુમારને સર્વ અંગોમાં આલિંગન કરીને આ પ્રમાણે કહ્યું: હે ભાણેજ! ઘણા સમયે તું જોવામાં આવ્યો. તું ભ્રમરની જેમ કેમ ભમે છે? તારી શોધ મેળવવા માટે તારા માતા–પિતા દુઃખી થઈ રહ્યા છે. તે રાજાઓએ પિતાના યાત્રિક (=સ્વજન) થઈને મહોત્સવપૂર્વક અપરાજિતનો પ્રીતિમતીની સાથે વિવાહ કરાવ્યો. જિતશત્રુરાજાએ પોતાના મંત્રી સુમતિની પુત્રીને અપરાજિતના વિમલબોધ નામના મિત્રની સાથે પ્રેમથી પરણાવી. વિવાહરૂપ મંગલ થઇ ગયા પછી તે બંનેએ પોતાનું સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું. પછી રાજાથી સત્કારાયેલ તે બંનેએ પોતપોતાના સ્થાનને અલંકૃત કર્યું.

અપરાજિત કુંડનપુરમાં રહેલો છે એમ જાણીને હરિનંદી રાજાએ તેને બોલાવવા માટે મહામંત્રી કીર્તિરાજને ત્યાં મોકલ્યો. અપરાજિતે પોતાની બેચરી અને ભૂચરી એ સર્વ પત્નીઓને કુંડનપુર બોલાવી લીધી. પછી સસરાની રજા લઈને પ્રીતિમતી (વગેરે સર્વ પત્નીઓ)ની સાથે ત્યાંથી ચાલ્યો. દાનથી પૃથ્વીના લોકોને ખુશ કરતો અને સમૃદ્ધિથી મોટા ઇંદ્ર જેવો જણાતો તે થોડા જ દિવસોમાં સિંહપુર નામના નગરમાં આવ્યો. અપરાજિત ઉત્કંઠાપૂર્વક પિતાના ચરણોમાં નમ્યો. તેની પત્નીઓ માતાને હર્ષથી નમી. મનોગતિ અને ચપલગતિ એ બે જીવો દેવલોકમાંથી ચ્યવીને અપરાજિતના સૂર અને સોમ નામના નાનાભાઈ થયા હતા. તે બે અપરાજિતને નમ્યા. એકવાર હરિનંદીએ પુત્રને રાજ્ય ઉપર બેસાડ્યો, અને પોતે દીક્ષા લઈને મોક્ષમાં ગયા. વિમલબોધ અપરાજિત રાજાનો મંત્રી થયો, પ્રીતિમતી તેની પટ્ટરાણી થઇ, અને બે

બંધુઓ માંડલિક રાજા થયા. (સમય જતાં) અપરાજિત રાજાએ પુત્ર પદ્મને રાજ્ય ઉપર બેસાડ્યો, અને પોતે બે બંધુઓ, મંત્રી અને પ્રીતિમતી પત્નીની સાથે દીક્ષા લીધી. મરણના અંતે અનશન પાળીને આયુષ્ય પૂર્ણ થતાં તે બધા આરણકલ્પમાં ઇંદ્રના સામાનિક દેવ થયા.

(સાતમો ભવ શંખ–યશોમતી)

આ તરફ સુખરૂપી લતાઓની વૃદ્ધિ માટે જલમય પ્રદેશ સમાન પ્રથમ (=જંબૂ) દ્વીપમાં રત્ન વગેરે ઘણી ઋદ્ધિઓથી સમુદ્ર સમાન શ્રી હસ્તિનાપુર નામનું નગર હતું. તેમાં હાથીઓથી દેવની સાથે સ્પર્ધા કરનાર શ્રીષેણ નામનો રાજા હતો. તેની શ્રેષ્ઠ હાથીના જેવી ચાલવાળી શ્રીમતી નામની રાણી હતી. શંખના સ્વપ્નથી સૂચિત અપરાજિતનો જીવ જેમ શંખ સમુદ્રમાં ઉત્પન્ન થાય તેમ શ્રીમતી રાણીની કુક્ષિમાં અવતર્યો. સમય થતાં તેનો જન્મ થયો. પિતાએ તેનું શંખ એવું નામ રાખ્યું. યૌવનની સન્મુખ બનેલો તે સર્વ કળાઓથી પૂર્ણ બન્યો. વિમલબોધનો જીવ સુબુદ્ધિમંત્રીનો પુત્ર થયો અને મતિપ્રભ એવા નામથી પ્રસિદ્ધ થયો. પૂર્વભવની જેમ તેની સાથે શંખને મૈત્રી હતી.

એકવાર સીમાડાના પ્રદેશના લોકોએ શ્રીશ્રીષેણ રાજાને જણાવ્યું કે, વિશાલ શિખરવાળા પર્વતની પાસે શ્રીચંદ્ર શિબિરા નામની નદી છે. ત્યાં સૈન્યવાળો, બલવાન અને અતિશય કષ્ટથી પકડી શકાય તેવો સમરકેતુ નામનો પલ્લિપતિ કિલ્લો બાંધીને રહેલો છે. તે આપના દેશની લક્ષ્મીને લૂંટે છે. આ પ્રમાણે ન સાંભળી શકાય તેવું સાંભળીને નિષ્કપટ પ્રતાપથી સૂર્ય સમાન અને તેનો નિગ્રહ કરવાની ઇચ્છાવાળા રાજાએ યુદ્ધપ્રયાણની ભેરી વગડાવી. પરાક્રમના ઉલ્લાસથી સિંહ સમાન શંખકુમારે રાજાને કહ્યું : હે પિતાજી ! માત્ર પલ્લિપતિને જીતવા આપ જાતે આટલો બધો ઉદ્યમ કેમ કરો છો ? ખુશ થયેલા રાજાએ તેને જવા માટે આદેશ કર્યો. સૈન્યથી પૃથ્વીતલને ઢાંકી દેનાર શંખકુમાર પલ્લીની હદ પાસે આવ્યો. પલ્લિપતિ નાસી ગયો, કિલ્લો છોડીને બીજી તરફ જતો રહ્યો. નીતિને જાણનાર યુવરાજ પણ સ્વયં ઝાડીમાં સંતાઈ ગયો. ગુપ્ત વિચારણાને જાણનાર તેણે સારસૈન્યથી યુક્ત પોતાના સામંતવડે પલ્લિપતિના મજબૂત કિલ્લાને સારી રીતે ગ્રહણ કરાયેલો કરાવ્યો, અર્થાત્ પોતાના સામંતને સારસૈન્ય લઈને કિલ્લામાં પ્રવેશ કરાવ્યો. અરે ! અરે ! શંખને જીવતો જ પકડો પકડો એ પ્રમાણે આદેશ કરતા પલ્લિપતિએ સુભટોને ગાઢ પ્રેરણા કરી. મહાબળવાળા કુમારે પણ જેમ જીવ કર્મોવડે પોતાને વીંટી લે છે તેમ કિલ્લામાં રહેલા પોતાના સુભટોની સાથે તેને ચારે બાજુથી વીંટી લીધો. તેને ચારે બાજુથી એવી રીતે ઘેરી લીધો કે જેથી તેને નાસી જવાનો કચાંય અવકાશ ન મળ્યો. આથી તે કંઠ (=ખભા) ઉપર કુહાડો મૂકીને કુમારના શરણે ગયો.

ચોરાયેલી વસ્તુઓ જેમ જેમ ઓળખાણી તેમ તેમ સીમાડાના અંતે રહેનારા લોકોને આપી. પછી કિલ્લામાં પોતાના સામંતને મૂકીને અને પદ્મિપતિને પોતાની સાથે લઇને કુમાર ચાલ્યો.

રસ્તામાં જતો તે એક દિવસ રાતે છાવણીમાં સુખપૂર્વક સૂતેલો હતો. આ વખતે તેણે કરુણ શબ્દ સાંભળ્યો. આથી તે તે તરફ ગયો. એક સ્ત્રીને રડતી જોઇને તેણે પૂછ્યું: હે ભીરુ! તારા દુઃખનું કારણ શું છે? વિશ્વાસ પામેલી તેણે આ પ્રમાણે કહ્યું: અંગ-દેશમાં ચંપકવૃક્ષોની સુગંધવાળી ચંપાનગરી છે. તેમાં જિતારિ રાજા છે. તેની કીર્તિમતી પત્ની છે. તેની કુક્ષિરૂપી છીપમાં મોતી સમાન યશોમતી નામની પુત્રી હતી. જાણે પૂર્વે ગુણોનો અભ્યાસ કર્યો હોય તેમ, તે ગુણોથી પૂર્ણ હતી (અનુક્રમે) તે યૌવનને પામી. બે [1]પક્ષથી (=પડખાઓથી) યુક્ત હોવા છતાં કલાસમૂહથી મનોહર હતી. જેમ [2]પદ્મિનીને (=સૂર્યવિકાસી કમલિનીને) ચંદ્ર ન ગમે તેમ આને રાજાઓ ન ગમ્યા. પણ એકવાર યુવાનોના ગુણોનું વર્ણન થઈ રહ્યું હતું ત્યારે શ્રીષેણ રાજાના પુત્ર શંખને સાંભળીને (અર્થાત્ શંખના ગુણોને સાંભળીને) તેના વિષે અતિશય અનુરાગવાળી થઇ. તેને શંખ વિષે અનુરાગવાળી જાણીને પિતાએ તેની પ્રશંસા કરી. એને આપવા માટે જિતારિ રાજાએ માણસોને જેટલામાં હસ્તિનાપુર મોકલ્યા તેટલામાં મણિશેખર વિદ્યાધરે તેની માંગણી કરી. આ શ્રીષેણના પુત્ર શંખને આપી દીધી છે એમ કહીને જિતારિએ તેને ના પાડી. જેમ સિંચાણો ચકલીનું અપહરણ કરે તેમ તેણે ક્રોધથી યશોમતીનું અપહરણ કર્યું. તેની બાહુમાં વળગેલી હું આટલી ભૂમિ સુધી આવી. અહીં તે પાપીએ મને બલાત્કારે તેના હાથથી છોડાવી દીધી. હું તેની ધાવમાતા છું. મારા વિના તે દુઃખથી રહેશે એવો વિચાર મને દુઃખી કરે છે. શંખે કહ્યું: હે મા! રડ નહિ, ધીરતાને ધારણ કર. આ હું જાઉં છું. તે વિદ્યાધરને હણીને હમણાં જ તારી કન્યાને પાછી લાવું છું. આ પ્રમાણે કહીને વીરોમાં ઉત્તમ શંખ તેને શોધવા માટે પ્રવૃત્ત થયો ત્યારે ખરેખર પૂર્વદિશાએ ઉદયાચલ પર્વત ઉપર દીપકની જેમ સૂર્યને જોયો. વિશાળ શિખરવાળા પર્વતની ગુફાના દ્વારમાં બેઠેલા અને યશોમતીને પ્રાર્થના કરતા તે અધમ વિદ્યાધરને શંખે જોયો. મારા પ્રાણપ્રિય સ્વામી શંખ જ છે, બીજો કોઈ નહિ, આ પ્રમાણે પોતાની પ્રતિજ્ઞાને બોલતી યશોમતીને શંખે સાંભળી. ઉત્સુક

---

૧. અહીં બે અર્થવાળો શબ્દપ્રયોગ છે. એક અર્થમાં **पक्षद्वययुता** એટલે બે પાંખથી યુક્ત. બે પાંખથી યુક્ત પક્ષી હોય. પક્ષીઓમાં કળા (=વિદ્યા) ન હોય. પણ યશોમતી બે પક્ષથી (=પડખાથી) યુક્ત હોવા છતાં તેનામાં કળાસમૂહ હતો. આથી અહીં કહ્યું કે તે બે પક્ષથી (=પડખાઓથી) યુક્ત હોવા છતાં કલાસમૂહથી મનોહર હતી.

૨. પદ્મિનીના પક્ષમાં **राजन्** શબ્દનો સૂર્ય અર્થ છે.

બનેલા શંખને આવતો જોઇને આ શંખ જ છે એવી કલ્પના કરીને વિદ્યાધરે શત્રુ માટે કાળ સમાન તલવારને ખેંચી. પછી તેણે યશોમતીને કહ્યું : જાણે મારા ભાગ્યથી જ ખેંચાયેલો હોય તેમ તારો સ્વામી આ શંખ મને મળ્યો છે, તો તું જો કે હમણાં જ એને દેવાંગનાઓનો અતિથિ કરું છું. તિરસ્કારપૂર્વક શંખ બોલ્યો : રે રે! અધમ વિદ્યાધર! પરસ્ત્રીની ચોરી રૂપ પાપવૃક્ષનું ફળ તને(હમણાં જ)બતાવું છું. જેમ સિંહ[૧]રેકારને (=રે એવા અક્ષરને સાંભળીને) પગ ઠોકીને પૃથ્વીને કંપાવે, તેમ વિદ્યાધર શંખકુમારના વચન સાંભળીને પગ ઠોકીને પૃથ્વીને કંપાવતો શંખકુમારની સામે આવ્યો. કુમારે અગણિતપુણ્યના પ્રભાવવાળા વિદ્યાધરરાજાના અવંધ્ય શસ્ત્રોને પોતાનાં શસ્ત્રોથી દૂર કર્યાં. પછી લાઘવતાથી તેના હાથમાંથી બાણ ખેંચીને તે બાણથી યોગી જેમ (શુદ્ધ) આત્માથી (અશુદ્ધ) આત્માને હણે તેમ તેને હણ્યો. બાણના પ્રહારથી તે છેદાયેલ મૂળવાળા વૃક્ષની જેમ નીચે પડ્યો. તેને પવન વગેરેથી સચેતન કરીને ફરી યુદ્ધ માટે આહ્વાન કર્યું. વિદ્યાધર બોલ્યો : હે કુમાર! ગુણાનુરાગવાળી આ જેમ તમારી પ્રિયા છે તેમ મને પણ આદેશ પ્રમાણે કરનાર તમારો નોકર જાણો. તથા સિદ્ધાયતનોની યાત્રાથી પુણ્યની વૃદ્ધિ માટે અને અમારા ઉપર અનુગ્રહ કરવા માટે વૈતાઢ્યપર્વત ઉપર મારી સાથે ચાલો. શંખકુમારે તેનો સ્વીકાર કર્યો. સેનાને પોતાનો વૃત્તાંત જણાવીને જલદી હસ્તિનાપુરમાં મોકલી દીધી. સ્વામી યુદ્ધમાં નીચે પડી ગયા, પણ શંખકુમારે એમને જીવાડ્યા, આથી તે સ્વામીના ઉપકારી છે, એમ વિચારીને મણિશેખરના સુભટો શંખકુમારને નમ્યા. યશોમતીની ધાવમાતાને ત્યાં બોલાવી લીધી. પછી વિદ્યાધરથી વિભૂષિત શંખકુમાર યશોમતી અને કન્યાની સાથે ક્રમે કરીને વૈતાઢ્ય પર્વત ઉપર ગયો. ત્યાં શંખકુમારે યશોમતીની સાથે નિષ્કપટચિત્તથી સિદ્ધાયતનોમાં શાશ્વતજિનોની પૂજા કરી. પછી મણિશેખર શંખકુમારને પોતાના નગર કનકપુરમાં લઈ ગયો. જાણે લક્ષ્મીદેવીની દાનશાળામાંથી આપતો હોય તેમ દિવ્યવસ્ત્ર વગેરેથી મણિશેખરે શંખકુમારની પૂજા કરી. ત્યાં શંખકુમારે શત્રુનો સંહાર, રાજ્યનું દાન વગેરેથી વીર વિદ્યાધરો ઉપર અનેકવાર ઉપકાર કર્યો. આથી ખુશ થઇને વિદ્યાધરોએ તેને અનેક વિદ્યાઓ આપી. શંખકુમારે ત્યાં તે વિદ્યાઓ સાધી. વિદ્યાધરોએ તેને પોતાની કન્યાઓ પણ આપી. પણ શંખકુમાર યશોમતીને પરણ્યો ન હોવાથી તે કન્યાઓને પણ પરણ્યો નહિ.

પોતાની પુત્રીઓથી યુક્ત વિદ્યાધરો અને યશોમતીની સાથે શંખકુમાર ચંપાનગરીમાં આવ્યો. આથી જિતારિ રાજાને ઘણો જ આનંદ થયો. ઘણી સમૃદ્ધિથી સ્વર્ગનો પણ પરાભવ કરનાર તે નગરમાં શંખકુમાર વિદ્યાધર કન્યાઓની સાથે યશોમતીને પરણ્યો. કર્તવ્યને જાણનારાઓમાં ઉત્તમ એવો શંખકુમાર શ્રીવાસુપૂજ્યસ્વામીની યાત્રા કરીને

૧. જેમ **कः एव ककारः**, તેમ **रे एव रेकारः**। રે અવ્યય છે. તે નીચ વગેરેને બોલાવવામાં વપરાય છે.

અને સર્વ સસરાઓને કહીને હસ્તિનાપુર ગયો. શ્રીષેણરાજાએ શંખ ઉપર રાજ્યધુરાને નાખીને દીક્ષા લીધી અને શુભધ્યાનથી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. એકવાર હસ્તિનાપુર પધારેલા શ્રીષેણ કેવલીએ સુવર્ણકમલ ઉપર બેસીને ધર્મદેશના આપી. શંખરાજા અંતઃપુર સહિત ત્યાં વંદન કરવા આવ્યો. ધર્મ સાંભળીને વૈરાગ્યને પામેલા તેણે કેવલીને પૂછયું : હે સ્વામી ! સત્ય વિચારથી (=પરમાર્થથી) સંસાર અસાર છે, તો પણ મારે યશોમતી વિષે પ્રેમનું બંધન શા માટે છે ? કેવલજ્ઞાનરૂપી પ્રકાશથી ચરાચર વિશ્વને જાણનારા કેવલી ભગવંતે તેમનો પૂર્વભવનો સંબંધ અનુબંધ (=પરંપરા) સહિત કહ્યો. હે રાજન્ ! ધનના ભવમાં એ તમારી ધનવતી નામની પ્રિયા હતી. બીજા ભવમાં તમે બંને પહેલા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્રીજા ભવમાં તમે ચિત્રગતિ થયા અને એ (તમારી પ્રિયા) રત્નવતી થઇ. ચોથા ભવમાં તમે બંને માહેન્દ્ર દેવલોકમાં ગયા. પાંચમા ભવમાં તમે અપરાજિત રાજકુમાર થયા, અને એ પ્રીતિમતી (તમારી પ્રિયા) થઇ. છઠ્ઠા ભવમાં તમે બંને આરણ દેવલોકમાં ગયા. સાતમા ભવમાં એ તમારી યશોમતી નામની પત્ની થઈ છે. આઠમા ભવમાં અપરાજિત વિમાનમાં તમે બંને દેવ થશો. ત્યાંથી ચ્યવીને તમે ભરતક્ષેત્રમાં યાદવકુળમાં જન્મ પામીને બાવીસમાં નેમિનામના તીર્થંકર થશો. આ યશોમતી રાજીમતી નામની કન્યા થશે. તમારા પ્રત્યે જ અનુરાગવાળી તે પરણ્યા વિના દીક્ષા લઇને પછી મુક્તિમાં જશે. આથી આ પ્રેમનો આવેગ જાગતો છે, (ઊંઘતો નથી), અને બંનેને નવમા ભવમાં મુક્તિના ફલરૂપે પરિણમશે. પૂર્વભવોમાં તમારા જે બે નાના બંધુઓ હતા તે આ બે બંધુઓ અને મતિપ્રભ મંત્રી એ ત્રણ તમારા ગણધર થશે. પછી શંખરાજાએ પુત્ર કંડરીકને રાજ્ય ઉપર બેસાડીને પ્રિયા, નાના બે બંધુઓ અને મંત્રીની સાથે દીક્ષા લીધી. વિશ્વને શાંતિ આપવામાં સમર્થ આ શંખમુનિ કોઇ અપૂર્વ શંખ હતો, કે જે શંખ[1] તપરૂપી તાપને પામવા છતાં રાગની સહાય ન લીધી. અરિહંતભક્તિ આદિથી વિશસ્થાનકની આરાધના કરીને શંખમુનિએ તીર્થંકર નામ કર્મને શુદ્ધ (=દૃઢ) નિકાચિત કર્યું. વૈરાગ્યને વહન કરતા, આસક્તિરહિત અને શુદ્ધતાને ધારણ કરતા શંખમુનિ શંખની જેમ શોભતા હતા, પણ અંદર (=અંતરમાં) [2]વક્રતાથી રહિત હતા. સંલેખના કરીને ભાવના, ક્ષમાપના, દુષ્કૃતગર્હા, અનશન, ચાર શરણનો સ્વીકાર અને પંચપરમેષ્ઠીને નમસ્કાર આ છ પ્રકારે આરાધના કરવાપૂર્વક અંતરંગ શત્રુઓનો ક્ષય કર્યો. પછી મમતારહિત બનેલા તે મુનિએ પાદપોપગમનનો સ્વીકાર કર્યો. શંખમુનિ મૃત્યુ પામીને યશોમતી આદિની સાથે અપરાજિત નામના અનુત્તર વિમાનમાં ગયા.

---

૧. શંખના પક્ષમાં રાગ એટલે રંગ. ભૌતિક શંખ તાપને સહન કરે તો તેનો રાગ=રંગ બદલાઈ જાય છે, પણ ભગવાન તપરૂપી તાપને સહન કરવા છતાં રાગને આધીન બનતા નથી.

૨. શંખ અંદર વક્ર હોય છે.

ત્યાં તે જીવ હૃદયમાં આંતરિક આનંદનો અનુભવ કરતો હતો, તથા અરિહંતના ગુણ-ગાનમાં સુખનો અનુભવ કરતો હતો. આ રીતે તેણે ત્યાં તેત્રીસ સાગરોપમપ્રમાણ આયુષ્ય પસાર કર્યું.

(નવમો ભવ નેમિનાથ–રાજીમતી)

આ તરફ જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્ધમાં જાણે લક્ષ્મીનો ભંડાર હોય તેવો શ્રીકુશાર્ત નામનો દેશ હતો. સર્વપ્રકારના ધાન્યરૂપી સંપત્તિથી યુક્ત, લાંબા ચોખાઓથી શોભિત તે દેશના ઉત્તમ ક્ષેત્રમાં [1]નિરીતિતા એ એક દોષ હતો. તે દેશમાં પ્રગટ થયું છે અતિશય શૌર્ય જેમાં એવું શૌર્યપુર નામનું નગર હતું. તે નગરની લક્ષ્મીને જોવાના કુતૂહલવાળો ઇંદ્ર હજાર આંખોવાળો થયો. પૂજ્ય જૈનશાસનથી યુક્ત અને દશાર્હોમાં પ્રથમ એવો સમુદ્ર વિજય તે નગરમાં જ્યોતિષ્ચક્રમાં ચંદ્રની જેમ રાજા હતો. વિષ્ણુને પાર્વતીની જેમ સમુદ્ર વિજયને શિવાદેવી પત્ની હતી. સાત અંગના દાનથી તે પતિને શંકરને જેટલી પાર્વતી પ્રિય હતી તેનાથી પણ અધિક પ્રિય હતી. આ તરફ કાર્તિક વદ બારસની મધ્યરાત્રિએ કન્યા રાશિમાં રહેલા ચંદ્રનો ચિત્રાનક્ષત્રમાં યોગ થયો ત્યારે ત્રણ જ્ઞાનથી વિભૂષિત તે શંખનો જીવ અપરાજિત વિમાનથી ચ્યવીને શિવાદેવીની કુક્ષિમાં અવતર્યો. આ સમયે ક્ષણવાર નારકોને પણ સુખ થયું, અને ત્રણ જગતમાં સર્વ તરફ ઉદ્યોત પ્રગટ્યો. હાથી, ધ્વજ, સિંહ, લક્ષ્મીદેવી, પુષ્પમાળા, રત્નપુંજ, બળતો અગ્નિ, ચંદ્ર, સૂર્ય, વિમાન, પદ્મસરોવર, સમુદ્ર, વૃષભ અને કુંભ એ ચૌદ સ્વપ્નોને મુખમાં પ્રવેશતાં જોઈને રોમાંચોરૂપી તરંગોથી વ્યાકુલ બનેલા શિવાદેવી માતા જાગી ગયા. શિવાદેવીએ સમુદ્રવિજયને સ્વપ્નની વિગત કહી. સાંભળીને આનંદ પામેલા સમુદ્રવિજયે પોતાના કોષ્ટુકિ નામના નિમિત્તવેત્તાને સ્વેચ્છાથી વાણીથી સ્વપ્નનું ફલ પૂછ્યું. પુણ્યથી તે જ વખતે ચારણશ્રમણ પણ ત્યાં પધાર્યા. તે વખતે મહાસ્વપ્નોને સાંભળીને તે બેએ સ્વપ્નનું ફળ આ પ્રમાણે કહ્યું:– મહાપુણ્યથી પ્રાપ્ત કરી શકાય એવી સંપત્તિઓ જેમનાથી મળે તેવાં આ સ્વપ્નોને તીર્થંકરોની કે ચક્રવર્તીની માતા જુએ છે. આથી આપને ત્રણ જગતનું રક્ષણ કરવા માટે દીક્ષા લેનાર, જેનું દર્શન અભય આપનારું છે, સર્વ જીવોનો આધાર, કુલનો મુગુટ અને લોકોત્તર એવો પુત્ર થશે. વિસ્તૃત ઉદયવાળા રાજા અને રાણી આ પ્રમાણે સાંભળીને આનંદ પામ્યા. બહુમાનપૂર્વક સત્કાર કરીને તે બંને જ્ઞાનીને જવાની રજા આપી.

આસનકંપથી બાવીસમા તીર્થંકરને ગર્ભમાં અવતરેલા જાણીને ઇંદ્રો જિનને નમીને ખુશ થયા. લક્ષ્મીએ રાજાનું પોષણ કર્યું, અર્થાત્ રાજાની લક્ષ્મીની વૃદ્ધિ થઈ. દેશનો

---

૧. **निर्गतो इतिः यस्मात् तद् निरीति, निरीतिनो भावः निरीतिता,** આ વિગ્રહ પ્રમાણે **निरीतिता** એટલે ઈતિનો=ઉપદ્રવનો અભાવ એવો અર્થ થાય. પણ અહીં ગ્રંથકારે **निकृष्टा रीतिः= मर्यादा यस्मिन् तद् निरीति, निरीतिनो भावः निरीतिता,** આવો વિગ્રહ કલ્પીને નિરીતિતાને દોષરૂપ જણાવેલ છે. આ વિગ્રહમાં નિરીતિતા એટલે રીતિનો=મર્યાદાનો અભાવ એવો અર્થ થાય.

અભ્યુદય થયો. રાજાના ભંડારોમાં રત્નોની વૃષ્ટિ થઈ. જેમ લક્ષ્મી ચતુરાઇને, કવિની વાણી સારા અર્થને અને ખાણ અમૂલ્ય રત્નને ધારણ કરે તેમ શિવાદેવીએ ગર્ભને ધારણ કર્યો. શિવાદેવીએ શરીર જાણે પ્રભુના પ્રભાવથી પ્રગટ થયેલ શુક્લધ્યાનરૂપી અમૃતથી લેપાયું હોય તેમ, પીળું ધારણ કર્યું, અર્થાત્ શિવાદેવીનું શરીર કંઇક પીળું થયું. શુભગર્ભના પ્રભાવથી શિવાદેવીને થયેલા "કેદીઓને મુક્ત કરવા" વગેરે દોહલાઓને રાજાએ પૂર્ણ કર્યા. રાજાએ જ્યારે જે [1]પુંસવન વગેરે ક્રિયા કરવાની ઇચ્છા કરી ત્યારે તે ક્રિયા ઇંદ્રે આવીને જલદી કરી દીધી છે એમ રાજા જોતો હતો. આશ્ચર્ય છે કે પ્રભુ મોટા થવા છતાં માતાનું ઉદર ન વધ્યું. સંપત્તિમાં કે વિપત્તિમાં મોટાઓમાં વિકૃતિ કયાંથી થાય ? શ્રાવણસુદ પાંચમની (મધ્ય) રાત્રિએ ચિત્રાનક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો અને લગ્ન સૌમ્ય ગ્રહોથી યુક્ત થયું ત્યારે શિવાદેવીએ પુત્રને જન્મ આપ્યો. આસનના પ્રકંપથી છપ્પન દિક્કુમારીઓ ત્યાં આવી અને પોતાના આગમનને જણાવીને જિનને નમી. કેટલીક કુમારીઓ સંવર્તવાયુથી એક યોજન સુધી સૂતિકાગૃહને શુદ્ધ કરીને પ્રભુની પાસે ઊભી રહીને જિનના ગુણો ગાવા લાગી. બીજી કેટલીક કુમારીઓ ભૂમિને સુગંધી પાણીથી સિંચીને પ્રભુથી દૂર રહીને નૃત્ય કરવા લાગી. કેટલીક હાથમાં ઝારી લઇને, કેટલીક હાથમાં દર્પણ લઇને, કેટલીક હાથમાં ચામર લઇને, કેટલીક હાથમાં પંખાને લઇને, કેટલીક હાથમાં દીવડીઓને લઇને, માતાની સાથે જિનને નમીને, પ્રભુની નજીક ઊભી રહીને, જિનના ગુણોને ગાવા લાગી. કેટલીક કુમારીઓએ જિનના નાલને છેદીને પૃથ્વીમાં દાટ્યો અને ખાડાને કપૂર વગેરે સુગંધી પદાર્થોથી પૂરી દીધો. કેટલીક કુમારીઓએ સૂતિકાગૃહથી પૂર્વ, ઉત્તર અને દક્ષિણદિશામાં સિંહાસનથી યુક્ત ચોકવાળા મનોહર ત્રણ કદલીગૃહો કર્યાં. તે કદલીગૃહોમાં (દક્ષિણદિશામાં) જિનને અને માતાને [2]ઉદ્વર્તન કર્યું, (પૂર્વદિશામાં) સ્નાન કરાવ્યું, પછી ચંદન રસથી વિલેપન કરીને વસ્ત્ર–અલંકાર વગેરેથી વિભૂષિત કર્યા. તે વખતે (ઉત્તરદિશામાં) ચંદનની ભસ્મ કરી, તે ભસ્મની રક્ષાપોટલી કરીને બંનેના હાથે બાંધી, પછી પર્વત તુલ્ય દીર્ઘ આયુષ્યવાળા થાઓ એમ કહીને બે ગોળા અફાડ્યા.

હવે સૌધર્મેંદ્રે આસનકંપથી આવીને, સૂતિકાગૃહને ત્રણ પ્રદક્ષિણા કરીને, જિન અને માતાને નમીને, માતાને અવસ્વાપિની નિદ્રા આપીને, જાણે સ્પષ્ટપણે પ્રભુના પાંચ મહાવ્રતોને માગવાની ઇચ્છાવાળો હોય તેમ, પાંચ રૂપ કર્યા. એક રૂપથી હાથમાં જિનને ધારણ કર્યાં. એક રૂપથી જિન ઉપર છત્ર ધારણ કર્યું. બે રૂપોથી જિનને બે ચામર વીંઝ્યા. વારંવાર ડોકને વાળીને જિન મુખ ઉપર દૃષ્ટિ નાખતો તે પાંચમા રૂપથી જિનની

---

૧. પુંસવન એટલે સ્ત્રીને ગર્ભ રહ્યા પછી અમુક સમયે કરવામાં આવતો એક પ્રકારનો સંસ્કાર.

૨. ઉદ્વર્તન એટલે શરીરને સ્વચ્છ કરનાર ચૂર્ણ વગેરે ચોળીને શરીરને સાફ કરવું.

આગળ વજ્રને ઉછાળતો ચાલવા લાગ્યો. અતિ પાંડુકંબલા નામની શિલા ઉપર પૂર્વ-દિશામાં જિનને પોતાના ખોળામાં પધરાવ્યા. તે વખતે બીજા ત્રેસઠ ઇંદ્રો તે જ પ્રમાણે ભેગા થયા. આભિયોગિક દેવોએ બનાવીને મૂકેલા, એક યોજન ઊંચા, તીર્થના પાણીથી ભરેલા, સોનું, રૂપું, રત્ન અને માટી એ ચાર કેવલના (=મિશ્રણ વિના) પ્રત્યેકના બનાવેલા એક હજાર ને આઠ તથા સુવર્ણ–રૂપું, સુવર્ણ–રત્ન, રૂપું–રત્ન, સુવર્ણ–રૂપું · રત્ન એ પ્રમાણે મિશ્રણથી પ્રત્યેકના બનાવેલા એક હજાર ને આઠ કળશોથી અને તેટલી જ ઝારીઓથી વાંજિત્રના નાદપૂર્વક ઇંદ્રોએ પ્રભુનું સ્નાત્ર (=જન્માભિષેક) કર્યું. ખુશમન-વાળા અચ્યુત વગેરે ઇંદ્રોએ ક્રમશઃ જિનેંદ્રનો અભિષેક કરીને, દિવ્યપુષ્પો વગેરેથી જિનેંદ્રની પૂજા કરીને સ્તુતિ કરી. હવે ઈશાનેંદ્રે પાંચ રૂપ કરીને પ્રભુને પોતાના ખોળામાં લીધા. પછી પ્રભુનો અભિષેક કરવા તત્પર થયેલા સૌધર્મેંદ્રે ચાર દિશાઓમાં સ્ફટિક મણિના ચાર વૃષભો કરીને તેમના શિંગડાઓમાંથી ઉછળતા પાણીની ધારાઓથી પ્રભુનો અભિષેક કર્યો. તુંબરુ (=ગંધર્વ જાતિનો દેવ) સ્વામીના ગુણોને ગાવા લાગ્યો. ઇંદ્ર સ્તુતિ કરવા લાગ્યો. દેવાંગનાઓ વાજિંત્રના ધ્વનિપૂર્વક પ્રકટ નૃત્ય કરવા લાગી. ઇંદ્રે પ્રભુને સુગંધી કષાયરંગના વસ્ત્રથી લૂછીને, કલ્પવૃક્ષના પુષ્પોથી પૂજીને, દિવ્ય બે વસ્ત્રો પહેરાવ્યાં. પ્રભુની આગળ દિવ્ય ચોખાઓથી અષ્ટ મંગલ આલેખીને ગવાતા મંગલ ગીતોપૂર્વક આરતીની વિધિ કરી. ઇંદ્રની પુત્રી રંભા વગેરે અપ્સરાઓના નૃત્યપૂર્વક ઇંદ્રે નાટક કરાવ્યું. જેમના કંકણ અને નૂપુર રણકાર કરી રહ્યા છે તેવી નૃત્ય કરતી અપ્સરાઓએ નેત્રકટાક્ષોથી પુષ્પોની જેમ જિનનું પૂજન કર્યું. જેના બે હાથરૂપી કમલ[1] ભેગા થઈ રહ્યા છે એવા ઇંદ્રે પ્રભુના કંઠમાં પુષ્પમાળા પહેરાવીને કાવ્યરૂપી પુષ્પોથી પ્રભુની પૂજા કરી, અર્થાત્ સ્તુતિ કરી. તે આ પ્રમાણે :– હે પ્રભુ ! આપની શરીરકાંતિરૂપી ઇંદ્રનીલમણિની શ્રેણિને જોતી મારી હજાર આંખો આજે જ પ્રસન્ન થઈ રહી છે. હે યદુનાયક ! આપના શરીરની યમુના નદીના જલ જેવી શ્યામકાંતિ એ પૃથ્વી ઉપર ગંગાના જલ જેવા ઉજ્જવલ યશની ઉત્પત્તિ છે એ આશ્ચર્ય છે, અર્થાત્ શ્યામકાંતિ ઉજ્જવલ યશને ઉત્પન્ન કરે છે એ આશ્ચર્ય છે. આ મેરુચૂલિકાની પૃથ્વી મહારત્નોથી પૂર્ણ છે તે પણ અવશ્ય અમૂલ્ય રત્ન એવા આપનાથી જ રત્નવાળી થઈ છે. આપે આ દક્ષિણાવર્ત શંખને ખોળામાં ધારણ કર્યો છે તેથી ખરેખર ! એ શંખ પૂજનારાઓનાં વાંછિતોને અવશ્ય પૂરે છે. આ પ્રમાણે સ્તુતિ કરીને જિનને ઈશાનેંદ્ર પાસેથી પોતાના બે હાથમાં લઈને પૂર્વ પ્રમાણે જ પાંચ

---

૧. અહીં '**मुखेन्दुकान्त्येव**' એ શબ્દોનો અર્થ વાકચ ક્લિષ્ટ થઈ જાય એ હેતુથી અનુવાદમાં કર્યો નથી. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે :– અહીં ઇંદ્રના હાથને કમળની ઉપમા આપી છે અને એ બે હાથરૂપી કમલ ભેગા થઇ ગયા (=ભિડાઈ ગયા) એમ જણાવ્યું છે. કેમ ભેગા થઇ ગયા ? એ પ્રશ્નનો કલ્પનાથી ઉત્તર આપ્યો છે કે જાણે ભગવાનના મુખરૂપી ચંદ્રની કાંતિથી ઇંદ્રના બે હાથરૂપી કમલ ભેગા થઈ રહ્યા છે. સૂર્યવિકાસી કમળ ચંદ્રની હાજરીમાં બીડાઇ જાય છે.

રૂપો કરીને માતાની પાસે મૂકયા. જેમ સૂર્ય પદ્મિનીની નિદ્રાને (=સંકોચને) દૂર કરે તેમ ઇંદ્રે શિવાદેવીની અવસ્વાપિની નિદ્રાને દૂર કરી અને જિનના પ્રતિબિંબને સંહરી લીધું. ઇંદ્રની આજ્ઞાથી કુબેરે સમુદ્રવિજય રાજાના ઘરમાં હર્ષને કરનારાં સુવર્ણ રત્નોની અનેકવાર વૃષ્ટિ કરી. ઇંદ્રે પ્રભુના અંગુઠામાં અમૃતનો સંચાર કર્યો. ભૂખ્યા થયેલા પ્રભુ એ અમૃત પીતા હતા. કારણ કે તીર્થંકરો સ્તનપાન કરતા નથી. તે વખતે ઇંદ્રે પાંચ અપ્સરાઓને પ્રભુની ધાવમાતા તરીકે રાખી. પછી ઇંદ્રે નંદીશ્વર દ્વીપમાં જઇને અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. પછી સર્વ દેવો પોતપોતાના સ્થાને ગયા અને મહોત્સવો કર્યા.

તેટલામાં જાણે પ્રભુના તેજથી દૂર કરાઈ હોય તેમ રાત્રિ પૂર્ણ થઈ. લોકોને આનંદ આપનાર દક્ષિણ દિશાનો પવન વાવા લાગ્યો. દિશાઓ પ્રસન્ન થઈ. આખું જગત હર્ષમય થઈ ગયું. પૂર્વદિશાએ જાણે પ્રભુને ભેટ આપવાનું ફલ હોય તેમ, સૂર્યને પ્રગટ કર્યો. કમલ જેવા નયનોવાળા શિવાદેવી પદ્મિનીની (=સૂર્યવિકાસી કમલિનીની) જેમ જાગ્યા. શિવાદેવીએ જંગમ કલ્પવૃક્ષ સમાન પુત્રને જોયો. દાસીઓએ રાજાને પુત્રજન્મની વધામણી આપી. વસંતઋતુમાં કોયલની જેમ રાજા તુરત પ્રસન્ન થયો. રાજાએ કેદીઓને બંધનથી મુક્ત કર્યા. રાજાઓએ લાવેલા શ્રેષ્ઠ હાથી અને અશ્વ વગેરે ભેટણાંઓથી સમુદ્રવિજય રાજાનું મોટું પણ આંગણું સાંકડું થઈ ગયું. રાજાએ લોકમાં આશ્ચર્ય કરે તેવો પુત્રનો જન્મમહોત્સવ કર્યો. તે મહોત્સવમાં નૃત્ય કરતી વેશ્યાઓનો નાદ સંભળાતો હતો, તથા રાજાએ જ્ઞાતિજનોની અને નગરજનોની પૂજા કરી. છઠ્ઠા દિવસે જાગરણ, સૂર્યદર્શન, ચંદ્રદર્શન વગેરે કર્યું. બારમા દિવસે નામકરણનો ઉત્સવ કર્યો. બાળક ગર્ભમાં હતો ત્યારે પણ લોકોના અરિષ્ટો=અનિષ્ટો નાશ પામ્યા હતા, આથી તેનું અરિષ્ટનેમિ એવું સાર્થક નામ પાડયું. કોઈ જાતના ભાર વિનાની બંધુઓની પત્નીઓએ ઘણા પુત્રોને રમાડ્યા હોવા છતાં જાણે બાળકો જોયા ન હોય તેમ સ્પર્ધાથી પ્રભુને રમાડ્યા. રાજાઓવડે એક હાથમાંથી બીજા હાથમાં લઈ જવાતા નેમિસ્વામી એક કમળથી બીજા કમળમાં જતા રાજહંસની જેમ શોભ્યા. સ્વામીના કંઠમાં રહેલી મોતીઓથી યુક્ત સોનાની માળા જાણે મુખરૂપી ચંદ્રની સેવા માટે તારાઓની શ્રેણિ ઉગી હોય તેમ શોભી. પ્રભુના સ્વાભાવિક સૌભાગ્યથી લોકોએ પ્રભુ માટે મંગલો કર્યાં. શ્રીનેમિકુમાર માતા-પિતાના સેંકડો મનોરથોની સાથે વૃદ્ધિ પામ્યા.

આ તરફ કૃષ્ણે કંસને મારી નાખ્યો. [1]આથી કંસની પત્ની જીવયશા પોતાના પિતા પ્રતિવાસુદેવ જરાસંધની પાસે ગઇ. રુદન કરતી તેણે કંસવધની વિગત કહી.

---

૧. ૭૦ (સિત્તેર)મા શ્લોકમાં બહુ જ ટુંકમાં જણાવ્યું હોવાથી વાંચનારને તેનો ભાવ બરોબર સમજાય એ માટે અનુવાદમાં અન્ય ગ્રંથના આધારે થોડા વિસ્તારથી જણાવ્યું છે. "તો હવે તેમાં પરિણામ શું આવશે તે કહે।" ત્યાં સુધીનું લખાણ ૭૦ (સિત્તેર)મા શ્લોકનો જ ભાવાનુવાદ સમજવો.

જરાસંધે તેને કહ્યું : તું રુદન ન કર. હું કંસના ઘાતકોને પરિવાર સહિત મારી નાખીશ. પછી જરાસંધે દૂતને સઘળી વિગત સમજાવીને સમુદ્રવિજયની પાસે મોકલ્યો. દૂતે ત્યાં જઇને કહ્યું : તમારા સ્વામી જરાસંધ તમને આજ્ઞા કરે છે કે, કંસનો ઘાત કરનારા રામ અને કૃષ્ણ એ બેને અમને સોંપી દો. સમુદ્રવિજય આદિએ તારા સ્વામીની આ આજ્ઞા યોગ્ય નથી એમ અનેક રીતે તેને સમજાવ્યો. પછી કૃષ્ણ વગેરેએ ક્રોધમાં આવીને તેનું અપમાન કર્યું. બીજા દિવસે સમુદ્રવિજયે પોતાના સર્વ બાંધવોને એકઠા કરીને ક્રોષ્ટુકિ નિમિત્તિયાને પૂછ્યું કે, હે મહાશય ! અમારે ત્રિખંડ ભરતક્ષેત્રના અધિપતિ જરાસંધની સાથે વિગ્રહ ઊભો થયો છે, તો હવે તેમાં પરિણામ શું આવશે તે કહો. ક્રોષ્ટુકિએ કહ્યું : કૃષ્ણ અને રામ થોડા જ કાળમાં અર્ધભરતના અધિપતિ થશે, તેથી તમારે આ વિષે ખેદ ન કરવો. પણ હમણાં તો તમારે પશ્ચિમદિશામાં શ્રીવિંધ્ય-પર્વત તરફ જઈને સમુદ્રના કિનારે નિઃશંકપણે રહેવું. કૃષ્ણની પત્ની સત્યભામા જ્યાં બે પુત્રોને જન્મ આપે ત્યાં નગરી બનાવીને સુનિશ્ચિત રહેવું. (ત્યાં જતાં જ તમારા શત્રુઓના ક્ષયનો પ્રારંભ થશે.) યાદવેશ્વરોએ સાત કુલકોટિ યાદવોની સાથે શૌર્ય-પુરથી પ્રયાણ કર્યું. ઉગ્રસેન રાજા અગિયાર કુલકોટિ યાદવોની સાથે ગયો. ક્રમે કરીને વિંધ્યપર્વત પાસે આવ્યા. ત્યાં આવ્યા ત્યારે યાદવોએ સાંભળ્યું કે યાદવોને મારવા સૈન્ય લઈને આવતો જરાસંધનો પુત્ર કાલ મૃત્યુ પામ્યો છે. કાલના મૃત્યુની વાત સાંભળીને (ક્રોષ્ટુકિએ [1]સાચું કહ્યું એમ વિચારીને) યાદવોએ સત્યવાદી ક્રોષ્ટુકિની પૂજા કરી. એકવાર માર્ગમાં જતા તેમને અતિમુક્તક મુનિ મળ્યા. સમુદ્રવિજય આદિએ વંદન કરીને તેમને પૂછ્યું : હવે પછી અમારું શું થશે ? મુનિએ કહ્યું : તમારો પુત્ર બાવીસમા તીર્થંકર થશે, તથા રામ અને કૃષ્ણ દ્વારિકા નગરીમાં રહેશે અને ભરતના અધિપતિ થશે. આ પ્રમાણે કહીને મુનિએ બીજા સ્થળે વિહાર કર્યો. આનંદ પામેલા યાદવોએ સૌરાષ્ટ્ર દેશમાં આવીને છાવણી નાંખી. ત્યારે સત્યભામાએ બે પુત્રોને જન્મ આપ્યો. તેના ભાનુ અને ભામર એવા નામ પાડ્યાં. હવે કૃષ્ણે સુસ્થિતદેવને સાધવા માટે અઠ્ઠમ તપ કર્યો. પ્રસન્ન થયેલા તે દેવે પ્રત્યક્ષ થઇને રામને સુઘોષ નામનો અને કૃષ્ણને પાંચજન્ય નામનો શંખ આપ્યો. પછી તેણે કૃષ્ણને આ પ્રમાણે કહ્યું : કામ કહો, તમે મને શા માટે યાદ કર્યો ? કૃષ્ણે કહ્યું : (પૂર્વે થઈ ગયેલા) વાસુદેવે જે દ્વારિકાનગરીને પાણીમાં ડુબાડી દીધી છે તે હવે મને આપ. દેવે ઇંદ્રને વિનંતી કરી. ઇંદ્રે કુબેર દ્વારા નવયોજન પહોળી અને બાર યોજન લાંબી દ્વારિકાનગરી કરાવી. તેમાં અઢાર હાથ ઊંચો, બાર હાથ પહોળો અને નવ હાથ ભૂમિમાં રહેલો ખાઈ–

---

૧. વિંધ્યપર્વત પાસે જતાં જ તમારા શત્રુઓના ક્ષયનો પ્રારંભ થશે એમ ક્રોષ્ટુકિએ પૂર્વે કહ્યું હતું. વિંધ્યપર્વત પાસે જતાં કાલનું મૃત્યુ થયું આથી ક્રોષ્ટુકિનું કહેલું સાચું પડ્યું.

સહિત કિલ્લો કર્યો. એકમાળ, બે માળ, ત્રણ માળ વગેરે માળવાળા, ગોળ વગેરે વિવિધ-શોભાવાળા અને વિમાન જેવા કોડો મહેલો કર્યા. આ મહેલો દશાર્હોના છે, આ બીજા મહેલો ઉગ્રસેન રાજાના છે, ઇત્યાદિ સ્પષ્ટતાથી દેવોએ રમતમાં મહેલો તૈયાર કર્યા. તે સર્વ મહેલો મણિ-સુવર્ણમય હતા, અર્થાત્ મણિ અને સુવર્ણના બનાવેલા હતા. સર્વ મહેલો કિલ્લાથી યુક્ત અને કલ્પવૃક્ષોથી ઘેરાયેલા હતા. આવા સુંદર મહેલો શોભતા હતા. વાસુદેવ માટે સર્વતોભદ્ર નામનો અઢાર માળવાળો અને બળદેવ માટે પૃથિવીજય નામનો અઢાર માળવાળો મહેલ કર્યો. તે બે મહેલની આગળના ભાગમાં રાજસભા કરી. પછી મંદિરોની શ્રેણી કરી. કુબેરે માત્ર એક અહોરાત્રમાં આ નગરી બનાવી. પશ્ચિમ સમુદ્રના કાંઠે કૃષ્ણનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. દેવોએ કરેલા મહોત્સવપૂર્વક કૃષ્ણે દ્વારિકામાં પ્રવેશ કર્યો.

શ્રીનેમિકુમાર ત્રણ જ્ઞાનથી યુક્ત હોવા છતાં ઉદ્યાનમાં રામ વગેરેની સાથે અજ્ઞાનની જેમ બાલક્રીડાઓથી રમ્યા. તેમણે પણ પ્રભુને ઘણી રમતોથી રમાડ્યા. ઉંમરને અનુસરનારા ભાવો મોટાઓને પણ બાધા કરે છે. હવે ઇચ્છા પ્રમાણે જેમને વૈભવ મળ્યો છે એવા પ્રભુ બાલ્યાવસ્થાને ઓળંગીને જેમ વૃક્ષ પુષ્પ-ફલની અવસ્થાને પામે તેમ યૌવનને પામ્યા. સમચતુરસ્રસંસ્થાનવાળા, વજ્રઋષભનારાચસંઘયણવાળા અને દશધનુષ ઊંચા સ્વામી ગુણોથી અનુપમ હતા. બધી જ કળાઓમાં પોતે જ પોતાના ઉપાધ્યાય બનીને કુશળતાથી તે તે વિષયનું વિશિષ્ટ જ્ઞાન મેળવીને પ્રભુએ (લોકોના) હૃદયમાં આશ્ચર્ય ઉત્પન્ન કર્યું. યૌવન વિકારી છે એવી જે શાશ્વતી પ્રસિદ્ધિ છે તેને પ્રભુએ સફલ કરી, પણ કામિનીઓમાં, પોતાનામાં નહિ, અર્થાત્ યૌવનને પામેલા પ્રભુને જોઈને સ્ત્રીઓ વિકારને વશ બનતી હતી, પણ પ્રભુ વિકારને વશ બનતા ન હતા.

આ તરફ વણિકો ઘણાં કરિયાણાં લઈને દ્વારિકામાં આવ્યા. ત્યાં કરિયાણાં વેચ્યાં. દ્વારિકામાં થતા લાભથી વિશેષલાભ મેળવવા રત્નકંબલોને વેચવા માટે તે વણિકો રાજગૃહનગરમાં ગયા. તે ઉત્તમ વણિકોએ જીવયશાને રત્નકંબલો બતાવી. જીવયશાએ અર્ધો લાખ મૂલ્ય આપવાનું કહ્યું. આથી વણિકોએ કહ્યું: ધિક્કાર થાઓ! અમોએ દ્વારિકામાં એક લાખ મૂલ્ય મળતું હતું છતાં રત્નકંબલો ન આપી. કારણ કે અતિલોભ કેવળ જીવોના મૂળનાશ માટે થાય છે. એ દ્વારિકા નગરી કેવી છે? એમ જીવયશાએ તેમને પૂછ્યું. તેમણે વિસ્તારથી કહ્યું કે, સમુદ્રે આપેલા સ્થાનમાં દેવોએ તે નગરી બનાવી છે. કુબેરે તેને ઘણા કાળથી ધન-ધાન્ય વગેરેથી પૂર્ણ બનાવી દીધી છે. તેમાં દેવકી અને વસુદેવનો પુત્ર કૃષ્ણ રાજ્ય કરે છે. આ પ્રમાણે સાંભળીને જાણે ભૂતના વળગાડવાળી હોય તેવી, છૂટાકેશવાળી અને માથું કૂટતી તેણે જરાસંધને કહ્યું કે કંસનો શત્રુ હજી પણ

જીવે છે. આ સાંભળી જરાસંધનો કોપરૂપી અગ્નિ સળગી ઉઠ્યો. જાણે વાયુસમૂહથી હોય તેમ શિરને ધુણાવતા તેણે કહ્યું: હે વત્સે ! ધીરી થા. આમ કહીને તેણે યુદ્ધપ્રયાણની ભેરી વગડાવી.

સહદેવ વગેરે પુત્રો તથા દુર્યોધન અને શિશુપાલ વગેરે હજારો રાજાઓ ચારે બાજુથી ભેગા થયા. પછી અપશુકનોએ રોકવા છતાં ક્રોધથી બળતા પ્રતાપી જરાસંધે [૧]સૂર્યની જેમ પશ્ચિમદિશા તરફ પ્રયાણ કર્યું. આકાશમાં ફરતા અને યુદ્ધ જોવાના કૌતુકવાળા નારદે કૃષ્ણને જરાસંધના પ્રયાણની વાત કહી. આ સાંભળીને હુંકાર કરતા કૃષ્ણે બાહુ અને સાથળમાં આસ્ફાલન કર્યું. પછી પ્રયાણની ઇચ્છાવાળા તેણે યુદ્ધપ્રયાણનો પટહ વગડાવ્યો. યુદ્ધ માટે તૈયાર થયેલા દશાર્હો પરિવાર સહિત ભેગા થયા. સાડા આઠ ક્રોડ પુત્રો કૃષ્ણને ચારે બાજુથી ઘેરી વળ્યા. ઉગ્રસેન પણ ધર વગેરે પુત્રોની સાથે આવ્યો. શાંતનુ રાજાના પુત્રો મહાસેન વગેરે પણ આવ્યા. જાણે પાંચ અવયવોને ધારણ કરતા હોય તેવા, અર્થાત્ એક જ આત્માના પાંચ અંગો હોય તેવા, મહાબલવાન પાંચ પાંડવો ભેગા થયા. પત્ની, સાસુ વગેરેના સંબંધમાં જે રાજાઓ હતા તેઓ પણ તે વખતે ભેગા થયા. જ્યારે ગોત્રની વૃદ્ધ સ્ત્રીઓએ યુદ્ધના પ્રયાણનું મંગલ કર્યું, સ્તુતિપાઠકો અને શુકનો પણ આ ઉદ્યમ વિજયકારી છે એવું સૂચન કરી રહ્યા હતા, વાજિંત્રોના લોકને ભરી દે તેવા મહાન ધ્વનિરૂપી મંગલ થઈ રહ્યું હતું, ત્યારે ક્રોષ્ટુકિએ આપેલા વિજય નામના સુંદર મુહૂર્તમાં, દારુક નામના સારથિવાળા અને ગરુડના ચિહ્નવાળા રથ ઉપર બેસીને, સૈન્યસહિત કૃષ્ણે પૂર્વ-ઉત્તર (ઇશાન) દિશામાં પ્રયાણ કર્યું. ગંભીર ધ્વનિવાળા સેના અને સમુદ્ર એ બંને વેગને આશ્રયીને સમાન થયા, અર્થાત્ સમુદ્ર જેટલા વેગથી વહેતો હતો=આગળ વધતો હતો તેટલા જ વેગથી સેના પણ આગળ વધતી હતી. તથા તે બને પ્રલયકાળના પવનથી ક્ષોભ પામેલા સહ્યગિરિ અને વિંધ્યગિરિ જેવા (=અસ્થિર) જણાતા હતા. તે વખતે સોના-રૂપાના મોટા મુકુટોની કાંતિના મંડલથી (=ઘેરાવાથી) આકાશ હજારો ચંદ્ર-સૂર્યોથી યુક્ત બન્યું. હાથીઓનો ગર્જારવ, ઘોડાઓનો હેષારવ, રથોનો સીત્કાર અને પાયદળ લશ્કરના સિંહનાદોથી શબ્દમય બનેલું જગત શોભા પામ્યું. અશ્વોની ખુરીથી ઉડેલી ધૂળથી ધૂસરા (કાળા-ધોળા મિશ્રરંગવાળા) બનેલા આકાશમાં અમાસની રાત્રિની જેમ ભૂતો અને રાક્ષસો સ્વેચ્છા મુજબ ફરવા લાગ્યા.

હંસ અને ડિભક એ બે મંત્રીઓની સાથે વિચારણા કરીને જરાસંધે શત્રુઓથી સંભવિત વિઘ્નોના નાશ માટે હજાર આરાવાળું ચક્રવ્યૂહ રચ્યું. એ ચક્રની અંદર

---

૧. પશ્ચિમદિશા તરફ વળેલા સૂર્યનો અવશ્ય નાશ થાય છે, તેમ જરાસંધનો પણ નાશ થવાનો હોવાથી અહીં "સૂર્યની જેમ" એમ ઉપમા આપી છે.

હજાર રાજાઓ, બે હજાર રથો, સો હાથી, પાંચ હજાર અશ્વો, સોળ હજાર પાયદળ લશ્કર– આટલું સૈન્ય ગોઠવાયું. ચક્રના અંતે (=ચક્રની પરિધિમાં) સવા છ હજાર રાજાઓ રહ્યા. ચક્રની મધ્યમાં પાંચહજાર રાજાઓની સાથે જરાસંધ રહ્યો. ચક્રના પૃષ્ઠભાગમાં કૌરવ અને ગાંધાર રાજાઓનું સૈન્ય રહ્યું. ચક્રવ્યૂહની બહાર વિવિધ વ્યૂહો રચીને રહેલા રાજાઓ યુદ્ધ માટે યાદવેશ્વરોને ઇચ્છતા રહ્યા. તે સાંભળીને યુદ્ધરૂપી સમુદ્રમાં માછલા સમાન યાદવોએ પણ ચક્રવ્યૂહને જીતવાની ઇચ્છાથી ગરુડવ્યૂહની રચના કરી. ચક્રવ્યૂહની મધ્યમાં અર્ધકોટિ (=પચાસલાખ) કુમારોને રાખ્યા. ચક્રવ્યૂહના મસ્તકે કૃષ્ણ અને બલભદ્ર રહ્યા. તેમની ચારે બાજુ સર્વ રાજાઓ તેવી રીતે રહ્યા કે જેથી તે જોઈને પણ શત્રુઓનું અતિશય અભિમાન ઓગળી જાય. ઇંદ્રે અવધિજ્ઞાનથી જાણીને શ્રીનેમિકુમાર માટે દિવ્યશસ્ત્રોથી અલંકૃત અને માતલિસારથિવાળા પોતાના રથને મોકલ્યો.

હવે યુદ્ધ કરવા માટે બંને પક્ષના સેનાધિપતિઓ સામસામે આવ્યા. યુદ્ધના મેદાનમાં ત્રણ લોકને આશ્ચર્ય પમાડનારું કોલાહલવાળું યુદ્ધ શરૂ થયું. વીરપુરુષોએ કરેલા પરસ્પર તલવારના ઘાથી અગ્નિ ઉત્પન્ન થયો. તે જ અગ્નિને વીરપુરુષોના શરીરના લોહીના તરંગોએ શાંત કર્યો. પાયદળસૈન્યના પૃથ્વી ઉપર પડતા પગોથી ઉડતી ધૂળથી અંધકાર ફેલાયો, અને તૂટતા કેયૂરોના રત્નસમૂહોથી ક્ષણવારમાં પ્રકાશ પણ થયો. ચતુરંગી સેનાના વિનાશથી ફેલાતા લોહીના તરંગોથી જાણે લાલ કરાયો હોય તેવો સૂર્ય અસ્તાચલપર્વતના શિખર ઉપર આવ્યો. ત્યાં રણમેદાનમાં છેદાયેલ મસ્તકવાળા અને અતિભયંકર ધડો લોહીથી તુષ્ટ થયેલા વેતાલોની જેમ ચારે બાજુ નૃત્ય કરવા લાગ્યા. તે વખતે ત્યાં સુભટોના સિંહનાદોથી ચારે બાજુ પૂરાયેલા આકાશમાં નારદ તાળીઓ પાડીને નાચવા લાગ્યા. જિતમેળવનારા યાદવો જય જય એવો અવાજ કરતા યુદ્ધથી નિવૃત્ત થયા. જેનો સેનાધિપતિ હણાયો છે એવું જરાસંધનું સૈન્ય પણ યુદ્ધથી નિવૃત્ત થયું.

બીજા દિવસે જરાસંધે દમઘોષના પુત્ર શિશુપાલને સેનાપતિ બનાવ્યો. તેણે સ્મિત કરીને કૃષ્ણને કહ્યું: હે કૃષ્ણ ! તું ગોકુલનું રક્ષણ કર. ઇત્યાદિ બોલતા તેનું મસ્તક કૃષ્ણે જેમ કુંભાર ચક્રમાં રહેલા ઘડાને દોરાથી કાપી નાખે તેમ, તલવારથી કાપી નાખ્યું. જરાસંધે રામના દશપુત્રોને મારી નાખ્યા ત્યારે રામે પણ દોડીને જરાસંધના અઠ્ઠાવીસ પુત્રોને મારી નાખ્યા. વળી કૃષ્ણે જરાસંધના ઓગણુસિતેર પુત્રોને મારી નાખ્યા. પુત્રવધના રોષથી અંધ બનેલો જરાસંધ પણ દોડ્યો. તેણે ગદાથી રામને હણ્યા. આથી લોહીની ઉલટી કરતા રામ પૃથ્વી ઉપર પડ્યા. તેણે કૃષ્ણરૂપી [1]સૂર્યને દૃઢ લોખંડના

---

૧ જો કે અહીં માત્ર **केशवः** એવો જ પ્રયોગ છે. એટલે એનાથી કૃષ્ણરૂપી સૂર્ય એવો અર્થ ન નીકળે, પણ બાણોરૂપી દુર્દિન એવી જે ઉપમા છે તેને બંધ બેસતી કરવા મેં કૃષ્ણરૂપી સૂર્ય એવો અર્થ કર્યો છે.

બાણરૂપી દુર્દિનોથી ઢાંકી દીધો. યાદવોની સેનાને આ પ્રમાણે જરાસંધથી છૂટી છવાયી કરાયેલી અને મ્લાનમુખવાળી જોઈને માતલિ સારથિએ શ્રી નેમિકુમારને કહ્યું : હે સ્વામિન્ ! આપની બે ભુજાઓ સંપૂર્ણ લોકનું રક્ષણ કરવા સમર્થ છે. તેથી યાદવોને નિર્દયપણે હણતા જરાસંધની ઉપેક્ષા નહિ કરવી જોઈએ. યદ્યપિ આપ તૃણમાં અને સ્ત્રીવૃન્દમાં, પોતાનામાં અને પારકામાં સમભાવવાળા છો, તો પણ હે નાથ ! હમણાં નાથરહિત બનેલા કુલનો ઉદ્ધાર કરો. જુઓ, વિશ્વ ઉપર ઉપકાર કરનાર પણ સૂર્ય કૈરવોને (=ચંદ્રવિકાસી કમળોને) સંકોચીને પોતાના બંધુ પદ્મવનનો શું વિકાસ કરતો નથી ? વળી– આ શત્રુઓ આપની અવજ્ઞા ન કરે અને આપની ભુજાઓનું બલ જુએ એ માટે આપ શસ્ત્રને ગ્રહણ કરો અને યદુકુળને પ્રકાશિત કરો. આ પ્રમાણે સાંભળીને અને પોતાનું નામ સાર્થક કરવા માટે શ્રી નેમિકુમારે હાથથી આસ્ફાલન કરીને ધનુષ્ય લીધું. ધારાબદ્ધ પાણીરૂપી બાણસમૂહથી રાજાઓરૂપી હંસોને તમાલવૃક્ષના પત્ર જેવા શ્યામ કરતો નેમિરૂપી વર્ષાદ આમ-તેમ (=અનિયત સ્થાનમાં) વરસ્યો. મુકુટવાળા રાજાઓના સ્વામી શ્રી નેમિકુમારે મુકુટોને ભાંગીને અને મસ્તકોને મુંડીને લાખો માણસોને વિલખા બનાવ્યા. જરાસંધનો સૈન્યરૂપી સમુદ્ર યાદવો રૂપી ખાબોચિયામાં જે ડુબી ગયો તે યોગિનાથ નેમિકુમારનો પ્રભાવ છે. શ્રી નેમિકુમારે કરેલા ઉપચારથી ફરી નવા બલવાળા થયેલા બલભદ્રે મદોન્મત્ત હાથી વૃક્ષોનો વિનાશ કરે તેમ શત્રુઓનો વિનાશ કર્યો. પોતાના સૈન્યને હત-પ્રતિહત થયેલું જાણીને ગુસ્સે થયેલા અને જાણે પ્રસિદ્ધ યમરાજ ન હોય તેવા જરાસંધે કૃષ્ણને આ પ્રમાણે કહ્યું : રે રે ગોપાલબાલ ! તું બળથી મારા જમાઈને હણીને જેમ મંત્રવાદી પાસેથી વેતાલ નાશી જાય તેમ પશ્ચિમ સમુદ્ર તરફ નાશી ગયો. તું શિયાળની જેમ નાશતો હોવા છતાં કાળે તને લાવી મૂકયો છે. આથી હમણાં તને કંસના માર્ગમાં લઈ જઈને પુત્રીની પ્રતિજ્ઞાને પૂરી કરીશ. કૃષ્ણે કહ્યું : વિલંબ ન કર, મારી સામે આવ, જેથી પિતા, પુત્રી અને જમાઈ એ ત્રણેનો એક સમુદાય કરું, અર્થાત્ ત્રણેને એક સ્થળે ભેગા કરી દઉં. આ પ્રમાણે કાલ જેવા ભયંકર, પરસ્પર એક-બીજાનો તિરસ્કાર કરતા, સમુદ્રની જેમ ગર્જના કરતા, અને અતિશય બલવાળા તે બંને લડ્યા. તેવું કોઈ શસ્ત્ર ન હતું, તેવી કોઈ વિદ્યા ન હતી, તેવી કોઇ [1]ચારી ન હતી, અને તેવુ કોઈ ભ્રમણ ન હતું કે જેનાથી યુદ્ધમાં કુશળ તે બે રાજાઓએ તે વખતે યુદ્ધ ન કર્યું હોય. હિમવંત વગેરે કુલ પર્વતો કંપવા લાગ્યા, દિગ્ગજો ભ્રમથી વ્યાકુલ બની ગયા, સમુદ્રો ક્ષુબ્ધ બન્યા, અને જાણે બ્રહ્માંડ ફૂટી ગયું. હવે જરાસંધે પોતાના બધાં શસ્ત્રો જીતાઈ ગયા એટલે જાણે બીજો સૂર્ય હોય તેવું ચક્ર કૃષ્ણ ઉપર ફેંકયું. તે ચક્ર ક્રીડાના દડાની જેમ કૃષ્ણના વક્ષઃસ્થળને

૧. ચારી એટલે યુદ્ધમાં થતી ભિન્ન ભિન્ન ગતિ=ચાલ ભ્રમણ એટલે યુદ્ધમાં થતું ભિન્ન ભિન્ન પરિભ્રમણ.

સ્પર્શીને રાજહંસની જેમ કૃષ્ણના હાથરૂપી કમળ ઉપર સ્પષ્ટપણે આરૂઢ થયું, અર્થાત્ કૃષ્ણની છાતીને સ્પર્શીને કૃષ્ણના હાથમાં આવ્યું. દેવોએ આ નવમો વાસુદેવ થયો એ પ્રમાણે ઘોષણા કરી, તથા પૃથ્વીને સુગંધી પાણીથી સીંચીને પૃથ્વી ઉપર પુષ્પવૃષ્ટિ કરી. કૃષ્ણે હજી પણ જેમ તેમ બોલતા જરાસંધની કાયારૂપી બેડીના ચક્રથી બે ભાગ કરી નાખ્યા. દેવતાઓએ જયધ્વનિ કર્યો. હવે જાણે સર્વના સંહાર માટે જન્મી હોય તેવી જીવયશાએ તુરત માતાઓની સાથે અગ્નિમાં પ્રાણોને હોમી દીધા. નેમિનાથ વડે મોકલાયેલ માતલિ સારથિ પોતાના સ્થાને ગયો. કૃષ્ણે ભરતાર્ધને જીતીને દ્વારિકામાં પ્રવેશ કર્યો. કૃષ્ણનો રાજ્યાભિષેક થઇ ગયા પછી સોળ હજાર રાજાઓએ પોતાની બે બે કન્યાઓ ભક્તિથી કૃષ્ણને અર્પણ કરી. કૃષ્ણના શંખ, ખડ્ગ, ધનુષ, ચક્ર, વનમાલા, મણિ અને ગદા એ સાત રત્નો ઉત્પન્ન થયા. વાસુદેવપણાની સમૃદ્ધિથી અલંકૃત કૃષ્ણે રામની સાથે ભરતાર્ધનું સામ્રાજ્ય ભોગવ્યું. આ પ્રમાણે શ્રીનેમિકુમારે કંસ પત્નીની પ્રતિજ્ઞાના કારણે થયેલા યુદ્ધના મંડપમાં લાખ રાજાઓને બાંધીને રાખ્યા અને જરાસંધનો વધ કરાવ્યો. પરિજનોની સાથે ક્રીડા–વિલાસ કરતા અને વિષયોથી અતિશય વિમુખ એવા શ્રી નેમિકુમારે યૌવનને પસાર કર્યું.

સ્વેચ્છા પ્રમાણે ફરનારા અને હજારો ખેચરી–ભૂચરી પત્નીઓથી પરિવરેલા પ્રદ્યુમ્ન અને શાંબ વગેરે કુમારોને એક દિવસ દ્વારિકાના ઉપવન વગેરેમાં ક્રીડા કરતા જોઈને સમુદ્રવિજય અને શિવાદેવીએ શ્રીનેમિકુમારને આ પ્રમાણે કહ્યું: વિશ્વ ઉપર અસાધારણ વાત્સલ્યવાળા હે વત્સ ! તારા લોકોત્તર ચરિત્રોથી પુત્રવાળા મનુષ્યોમાં અમે જ શ્રેષ્ઠ પ્રતિષ્ઠાને ધારણ કરીએ છીએ. પણ હે પુત્ર ! તું યુવાન બનવા છતાં લગ્ન કરતો નથી તેથી અમે બીજાની પત્નીઓને જોઇને દુઃખી થઇએ છીએ. વિધાતાએ આખું જગત એથી જ (=એના જ) સંબંધવાળું બનાવ્યું છે. જો, સુવર્ણના આશ્રય વિના માણેકરત્ન પણ શોભતું નથી. વહુના દર્શન માટે વિશેષ ઉત્સુક બનેલી હું શિવાદેવી ભૂમિમંડલમાં તે જ સ્ત્રીઓને ધન્ય માનું છું કે જે સ્ત્રીઓની આગળ આજ્ઞા પ્રમાણે કરનારી, સુંદર પોષાકવાળી અને ચક્ષુ માટે અમૃતના પારણા સમાન વહુઓ ફરી રહી છે. નેમિકુમારે માતા–પિતાને પ્રણામ કરીને મધુરવાણીથી કહ્યું: જેનાથી પરિણામે દુઃખ મળે તેવી કન્યાને સ્વીકારવા માટે હું ઉત્સાહિત થતો નથી. જ્યારે હું કુશળ અને હિત કરનારી પ્રિયાને જોઈશ ત્યારે જ સ્વીકારીશ. તેથી આપે જરાપણ ખેદ ન કરવો. પંડિતોમાં શ્રેષ્ઠ એવો કયો પુરુષ દુઃખની વેલડી જેવી અને ભયંકર જેવીતેવી સ્ત્રીઓને સ્વીકારીને દુઃખનું ભાજન થાય ? નેમિકુમારે સરલ આશયવાળા માતા–પિતાને આ પ્રમાણે સમજાવી દીધા. અથવા તત્ત્વદૃષ્ટિવાળા પુરુષો પોતાનાઓથી અને બીજાઓથી કબૂલ કરાતા નથી

આ તરફ યશોમતીનો જીવ અપરાજિત વિમાનમાંથી ચ્યવીને ઉગ્રસેનરાજાની પત્ની

ધારિણીની પુત્રી થયો. માતા-પિતાએ તેનું રાજીમતી એવું નામ રાખ્યું. સદા [૧]પાણીના આશ્રયવાળી કલ્પવેલીની જેમ તે વધવા લાગી. જેમ ચંદ્રકળા કુમુદના (ચંદ્રવિકાસી કમળના) ઉલ્લાસને કરે છે તેમ લોકોના હર્ષમાં વૃદ્ધિ કરતી અને સર્વ કળાઓને ગ્રહણ કરતી તે યૌવનને સન્મુખ બની. બિચારો ચંદ્ર રાજીમતીના મુખની સાથે સ્પર્ધા કેવી રીતે કરી શકે ? કારણ કે સમુદ્રની ઉન્નતિ (=ભરતી) થતાં તેની કાંતિ વિશેષ દીપતી [૨]નથી. રાજીમતીનું સર્જન કરનારને હું યૌવન માનું છું. જેથી તેણે રમતથી રાજીમતીના શરીર, વાણી અને મન એ ત્રણેને ચતુર બનાવ્યા.

એકવાર કુમારોથી વિંટળાયેલા નેમિકુમારે ક્રીડાથી કૃષ્ણની આયુધશાળામાં જાણે બીજા કૃષ્ણ હોય તેમ પ્રવેશ કર્યો. શાર્ંગ ધનુષ, નંદક ખડ્ગ, અને સુદર્શન ચક્ર ઉપર દૃષ્ટિ ફેરવતા નેમિકુમારે જાણે પોતાના ચિહ્નના પ્રેમથી હોય તેમ વારંવાર શંખને જોયો. નેમિકુમારને હાથથી શંખને લેવાની ઇચ્છાવાળા જાણીને પહેરેગીરે નમીને સ્મિતપૂર્વક કહ્યું: હે પ્રભુ સાંભળો, આ શંખને પૂરવાની (=વગાડવાની) વાત તો દૂર રહી, કિંતુ શંખને લેવા (=ઉપાડવા) માટે પણ વાસુદેવ સિવાય બીજો કોઈ સમર્થ નથી. માટે નિરર્થક પ્રયાસ ન કરો. પોતાના બળથી બળવાન સ્વામીએ જેમ બાળક ક્રીડાના દડાને ઉપાડે તેમ હાથથી શંખને ઉપાડ્યો. પછી સ્વામીવડે રમતથી મુખ આગળ ધારણ કરાયેલો શંખ જાણે હૃદયમાંથી નીકળેલો શુક્લ ધ્યાનનો પિંડ હોય તેમ શોભ્યો. શંખને પૂર્યો એટલે લોકના ઉદરને (=ખાલી જગ્યાને) પૂરી દેનાર ધ્વનિ ઉત્પન્ન થયો. પહેરેગીરો રોગીની જેમ મૂર્છા પામીને ભૂમિ ઉપર પડ્યા. ચપળ તરંગોવાળા સમુદ્રો પ્રલયકાળની જેમ ક્ષુબ્ધ બન્યા. પૃથ્વીપીઠ કંપી ઉઠી. ખરેખર ! બ્રહ્માંડ ફૂટી ગયું. જાણે લાંબો કાળ એક સ્થળે રહેવાથી થયેલા પ્રેમથી સમુદ્રને મળવા માટે હોય, તેમ દ્વારિકાનો કિલ્લો તે જ ક્ષણે હાલવા (=કંપવા) માંડ્યો. આ વખતે રાજાઓથી ભરાયેલી સભામાં બેઠેલા કૃષ્ણે આ ધ્વનિ સાંભળીને સંભ્રાન્ત બનીને ચારે બાજુ દૃષ્ટિ નાખી. કૃષ્ણે રામને કહ્યું: શું બીજા દ્વીપથી વાસુદેવ આવ્યો છે ? અથવા શું બીજો વાસુદેવ ઉત્પન્ન થયો છે ? કારણ કે શંખ વાગ્યો છે. આ પ્રમાણે કૃષ્ણ વિચારી રહ્યા હતા તેટલામાં પહેરેગીરોએ આવીને કહ્યું: તમારા જ આ શંખને નેમિનાથે વગાડ્યો છે. આ પ્રમાણે સાંભળીને કૃષ્ણ સંભ્રમના આવેગથી નહિ સમાતા વિસ્મયને જાણે મસ્તકને હલાવવાના બહાનાથી સમાવતા હોય તેમ રહ્યા. ખરેખર ! અમારા કુલમાં નેમિ ચક્રવર્તી થયા છે. કારણ કે આ શંખ મેં પૂર્વે કુંકયો હતો ત્યારે કયારે પણ આવો ધ્વનિ થયો નથી. કૃષ્ણ આ પ્રમાણે વિચારી રહ્યા હતા ત્યારે જગતને આનંદકારક આશયવાળા નેમિકુમાર સ્વયં જાણે

૧. રાજીમતીના પક્ષમાં મોક્ષરસના આશ્રયવાળી.

૨. રાજીમતીના પક્ષમાં **पयोधरोन्नतौ** એટલે સ્તનવૃદ્ધિ થતાં. સ્તનવૃદ્ધિ થતાં રાજીમતીની કાંતિ વિશેષ શોભે છે.

સંશયને ભેદવાની ઇચ્છાવાળા હોય તેમ પ્રેમથી ત્યાં આવ્યા. પોતાના અર્ધા આસને બેઠેલા કુમારને કૃષ્ણે પૂછયું: આકાશ-પૃથ્વીના ઉદરને (ખાલી જગ્યાને) ભરીદે તેવા અવાજવાળો શંખ તમે ફૂંકયો ? નેમિકુમારે હા કહી. રોમાંચના અંકુરોથી ઢાંતવાળા કૃષ્ણે ફરી નેમિકુમારને મધુર શબ્દોથી આ પ્રમાણે કહ્યું: હે બંધુ ! તમોએ શંખ ફૂંકયો ત્યારે પૃથ્વી પણ કંપી, રામના મનમાં પણ ક્ષોભનો વેગ થયો. તેથી હે બંધુ ! કુતૂહલી હું તમારું બાહુબળ જોવા ઇચ્છું છું. માટે અખાડામાં જઇને ક્ષણવાર મલ્લયુદ્ધ કરીએ. સ્વયં કૌતુકવાળા સ્વામીએ પણ તેનો સ્વીકાર કર્યો. અતિશય હર્ષ પામેલા બંને બંધુઓ યુદ્ધ માટે તૈયાર થયા. સ્વામીએ પોતાનું બલ અનંત છે એમ વિચારીને કૃષ્ણને કહ્યું: હે બંધુ ! આપણે બે રમતથી પણ યુદ્ધ કરીએ તે યોગ્ય નથી. એક-બીજાના બાહુરૂપી સ્તંભને વાળીને જ આપણા કૌતુકને પૂર્ણ કરીએ. આ વિષે રામ સાક્ષી જોવા બને. સ્વામીએ આ પ્રમાણે કહ્યું એટલે કૃષ્ણે પોતાનો હાથ લાંબો રાખ્યો. નેમિકુમારે તે હાથને જેમ બાળક કાકડીને વાળે તેમ વાળી દીધો. હવે સ્વામીએ સર્પની ફણા જેવા હાથરૂપી દંડને લાંબો રાખ્યો. એને વાળવા માટે કૃષ્ણ જરા પણ સમર્થ ન થયા. પોતાનું જેટલું જોર હતું તેટલા જોરથી નેમિકુમારના હાથરૂપી સ્તંભને પકડીને રહેલા અને લટકતા કૃષ્ણ વૃક્ષ ઉપર લટકતા વાંદરાની જેમ શોભ્યા. નેમિકુમારનો હાથ વજના સ્તંભની જેમ જરાય હાલ્યો નહિ. પછી કૃષ્ણે હૃદયના અભિપ્રાયને છુપાવીને બંધુને આલિંગન કર્યું, અને કહ્યું કે, હે બંધુ ! આપણું જ કુલ પ્રશંસનીય છે. કારણ કે તેમાં બીજામાં ન હોય તેવા બળવાળા તમારા જેવા વીર થયા છે. ઇત્યાદિ પ્રશંસા કરતા કૃષ્ણે નેમિકુમારને રજા આપી.

હવે વિસ્મયથી પ્રફુલ્લિતમુખવાળા કૃષ્ણે રામને કહ્યું: હે આર્ય ! લઘુબંધુ નેમિકુમારનું બાહુબળ મેં જોયું. આવું બાહુબળ વિશ્વમાં ચક્રવર્તીનું અને ઇંદ્રનું પણ નથી. હે બંધુ ! જગતને જીતનારાઓથી પણ ન જીતી શકાય તેવા બળથી શોભતા નેમિકુમાર અતિશય દુર્લભ એવા છ ખંડ પ્રમાણ પૃથ્વીના રાજ્યને કેમ ભોગવતા નથી ? કૃષ્ણની શંકાને દૂર કરવા રામે સ્મિત કરીને કહ્યું: આપણે પણ એમના જ બળથી સામ્રાજ્યને ભોગવીએ છીએ. હે બંધુ ! જો એ બળથી લાખ રાજાઓનો નિગ્રહ ન કરત તો તમે યુદ્ધના મેદાનમાં જરાસંધનો વધ કેવી રીતે કરત ? નેમિ બાવીસમા તીર્થંકર થશે એમ નિમિત્તિયાએ કહ્યું છે. આવા નેમિ નરકને કરનારા રાજ્યને કેવી રીતે ઇચ્છે ? શ્રીરામે આ પ્રમાણે કહ્યું તો પણ કૃષ્ણની શંકાને દૂર કરવા દેવે કહ્યું કે, કુમારાવસ્થામાં દૃઢવ્રતવાળા નેમિનાથ મોક્ષમાં જશે. આ પ્રમાણે સાંભળીને ખુશ થયેલા કૃષ્ણ ભક્તિપૂર્વક રામને કહીને અંતઃપુરમાં ગયા અને તે નેમિચરિત્ર કહ્યું. ત્યાં નેમિને બોલાવીને કૃષ્ણે વાત્સલ્યપૂર્વક વિશેષ બહુમાન કરીને ખુશ કર્યા. પરસ્પર પ્રેમથી મનોહર તે બન્નેએ રત્નસિંહાસન ઉપર બેસીને સ્નાન કર્યું, ચંદનથી વિલેપન કર્યું અને (સાથે) દિવ્ય

ભોજન કર્યું. અંતઃપુર સહિત કૃષ્ણ આ પ્રમાણે દરરોજ ઉદ્યાન, વાવડી અને સરોવરમાં શ્રીનેમિકુમારની સાથે પ્રેમથી રમવા લાગ્યા. એકવાર કૃષ્ણે અંતઃપુરના રક્ષકોને અને દ્વારપાલોને આજ્ઞા કરી કે, મારા પ્રાણપ્રિય બંધુને કયાંય અટકાવવો નહિ, તથા રુક્મિણી, સત્યભામા અને રેવતી વગેરે પત્નીઓને કહ્યું કે, તમારે દિયર નેમિને ચતુરાઇ ભરેલાં વચનોથી આકર્ષવા. ત્યારબાદ નેમિ એકલા પણ કૃષ્ણના અંતઃપુરમાં જતા હતા. સમચિત્તવાળા પુરુષો બધે નિઃશંકપણે ફરે છે. જરાપણ વિકાર વિના સુંદર વચનસમૂહને બોલતા સ્વામી ઉપહાસવાળી રમતથી ચંચળ એવી ભાભીઓને ખુશ કરતા હતા.

હવે શિવાદેવીએ કૃષ્ણને કહ્યું : તમે નેમિને તે રીતે સમજાવો કે જેથી તે પુત્ર-વધૂના મુખને જોવાની મારી ઇચ્છાને જલ્દી પૂરે. કૃષ્ણે સત્યભામા વગેરે દ્વારા આ વાત નેમિને કહેવડાવી. નેમિએ પણ કુશળવચનોથી સહેલાઇથી ભાભીઓને નિરુત્તર કરી દીધી. જાણે નેમિના લગ્ન માટે સહાય કરવાની ઇચ્છાવાળી હોય તેમ દક્ષિણદિશાના પવનથી પુષ્ટ એવી વસંતઋતુ આવી. નગરજનોથી અને અંતઃપુરથી પણ ચારે બાજુથી પરિવરેલા કૃષ્ણ રમવા માટે નેમિની સાથે ગિરનાર પર્વત ઉપર ગયા. જેમણે દારુ પીધો છે એવા યાદવો સાથે કસુંબો લઇને સ્ત્રીઓની સાથે ક્રીડા કરવા માટે જાણે કોયલોએ બોલાવ્યા હોય તેમ ઉદ્યાનમાં ગયા. જાણે (પુષ્પોમાંથી) પ્રગટ થતી પરાગના ભાથાવાળા કામદેવની પૂજા કરવા માટે હોય તેમ યાદવોએ પત્નીઓની સાથે ઉદ્યાનની શેરીઓમાં પુષ્પો ચુંટ્યાં. કૃષ્ણના આદેશથી સત્યભામા વગેરે સ્ત્રીઓ પુષ્પોને ચુંટવાની ઇચ્છાથી નેમિની સાથે ઉદ્યાનમાં ગઇ. કોઇ સ્ત્રીએ જાણે કામદેવનો ભાલો હોય તેવી શ્રેષ્ઠ આમ્રવૃક્ષની મંજરી છાતીને પ્રગટ કરવાપૂર્વક નેમિના હાથમાં આપી. કોઈ સ્ત્રીએ શ્રીનેમિના જાણે જાગતા કામદેવની રક્ષા પોટલી હોય તેવા કેશપાશને મોગરાના ફુલોથી શણગાર્યો. કોઈ સ્ત્રીએ શ્રીનેમિના બે આંખોના આંતરામાંથી ધૂળ દૂર કરવાના બહાનાથી ભ્રમરીની જેમ મુખરૂપી કમળની સુગંધનું પાન કર્યું. કોઈ સ્ત્રીએ બગલને બતાવવાપૂર્વક તિલક કર્યું. જેનું વસ્ત્ર (= સાડી) ખસી રહ્યું છે એવી કોઇ સ્ત્રીએ બે ગાલમાં પત્ર કર્યું = ચંદન વગેરેથી પત્ર ચિતર્યું.

જાણે શ્રીનેમિને વિકારી કરવા માટે સમર્થ ન થઈ એથી લજ્જાથી હોય તેમ વસંતઋતુ પૂરી થઇ અને ગ્રીષ્મઋતુ આવી. કૃષ્ણની પત્નીઓ જલક્રીડા કરવા માટે વાવડી-ઓમાં પેઠી. ભાભીઓએ શ્રીનેમિપ્રભુને પણ ખેંચીને સાથે લીધા. તેમણે કૃષ્ણની સાથે શરમ વિના જલક્રીડાઓ કરી. ત્યાં કૃષ્ણવડે હાથમાં પકડાયેલા શ્રીનેમિ સાક્ષી જેવા થયા. હવે કૃષ્ણથી સંકેત કરાયેલી રુક્મિણી વગેરે સ્ત્રીઓએ શ્રીનેમિને શૃંગારપૂર્વક પિચકારીઓથી સ્વચ્છ કર્યા. નેમિનાથે પણ તેમની સાથે નિઃશંકપણે ક્રીડા કરી. તેવા પુરુષો કોઈની પણ ઇચ્છાનો ભંગ કરતા નથી. નેમિએ પિચકારીના પાણીથી કોઈ સ્ત્રીના

બે સ્તનરૂપી કળશો ઉપર તાડન કર્યું. તે સ્ત્રીની છાતી ઉપર છવાયેલા જલબિંદુઓ હારની શોભાને પામ્યા. નેમિએ કરેલા જલસિંચનથી કોઇક સ્ત્રીઓની [1]નાડીની ગાંઠ છૂટી ગઈ=ઢીલી થઇ ગઇ, કોઈક સ્ત્રીઓની કાંચળી ફાટી ગઇ, કોઇક સ્ત્રીઓ વસ્ત્રરહિત બની. સ્વામી પોતે પુષ્કરપત્રની જેમ રાગથી ન લેપાયા, પણ જેમ ચૂર્ણનો વર્ણ તાંબૂલને રાગવાળુ=રંગવાળું કરે તેમ સ્ત્રીઓને રાગવાળી કરી. હવે રુક્મિણીએ આપેલા હાથના ટેકાવાળા શ્રીનેમિ રાજહંસની જેમ વાવડીના કાંઠે આવ્યા. પછી જાંબવતી હર્ષથી પ્રભુની પાસે વસ્ત્રો લઈ આવી. ગાંધારીએ વિવિધ રચનાથી કેશપાશ બાંધ્યો. રેવતીએ વસ્ત્રના છેડાઓથી નેમિકુમારને વીંઝ્યા. પદ્માવતીએ પ્રભુના કંઠમાં હાર પહેરાવ્યો. ચરણોને દાબતી અને ચંદનરસથી સિંચતી સત્યભામાએ જાણે ક્રોધવાળી હોય તેમ કુમારને આ પ્રમાણે કહ્યું: હે કુમાર ! અજ્ઞાનીના જેવો તમારો આ કદાગ્રહ શો છે ? જેથી પૂર્વ પુરુષોએ આચરેલા માર્ગનો હઠથી લોપ કરો છો. (પૂર્વે થયેલા) બધા રાજાઓએ પ્રથમ વયમાં લગ્ન કરીને યૌવનને સફલ કર્યું હતું અને અંતે વ્રતનો સ્વીકાર કર્યો હતો. તેથી અતિશય સૌભાગ્યવાળી પ્રથમવયને વ્રતોથી પૂરી કરનારા તમે તાડવૃક્ષના ફલની ઇચ્છા કરનારા પુરુષની જેમ કોને ઉપહાસ્ય નથી ? ઇત્યાદિ યુક્તિઓથી ભાભીઓ કહી રહી હતી ત્યારે કૃષ્ણે કહ્યું: હે બંધુ! તમે અવજ્ઞા ન કરો. ભાભીઓને ખુશ કરો. જિનેશ્વરો સંસારમાં પહેલાં પ્રાયઃ સ્ત્રીસહિત હતા, પછી તીર્થની સ્થાપના કરીને અંતે મોક્ષમાં ગયા. આપણા કુલમાં થયેલા શ્રી મુનિસુવ્રતસ્વામીએ પહેલાં ભોગો ભોગવીને પછી વ્રત લીધું હતું. આથી હે કુલમંડન ! તમારે પણ કુલાચારનો લોપ ન કરવો જોઈએ. આ પ્રમાણે કહીને કૃષ્ણ અંતઃપુર સહિત નેમિના પગમાં પડ્યા. બંધુની દાક્ષિણ્યતાથી સ્વામીએ "તે પ્રમાણે હો" એમ લગ્નનો સ્વીકાર કર્યો. નેમિએ લગ્નનો સ્વીકાર કર્યો છે એમ સાંભળીને શ્રીસમુદ્રવિજય અને શિવાદેવી હર્ષ પામ્યા, અને સંદેશો લાવનારને દાનથી સંતોષ પમાડ્યો. પછી વર્ષાઋતુ આવી ત્યારે અતિ હર્ષ પામેલા કૃષ્ણ નેમિને ન્યુછણું કરીને પત્નીઓની સાથે દ્વારિકાનગરીમાં આવ્યા.

હવે પ્રભુને યોગ્ય કન્યાની શોધ કરતા કૃષ્ણને સત્યભામાએ હર્ષપૂર્વક કહ્યું: મારી રાજીમતી નામની નાની બ્હેન છે. (તે નેમિકુમારને યોગ્ય છે.) તે વખતે જેમ સૂર્ય જ્યોતિશ્ચક્રના બુધગ્રહના બલથી યુક્ત હોય છે, તેમ જ્યોતિષમાં બુધ (=વિદ્વાન બલદેવથી યુક્ત કૃષ્ણ પણ ઉગ્રસેન નામના રાજાના રાજમહેલમાં ગયા. તેણે પણ બે હાથની અંજલિ કરીને નેમિકુમારને પોતાની પુત્રી આપી. કૃષ્ણે શૌર્યપુરી આવીને તે વાત સમુદ્રવિજયને કરી.

---

૧. સ્ત્રીઓ કેડે વસ્ત્ર રહે એ માટે નાભિ પાસે દોરી વગેરેથી ગાંઠ બાંધે છે તે. (શબ્દ કોશમાં **ओवत्तिका** શબ્દનો આ અર્થ જોવામાં આવ્યો નથી. પણ પ્રકરણના અનુસારે મેં આ અર્થ લખ્યો છે. ભૂલ જણાય તો સુધારી લેવી

ઉત્સુકતાવાળા તેમણે ક્રોષ્ટુકિને બોલાવીને લગ્નનું મુહૂર્ત પૂછ્યું: તેણે કહ્યું: કૃષ્ણ સૂતા હોય ત્યારે વિવાહનું કાર્ય કરવું યોગ્ય નથી. કૃષ્ણે હસીને કહ્યું: (શરીરથી અને સત્તાથી એમ) બંને રીતે બલવાન હું સાક્ષાત્ જાગતો હોવા છતાં આ શંકા કયાંથી થાય? અર્થાત્ આ શંકા ખોટી છે. બીજું– નેમિના વિવાહમંગલમાં વિલંબ કરવો યોગ્ય નથી. મદોન્મત્ત હાથી આલાનમાં બંધાયેલો હોય તો પણ તેનો વિશ્વાસ ન કરવો જોઈએ. ક્રોષ્ટુકિએ કહ્યું: તો શ્રાવણ સુદ છઠ્ઠ શુદ્ધ છે. ઉગ્રસેન અને સમુદ્રવિજય બંને લગ્ન માટેની જલદી તૈયાર કરવા લાગ્યા. બંનેના રાજમહેલમાં મંગલધ્વનિ થવા લાગ્યો. અખંડ સૌભાગ્યવંતી અને પુષ્ટ શરીરવાળી સ્ત્રીઓ આનંદથી ચોતરફ ફરવા લાગી રત્નોવાળું તોરણ, મંડપ વગેરે બધી સામગ્રી ઇચ્છાનુસાર દેવોએ જ રચી દીધી. લગ્નના નજીકના દિવસે કુંતી, શિવાદેવી વગેરે યાદવસ્ત્રીઓએ નેમિને પૂર્વદિશામાં સિંહાસન ઉપર બેસાડીને લગ્નપ્રસંગે ગવાતા ગીતો ગાવાપૂર્વક જલદી નવડાવ્યા, તથા જેમણે મીંઢળ બાંધ્યું છે તેવા વર નેમિને વરને યોગ્ય વસ્ત્રો પહેરાવ્યાં. ત્યારબાદ તેમણે ઉગ્રસેનના રાજમહેલમાં જઈને રાજીમતીને સ્નાન કરાવ્યું. શણગારવા માટે દાસીઓએ તેને ચોકમાં બેસાડી. આ વખતે રાજીમતીનું રૂપ જોવાની અતિશય ઇચ્છાવાળી સ્ત્રીઓ ક્ષણવાર અતિશય આંખો ઊંચી કરીને રહી, અર્થાત્ રાજીમતીને એકીટસે જોવા લાગી. પૂર્વભવના પ્રિય નેમિને પામીને તેને મળવાની ઉત્કંઠાથી આકુલ થયેલી રાજીમતીએ પણ તે રાત દુઃખપૂર્વક પસાર કરી. સૂર્યોદય થતાં નેમિકુમારે સ્નાન અને વિલેપન કર્યું. પછી તેમને જાણે શુક્લધ્યાનના અંશો હોય તેવા મોતીના આભૂષણોથી શણગાર્યાં. ચંદ્ર જેવું નિર્મલ છત્ર તેમના મસ્તકે ધર્યું. ગંગાના પ્રવાહ જેવા (સફેદ) ચામરો તેમને વીંઝવા માંડ્યા. લૂણ ઉતારવામાં આવ્યું. કુમારિકા બહેનોએ મંગલ કર્યું. યાદવોને આનંદ કરનારા વર શ્રીનેમિ સફેદ ઘોડાવાળા રથ ઉપર આરૂઢ થયા. માર્ગમાં એમની પાછળ કૃષ્ણ વગેરે ઉત્તમ યાદવો ચાલવા લાગ્યા. (આ પ્રમાણે આડંબરથી જતા) શ્રીનેમિ ઉગ્રસેનની તોરણભૂમિ સુધી આવ્યા.

સેંથામાં તારાની શ્રેણિ જેવા મોતીસમૂહને ધારણ કરતી રાજીમતીને વિચક્ષણ સખીઓ ઝરુખામાં લઈ ગઈ. તેના સુવર્ણની બે ઝાંઝરથી સેવાયેલા બે ચરણો ખરેખર! જાણે ચરણરૂપી કમળને જાણનારા રાજહંસના આશ્રયને પામેલા જેવા થયા, એટલે કે રાજહંસ જેવા થયા, અર્થાત્ જેમ રાજહંસો કમળના ગુણને જાણતા હોવાથી કમળનો જ આશ્રય લે છે, તેમ ચરણોએ જાણે રાજીમતીના ગુણને જાણીને રાજીમતીનો જ આશ્રય લીધો. તેની આંખો દેખાવડી અને સ્વચ્છ હોવા છતાં, જાણે આ આંખો સાંભળવામાં [1]અટકાવે છે એમ વિચારીને હોય તેમ, ધાવમાતાએ તેની આંખોને કાજળની

---

૧. તેની આંખો જોવામાં જ લીન બનેલાને બીજાઓ કંઈ કહે તો જોનારનું તેના તરફ ધ્યાન ન રહે. માટે આંખો સાંભળવામાં અટકાવે છે=અંતરાય કરે છે એમ કલ્પના કરી છે.

રેખાથી અંકિત કરી. જાણે જંબૂદ્વીપમાં આ જ મુખ્ય છે એમ સમજીને કુંડલના બહાનાથી બે સૂર્યોએ તેનો આશ્રય લીધો છે, અને ગાલના બહાનાથી બે ચંદ્રોએ તેનો આશ્રય લીધો છે. તે વિમાનની જેમ ઝરુખા ઉપર બેઠી. તેણે ઝરુખાના અવકાશમાંથી નિમેષરહિતનેત્રોથી નેમિના લાવણ્યરૂપી અમૃતનું પાન કર્યું. તે વખતે જમણી બાહુ અને જમણી આંખ ફરકી. આથી તે વર દુર્લભ છે એમ માનીને તે ખિન્ન બની ગઇ. તેને મ્લાન જેવી જોઇને આકુલ થયેલી સખીઓએ કહ્યું : હે સખિ ! હમણાં વિષાદ રૂપી ચાંડાલનો પ્રવેશ કેમ થયો છે ? તેણે પણ સત્ય કહ્યું. હે સખિઓ ! ભાગ્ય વિનાની હું શું કરું ? કારણ કે આનંદના સ્થાને અશુભ નિમિત્ત ઉપસ્થિત થયું છે. સખીઓએ કહ્યું : હે સખિ ! અમંગલ શાંત થાઓ. તારા આ વચનને ધિક્કાર હો. ગોત્રદેવીઓ બધી રીતે આપણું કુશલ કરશે.

ભોજ રાજાએ એકઠા કરેલા જલચર અને સ્થલચર પ્રાણીઓને શ્રી નેમિએ તે વખતે કરુણ આક્રંદ કરતા જોયા. શ્રી નેમિએ આશ્ચર્યપૂર્વક પૂછ્યું : આ પ્રાણીઓ શા માટે એકઠા કરાયા છે ? સારથિએ સાચું કહી દીધું. હે દેવ ! આપનું આતિથ્ય કરવા માટે આ પ્રાણીઓ રાખેલા છે. નેમિ બોલ્યા : રાજા વિનાના વિશ્વને ધિક્કાર થાઓ ! દયારહિત આ લોકોને ધિક્કાર હો ! કારણ કે આ પ્રમાણે શરણ રહિત પશુઓનો વધ કરે છે. આ પ્રમાણે કહીને કરુણારૂપી અંકુરાઓથી અંકુરાવાળા થયેલા શરીરને ધારણ કરતા નેમિએ રથને પશુઓના વાડા તરફ વાળ્યો. દીનમુખવાળા અને દીન આંખોવાળા પશુઓએ પણ સ્વામીને જોયા, અને પોત પોતાની ભાષાથી સ્વામી આગળ અમારું રક્ષણ કરો, અમારું રક્ષણ કરો એ પ્રમાણે પોકાર કર્યો. સારથિને આજ્ઞા કરીને પ્રભુએ જીવોને બંધનથી મુક્ત કરાવ્યા, અને રથને સ્વપ્રયોજનની સિદ્ધિ તરફ (=ગિરનાર પર્વત તરફ) વાળ્યો. અતિશય સંભ્રમથી ભ્રાન્ત બનેલા સમુદ્રવિજય વગેરે અને શિવાદેવી વગેરે રથોને છોડીને (=રથમાંથી ઉતરીને) નેમિની પાસે આવ્યા. આંખમાંથી આંસુ પાડતા માતા-પિતાએ પુત્રને આ પ્રમાણે કહ્યું: હે પુત્ર ! મહોત્સવના પ્રારંભમાં વિરસ કેમ કરે છે ? અર્થાત્ રંગમાં ભંગ કેમ કરે છે ? હે નંદન ! અમારે ઓચિંતું આંસુ પાડીને રડવાનું કેમ થયું ? અર્થાત્ તું અમને ઓચિંતુ કેમ રડાવે છે ? માટે તું પાછો ફર, ક્ષત ઉપર ક્ષાર ન નાખ. ધીરનેમિએ કહ્યું: હે પિતાજી ! પશુઓને આ પ્રમાણે (=બંધનમાં રહેલા છે એ પ્રમાણે) જોઇને મેં કર્મસમૂહથી વીંટળાયેલા આત્માને યાદ કર્યો, અર્થાત્ જેમ પશુઓ બંધનમાં રહેલા છે એમ હું (કર્મના) બંધનમાં રહેલો છું એ પ્રમાણે આત્માને યાદ કર્યો. માટે તેને મુક્ત કરવા માટે હું સંયમના માર્ગે પ્રયત્ન કરીશ. તમને સંતોષ પમાડનારા મહાનેમિ વગેરે પુત્રો છે. આ પ્રમાણે સાંભળીને માતા-પિતા મૂર્છા પામ્યા. કૃષ્ણ પોતે વિહ્વલ બનેલા હોવા છતાં ધીરજથી સમુદ્રવિજય અને શિવાદેવીને આશ્વાસન આપીને ઉચિત વચન બોલ્યા. તે આ પ્રમાણે :- હે બંધુ ! જેવી રીતે કરુણાથી

આ પશુઓને મુક્ત કરાવ્યા, તેમ અતિશય દુઃખી થયેલા માતા-પિતા ઉપર અનુગ્રહ કેમ કરતા નથી ? નેમિપ્રભુએ કહ્યું: હું માતા-પિતાને દુઃખરૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરવાની ઇચ્છાવાળો જ છું, તેથી હે કૃષ્ણ ! નિરર્થક મુંઝાઓ નહિ. મારો આ પ્રયત્ન ઉદ્ધાર માટે છે. આ પ્રમાણે માતા-પિતાને અને બંધુઓને પોતાના વ્રત લેવાના મનોરથને કહ્યો. પછી રડતા સર્વ યાદવોની ઉપેક્ષા કરીને સ્વામી ઘરે ગયા. હવે લોકાંતિક દેવોએ પ્રભુને વિનંતિ કરી કે, જગતના જીવોના હિતના આધાર હે સ્વામિન્ ! તીર્થને પ્રવર્તાવો. ઇંદ્રના વચનથી જૃંભક દેવોએ લાવીને મૂકેલા સુવર્ણથી (=સોનામહોરોથી) પ્રભુએ (લેનારની) ઇચ્છા પ્રમાણે વાર્ષિક દાન આપવાનું શરૂ કર્યું.

વરને પોતાની ઇચ્છા પ્રમાણે પાછા ગયેલા જાણીને વ્યાકુલ બનેલી રાજીમતી તૂટેલી હારલતાની જેમ પૃથ્વી ઉપર પડી. સખિજનથી શીતલ ઉપાયોથી ચેતનાને પમાડાયેલી રાજીમતી જાણે પોતાનું બધું જ લુંટાઈ ગયું હોય તેમ વારંવાર વિલાપ કરવા લાગી. વિધાતાએ મને શા માટે સર્જી ? અથવા હું ગર્ભાવસ્થામાં જ કેમ ન હરણ કરાઈ ? હું શા માટે યૌવનને પામી ? હા હા ! હું બાલ્યાવસ્થામાં પણ કેમ ન મરી ગઇ ? જો નેમિને વિધાતાએ મારા માટે ન સર્જ્યા હતા તો મને તે બતાવ્યા શા માટે ? નિધિનું દર્શન ન થાય એ સારું છે કે જેથી નિધિના અપહરણનું દુઃખ ન થાય. આ પ્રમાણે પોતાની નિંદા કરતી અને પ્રેમથી પ્રભુને યાદ કરતી તે વારંવાર મૂર્છા પામી, આક્રંદન કર્યું અને ભૂમિપીઠ ઉપર આળોટી. હવે દુઃખી થયેલી સખીઓએ કહ્યું: નેમિના વિષે તારો આગ્રહ નકામો છે. હે સખિ ! જેણે તને કોઈજ કારણ વિના છોડી દીધી છે તે નક્કી નીરસ (=તારા ઉપર રાગથી રહિત) છે. રૂપ અને પરાક્રમથી યુક્ત અનેક ક્ષત્રિયો છે. માટે અનુરૂપ વરથી જન્મને સફલ કર. ચઢાવેલાં ભવાંથી ભયંકર ભૃકુટીવાળી રાજીમતી બોલીઃ અહા ! પાપિણીઓ દૂર જાઓ, તમારા આ વચનને ધિક્કાર થાઓ ! મનપ્રિય હોવાથી મેં સ્વેચ્છાએ નેમિને વર કર્યા છે. તેથી હાથી ઉપરથી ઉતરીને ગધેડા ઉપર કેવી રીતે બેસું ? જો કે નેમિએ હાથથી મારો આદર કર્યો નથી, તો પણ હવે પછી તે આ મારા ધર્માચાર્ય પણ થાઓ. અન્ય વરની સાથે વિવાહ કરવા માટે અનુરોધ કરતા સ્વજનોની ઉપેક્ષા કરીને પતિવ્રતા રાજીમતી નેમિના દીક્ષાકાલની રાહ જોવા લાગી.

વાર્ષિક દાન પછી નેમિના ભાવને જાણનારા ઇંદ્રોએ આવીને પ્રભુને તીર્થોદકથી નવડાવ્યા. પછી દેવોએ બનાવેલી અને હજાર રાજાઓથી ઉપાડી શકાય તેવી ઉત્તરકુરા નામની શિબિકામાં પ્રભુ આરૂઢ થયા. સૌધર્મેંદ્ર અને ઇશાનેંદ્રે બે બાજુ ચામર ધારણ કર્યા. સનત્કુમાર ઇંદ્રે છત્ર ધારણ કર્યું. બીજા ઇંદ્રોએ રચેલાં અષ્ટમંગલોને ધારણ કર્યાં. સ્થિર આશયવાળા શ્રીનેમિ રાજમહેલથી ચાલ્યા. તેમની પાછળ માતા-પિતા, ભાઇ-બહેન, સુર-અસુર અને રાજાઓ ચાલ્યા. શિવાદેવી વગેરે સ્ત્રીઓએ ગદ્ગદ વાણીથી મંગલ ગીતો

ગાયાં. મોટાઓ પણ ક્યાંય મોહની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. નેમિને ચારિત્રરૂપી લક્ષ્મીને પરણવા માટે જતા જોઈને રાજીમતી પૂર્વદિશાના વાયુથી ક્ષતશ્રેણિ [1]દુઃખી થાય તેમ દુઃખી થઈ. હવે તેની સુંદર મુખવાળી સખીએ પ્રભુની આગળ રહીને અને સખીના દુઃખને યાદ કરી કરીને નેમિને ઉપાલંભપૂર્વક કહ્યું: લોકમાં સંભળાય છે કે સ્ત્રીઓમાં ચંચળતા અધિક હોય છે. પણ નષ્ટી કરેલા કાર્યથી વિરુદ્ધ કરવાના કારણે તમારામાં જ ચંચળતા રહેલી છે એમ હું જાણું છું. ભોળી રાજીમતી ધૂર્ત તમારા વિષે નિરર્થક અનુરાગ કરે છે. કારણ કે મુક્તિરૂપી સ્ત્રીમાં અનુરાગી બનેલા તમે સંયમને સ્વીકારો છો. અહો! જરાસંધનો વધ કર્યો ત્યારે લાખો રાજાઓનો નિગ્રહ કરીને હવે રાજપુત્રીના વિવાહમાં પાપના ભયવાળા થયા છો! અહો! હે ધૂર્ત! તમે ખરા દયાળુ છો, જેથી સ્વકર્મથી લાવીને મૂકાયેલા પશુસમૂહને છોડાવીને રાજીમતીને દુઃખરૂપી સમુદ્રમાં પાડી. તમે દાનવીર પણ ખરા છો, કે જેથી એક વર્ષ સુધી સુવર્ણદાનથી આખા વિશ્વને સંતોષ પમાડ્યો, પણ દીન રાજીમતીને દૃષ્ટિથી પણ સંતોષ ન પમાડી. ત્રણ જ્ઞાનવાળા તમને આ ઉપાલંભો આપવાથી સર્યું. ચિહ્નરૂપ શંખના સંગથી વક્રતા તમને વળગેલી છે એમ હું જાણું છું. આ પ્રમાણે તેના વડે નિંદા અને ઉપાલંભ ગર્ભિત સ્તુતિઓથી કહેવાયેલા નેમિ જાણે સાંભળ્યું ન હોય તેમ અટકચા વિના ગયા. સહસામ્ર વનમાં પ્રભુ શિબિકામાંથી ઉતર્યા. પછી આભૂષણો વગેરે મૂકી દીધું. છઠ્ઠ તપવાળા અને ત્રણ સો વર્ષની વયવાળા પ્રભુએ શ્રાવણ સુદ છઠ્ઠના દિવસે [2]પૂર્વાહ્નકાળે ચિત્રાનક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં દીક્ષા લીધી. તે વખતે પ્રભુને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. નારકોને પણ ક્ષણવાર સુખ ઉત્પન્ન થયું. પ્રભુની સાથે હજાર રાજાઓએ દીક્ષા લીધી. કૃષ્ણ, રામ અને પાંડવો વગેરે પ્રભુને વંદન કરીને પોતાના ઘરે ગયા. બીજા દિવસે ગોકુલમાં રહેતા વરદત્ત બ્રાહ્મણના ઘરમાં શ્રીનેમિ પ્રભુનું ખીરથી છઠ્ઠતપનું પારણું થયું. એના ઘરમાં ધનવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ, વસ્ત્રવૃષ્ટિ, જયજય એવો ધ્વનિ અને દુંદુભિનાદ એ પાંચ દિવ્યો થયાં. ચોપન દિવસ સુધી પૃથ્વી ઉપર વિચરીને પ્રભુ ફરી ગિરનાર પર્વતની અંતે (=ઉપર) આવેલા સહસામ્રવનમાં પધાર્યા. ત્યાં અટ્ઠમતપવાળા અને વેતસ વૃક્ષની નીચે રહેલા પ્રભુ આસોમાસની અમાસના [2]પૂર્વાહ્નકાળે ચિત્રાનક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં કેવલજ્ઞાન પામ્યા. ત્યાં સિંહાસન ચલાયમાન થવાથી ઇંદ્રો આવ્યા અને ત્રણ ગઢવાળા સમવસરણની રચના કરી. દેવોએ દરેક ગઢમાં દરેક દ્વારે ધૂપપાત્રો મૂકેલાં હતાં, તોરણ અને ધજાઓ બાંધેલી હતી, અને વાવડીઓ કરી હતી. મધ્યગઢમાં (પ્રભુને વિશ્રામ કરવા માટે) દેવછંદ અને અશોકવૃક્ષની રચના કરી હતી. સુવર્ણ કમલ ઉપર ચરણને સ્થાપતા પ્રભુએ પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો. પછી "તીર્થને નમસ્કાર થાઓ" એમ બોલવાપૂર્વક પૂર્વાભિમુખ બેસીને

---

૧. દુઃખી તો જીવ થાય, ક્ષતશ્રેણિ નહીં, આથી 'ક્ષતશ્રેણિ દુઃખી થાય' એ કથન ઉપચારથી છે.
૨. બપોર પહેલાં.

પ્રભુએ સિંહાસનને અલંકૃત કર્યું. દેવોએ અન્ય ત્રણ દિશાઓમાં અન્ય ત્રણ સિંહાસનો કર્યાં, અને તેમની ઉપર નેમિપ્રભુના ત્રણ પ્રતિબિંબ વિકુર્વ્યાં. તે સમવસરણમાં ક્રમ પ્રમાણે પર્ષદા બેઠી.

ઉદ્યાનપાલકોએ દ્વારિકામાં જઈને કૃષ્ણને આ સમાચાર જણાવ્યા. કૃષ્ણે સમાચાર આપનારને સાઠા બાર કરોડ રૂપિયા આપ્યા. કૃષ્ણ તીર્થંકરને વંદન કરવા માટે સર્વ સમૃદ્ધિથી આવ્યા. પ્રભુ પ્રત્યે આસક્ત મનવાળી રાજીમતી પણ જેમ ભ્રમરી માલતી પુષ્પ પાસે આવે તેમ પ્રભુ પાસે આવી. ભવરૂપી અંધારા કૂવામાંથી બહાર નીકળવા રજ્જુસમાન પ્રભુની દેશના સાંભળીને વરદત્ત રાજાએ દીક્ષાની માગણી કરી. પ્રભુએ બે હજાર રાજાઓની સાથે વરદત્ત રાજાને અને ઘણી કન્યાઓની સાથે રાજીમતીને મહોત્સવપૂર્વક દીક્ષા આપી. રાજીમતીને જીવનપર્યંત સ્વામીના ચરણ કમલની સેવા કરવાના મનોરથવાળી જોઈને કૃષ્ણે પ્રભુને સ્નેહનું કારણ પૂછ્યું. [આથી પ્રભુએ ધન અને ધનવતીના પ્રથમ ભવથી નવે ય ભવોનો સંબંધ કહ્યો.] પૂર્વભવના બંધુ ધનદત્ત અને ધનદેવ તથા મંત્રી વિમલબોધ અપરાજિત વિમાનમાંથી ચ્યવીને અહીં રાજા થયા હતા. તે ત્રણે રાજાઓએ રાજીમતીના પ્રસંગથી પોતાના ભવો સાંભળીને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પ્રભુની પાસે દીક્ષાને પામ્યા. પ્રભુએ તે ત્રણ સહિત વરદત્ત વગેરે અગિયારને ગણધરપદે સ્થાપ્યા. તેમણે ત્રિપદીને પામીને દ્વાદશાંગીની રચના કરી. દશ દશાર્હોએ ઉગ્રસેન અને પ્રદ્યુમ્ન વગેરે પુત્રોની સાથે શ્રાવકપણાનો સ્વીકાર કર્યો. રામ અને કૃષ્ણે સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો. રુક્મિણી વગેરે પુત્રવધૂઓની સાથે વિવેકવતી, શિવાદેવી, રોહિણી અને દેવકી પ્રભુની પાસે શ્રાવકધર્મને પામી. આ પ્રમાણે ચતુર્વિધ સંઘ થઈ જતાં પહેલી પોરિસિ પૂર્ણ થઈ ગઈ. બીજી પોરિસિમાં ગણધરે ધર્મ કહ્યો. કૃષ્ણ ત્યાં બલિ લઈ આવ્યા. આકાશમાં ઉછાળેલા બલિમાંથી અર્ધો બલિ દેવોએ આકાશમાં જ અદ્ધરથી લઈ લીધો. નીચે પડેલા અર્ધા બલિમાંથી અર્ધો બલિ લોકોએ વહેંચીને લઈ લીધો, અને અર્ધો બલિ રાજાએ લીધો. પ્રભુના તીર્થમાં ત્રણ મુખવાળો અને મનુષ્યના વાહનવાળો ગોમેધ નામનો યક્ષ શાસન રક્ષક હતો, તથા સિંહના વાહનવાળી કુષ્માંડી (=અંબિકા) નામની દેવી શાસનરક્ષિકા હતી. પાપને દૂર કરતા ભગવાન આશ્ચર્યકારી પ્રાતિહાર્યો અને મનોહર અતિશયોની સાથે ભૂમિતલ ઉપર વિચરવા લાગ્યા. લોકાલોકને પ્રકાશિત કરનારા અને જગતને [1]પુનર્જીવિત કરતા સ્વામીએ અનાર્ય દેશોમાં પણ ભવ્ય લોકોને બોધ પમાડ્યો. પ્રભુના અઢાર હજાર સાધુઓ, યક્ષિણી આદિ ચાલીશ હજાર સાધ્વીઓ, એક લાખ ને ઓગણોતેર હજાર શ્રાવકો, ત્રણ લાખ ને ઓગણચાલીશ હજાર શ્રાવિકાઓ, દોઢ હજાર અવધિજ્ઞાની, તેટલા જ કેવળજ્ઞાની, તેટલા જ વૈક્રિય લબ્ધિવાળા, ચાર સો ચૌદપૂર્વધારી,

---

૧. ભાવથી મૃત્યુ પામી રહેલા જગતને ભાવથી ફરી જીવાડતા.

આઠસો વાદીઓ (=વાદલબ્ધિવાળા), એક હજાર મનઃપર્યવજ્ઞાની થયા. કેવલજ્ઞાનના દિવસથી પૃથ્વી ઉપર વિચરતા નેમિનાથનો ચતુર્વિધ શ્રીસંઘ આટલો જ હતો. વ્રતરૂપી-લક્ષ્મી અને જ્ઞાનરૂપી લક્ષ્મી વિદ્યમાન હોવા છતાં તેની ઉપેક્ષા કરીને મુક્તિરૂપી પ્રિયાને પરણવાની ઈચ્છાવાળા શ્રીનેમિજિન ગિરનાર પર્વત ઉપર પધાર્યા. ત્યાં છેલ્લી દેશના સાંભળીને કોઈક જીવો સમ્યક્ત્વને પામ્યા, કોઈક દીક્ષાને અને કોઈક શ્રાવકધર્મને પામ્યા. ભગવાન એક મહિનાના ઉપવાસ કરીને પાંચસો ને છત્રીસ સાધુઓની સાથે પાદપોપગમન અનશનને પામ્યા. ભગવાન અષાઢ સુદ આઠમે ચિત્રાનક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં સિદ્ધિરૂપી સ્ત્રીના વક્ષઃસ્થલનો (=છાતીનો) અલંકાર બન્યા, અર્થાત્ મોક્ષ પામ્યા. પ્રદ્યુમ્ન અને શાંબ વગેરે કુમારો, શ્રી નેમિનાથના બંધુઓ, કૃષ્ણની સ્ત્રીઓ અને બીજા પણ સાધુઓ મુક્તિનું ભાજન થયા. જેનો આત્મા મુક્ત બન્યો છે અને જે સાધ્વીગણની પ્રવર્તિની છે તે રાજીમતી પણ શ્રીનેમિનાથથી અભેદને પામ્યા, અર્થાત્ ભગવાન અને રાજીમતી એ બંને સિદ્ધ બનવાથી એ બંનેમાં કોઇ ભેદ ન રહ્યો. જિનેશ્વરો અવંધ્યપ્રાર્થના-વાળા હોય છે. રાજીમતી એક વર્ષ સુધી છદ્મસ્થપણામાં રહ્યા, ચારસો વર્ષ સુધી ગૃહ-વાસમાં રહ્યા, પાંચસો વર્ષ સુધી કેવલી અવસ્થામાં રહ્યા. શ્રીનેમિજિનના માતા–પિતા ચોથા દેવલોકને પામ્યા. દશાર્હો અને બીજા જીવો પણ વૈમાનિક દેવલોકની લક્ષ્મીને પામ્યા. શ્રીનેમિનાથનું ત્રણસો વર્ષકુમાર અવસ્થામાં, છદ્મસ્થ અને કેવલી અવસ્થામાં સાતસો વર્ષ, એમ સઘળું આયુષ્ય હજાર વર્ષનું હતું. શ્રી નમિનાથ પ્રભુની મુક્તિ થયા પછી પાંચ લાખ વર્ષ વીત્યા બાદ બાવીસમા જિનેશ્વર શ્રીનેમિનાથની મુક્તિ થઈ. ઇંદ્રે કુબેર દ્વારા શ્રીનેમિનાથની શિબિકા બનાવીને, જિનના શરીરની પૂજા કરીને, તે શિબિકામાં જિનના શરીરને જાતે વિધિપૂર્વક પધરાવ્યું. નૈઋત્ય દિશામાં ગોશીર્ષ ચંદનના કાષ્ઠોથી ચિતા રચીને તેમાં શિબિકા પધરાવી. અગ્નિકુમાર દેવોએ અગ્નિ પ્રગટાવ્યો. વાયુકુમાર દેવોએ અગ્નિને પ્રજ્વલિત કર્યો, અને (દેહ બળી ગયા પછી) મેઘકુમાર દેવોએ અગ્નિને ઠારી દીધો. ઇંદ્રોએ જિનેશ્વરની દાઢાઓ લીધી. દેવોએ બાકીનાં અસ્થિ લીધાં. રાજાઓએ પ્રભુનાં વસ્ત્રો લીધાં. સજ્જનોએ ભસ્મ લીધી. બાકીના સાધુઓની અંતિમ ક્રિયા દેવોએ કરી. શ્રી ગિરનાર પર્વત ઉપર નેમિનાથની નિર્વાણભૂમિમાં ઇંદ્રે મંડપ કર્યો. એ મંડપમાં શિલા ઉપર ઇંદ્રે વજ્રથી પ્રભુનું નામ લખ્યું. નારકોને પણ ક્ષણવાર મહાન આનંદની ઉર્મિઓને ઉત્પન્ન કરનાર શ્રીનેમિપ્રભુના નિર્વાણ કલ્યાણકને આ પ્રમાણે યથોક્તવિધિથી ઇંદ્રોએ ઉજવ્યો. પછી નંદીશ્વરદ્વીપમાં આઠ દિવસ સુધી સુભક્તિથી શાશ્વત જિનોની પૂજા કરીને પ્રભુના ગુણો પ્રત્યે આદરવાળા બધા ય ઇંદ્રો પોતાના સ્થાને ગયા. આ પ્રમાણે જેમ નેમિજિને આઠ ભવથી અનુરાગવાળી રાજીમતીનો ત્યાગ કરીને સર્વોત્કૃષ્ટ પ્રકારના શીલનું પાલન કર્યું, તેમ ભવ્ય જીવે પણ ક્ષણે ક્ષણે ઉત્તમ પ્રકારના શીલનું પાલન કરવું જોઈએ. [૩૯]

શીલપાલનનું જ સમર્થન કરે છે :–

सिरिमल्लिनेमिपमुहा, साहीणसिवावि बंभवयलीणा ।
जइ ता किमण्णजीवा, सिढिला संसारवसगावि ॥ ४० ॥

ગાથાર્થ :–જો જેમને મોક્ષ સ્વાધીન હતો (=તે જ ભવમાં અવશ્ય મોક્ષમાં જનારા હતા) તેવા પણ શ્રી મલ્લિનાથ અને શ્રીનેમિનાથ વગેરે બ્રહ્મચર્ય વ્રતમાં લીન બન્યા (=લગ્નનો ત્યાગ કરીને બ્રહ્મચર્યનું જ પાલન કર્યું), તો પછી સંસારને વશ પડેલા બીજા સામાન્ય પ્રાણીઓ શીલપાલનમાં શિથિલ કેમ છે ?

ટીકાર્થ :–તે જ ભવમાં મોક્ષમાં જનારાઓ પણ જો શીલનું પાલન કરે છે તો સંસારમાં ડૂબેલા સામાન્ય જીવોએ મોક્ષરૂપ ફલ મેળવવા માટે વિશેષથી શીલનું પાલન કરવું જોઇએ. શ્રી મલ્લિનાથ ઓગણીસમા તીર્થંકર છે અને શ્રી નેમિનાથ બાવીસમા તીર્થંકર છે. શ્રી નેમિનાથનું ચરિત્ર પહેલાં કહેલું જ છે. શ્રી મલ્લિનાથનું ચરિત્ર કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :–

શ્રીમલ્લિનાથનું દૃષ્ટાંત

જેમનું ચિહ્ન કળશ દર્શનમાત્રથી પણ નમેલા ભવ્ય જીવોનું કલ્યાણ કરે છે તે શ્રી મલ્લિજિન સંપત્તિ માટે થાઓ. મહિમાના ભંડાર જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં જગતમાં બળવાન અને પ્રસિદ્ધ સલિલાવતી વિજય છે. તેમાં કલહરૂપી મલથી રહિત વીતશોકાનગરી છે. તે નગરીના ઘરોમાં રહેલા મણિઓએ ઇંદ્રધનુષની શોભા આકાશમાં ધારણ કરી [1]રાખી. તે નગરીમાં અતિશય પરાક્રમી બલ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેના યશરૂપી પુરુષનું સર્જન કરવા તારાઓ જાણે કાષ્ઠ જેવા (=તેજહીન) થઇ ગયા હતા. તેની શીલવંતી ધારિણી નામની પત્ની હતી. તે ધરિણીથી (=પૃથ્વીથી) એક માત્રાથી અધિક હતી તે યોગ્ય જ છે. કારણ કે તે ધરિણીથી (=પૃથ્વીથી) કેટલાક ગુણોવડે અધિક હતી. તે બેનો શૂરવીરોમાં [2]શરભ સમાન મહાબલ નામનો પુત્ર હતો. ક્રમે કરીને તે વિશ્વની સ્ત્રીઓને વશ કરવા માટે ઔષધસમાન યૌવનને પામ્યો. પિતાએ તેને ચોસઠ કળાઓથી યુક્ત પાંચ સો કન્યાઓ મહોત્સવપૂર્વક અત્યંત આનંદથી પરણાવી. તેના વૈશ્રમણ, અમિચંદ્ર, ધરણ, પૂરણ, વસુ અને અચલ એ છ મિત્રો હતા. જેમ જીવલોક સદા છકાયથી સહિત હોય તેમ તે સદા મિત્રોની સાથે રહેતો હતો. તે મિત્રોની સાથે પોતાને ઉચિત એવી વિવિધ ક્રીડાઓથી નિઃશંકપણે ક્રીડા કરતો હતો. વિનય કરનાર તેણે યોગ્યકાળે આચાર્યની પાસે [3]છ અંગ જેવી મિત્રશ્રેણિની સાથે જ કળાઓનો

---

૧. મણિઓની પ્રભા આગળ મારી પ્રભા ઝાંખી પડી જશે એમ વિચારીને ઇંદ્રધનુષ પૃથ્વી ઉપર ન આવતાં આકાશમાં જ રહ્યું એમ કવિએ કલ્પના કરી છે.

૨. શરભ સિંહથી પણ અધિક બલવાન પ્રાણી છે. તેને આઠ પગો હોવાથી અષ્ટાપદ પણ કહેવામાં આવે છે.

૩. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર એ છ અંગો છે.

અભ્યાસ કર્યો. કોઈ વેળા તેણે ધર્માચાર્યની (વિદ્યાસંબંધી) સામગ્રીને વ્યગ્રતા વિના પામીને છ પ્રકારના તપ જેવા તે મિત્રોની સાથે જ તે સામગ્રીને સફલ બનાવી. તેનું મન ક્રીડામાં જ હોવાથી તે મિત્રોની સાથે નગર, ઉદ્યાન, વાવડી અને સરોવરોમાં ફરતો હતો.

એક દિવસ બલરાજા સૈન્યસહિત ઉદ્યાનમાં આવ્યો. ત્યાં જ્ઞાની શ્રેષ્ઠ આચાર્યને જોઈને વંદન કર્યું. સ્વાભાવિક વાત્સલ્યવાળા તે મહાત્માએ પણ તેને યોગ્ય જાણીને મેઘ જેવી ગંભીરવાણીથી ધર્મદેશના આપી. તે આ પ્રમાણેઃ– "મૃગતૃષ્ણામાં અંધ બનેલા અને સુખની ભ્રાન્તિથી તૃષાવાળા બનેલા અજ્ઞાન પ્રાણીઓ ભવરૂપી જંગલમાં મૃગની જેમ ઘણું ભમે છે. પુણ્યશાળી જીવો હજારો દુઃખોને આપનારા સંસારનો ત્યાગ કરીને સ્વર્ગ અને મોક્ષને આપનારી જૈનદીક્ષાનો આનંદથી સ્વીકાર કરે છે." આ પ્રમાણે સાંભળીને રાજાએ વિચાર્યુંઃ હું દીક્ષા લઉં, પણ મારો પુત્ર રાજ્યધુરાને વહન કરવા માટે હજી સમર્થ થયો નથી. ઈત્યાદિ વિચારતા તેને આચાર્યે ફરી ઉપદેશ આપ્યો કે, "કર્મબલ જયશીલ હોવાથી અર્થાત્ બધું કર્મ પ્રમાણે થતું હોવાથી તારા હૃદયમાં આ ચિંતા કેમ છે? બાલ્યાવસ્થા, યૌવન કે વૃદ્ધાવસ્થા સુખ–દુઃખનું કારણ નથી, કિંતુ પૂર્વે ઉપાર્જન કરેલું કર્મ સુખ–દુઃખરૂપ ફલને આપે છે. શરણ રહિત અને જેમનો આત્મા રાગાદિથી વ્યાકુલ છે તેવા તિર્યંચોને (=પશુ–પક્ષી વગેરેને) વનમાં પૂર્વે કરેલા એક કર્મને છોડીને બીજો કોઈ શરણ નથી. તેથી પુત્રની રાજ્યની ધુરા ધારણ કરવા સંબંધી તારી પણ ચિંતા નિરર્થક છે. બધાય પ્રાણીઓ અવશ્ય પોતાનું કરેલું કર્મ ભોગવે છે. વળી આયુષ્ય વાયુથી બહુ જ હાલતા પીપળાના પાન જેવું ચંચળ છે. યૌવન વિજળીના જેવું અસ્થિર છે. શરીર ક્ષણવિનશ્વર છે. પ્રેમ ઘાસ ઉપર રહેલા પાણીના જેવો અસ્થિર છે. વૈભવો પણ નિત્ય નથી. કચાંય કોઈ કોઇનું નથી. માટે આત્મહિત કરવું જોઇએ." તેથી વિકલ્પોથી રહિત બનેલા અને વૈરાગ્યના જ તરંગોવાળા તે રાજાએ દીક્ષાનો સ્વીકાર કર્યો. બે પ્રકારની શિક્ષામાં કુશળ બનેલા તે રાજર્ષિ તપથી આઠે ય કર્મોને ખપાવીને પ્રાંતે કેવલજ્ઞાન ઉત્પન્ન કરીને મુક્તિના વિલાસને પામ્યા.

તેથી (=બલ રાજાએ દીક્ષા લીધી તેથી) મંત્રી અને સામંત રાજા વગેરેએ મહાબલને સારામુહૂર્તે પિતાના રાજ્ય ઉપર સ્થાપ્યો. તેણે રાજ્યનું બરોબર પાલન કર્યું. પ્રતાપથી શત્રુઓને ત્રાસ પમાડનાર મહાબલ રાજા જાણે છ બલ હોય તેવા છ મિત્રોની સાથે રહીને પ્રજા ઉપર શાસન ચલાવતો હતો. કમલવતી નામની તેની પત્નીએ જેમ પૂર્વ-દિશા સૂર્યમંડલને જન્મ આપે તેમ બધાય અંગોમાં સુંદર પુત્રને જન્મ આપ્યો. મહાન સમૃદ્ધિથી પુત્રનો જન્મમહોત્સવ કરાવીને બારમા દિવસે તેનું બલભદ્ર એવું નામ રાખ્યું. જેમ વસુદેવના આશ્રયે રહેલ શંખ સમુદ્રમાં પ્રૌઢતાને પામે છે, તેમ બલભદ્ર સર્વ

અંગોની શોભા સાથે અતિશય પ્રૌઢતાને પામ્યો. તેથી શસ્ત્રોમાં અને શાસ્ત્રોમાં પાર પામેલ (=કુશળ બનેલ) મહાબલ રાજાએ મહાતેજસ્વી પુત્રનો યુવરાજ પદ ઉપર અભિષેક કર્યો. નીતિમાન બલભદ્ર રાજ્યકાર્યોમાં પ્રયત્ન કરતો થયો એટલે કૃતકૃત્ય બનેલો રાજા પોતે જિનધર્મમાં ઉદ્યમવાળો થયો. દાન, શીલ, તપ, ભાવ અને શાસનની પ્રભાવના વગેરે ધર્મ કાર્યો સતત કરીને તેણે જન્મને સફલ કર્યો. એક દિવસ ભ્રાન્તિથી ભ્રાન્ત બનેલા જડ લોકોથી સેવાતા કોઈ પાખંડીને જોઈને મહાબલે આ પ્રમાણે વિચાર્યું:– શુભાશુભ ફલનું કારણ કર્મ જ છે એમ જાણતા પુણ્યશાળી મુનિઓ આ જગતમાં પોતાને અને પરને સંસારરૂપી સમુદ્રથી તારે છે. પાખંડીઓને ધિક્કાર થાઓ! શિકારી જેવા પાખંડીઓ મંત્ર–તંત્ર આદિના ઉપદેશથી મૂઢ જીવોને જેમ શિકારીઓ મૃગોને પાશમાં નાખે તેમ ભવરૂપી પાશમાં નાખે છે. વિવેક રહિત ઉપકાર વગેરે ધર્માભાસની પ્રરૂપણા કરનારા, મૂઢ અને મૂઢધાર્મિકોને આકર્ષતા પાખંડીઓ પોતાને છેતરે છે. ઇત્યાદિ ભવવૈરાગ્યથી શુદ્ધ ધર્મમાં જ બુદ્ધિવાળા તેણે સંયમ લેવાની ભાવનાથી સ્વયં પુત્રનોરાજ્ય ઉપર અભિષેક કર્યો. પછી મહાબલે શ્રીવીર નામના ગુરુની પાસે મિત્રોની સાથે ચઢતા ભાવથી દીક્ષા લીધી. જાણે ભયના શત્રુ હોય તેવા સાતે ય મુનિઓ આઠ કર્મોને જિતવાની ઇચ્છાથી ચારિત્ર પાળવા લાગ્યા. મોક્ષલક્ષ્મીને મેળવવાની ઇચ્છાવાળા તેમણે સર્વતોભદ્ર, સિંહનિષ્ક્રીડિત વગેરે તપોથી કર્મોને ખપાવ્યાં. વિશિષ્ટ ફલની આકાંક્ષાવાળા તપસ્વી મહાબલ મુનિએ તપ પૂર્ણ થવા છતાં રોગનો દંભ કરીને પારણું ન કર્યું. વિશિષ્ટ તપને કરતા મહાબલ મુનિએ માયાથી સ્ત્રીવેદનો બંધ કર્યો. અહો! મોહની રમત કેવી છે? વિધિપૂર્વક આરાધેલા અરિહંતભક્તિ વગેરે વીસ સ્થાનકોથી તેમણે નિકાચિતપણે તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. ચોરાશી લાખ પૂર્વના આયુષ્યવાળા સાતે ય ઉત્તમમુનિઓ આયુષ્યના અંતે અનશન કરીને વૈજયંત નામના અનુત્તર વિમાનમાં દેવ થયા. ત્યાં તેમણે તેત્રીસ સાગરોપમ પ્રમાણ આયુષ્ય એક લવની જેમ પસાર કર્યું.

આ તરફ જંબૂદ્વીપના લક્ષ્મીને ક્રીડા કરવાનું મંદિર એવા દક્ષિણ ભરતમાં વિદેહ નામનો પ્રસિદ્ધ દેશ હતો. તેમાં મિથિલાનગરી હતી. તેની સમૃદ્ધિ જોઈને દેવાંગનાઓ સ્વર્ગમાં રહેવા માટે ઢીલી બનતી હતી. તેમાં ઇક્ષ્વાકુ કુળમાં થયેલો કુંભ નામનો રાજા હતો. તેના મહેલ ઉપર ચંદ્ર જાણે યશનો કુંભ હોય તેમ શોભતો હતો. તેની શીલથી વિભૂષિત પ્રભાવતી નામની રાણી હતી તેના ગુણોની સંખ્યા ગણવામાં તારાઓ રેખા જેવા દેખાયા, અર્થાત્ તેનામાં તારાઓથી પણ અધિક ગુણો હતા. મહાબલનો જીવ વૈજયંત વિમાનમાંથી ચ્યવીને ફાગણ સુદ ચોથે અશ્વિની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં મધ્યરાત્રિએ જેમ રાજહંસ કમળ ઉપર બેસે તેમ રાણીની કુક્ષિમાં અવતર્યો. આ વખતે

---

૧. લવ એટલે લગભગ દોઢ મિનિટ

તે જીવ ત્રણ જ્ઞાનથી યુક્ત હતો. અને તેણે નારકીઓને પણ ક્ષણવાર સુખ આપ્યું. મહાબલના ભવમાં તપમાં પણ કરેલી માયાથી તે જીવ તીર્થંકરપણામાં પણ સ્ત્રીપણે ઉત્પન્ન થયો. રાત્રિના અંતે ચૌદ મહાસ્વપ્નો જોઈને વિકસિત બનેલા રોમાંચોરૂપી અંકુરાવાળી રાણીએ નિદ્રાનો ત્યાગ કર્યો. રાણીએ રાજા પાસે જઈને રાજાને ચૌદ મહાસ્વપ્નો કહ્યાં. હે સ્વામિન્! મેં હાથી વગેરે ચૌદ સ્વપ્નોને મુખમાં પ્રવેશ કરતા જોયા છે. તો આ સ્વપ્નોનું ફળ શું થશે તે કહો. રાજાએ પણ પોતાના અંતરમાં હર્ષ પામીને રાણીને આ પ્રમાણે કહ્યું : હે દેવી! આ મહાસ્વપ્નોથી મહાન લાભ થશે. આપણે ચોતરફ ધનભંડાર અને ધાન્યના કોઠારોથી ઘણા વધીશું. મુશ્કેલીથી જીતી શકાય તેવા પણ શત્રુઓ સુખેથી જીતી શકાશે. ઉત્તરોત્તર સંપત્તિ વધશે એવી સંભાવના કરાય છે. વળી તું સમય પૂર્ણ થતાં શુભલક્ષણોવાળી કુલદીપક અને ધીર પુત્રીને જન્મ આપીશ. કાનને અમૃતના પારણા સમાન પતિના વચનને સાંભળીને તેણે બાકીની રાત્રિ ધર્મ-[1]જાગરિકામાં ઉદ્યત બનીને પસાર કરી. દેવોથી સતત સેવા કરવા યોગ્ય રાણીએ પતિના મનોરથોની સાથે જેમ પૃથ્વી નિધાનને ધારણ કરે તેમ ગર્ભને ધારણ કર્યો. રાજાએ જ્યારે પુંસવન વગેરે જે ક્રિયા કરાવવા માટે ઇચ્છા કરી ત્યારે તે ક્રિયા ઇંદ્ર વગેરેએ સ્વયં કરી. ગર્ભપોષક અને દેશ-કાલને ઉચિત વિહાર-આહાર આદિ તે તે ક્રિયાઓથી રાણીએ સુખપૂર્વક ગર્ભનું પોષણ કર્યું. શુભ ગર્ભના પ્રભાવથી ત્રીજા મહિને રાણીને પુષ્પની શય્યામાં સૂવાનો દોહલો થયો. દેવોએ તે દોહલો પૂરો કર્યો. માગશર સુદ અગિયારસે અશ્વિની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે પ્રભાવતીએ જેમ પૂર્વદિશા સૂર્યબિંબને જન્મ આપે તેમ પુત્રીને જન્મ આપ્યો. તે પુત્રી તેજથી દીપકને ઝાંખો પાડનારી, સર્વ અંગોમાં સુંદર લક્ષણોવાળી, તાલિશપત્ર અને ઇંદ્રનીલમણિના જેવા નીલરંગવાળી અને શુભ લક્ષણોવાળી હતી. આ વખતે નરકના જીવોને પણ ક્ષણવાર સુખ થયું. જગત જાણે તેજના પુંજથી ઘેરાયેલું હોય તેવું (=પ્રકાશવાળું) થયું. દિશાઓ પ્રકાશવાળી થઈ. વાયુ સુખ ઉત્પન્ન કરનારા વાયા. સંપૂર્ણ જગત યોગીના ચિત્તની જેમ સુખથી ભરપૂર બન્યું.

આ તરફ સિંહાસન ચલિત થવાથી અવધિજ્ઞાનથી જિનેશ્વરના જન્મને જાણીને અધોલોકમાં રહેનારી આઠ દિક્કુમારિકાઓ પોતાનું કાર્ય કરવાની ઇચ્છાથી વાહનસહિત અને પરિવાર સહિત જલદી ત્યાં આવી, આવીને જિનને અને જિનની માતાને નમસ્કાર કર્યા. પછી તેમણે કહ્યું : હે જગન્માતા! તમે અમારાથી ભય પામશો નહિ અમે અધોલોકમાં રહેનારી આઠ દિક્કુમારિકાઓ અવધિજ્ઞાનથી તીર્થંકરના જન્મને જાણીને તેમની ભક્તિ કરવા માટે અહીં આવી છીએ. આમ કહીને ઈશાનખૂણામાં રહેલી તેમણે સ્તંભ-

૧. શબ્દાર્થ આ પ્રમાણે છે:- નિદ્રારૂપી સંકોચનો ત્યાગ કર્યો. નિદ્રા એ એક પ્રકારનો સંકોચ છે અને જાગરણ એ એક પ્રકારનો વિકાસ છે.

વાળું અને પૂર્વ તરફ મુખવાળું સૂતિકાગૃહ કર્યું. પછી સંવર્ત નામના વાયુથી સૂતિકાગૃહને ચોતરફ એક યોજન સુધી શુદ્ધ કર્યું. ઊર્ધ્વલોકમાં રહેનારી આઠ દિક્કુમારિકાઓ પણ આસનનો કંપ થવાથી મેરુપર્વતના શિખર ઉપરથી ત્યાં આવી સુગંધી પાણીની વૃષ્ટિથી એક યોજન સુધી પૃથ્વીને સિંચીને અને પુષ્પવૃષ્ટિ કરીને જિનના ગુણો ગાવા લાગી. પૂર્વદિશાના રુચકપર્વત ઉપર રહેનારી આઠ દિક્કુમારીકાઓ પણ પોતાના હાથમાં દર્પણ રાખી માંગલિક ગીતો ગાતી ગાતી પૂર્વદિશામાં ઊભી રહી. દક્ષિણ રુચકપર્વતથી આવેલી આઠ દિક્કુમારિકાઓ હાથમાં કળશ ધારણ કરીને દક્ષિણ દિશામાં ગાયન કરતી ઊભી રહી પશ્ચિમ રુચકપર્વતથી પણ આઠ દિક્કુમારીકાઓ આવીને, હાથમાં પંખો રાખીને પશ્ચિમ દિશામાં ઊભી રહીને, જિનના અને જિનમાતાના ગુણો ગાવા લાગી. ઉત્તરરુચકપર્વત ઉપર રહેનારી આઠ દિક્કુમારિકાઓ આવીને, હાથમાં ચામર રાખીને ઉત્તર દિશામાં ઊભી રહીને, ગીતો ગાવા લાગી. વિદિશાના રુચકપર્વત ઉપર રહેનારી ચાર દિક્કુમારિકાઓ હાથમાં દીપક રાખીને ઈશાન વગેરે વિદિશાઓમાં ગીતો ગાતી ઊભી રહી. રુચકદ્વીપથી ચાર દિક્કુમારિકાઓ ભૂમિમાં ખાડો ખોદીને તેમાં નાભિનાલ મૂક્યું. (ખાડાને રત્ન વગેરેથી પૂરી દીધો. તેના ઉપર દૂર્વાથી (=ધ્રોથી) પીઠિકા બાંધી.) પછી જિનના જન્મગૃહથી પૂર્વ, દક્ષિણ અને ઉત્તર એ ત્રણ દિશાઓમાં ચોકથી શોભિત ત્રણ કદલીગૃહો કર્યા. તે દરેકમાં એક એક એમ ત્રણ સિંહાસન કર્યા. પછી માતાની સાથે જિનને ક્રમશઃ તે કદલીગૃહોમાં પધરાવીને (૧પૂર્વમાં) સુગંધી લક્ષપાક તેલથી તે બંનેનું અભ્યંગ કરીને ઉદ્વર્તન કર્યું. પછી (દક્ષિણમાં) સ્નાન કરાવીને વસ્ત્રથી શરીર લૂંછ્યું, બંનેને વસ્ત્રો તથા આભૂષણો પહેરાવ્યાં. પછી (ઉત્તરમાં) ગોશીર્ષ ચંદનથી હોમ કર્યો. તે (અગ્નિથી થયેલ) ભસ્મથી રક્ષાપોટલી કરી. (એ રક્ષાપોટલી બંનેના હાથમાં બાંધી.) પ્રભુના કાનની પાસે પાષાણના બે ગોળાઓ વગાડ્યા. આ પ્રમાણે ક્રમથી ભક્તિ કરીને દિક્કુમારિકાઓ કુદવા લાગી, નાચવા લાગી, મંગલ ગીતો અને ભગવાનના ગુણો ગાવા લાગી.

તે વખતે સ્વર્ગમાં એકી સાથે શાશ્વતી ઘંટાઓ વાગી તથા ઇંદ્રોનાં હૃદયોની સાથે આસનો કંપ્યાં. પછી અવધિજ્ઞાનથી જિનના જન્મને જાણીને સૌધર્મેંદ્રે ક્ષણવારમાં મનનું સમાધાન કર્યું. [અચાનક આસનનો કંપ થવાથી કોણ એવો ધિઠ્ઠો છે કે જેણે મારું આસન ચલાયમાન કર્યું એવા વિચારથી સૌધર્મેન્દ્રને ક્રોધ આવ્યો. પણ પછી જિનજન્મના કારણે આસન ચલાયમાન થયું છે એવું જાણવામાં આવવાથી ક્રોધ શમી ગયો.] પછી સૌધર્મેંદ્રે ઘંટા વગડાવી. ઘંટાના નાદથી ક્રોડો દેવો સાવધાન થઇ ગયા અને

૧. અહીં ક્રમશઃ એમ કહ્યું છે અને પૂર્વ-દક્ષિણ-ઉત્તર એ ક્રમથી ઉલ્લેખ કર્યો છે. આથી અહીં કાઉસમાં અનુક્રમે પૂર્વ-દક્ષિણ-ઉત્તર લખ્યું છે. પણ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં દક્ષિણ-પૂર્વ-ઉત્તર એ ક્રમથી ઉલ્લેખ છે.

સેનાપતિના વચનથી બધાય શક્રની પાસે ભેગા થયા. તે જ વખતે પાલકે ઇચ્છા પ્રમાણે જનારું, લાખ યોજન પહોળું; અંદરના ભાગમાં માણેક રત્નની પીઠિકાવાળું, પાંચસો યોજન ઊંચું, પાલક નામનું વિમાન વિકુર્વ્યું. શકેંદ્ર ઉત્તર વૈક્રિયરૂપ કરીને તે વિમાનમાં આરૂઢ થયા. દુંદુભિના મોટા અવાજથી દિશાનાં મુખોને બહેરાં કરનાર અને સઘળી સામગ્રીથી યુક્ત તે વિમાન મિથિલાનગરી તરફ ચાલ્યું. આઠમા નંદીશ્વર દ્વીપમાં જઇને રતિકર પર્વતની ઉપર ઇંદ્રે જેમ ઉપક્રમોથી આયુષ્ય સંક્ષિપ્ત થાય તેમ વિમાનને સંક્ષિપ્ત કર્યું. પછી સૌધર્મેંદ્ર ઓગણીસમા તીર્થંકરના જન્મગૃહમાં આવ્યા, સૂતિકાગૃહને ત્રણ પ્રદક્ષિણા આપીને જિનને નમ્યા. ફરી ઇંદ્રે જિનને અને જિનમાતા રાણીપ્રભાવતીને નમીને મસ્તકે અંજલિ જોડીને કહ્યું : હે જગન્માતા ! હે રત્નકુક્ષિ ! હે કૃપાવતિ ! ત્રણ ભુવનમાં પુત્રવાળી સ્ત્રીઓમાં તમે જ મુખ્ય છો. હું ઓગણીસમા તીર્થંકરનો જન્મ-મહોત્સવ કરવાની ઇચ્છાથી આવ્યો છું આથી તમે ગભરાશો નહિ. પછી ઇંદ્રે પરિવાર સહિત રાણીને અવસ્વાપિની નિદ્રા આપી, શ્રી મલ્લિનાથનું પ્રતિબિંબ માતાની પાસે મૂકયું. જાણે પાંચ કલ્યાણકવાળા [૧]સ્વામીની હું એકી સાથે સેવા કરું એવી ભાવનાથી હોય તેમ સૌધર્મેંદ્રે પોતાનાં પાંચ રૂપો કર્યાં. એક રૂપથી ગોશીર્ષ ચંદનથી લીપેલા પોતાના બે હાથોમાં જેમ ગરીબ માણસ નિધાનને લે તેમ પ્રભુને લીધા. એક રૂપથી પ્રભુની પાછળ રહીને પ્રભુના મસ્તકે જાણે એકઠો કરેલો પ્રભુનો યશ હોય તેવું સફેદ છત્ર ધર્યું. બે રૂપથી પ્રભુની બંને બાજુ જાણે પ્રભુને વિષે સ્પૃહાવાળા ગંગાના બે પ્રવાહ હોય તેવા બે ચામર વીંઝ્યા. એક રૂપથી વિશેષ મેળવવાની ઇચ્છાથી પિતાની આગળ કૂદતા બાળકની જેમ પ્રભુની આગળ વજ્રને ઉછાળતા ચાલ્યા. મેરુપર્વત ઉપર આવેલી અતિપાંડુ કંબલા શિલા ઉપર પ્રભુને પોતાના ખોળાનો અલંકાર બનાવીને, અર્થાત્ પ્રભુને પોતાના ખોળામાં ધારણ કરીને ઇંદ્રે બેઠા.

તે જ પ્રમાણે આસન ચલાયમાન થવાથી બીજા અચ્યુતેંદ્ર વગેરે ત્રેસઠ ઇંદ્રો પણ પોતપોતાની સમૃદ્ધિ સહિત આવ્યા. વ્યંતરના સોળ અને વાણવ્યંતરના સોળ એમ વ્યંતરના બત્રીસ ઇંદ્રો, સૂર્યનો એક, ચંદ્રનો એક, ભવનપતિના વીસ અને વૈમાનિકના દશ એમ ચોસઠ ઇંદ્રો અહીં ભેગા થયા. ઘણી સમૃદ્ધિ (શોભા)વાળા અને તીર્થજલથી ભરેલા વિવિધ કળશોથી વાજિંત્રોના નાદપૂર્વક જિનેશ્વરનો અભિષેક કર્યો. હવે ઇશાનેંદ્રે પાંચ રૂપો કરીને જિનને પોતાના ખોળામાં ધારણ કર્યા. પછી સૌધર્મેન્દ્રે જિનેશ્વરનો અભિષેક કર્યો. જિનના અભિષેકનું પાણી દેવોએ [૨]સિદ્ધચૂર્ણની જેમ લીધું. તે પાણી કિંમતી આભૂષણોની જેમ તે તે અંગોમાં લગાડ્યું. કષાયરંગના સુગંધી વસ્ત્રથી પ્રભુના શરીરને લુછીને, ચંદન વગેરેથી વિલેપન કરીને, દિવ્ય વસ્ત્રોથી પૂજા કરીને, અર્થાત્ દિવ્ય

૧. અર્થાત્ પ્રભુના પાંચે ય કલ્યાણકોની હું એકી સાથે આરાધના કરું એવી ભાવનાથી હોય તેમ.
૨. જેનાથી સ્વકાર્યોની સિદ્ધિ થાય તેવું ચૂર્ણ.

વસ્ત્રો પહેરાવીને, મસ્તકે મુકુટ પહેરાવ્યો. પ્રભુના બે કાનમાં સુવર્ણ કુંડલો, કંઠમાં દિવ્ય મોતીની માળા, બે બાહુમાં બાજુબંધ, બે કાંડામાં કંકણો, કેડમાં ઘુઘરીઓવાળો કંદોરો અને બે ચરણોમાં માણેકરત્નના તોડા પહેરાવ્યા. પ્રભુના આભૂષણો એક-બીજાની શોભા માટે થયા, અર્થાત્ આભૂષણો પ્રભુને શોભાવતાં હતાં અને પ્રભુ આભૂષણોને શોભાવતા હતા. પછી પુષ્પમાળાઓથી જંગમ કલ્પવૃક્ષ સમાન પ્રભુની પૂજા કરીને પ્રભુની આગળ રૂપાના અક્ષતોથી મણિપટ્ટમાં અષ્ટમંગલ આલેખ્યા. પ્રભુની આગળ આરતિ ઉતારી દેવીઓએ પ્રભુની આગળ નૃત્ય કર્યું અને ઇંદ્રે સ્વયં સંગીત કર્યું. ત્યારબાદ આનંદથી પૂર્ણ સૌધર્મેંદ્રે પ્રભુની સ્તુતિ કરી. પછી પોતાના પાંચ રૂપો કરીને ઇશાનેંદ્રના ખોળામાંથી પૂર્વવત્ જિનને લીધા. તે બધાય ઇંદ્રો પરિવારસહિત નંદીશ્વર દ્વીપમાં ગયા અને ત્યાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને પોતાના સ્થાને ગયા. સૌધર્મેંદ્રે સૂતિકાગૃહમાં જઈને જિનેશ્વરને માતાની પાસે સ્થાપન કર્યા અને અવસ્વાપિની નિદ્રાને દૂર કરી. પ્રભુના ઓશીકે બે વસ્ત્રો અને બે રત્ન કુંડલો મૂકયાં. પ્રભુના નેત્રોને વિનોદ થાય એ માટે ચંદરવામાં વિવિધ સુવર્ણ અને રત્નોથી યુક્ત શોભાવાળી માળાઓનો સમૂહ મૂકયો. પછી ઇંદ્રની આજ્ઞાથી કુબેરે કુંભરાજાના ઘરમાં બત્રીસ કોડ સુવર્ણની અને બત્રીસ કોડ રત્નોની વૃષ્ટિ કરી. લોકમાં જે જે અતિશય દુર્લભ હતું અને જે જે સુખ આપનારું હતું તે તે બધું રાજાના ઘરમાં પ્રભુભક્તિથી પૂર્યું. પછી ઇંદ્રે ત્રણે લોકમાં દેવો વડે આ પ્રમાણે ઘોષણા કરાવીઃ- જે જિનનું કે જિનમાતાનું અશુભ ચિંતવશે તેના મસ્તકને [1]અર્જકમંજરીની જેમ સાત પ્રકારે ભેદી નાખીશ. પછી ઇંદ્રે જિનેશ્વરના અંગુઠે અમૃતનો સંચાર કર્યો. પાંચ અપ્સરાઓ દૂધ પીવડાવનાર, સ્નાન કરાવનાર, શણગાર કરનાર, ક્રીડા કરાવનાર અને ખોળામાં બેસાડનાર એમ પાંચ ધાવમાતા થઈને રહી. પછી સૌધર્મેંદ્ર નંદીશ્વર દ્વીપમાં પૂર્વદિશામાં આવેલા અંજનગિરિ ઉપર શાશ્વત ચૈત્યોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને જેવી રીતે આવ્યા હતા તે રીતે પોતાના સ્થાને ગયા.

કન્યાને વિભૂષિત જોઈને હર્ષપૂર્ણ બનેલી રાણીએ આશ્ચર્યપૂર્વક ઇંદ્ર વગેરેના આગમનને યાદ કર્યું. તે બધું સાંભળીને હર્ષ પામેલા કુંભ રાજાએ કન્યાનો જન્મ મહોત્સવ પુત્રોથી પણ અધિક કર્યો. રાજ્યના સાતે ય [2]અંગોમાં સર્વાધિક વૃદ્ધિ જોઈને કન્યાના જન્મ નિમિત્તે ઘણા તુષ્ટિદાનો અપાવ્યા. જાણે સંસારરૂપી કેદખાનામાંથી આ જ નક્કી છોડાવશે એમ વિચારીને હોય તેમ, રાજાએ સઘળા કેદીઓને છોડી દેવાની આજ્ઞા કરી. ત્યારે કુંભરાજાએ પૃથ્વીને દંડરહિત કરી તે યોગ્ય છે. કારણ કે વધતી આ કન્યા

---

૧. અર્જકમંજરી એક જાતના વૃક્ષની માંજર છે, તે જ્યારે પ્રફુલ્લ થઈને ફૂટે છે ત્યારે તેના સાત ભાગ થઈ જાય છે.

૨. સ્વામી, મંત્રી, મિત્ર, ભંડાર, રાષ્ટ્ર, કિલ્લો અને સેના એ સાત રાજ્યનાં અંગો છે.

પણ ત્રણ દંડને છોડશે. જાણે સર્વ સંપત્તિઓની વૃદ્ધિનું કારણ આ કન્યા જ છે એમ વિચારીને હોય તેમ, રાજાએ સઘળા માપોને મોટા કરવાની આજ્ઞા કરી. જાણે આ જ મોહનિદ્રામાંથી જગાડનારી છે એમ વિચારીને હોય તેમ, રાજાએ ષષ્ઠીનો જાગરણ મહોત્સવ કરાવ્યો. અગિયારમા દિવસે જ્ઞાતિવર્ગનું ઘણી ઋદ્ધિથી સન્માન કર્યું, અને માતાને માલ્યનો (=પુષ્પની શય્યામાં સુવાનો) દોહલો થયો હતો એથી તે કન્યાનું મલ્લિ એવું નામ રાખ્યું. દેવીઓ વડે મનોવાંછિત ક્રીડાઓથી લાલન કરાતી તે નંદનવનમાં રહેલી કલ્પલતાની જેમ વધવા લાગી. તેને કર્મક્ષયોપશમથી ઉપાધ્યાયની અપેક્ષા વિના જાણે થાપણ કરેલી હોય તેમ સઘળી કળાઓ પ્રગટ થઈ. પચીશ ધનુષ ઊંચી, પવિત્ર લાવણ્યથી પૂર્ણ અને ત્રણ જ્ઞાનથી પવિત્ર એવી શ્રીમલ્લિકુમારી યૌવનને પામી.

આ તરફ અચલનો જીવ વૈજયંતવિમાનમાંથી આ જ ભરતમાં શ્રીસાકેતપુરમાં અવતર્યો. પ્રતિબુદ્ધિ એવા નામથી પ્રસિદ્ધ બનેલો તે ત્યાં જ રાજા થયો. તેની અતિશય પ્રેમવાળી પદ્માવતી નામની પત્ની હતી. એકવાર નાગદેવની યાત્રા માટે તે પ્રિયાની સાથે કચાંક ગયો. (રસ્તામાં) તેણે પુષ્પના [1]મોગરાને અને પુષ્પના મંડપને જોયો. આ બેને અને પત્નીને વારંવાર જોઈને તેણે લોકમાં આ ત્રણ રત્નો છે એમ પ્રશંસા કરી. આ સાંભળીને તેના સુબુદ્ધિ નામના મંત્રીએ તેને કહ્યું : હે દેવ! આમાં આપ આટલો મદ કેમ કરો છો? કારણ કે बहुरत्ना वसुन्धरा=પૃથ્વી ઘણા રત્નોવાળી છે. કુંભરાજાની મલ્લિ નામની કન્યા જેવી રૂપવતી છે તેવા રૂપનો વિસ્તાર ત્રણ લોકમાં કચાંય જોવામાં આવતો નથી. હું માનું છું કે પોતાની સૃષ્ટિનો ઉત્કર્ષ જોવાની ઇચ્છાથી કુતૂહલી વિધાતાએ જાણે સ્ત્રીઓની પુષ્પમાળા હોય તેવી તે મલ્લિકુમારીને જ સર્જી છે. આ સાંભળીને પૂર્વભવોમાં ઉત્પન્ન થયેલા અનુરાગના સંસ્કારો જાગૃત થયા અને એથી તેને પરણવા માટે કુંભરાજાની પાસે દૂત મોકલ્યો.

ધરણનો જીવ પણ વૈજયંત વિમાનમાંથી ચ્યવીને પૃષ્ઠ ચંપાનગરીમાં ચંદ્રચ્છાય નામે રાજા થયો. ત્યાં જિનધર્મમાં અતિશય દૃઢનય નામનો શ્રેષ્ઠી હતો. વેપાર કરવા જવા માટે તે એકવાર વહાણમાં બેઠો. આ વખતે ઇંદ્રે એની જિનધર્મમાં સ્થિરતાની પ્રશંસા કરી. તેમાં એક દેવે ઈર્ષ્યાથી તેની પ્રશંસાને સહન ન કરી. દેવલોકમાંથી ઉતરીને તે સમુદ્રમાં ગયો. તેના વહાણને હાલક-ડોલક કર્યું. તેની ધર્મસ્થિરતાની પરીક્ષા કરવા દેવે તેને કહ્યું : જો તું જિનધર્મને છોડીને મારી સેવા કરે તો વહાણને પાર પહોંચાડું, અન્યથા તું વહાણને ડુબેલું જો. શ્રેષ્ઠીએ કહ્યું : આ લોક અને પરલોકમાં સુખ આપનારા જૈનધર્મને જવાના સ્વભાવવાળા માત્ર પ્રાણોની રક્ષા માટે બુદ્ધિશાલી એવો કોણ છોડે? ઇત્યાદિ પરીક્ષાઓથી દેવે તેનું સત્ત્વ જોયું. પછી તેણે પ્રત્યક્ષ થઈને ઇંદ્રે કરેલી પ્રશંસાનો

---

૧. વૃક્ષ ઉપર રહેલાં પુષ્પોના જથ્થાને.

પ્રસંગ કહ્યો. દેવતાનું દર્શન નિષ્ફલ ન હોય એમ હર્ષથી બોલતા તેણે શ્રેષ્ઠીને ચાર કુંડલ આપ્યાં. પછી તે સ્વર્ગમાં ગયો. નયશેઠ પણ સુખપૂર્વક સમુદ્રને પાર પામીને મિથિલાપુરી ગયો. ત્યાં તેણે ભેટણામાં કુંભરાજાને બે કુંડલ આપ્યાં. કુંભરાજાએ તે કુંડલ તે વખતે ત્યાં આવેલી શ્રી મલ્લિકુમારીને આપ્યાં. કરિયાણું વગેરે વેચીને શેઠ ચંપાનગરીમાં આવ્યો. બાકી રહેલા બે કુંડલ ચંદ્રચ્છાય રાજાને આપ્યાં. વિસ્મય પામેલા રાજાએ પણ કુંડલ કેવી રીતે મળ્યાં? એમ પૂછ્યું. તેથી નયશેઠે જે પ્રમાણે બન્યું હતું તે પ્રમાણે કહ્યું અને પ્રસંગથી કુંભરાજાની પુત્રી શ્રી મલ્લિના રૂપનું વર્ણન કર્યું. હે સ્વામિન્! ત્યાં બીજામાં ન હોય તેવું તેનું રૂપ જોઈ જોઈને જોવા લાયક જોવાથી મેં આંખોને સફલ કરી છે. આ સાંભળીને પૂર્વના સ્નેહના મોહથી તેણે પણ કુંભરાજાની કન્યાને પરણવા માટે જલદી પોતાના દૂતને મોકલ્યો.

પૂરણનો જીવ પણ વૈજયંત વિમાનમાંથી ચ્યવીને શ્રાવસ્તીનગરીમાં રુક્મિ નામનો રાજા થયો. તેની ધારિણી નામની પત્ની હતી. એકવાર પોતાની કન્યાનું રૂપ જોઈને વિસ્મય પામેલા તેણે દેશાંતરથી આવેલા એક [1]કંચુકીને પૂછ્યું કે, મારી પુત્રીનું જેવું રૂપ અને ઐશ્વર્ય છે તેવું રૂપ અને ઐશ્વર્ય ક્યાંય તેં જોયું હોય તો મને કહે. કંચુકીએ કહ્યું: હે દેવ! લોકો સ્વેચ્છા પ્રમાણે ગમે તેમ બોલે છે. પણ મધ્યસ્થ પુરુષો ગુણ અને દોષના ભેદને જાણી લે છે. માનસિક રાગથી દોષો પણ ગુણો જેવા મનાય છે. તેથી જો આપ પક્ષપાતને દૂર કરીને ગુણ-દોષના ભેદનો નિર્ણય કરતા હો તો સાંભળો. મિથિલા મહાનગરીમાં કુંભરાજાની પુત્રી મલ્લિનું જેવું રૂપ છે તેવું રૂપ ક્યાંય નથી. સૌભાગ્ય વગેરે ઐશ્વર્ય તેનામાં જેવું જોવામાં આવે છે તેવું દેવીઓમાં પણ નથી, તો પછી શેષ સ્ત્રીઓમાં શી વાત કરવી! આ સાંભળીને પૂર્વભવમાં પ્રસિદ્ધ બનેલ અતિશય પ્રેમથી પૂર્ણ બનેલા તેણે મલ્લિકુમારી માટે કુંભરાજાની પાસે પોતાનો દૂત મોકલ્યો.

વસુનો જીવ પણ વૈજયંત વિમાનમાંથી ચ્યવીને વારાણસી મહાનગરીમાં જાણે જયરૂપી લક્ષ્મીનો સ્તંભ હોય તેવો શંખ નામે રાજા થયો. એક દિવસ મલ્લિના તે બે કુંડલો દુષ્ટ માણસના ચિત્તની જેમ ભાંગી ગયા. રાજાએ સાંધવા માટે તે કુંડલો સોનીને આપ્યા. સોનીએ કહ્યું: હે દેવ! દિવ્ય વસ્તુને સાંધવા માટે હું સમર્થ નથી. તેથી રાજાએ તેને કાઢી મૂક્યો. તે ત્યાંથી વારાણસી ગયો. તે એક દિવસ રાજાનાં દર્શન કરવા માટે રાજસભામાં ગયો. રાજાએ તેને દેશમાં કોઈ પ્રકારનું આશ્ચર્ય તેં જોયું છે એમ પૂછ્યું. આથી તેણે મલ્લિના રૂપનું વર્ણન કર્યું. આ સાંભળીને પૂર્વભવમાં અભ્યાસ કરાયેલા પ્રશસ્ત સ્નેહને આધીન બનેલા તેણે પણ તેને પરણવા માટે દૂતને મોકલ્યો.

વૈશ્રમણનો જીવ પણ વૈજયંત વિમાનમાંથી ચ્યવીને હસ્તિનાપુરમાં અદીનશત્રુ નામનો રાજા થયો. એકવાર મલ્લિકુમારીના મલ્લ નામના નાનાભાઈએ વિદેશના ચિત્રકારો દ્વારા

---

૧. રાજાના જનાનખાનાના અધિકારીને.

ચિત્રશાલા ચિતરાવવા માંડી. તેમાં એક ચિત્રકાર દેવતાએ આપેલા વરદાનની લબ્ધિવાળો હતો. આથી તે શરીરના એક અંગને જોઈને સંપૂર્ણ શરીરનું ચિત્ર ચીતરવા સમર્થ હતો. કયારેક ચિત્રશાળામાં પ્રવેશેલા મલ્લે ચિત્રમાં ચિતરેલી મલ્લિકુમારીને સાક્ષાત્ મલ્લિકુમારી સમજીને શરમથી એકદમ પાછો ફર્યો. ચિત્રકારે કયારેક જાળિયામાંથી શ્રી મલ્લિકુમારીના ચરણના અંગૂઠાને જોઇને તેનું યથાવસ્થિત રૂપ ચીતર્યું હતું. ધાવમાતાએ બરોબર જોઈ ને કુમારને કહ્યું કે, હે વત્સ ! ચિત્રપ્રતિમામાં તું નિરર્થક ભ્રાન્ત થયો છે, અર્થાત્ ચિત્રશાલામાં આલેખેલી શ્રી મલ્લિકુમારીની પ્રતિમામાં તને સાક્ષાત્ મલ્લિકુમારીની ભ્રાન્તિ થઇ છે. તેથી ચિત્રશાલામાં જા. ગુસ્સે થયેલા મલ્લે ચિત્રકારનો જમણો હાથ છેદીને તેને પોતાના દેશમાંથી કાઢી મૂકયો. બીજા દેશોમાં ભમતો તે હસ્તિનાપુર ગયો. તેણે અવસરે અદીનશત્રુ રાજાની આગળ મલ્લિના રૂપનું વર્ણન કર્યું. પૂર્વભવમાં વૃદ્ધિ પામેલા રાગમાં મગ્ન મનવાળા અને [1]શલ્યની જેમ મલ્લિકુમારીનું ધ્યાન કરતા રાજાએ તે વખતે પોતાના દૂતને મોકલ્યો.

અભિચંદ્રનો જીવ પણ વૈજયંત વિમાનમાંથી ચ્યવીને કાંપિલ્યપુરમાં જિતશત્રુ નામનો રાજા થયો. કોઇક પાખંડિની (=પરિવ્રાજિકા) અંતઃપુરની સ્ત્રીઓને ધર્મ કહેતી હતી. મલ્લિકુમારીએ ધર્મના વિવાદમાં તેને જીતી લીધી. તે મિથિલાનગરીમાંથી નીકળીને કાંપિલ્યપુરમાં ગઈ. જિતશત્રુ રાજાની આગળ મલ્લિકુમારીના રૂપનું વર્ણન કર્યું. પૂર્વભવના વિકાસ પામતા અનુરાગના તરંગોથી યુક્ત થયેલા તેણે પણ મલ્લિકુમારીને પરણવા માટે કુંભરાજાની પાસે પોતાનો દૂત મોકલ્યો.

બોધ પામવાની ઇચ્છાવાળા (=બોધ પામવાને લાયક) તે મિત્રોની પૂર્વભવના સ્નેહથી કરાયેલી તે (=લગ્ન સંબંધી) પ્રાર્થનાઓને શ્રી મલ્લિકુમારીએ અવધિજ્ઞાનથી જાણી. (તેમને પ્રતિબોધ પમાડવા માટે) શ્રી મલ્લિકુમારીએ એકવાર પોતાના મહેલના મધ્યભાગમાં આવેલ અશોકવનમાં એક ઓરડામાં રત્નના સમૂહથી આકાશને પ્રકાશવાળું કરે તેવું (અર્થાત્ શ્રેષ્ઠ રત્નોવાળું) પીઠ કરાવ્યું. તે પીઠની ઉપર પોતાની રત્નોથી પ્રકાશમાન સોનાની પૂતળી કરાવી. પૂતળીના તાળવામાં છિદ્ર રાખવામાં આવ્યું. એ છિદ્રની ઉપર સુવર્ણકમળનું ઢાંકણું હતું. તે પૂતળીમાં તેવાં રત્નો ગોઠવવામાં આવ્યાં હતાં કે જેથી શરીરના બધા અવયવો સ્પષ્ટ થતા હતા. તેના કારણે ચતુરપુરુષો પણ તેને જોઈને જાણે આ સજીવ મલ્લિકુમારી છે એમ જાણતા હતા. બારીઓવાળા મહેલમાં દરવાજાઓથી બંધ કરેલાં છ દ્વારો શ્રેષ્ઠ બુદ્ધિવાળી શ્રી મલ્લિકુમારીએ કરાવ્યાં. બુદ્ધિથી પૂતળીના પાછળના ભાગમાં આવેલી ભીંતમાં છિદ્ર કરાવ્યું. મલ્લિકુમારી દરરોજ સર્વ

૧. શરીરમાં શલ્ય હોય ત્યારે વારંવાર તેમાં ચિત્ત જાય છે. તેવી રીતે રાજાનું ચિત્ત વારંવાર મલ્લિકુમારીમાં જતું હતું.

પ્રકારના આહારના પિંડને ભીંતમાં કરેલા છિદ્રદ્વારા પૂતળીના તાળવામાં રહેલા છિદ્રમાં નાખતી હતા, પછી તે છિદ્રને સુવર્ણમય કમળના ઢાંકણાથી બંધ કરી દેતી હતી.

તે છએ ય રાજાઓના દૂતોએ વિવાહ માટે કુંભરાજાની પુત્રી મલ્લિકુમારીની માગણી કરી. તમારા જેવાના સૌભાગ્યોથી મારી પુત્રીનો આત્મા હારી જવા યોગ્ય નથી, અર્થાત્ તમારા જેવાઓને પરણીને મારી પુત્રી હારી જાય એ યોગ્ય નથી, આમ કહીને કુંભરાજા વડે તિરસ્કારાયેલા તે દૂતો પોતાના સ્થાને ગયા. દૂતે કહેલું સાંભળીને તે રાજાઓ પણ ગુસ્સે થયા. ગુસ્સે થઈને પૂર્વભવના અભ્યાસથી દોડતી પ્રીતિના કારણે થયેલી મૈત્રીથી પૂર્ણ બનેલા તે છએ રાજાઓએ પરસ્પર આ પ્રમાણે મંત્રણા કરી:– સૌભાગ્ય, લાવણ્ય અને ભાગ્યના ઉત્કર્ષની પરંપરા દૂર રહી, અર્થાત્ આપણે સૌભાગ્ય આદિનો વિચાર કરવો નથી. આકાશમાંથી પણ પડેલી કન્યા અવશ્ય કોઈ પણ પતિને વરે છે. પણ બીજા પુરુષમાં અનુરાગવાળો કુંભરાજા એ કન્યા આપણને નહિ જ આપે. આથી આપણે એને બળાત્કારે પરણીશું. આ પ્રમાણે ઈર્ષ્યાથી બધાય રાજાઓના સૈન્યોથી એકઠા થઈને ક્રોધથી ચઢાવેલાં ભવાંઓથી વક્ર બનેલા તે છએ રાજાઓએ જેમ પૂર્વનાં કર્મો જીવને ઘેરી લે તેમ મિથિલાનગરીને ઘેરી લીધી. શું કરવું ? એ વિષે મૂઢ બનેલા કુંભ રાજાને તાત્કાલિક બુદ્ધિવાળી મલ્લિકુમારીએ મધુરસ્વરથી કહ્યું : હે પિતાજી ! હમણાં આ રાજાઓને તે પ્રમાણે [1]આજ્ઞા કરો કે જેથી વિશ્વાસ પામેલા તેઓ સાંજે એકલા આવે. કામદેવથી વ્યાપ્ત તે રાજાઓ આવે એટલે તે છએને જ્યાં મારી સુવર્ણની પૂતળી છે તેની આગળ આવેલા ઓરડામાં છ દ્વારોમાં એકી સાથે પ્રવેશ કરાવો. કુંભરાજાએ તે પ્રમાણે કર્યું. પરણવાની ઈચ્છાથી આવેલા તે રાજાઓ જાણે સાક્ષાત્ મલ્લિકુમારી હોય તેવી મલ્લિકુમારીની સુવર્ણમય પૂતળીને જોઈ. ચપલનેત્રવાળા તે રાજાઓ પૂતળીને જોઈને જેટલામાં હર્ષથી પૂર્ણ બન્યા અને વિસ્મય પામ્યા તેટલામાં મલ્લિકુમારીએ પૂતળીના તાળવાના ભાગમાં રહેલું કમળનું ઢાંકણું કાઢી નાખ્યું. તેથી ત્યાં નાસિકાને ફાડી નાખનારી અતિશય ઉગ્ર દુર્ગંધ ફેલાણી. આથી તે રાજાઓએ મોઢું ફેરવી નાખ્યું. આ સમયે મલ્લિનાથે તે રાજાઓને કહ્યું : આ પૂતળી સોનાની હોવા છતાં જો તેમાંથી દુર્ગંધ ફેલાઈ, તો પછી મળથી ભરેલા દેહવાળી મારામાં તમે રાગ કેમ કરો છો ? વિવેકી કયો પુરુષ કિંપાકફલ લેવા માટે સંમતિ આપે ? વિષયો વિષતુલ્ય છે, અથવા વિષથી પણ અધિક ખરાબ છે, કારણ કે વિષ એક ભવનો નાશ કરે છે, જ્યારે વિષયો તો ભવપરંપરાનો નાશ કરે છે=અનેક ભાવો સુધી આત્માનું અહિત કરે છે. ચપળ આંખોવાળી સ્ત્રી તો મોક્ષના માર્ગે જનારાને ભવરૂપી જંગલમાં ધકેલી દે છે. આથી કયો ડાહ્યો પુરુષ સ્ત્રી ઉપર બહુમાન રાખે ? યૌવન પવનના જેવું અસ્થિર છે. શરીર રોગોનું પાંજરું છે.

---

૧. હું તમને મલ્લિકુમારી આપીશ એથી તમે એકલા મારા મહેલમાં આવો એ પ્રમાણે આજ્ઞા કરો.

આથી સંસારના સ્વરૂપને જાણનારાઓને વિષયોની ઇચ્છા કેવી રીતે થાય ? આ પ્રમાણે ઉપદેશ આપીને અને પૂર્વભવનો સંબંધ કહીને શ્રી મલ્લિનાથવડે બોધ પમાડાયેલા તે રાજાઓ ક્ષણવારમાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યા. તેમણે મલ્લિકુમારીને વિનંતી કરી કે, આગળ ચાલનારા તમો અમારી આગળ થાઓ કે જેથી અમે ભવનો નાશ કરવા ચારિત્રવ્રત સ્વીકારીએ. શ્રીમલ્લિકુમારીએ કહ્યું : મને કેવલજ્ઞાન થશે ત્યારે તમને પણ અવશ્ય ચારિત્રની પ્રાપ્તિ થશે. આ પ્રમાણે સાંભળીને અતિશય સંવિગ્નમનવાળા અને મનોહર તે રાજાઓએ તે વખતે મલ્લિકુમારીને ખમાવ્યા. પછી તે રાજાઓ જેવી રીતે આવ્યા હતા તેવી રીતે ગયા.

ત્યારબાદ શ્રી મલ્લિનાથને જન્મથી સો વર્ષ થયા ત્યારે લોકાંતિક દેવોએ આવીને શ્રીમલ્લિતીર્થંકરને સમયને ઉચિત વિનંતિ કરીઃ હે પ્રભુ ! મરવા પડેલા જગતના જીવોને જીવાડનાર અસાધારણ ઔષધ સમાન તીર્થને પ્રવર્તાવો. આ પ્રમાણે કહીને લોકાંતિકદેવો પાંચમા દેવલોકમાં ગયા. ત્રિક (=ત્રણ રસ્તા ભેગા થાય તેવું સ્થાન) અને રાજમાર્ગ વગેરે સ્થાનોમાં રહેલા દ્રવ્યને દેવોએ શ્રીમલ્લિનાથની પાસે લાવીને મૂક્યું. શ્રીમલ્લિનાથે સાંવત્સરિકદાનમાં તે દ્રવ્ય અપાવ્યું. માગશર સુદ અગિયારસે વાજિંત્રો વાગી રહ્યા હતા, ગીતો ગવાઈ રહ્યા હતા અને બંદીજનો જયધ્વનિ કરી રહ્યા હતા, ત્યારે દિવ્ય અલંકારોથી દેદીપ્યમાન મલ્લિકુમારી શિબિકા ઉપર આરૂઢ થયા. શિબિકાને પહેલાં મનુષ્યોએ પછી દેવોએ અને ઇંદ્રોએ ઉપાડી. પ્રભુના મસ્તકે શ્વેત છત્ર ધર્યું. પ્રભુની બંને બાજુએ ચામર વીંઝાયા. પ્રભુએ સહસ્રાવનમાં જઈને કંકેલીવૃક્ષની નીચે શિબિકા ઉપરથી ઉતરીને આભૂષણો ઉતાર્યા. પછી કુમાર અવસ્થામાં રહેલા મલ્લિનાથે દેવદૂષ્ય લઈને પૂર્વાહ્નકાળમાં અશ્વિની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે સિદ્ધની સાક્ષીએ ત્રણસો સ્ત્રીઓ અને સંયમની ભાવનાવાળા (એક હજાર) રાજાઓની સાથે ચારિત્ર લીધું. પ્રભુએ અઠ્ઠમ તપ કર્યો હતો. પ્રભુએ સામાયિક પદ ઉચ્ચર્યું એટલે જાણે પૂર્વે સંકેત થયો હોય તેમ તુરત જ ક્ષણવારમાં મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. જેમ ઉનાળાના તાપથી તપેલા મુસાફરને રસ્તામાં રહેલું વૃક્ષ સુખ માટે થાય તેમ, જિનદીક્ષા નારકીઓને પણ ક્ષણવાર સુખ માટે થઈ. શ્રીમલ્લિપ્રભુને તે જ દિવસે ઘાતીકર્મોના ક્ષયથી થનારું અને ત્રણે લોકને જણાવનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

હવે ઇંદ્રોનાં આસનો ચારે બાજુથી કંપી ઉઠ્યા. સ્વર્ગલોકમાં જાણે દ્રુત હોય તેવી ઘંટાઓ સ્વયં વાગી. સૌધર્મેંદ્ર ઐરાવણ હાથીનું શરીર લાખ યોજન પ્રમાણ મોટું કરીને તેના ઉપર બેસીને વેગથી ત્યાં આવ્યો. ઉત્કંઠાથી પૂર્ણ બીજા પણ અચ્યુત વગેરે ઇંદ્રો હું પહેલો જાઉં, હું પહેલો જાઉં એમ સ્પર્ધાથી પરિવાર સહિત ત્યાં આવ્યા. વાયુકુમાર દેવોએ એક યોજન સુધી ભૂમિને શુદ્ધ કરી. મેઘકુમારદેવોએ

ભક્તિથી સુગંધી પાણીની વૃષ્ટિ કરીને ભૂમિને સિંચી. દ્રવ્યના સમૂહવાળા વ્યંતરોએ રત્નોથી ઊંચું ભૂમિતળ બાંધ્યું, માણેકરત્નોથી પૂતળીઓ અને તોરણો કર્યાં. તેમાં ધ્વજાઓ, શ્વેત છત્રો, તેની નીચે અષ્ટમંગલ અને બીજી પણ બધી રચનાઓ વ્યંતરદેવોએ જ કરી. ત્યાં પહેલો રત્નમયગઢ વૈમાનિકદેવોએ બનાવ્યો. રત્નોથી ગઢની ઉપર ઊંચા કાંગરા બનાવ્યા. મધ્યગઢ સુવર્ણથી જ્યોતિષ્કઇંદ્રોએ બનાવ્યો. રત્નોથી ગઢ ઉપર જાણે ભૂમિરૂપી લક્ષ્મીદેવીના મુકુટો હોય તેવા કાંગરા બનાવ્યા. રૂપાનો ત્રીજો ગઢ ભવનપતિના ઇંદ્રોએ બનાવ્યો. તેની ઉપર જાણે સુવર્ણના કમળો હોય તેવા સુવર્ણના કાંગરા બનાવ્યા. દરેક ગઢમાં જાણે ચાર પ્રકારના ધર્મરૂપી લક્ષ્મીના વિવાહ માટે મંડપ હોય તેવા ચાર દરવાજા કર્યા. દરેક દ્વારે ધૂપપાત્રો મૂકયાં અને કમળસહિત વાવડીઓ કરી. સમવસરણની મધ્યમાં વ્યંતરોએ અશોકવૃક્ષ રચ્યું. વૃક્ષની નીચે પીઠ બનાવી. તેની ઉપર છંદક રચ્યો. છંદકની મધ્યમાં પૂર્વદિશા તરફ પ્રભુનું સિંહાસન મૂકયું. સિંહાસનની ઉપર જાણે (જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ) ત્રણ રત્નો હોય તેવાં ત્રણ છત્રો મૂકયાં. ત્યાં સિંહાસનની બે બાજુએ બે યક્ષો ચામર ધારણ કરી રહ્યા હતા. સમવસરણનાં (ચારે) દ્વારોની ઉપર ધર્મચક્ર મૂકયું હતું. પ્રભુને આરામ કરવા માટે બીજા ગઢમાં દેવછંદ રચ્યો હતો.

કરોડો દેવોથી પરિવરેલા પ્રભુએ કમળો ઉપર ચરણો મૂકીને પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો. અશોકવૃક્ષની પ્રદક્ષિણા કરી તીર્થને નમસ્કાર કરીને જેમ વાદળ મેરુના શિખર ઉપર આરૂઢ થાય તેમ શ્રીમલ્લિપ્રભુ સિંહાસન ઉપર આરૂઢ થયા. અન્ય પણ ત્રણ દિશાઓમાં સિંહાસન ઉપર વ્યંતરોએ પ્રભુનાં ત્રણ બિંબો મૂકયાં. જાણે તેજના પુદ્ગલો પ્રભુની સેવા માટે ભેગા થયા હોય તેમ, પ્રભુના મસ્તકની પાછળ ભામંડલ પ્રગટ થયું. જાણે પ્રભુના શબ્દોનો પડઘો હોય તેમ આકાશમાં દુંદુભિ વાગી. જાણે વિશ્વમાં આ એક જ પ્રભુ છે એમ કહેતો હોય તેમ ઊંચો ધ્વજ કર્યો. ત્રાસ પામતા કામદેવના હાથમાંથી નીચે પડી ગયેલા બાણોનો ભ્રમ કરાવે તેવી જાનુપ્રમાણ વિવિધ પુષ્પવૃષ્ટિ અતિશય શોભતી હતી. સભા યથાસ્થાને બેસી ગઈ એટલે ઇંદ્રે અંજલિ જોડીને શ્રી મલ્લિપ્રભુની સ્તુતિ શરૂ કરી. તે આ પ્રમાણે :— હે પ્રભુ ! આપનાં ચરણો અશરણ મનુષ્યગણને શરણ આપનારાં છે. હે પ્રભુ ! કાળૂરહિત ઇંદ્રિયોરૂપી પાણીને આપ કાળૂમાં રાખનારા છો, એથી આપની ઇંદ્રિયો સમભાવવાળી છે. હે પ્રભુ ! આપના કર અને ચરણ નિર્મલ કમલદલ જેવા ઉત્તમ છે. હે પ્રભુ ! આપ જન્મ–મરણથી ભરેલા ભવના ભયોને દૂર કરનારા છો. હે પ્રભુ ! આપ ભવભયરૂપી માછલીના કલકલ અવાજનો નાશ કરનારા છો. હે પ્રભુ ! સેંકડો નયોનો અતિશય વિસ્તાર કરવા માટે આપનું મુખ ચંદ્ર સમાન છે. હે પ્રભુ ! આપની વાણી દેવો અને વિદ્યાધરો માટે નમ્ર અને રસમય છે. હે પ્રભુ ! આપ તરનારા છો, સુખમય છો, સતત અભયને આપનારા છો.

અને દયાળુ છો. હે પ્રભુ! આપ ઉત્તમ દર્શનને ધારણ કરનારા છો. આપ મદરૂપી વનનો નાશ કરનારા છો. હે પ્રભુ! આપના હાથ કપટનો નાશ કરનારા છે. આપ શમરૂપી ધનના ભવન છો. હે પ્રભુ! આપ સકલ જગતનું રક્ષણ કરનારા છો. આપ ભવરૂપી રોગનો નાશ કરનારા છો. હે પ્રભુ! આપનું વચન પાણીવાળા વાદળાના અવાજની જેમ જયને કરનારું છે, અર્થાત્ જેમ પાણીવાળા વાદળા ગર્જના સાથે અવશ્ય વર્ષે છે, તેમ આપનું વચન અવશ્ય સફલ બને છે. (ભગવાનના ઉપદેશથી કોઈને કોઇ જીવ અવશ્ય ધર્મ પામે.) હે પ્રભુ! આપ મોક્ષપદ મેળવવામાં તત્પર છો. આપ સદા કામથી (=વાસનાથી) રહિત છો. હે પ્રભુ! આપના ચરણોમાં ગણધરો નમેલા છે. આપની ગતિ (=ચાલ) ઉત્તમ હાથીના જેવી છે. હે પ્રભુ! અતિશય મદરૂપી ઘોર અંધકાર કરનારા વાદળોના સમૂહ માટે આપ પવન સમાન છો. હે પ્રભુ! આપના દાંત શ્વેત છે. ભયનો નાશ કરનારા હે પ્રભુ! આપ જય પામો! જય પામો!

આ પ્રમાણે એક જ સ્વરવાળી સ્તુતિથી મલ્લિજિનેશ્વરની સ્તુતિ કરીને ઈંદ્ર ભગવાનના મુખની સામે દૃષ્ટિ રાખીને બેસી ગયો. કુંભરાજા, પ્રતિબુદ્ધિ વગેરે રાજાઓની સાથે મલ્લિજિનને પ્રદક્ષિણા આપીને અને નમીને પ્રભુની આગળ બેઠો. શ્રીમલ્લિજિને સર્વજીવોની ભાષામાં પરિણમનારી, અર્થાત્ સર્વજીવોને પોતપોતાની ભાષામાં સમજાય તેવી, અને ભવપ્રત્યે વૈરાગ્યનું કારણ એવી દેશના આપી. પ્રતિબોધ પામેલા પ્રતિબુદ્ધિ વગેરે રાજાઓએ દીક્ષા લીધી. શ્રીકુંભરાજાએ પણ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. જેમણે ત્રિપદીને પામીને બાર અંગોની ક્ષણવારમાં રચના કરી તે ભિષગ વગેરે અઠ્ઠાવીસ ગણધરો થયા. દિવસનો ચોથો ભાગ પ્રહર કહેવાય છે. આવો એક પ્રહર પૂર્ણ થતાં શ્રીકુંભરાજા કલમચોખાનો આઢક પ્રમાણ બલિ લઈ આવ્યા. વાગતા વાજિંત્રોપૂર્વક પૂર્વદ્વારથી બલિને સમવસરણમાં લઈ ગયા. દેવ અને મનુષ્યોએ એ બલિને પ્રભુની આગળ આકાશમાં ત્રણવાર ઉછાળ્યો. એ બલિમાંથી અર્ધો બલિ દેવોએ નીચે ભૂમિ ઉપર પડે એ પહેલાં જ આકાશમાં જ અદ્ધરથી લઈ લીધો. બાકી રહેલા અર્ધા બલિમાંથી અર્ધો બલિ રાજાએ લીધો. અને બાકીનો બલિ સામાન્ય મનુષ્યોએ લીધો. પ્રાપ્ત થયેલો બલિનો માત્ર એક કણ પણ થયેલા રોગનો નાશ કરે છે, અને છ મહિના સુધી નવો રોગ ન થાય. તેથી તે બધા ય જીવો બલિનો સંગ્રહ કરવામાં તત્પર હતા. બીજા દિવસે વિશ્વસેનના ઘરમાં પરમાન્નથી પ્રભુનું પારણું થયું. ત્યાં પાંચ દિવ્ય પ્રગટ થયાં.

શ્રીમલ્લિજિનના તીર્થમાં હાથીના વાહનવાળો, ચારમુખવાળો અને આઠ હાથથી વિભૂષિત કુબેર નામનો યક્ષ હતો. તેના જમણા ચાર હાથમાં વરદ, અભય, કુહાડી અને ત્રિશૂલ હતાં, ડાબા ચાર હાથમાં બીજોરું, માળા, મુદ્ગલ અને તલવાર હતાં. પ્રભુની ચાર હાથવાળી વૈરોટ્યા નામની શાસનદેવી હતી. તેના ડાબા બે હાથમાં તલવાર અને બીજોરું હતાં, જમણા બે હાથમાં વરદ અને માળા હતાં. શ્રીમલ્લિપ્રભુથી દીક્ષિત થયેલા

ચાલીસ હજાર સાધુઓ, પંચાવન હજાર સાધ્વીઓ, સાતસો ને અડસઠ ચૌદપૂર્વધરો, બે હજાર ને બસો અવધિજ્ઞાનીઓ, સત્તરસો ને પચાસ મનઃપર્યવજ્ઞાનીઓ, બે હજાર નવસો વૈક્રિયલબ્ધિવાળા, ચૌદસો વાદ લબ્ધિવાળા, એક લાખ ને એંશી હજાર શ્રાવકો, ત્રણ લાખને સિત્તેર હજાર શ્રાવિકાઓ– આટલો સંપૂર્ણ પરિવાર શ્રીમલ્લિજિનના શાસનમાં જાણવો. કરોડો દેવોથી સેવા કરવા યોગ્ય અને ચતુર્વિધ સંઘથી યુક્ત શ્રીમલ્લિતીર્થંકર પૃથ્વીને પવિત્ર કરી રહ્યા હતા. કુમાર અવસ્થાનું અને કેવલજ્ઞાન[૧] અવસ્થામાં રહેલું ચારિત્રપર્યાય સુધીનું આયુષ્ય મળીને મલ્લિનાથ પ્રભુનું સંપૂર્ણ આયુષ્ય પંચાવન હજાર વર્ષ જેટલું હતું. પાંચસો સાધુઓ અને પાંચસો સાધ્વીઓની સાથે એક માસનું અનશન કરીને, સમ્મેતશિખરે જઈને, ફાગણસુદ બારશે ભરણીનક્ષત્રમાં શુક્લલેશ્યાવડે ઓગણીસમા શ્રી મલ્લિતીર્થંકર મોક્ષ પામ્યા. તે જ પ્રમાણે આસન ચલાયમાન થવાથી અવધિજ્ઞાનથી જાણીને સર્વ ઈંદ્રો નિર્વાણ મહોત્સવ કરવાની ઈચ્છાથી ભેગા થયા. તેમણે માયારહિત મનુષ્યોમાં શિરોમણિ એવા મલ્લિપ્રભુનું ક્ષણવાર નારકીજીવોને પણ સુખ આપનારું મોક્ષકલ્યાણક ઉજવ્યું. પછી કોઈ જાતનો ઉપદ્રવ ન થાય એ માટે તેમણે પ્રભુની દાઢાઓ અને દાંતો લીધા. પછી તેમણે નંદીશ્વર દ્વીપમાં જઈને અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. પછી મોક્ષના અભિલાષી તેમણે પોતપોતાના વિમાનોમાં માણવક સ્તંભની ઉપર વજ્રના ડાબલાઓમાં પ્રભુની દાઢાઓ મૂકી. અરનાથ પ્રભુના નિર્વાણ પછી હજાર ક્રોડ વર્ષ ગયા પછી શ્રીમલ્લિતીર્થંકરને મોક્ષની પ્રાપ્તિ થઈ.

અહો! સ્ત્રીપણામાં હોવા છતાં અન્ય તીર્થંકરોથી ચઢિયાતું, તીર્થંકરની લક્ષ્મીથી પ્રિય થનારું અને શીલથી ઉજ્જવલ એવું મલ્લિપ્રભુનું ચરિત્ર હે ઉત્તમ મુનિઓ! વિસ્મિત હૃદયવાળા બનીને સાંભળો. આ પ્રમાણે જેમ અવશ્ય મોક્ષમાં જનારા પણ મલ્લિજિને શીલને ઉત્કૃષ્ટપણે પાળ્યું, તેમ અન્ય ભવ્ય જીવે કપટ વિના સતત શીલનું પાલન કરવું જોઈએ. (૪૦)

ગૃહસ્થપણામાં શીલની દૃઢતા વિષે બે દૃષ્ટાંતો કહીને હવે ચારિત્રીની શીલસંબંધી દૃઢતાને કહે છે :–

सो जयउ थूलभद्दो, अच्छेरयकारिचरियपरियरिओ ।
जस्सजवि बंभवए, जयंमि वज्जेइ जसढक्का ॥ ४१ ॥

ગાથાર્થ:–આશ્ચર્યકારી ચારિત્રથી શોભાવાળા જેમની બ્રહ્મચર્યવ્રત સંબંધી જયભેરી આજે પણ જગતમાં (=ત્રણ લોકમાં) વગાડવામાં આવે છે તે સ્થૂલભદ્ર જય પામો.

---

૧. **कृत्यव्यवस्थितं** એટલે કર્તવ્ય અવસ્થામાં રહેલું, પ્રભુને કેવલજ્ઞાન થાય ત્યારથી કર્તવ્ય અવસ્થા થાય છે, આથી કર્તવ્ય અવસ્થામાં રહેલું એટલે કેવલજ્ઞાન અવસ્થામાં રહેલું. મલ્લિજિનને દીક્ષાના દિવસે જ કેવલજ્ઞાન થયું છે. માટે કેવલજ્ઞાન અને ચારિત્રનો પર્યાય ભિન્ન નથી=એક જ છે. માટે અહીં કહ્યું કે કેવલજ્ઞાન અવસ્થામાં રહેલું ચારિત્રપર્યાય સુધીનું આયુષ્ય.

ટીકાર્થ :-શ્રી સ્થૂલભદ્ર શ્રી આર્યસંભૂતિવિજયના શિષ્ય હતા, અને શ્રી શકડાલના પુત્ર હતા. સંસાર અવસ્થામાં (બાર વર્ષ સુધી) ભોગવેલી કોશા વેશ્યાના ઘરમાં રહીને છ વિગઈવાળો આહાર કરનારા હોવા છતાં તેવું (=નિરતિચાર) શીલપાલન કર્યું, એથી તેમનું ચારિત્ર આશ્ચર્યકારી બન્યું. આથી ઘણો સમય વીતી જવા છતાં આજે પણ તેમની જયભેરી વગાડવામાં આવે છે, એટલે કે કામ ઉપર વિજય મેળવ્યો હોવાથી તેમને તેવા પ્રકારના 'યુદ્ધવીર' તરીકે કવિઓ વડે વર્ણવવામાં આવે છે. જયભેરી એટલે કામદેવરૂપી રાજાના સૈન્ય ઉપર મેળવેલા વિજયના ઉદ્યમને સૂચવનારી ભેરી. જય પામો એટલે સર્વથી અધિકપણે વર્તો=રહો.

આ પ્રમાણે ગાથાનો શબ્દાર્થ છે. ભાવાર્થ સંપ્રદાયથી જાણવો અને તે આ પ્રમાણે છે :-

સ્થૂલભદ્રનું દૃષ્ટાંત

આ ભરતક્ષેત્રમાં પાટલિપુરનગર છે. તે નગરમાં આવેલા મંદિરોના કળશો રાતે સૂર્યની ભ્રાન્તિ ધારણ કરતા હતા, અર્થાત્ કળશોમાં સૂર્યનો ભ્રમ થતો હતો. તેમાં પ્રજાને આનંદ પમાડનાર નંદ નામનો રાજા હતો. તેની કીર્તિરૂપી નર્તકી તેના ઊંચા નવ વંશોમાં નૃત્ય કરતી હતી. તેનો શકડાલ નામનો મંત્રી હતો. તેની બુદ્ધિથી ભ્રમ પમાડાયેલો બૃહસ્પતિ વક્ર પરિભ્રમણમાં થયેલી ભ્રાન્તિથી સદા આકાશમાં પરિભ્રમણ કરે છે. તે મંત્રીની જાણે ગુણોથી લક્ષ્મીની શોકય હોય તેવી લક્ષ્મીવતી નામની પત્ની હતી. જાણે તેની સરળતારૂપી કલાથી શરમ પામેલી મૃગલીઓએ વનનો આશ્રય લીધો છે. તેની કુક્ષિરૂપી શુક્તિમાં (મોતીની છીપમાં) મોતી સમાન સ્થૂલભદ્ર નામનો પુત્ર થયો. નંદરાજાના ચિત્તને આનંદ આપનાર શ્રીયક નામનો બીજો પુત્ર હતો. તેમાં સ્થૂલભદ્રે કોશા નામની વેશ્યામાં કામથી મોહિત થઈને ક્ષણની જેમ બાર વર્ષ પસાર કર્યા. શ્રીયક નંદરાજાનો ચતુર અંગરક્ષક અને વિશ્વાસનું ભાજન થયો. સ્થાને કરેલી સેવા ઇચ્છિતને આપનારી થાય છે. ત્યાં કુશળ, બોલવામાં હોંશિયાર અને મહાકવિ વરરુચિ બ્રાહ્મણ હતો. તે સદા એકસોને આઠ કાવ્યોથી રાજાની સ્તુતિ કરતો હતો. તે મિથ્યાદૃષ્ટિ હોવાથી મંત્રી કયારેય તેની પ્રશંસા કરતો ન હતો. આથી રાજાએ પણ તેને કંઈ પણ દાન ન આપ્યું. કારણ કે રાજાઓ બીજાનું મુખ જોનારા હોય છે, અર્થાત્ મંત્રી વગેરેનું કહેલું કરનારા હોય છે. ઉપાયને જાણનારા વરરુચિએ મંત્રીની પત્નીને આકર્ષી લીધી. હાથણીના દેહથી મદોન્મત્ત હાથીઓ પણ વશ કરી શકાય છે. પત્નીના કહેવાથી શકડાલે તેની પ્રશંસા કરવાનું સ્વીકાર્યું. હાથથી ઘંટીની જેમ સ્ત્રીઓથી કોણ ભમાડાતો નથી ? એકવાર રાજાની આગળ કાવ્યોને બોલતા વરરુચિની મંત્રીએ "અહો ! સુભાષિતો મધુર છે." એ પ્રમાણે પ્રશંસા કરી. તેથી રાજાએ એને એકસો આઠ સોનામહોરો આપી. રાજાઓ પશુઓની જેમ સ્પષ્ટપણે પરપ્રયોજ્ય હોય છે, અર્થાત્ બીજાઓના કહેવા પ્રમાણે

કરનારા હોય છે. રાજા તેને દરરોજ દાન આપવા લાગ્યો. આથી મંત્રીએ રાજાને દાન આપવાનો નિષેધ કર્યો. રાજાએ કહ્યું: દાનક્રિયામાં તમારી પ્રશંસા જ કારણ છે, અર્થાત્ તમે પ્રશંસા કરી એથી હું દાન આપું છું. મંત્રીએ કહ્યું: બીજાના બનાવેલા કાવ્યો બોલનાર આની પ્રશંસા કેવી? તે વખતે તો મેં કાવ્યોમાં રહેલા ગુણની જ પ્રશંસા કરી હતી, નહિ કે બીજાની, અર્થાત્ કાવ્ય બોલનારની પ્રશંસા કરી ન હતી. રાજાએ કહ્યું: આ નિર્માલ્યથી (=જુના શ્લોકોથી) મારી સ્તુતિ કરે છે માટે દુષ્ટાત્મા છે. કાચા ઘડાની જેમ રાજાઓ સુખપૂર્વક જ ભાંગી શકાય છે=ફેરવી શકાય છે. મંત્રીએ કહ્યું: તેના બોલેલા કાવ્યોને ભણતી બાલિકાઓ પણ (આવતી કાલે) સવારે આપને સંભળાવશે. મંત્રીની બાલ્યાવસ્થાથી કુશળ સાત પુત્રીઓ હતી. તેમાં એક પુત્રી એકવાર સાંભળેલું કાવ્ય વગેરે બોલી શકતી હતી, બીજી બે વાર સાંભળેલું બોલી શકતી હતી. ત્રીજી ત્રણ વાર સાંભળેલું બોલી શકતી હતી. એમ ક્રમશઃ સાતમી સાતવાર સાંભળેલું બોલી શકતી હતી. જેમ કર્મો જીવને સંસાર સાગરમાં પાડે છે તેમ વરરુચિને પાડવા માટે મંત્રીએ પોતાની સાત પુત્રીઓને સાત ભયની જેમ પડદામાં રાખી. તે સાત પુત્રીઓના યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તિકા, સેણા, વેણા અને રેણા એ પ્રમાણે નામો હતાં. વરરુચિએ કહેલી નવી કાવ્યશ્રેણિને સાંભળીને મંત્રીની સાત પુત્રીઓ મોટીના ક્રમથી સરસ્વતીની જેમ સ્પષ્ટ બોલી ગઈ. રોષ પામેલા રાજાએ વરરુચિને તુષ્ટિદાન ન આપ્યું. કંઈ પણ ભાંગવું જેટલું સહેલું છે તેટલું બનાવવું સહેલું નથી.

[1]હવે વરરુચિ ધતીંગ કરવા લાગ્યો. તે આ પ્રમાણે:– તેણે એક યંત્ર બનાવ્યું. તે યંત્રને ગંગાનદીમાં ગોઠવીને રોજ રાત્રે ગુપ્ત રીતે તે યંત્રમાં સોનામહોરોની પોટલી મૂકી આવતો હતો. બીજા દિવસે સવારે ગંગાદેવીની સ્તુતિ કરીને પગથી યંત્રને ઠોકતો હતો. તેથી યંત્રમાં રહેલી સોનામહોરોની પોટલી ઉછળીને બહાર આવતી હતી. વરરુચિ તે પોટલીને લઇ લેતો હતો. તેણે લોકમાં એવી વાત ફેલાવી કે, હું ગંગા દેવીની સુંદર શ્લોકોથી સ્તુતિ કરું છું, તેથી તુષ્ટ થયેલી ગંગાદેવી મને સોનામહોરો આપે છે. આ પ્રમાણે કરતા તેણે જગતને વિસ્મિત બનાવી દીધું. માત્ર બાહ્યને જ જોનારા કયા કયા માણસો ધૂતારાઓથી છેતરાતા નથી? મંત્રીએ ફરતા ગુપ્તચર પુરુષદ્વારા તેના આ ષડયંત્રને જાણી લીધું. શત્રુ નજીકમાં હોય ત્યારે બુદ્ધિમાન પુરુષો સુખે સૂતા નથી. એક દિવસ મંત્રીએ તે યંત્રમાંથી (ગુપ્તરીતે) ધન મંગાવી લીધું. પછી સવારે કૌતુક જોવાને ઉત્સુક રાજાને ત્યાં લઇ ગયો. ધીર એવી ગંગા દેવીની સ્તુતિ કરીને વરરુચિ કવિએ જલદી યંત્રને ખેંચ્યું (=પગથી દબાવ્યું) તો પણ ધન ન ઊછળ્યું. માણસોના જોતાં તે વિલખો બની ગયો. શરમથી જાણે પાતાલમાં પ્રવેશ કરવા માટે

---

૧. અહીં વિશેષ સ્પષ્ટતા થાય એ માટે ટીકાગ્રંથમાં ન હોવા છતાં અન્ય ગ્રંથોના આધારે કંઈક વિશેષ લખ્યું છે.

નીચા મસ્તકવાળો થયો હોય તેવો દેખાયો. અમે બીજાનું ધન લેતા નથી, માટે તારું ધન તું લે એમ કહીને મંત્રીએ તેને ધનની પોટલી આપી. આ વખતે પ્રત્યુત્તરનો ક્રમ દૂર રહો, અર્થાત્ પ્રત્યુત્તર આપવાની વાત તો દૂર રહી, કિન્તુ સર્વસમક્ષ મંત્રીથી અપાયેલી ધનની પોટલીની સાથે તેણે ગંગામાં ડૂબી જવાનું ઇચ્છયું. મંત્રીએ રાજાને તેનું સ્વરૂપ કહ્યું એટલે રાજાએ મંત્રીને કહ્યું: તમે બહુ સારું જાણ્યું.

સર્પની જેમ છિદ્રોને શોધનારા વરરુચિ બ્રાહ્મણે મંત્રીની દાસી વગેરેને મંત્રીના મહેલમાં થતી પ્રવૃત્તિ વિષે પૂછવા લાગ્યો. શ્રીયકના વિવાહનો પ્રસંગ નજીકમાં આવ્યો ત્યારે એક દિવસ મંત્રીઓમાં રાજા સમાન શકડાલે રાજાને ભેટણું આપવા માટે શસ્ત્ર, છત્ર વગેરે સામગ્રી તૈયાર કરી. મંત્રીની દાસી પાસેથી આ સાંભળીને જેમ ઠંડીથી પીડાયેલો માણસ કામળીને પામીને હર્ષ પામે તેમ હર્ષ પામ્યો. પછી તેણે સુખડીથી બાળકોને આકર્ષીને બાળકો દ્વારા આ પ્રમાણે ઘોષણા કરાવી:– શકડાલ જે કરશે તે મૂઢ લોકો જાણતા નથી. તે નંદરાજાને મારીને રાજ્ય ઉપર શ્રીયકને બેસાડશે. જેમ ડાંગરના ખેતરમાં પોપટ ઘોષણા કરે તેમ દડાની જેમ પગલે પગલે કૂદતા બાળકો નિઃશંકપણે અવસરે આ પ્રમાણે ઘોષણા કરવા લાગ્યા. રાજાએ વિચાર્યું: સ્વેચ્છાથી બાળકો જે કહે, સ્ત્રીઓ જે કહે, અને જે વચન અકસ્માત્ બોલાયું હોય, તે પ્રાયઃ ખોટું ન હોય. આ પ્રમાણે વિચારીને રાજાએ ખાતરી કરવા માટે મંત્રીના ઘરે ચરપુરુષોને મોકલ્યા. તેમણે આવીને જે પ્રમાણે જોયું હતું તે પ્રમાણે રાજાની આગળ કહ્યું. શસ્ત્ર, છત્ર અને અશ્વ વગેરે સામગ્રીને સાંભળીને કોપરૂપી કાદવવાળો થયેલો રાજા જેમ પ્રમાદી ગુણશ્રેણિથી ખસી જાય તેમ વિશ્વાસથી ખસી ગયો, અર્થાત્ હવે તેને મંત્રી ઉપર વિશ્વાસ ન રહ્યો. તેથી સવારે મંત્રીએ પ્રણામ કર્યા ત્યારે રાજા મંત્રીથી વિમુખ થઈ ગયો. રાજાના ચિત્તને જાણીને મંત્રીએ એકાંતમાં શ્રીયકને કહ્યું: હે પુત્ર! દુષ્ટ કોઈ પુરુષે રાજાને મારા ઉપર કોપવાળો કર્યો છે. આથી આપણા કુલમાં ઓચિંતો આ ઉપદ્રવ ઉત્પન્ન થયો છે. તેથી હું જ્યાં સુધી જીવતો હોઉં ત્યાં સુધી આ ઉપદ્રવ દૂર નહિ થાય. આથી સવારે જ્યારે હું રાજાને પ્રણામ કરું ત્યારે તારે મારું મસ્તક કાપી નાખવું. શ્રીયકે કહ્યું: શું મ્લેચ્છ પણ આવું કાર્ય કરવાની ઇચ્છા કરે? આ પ્રમાણે કહેતા અને અશ્રુપૂર્ણ નેત્રવાળા શ્રીયકને મંત્રીએ (પોતાની) દાઢીને સ્પર્શીને ફરી કહ્યું: હમણાં વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલા મને હણીને કુલનો ઉદ્ધાર કર. હે વત્સ! કોઈ પણ મનુષ્ય શું કાકિણીનો નાશ કરીને કોડને નથી ઇચ્છતો? હું રાજાને પ્રણામ કરતાં પહેલાં ઝેર ખાઈ લઈશ. આથી ઝેરથી પ્રાણ રહિત બનેલો હું મરીશ. મારું મસ્તક કાપ્યા પછી તારે રાજાને કહેવું કે હે સ્વામિન્! પિતા પણ જો દુષ્ટ હોય તો હું તેમને ઇચ્છતો નથી. પિતાએ જેમ તેમ કરીને શ્રીયકને સમજાવ્યો, એટલે તેણે તે પ્રમાણે કર્યું. તેમ કરીને તેણે "મંત્રી સ્વામિદ્રોહી છે" એવી ભ્રાન્તિવાળા સભ્ય લોકોને

સમજાવ્યા. પિતા પૂજ્ય છે એમ રાજાએ કહ્યું એટલે શ્રીયકે ફરી કહ્યું: જે કાનના છેદ માટે થાય તે સોનાથી પણ શું ? પછી રાજાએ મંત્રીમુદ્રાના સમસ્ત વ્યાપારો કરવાની (=મંત્રીપદને સ્વીકારવાની) શ્રીયકને આજ્ઞા કરી.

ઔચિત્ય સમજીને શ્રીયકે રાજાને વિનંતિ કરી કે હે દેવ! મારો સ્થૂલભદ્ર નામનો બુદ્ધિશાલી મોટો ભાઈ છે. વેશ્યાના ઘરમાં રહેલો સુખી તે સૂર્યના ઉદયને અને અસ્તને પણ જાણતો નથી. રાજાએ તેને બોલાવીને તે જ પ્રમાણે કહ્યું. સ્થૂલભદ્રે કહ્યું: આલોચયામિ =હું વિચાર કરું છું. રાજાએ હા કહી એટલે સ્થૂલભદ્ર અશોક ઉદ્યાનમાં ગયો. ત્યાં તેણે યોગીની જેમ ઇંદ્રિયોને સ્થિર કરીને અને મનને એકાગ્ર કરીને વિચારવાનું શરૂ કર્યું. તે આ પ્રમાણે :- મારે અધિકારનું શું કામ છે ? જેમ શાકિની વિદ્યામાં (=શાકિની વિદ્યા સાધવાની હોય ત્યારે) માણસ સ્વજન અને પરજન પ્રત્યે નિરપેક્ષ બની જાય છે તેમ, અધિકાર હોય ત્યારે ધનથી વ્યાકુલ બનેલો પ્રાણી સ્વજન પ્રત્યે અને પરજન પ્રત્યે પણ નિરપેક્ષ બની જાય છે. અહો! અધિકારમાં કુલનાં કાર્યો છોડીને અને ધર્મ પણ છોડીને ગમે તેમ કરીને સ્વામીનું કાર્ય બરોબર કરવું પડે છે. જેમ કચારેક દુર્ભાગ્યના યોગથી વિરક્ત થયેલી સ્ત્રી નરકથી પણ અધિક દુઃખ પમાડે છે તેમ અધિકાર જીવને નરકથી પણ અધિક દુઃખ પમાડે છે. તેથી વેશ્યાઓથી પણ અધિક નિંદ્ય અધિકારનો આદર કાર્ય-અકાર્યનો વિચાર કરનાર કયો બુદ્ધિશાલી કરે ? સુરો, અસુરો અને મનુષ્યોથી પૂજ્ય, અને ચારિત્રરૂપી સામ્રાજ્યમાં રહેલા તે મહાત્માઓ ધન્ય છે કે જેઓ પોતાને અને બીજાને તારે છે. તેથી હું સર્વ કાર્યોને સાધનારી આ જૈન દીક્ષાને સ્વીકારું. આ પ્રમાણે વિચારીને તેણે તે જ વખતે કેશનો લોચ કર્યો. રત્નકંબલમાંથી રજોહરણ બનાવ્યું. રજોહરણથી શોભતા તેણે રાજસભામાં આવીને રાજાને "ધર્મલાભ થાઓ" એમ કહ્યું. હે મંત્રીનાયકના ધીરપુત્ર! તેં બહુ જ સારું વિચાર્યું, તેં દુઃસાધ્ય આ આરંભ્યું છે, એ પ્રમાણે રાજાએ પ્રશંસા કરી. પછી મુશ્કેલીથી ઉપાડી શકાય તેવા મોટા ભારને ઉપાડનારા તે મુનિ બખ્તર પહેરી તૈયાર થયેલા યોદ્ધાની જેમ મોહના સૈન્યને જીતવા ત્યાંથી નીકળી ગયા. તે વખતે તેમને સત્ય અને સુંદર યોગ એ જ મારું બધું ધન છે એમ માનનારાની જેમ સર્વસ્થલે સમતાથી ભરેલા જોઈને રાજા પણ આશ્ચર્ય પામ્યો. સર્વ સાવદ્યયોગોથી નિવૃત્ત થયેલા તેમણે તે વખતે સંભૂતિવિજય આચાર્યના ચરણકમલનો આશ્રય પામીને ચારિત્રનો સ્વીકાર કર્યો. ભદ્ર હાથીની જેમ જ્ઞાનરૂપી અંકુશથી અંકુશવાળા અને જિનાજ્ઞારૂપી એક સલ્લકી વનમાં જ મનવાળા તે સ્થૂલભદ્ર વિહાર કરવા લાગ્યા.

જેમ સૂર્ય અન્ય દ્વીપમાં જાય ત્યારે લક્ષ્મી (=શોભા) [૧]કુમુદ્વતીનો આશ્રય લે છે

---

૧. કુમુદ્વતી એટલે ચંદ્રવિકાશી કમલિની. ચંદ્રનો ઉદય થતાં કમલિની વિકાશ પામે છે અને તેથી શોભે છે. માટે અહીં લક્ષ્મી એટલે શોભા.

તેમ મંત્રીમુદ્રાના સર્વ વ્યાપારરૂપી લક્ષ્મીએ શ્રીયકનો આશ્રય લીધો. પિતાના વેરને યાદ કરતા શ્રીયકે કોશા વેશ્યાનો આશ્રય લીધો. કારણ કે છલથી સાધી શકાય તેવી વસ્તુમાં આવી જ સ્ત્રીઓ હિંમત કરે છે. અનેકવાર સ્થૂલભદ્ર આદિના સંબંધવાળી વાતો કરતા તેણે જેમ ટંકણખાર શરીરની ધાતુઓને પીગળાવી દે તેમ તેના મનને પીગળાવી દીધું. એકવાર તેણે કોશા વેશ્યાને કહ્યું: સ્થૂલભદ્રને પ્રવાસ કરાવ્યો અને પિતાને રાજા તેમના પ્રત્યે અવિશ્વાસવાળો થાય તેવા કર્યા. હે દેવી! આ બધું વરરુચિનું કામ છે. આ વૈર તમારી સહાયથી જ સાધી શકાય છે, અર્થાત્ તમારી સહાયથી જ વેરનો બદલો લઈ શકાય તેમ છે. વેશ્યાએ સ્મિત કરીને પૂછ્યું: કેવી રીતે? શ્રીયકે કહ્યું: તે બ્રાહ્મણ તમારી બહેનની સાથે પોતાની મરજી મુજબ ક્રીડા કરે છે. જો તેને દારુ પીવડાવવામાં આવે તો આપણે કૃતાર્થ થઈ જઈએ. આ પ્રમાણે સાંભળીને તેણે એ કાર્યનો સ્વીકાર કર્યો અને તે પ્રમાણે જ કરાવ્યું. ક્ષયકાલે પવિત્ર પુરુષો પણ કુલાચારનો ત્યાગ કરે છે. આ સાંભળીને વેરનો બદલો લેવામાં તત્પર શ્રીયકે જેમ બિલાડી ઉંદરની સાથે મૈત્રી કરે તેમ વરરુચિની સાથે મૈત્રી કરી. કૃતકૃત્ય થયેલો વરરુચિ જેમ ભ્રમર કમળ વનમાં ગમનાગમન કરે તેમ રાજસભામાં નિત્ય ગમનાગમન કરવા લાગ્યો. રાજાએ પણ કાવ્ય પ્રેમથી તેનું વારંવાર સન્માન કર્યું. હવે તે ગતાનુગતિક વર્તનારા લોકમાં નિત્ય પૂજનીય બની ગયો. કયારેક અવસર જાણીને રાજાએ શ્રીયકને એકાંતમાં કહ્યું: જેમ ઈંદ્રનો મંત્રી બૃહસ્પતિ છે, તેમ અમારો મંત્રી શકડાલ હતો. જેમ ચંદ્ર વિના રાત્રિ ન શોભે તેમ તેના વિના મારી સભા શોભતી નથી. જેમ કોઈ કાગડાને ઉડાડવામાં રત્નને ગુમાવે તેમ આ નિરર્થક મૃત્યુ પમાડાયો. શ્રીયકે કહ્યું: હે સ્વામી! શું કરીએ? મદ્યપાન કરનારા વરરુચિએ ત્યારે બાળકો દ્વારા નિરર્થક ઉપદ્રવ કરાવ્યો. રાજા બોલ્યો: એ બ્રાહ્મણ હોવા છતાં શું દારૂ પીએ છે? શ્રીયકે કહ્યું: હે સ્વામી! તે હું આપને સવારે બતાવીશ. પૂર્વે શિખવાડાયેલ માળીએ રાજસભામાં બધાને એક એક કમળ આપ્યું, પણ વરરુચિને મદનફલના ચૂર્ણથી મિશ્રિત કમળ આપ્યું. શ્રીયકે કમળને સુંઘીને સુગંધની પ્રશંસા કરી. તેથી બધાએ કમળ સુંઘ્યું. કારણકે જગત જાતે ખાતરી કરનારું હોય છે. ઉત્સુક બનેલા બ્રાહ્મણે પણ પોતાનું કમળ સુંઘ્યું. શ્વાસના વાયુથી તે ચૂર્ણ નાસિકાના વિવર દ્વારા અંદર ગયું. આથી તેણે દારૂની ઉલટી કરી. તેની ગંધ સહન ન થવાથી લોકોએ એનો ધિક્કાર અને તિરસ્કાર કર્યો. તે શાસ્ત્રના અભ્યાસથી રહિત પુરુષની જેમ સભામાંથી જલદી નીકળી ગયો. અતિશય તપેલા સીસાનો રસ પીને તેણે પ્રાયશ્ચિત્ત કર્યું. શ્રીયકના વૈરની સાથે તે યમના મંદિરમાં ગયો.

શ્રીયકે નંદરાજાના સાત અંગોને સ્વીકારીને [1]પરાર્થ, સ્વાર્થ અને રાજ્યાર્થ એ ત્રણેને વિરોધ વિના સાધ્યા. બુદ્ધિશાલી સ્થૂલભદ્ર સાધુએ ગુપ્ત રહીને બાર અંગોને

૧. પરકાર્ય, સ્વકાર્ય અને રાજ્યકાર્ય એ ત્રણેને એક-બીજાને વિરોધ ન આવે તે રીતે સાધ્યા.

સાધ્યા. આથી તેમણે [૧]શ્રીયકથી જ્યેષ્ઠપણાને (=મોટાઇને) સિદ્ધ કર્યું. ચોમાસું આવતાં ત્રણ સાધુઓએ ગુરુ પાસે આવીને ભવનો નિગ્રહ કરવામાં કુશળ અભિગ્રહોને લીધા. તે આ પ્રમાણેઃ– એકે કહ્યું કે, હું ચારે મહિના ઉપવાસ કરીને સિંહની ગુફાના દ્વાર આગળ કાયોત્સર્ગમાં રહીશ. બીજા સાધુએ કહ્યું કે, હું ચારે મહિના દૃષ્ટિવિષ સર્પના બિલના દ્વાર આગળ કાયોત્સર્ગમાં રહીશ. ત્રીજા સાધુએ કહ્યું કે, હું ચારે મહિના ઉપવાસ કરીને કૂવાના કાંઠા ઉપર કાયોત્સર્ગમાં રહીશ. શ્રી સંભૂતિવિજયગુરુએ શ્રુતજ્ઞાનથી તે સાધુઓની તપશક્તિ જાણીને અનુજ્ઞા આપી. આ વખતે સ્થૂલભદ્રે કહ્યુંઃ હે પ્રભુ! હું કોશાવેશ્યાના ઘરમાં ચિત્રશાલામાં ષડ્રસવાળું ભોજન કરવાપૂર્વક ચોમાસું રહીશ એવો અભિગ્રહ મારે લેવો છે. શ્રીસંભૂતિવિજય આચાર્યે શ્રુતજ્ઞાનના ઉપયોગથી તેમને બધી ઇંદ્રિયોને વશ કરવામાં સમર્થ જાણીને અનુજ્ઞા આપી. ગુરુથી રજા અપાયેલા ત્રણે સાધુઓ યથોક્ત સ્થાને ગયા. સ્થૂલભદ્ર કામદેવની ઈર્ષ્યાથી કોશાના ઘરે ગયા. ઊભી થઇને જાણે કટાક્ષના સમૂહરૂપી અક્ષતોથી ચોક કરતી હોય તેમ તે બોલીઃ હે નાથ! મને શી આજ્ઞા છે? જે આજ્ઞા હોય તે કહો. સમતાના ભંડાર મહાત્મા સ્થૂલભદ્ર ધર્મલાભરૂપ આશીર્વાદ આપીને કામદેવરૂપી હાથી માટે વિંધ્યાચલ સમાન કોશાની ચિત્રશાળામાં રહ્યા. ચારિત્રને સહન નહિ કરી શકનારા આ પૂર્વના સ્નેહથી મારા ઘરે આવ્યા છે એમ વિચારીને કોશા તે મુનિને ષડ્રસવાળો આહાર વહોરાવવા લાગી. નષ્ટ લજ્જાના કારણે આ મને કંઈ કહેતા નથી એમ વિચારીને કોશા બપોરના જાણે શિષ્યા હોય તેમ તેમની આગળ બેસવા લાગી. તેણે નેત્રના છેડાઓને હલાવ્યા (=કટાક્ષો કર્યા). પણ તે મુનિના મનને ન હલાવી શકી. તેણે છાતીના વસ્ત્રને ઢીલું કર્યું, પણ તે મુનિને ધ્યાનથી ઢીલા ન કરી શકી. હાવભાવપૂર્વક વિલાસો વગેરેથી તેણે કેવળ પોતાને ખેદ પમાડ્યો. આકાશમાં અક્ષરોની જેમ મુનિના મનમાં જરા પણ રાગ ન પ્રગટ્યો. કોશાએ વિચાર્યું: ચોક્કસ આ દીક્ષા સિદ્ધયોગવાળાથી આકર્ષાયેલામાં થઈ છે, અર્થાત્ કોઈ સિદ્ધયોગીએ સ્થૂલભદ્રને આકર્ષીને દીક્ષા આપી છે. તેથી એ દીક્ષાના પ્રભાવથી માખણ સમાન કોમળ પણ સ્થૂલભદ્ર ક્ષણવારમાં કઠણ બની ગયા. આ પ્રમાણે વિચારીને જાણે દૃષ્ટિરૂપી કમળોથી નૂંછણા લેતી હોય તેવી કોશાએ લાંબા કાળના સ્નેહને યાદ કરી કરીને પૂર્વે ભોગવેલા ભોગોને યાદ કરાવ્યા.

મુનિ તો કમલપત્રની જેમ નિર્લેપ હૃદયવાળા રહ્યા અને કોશાને જાણે ગુપ્ત આલોચના લેતી હોય તેવી માની. જેમ પાણીમાં પ્રહારો અને વિરાગી પુરુષમાં મોતી વગેરેના હારો નકામા થાય તેમ મુનિમાં વેશ્યાના તે વિકારો નકામા થયા. જેમ પર્વતમાં સિંહની ફાળો નકામી થાય તેમ કોશાના દરરોજ નવા નવા શૃંગારોરૂપ વિકારો મહા-

૧. શ્રીયકે સ્વાર્થ, પરાર્થ અને રાજ્યાર્થ એ ત્રણને અથવા રાજ્યના સાત અંગોને સાધ્યા, પણ સ્થૂલભદ્રે બાર અંગોને સાધ્યા. આથી તેમણે શ્રીયકથી પોતાની મોટાઈને સિદ્ધ કરી.

મુનિમાં નકામા થયા. જેમ વિદ્વાનોની સભામાં પ્રતિભાવ મળવાના કારણે વક્તાની કુશળતા વધે તેમ કોશાના તે ઉપસર્ગોથી મુનિના ધ્યાનનું તેજ વધ્યું. તેથી ખેદ પામેલી તે મુનિના ચરણોમાં પ્રણામ કરીને બોલીઃ પૂર્વના સ્નેહને વશ થઈને મેં આ પ્રમાણે જે કર્યું તેની મને ક્ષમા આપો. આમ તેણે ક્ષમા માગી એટલું જ નહિ, બલ્કે મુનિના મુખથી ધર્મ સાંભળીને તે ધર્મમાં અતિશય સ્થિર બની. તેણે શ્રાવકધર્મનો સ્વીકાર કરીને મક્કમતાથી અભિગ્રહ લીધો. તે આ પ્રમાણેઃ– હવે પછી તુષ્ટ થયેલો રાજા મને જેને આપે તે સિવાય અન્ય પુરુષનો મારે જાવજ્જીવ નિયમ છે. પરસ્પર સ્વીકારેલા વાદમાં જિતાયેલા કામદેવને સ્થૂલભદ્રે કોશાના અભિગ્રહના બહાને કોશાની પકડમાં કરાવી દીધો, અર્થાત્ વેશ્યાના કબજામાં કરાવી દીધો.

અભિગ્રહને પૂર્ણ કરનારા, કોઇનાથી ય નહિ નિંદાયેલા અને જાણે ત્રણ પુરુષાર્થ હોય તેવા તે ત્રણ મુનિઓ સુગુરુની પાસે ગયા. ગુરુએ ઊભા થઈને स्वागतम् એમ બોલીને તેમની કંઈક પ્રશંસા કરી. પછી તેમને दुष्करकारकाः=તમે દુષ્કર કરનારા છો એમ કહ્યું. સન્મુખ આવેલા સ્થૂલભદ્રને ગુરુએ ઊભા થઈને કહ્યુંઃ સુંદર આચરણ કરનારા હે મહાભાગ્યશાલી! તમોએ ઘણું દુષ્કર કર્યું છે. ગુરુએ આ પ્રમાણે કહ્યું એટલે ઈર્ષ્યાવાળા ત્રણ સાધુઓએ આ પ્રમાણે વિચાર્યુંઃ અહો! સ્થૂલભદ્ર મંત્રીપુત્ર હોવાથી ગુરુએ તેને આ વિશેષથી કહ્યું, અર્થાત્ આપણા કરતાં તેની વિશેષ પ્રશંસા કરી. જો ષડ્ રસવાળો આહાર કરનાર પણ આ ઘણું દુષ્કર કરનારો હોય તો આવતા ચોમાસામાં આપણે પણ એ તપ કરીશું. આ પ્રમાણે ઈર્ષ્યાથી યુક્ત તેમણે કષ્ટથી આઠ મહિના પસાર કર્યા. હવે સિંહ ગુફાવાસી મુનિએ સ્થૂલભદ્રે જે અભિગ્રહ લીધો હતો તે અભિગ્રહ લીધો. ગુરુએ ઉપયોગથી જાણી લીધું કે આ મુનિ સ્થૂલભદ્રની સાથે સ્પર્ધાવાળા છે, અર્થાત્ સ્થૂલભદ્રની ઈર્ષ્યાથી અભિગ્રહ કર્યો છે, તથા અભિગ્રહને પાળવામાં અસમર્થ છે. આથી ગુરુએ તેમને કહ્યુંઃ હે મુનિ! આ આગ્રહને મૂકી દો. હે મુનિ! આવો તપ કરવા માટે એના સિવાય બીજો કોઈ સમર્થ નથી. શેષનાગ વિના બીજો કોણ આ પૃથ્વીને ધારણ કરવા સમર્થ છે? ગુરુને રોકવા છતાં તેમણે તે અભિગ્રહ લીધો જેમ ગધેડો હસ્તિશાલામાં આવે તેમ મુનિ કોશાના ઘરે આવ્યા. સ્થૂલભદ્રની સાથે સ્પર્ધા કરનારા છે એમ જાણીને પરીક્ષા કરવા કોશાએ જેમ કૂતરાને ઘીથી ભોજન કરાવે તેમ મુનિને ષડ્રસવાળું ભોજન કરાવ્યું. જાણે શૃંગારની અસાધારણ નદી હોય અને અતિશય કામની તિજોરી હોય તેવી કોશા શૃંગારવાળો પોષાક પહેરીને મુનિની પાસે ગઇ. તેના મુખરૂપી ચંદ્રને જોઇને મુનિનો ચિત્તરૂપી સાગર ક્ષુબ્ધ બન્યો, અને અદ્ભુત કામરૂપી વડવાનલ ભભૂકી ઉઠ્યો. તેથી તે જાણે કામરૂપી વિષની ઊર્મિઓએ તેમનું ચૈતન્ય હરી લીધું હોય તેવા થઈ ગયા. આવા તે સાધુપણાને અને સ્પર્ધાથી કરેલા તપને ભૂલી ગયા.

એટલું જ નહિ, કામરૂપી વાયુના રોગથી થયેલી વિહ્વલતાના કારણે તેમણે કોશાની માગણી કરી. કોશાએ કહ્યું: ધન લાવો અને ઇચ્છિત સાધો.

કામની આસક્તિથી ચંચળ નેત્રવાળા તે કુમુનિએ ફરી કહ્યું: હે ભદ્રા! અમારી પાસે ધન કયાંથી હોય. આથી મારા ઉપર જલદી પ્રસન્ન થા. જેણે જૈન ઉપદેશ સાંભળ્યો છે એવી તે કોશાએ મુનિને બોધ પમાડવા માટે કહ્યું: જો ભોગ ભોગવવાની ઇચ્છા હોય તો નેપાળદેશમાં જાઓ. ત્યાં દયાનિધિ નેપાલનો રાજા અન્યદેશના સાધુઓને એક એક રત્નકંબલ આપે છે. તેથી કામરૂપી વાયુસમૂહથી ચંચળ બનેલા તે મુનિ જેમ ગ્રીષ્મઋતુ પૂર્ણ થતાં [1]કમળને જાણનારો હાથી નેપાલ તરફ ચાલે તેમ નેપાલ તરફ ચાલ્યા. ત્યાંથી રત્નકંબલ મેળવીને અને વાંસમાં મૂકીને (=છુપાવીને) જેમ ભ્રમર માલતીને યાદ કરે તેમ કોશાને યાદ કરતા તે મુનિ પાછા ફર્યા. લાખ જાય છે એવા પોપટના વચનથી ચોરોએ તેને રસ્તામાં ઘેરી લીધા. તપાસીને કંઇ નથી એમ વિચારીને ચોરોએ છોડી દીધા. મુનિ આગળ ચાલ્યા. ફરી પોપટે લાખ જાય છે એમ કહ્યું. આથી ચોરોએ તેની પાસે આવીને સાચું કહે કે તારી પાસે શું છે? એમ પૂછ્યું. મુનિએ પણ સાચું કહી દીધું કે, આ વાંસની અંદર રત્નકંબલ મૂકયું છે. દયાથી ચોરોએ મુનિને છોડી દીધા. મુનિએ એ રત્નકંબલ કોશાને આપ્યું. જેમ ખંડિત થયેલા રત્નમય બિંબને અગાધ જલવાળા સરોવરમાં પધરાવવામાં આવે તેમ કોશાએ મનોહરપણ રત્નકંબલને કાદવમાં ફેંકી દીધું. મુનિ બોલ્યા: હે મુગ્ધા! આ રત્નકંબલ અતિશય કિંમતી છે અને દુર્લભ છે, તો આમ અનાદરથી ફાટેલા વસ્ત્રના ટુકડાની જેમ કાદવમાં કેમ ફેંકી દીધું? કોશા બોલી: હે મૂઢ! તમે આ રત્નકંબલનો શોક કરો છો, પણ દુર્લભ ચારિત્રરૂપી માણેકરત્નને ડૂબાવતા તમે કેમ લજ્જા પામતા નથી? હા! અલ્પપ્રમાણ સુખાભાસની આશામાં ભ્રાન્ત બનેલા જડ જીવો અનંત મોક્ષસુખથી ભ્રષ્ટ થાય છે. ઇત્યાદિ કહીને બોધ પમાડાયેલા અને એથી વૈરાગ્યવાળા થયેલા મુનિએ કોશાને કહ્યું: જેમ અગ્નિથી સળગેલા ઘરમાંથી બાળકને બચાવવામાં આવે તેમ તેં મને સારી રીતે તારી દીધો છે. હવે મહાન આશયવાળો હું અતિચાર સ્વરૂપ દોષોની આલોચના કરવાની ઇચ્છાથી ગુરુના ચરણોનો આશ્રય લઇશ. હે સુંદરી! તને ધર્મલાભ થાઓ. તે વખતે કોશાએ બે હાથ જોડીને મુનિને કહ્યું: હે મુનિ! આપને બોધ પમાડવા માટે મેં આપની આશાતના કરી તે બદલ મને ક્ષમા આપો. લજ્જાથી મુનિએ મુખ નીચે કરી દીધું. વિરક્ત બુદ્ધિવાળા તે મુનિએ ગુરુ પાસે જઇને આલોચના લઇને ફરી ઘણા તપો કર્યા.

એકવાર રાજાએ [2]રથિકને કામથી (=વાસનાથી) રહિત એવી પણ કોશા આપી. કોશા રથિકની આગળ સ્થૂલભદ્રના ગુણોની પ્રશંસા કરવા લાગી. એકવાર રથિકે શય્યામાં રહીને

૧. હાથીને બિસ=કમળનો દાંડલો બહુ પ્રિય હોય છે, અર્થાત્ ખાવામાં બહુ ભાવે છે.
૨. રથિક=રથમાં બેસીને યુદ્ધ કરનાર.

આંબાની લૂંબને બાણથી વિંધી, તે બાણને બીજા બાણથી વીંધ્યું, તેને ત્રીજા બાણથી વીંધ્યું, આમ એક પછી એક બાણના મૂલમાં નાખેલા બાણોથી આંબાની લૂંબને સારી રીતે પ્રાપ્ત કરી શકાય તેવી કરી. પછી અર્ધ–ચંદ્રાકાર બાણથી આમ્ર લુંબના ડીંટાને છેદી નાખ્યું. પછી સુભટોમાં મુખ્ય તે રથિકે તે જ વખતે હાથથી આમ્રલુંબ લઈને કોશાને આપી. રથિકે પોતાનું કૌશલ્ય બતાવીને કોશાના મુખ સામે જોયું. કોશાએ સરસવના ઢગલામાં સોય મૂકી, તેના ઉપર પુષ્પો મૂક્યાં. પછી તેણે સુંદર[1] ચારીઓથી નૃત્ય કર્યું. આમ છતાં કુશળ અને દેવીની જેમ નિશ્ચલ તે સોયની અણીથી વીંધાણી નહિ અને તેણે પુષ્પોને પણ ન હલાવ્યા. તેની કલાથી તુષ્ટ થયેલા રથિકે તેને કહ્યું: હું તને શું આપું? કોશા બોલી: મેં શું આશ્ચર્ય કર્યું કે જેથી તમે મારા ઉપર તુષ્ટ થયા છો? ઘુવડો રાત્રે દિવ્ય દૃષ્ટિવાળા હોય છે, પક્ષીઓ આકાશમાં ઉડનારા હોય છે, જાતિથી સિદ્ધ હોય તેમ અભ્યાસથી સિદ્ધ કરેલા આ કાર્યમાં શું આશ્ચર્ય છે? અત્યંત દુષ્કર તો તે છે કે, અભ્યાસ નહિ કર્યો હોવા છતાં અને જાતિથી સિદ્ધ ન હોવા છતાં મહામુનિ સ્થૂલભદ્રે જે શીલપાલન કર્યું. જેમ સૂર્યના સંસર્ગથી માખણ અને અગ્નિથી સીસું પીગળી જાય છે તેમ સ્ત્રીના સંસર્ગથી પુરુષ અવશ્ય પીગળી જાય છે. ઇત્યાદિ સ્થૂલભદ્રના સ્વરૂપને રાત–દિવસ કહેતી કોશાએ જેમ ચંદ્રજ્યોત્સ્ના કૈરવને (=ચંદ્રવિકાસી કમળને) બોધ પમાડે (=વિકસિત કરે) તેમ રથિકને બોધ પમાડ્યો. કલ્યાણના અભિલાષી અને સ્થૂલભદ્રના ગુણોને યાદ કરતા તેણે દીક્ષા લીધી, અને કોશા પણ પોતાના અભિગ્રહમાં સ્થિર રહી.

આ તરફ બાર વર્ષનો દુષ્કાળ પડ્યો. સંઘે અતિશય મુશ્કેલીથી પાર પામી શકાય તેવા દુષ્કાળને સમુદ્રના કિનારે (=કિનારાના ગામ–નગરોમાં) કષ્ટથી પસાર કર્યો. ભણેલાનો પાઠ (=આવૃત્તિ) કરવો વગેરે સામગ્રી ન મળવાના કારણે સિદ્ધાંતો ભૂલાઈ ગયા. (દુષ્કાલ પૂર્ણ થઈ ગયા બાદ) બધો ય[2] સંઘ પાટલિપુત્રમાં ભેગો થયો. સૂત્રના આલાપકોનો કયાંક કયાંકથી સંગ્રહ કરીને ક્રમશઃ અગિયાર અંગો પરિપૂર્ણ કર્યાં. પછી શ્રુતવિચ્છેદના ભયવાળા સંઘે (=નેપાળદેશમાં રહેલા) ચૌદ પૂર્વના જાણકાર ભદ્રબાહુ સ્વામીને બોલાવવાની ઇચ્છાથી બે મુનિને મોકલ્યા. ભદ્રબાહુસ્વામીએ કહ્યું: મેં હમણાં મહાપ્રાણધ્યાન શરૂ કર્યું છે. તેથી હું આવી શકું તેમ નથી. બે મુનિઓ પાછા આવ્યા. પૂર્વનો આધાર કરવાની ઇચ્છાવાળા સંઘે, અર્થાત્ સાધુઓ પૂર્વના જાણકાર બને એવી ઇચ્છાવાળા સંઘે, ફરી બે મુનિઓને શ્રી ભદ્રબાહુસ્વામી પાસે મોકલ્યા. સૂરિઓમાં ઇંદ્ર સમાન શ્રીભદ્રબાહુસ્વામીને વંદન કરીને બે મુનિઓએ કહ્યું: જૈન શાસનમાં જે સંઘને (=સંઘનું કહ્યું) ન માને તેને શો દંડ થાય? તેમણે કહ્યું: તે નિયમા સંઘ બહાર થાય. મુનિઓએ કહ્યું: હે ભગવંત! તો શ્રમણ સંઘ આપને જ સંઘ બહાર કરવા

---

૧ ચારી એટલે નૃત્યમાં થતી ભિન્ન ભિન્ન ગતિ-ચાલ.

૨ અહીં સંઘ શબ્દથી શ્રમણસંઘ સમજવો.

ઇચ્છે છે. આ પ્રમાણે સાંભળીને તેમણે કહ્યું: સંઘની જે ઇચ્છા હોય તે હું કરવા તૈયાર છું. પણ જો સંઘ મારા ઉપર મહેરબાની કરે તો મહાબુદ્ધિશાળી મુનિઓને (મારી પાસે) મોકલે. હું (દરરોજ) સાત વાચના આપીશ તેમાં એક વાચના ભિક્ષાથી આવીને, બીજી કાલ વેળાએ (મધ્યાહ્ન સમયે), ત્રીજી સ્થંડિલ ભૂમિથી આવીને, ચોથી વિકાલવેળાએ (સંધ્યા સમયે), ત્રણ આવૃત્તિના સમયે (પ્રતિક્રમણ પછી) આપીશ. આ પ્રમાણે વિઘ્ન વિના સંઘનું અને મારું કાર્ય સિદ્ધ થશે. બે મુનિઓએ પાછા આવીને સંઘને આ પ્રમાણે કહ્યું. ખુશ થયેલા સંઘે સ્થૂલભદ્ર વગેરે પાંચસો સાધુઓને તેમની પાસે મોકલ્યા. ધ્યાનમાં અંતરાય થવાના કારણે શ્રીભદ્રબાહુસ્વામી વાચના ઓછી આપવા લાગ્યા. આથી સ્થૂલભદ્ર સિવાય બધા સાધુઓ કંટાળીને પોતાના સ્થાને જતા રહ્યા. વિધિપ્રમાણે કરવામાં તત્પર શ્રીસ્થૂલભદ્ર મુનિ તો કંટાળ્યા વિના વિનય વગેરેથી ગુરુના મનને આકર્ષી લીધું. ધ્યાનના પારને પામેલા અને હર્ષ પામેલા શ્રીભદ્રબાહુ સ્વામી પણ પ્રતીચ્છક શ્રીસ્થૂલભદ્ર મુનિને તૃપ્તિ થાય તેટલી વાચના વ્યાકુલતા વિના આપવા લાગ્યા. સમાધિરૂપી અમૃતના પાનથી તૃપ્ત થયેલા મનરૂપી વૈભવવાળા શ્રીસ્થૂલભદ્ર મુનિ ક્રમે કરીને બે વસ્તુ ન્યૂન દશ પૂર્વો ભણ્યા.

હવે દીક્ષા લઇને પૃથ્વીતલ ઉપર વિચરતી શ્રી સ્થૂલભદ્રની બહેનો ત્યાં વંદન કરવા માટે આવી. તેમણે ગુરુને પૂછ્યું: હે સ્વામી! શ્રી સ્થૂલભદ્ર મુનિ હમણાં ક્યાં છે? ગુરુએ કહ્યું: તે અહીં દેવમંદિરમાં પૂર્વોનો અભ્યાસ કરી રહ્યા છે. અહંકારથી યુક્ત શ્રી સ્થૂલભદ્ર બહેનોને આવતી જોઈને કૌતુકની ઇચ્છાથી સિંહના શરીરનો આશ્રય કરીને રહ્યા. બહેનો પોતાની આગળ સિંહને જોઈને પાછી ફરી. તેમણે ગુરુને કહ્યું: હે પ્રભુ! ત્યાં અવશ્ય સ્થૂલભદ્રને ફાડીને સિંહ રહેલો છે. ગુરુએ ઉપયોગ મૂકીને સ્થૂલભદ્રને વિકાર પામેલા જાણ્યા. તેમણે સ્થૂલભદ્રની બહેનોને કહ્યું: તે તમારા ભાઈ ત્યાં છે જ. વંદન કરો. સિંહ જતો રહ્યો છે. ત્યાં જઇને સ્થૂલભદ્રને જોઈને વિસ્મય પામેલી બહેનોએ વંદન કર્યું. શ્રી સ્થૂલભદ્રે (પોતાની દીક્ષા પછી કુટુંબમાં બનેલા) ધાર્મિક સમાચારો મોટી બહેનને પૂછ્યા. તેણે આનંદપૂર્વક સમાચાર કહ્યા. તે આ પ્રમાણે:– હે ભગવંત! અમારી સાથે શ્રીયકે પણ દીક્ષા લીધી. પણ ક્ષુધાના કારણે એકાસણું પણ કરવા તે સમર્થ ન હતા. સાંવત્સરિક પર્વના દિવસે મારા કહેવાથી તેમણે પોરિસીનું પચ્ચક્ખાણ કર્યું. પોરિસિ પચ્ચક્ખાણ પૂર્ણ થતાં પચ્ચક્ખાણ પારવાની ઇચ્છાવાળા તેમને મેં ફરી કહ્યું: તમે પુરિમડ્ઢ કેમ કરતા નથી? કારણ કે આ પર્વ દુર્લભ છે. સરળ તેમણે લજ્જાથી તેનો પણ સ્વીકાર કર્યો. પુરિમડ્ઢ પચ્ચક્ખાણ પણ પૂર્ણ થતાં ભોજન કરવાની ઇચ્છાવાળા મુનિને ફરી ઉત્સાહિત કરીને અવડ્ઢનું પચ્ચક્ખાણ કરાવ્યું. અવડ્ઢનું પચ્ચક્ખાણ પણ પૂર્ણ થતાં રાત નિદ્રાથી સુખપૂર્વક પસાર થઈ જશે એમ સમજાવીને તેમને કર્મક્ષય માટે ઉપવાસનું પચ્ચક્ખાણ કરાવ્યું. પછી અર્ધી રાતે ભૂખ વધવાના કારણે શરીર વ્યાકુલ બની ગયું.

તે મહાત્મા આરાધનાપૂર્વક મૃત્યુ પામીને સ્વર્ગમાં ગયા. મુનિઘાતથી થયેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરવાની ઇચ્છાથી મેં શ્રમણસંઘની આગળ તેની વિગત કહી. સંઘે કહ્યું: તમને પ્રાયશ્ચિત્ત ન આવે. કારણ કે તમે તેમને તારવા માટે જ તે તપ કરાવ્યો હતો. પોતાની નિંદા કરતી મેં ફરી સંઘને આ પ્રમાણે પ્રાર્થના કરી :– જો તીર્થંકર સ્વયં કહે તો મને સમાધિ થાય. તેથી દયાળુઓમાં મુખ્ય એવો સંઘ કાયોત્સર્ગમાં રહ્યો. તે વખતે શાસનદેવીએ સંઘને આ પ્રમાણે કહ્યું:– હું સાધ્વીજીને શ્રી સીમંધરસ્વામી પાસે લઈ જઈને જ્યાં સુધીમાં અહીં પાછી લઇ આવું, ત્યાં સુધી મારા કલ્યાણ માટે (=જવા–આવવામાં સહાય માટે) સંઘે કાયોત્સર્ગમાં જ રહેવું. તે વખતે શાસનદેવી મને ક્ષણવારમાં મહાવિદેહક્ષેત્રમાં લઈ ગઈ. હર્ષથી મેં શ્રી સીમંધર જિનેશ્વરને વંદન કર્યું. જિને કહ્યું: આ પ્રવર્તિની[1] નિર્દોષ અને કપટરહિત છે. પ્રભુએ મારી આગળ બે ચૂલિકા કહી. દેવી મને હાથમાં પકડીને ભરતક્ષેત્રમાં પાછી લઇ આવી. અહીં આવીને મેં બે ચૂલિકા સંઘને અર્પણ કરી. આ પ્રમાણે કહીને યક્ષા પરિવાર સાથે પોતાના સ્થાને ગઈ.

હવે સ્થૂલભદ્ર મુનિ વાચના લેવા માટે ગુરુની પાસે આવ્યા. ગુરુએ કહ્યું: તમે વાચના માટે યોગ્ય નથી. તેથી દીનમુખવાળા મુનિ દીક્ષાદિવસથી પોતાના અપરાધોને વિચારવા લાગ્યા. પછી તેમણે ગુરુને કહ્યું: મને કોઈ અપરાધ યાદ આવતો નથી. આ સાંભળીને ગુરુ બોલ્યા: આહ! અપરાધ કરીને પણ માનતા નથી. પછી અપરાધને યાદ કરીને તે મુનિ ગુરુના ચરણકમલોમાં પડ્યા. મારા એક અપરાધને માફ કરો. હું ફરી આવું નહિ કરું. ગુરુ બોલ્યા: ફરી કરો કે ન કરો, પણ તમણે તો અપરાધ કર્યો. આથી જેમ તાવથી પીડાયેલાને કાકડી ન અપાય તેમ તમને વાચના ન અપાય. હવે સ્થૂલભદ્ર મુનિએ ગુરુના રોષને શાંત કરવા માટે સંઘને પ્રાર્થના કરી. ચિંતામણિ વિના બીજો કોણ ઇચ્છિત આપવા સમર્થ થાય? સૂરિએ સંઘને કહ્યું: જેમ આ તમણે વિકારને પામ્યા તેમ હવે પછી બીજા શઠ સાધુઓ વિશેષ વિકારને પામશે. તેથી પૂર્વો મારામાં જ બાકી રહેશે =વિચ્છેદ પામશે એમ હું જાણું છું. એને દંડ થાઓ, એ માટે બાકીનો પાઠ એને ન આપવો જોઇએ. સંઘે ફરી ગાઢ આગ્રહ કર્યો. આથી મારામાં પૂર્વોનો વિચ્છેદ ન થાઓ એમ વિચારીને ઉત્તમ મુનિ સ્થૂલભદ્રને સૂત્રથી વાચના આપી. સૂરિએ બાકીના પૂર્વોની વાચના તમારે કોઇને ન આપવી એ પ્રમાણે આજ્ઞા કરીને બાકીના પૂર્વોની વાચના તેમને વિધિપૂર્વક આપી. જેમ સૂર્ય પૂર્વધરમાં (=ઉદયાચલ પર્વતમાં) ઉદય પામે છે, તેમ પૂર્વધરોમાં (= પૂર્વધરો વિદ્યમાન હતા ત્યારે) ઉદય પામનારા અને સર્વ પૂર્વોને ધારણ કરનારા શ્રી સ્થૂલભદ્ર મુનિએ આચાર્યપદને પ્રાપ્ત કરીને યોગ્ય ભવ્યસમૂહને

---

૧. પ્રવર્તિની=મુખ્ય સાધ્વી.

બોધ પમાડ્યો. અતિશય ઘોર તપ કરીને અને જાણે અમૃતના તરંગો હોય તેવા તાત્ત્વિકપદોના ઉપદેશોથી ઘણા કાળ સુધી ભવ્ય જીવોની શ્રેણીને બોધ પમાડીને શ્રીસ્થૂલભદ્રસૂરિ સ્વર્ગમાં ગયા. [૪૧]

શીલપાલનમાં તત્પર જીવના શીલને લોભથી પણ બાધા થતી નથી એમ જણાવે છેઃ–

तं नमह वयरसामिं, सयंवरा रयणकोडिसुसमिद्धा ।
अवगणिया जेण तिणेव, सिट्ठिधूया पवररूवा ॥ ४२ ॥

ગાથાર્થ :– સ્વયંવરા, કોટિરત્નોથી સુસમૃદ્ધ અને મનોહર રૂપવતી રુક્મિણી નામની શ્રેષ્ઠિપુત્રીને કોટિરત્નોની સાથે જીર્ણ ઘાસની જેમ જે મહાત્માએ છોડી દીધી તે વજ્રસ્વામીને પ્રણામ કરો.

ટીકાર્થ :– સ્વયંવરા=ગુણોને સાંભળીને સ્વયં ગાઢ અનુરાગવાળી થયેલી. કોટિરત્નોથી સુસમૃદ્ધ=અનેક અબજ પ્રમાણ ધનથી યુક્ત. વજ્રસ્વામી જેવા સમભાવવાળા જ મહાત્માઓ નમસ્કારને યોગ્ય છે. સમતાનું સ્વરૂપ આ પ્રમાણે છે :–**" જ્યાં નથી દુઃખ કે નથી સુખ, જ્યાં નથી રાગ અને નથી દ્વેષ, જ્યાં નથી મોહ અને નથી કોઈ ઇચ્છા, તે શાંતરસ મુનિઓને કહ્યો છે, અર્થાત્ આવો શાંતરસ મુનિઓમાં હોય છે. અને આવા શાંતરસને જ સર્વ વસ્તુઓમાં સમભાવ કહ્યો છે."** આ પ્રમાણે ગાથાર્થ છે. ભાવાર્થ તો આ છે :–

વજ્રસ્વામીનું દૃષ્ટાંત

આ જ જંબૂદ્વીપમાં ભરતાર્ધના લલાટના તિલક સમાન અને ધન સંબંધી આશીર્વાદ આપનાર પુરોહિત હોય તેવો અવંતિ નામનો દેશ હતો. તેમાં તુંબવન નામનું સ્થાન હતું. તે સ્થાન જાણે લક્ષ્મીનું સભાસ્થાન હોય તેવું હતું, અને જાણે સ્વર્ગમાંથી પડી ગયા હોય તેવા અને પ્રેમને ઇચ્છનારા લોકોથી વિભૂષિત હતું. તેમાં પવિત્રાત્મા ધનગિરિ નામનો શ્રેષ્ઠિપુત્ર પ્રસિદ્ધ હતો. જાણે સમૃદ્ધિથી કુબેરની સાથે દોસ્તી કરી હોય તેવો હતો, અર્થાત્ તેની પાસે કુબેર જેટલું ધન હતું. મન–વચન–કાયાથી ધર્મકાર્યમાં જ તત્પર તે ક્રમે કરીને જેમ યોગી સમતાના સમૂહને પામે તેમ યૌવનને પામ્યો. તેના વિવાહ માટે માતા–પિતા જે કન્યાનો સ્વીકાર કરતા હતા, તે કન્યાનો દીક્ષાર્થી તે જેમ તૃપ્ત માણસ ભોજનનો નિષેધ કરે તેમ જલદી નિષેધ કરતો હતો. તે કહેતો હતો કે– હું પત્ની, મિત્ર વગેરેને છોડીને અવશ્ય દીક્ષા લઈશ, માટે મને પોતાની કન્યાને આપીને કોઈએ પસ્તાવું નહિ. તત્ત્વ અને અતત્ત્વનો વિચાર કરનારો, બુદ્ધિવાળો અને ધર્મી એવો તે આ પ્રમાણે કહીને જેમ હંસ નડ્વલ ઘાસવાળા પ્રદેશનો નિષેધ કરાવે (=નડ્વલ ઘાસવાળા પ્રદેશમાં ન જાય) તેમ કન્યાના માતા–પિતાને બળાત્કારે નિષેધ કરાવતો હતો,

અર્થાત્ અમારે ધનને કન્યા આપવી નથી એમ ના કહેવડાવતો હતો. હવે ધનપાલની સુનંદા નામની પુત્રીએ ધનગિરિ વિના બીજા કોઈને હું નહિ પરણું એવો નિશ્ચય કર્યો. આથી નહિ ઇચ્છતા પણ ધનગિરિની સાથે સુનંદાને માતા-પિતાએ પરણાવી. ભોગવવા યોગ્ય કર્મના પ્રતાપથી ઋતુસ્નાતા સુનંદાને ધનગિરિએ ભોગવી. તે વખતે કુબેરનો સામાનિક દેવ દેવલોકમાંથી ચ્યવીને જેમ હંસ કમલમાં અવતરે (બેસે) તેમ સુનંદાની કુક્ષિમાં અવતર્યો. બે રીતે [1]સત્ત્વને પામેલી પત્ની સુનંદાને પૂછીને ધનગિરિએ સિંહગિરિ ગુરુની પાસે દીક્ષા લીધી. પત્નીના બંધુ આર્યસમિતના સહાધ્યાયી બનીને ધનગિરિએ જેમ ભ્રમર પુષ્પરસોને ગ્રહણ કરે તેમ બધા શ્રુતનું ગ્રહણ કર્યું. સુખપૂર્વક ગર્ભનું પાલન કરતી સુનંદાએ સારા દિવસે જેમ નંદનવનની પૃથ્વી કલ્પવૃક્ષને જન્મ આપે તેમ ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. જન્મના મંગલગીતો ગાતી સ્ત્રીઓ કુમારના શરીરને સ્પર્શી સ્પર્શીને આ પ્રમાણે બોલી :—હે અનુકંપાપાત્ર ! જો તારા પિતાએ દીક્ષા ન લીધી હોત તો તારો અવશ્ય મહાન જન્મોત્સવ થાત. ઘણા ધનવાળી પણ સ્ત્રીઓ પુરુષ વિના શું કરે ? તેલનો ક્ષય થઈ જતાં મોટી પણ દીવડી કેટલી શોભે ? આ પ્રમાણે સાંભળીને તર્ક વિતર્કમાં તત્પર બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું. આથી બાળક હોવા છતાં એણે ચારિત્ર માર્ગના મુસાફર બનવાનો વિચાર કર્યો. મારા ગુણોથી આનંદિત થયેલી માતા મને કયારેય છોડશે નહિ, એમ વિચારીને માતાનો ખેદ વધે એ માટે તે નિરંતર રડવા લાગ્યો. હિંચકામાં ઘણું હીંચકાવવા છતાં, કોમળ વચનો કહેવા છતાં અને હાલરડાં ગાવા છતાં રેવતીની (=દુષ્ટ દેવીની) દૃષ્ટિથી દુષ્ટ થયેલા બાળકની જેમ તે રડતો બંધ ન થયો. આ પ્રમાણે રુદન કરતા તેના છ મહિના વીતી ગયા. સુનંદા પ્રિયપુત્રવાળી હોવા છતાં ખૂબ કંટાળી ગઈ.

આ તરફ ધનગિરિ અને આર્યસમિતથી આગળ કરાયેલા અને આવેશથી રહિત શ્રીસિંહગિરિ તુંબવનમાં પધાર્યા. તે વખતે આર્યસમિતથી યુક્ત ધનગિરિએ ગુરુને નમીને સાંસારિક સંબંધીઓને વંદન કરાવવા માટે, અર્થાત્ સાંસારિક સંબંધીઓના ઘરે જવા માટે પૂછ્યું. તે વખતે કંઈક શુકનને વિચારીને વિકસિત મુખવાળા આચાર્ય વિસ્મય-પૂર્વક વાણી બોલ્યા. તે આ પ્રમાણે:— આજે તમને અહીં મહાન લાભ થશે. પણ આજે સચિત્ત કે અચિત્ત જે ભિક્ષા મળે તેનો તમારે નિષેધ ન કરવો. પછી તે બે મહામુનિઓ સુનંદાના ઘરે ગયા. તે બન્નેને બારણામાં જોઈને સખીઓએ હસતાં હસતાં સુનંદાને કહ્યું: હે સખી ! તે આ ધનગિરિ આવ્યા છે, તેમને આ બાળક આપી દે. વ્યવહારમાં દેખાય છે કે લોક પોતાના છોકરાને કોઈ પણ રીતે રાખે છે. બાળકના રુદનથી ખૂબ કંટાળી ગયેલી સુનંદા બે હાથમાં છોકરાને લઈને ધનગિરિની આગળ આવી. આ બાળક અતિશય મુશ્કેલીથી પાળી શકાય તેવો હોવા છતાં આટલો કાળ મેં તેને પાળ્યો. તેનાથી અતિ-શય કલેશ પમાડાયેલી હું હવે તો કંટાળી ગઈ છું. તમે નિઃસ્પૃહ હોવા છતાં આને

---

૧. એક રીતે આત્માનો સત્ત્વગુણ અને બીજી રીતે સત્ત્વ એટલે ગર્ભ, એમ બે રીતે.

સ્વીકારો. તમે વાત્સલ્યવાળા પિતા છો. હે કૃપાહીન ! જેવી રીતે મારી ઉપેક્ષા કરી તેવી રીતે રડતા તમારા પુત્રની ઉપેક્ષા ન કરો. ગુરુના વચનને યાદ કરીને ધનગિરિએ સ્મિત-પૂર્વક કહ્યું: હે કલ્યાણી ! સારું, તારું વચન અવશ્ય કરવુ (=માનવું) જોઇએ. પણ ઉતાવળથી આપીને પછી પશ્ચાત્તાપ ન કરીશ. પોતાના હાથે જે આપી દીધું હોય તે પાછું મળતું નથી. તેથી વિચાર કર. અથવા પોતાની વસ્તુમાં બીજાને શું પૂછવાનું હોય ? તો પણ દુષ્ટોના નિગ્રહ માટે આ વિષે (=બાળક આપવામાં) માણસોને સાક્ષી રાખ. કટાળેલી મુગ્ધ સુનંદાએ તેમ કરીને બાળક આપ્યો. ચતુર ધનગિરિએ પણ બાળકને લીધો. તેમણે બાળકને પાત્રાની ઝોળીમાં રાખ્યો. જેનો મનોરથ સિદ્ધ થયો છે એવો તે બાળક જેમ કોઇ જીવ તાત્ત્વિક ઉપદેશથી રડતો બંધ થાય તેમ તુરત રડતો બંધ થઈ ગયો. ગુરુના આદેશને કરનારા તે બંનેએ સુનંદાના ઘરથી પૌષધશાળા પાસે આવીને નિસીહિ કહીને જલદી પૌષધશાલામાં પ્રવેશ કર્યો. ભારથી ધનગિરિની બે ભુજારૂપી લતા વળી ગઈ છે એમ ગુરુએ જોયું. આથી તેમણે ધનગિરિને કહ્યું: ઝોળી મને આપીને તમે ક્ષણવાર વિસામો લો. તેટલામાં ધનગિરિએ પણ પુષ્ટ અને સૂર્યની કાંતિ જેવા દેદીપ્યમાન પુત્રરત્નને આનંદપૂર્વક ગુરુના હાથમાં આપ્યું. તેના ઘણા ભારથી ગુરુનો પણ હાથ નમી ગયો. તે લક્ષણથી (=પોતાનો હાથ નમી ગયો એ લક્ષણથી) ગુરુએ તેને પોતાનાથી અધિક જાણ્યો. સર્વલક્ષણોથી યુક્ત અને આકૃતિથી અમૃત સમાન તે બાળકને જોઇને શિષ્યોની ચિંતામાં કૃતકૃત્ય બનેલા ગુરુએ કહ્યું: આટલા બળથી અને કાંતિથી ખરેખર આ પૃથ્વી-તલમાં જિનશાસનને શોભાવનાર યુગપ્રધાન થશે. આ કર્મરૂપી હાથીનો ઘાત કરનાર હોવાથી અને રત્નને (=જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નને) ધારણ કરનાર હોવાથી મારા સિંહગિરિ એવા નામને સત્ય કરશે. આ ચોક્કસ સંઘનો આધાર છે માટે ઘણા પ્રયત્નથી એનું રક્ષણ કરવું જોઇએ. તેથી એના પાલનમાં કલ્યાણકારી ભક્તિવાળા ભવ્ય જીવોને યોજવા જોઇએ. વજ્ર જેવો ભારી હોવાથી ગુરુએ તેનું વજ્ર એવું નામ રાખ્યું. સૂરિએ પાલન કરવા માટે બાળક સાધ્વીઓને સોંપ્યો. સાધ્વીઓએ પાલન કરવા માટે ચતુર, સ્નેહવાળી અને ક્રીડાથી આનંદિત બનનારી શય્યાતરની સ્ત્રીઓને બાળક સોંપ્યો. સ્ત્રીઓ વડે સ્પર્ધાથી નિરંતર પાલન કરાતા બાળકને જેમ ચંદ્ર નક્ષત્રોમાં ફરે તેમ એક ખોળામાંથી બીજા ખોળામાં ફેરવવામાં આવ્યો. સૌભાગ્યના અસાધારણ અમૃતકુંડ સમાન તે બાળકને જે જે સ્ત્રી રમાડતી હતી તે તે સ્ત્રીએ આ બાળક જેમ માતામાં સ્નેહ ધારણ કરે તેમ મારામાં જ સ્નેહ ધારણ કરે છે એમ જાણ્યું. તેને ઇષ્ટ હોય તેવી ક્રીડાઓથી છોકરાઓએ તેને રમાડ્યો. વજ્રે પણ તેમને બીજી બીજી વિશેષ રમતો બતાવી. વર્ષા જેમ વૃક્ષને પોષે તેમ સ્ત્રીઓએ શણગાર, રમત, સ્તનપાન, સ્નાન અને વિલેપનથી તેને પોષ્યો. હૃદયરૂપી કમળમાંથી નીકળતી પરાગની કણિકાઓ સમાન સુવર્ણરત્નની કંઠી તેના ગળામાં અત્યંત શોભતી હતી. જાણે ધર્મથી યુક્ત હોય તેવી ક્રીડાઓથી દરરોજ રમતો અને અચિત્ત આહારનું ભોજન કરતો બુદ્ધિશાલી વજ્ર સાધ્વીઓના મનને હર્ષ પમાડતો હતો.

સુનંદાએ વિશેષ પ્રકારની શોભાથી સુશોભિત તેને જોઈ જોઈને "આ મારો પુત્ર છે" એમ શ્રાવિકાઓની પાસે તેની માગણી કરી. શ્રાવિકાઓએ કહ્યું: તમારા આ સંબંધને અમે જાણતા નથી. આ બાળક અમારી પાસે મૂકેલી ગુરુની થાપણ જ છે એમ સમજીને અમે તેનું પાલન કરીએ છીએ. શ્રાવિકાઓએ તેને આ પ્રમાણે કહ્યું એટલે તે સમુદાયથી ભ્રષ્ટ બનેલી વાનરીની જેમ દૂર રહીને વજ્રરત્નની જેમ અતિશય દુર્લભ વજ્રને જોયા કરતી હતી. અતિશય ઉલ્લાસવાળી અને પરાધીન એવી સુનંદા કચારેક શ્રાવિકાઓના જ ઘરે આવીને વજ્રને ધાવમાતાની જેમ સ્તનપાન કરાવતી હતી.

આ તરફ અચલપુરની પાસે બે નદીઓની વચ્ચેની ભૂમિમાં કન્યાપૂર્ણ નામનું તીર્થ હતું. તેમાં તાપસો રહેતા હતા. તેમાં લેપક્રિયાને જાણનાર એક તાપસ પગમાં પાદુકાઓ પહેરીને અગાધપાણીમાં હંસ સમાન ગતિથી ચાલતો હતો. આ પ્રમાણે દરરોજ લેપના યોગથી નદી ઉતરતા તેણે કૌતુક જોવામાં તત્પર લોકોને આશ્ચર્યચકિત બનાવ્યા અભિમાની તેણે તમારા શાસનમાં પણ આવા પ્રભાવવાળો કોઈ છે? એમ શ્રાવકોને સ્મિતપૂર્વક કહ્યું. એકવાર યોગ અને તપના ભંડાર અને વજ્રના મામા શ્રી આર્યસમિતસૂરિ વિહાર કરતાં કરતાં સ્વેચ્છાથી ત્યાં પધાર્યા. શ્રાવકોએ તે તાપસે કરેલી નિંદા તેમને જણાવી. તેમણે પણ જ્ઞાનથી તેની યુક્તિને જાણીને શ્રાવકોને આ પ્રમાણે કહ્યું: અજ્ઞાનરૂપી અંધકારના મંદિર એવા તાપસમાં તપશક્તિ શી હોય? પણ કોઇક લેપથી મૂઢ માણસોને તે આશ્ચર્ય પમાડે છે. તેથી જિનમતને જાણનારા તમારે એ વિજ્ઞાનમાં આશ્ચર્ય ન પામવું. પાદલેપનો આ વિધિ બીજાના માત્ર ઉપદેશથી (=બતાવવાથી) સાધી શકાય છે. તેથી પાખંડની પરીક્ષા માટે તમે તાપસને (ભોજન માટે) આમંત્રણ આપો. ભક્તિના બહાને પાદુકાસહિત એના પગ ધોવા. જૈન શાસનની હીલનાનો નાશ કરવા થતી માયા પણ સુખ આપનારી થાય. તેથી શ્રાવકોએ દંભથી તાપસને (ભોજન માટે) આમંત્રણ આપ્યું. શ્રાવકોની ભક્તિથી અભિમાનવાળો તે ઢેડકાની જેમ ફુદી ફુદીને એક શ્રાવકના ઘરે ભોજન માટે આવ્યો. શ્રાવકે જાણે અતિશય શ્રદ્ધાથી હોય તેમ આપના ચરણપ્રક્ષાલનના પાણીથી અમારા ઘરમાં કુશળ થશે એમ કહીને બારણામાં આવેલા તેનાં ચરણો ધોયાં. ગરમ પાણીથી પગ તે રીતે ધોયા કે જેથી પુષ્કરપત્રની જેમ લેશ પણ લેપ ન રહ્યો. પછી તેના પગોમાં ગોશીર્ષચંદનથી વિલેપન કર્યું. આથી તેનો વિચિત્ર હૃદયસંતાપ અગ્નિના તાપની જેમ વૃદ્ધિ પામ્યો. શ્રાવકે ષડ્રસવાળા આહારથી આદરપૂર્વક તેને ભોજન કરાવ્યું. અથવા સ્વાર્થની સિદ્ધિ માટે લાકડું માથે મૂકાય છે. પગના લેપનો નાશ થવાથી નદીમાં બૂડી જવાની શંકાથી આકુલ બનેલા તેણે તાવથી પીડાયેલા પુરુષની જેમ ભોજનનો સ્વાદ ન જાણ્યો. હજી પણ કોઈક લેપનો અંશ રહ્યો હશે એમ વિચારીને સાહસથી તે ભોજન પછી લોકસમુદાયની સાથે નદીના કાંઠે આવ્યો.

તે વખતે લોઢાની નાવની જેમ તે યશની સાથે નદીમાં ડૂબી ગયો. તેથી લોકો

હાથની તાળીઓ પાડીને જોરથી હસવા લાગ્યા. કોઈ પણ દંભથી નદીને તરતા આ દંભીએ વ્યર્થ આપણને છેતર્યા એમ મિથ્યાદૃષ્ટિઓ પણ વિચારવા લાગ્યા. તે વખતે ભોજ રાજા વડે બોલાવાયેલા સૂરિ જનતાની સમક્ષ જિનશાસનની પ્રભાવના કરવા માટે ત્યાં પધાર્યા. યોગના માહાત્મ્યથી વશમાં રહેનારી નદીને તેમણે કહ્યું : હે વત્સા ! માર્ગ આપ, જેથી તારી સામે પાર જાઉં. જાણે બંને મિત્રો હોય તેમ તત્કાલ બંને કાંઠા ભેગા થઇ ગયા. સંઘ, રાજા અને લોકોથી યુક્ત સૂરિ સામે કિનારે આવ્યા. સૂરિનો અતિશય જોઇને ગર્વરહિત બનેલા તાપસોએ તે વખતે આચાર્યના ચરણોમાં વૈરાગ્યથી દીક્ષા લીધી. બ્રહ્મદ્વીપમાં રહેનારા તે તાપસશ્રમણોની પરંપરામાં જે શ્રમણો થયા તે આગમમાં બ્રહ્મદ્વૈપિક એવા નામથી પ્રસિદ્ધ બન્યા.

વજ્ર ત્રણ વર્ષનો થયો ત્યારે ધનગિરિ વગેરે સાધુઓ વિહાર કરતાં કરતાં ત્યાં તુંબવન સ્થાનમાં ગયા. ઇચ્છેલ મુનિ ધનગિરિ લાંબા કાળે આવતાં સુનંદાએ તે વખતે તેમની પાસે જાણે થાપણ મૂકેલ હોય તેમ પુત્રની માગણી કરી. મુનિએ કહ્યું : હે મુગ્ધા ! નિરર્થક ન બોલ. તે વખતે કેમ ન વિચાર્યું ? કારણ કે સાક્ષીપૂર્વક આપીને માગણી કરતી તું લજ્જા પામતી નથી ? આ સાંભળીને સુનંદાએ આ પ્રમાણે કહ્યું : કુટુંબીઓ સાથે મેં વિચારણા કરી ન હતી. આથી કુટુંબીઓથી રજા નહિ અપાયેલા બાળકને કોણ લેવાની ઇચ્છા કરે ? તે બંને પક્ષો વિવાદ કરવાની ઇચ્છાથી બાળક વજ્રને સાથે લઇને રાજસભામાં ગયા. રાજાની ડાબી તરફ પરિવારસહિત સુનંદા બેઠી અને સઘળો ય શ્રીસંઘ રાજાની જમણી તરફ બેઠો. બંનેના પ્રશ્નોત્તરો સાંભળીને ભોજરાજાએ આજ્ઞા કરી કે, બોલાવાયેલો આ બાળક જેની પાસે જશે તેનો થશે. બંને પક્ષોએ આ ન્યાય માન્ય રાખ્યો. સ્ત્રીના પક્ષવાળાઓએ રાજાને કહ્યું : હે દેવ ! આ બાળક લાંબા કાળ સુધી સાધ્વીઓની વચ્ચે રહેલો છે, તેથી તેમને અનુસરનારો થશે. તેથી પહેલાં માતા જ વજ્રને બોલાવે એ યોગ્ય છે. રાજાએ હા કહી. આથી રોમાંચોથી યુક્ત સુનંદાએ સુખડી અને વિવિધ રમકડાં તેની આગળ મૂક્યાં. પછી જેમ ગાય પોતાની વાણીથી વાછરડાને બોલાવે તેમ સુનંદાએ સાકર, મધ અને દ્રાક્ષ જેવા અસાધારણ માધુર્યને ફેલાવનારી વાણીથી જલદી પુત્રને બોલાવ્યો. હે વત્સ ! મારી પાસે આવ, મને આનંદ આપ, મારા ખોળાને અલંકૃત કર, મોદક, દ્રાક્ષ, ગોળ અને સાકર વગેરે લે. આ ઘોડો છે, આ હાથી છે, આ અદ્ભુત દડો છે, આ ગાડાને લે, હે વત્સ ! મને આનંદ આપ. હે પૂજ્ય ! હું તારો બલિ થાઉં છું, અર્થાત્ તારા માટે મારે જેનો ભોગ આપવો પડે તેનો ભોગ આપવા તૈયાર છું, તારાં નેત્રોનાં ઓવારણાં લઉં છું, હે પવિત્ર વત્સ ! તું મારી પાસે આવ. હું તારા મુખ માટે મરી રહી છું. હે વત્સ ! દીન મને ન છોડ, મને સર્વથા હલકી ન કર, મેં તારા ગર્ભ વગેરેનું પોષણ કર્યું છે, તેથી તું ઋણી છે, તેથી ઋણ વિનાનો થા. હે વત્સ ! જો કે તું વિરક્ત છે, તો પણ મારા પ્રભાવની વૃદ્ધિ માટે એકવાર

મને આલિંગન આપ, તું મારા ઘરે આવ. જેમ પવનના વંટોળિયાથી મેરુ પર્વત ચલાયમાન ન થાય તેમ, સુનંદાના પ્રલોભનવાળા, ખુશામત ભરેલા અને કુશળ અનેક વચનોથી તેનું મન ચલાયમાન ન થયું. ગૌરવ કરવામાં માતા પિતાથી અધિક છે એમ જાણતા પણ વજ્જે તે વખતે ચિત્તમાં વિચાર્યું કે, જો હું માતાનું વચન માનું તો સંઘનું અપમાન થાય, અને તેથી ભવરૂપી સમુદ્રને ઓળંગવાનું મુશ્કેલ બની જાય.

આ પ્રમાણે (=સંઘનું માન રાખવાથી) તો સંઘ અને માતા એ બંનેની સાથે સેવા થશે. કારણ કે લઘુકર્મી માતા પણ મારા વિના ચારિત્ર લેશે. ઇત્યાદિ દીર્ઘદૃષ્ટિવાળા, દૃઢચિત્તવાળા અને બાળક એવા પણ તેણે જેમ વીતરાગ સંસારના પદાર્થો ઉપર દૃષ્ટિ ન કરે તેમ માતા ઉપર નજર ન કરી. પછી રાજાથી પ્રેરાયેલા અને પ્રફુલ્લિત મનવાળા ધનગિરિએ જાણે તત્ત્વ હોય તેમ રજોહરણને જલદી હાથમાં લીધું. હે વત્સ! જો દીક્ષા લેવા માટે તારું મન દૃઢ હોય તો મોક્ષલક્ષ્મીના દૂત એવા આ રજોહરણને લે. જેમ બુદ્ધિશાળી પુરુષ ચિંતામણિરત્નને લે અને હાથીનું બચ્ચું કમળને લે તેમ વજ્જે ફૂદીને આદરથી રજોહરણ લીધું. જેમ નાળ સહિત કમળને ઉખેડીને નીચામુખવાળું કરાયેલું કમળ શોભે તેમ વજ્જના હાથરૂપી કમલમાં રહેલું ગુરુનું તે રજોહરણ શોભ્યું. ગાલ ઉપર હાથ મૂકીને વિહ્વલચિત્તવાળી સુનંદાએ ક્ષણવાર મનને સ્થિર કરીને ચિત્તમાં આ પ્રમાણે વિચાર્યું :– પહેલાં ભાઇએ દીક્ષા લીધી, પછી પતિએ દીક્ષા લીધી, હવે પછી પુત્ર પણ દીક્ષા લેશે, તેથી મારે પણ દીક્ષા જ ઉચિત છે.

આ પ્રમાણે વિચારીને ત્યાંથી ઉઠીને સુનંદા ઘરે આવી. સાધુઓ વજ્જને લઇને પોતાના ઉપાશ્રયે ગયા. સંયમમાં મતિવાળા તે બાળકે ત્યાર પછી સ્તનપાન ન કર્યું.[1] આ કંઈ આશ્ચર્યકારી નથી. કારણ કે ચેતના લઘુ નથી. વ્રતની સન્મુખ ભાવવાળો હોવાથી ગુરુએ એને દ્રવ્યથી પણ દીક્ષા આપીને સાધ્વીઓને સોંપ્યો. અતિશય આનંદનો ભંડાર એવી સુનંદાએ પણ સિંહગિરિસૂરિની પાસે જ વૈરાગ્યથી દીક્ષા લીધી. પદાનુસારી બુદ્ધિવાળા વજ્જે જેમ સમુદ્ર નદીઓને ગ્રહણ કરે તેમ સાધ્વીઓના મુખથી સાંભળીને અગિયાર અંગોને ગ્રહણ કર્યાં.

એકવાર આઠ વર્ષના વજ્જ મુનિને સાથે લઈ ગુરુ અવંતિ ગયા. અવંતિનગર તરફ જતાં રસ્તામાં વર્ષાદ વરસ્યો. સાધુઓ અપ્કાયની વિરાધનાને રોકવા માટે કયાંક યક્ષમંદિરમાં રહ્યા. તે વખતે વજ્જ મુનિના પૂર્વભવના મિત્રદેવોએ રહેવાના ઘર વગેરે બનાવીને વણિકનું રૂપ કર્યું. પછી તેમણે વજ્જમુનિના સત્ત્વની (=પરિણામની) પરીક્ષા કરવા માટે વર્ષાદને ધીમું કરીને સૂરિને આહાર-પાણીનો લાભ આપવા વિનંતિ કરી. ગુરુની આજ્ઞાથી વજ્જમુનિ વહોરવા ચાલ્યા. પાણીના ઝીણા ઝીણા છાંટા પડતા

---

૧. સ્તનપાન બંધ કર્યું એ.

જોઈને વજ્રમુનિ જેમ સાપથી પાછા વળે તેમ પાછા વળ્યા. દેવોએ વૃષ્ટિને બંધ કરીને ફરી વજ્રમુનિને વિનંતિ કરી. ગુરુની આજ્ઞા લઈને બીજા એક સાધુની સાથે વજ્રમુનિ આવશ્યકી કરીને ભિક્ષા માટે (ઇર્યાસમિતિ વગેરે) સંયમપૂર્વક ચાલ્યા. ત્યાં વ્રાસની ઝુંપડીઓમાં અનેક પ્રકારના ભક્ષ્ય ભોજન વગેરે અને અનેક પ્રકારના શાક જોઈને વજ્રમુનિ વિસ્મય પામ્યા. દ્રવ્ય અને ક્ષેત્ર વગેરેનો વિચાર કરીને તેમણે ભિક્ષા વહોરાવનારના મુખને જોયું. નિમેષનો (= પલકારાનો) અભાવ વગેરે લક્ષણોથી આ દેવો છે એમ વજ્રમુનિએ જાણ્યું. આ દેવપિંડ હોવાથી અકલ્પ્ય છે (= સાધુઓને ન ખપે તેવું છે) એમ કહીને વજ્રમુનિ પાછા ગયા. દેવોએ પોતાના મૂળ સ્વરૂપમાં રહીને વજ્રમુનિને પોતાની ઓળખાણ આપી. પછી તેમને વૈક્રિયલબ્ધિ આપીને દેવો જલદી અદશ્ય થઈ ગયા. આ સાંભળીને ગુરુ વજ્રમુનિના આ કાર્યથી આશ્ચર્ય પામ્યા. એક વાર જેઠ મહિનામાં ઘેબર વહોરાવવા માટે તે જ જૃંભિકદેવોએ વણિકનું રૂપ લઈને વજ્રમુનિને (ભિક્ષા માટે) વિનંતિ કરી. પૂર્વ મુજબ જ આ દેવપિંડ છે એમ જાણીને વજ્રમુનિ પાછા ફર્યા. દેવો તેમને આકાશગામિની વિદ્યા આપીને અદશ્ય થઈ ગયા.

ભણતા મુનિવૃંદ પાસેથી સાંભળી સાંભળીને સ્થિરચિત્તવાળા વજ્રમુનિએ અગિયાર અંગોને વજ્ર જેવાં દૃઢ કર્યાં, અર્થાત્ કયારેય ભૂલાય નહિ તેવાં પાકાં કર્યાં. ગુરુએ જ્યારે ભણવા માટે પ્રેરણા કરી ત્યારે તેમણે પોતાની બુદ્ધિને પ્રગટ ન કરી, અર્થાત્ હું આટલું શ્રુત ભણી ગયો છું એમ ન જણાવ્યું. ગુરુ જે પાઠ આપતા હતા તે પાઠને જ (પોતાને યાદ હોવા છતાં) અસ્પષ્ટ અવાજપૂર્વક બોલતા હતા=ગોખતા હતા, અને પૂર્વના શ્રુતને ભણતા બીજા સાધુઓ પાસેથી સાંભળીને જળો જેમ લોહીને ગ્રહણ કરે તેમ કોમળ ચિત્તવાળા વજ્રમુનિ પૂર્વનાં સૂત્રો ગ્રહણ કરી લેતા હતા.

એકવાર સાધુઓ ભિક્ષા માટે ગયા અને ગુરુ સ્થંડિલભૂમિએ ગયા ત્યારે પૌષધશાળામાં એકલા વજ્રમુનિ રહ્યા. આ વખતે સાધુઓના બધા વીંટિયા (= વસ્ત્રોની પોટલીઓ) ભેગા કરીને ક્રમશઃ ગોઠવી દીધા. પછી પોતે ગુરુની જેમ બેસીને (વીંટિયાઓને સાધુઓ કલ્પીને) વાચના આપવા લાગ્યા. સ્થંડિલભૂમિથી પાછા આવેલા ગુરુએ દૂરથી અવાજનો કોલાહલ સાંભળીને પોતાના ચિત્તમાં વિચાર્યું કે, શું આજે સાધુઓ ભિક્ષાથી જલદી આવી ગયા છે? શું સ્વાધ્યાય કરતા ક્ષમાયુક્ત સાધુઓ અમારી રાહ જુએ છે? આરણ્યા પાસે આવેલા ગુરુએ જાણ્યું કે આ તો વજ્ર જ છે. અગિયાર અંગોના અને પૂર્વના આલાવાઓને સાંભળીને ગુરુ વિસ્મય પામ્યા. જેમાં આવું પાત્ર છે તે અમારો ગચ્છ ધન્ય છે. ચોક્કસ એણે મુનિઓ પાસેથી પાઠ સાંભળીને ભણી લીધું છે. અતિશય વાત્સલ્યવાળા તે ગુરુએ 'આ શરમ ન પામો' એમ વિચારીને મોટા અવાજથી નિસીહિ બોલ્યા. આ સાંભળીને વજ્ર મુનિએ જલદીથી વીંટિયાઓને યથાસ્થાને મૂકી દીધા,

અને ગુરુનાં ચરણોનું પ્રમાર્જન કર્યું. વજ્ર મુનિ ચિંતામણિની[૧] જેમ પોતાના હૃદયના ભાવોને છૂપાવીને રહ્યા. આચાર્યશ્રીએ વિચાર્યું કે, બાલ પણ નિર્મલબુદ્ધિવાળા એની કોઈ અવજ્ઞા ન કરો, શું લોકો ગુપ્તબળવાળા (= નાના) હાથીને માટી વહન કરાવતા નથી ? (જેમ લોકો આ રીતે હાથીની અવજ્ઞા કરે છે તેમ આ બાલ છે એમ સમજીને તેની કોઈ અવજ્ઞા ન કરે એમ કરવું જોઇએ.) આ પ્રમાણે વિચાર્યા પછી તમને વાચના વજ્ર આપશે એમ સાધુઓને કહીને પોતે નજીકના ગામમાં ગયા. વાચનાનો સમય થતાં ગુરુની આજ્ઞાને આધીન સાધુઓ ગુરુની બુદ્ધિથી વજ્રમુનિની આગળ વાચના માટે બેઠા. વજ્ર જેવા દૃઢ ચિત્તવાળા વજ્રમુનિએ પણ ગુરુની આજ્ઞાને જાણીને વિસ્મિત ચિત્તવાળા સાધુઓને વિધિપૂર્વક વાચના આપી. ક્ષયોપશમ વડે વિકસતી બુદ્ધિના પ્રકર્ષથી તે મુનિ એક જ વાર કહીને મંદમતિવાળા પણ મુનિઓને બરોબર સમજાવી દેતા હતા. પાંચ–છ દિવસ ગયા પછી આચાર્યશ્રી બહારગામથી આવી ગયા. તેમણે "વાચના સુખપૂર્વક થઇ ને ?" એમ ગીતાર્થ સાધુઓને પૂછ્યું. ભક્તિથી પ્રણામ કરીને તેમણે કહ્યું : વજ્રમુનિ બોધ પમાડવાની લબ્ધિવાળા છે, તેથી તે જ અમારા વાચનાચાર્ય થાઓ. અમોએ જંગમ શ્રુત ભંડાર એવા એમની પૂર્વે અજ્ઞાનતાથી જે અવજ્ઞા કરી છે તેની અમારે આપની પાસે આલોચના લેવી જોઇએ. આદરપૂર્વક પૂજાયેલા ગુરુએ વજ્રમુનિને અંગ અને ઉપાંગ વગેરે જે શ્રુત ભણવાનું બાકી હતું તે શ્રુત ભણાવ્યું, પછી સિદ્ધાંતની [૨]મર્યાદાનો ઉત્કર્ષ થાય એ માટે ધર્માચાર્યે વજ્રમુનિના [૩]ઉત્સારકલ્પને વિધિપૂર્વક કર્યો. જેમ અગસ્તિઋષિ સમુદ્રનું બધું પાણી પી ગયા તેમ વજ્રમુનિએ ગુરુની પાસે દૃષ્ટિવાદ વગેરે જેટલો સૂત્રાર્થનો સંગ્રહ હતો તે બધું સારી રીતે ગ્રહણ કરી લીધું.

મુશ્કેલીથી વિહાર કરતા સૂરિ ત્યારબાદ દશપુરનગર આવ્યા. ત્યાં આવીને તેમણે વજ્રમુનિને આનંદથી કહ્યું: હે વત્સ ! દશપૂર્વોને ધારણ કરનારા ભદ્રગુપ્ત નામના આચાર્ય વિહાર કરતા કરતા હમણાં અવંતીનગરીમાં આવેલા છે. તેમને કોઈ શિષ્ય

---

૧. જેમ ચિંતામણિ હું ચિંતામણિ છું એમ કોઈને કહે નહિ, તેમ તેમણે હું બધું શ્રુત ભણી ગયો છું એમ કહ્યું નહિ.

૨. અન્યની પાસે વિધિપૂર્વક ભણેલો જ સાધુ બીજાને ભણાવી શકે એ મર્યાદાનો.

૩. ઉત્સારકલ્પનો અર્થ આ પ્રમાણે છે:- એક દિવસ આટલું શ્રુત ભણવું, બીજા દિવસે આટલું શ્રુત ભણવું, ત્રીજા દિવસે આટલું શ્રુત ભણવું, એમ અમુક શ્રુત ભણવામાં અમુક દિવસો થવા જ જોઈએ. નિયત કરેલા દિવસોથી વહેલું ન ભણી શકાય, એમ સામાન્યથી નિયમ છે. પણ વિશેષ કારણથી દિવસનું પ્રમાણ ગણ્યા વિના જલદી ભણાવી દેવું તે ઉત્સારકલ્પ. અર્થાત્ વિધિપૂર્વક ઘણા દિવસોમાં ભણી શકાય તેવા શ્રુતને થોડા દિવસોમાં ભણાવી દેવું તે ઉત્સારકલ્પ.

નથી.તારા સિવાય બીજો કોઈ એવો મારો શિષ્ય નથી કે જે દશપૂર્વોને આત્મસાત્ (= પોતાને આધીન) કરી લે. માટે ઉજ્જૈની જઈને તું તે પૂર્વો ભણવાને યોગ્ય છે. હાથીથી વહન કરી શકાય તેવા મહાનભારને ગધેડાઓ વહન કરવા સમર્થ નથી. હે વત્સ! દશપૂર્વોનો સમાધિથી અભ્યાસ કરતા તારું ચોક્કસ શાસનદેવો ચારે તરફથી સાંનિધ્ય કરશે. 'હા' એ પ્રમાણે સ્વીકાર કરીને નયોથી શોભતા અને બે સાધુઓથી યુક્ત વજ્રમુનિ જાણે ગર્વને જીતવાની ઇચ્છાવાળા હોય તેમ દશપુરનગરથી ચાલ્યા. સાંજે ઉજ્જૈની પહોંચ્યા અને રાતે નગરની બહાર રહ્યા. તે સમયે શ્રીભદ્રગુપ્તસૂરિએ સ્વપ્ન જોયું. તે આ પ્રમાણે:– આજે કોઈ પ્રતીચ્છકે મારા હાથમાંથી દૂધથી ભરેલું પાત્ર લઈને તૃપ્તિ થાય ત્યાં સુધી દૂધ પીધું. (સ્વપ્નનું ફળ આ પ્રમાણે છે:–) આજે બુદ્ધિનું પાત્ર એવા કોઇક અતિથિ સાધુ આવશે, કે જે મારી પાસેથી સૂત્રથી અને અર્થથી દશપૂર્વોને ગ્રહણ કરશે, તેથી હું ધન્ય છું. દશપૂર્વો મારાથી જ વિચ્છેદ નહિ પામે. તેથી એનાથી (=ભણવા આવનારથી) વિદ્યાનું પાત્રયોગ (=પાત્રમાં વિદ્યાનું દાન કરવું એ) રૂપ ઉત્તમ ફલ પ્રાપ્ત થશે. સુઇને ઉઠેલા ગુરુએ સાધુઓની આગળ આ પ્રમાણે કહ્યું. સવારના જલદી નિસીહિ બોલતા વજ્રમુનિ ત્યાં આવ્યા. આકૃતિ અને તેજથી આ વજ્ર જ છે એમ વિચારતા અને વાચના માટે આ યોગ્ય છે એમ જાણતા આચાર્ય મનમાં અતિશય હર્ષ પામ્યા. આચાર્ય બે હાથોથી જેટલામાં વજ્રમુનિને ભેટવાની ઇચ્છા કરે છે, તેટલામાં વજ્રમુનિ જલદી આચાર્યના ચરણ કમળમાં નમ્યા. કલ્યાણકારી ક્રિયાવાળા અને વજ્રમુનિના મુખરૂપી જ્યોત્સ્નાના તેજ તરફ નજર કરતા આચાર્યે પણ વજ્રમુનિને ભેટીને સંયમક્રિયાઓમાં કુશળતા પૂછી. વળી તેમણે પૂછ્યું કે, હે વત્સ! પ્રમાદ-રહિત સુખવાળા ગુરુના ચરણકમળને છોડીને અવંતી આવવામાં શું કારણ છે? ભક્તિથી નમ્ર બનતા વજ્રમુનિએ આદરથી ગુરુને કહ્યું: ગુરુના વચનથી દશ પૂર્વો ભણવા માટે હું અહીં આવ્યો છું. જેમ ઘણું તેજ સૂર્યમાં જ હોય, અથવા કલાની વૃદ્ધિ થતાં તેજવાળા ચંદ્રમાં જ ઘણું તેજ હોય, તેમ દશ પૂર્વો આપનામાં જ છે. પછી સિદ્ધિદાયક વાસક્ષેપવાળા[૧] અને બોધ પામતા વજ્રમુનિએ ગુરુના પ્રભાવથી અદ્ભુત રીતે દશ પૂર્વો પૂર્ણ કર્યા. દૃષ્ટિવાદ વગેરે સૂત્રોનો જેની પાસે ઉદ્દેશ કર્યો હોય તેની પાસે જ અનુજ્ઞા થાય એવી જ પરંપરા છે. આથી ભદ્રગુપ્તસૂરિની આજ્ઞાથી વજ્રમુનિ દશપૂર્વો ભણીને ધર્માચાર્યના ચરણોમાં નમવાની ઇચ્છાથી દશપુર ગયા. હર્ષ પામેલા સિંહગિરિસૂરિએ દશપૂર્વી વજ્રમુનિને પૂર્વોની અનુજ્ઞાપૂર્વક ગણની અનુજ્ઞા આપી. તે મહોત્સવમાં વજ્રસ્વામીના મિત્ર જૃંભક-દેવોએ જાણે સ્વર્ગની લક્ષ્મીના અક્ષતો હોય તેવા પુષ્પોની વૃષ્ટિ કરી. ત્યારબાદ સિંહ-ગિરિસૂરિ અનશન કરીને સમાધિરૂપી નિસરણીથી સ્વર્ગરૂપી અગાશી ઉપર ચઢ્યા.

---

૧. અહીં **सिद्धचूर्णः** પ્રયોગના સ્થાને **सिद्धगुणः** એવો પ્રયોગ વધારે યોગ્ય ગણાય. સિદ્ધગુણ એટલે જેમના ગુણો પ્રસિદ્ધ બન્યા છે તેવા, અથવા જેમાં ગુણો સિદ્ધ થઇ ગયા છે તેવા.

ત્યારબાદ નવા નવા આશ્ચર્યોમાં તત્પર શ્રી વજ્રસૂરિ પાંચસો સાધુઓની સાથે ભૂમિમંડલ ઉપર વિચરવા લાગ્યા. કળાના ભંડાર શ્રી વજ્રસૂરિ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં લોકો જાણે પૂર્ણ આશ્ચર્યમાં મગ્ન બન્યા હોય તેવા થયા.

આ તરફ શ્રી વજ્રસ્વામીની સાધ્વીઓએ પાટલિપુરમાં ધન નામના વણિકની અશ્વ-શાળામાં સ્થિરતા કરી. તે શ્રેષ્ઠીની રુક્મિણી નામની ગુણસંપન્ન પુત્રી હતી. તે કન્યા સાધ્વીઓના સંસર્ગથી વિવેકરૂપી પુષ્પ કળીઓના મધુર રસવાળી બની. તે સાધ્વીઓના મુખથી સદા શ્રી વજ્રસ્વામીના શીલ, સૌભાગ્ય વગેરે ગુણસમૂહને સાંભળતી હતી. તે ભ્રમરીની જેમ શ્રી વજ્રસ્વામીના સૌંદર્યની સુવાસનું પાન કરીને વિરાગવાળી હોવા છતાં શ્રી વજ્રસ્વામીમાં જ અનુરાગવાળી થઈ. તેણે મનથી નિર્ણય કરીને આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી કે, જેમ રોહિણીનો પતિ ચંદ્ર છે તેમ મારા પતિ શ્રી વજ્રસ્વામી જ છે. સાધ્વીઓએ તેને કહ્યું: હે મુગ્ધે! જેમ મારવાડની ભ્રમરીએ કરેલો કલ્પવૃક્ષની મંજરીના ભોગનો મનોરથ નિષ્ફલ છે તેમ વિરક્ત શ્રી વજ્રસ્વામી વિષે તારો આ મનોરથ નિષ્ફલ છે. રુક્મિણીએ જવાબ આપ્યો: જો મારો આ મનોરથ સફલ નહિ બને તો મારે પણ શ્રી વજ્રસ્વામીને પ્રિય એવા ચારિત્રરૂપી ચરણનું શરણ છે. જેમ વાટ વજ્રલેપમાં ચોંટી જાય તેમ રુક્મિણીની ચિત્તવૃત્તિ શ્રી વજ્રસ્વામીમાં તેવી રીતે ચોંટી ગઈ કે જેથી તે પોતાની ઇચ્છાથી ચલિત ન થઈ. વજ્રસ્વામીને ઇચ્છતી આ રુક્મિણીએ અનુપમ શ્રેષ્ઠ સૌંદર્યની પણ કાચની જેમ ઉપેક્ષા કરી, પણ અન્ય કોઈને પતિ ન કર્યો.

એકવાર આચાર્ય શ્રી વજ્રસ્વામીને પાટલિપુત્રમાં આવેલા સાંભળીને નગર લોકોથી પરિવરેલો રાજા હર્ષથી સામે ગયો. ટોળે ટોળે રહેલા સર્વ સાધુઓને તેજથી સૂર્ય જેવા અને લાવણ્યના સાગર જેવા જોઈને (અર્થાત્ બધાને એક સરખા જોઈને) રાજા આમાં વજ્રસ્વામી કોણ છે? એવા વિચારમાં પડ્યો. સંશયરૂપી હિંડોળાથી ડોલાવાયેલા મનવાળા તેણે લાંબો કાળ વિચાર કરીને તમારામાં ગુરુ વજ્રસ્વામી કોણ છે? એમ સાધુઓને પૂછ્યું. સાધુઓએ કહ્યું: હે રાજહંસ! તમને ટિટોડા જેવા અમારામાં રાજ-હંસ સમાન વજ્રસ્વામીનો ભ્રમ કયાંથી થઈ ગયો? હારશ્રેણિ જેવી આ સાધુશ્રેણિમાં જે મહા તેજસ્વી નાયક જેવા જણાય તેને તમારે શ્રી વજ્રસ્વામી જ જાણવા. હવે રાજાએ અસાધારણ લાવણ્યવાળા અને તારાઓથી પરિવરેલા ચંદ્રની જેમ સાધુઓથી પરિવરેલા શ્રી વજ્રસ્વામીને દૂરથી આવતા જોયા. અનિષ્ટને જોનારી આંખને જાણે અમૃતથી પૂર્ણ કરતો હોય તેમ રાજા શ્રી વજ્રસ્વામીને ભક્તિપૂર્વક નમ્યો. રાજાએ શ્રી વજ્રસ્વામીના બે ચરણોમાં પ્રકાશ કરતી નખપ્રભારૂપી ચંદનરસથી જેમ સિદ્ધચૂર્ણથી લલાટમાં તિલક કરાય તેમ લલાટમાં તિલકક્રિયા કરી. સર્વ પરિવારથી યુક્ત શ્રી વજ્રસૂરિએ તે વખતે નગરીના પાસેના ભાગને અલંકૃત કરીને ધર્મદેશના આપી. તેમના દાંતોની પ્રભારૂપ

જલની વૃષ્ટિથી મનના મેલને જેમણે ધોઈ નાખ્યો છે એવા રાજા વગેરે નગરલોકો આશ્ચર્ય પામીને પોત પોતાના સ્થાને ગયા. પછી અંતઃપુરની સ્ત્રીઓ પણ શ્રી વજ્રસ્વામીના રૂપવૈભવને સાંભળીને રાજાની રજા લઈને સૂરિને પ્રણામ કરવા માટે આવી.

તે વખતે શ્રી વજ્રસ્વામીને જોવા માટે અતિશય ઉત્સુક બનેલી રુક્મિણીએ પિતાને કહ્યું: હે પિતાજી! તે મારા પતિ આવેલા છે. તે ભ્રમરવૃત્તિવાળા છે, અર્થાત્ ભ્રમરની જેમ એક સ્થળે રહેતા નથી. તેથી જો મને પરણ્યા વિના જશે તો હું નક્કી અગ્નિનું જ શરણું સ્વીકારીશ. ધનશ્રેષ્ઠી દિવ્ય આભૂષણો અને વસ્ત્રોથી યુક્ત અને કોડ ધનથી સહિત પુત્રી રુક્મિણીને શ્રી વજ્રસ્વામીની પાસે લઇ ગયા. ઉત્તમબુદ્ધિવાળા અને મારું રૂપ જોઈને નગરની સ્ત્રીઓનું ચિત્ત ક્ષોભ પામે એવા ભયવાળા શ્રી વજ્રસ્વામી ગ્રંથનો જેમ સંક્ષેપ કરે તેમ પોતાના રૂપને સંક્ષેપીને રહ્યા. શ્રી વજ્રસ્વામીને જોઇને ભક્તજનોએ વિચાર્યું કે અહો! દુષ્ટ વિધાતાએ અતિશયવાળી વિદ્યાથી યુક્ત આ વિશ્વગુરુના રૂપની શોભા ગુણોને અનુરૂપ કરી નથી. જ્ઞાનરૂપ નેત્રથી ભક્તજનોના આવા ચિત્તને જાણીને જગતને વિસ્મય પમાડનાર શ્રી વજ્રસ્વામીએ સ્વાભાવિક રૂપ કર્યું. જાણે વિજળીનો નિર્મલપુંજ હોય તેવા શ્રી વજ્રસ્વામીએ સુવર્ણ કમલ ઉપર બેસીને સંસારના ક્લેશનો નાશ કરનારી ધર્મદેશના આપી. ફરી લોકો બોલ્યાઃ એમણે પોતાના આ સ્વાભાવિક રૂપને સંક્ષેપી લીધું હતું, આપણા ઉપર કૃપા કરીને ફરી તે સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું છે. આ પ્રમાણે શાસનની પ્રભાવના કરનાર આશ્ચર્યને જોતો સંઘ હર્ષ પામ્યો. અથવા મેઘગર્જનાથી શું મોરલા નૃત્ય કરતા નથી? પોતાને ધન્ય માનતા ધનશેઠે વિચાર્યું: આ મારી કન્યા ધન્ય છે કે જેણે પોતાના ચિત્તરૂપી સુવર્ણાલંકારમાં શ્રી વજ્રસ્વામીને જ પ્રવેશ કરાવ્યો છે. કન્યાને આપવા માટે વરના વિચારમાં જ મનવાળા થયેલા ધનશેઠે જેમ કામી પુરુષ શીલની કથાને ન સાંભળે તેમ શ્રી વજ્રસ્વામીની દેશનાને ન સાંભળી. દેશના પૂર્ણ થયા બાદ ધનશેઠે ઉઠીને શ્રી વજ્રસ્વામીને આ પ્રમાણે વિનંતિ કરીઃ– જેમ મોગરાની વેલડી વસંતઋતુમાં અનુરાગવાળી હોય તેમ આ કન્યા આપના વિષે ઘણા કાળથી અનુરાગવાળી થયેલી છે. તેથી યોગ્ય બેના સંબંધથી વિધાતાની સૃષ્ટિ સફલ થાઓ. રુક્મિણી ઉત્પન્ન થયા પછી [૧]વજ્રને ઘડવો એ ઉચિત છે. હે દયાનિધિ! મારા પતિ વજ્રસ્વામી છે અન્યથા મારે અગ્નિ શરણ છે એવી પ્રતિજ્ઞા લેવામાં કુશળ આ કન્યાને તમે પરણો. કલ્પવૃક્ષના પુષ્પરસના સ્વાદમાં લુબ્ધ બનેલી ભ્રમરીની જેમ આપની આકાંક્ષાથી એણે કેટલા વરોને ના નથી પાડી? અર્થાત્ જેટલા વરો આવ્યા તેટલા બધાને ના પાડી છે. આપ સર્વથી અધિક રૂપવાળા છો અને આ પણ

---

૧. બીજા અર્થમાં રુક્મિણી એટલે સ્ત્રી. વજ્ર એટલે બાળક. સ્ત્રી ઉત્પન્ન થયા પછી બાળકને ઉત્પન્ન કરવો એ ઉચિત છે.

રૂપથી રતિને જીતનારી છે. તેથી હે સ્વામી! સુવર્ણમાં રત્નનો સંયોગ કરીને મારા મનને ખુશ કરો હું પુત્રીના કરવિમોચન સમયે આપને અસંખ્ય [1]ગુણોનો આધાર એવું સુવર્ણ અનેક કોડ આપીશ. શ્રી વજ્રસ્વામીએ કહ્યું: શું અજ્ઞાની પણ કોઈ ચારિત્રના સામ્રાજ્યને છોડીને સંસારની આધીનતાને ઈચ્છે? ભોગો સર્પની ફણા સમાન (ભયંકર) છે. સંસારનું સુખ વિષસમાન છે. લક્ષ્મી અને સ્ત્રી સંસારસુખનું મૂળ છે.

આથી વિવેકી પુરુષ તેનો કેમ આદર કરે? ચારગતિવાળા સંસારમાં પરિભ્રમણનું કારણ અને કિંપાકફલ સમાન વિષયોમાં કોણ રાગ કરે? હે ધન! જો તારી કન્યા મારા વિષે ગાઢ અનુરાગવાળી હોય તો હમણાં મને પ્રિય એવા સંયમનો આશ્રય લે. નાશ પામવાના સ્વભાવવાળા, અતિશય અલ્પકાળ રહેનારા અને સંસારવૃદ્ધિનું કારણ એવા આ સંયોગોથી શું? જેમાં અનંતસુખ આવે છે=મળે છે તેવા મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઇએ. ઇત્યાદિ આચાર્યની દેશનારૂપી અમૃતના સિંચનથી રુક્મિણીની મોહપીડા શાંત થઈ ગઈ અને એથી તેણે તે જ વખતે ચારિત્ર લીધું. આકાંક્ષા [2]કરતા હાથમાં વજ્ર લેવો એ (રુક્મિણી માટે) યોગ્ય છે, અન્યથા આ રુક્મિણી મોહરૂપી પર્વતને કેવી રીતે છેદી શકત. તે વખતે શ્રી વજ્રસૂરિની દેશનાના સારથી સંવેગરૂપ અંકુરોથી દેદીપ્યમાન થયેલા કયા કયા ભવ્યજીવોરૂપી કલ્પવૃક્ષો દીક્ષારૂપી ફળોને ન પામ્યા? અર્થાત્ તેમની દેશના સાંભળીને અનેક જીવોએ દીક્ષા લીધી.

આ તરફ લબ્ધિના સાગર શ્રી વજ્રસૂરિએ સંઘના કાર્ય માટે આકાશગામિની વિદ્યાનો મહાપરિજ્ઞા અધ્યયનમાંથી ઉદ્ધાર કર્યો. જેનાથી મનુષ્યક્ષેત્ર સુધી જઈ શકાય તેવી આ આકાશગામિની વિદ્યા કોઇને પણ આપવા યોગ્ય નથી એમ શ્રી વજ્રસ્વામીએ સંઘને

---

૧. સંસારમાં અજ્ઞાન લોકો સુવર્ણમાં અનેક ગુણો રહેલા છે એમ માને છે. આ અંગે એક કવિએ કહ્યું છે કે...

यस्यास्ति वित्तं स नरः कुलीनः, स पण्डितः स श्रुतिमान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीय., सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥ १ ॥

જેની પાસે ધન છે તે મનુષ્ય અકુલીન હોય તો પણ કુલીન કહેવાય છે, બુદ્ધિહીન હોય તો પણ બુદ્ધિશાળી કહેવાય છે, શાસ્ત્રનું જ્ઞાન ન હોય તો પણ શાસ્ત્રજ્ઞ કહેવાય છે, ગુણોનું ભાન ન હોય તો પણ ગુણજ્ઞ કહેવાય છે, બોલતા ય ન આવડતું હોય તો પણ વક્તા કહેવાય છે, કુરૂપવાળો હોય તો પણ દર્શનીય કહેવાય છે કારણ કે બધા ગુણો સોનાનો આશ્રય લે છે.

૨. અહીં કવિની કલ્પનાનો ભાવ આ પ્રમાણે છે:- મોહરૂપી પર્વત વજ્રથી જ છેદાય. રુક્મિણીએ આકાંક્ષાવાળા પોતાના હાથમાં વજ્રને (=વજ્રસૂરિને) લીધો તો તે મોહરૂપી પર્વતને છેદી શકી, અર્થાત્ તે વજ્રસ્વામીને વરી તો એનો મોહ દૂર થયો, જો તે વજ્રસ્વામીને ન વરી હોત તો તેને આ રીતે વજ્રસ્વામીની દેશના સાંભળવા ન મળત અને એથી તેનો મોહ દૂર ન થાત. આથી તેણે વજ્રને હાથમાં લીધો=વજ્રસ્વામીને વરી તે સારું થયું.

કહ્યું. સ્વયં ઉદ્ધૃત કરેલી અને જૃંભકદેવોએ પણ આપેલી આકાશગામિની વિદ્યાના કારણે (સંઘહિતમાં) પ્રયત્નશીલ અને મહાભાગ્યશાલી એવા શ્રીવજ્રસૂરિનો સંઘમાં પ્રભાવ ઘણો વધ્યો. જાણે જંગમ વિદ્યાસાગર હોય તેવા શ્રી વજ્રસૂરિ પૂર્વદેશોમાં વિહાર કરીને ક્રમથી એકવાર ઉત્તરદિશામાં ગયા. ત્યાં પ્રજાને સંતાપ પમાડનાર ભયંકર દુકાળ પડ્યો. તેથી સંઘે યુગપ્રધાન શ્રી વજ્રસૂરિને વિનંતિ કરી તે આ પ્રમાણેઃ– અહીં સેંકડો રાંક મનુષ્યોરૂપી શિયાળોથી વ્યાપ્ત દુકાળરૂપી જંગલમાં કેવળ ક્ષુધારૂપી રાક્ષસીનો મંત્ર જાગતો રહે છે. તે મંત્રથી પીડાયેલા ઘણા બોધવાળા પણ ધનિકોએ ધર્મક્રિયા અને કુલાચારની મર્યાદાઓને છોડી દીધી છે. લોકો યોગીની જેમ શરીરનું ઉત્કૃષ્ટ ધ્યાન કરે છે, પણ પરમાત્માનું દર્શન થતાં પરમ હર્ષ પામતા નથી. જેમ દહીંનાં પાત્રોમાં બિલાડાઓ તૂટી પડે તેમ કૂતરાઓ લાકડીઓ ઉપાડવા છતાં ભિક્ષાચરોની ભિક્ષા ઉપર તૂટી પડે છે.

સાધુઓ ભિક્ષા માટે આવે ત્યારે પણ ભવ્ય જીવો બારણાં બંધ કરી દે છે. અને એમ કરીને સ્વર્ગગતિના પણ બારણાં બંધ કરી દે છે. આથી હે નાથ! આપ આવા સંકટમાંથી સંઘનો ઉદ્ધાર કરવાને યોગ્ય છો, અર્થાત્ આપે સંઘનો ઉદ્ધાર કરવો જોઈએ. કારણકે જેમ રોહણ પર્વત રત્નોનો નિધાન છે તેમ આપ લબ્ધિના નિધાન છો. સંઘની આ વિનંતિને સાંભળીને આચાર્ય મહારાજે વિચાર્યું કે, સંઘના કાર્ય માટે વિદ્યાનો ઉપયોગ દોષ માટે થતો નથી. પછી સૂરિઓમાં ચક્રવર્તી અને તપોનિધિ એવા શ્રી વજ્રસૂરિએ ચર્મરત્ન જેવું ઉત્કૃષ્ટ અને વિશાળ પટ વિકુર્વ્યું. તે પટ ઉપર સંઘની સાથે સ્વયં બેસીને ગચ્છને ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ શ્રી વજ્રસૂરિએ આકાશમાર્ગગામિની વિદ્યાનો ઉપયોગ કર્યો. જાણે રૂપી યોગ હોય તેવો પટ જાણે મોક્ષમાર્ગમાં ભવ્યજીવોની મુસાફરીને બતાવતો હોય તેમ આકાશમાં ચાલ્યો. સૂરિનો મુખ્ય શય્યાતર દત્ત નામનો બ્રાહ્મણ ગાયો ચરાવવા માટે ગયો હતો. તે તે જ વખતે ઘરે આવ્યો.

શ્રી વજ્રસ્વામીને સંઘ સહિત આકાશમાં જતા જોઈને ધર્મના જાણકાર તે બ્રાહ્મણે મસ્તકના વાળ કાપીને ઊંચી દૃષ્ટિ કરીને આ પ્રમાણે કહ્યું:– હે યતીશ્વર! હું તમારો શય્યાતર છું, અને હવે સાધર્મિક થયો છું. તેથી અનાથ મને છોડીને આપ કેમ જાઓ છો? તેનું કથન સાંભળીને અને કાપેલા વાળને જોઈને દશ પૂર્વધર અને ધીર શ્રી વજ્રસૂરિએ આ (નીચેના) સૂત્રાર્થને યાદ કર્યું: **"જેઓ સાધર્મિકવાત્સલ્યને ધારણ કરનારા, સ્વાધ્યાયમાં તત્પર, પ્રભાવક અને ચારિત્રમાં ઉદ્યમવાળા હોય તેમને સર્વ શક્તિથી તારવા જોઇએ."** તેથી સૂરિએ શય્યાતરને પટમાં બેસાડ્યો. પછી જેમ પવનથી વાદળ ચાલે તેમ પટ ચાલ્યો. આકાશમાં દેવોથી વંદાતા, સંઘના મનને ખુશ કરતા અને પટના વાહનવાળા શ્રી વજ્રસૂરિ મહાપુર નામના નગરમાં ગયા. સુલભભિક્ષાવાળા તે પ્રદેશમાં સંઘ શ્રી વજ્રસૂરિની કૃપાથી વિઘ્ન રહિત બનીને ધર્મકાર્યોને સાધવા લાગ્યો.

ત્યાં જૈન શ્રાવકો અને બૌદ્ધ ઉપાસકો ધર્મક્રિયામાં પરસ્પર સ્પર્ધા કરતા હતા. વિરુદ્ધધર્મ વૈરનું કારણ છે. ત્યાં ઘણા એકઠા થયેલા જૈન શ્રાવકોએ લોકોને આનંદકારી મહાપૂજા વગેરે ઉત્સવોથી બૌદ્ધોને જીતી લીધા. જેમ દુર્જન બીજાની સ્તુતિનો નિષેધ કરે તેમ બૌદ્ધભક્ત રાજાએ જૈનોને પુષ્પો આપવાનો માળીઓને નિષેધ કર્યો. જેમ ભવ્ય જીવ (ભારી કર્મોના કારણે) ધર્મસામગ્રીને ન પામે તેમ જૈન શ્રાવકો રાજાએ નિષેધ કર્યો ત્યાર પછી સુલભ પણ પુષ્પો કોડો ધનથી પણ મેળવી શકતા ન હતા. તેથી ધનાઢ્ય શ્રાવકો જાણે પાંચવર્ણવાળાં પુષ્પો હોય તેવાં રત્નોથી અને કપૂર વગેરે સુગંધી પદાર્થોથી સમાધિપૂર્વક પૂજા કરતા હતા. આ પ્રમાણે શત્રુઓને જીતી લીધા હોવા છતાં વિશેષ ઉત્કર્ષને મેળવવાની ઇચ્છાવાળા શ્રાવકો પુષ્પો લાવવાનો ઉપાય વિચારવા લાગ્યા. હવે શાસનને પ્રિય એવા સાંવત્સરિક પર્વમાં શ્રાવકોએ પુષ્પપૂજા કરવાની ઇચ્છાથી શ્રી વજ્રસૂરિને વિનંતિ કરી. તે આ પ્રમાણે:– કૃત્રિમ પુષ્પોથી કરેલી પૂજા કેવી શોભાને પામે? કયાંય રત્નના ભોજનથી તૃપ્તિ થતી નથી. હે સ્વામી! આપના જેવા લબ્ધિનિધાન ગુરુ વિદ્યમાન હોવા છતાં જો અમે આનંદ ન પામીએ તો નક્કી ઘરમાં તેજસ્વી મણિ હોવા છતાં તે મણિ અંધકારના પરાભવને પામે એના જેવું થાય. તેથી પુષ્પો મેળવીને સંઘને હર્ષવાળો કરો.ચંદ્ર સિવાય બીજો કોણ કુમુદ્વતીને (=ચંદ્રવિકાસી કમળની વેલડીને) હર્ષવાળી (=વિકાસવાળી) કરે?

આ પ્રમાણે સંઘે વિનંતિ કરી તેથી વિદ્યાનો ઉપયોગ પ્રભાવનાનું કારણ છે, એમ વિચારીને શ્રી વજ્રસૂરિ પક્ષીની જેમ આકાશમાં ઉડ્યા. પલકારામાં માહેશ્વરીનગરીમાં પહોંચીને હુતાશનદેવના બગીચામાં ગયા. ત્યાં પિતા ધનગિરિનો મિત્ર તડિત નામનો માળી મળ્યો. પૂર્વ દિશામાં થયેલા સૂર્યના પ્રકાશે જાણે મિત્રના કારણે પ્રકાશ છે, અર્થાત્ મિત્રના વિના જીવનમાં પ્રકાશ નથી, એમ સૂચન કર્યું. સવારે શ્રી વજ્રસૂરિને આવેલા જોઈને માળીએ ભક્તિથી વંદન કર્યું. પછી તેણે કહ્યું: આપના મુખનાં દર્શનથી હું ખુશી થયો છું, પણ મારું શું કામ છે તે ફરમાવો. તેથી શ્રી વજ્રસૂરિએ કહ્યું: સંઘના મોટા કાર્ય માટે હું પુષ્પો લેવા માટે આવ્યો છું. જેમ રોહણ પર્વત રત્નો આપવા માટે સમર્થ છે તેમ પુષ્પો આપવા માટે તું સમર્થ છે. માળીએ કહ્યું: અહીં દરરોજ વીસલાખ પુષ્પો થાય છે. આથી હમણાં ઇચ્છા મુજબ પુષ્પો લઇને મને કૃતાર્થ કરો.

સૂરિરાજ પુષ્પોને જલદી તૈયાર રાખ એમ તેને કહીને પોતે વ્યાકુલતા વિના લઘુ હિમવંત પર્વત ઉપર ગયા. સિદ્ધ થઈ ગયેલા ગુણોથી યુક્ત શ્રી વજ્રસૂરિ ત્યાં શાશ્વત ચૈત્યોને નમીને લક્ષ્મીદેવીના કમલવનથી અલંકૃત દ્રહ પાસે ગયા. દ્રહ રાજહંસોના સમૂહથી વ્યાપ્ત હતું. તેમાં ગુંજારવ કરતી ભ્રમરશ્રેણિનું ગાયન થઈ રહ્યું હતું. સૂરિએ

તે દ્રહમાં લક્ષ્મીદેવીનું પાણીમાં રહેલું મણિમય કમળ જોયું. પદ્મદ્રહની પૂજા કરવાની ઇચ્છાથી એક કમળ લઇને લક્ષ્મીદેવી જઈ રહી હતી, તેટલામાં શ્રી વજ્રસ્વામીને જોઇને તે વિનયપૂર્વક નમી. પછી તેણે આજ્ઞા ફરમાવો એમ કહ્યું. શ્રી વજ્રસૂરિએ આશીર્વાદ આપીને તેના હાથમાં રહેલું હજારપત્રવાળું કમળ તેની પાસે માગ્યું. જો આપને જરૂર હોય તો આ ઇંદ્રવનમાંથી બીજાં લાખો કમળો આપને આપું એમ કહીને તેણે તે કમળ સૂરિને આપ્યું. સૂરિ લક્ષ્મીદેવીએ આપેલું કમળ લઇને પાછા વળીને ફરી હુતાશન વનમાં આવ્યા. દેવની જેમ સુવર્ણ-રત્નમય વિમાન વિકુર્વ્યું. તેને પુષ્પોથી ભરીને તેના ઉપરના ભાગમાં લક્ષ્મીદેવીનું કમળ મૂકયું.

છત્રની નીચે બેસે તેમ તે પદ્મની નીચે પોતે બેઠા. આથી તારામંડલથી શોભા પામેલા ચંદ્રની જેમ તેઓ અતિશય શોભા પામ્યા. જેમ પોતપોતાના વિમાનમાં રહેલા દેવો ઇંદ્રની સેવા કરે, તેમ તત્કાલ સ્મરણ માત્રથી આવેલા દેદીપ્યમાન જૃંભકદેવો સૂરિની સેવા કરવા લાગ્યા. સંઘના હર્ષને કરતા એવા સૂરિ વાગી રહેલા વાજિંત્રોના મહાન ધ્વનિથી આકાશને બહેરો કરી દેનાર, ગન્ધર્વ અને કિન્નરદેવોથી વ્યાપ્ત અને ઘુઘરીઓના સમૂહથી યુક્ત એવા શ્રેષ્ઠ વિમાનમાં બેસીને લઘુ હિમવંત પર્વતથી મહાપુરીનગરી તરફ જલદી ચાલ્યા. રત્નકાંતિથી આકાશને વ્યાપ્ત કરનાર વિમાનને જોઈને બૌદ્ધોએ વિચાર્યું કે નક્કી આ બૌદ્ધદર્શનનો પ્રભાવ છે. બૌદ્ધો પોતાની ઘણી ઋદ્ધિની સાથે અને સઘળી સામગ્રી સહિત એકઠા થયા, તથા ઊંચા મુખવાળા થઈને જેમ ઊંચા વૃક્ષના ફલને જુએ તેમ વિમાનને જોવા લાગ્યા, તેટલામાં તે વિમાન જિનમંદિરોમાં ગયું. ઉપર જોતા બૌદ્ધો આ જોઇને તુરત જાણે કાજલના રસથી લેપાયેલા હોય તેવા શ્યામ થઈ ગયા. જૈનોએ તો પર્યુષણ પર્વની આરાધના મહોત્સવપૂર્વક તેવી રીતે કરી કે જેથી તેઓ વધતા આનંદથી પૂર્ણ થઈ ગયા અને દેવો પણ આશ્ચર્ય પામ્યા. તે વખતે જેમનો ઉદ્યમ અતિશય નિષ્ફળ થયો છે તેવા બૌદ્ધો શ્રી વજ્રસૂરિરૂપી સૂર્યના તેવા પ્રભાવને જોઇને ઘુવડ જેવા થઈ ગયા. જિનચૈત્યોમાં પુષ્પ સમૂહની અતિશય સુગંધથી આકાશમાં ભમતા ભમરાઓ જાણે બૌદ્ધોના અપજશો હોય તેમ શોભ્યા. શ્રી વજ્રસ્વામીની પ્રતિભાના તેજથી રાજા અને સર્વ પ્રજાના અજ્ઞાનરૂપી અંધકારસમૂહનો નાશ થયો. અને એથી તે બધા જિનેશ્વરના ભક્ત બન્યા. મહાપુરી નગરીમાં જ પ્રતીચ્છક આર્યરક્ષિત મહામુનિને શ્રી વજ્રસૂરિએ સાડા નવ પૂર્વો જલદી ભણાવ્યા હતા.

આ પ્રમાણે સ્થાને સ્થાને અદ્ભુત પ્રભાવનાને કરતા શ્રીવજ્રસૂરિએ ક્રમે કરીને દક્ષિણ-દિશામાં વિહાર કર્યો. એકવાર ઔચિંતી કફની તકલીફ થઈ ત્યારે શ્રીવજ્રસૂરિ ભોજન પછી લઇશ એમ વિચારીને શુંઠના ગાંઠિયાને કાન ઉપર મૂકયો. ભોજન કર્યા પછી સ્વાધ્યાય-ધ્યાનમાં તત્પર શ્રીવજ્રસૂરિ કાન ઉપર તે જ પ્રમાણે રહેલા શુંઠના ગાંઠિયાને ભૂલી ગયા. રાતે આવશ્યકવેળાએ મુહપત્તિથી અથડાયેલો શુંઠનો ગાંઠિયો ખટ એવો

અવાજ કરતો નીચે પડ્યો. અત્યારે તેમને તે ગાંઠિયો યાદ આવ્યો. આથી તેમણે વિચાર્યું કે, ધિક્કાર છે મને! મને પ્રમાદ બાધા કરે છે. તેથી શરીરનો ત્યાગ કરીને પરભવને સાધું. આ તરફ બારવર્ષનો દુકાળ પડતાં (=બાર વર્ષનો દુકાળ પડશે એમ જ્ઞાનથી જાણીને) શ્રીવજ્રસૂરિએ વજ્રસેન નામના શિષ્યને ત્યાંથી બીજા સ્થળે વિહાર કરાવ્યો. દુકાળ પડ્યા બાદ ભિક્ષાને ન પામતા અગીતાર્થ સાધુઓ શ્રીવજ્રસૂરિએ (વિદ્યાના બળથી લાવીને) આપેલા આહારનું ભોજન કરતા હતા. એકવાર શ્રીવજ્રસૂરિએ ગીતાર્થ સાધુઓને કહ્યું કે, આ દુકાળ ચોક્કસ બાર વર્ષ સુધી રહેશે, તેથી બળેલા (= સુકાઇ ગયેલા) શરીર માટે સંયમને બાધા પહોંચાડવાથી સર્યું. તેથી કોઇ તીર્થમાં જઈને અનશન. આદિથી પ્રાણોનો ત્યાગ કરીએ આ પ્રમાણે વિચાર કરીને શ્રીવજ્રસૂરિ તે જ વખતે કેટલાક સાધુઓની સાથે તત્કાલ કર્મક્ષય કરનારા એક પર્વત પાસે આવ્યા. આ વખતે એક બાલમુનિએ અનશન સ્વીકારવા માટે શ્રીવજ્રસૂરિને કહ્યું. શ્રીવજ્રસૂરિએ ના પાડી. તો પણ તે બાલમુનિ છેતરીને (=સાધુઓને ખબર ન પડે તે રીતે) ત્યાં આવ્યા. આથી શ્રીવજ્રસૂરિ તે બાલમુનિને દયાથી (= બાલમુનિને દુઃખ ન થાય એ હેતુથી) પરાણે એક ગામમાં મૂકીને પોતે ગિરિ ઉપર આરૂઢ થયા.

બાલમુનિએ વિચાર્યું કે જો હું પર્વત ઉપર જઈશ તો ગુરુને અસમાધિ થશે. મારા ઉપર જવાથી ગુરુને અસમાધિ ન થાઓ એમ વિચરીને બાલમુનિ સ્વયં અનશન સ્વીકારીને પર્વતની નીચે રહ્યા. ઇંદ્રિયસમૂહને કાબૂમાં રાખનારા અને સૂર્યના તાપથી તપી ગયેલા તે બાલમુનિ માખણની જેમ ઓગળી ગયા અને સ્વર્ગમાં ગયા. બાલમુનિની શરીરના સંસ્કાર કરવા માટે દેવોને આવતા જોઈને સાધુઓએ શ્રીવજ્રસૂરિને દેવોના આગમનનું કારણ પૂછ્યું. શ્રીવજ્રસૂરિએ બાલમુનિના કાળધર્મની વાત કહી. મુનિઓએ બાલમુનિની પ્રશંસા કરી. તે આ પ્રમાણે :—આ સાધુની બુદ્ધિ સારી છે કે જેથી તેમને પાછળ મૂક્યા હોવા છતાં અમારાથી આગળ થઇ ગયા. તેથી અમે સુખના હેતુઓમાં હજી પણ પ્રમાદ કેમ કરીએ છીએ? એમ વિચારીને તેમણે ગુરુની સાથે અનશનનો સ્વીકાર કર્યો. તે વખતે કોઈ મિથ્યાદૃષ્ટિ દેવીએ શ્રાવિકાનું રૂપ કરીને સાધુઓને મોદક બતાવીને કહ્યું કે, પારણું કરો. અહીં મિથ્યાદૃષ્ટિ દેવીનો અવગ્રહ છે એમ જાણીને શ્રી વજ્રસૂરિ તે પર્વતને છોડીને અન્ય પર્વતના શિખર ઉપર ગયા. ત્યાં સમ્યગ્દૃષ્ટિ દેવીનો અવગ્રહ હોવાથી સમાધિથી અનશન પાલીને બધા સાધુઓ સ્વર્ગમાં ગયા. તેમણે જ આ વૃત્તાંત ઇંદ્રને જણાવ્યો. આથી ઇંદ્રે જલદી ત્યાં આવીને રથમાં બેસીને પર્વતને ચોતરફ પ્રદક્ષિણા આપી. ત્યાં રથના ઠોકાવાથી ભાંગી ગયેલાં વૃક્ષો આજે પણ છે. ત્યારથી તે પર્વત 'રથાવર્ત' એવા નામથી પ્રસિદ્ધ થયો. સ્વયં ઇંદ્રે તેમની અંતિમ ક્રિયા કરી. પછી ચિતાઓમાં સુવર્ણની બનાવેલી સ્તૂપશ્રેણિ સ્થાપી. શ્રી વજ્રસ્વામીની મૂર્તિની પુષ્પ વગેરેથી પૂજા કરીને અને સ્તુતિ કરીને તેમના ગુણોના ધ્યાનથી પૂર્ણ બનેલો ઇંદ્ર સ્વર્ગમાં ગયો.

આ તરફ શ્રુતરૂપી સાગરને પાર પામેલા અને ગુરુની હિતશિક્ષાને આધીન બનેલા શ્રી વજ્રસેનમુનિ સોપારકનગર આવ્યા. ત્યાં શ્રાવકોમાં શ્રેષ્ઠ જિનદત્ત નામના શેઠ હતા. તેમની જિનધર્મમાં કુશલ ઈશ્વરી નામની પત્ની હતી. તેમને ધર્મકાર્યોમાં કુશળ એવા ચાર પુત્રો હતા. તેમનાં ચંદ્ર, ઉદ્દેશિક, નાગેંદ્ર અને વિદ્યાભૃત એ પ્રમાણે નામો હતાં. વિવેકી તે બધા અનાજના અભાવથી આપણું કદાચ અપમૃત્યુ થાય એવી શંકાથી ઝેર ખાઈને આરાધનાપૂર્વક પ્રાણનો ત્યાગ કરવાની ઇચ્છાવાળા હતા. દૂર ન કરી શકાય તેવા દુકાળથી ક્ષીણ થઈ ગયેલા એમણે (ખીરની અંદર ઝેર મેળવીને તે ખીરનું ભોજન કરવું એવા ઇરાદાથી) એક લાખ રૂપિયાથી ખીરની થાળી મેળવી. અર્થાત્ એક લાખ રૂપિયા ખર્ચીને એક થાળી જેટલી ખીર બનાવી. પણ તેમાં હજી ઝેર નાખ્યું ન હતું. તેટલામાં શ્રી વજ્રસૂરિની શિક્ષારૂપી અમૃતથી પૂર્ણ બનેલા અને ભિક્ષા માટે ગયેલા શ્રી વજ્રસેન મુનિ જાણે તેમનાં કર્મોએ જ બોલાવ્યા હોય તેમ તેમના ઘરે આવ્યા. પોતાને ધન્ય માનતી ઈશ્વરીએ મુનિની આગળ આવીને કહ્યું : સારું થયું, સારું થયું, મહાભાગ્યથી આપ સમયસર અહીં પધાર્યા. આ ખીર હજી સુધી વિષથી મિશ્રિત કરી નથી. આ ખીરને ગ્રહણ કરીને અમને ભવરૂપી સમુદ્રથી તારો. તેથી શ્રી વજ્રસૂરિની હિતશિક્ષાને યાદ કરીને મહાત્માએ આ પ્રમાણે કહ્યું: નિરર્થક મૃત્યુ ન પામો. કારણ કે સવારે સુકાળ થશે. તે વખતે સુકાળનું[૧] આ જ નિશ્ચિત લક્ષણ કહીને મને જ્ઞાનપુંજ શ્રી વજ્રસૂરિએ અન્ય દેશમાં મોકલ્યો હતો. આ પ્રમાણે તેમના વચનથી તે બધા અપમૃત્યુથી નિવૃત્ત થયા. સવારે અન્ય દેશમાંથી અનાજનાં ઘણાં વહાણો આવ્યાં. આથી સુકાળ થયો. તે ચારેય શ્રેષ્ઠિ-પુત્રોએ બોધ પામીને મોક્ષ મેળવવાની ઇચ્છાથી ચારિત્રનો સ્વીકાર કર્યો. તેમણે ચાર ગચ્છો સ્થાપ્યા અને તે ચાર ગચ્છો તેમના નામથી પ્રસિદ્ધ બન્યા. આથી આ વજ્રસેન નામની શાખા આજે પણ પ્રવર્તે છે આ પ્રમાણે પ્રભાવક પુરુષો વિષે મસ્તકના મુગુટ સમાન અને લબ્ધિના સાગર શ્રી વજ્રસૂરિ સ્વર્ગ સ્થાનમાં ગયા ત્યારથી ભરતક્ષેત્રમાં ચોથા સંઘયણનો અને દશમા પૂર્વનો વિચ્છેદ થયો. [૪૨]

શીલ પાલનની શક્તિથી સ્ત્રીઓ પણ પૂજ્ય છે એમ ઉપદેશ આપે છે:-

पालंती नियसीलं, ठावंती सुद्धधम्ममग्गमि ।
रहनेमि मुणिंपि जए, पुज्जा राईमई अज्जा ॥ ४३ ॥

ગાથાર્થ :- પોતાના શીલને પાળતી અને રથનેમિ મુનિને પણ શુદ્ધધર્મમાર્ગમાં સ્થાપન કરતી આર્યા રાજીમતી જગતમાં પૂજ્ય બન્યા.

ટીકાર્થ :- શ્રી નેમિનાથે દીક્ષા લીધી ત્યાર પછી શ્રી નેમિનાથ સિવાય બીજા પુરુષો પ્રત્યે રાગથી રહિત બનેલી શ્રી ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતીએ મૈથુન સેવન માટે ચતુરાઈ ભરેલા સેંકડો ખુશામત વચનો બોલવામાં વાચાલ મુખવાળા શ્રી નેમિનથના

૧. લાખ રૂપિયા આપીને ખીરનું ભોજન તૈયાર થાય એ.

લઘુબંધુ રથનેમિને પ્રતિબોધ કરીને વ્રતની દૃઢતામાં જોડ્યા. તપરૂપ ધનવાળા આવા શ્રી રાજીમતી સાધ્વીજી સંસારમાં પૂજ્ય બન્યા.

શીલપાલન જ સ્ત્રીઓની મહત્તાને જણાવે છે. કહ્યું છે કે-"**શીલ જીવતું હોય= વિદ્યમાન હોય તો કુલ, આ લોક-પરલોક એ બન્ને લોક અને યશ જીવતા રહે છે. આથી સ્ત્રીઓને શીલરક્ષા જ પ્રાણોથી પણ અધિક ઈષ્ટ છે.**" આ પ્રમાણે ગાથાનો અર્થ છે. કથા તો પહેલાં જ કહી દીધી હોવાથી અમે અહીં કહેતા નથી. [૪૩]

શીલનું અસાધારણ પાલન કરવાથી ગૃહસ્થો પણ અતિશય ઉત્કૃષ્ટ છે એમ જણાવે છે:-

ते धन्ना गिहिणोवि हु, महरिसिमज्झंमि जे उदाहरणं ।
निरुवमसीलवियारे, पावंति पसिद्धमाहप्पा ॥ ४४ ॥

ગાથાર્થ:- નિરતિચાર બ્રહ્મચર્યવ્રતની પરીક્ષામાં પ્રસિદ્ધ પ્રભાવવાળા બનેલા જેઓ મહર્ષિઓની મધ્યે દૃષ્ટાંતને પામે છે, એટલે કે મહામુનિઓના બ્રહ્મચર્ય વ્રત સંબંધી દૃઢતાની પ્રશંસા કરવાના અવસરે વખણાય છે, તે ગૃહવાસમાં રહેતા હોવા છતાં કૃતકૃત્ય જ છે.

ટીકાર્થ:- પ્રાણીઓનું શીલ જ ઉત્તમ ભૂષણ છે. કહ્યું છે કે-"**ઐશ્વર્યનું ભૂષણ મધુરતા (=ભાષામાં મીઠાશ) છે, પરાક્રમનું ભૂષણ વાણીનો સંયમ છે, રૂપનું ભૂષણ ઉપશમ (=વિરાગભાવ) છે, શ્રુતનું ભૂષણ વિનય છે, ધનનું ભૂષણ પાત્રમાં દાન છે, તપનું ભૂષણ સમતા છે, સમર્થનું ભૂષણ ક્ષમા છે, ધર્મનું ભૂષણ મૌન છે, પણ શીલ બધાઓનું સર્વ કાલ માટે નિયત થયેલું ઉત્તમ ભૂષણ છે.**" [૪૪]

ઉક્ત અર્થ જ દૃષ્ટાંતથી દૃઢ કરે છે:-

सीलपभावपभाविय-सुदंसणं तं सुदंसणं सड्ढं ।
कविलानिवदेवीहिं, अखोहियं नमह निच्चंपि ॥ ४५ ॥

ગાથાર્થ:- શીલના પ્રભાવથી જૈનશાસનને પ્રભાવિત કરનાર અને કપિલાદાસી તથા (અભયા) રાણીથી ચલિત નહિ કરાયેલા તે સુદર્શન શ્રાવકને તમે સદાય પ્રણામ કરો.

ટીકાર્થ:- વ્રતમાં દૃઢ હોવાથી ગૃહસ્થ પણ સાધુની જેમ નિરંતર નમસ્કાર કરવા યોગ્ય છે. આ પ્રમાણે ગાથાર્થ છે. ભાવાર્થ દૃષ્ટાંતથી જાણવો. દૃષ્ટાંત આ પ્રમાણે છે:-

સુદર્શનનું દૃષ્ટાંત

અંગદેશની પૃથ્વીરૂપી વેણીમાં ચૂડામણિ સમાન અને આકાશમાં ઘેરાયેલા વાદળોમાં રહેલી વિજળીની જેમ શોભતી ચંપા નામની નગરી હતી. તેમાં દધિવાહન રાજા ઇંદ્રની

જેમ રાજ્ય કરતો હતો. તેનો યશ ક્ષીરસમુદ્રના દૂધ જેવો ઉજ્જવલ અને ક્લેશથી રહિત હતો. તેની અભયા નામની પત્ની હતી. તેના લાવણ્યરૂપી સમુદ્રે યશથી ઉજ્જવલ રાજાને અદ્ભુત રીતે આસક્ત કર્યો હતો. તે નગરીમાં વૃષભદાસ નામનો શ્રાવક હતો. તેની જિનધર્મમાં જ પ્રેમવાળી અર્હદ્દાસી નામની પત્ની હતી. તે શ્રાવકનો શુભ ભવિષ્યવાળો અને ભેંસોનું પાલન કરનારો સુભગ નામનો નોકર હતો. તે શેઠની ભેંસોને વનની ભૂમિમાં ચરાવતો હતો. એકવાર મહા મહિને સાંજના ઘર તરફ પાછા ફરેલા તેણે રસ્તામાં વસ્ત્રરહિત મુનિને કાયોત્સર્ગમાં રહેલા જોયા. ઘરે આવવા છતાં ઘણા હિમની વર્ષામાં કષ્ટથી રહેલા તે સાધુનું જ ધ્યાન ધરતા દયાળુ તેણે કષ્ટથી રાત્રિ પસાર કરી. પછી વેળાસર ઉઠીને ભેંસોને આગળ કરીને જતા એવા તેણે મુનિને તે જ પ્રમાણે કાયોત્સર્ગમાં રહેલા જોયા. મુનિને નમીને ક્ષણવાર ત્યાં જ મુનિની પાસે બેઠો. તેટલામાં તેના પુણ્યના બીજની જેમ સૂર્યનો ઉદય થયો. તેથી જાણે બીજો સૂર્ય ન હોય તેવા તીવ્ર તેજવાળા ચારણમુનિ નમો અરિહંતાણં એમ કહીને જલદી આકાશમાં ઉડ્યા. નમો અરિહંતાણં પદને આકાશગામિની વિદ્યાનો મંત્ર સમજતા તેણે એ પદને નિર્મલ મોતીના હારની જેમ હૃદયમાં ધારણ કર્યો. જેમ કામી પુરુષ પ્રિય પત્નીના નામનું રટણ કરે તેમ આ રાત-દિવસ ચાલતાં, બેસતાં, સૂતાં, જાગતાં, ઘરે અને બહાર તે પદનું જ રટણ કરતો હતો. એકવાર શેઠે તેને પૂછ્યું : જેમ દરિદ્ર પુરુષ દુર્લભ નિધાનને મેળવે તેમ તેં દુર્લભ આ પદ કયાંથી મેળવ્યું. આકાશગામિની વિદ્યાનો જ મંત્ર મેં મેળવ્યો છે એમ કહીને તેણે તેની પ્રાપ્તિનો વૃત્તાંત કહ્યો. શેઠે તેને કહ્યું: આ વિદ્યા કેવળ આકાશમાં જવામાં કુશળ છે એમ નહીં, કિંતુ સ્વર્ગ અને મોક્ષનું પણ કારણ છે એમ તું જાણ. અથવા ત્રણ લોકમાં જે કંઇ દુર્લભ છે તે બધું આ પદથી કામધેનુની જેમ સુલભ થાય છે તેથી અમે હમણાં તને ગુણ પ્રમાણે નામવાળો સુભગ માનીએ છીએ. પણ આ વિદ્યા તું અપવિત્ર હોય ત્યારે ન જપવી. આ પ્રમાણે આશ્વાસન આપીને (=સમજાવીને) તેને સંપૂર્ણ નમસ્કાર ભણાવ્યો. જેમ નિર્ધન પુરુષ નિધાનને પામીને સારી રીતે ગ્રહણ કરે તેમ તેણે નમસ્કારને સારી રીતે ગ્રહણ કર્યો. હવે તે નિરંતર નમસ્કાર મંત્રનું પરાવર્તન કરવા લાગ્યો. ક્રમે કરીને મુસાફરો માટે યમસમાન વર્ષાકાળ આવ્યો. મેઘે પૃથ્વીને બધી તરફ કેવળ સમુદ્રરૂપ કરી ત્યારે સુભગ ભેંસોને લઇને જલદી વનમાં ગયો. તે વખતે ભેંસો નદીને જલદી તરીને બીજાના ખેતરમાં પેઠી. મારા સ્વામીનો ઠપકો ન આવે એમ વિચારીને આકાશગામિની વિદ્યાની બુદ્ધિથી નમસ્કાર મંત્રનું ધ્યાન ધરતો તે ઝંપ લગાવીને નદીમાં પડ્યો. ખીલાથી વિંધાયેલો તે મૃત્યુ પામ્યો. નમસ્કાર મંત્રના પ્રભાવથી સારા સપનાથી સૂચિત થયેલો તે જેમ રાજહંસ માનસ સરોવરમાં આવે તેમ અર્હદ્દાસીની કુક્ષિમાં અવતર્યો. તે બાળકના ગર્ભમાં આવ્યા પછી ત્રીજા મહિને અર્હદ્દાસીને ધર્મમય દોહલા થયા. શેઠે

તે દોહલા પૂરા કર્યા. સમય થતાં અર્હદ્દાસીએ સર્વ અંગોમાં શુભ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. શેઠે ઉત્સવપૂર્વક તેનું સુદર્શન એવું નામ કર્યું. પુણ્યથી થનારી ઋદ્ધિ માતા–પિતાના મનોરથોની સાથે વધી. સુદર્શને સઘળી કળાઓ જાણે પૂર્વે શિખેલી હોય તેમ જલદી ગ્રહણ કરી લીધી. ક્રમે કરીને યૌવનને પામેલા વિવેકી એવા તેને પિતાએ મનોરમા નામની કન્યા પરણાવી. બીજના ચંદ્રની જેમ સર્વને આનંદ આપતો સુદર્શન લોકમાં અને રાજવર્ગમાં ઘણો માન્ય બન્યો.

આ તરફ જેમ વસંતઋતુને કામદેવની સાથે પ્રીતિ છે તેમ તેને કપિલ્લ નામના રાજપુરોહિતની સાથે પ્રીતિ થઈ. સદા પરસ્પર વાતચીતરૂપી અમૃતની વૃષ્ટિથી તે બેના અંતર ખુશ થતા હતા. રામ લક્ષ્મણ સમાન તેમના આ પ્રમાણે સુખપૂર્વક દિવસો પસાર થતા હતા. એકવાર કપિલા નામની પત્નીએ પુરોહિતને પૂછ્યું, હે સ્વામી! આપ આજ–કાલ સર્વ કાર્યોમાં ઢીલા કેમ જણાઓ છો? પુરોહિતે કહ્યું: મારો સુદર્શન નામનો પ્રાણપ્રિય મિત્ર છે. તેની સાથે વાતચીતના સુખમાં મગ્ન બનેલા મને કંઈ પણ યાદ આવતું નથી. પત્નીએ પૂછ્યું: એ કોણ છે? કેવો છે? પુરોહિતે કહ્યું: એ ઋષભદાસ શેઠનો પુત્ર છે અને બહુ બુદ્ધિશાલી છે. આકાશમાં તારાઓની જેમ તેના રૂપ, લાવણ્ય, સૌજન્ય, અને દાક્ષિણ્ય વગેરે કેટલા ગુણોનું વર્ણન કરી શકાય? હે ભદ્રે જેમ પદ્મિનીએ (=સૂર્યવિકાશી કમલની વેલડીએ) ચંદ્રને જોયો નથી તેમ તેં ગુણનિધિ એને જોયો નથી અને સાંભળ્યો પણ નથી, આથી તારો જન્મ વ્યર્થ છે. તેના ઉજ્જવલ પણ ગુણોને સાંભળીને કપિલાનું અંતર સુદર્શન પ્રત્યે આસક્ત બન્યું. આથી કપિલા તેને જોવાની ઈચ્છાથી ઉપાયોને વિચારવા લાગી. એક દિવસ પુરોહિત રાજાજ્ઞાથી એકાંતમાં આવેલા કોઈ ગામે ગયો. ત્યારે કામથી વિહ્વલ બનેલી કપિલા સુદર્શનના ઘરે ગઈ. તેણે સુદર્શનને કહ્યું : આજે તમારા મિત્રના શરીરે સારૂં નથી તેથી ઘરે આવીને સુદર્શન રૂપી અમૃતવાળી દૃષ્ટિથી તેમને સંતોષ પમાડો. મિત્રપ્રેમથી તે પણ તે વખતે તેના ઘરે જલદી ગયો. મારો મિત્ર ક્યાં છે એમ તેણે પૂછ્યું. તે બોલી: ભય વિનાના સ્થાનમાં છે. જેમ કર્મો પ્રમાદીને નિગોદમાં લઈ જાય તેમ કપિલા સુદર્શનને ઘરના અંદરના ભાગમાં લઈ ગઈ. કામાસક્ત તેણે એકાંતમાં શૃંગારિક ચેષ્ટાઓ દ્વારા સુદર્શન પાસે વિષયસુખની માગણી કરી. બારણું બંધ કરીને અને કેડનું બંધન ઢીલું કરીને નિર્લજ્જપણે ગમે તેમ બોલી. તત્કાલ ઉત્પન્ન થયેલી બુદ્ધિવાળા તેણે સ્મિત કરીને તેને આ પ્રમાણે કહ્યું: હે ભદ્રે! સારથી રહિત આ સંસારમાં યુવાનીનું ફળ આ (=વિષયસુખ) જ છે. પણ વિધાતાએ મને નપુંસક બનાવીને વિડંબના પમાડી છે. તેથી હે સ્ત્રી! જેમ ભૂખ્યો થયેલો મુસાફર તાડવૃક્ષના ફલની અભિલાષામાં ભ્રાન્તિ પામે છે. તેમ તું આ પુરુષ-પણાનો આકાર ધારણ કરનાર મારામાં ભ્રાન્તિ પામી છે. પછી લજ્જા પામેલી કપિલાએ જાઓ જાઓ એમ કહીને સુદર્શનના મનોરથોની સાથે બારણાને ખોલ્યું. બંધનથી મુક્ત

થયેલાની જેમ જલદી નીકળીને સંસારને તૃણસમાન વિચારતા સુદર્શનશેઠ સીધા રસ્તે ઘરે ગયા. આ પ્રસંગ બનવાથી રાક્ષસીસમાન સ્ત્રીઓથી ગભરાયેલા સુદર્શનશેઠે હવે પછી બીજાના ઘરમાં ન જવું એવો નિર્ણય કર્યો. જાણે સ્ત્રીયોગ હોય તેવો, સદા ધર્મ ધ્યાનમાં તત્પર અને આત્માને કાબૂમાં રાખનાર સુદર્શનશેઠ સર્વ કાર્યો દોષ ન લાગે તે રીતે કરતા હતા.

એકવાર દધિવાહન રાજા પુરોહિતની સાથે સુદર્શનને લઇને ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે ગયો. પછી જેમ ઇંદ્રાણી ઇંદ્રની પાછળ જાય તેમ કપિલાની સાથે વાહન ઉપર બેઠેલી અભયા રાણી દધિવાહન રાજાની પાછળ ગઈ. આ તરફ તે સમયે જાણે ગુણોથી સામ્રાજ્યની લક્ષ્મી હોય તેવી અને છ પુત્રોથી યુક્ત એવી સુદર્શનની પત્ની પણ રસ્તામાં ચાલી રહી હતી. તેને જોઈને કપિલાએ પટરાણી અભયાને વિસ્મયપૂર્વક પૂછ્યું: છ રસોની જેમ છ પુત્રોથી યુક્ત આ નગર સ્ત્રી કોણ છે? અભયાએ કહ્યું: હે બ્રાહ્મણી! તું આને પણ કેમ નથી ઓળખતી? જાણે ઘરની લક્ષ્મી હોય તેવી આ સ્ત્રી સુદર્શનની પત્ની છે. ફરી કપિલાએ સ્મિત કરીને પૂછ્યું: જો આ સુદર્શનની પત્ની હોય તો જેમ ઈક્ષુને ફલની પ્રાપ્તિ ન થાય તેમ આને પુત્રો કયાંથી થાય? અભયા બોલી: હે બહુ બોલકી! આવું સંબંધ વગરનું કેમ બોલે છે? કારણ કે પુત્રપ્રાપ્તિનું લક્ષણ રાજા અને રંક એ બંનેમાં સમાન હોય છે. કપિલા બોલી: તેનામાં પુરુષપણું નથી, અર્થાત્ ને નપુસક છે. આ સાંભળીને અભયા બોલી: હે ચપલા! ચોક્કસ તેં એને કયાંક જોયો છે, સત્ય કહે. અભયાએ આ પ્રમાણે પૂછ્યું એટલે કપિલાએ સુદર્શનનો નપુંસકપણાનો વૃત્તાંત પહેલેથી કહ્યો. તેથી અભયાએ કહ્યું: હે મૂઢ! ચોક્કસ તું છેતરાણી છો. ધર્મી સુદર્શન પરસ્ત્રીમાં નપુંસક છે, સ્વસ્ત્રીમાં નહિ. પદ્મિનીનો સંકોચ કરતો ચંદ્ર શું દોષ આપવા લાયક છે! પછી અભયા જેમ વાનરી ઉપર હસે તેમ કપિલા ઉપર હસી. વિલખી બનેલી કપિલાએ શરમપૂર્વક ધીમા અવાજે કહ્યું: મૂઢ હું તો તેનાથી નપુંસકપણાના ઢંભથી છેતરાણી, પણ તારી ચતુરાઈ હું તો જ જાણું કે જો તું સુદર્શનની સાથે કામક્રીડા કરે. ગર્વથી કપિલાના વચનનો સ્વીકાર કરીને રાણીએ કહ્યું: હે સખી! જો એમ હોય તો મેં એની સાથે સહેલાઇથી કામક્રીડા કરેલી જ છે એમ તું જાણ. કારણ કે અનેક રાજકન્યાઓથી ચલિત ન કરાયેલો પણ આ રાજા મારા વડે ભવાંરૂપી લતાના કટાક્ષથી બાળવા નરની જેમ ભમાડાવાય છે. રાગ વિનાના પણ તાપસો સ્ત્રીઓ વડે કામક્રીડા કરાવાયેલા છે, તો પછી સદા ઈચ્છા પ્રમાણે સ્ત્રીસંગ કરનારા આ સુદર્શનનું તો શું કહેવું? વૃક્ષો એકેંદ્રિય હોવા છતાં સ્ત્રીકટાક્ષોથી વિકસિત બને છે, તો પછી પંચેંદ્રિય અને કુશળ એવા આ સુદર્શનને ક્ષોભ પમાડવામાં કેટલો શ્રમ કરવો પડે? જો હું એની સાથે કામક્રીડા ન કરું તો મારે અગ્નિમાં પ્રવેશ કરવો એમ પ્રતિજ્ઞા કરતી અભયારાણી ઉદ્યાનભૂમિમાં આવી. લાંબા કાળ સુધી ઉદ્યાનની સંપત્તિને સફળ બનાવીને અભયા અને કપિલા સાંજે પોતપોતાના ઘરે ગઈ.

હવે રાણીએ એક જ મનવાળી પંડિતા નામની પોતાની ધાવમાતા આગળ પોતાની પ્રતિજ્ઞાને તે જ વખતે કહી. ધાવમાતાએ કહ્યું: હે પુત્રી! તેં આ સારું વિચાર્યું નથી. કારણકે તું હજી પણ મહાત્માઓની ધૈર્યશક્તિને જાણતી નથી. સામાન્ય પણ જિનેશ્વરભગવાનનો શ્રાવક પરસ્ત્રી સહોદર હોય છે, સુદર્શનની તો સત્વમર્યાદા સ્પષ્ટપણે હદ વિનાની છે. જેની બુદ્ધિ સદા ગુરુસેવા અને ધર્મધ્યાનમાં એકતાન બની ગઈ છે એવા સુદર્શનની સાથે કામક્રીડા કરવાનું તો દૂર રહ્યું, પણ તેને અહીં લાવવાનું પણ અશક્ય છે. કયો બુદ્ધિશાળી મૃગતૃષ્ણાનું પાણી પીવાની પ્રતિજ્ઞા કરે? કયો બુદ્ધિશાળી સસલાના શિંગડા લેવાની ઇચ્છાથી જંગલમાં ભમે? તે પ્રમાણે આ સુદર્શના શીલનો ભંગ કરવામાં રૂપ અને સૌભાગ્યના ગર્વથી કયો માણસ પ્રયત્ન કરવાની ઇચ્છા કરે? રાણીએ ફરી આગ્રહપૂર્વક કહ્યું: હે માતા! તું એને એકવાર અહીં લઈ આવ, પછી હું તને બીજા કોઇ કામમાં નહિ જોડું. વિચારીને પંડિતાએ કહ્યું: જો તારો આ નિશ્ચય છે તો તેને લાવવાનો ઉપાય મેં વિચારી લીધો છે. એ પર્વદિવસે શૂન્યઘર વગેરે સ્થળે કાયોત્સર્ગ કરે છે. ત્યારે જ તેને લઈ જવો, બીજી રીતે તેનો સંગ થઈ શકે તેમ નથી. અભયા બોલી: સારું, સારું, મતિથી વિભૂષિત હે પંડિતા! તું યથાર્થ નામવાળી છે. એથી તારે આ ઉપાય કરવો. પંડિતાએ 'હા' એમ કહ્યું. પછી પંડિતા સુદર્શનના માપ જેટલી કામદેવની પ્રતિમા રાજમહેલમાં લાવે છે અને પાછી લઈ જાય છે. આમ કરતી તેણે પહેરીગરોને વિશ્વાસવાળા કર્યા.

આ તરફ ફાલ્ગુની પર્વના દિવસે ક્રીડા કરવા માટે રાજાએ પટહની ઘોષણા કરાવીને પ્રજાને ઉદ્યાનમાં બોલાવી. તે દિવસે સુદર્શન શેઠ ચોમાસીપર્વમાં ધર્મકાર્યો કરવાની ઇચ્છાથી રાજાને કહીને ઘરમાં જ રહ્યા. પંડિતાએ ત્યારે રાણીને કહ્યું: આજે તારે ઉદ્યાનમાં ન જવું, જેથી આજ તારી પ્રતિજ્ઞા સફલ થાય. આજે મને મસ્તકવેદના પીડા કરે છે એવા બહાનાથી રાણી રાજાને પૂછીને ઘરે રહી. સ્ત્રીઓ તાત્કાલિક બુદ્ધિના બળવાળી હોય છે. સુદર્શન દિવસે દેવપૂજાદિ કાર્યો કરીને રાતે પૌષધ લઈને શૂન્ય ઘરમાં કાયોત્સર્ગમાં રહ્યા. ત્યારબાદ પંડિતાએ સુદર્શનને ગુપ્તપણે વાહનમાં નાખીને અભયાને સોંપ્યા. ગુપ્તપણે સુદર્શન શેઠને લઈ જતી પંડિતાને દ્વારપાળોએ રોકી નહિ. ધારણ કરેલા શૃંગારરૂપી બાણના ભાથામાંથી જેણે ભ્રકુટિરૂપી બાણ ખેંચ્યુ છે એવી અને જેણે કટાક્ષરૂપી બાણ તૈયાર કર્યું છે એવી અભયાએ સુદર્શન શેઠને પોતાનું લક્ષ્ય કર્યું. તેણે કહ્યું કે, હે ભદ્ર! તમે જે અતિશય દુષ્કર તપ કર્યો છે તે આજે તમને ફળ્યો છે. [1]આ કષ્ટને મૂકી દો. હવે હર્ષ પામીને ઇષ્ટને કરો. આ પ્રમાણે હાસ્યવચન બોલતી તેણે અનેક પ્રકારની વિકારવાળી ચેષ્ટાઓ કરી. પછી કામાતુર થયેલી તેણે સુદર્શન શેઠને

---

૧. અહીં એક સ્થળે 'ભદ્ર' એ પ્રમાણે સંબોધન કર્યું છે, બીજા સ્થળે 'ધૃષ્ટ' એ પ્રમાણે સંબોધન કર્યું છે. આ વિરોધાભાસ છે. આથી મેં અનુવાદમાં 'ધૃષ્ટ' સંબોધનનો ઉલ્લેખ કર્યો નથી.

છાતીમાં લઇને સર્વ અંગોમાં આલિંગન કર્યું. તે વખતે સુદર્શન શેઠ વિશેષથી ધ્યાનમાં રહ્યા. શું પ્રલયકાળના પ્રચંડ પવનથી મેરુપર્વત ચલિત થાય છે? અભયાએ ફરી કહ્યું : હે ધૂર્ત! તું મને તારી આગળ કેટલું નચાવીશ? કામરૂપી હાથીથી ભય પામેલી હું તારા શરણે રહેલી છું. તેથી તારા માટે ઘણા કાળ સુધી ખેદ પામેલી મારી ઉપેક્ષા ન કર. મૂર્ખ પણ કયો માણસ[૧] ફોગટ (=મહેનત વિના) મળેલા અમૃતનો ત્યાગ કરવાની ઈચ્છા કરે? ધીર સુદર્શને બુદ્ધિથી વિચાર્યું કે, જો હું આ સંકટથી મુક્ત થઇશ તો કાયોત્સર્ગ પારીશ, અન્યથા મારે અનશન છે. આ પ્રમાણે પ્રાર્થના કરતી પણ અભયાને સુદર્શન શેઠે સહેલાઈથી તિરસ્કારી નાખી. હવે ગુસ્સે થઇને ચંડીદેવી જેવી બનેલી અભયા સુદર્શન શેઠને બીવડાવવા માટે તત્પર થઈ. તેણે કહ્યું કે, તારા જ્ઞાનને ધિક્કાર છે. તું મને જાણતો નથી. અમૃત એવી મારી અવજ્ઞા ન કર. માનવાળી તુષ્ટ થયેલી મને અમૃત જાણ અને રુષ્ટ થયેલી મને વિષ જાણ. આ તીવ્રતાથી ચોક્કસ હું તારી યમદૂતી થઈ છું. ગુસ્સે થયેલી અને ભ્રકુટિથી ભયંકર એવી અભયાએ ઈત્યાદિ રીતે સુદર્શન શેઠને બીવડાવ્યા. પણ સુદર્શન શેઠ વિશેષથી ધ્યાન અવસ્થામાં આરૂઢ થયા. શંકરના નેત્રોમાં રહેલા અગ્નિના સંગથી ચંદ્ર અમૃતનું ધામ બને છે.

પ્રભાત થતાં વિલખી બનેલી અને રોષથી વ્યાકુલ થયેલી અભયાએ નખો વડે પોતાના શરીરમાં ઉઝરડા કરીને બૂમ પાડી. આથી પહેરેગીરો સંભ્રમથી જલદી ત્યાં આવ્યા. તેમણે ત્યાં એકલા શાંત અને કાયોત્સર્ગમાં રહેલા સુદર્શન શેઠને જોયા. જેમ ચંદ્રની અંદર વિષના તરંગો ન હોય તેમ આ શેઠમાં આ સંભવતું નથી. આથી તેમણે જલદી રાજાને જણાવ્યું. રાજા જાતે ત્યાં આવ્યો. અભયાએ આંખમાં આંસુ લાવીને સ્ખલના પામતી વાણીવડે રાજાને કહ્યું: હે દેવ! હું આપને પૂછીને જેટલામાં અહીં આવી તેટલામાં જેમ ઓચિંતું કોળાનું ફૂલ આવીને પડે તેમ મેં આને મારી આગળ જોયો. આ દુષ્ટે મારી સાથે કામક્રીડા કરવાની ઈચ્છાથી કુશળ અને ખુશામતવાળાં વચનો મને કહ્યાં. કામક્રીડા કરવાને નહિ ઇચ્છતી એવી મારા ઉપર એણે બલાત્કાર કર્યો અને મારા શરીરમાં નખોથી ઉઝરડા કર્યા. આથી મેં પોકાર કર્યો. શું અબળાઓમાં બળ હોય? જેમ દૂધમાં પોરા ન સંભવે તેમ આનામાં આ ચોક્કસ અસંભવિત છે એમ માનીને રાજાએ સુદર્શન શેઠને આ શું છે? એમ વારંવાર પૂછયું. અભયા રાણીની દયાથી સુદર્શન શેઠ કંઈ પણ બોલ્યા નહિ. કારણ કે પીલાતો પણ શેરડીનો સાંઠો મધુર રસ બહાર કાઢે છે. પરસ્ત્રી ગમન કરનારા અને ચોરોનું મૌન એ જ લક્ષણ છે એમ વિચારીને રાજાએ સુદર્શન શેઠમાં દોષની કલ્પના કરી. પછી રાજાએ ગુસ્સે થઈને રક્ષક પુરુષોને આ પ્રમાણે આજ્ઞા કરી :– આની વિડંબના કરીને અને એના દોષને નગરમાં જાહેર કરીને આનો નિગ્રહ કરો=એને શૂળી ઉપર ચડાવી દો. પછી રક્ષક પુરુષો એમને ઘેટાની જેમ વાળોથી

૧. અથવા મૂર્ખ પણ કયો માણસ મળેલા અમૃતનો નિરર્થક ત્યાગ કરવાની ઈચ્છા કરે?

ખેંચીને બહાર લઈ ગયા. કહ્યું છે કે– યૌવનમાં અવશ્ય વિડંબનાઓ થાય છે. સુદર્શન શેઠના મસ્તકે કણેરની માળા અને કંઠમાં લીમડાની માળા પહેરાવી. શાહીથી મુખ કાળું કર્યું. લાલ ચંદનના રસથી શરીરે વિલેપન કર્યું. વધ્ય પુરુષને પહેરાવવામાં આવતો પોષાક પહેરાવ્યો. પછી ગધેડાની ઉપર બેસાડીને મસ્તક ઉપર સૂપડાનું છત્ર ધારણ કર્યું. પછી નગારાના અવાજપૂર્વક અને આ સુદર્શનશેઠે અંતઃપુરમાં અપરાધ કર્યો છે માટે એનો વધ કરવામાં આવે છે એવી ઘોષણાપૂર્વક એમને સુભટોએ નગરમાં ફેરવવાનું શરૂ કર્યું. લોકો આ પ્રમાણે બોલવા લાગ્યા :– રાજાએ આ સારું ન કર્યું. આવા માણસમાં આવો અપરાધ ન સંભવે. આ કુશીલ નથી. જો એ અપરાધી હોય તો એનું મોઢું આવું ન હોય. અથવા એ શૂન્યઘરમાં (સુવે છે=) કાયોત્સર્ગમાં રહે છે, એથી આમાં એના ભાગ્યનો જ અપરાધ છે. બધું ધન આપીને પણ આ કોઈ પણ રીતે જીવતો મુક્ત કરાશે કે કેમ એ પ્રશ્ન છે. નગરજનો આ પ્રમાણે બોલી રહ્યા હતા અને હાહાકાર મચાવી રહ્યા હતા, તથા સજ્જનો રડી રહ્યા હતા, ત્યારે સુદર્શનશેઠ પોતાના ઘરની પાસે આવ્યા. આ જોઈને સ્ત્રીઓમાં શિરોમણિ અને મહાસતી મનોરમાએ મનમાં વિચાર્યું કે, હા હા, મારા સ્વામીમાં આ ઘટી શકે તેમ નથી. કારણ કે જો ચંદ્રમાંથી અંગારાની વૃષ્ટિ થાય, અગ્નિમાંથી પાણી પ્રગટે, સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે, તો પણ મારા સ્વામીમાં દોષ ન થાય. આ પ્રમાણે વિચાર્યા પછી મંદિરના ગભારામાં જઈને જિનપૂજા કરીને મહાસતી મનોરમાએ કાયોત્સર્ગ કર્યો. તેણે શાસનદેવોને મનમાં કહ્યું કે, હે શ્રી જિનશાસનદેવો ! તમે સાંભળો. કલંક રહિત શ્રાવકને આ ઉપદ્રવ આવ્યો છે, જો તમે સાંનિધ્ય કરશો તો હું આ કાયોત્સર્ગને પારીશ, અન્યથા કુલીનસ્ત્રી એવી મારે અનશન છે. કાયોત્સર્ગમાં રહેલી તેણે આ પ્રમાણે દિવ્યવાણી સાંભળી:– હે વત્સે ! ખિન્ન ન થા, અમે સાંનિધ્ય કરીશું. આ તરફ રક્ષક પુરુષોએ સુદર્શન શેઠને નગરમાં ફેરવીને શૂળી ઉપર ચઢાવ્યા. શૂળી સુવર્ણકમળનું આસન બની ગયું. ફરી સુદર્શનશેઠને મારવા માટે રક્ષકપુરુષોએ તલવાર અને લાકડીઓના પ્રહારો કર્યા. પણ એ પ્રહારો કંઠમાં માળારૂપ, મસ્તકમાં મુગુટરૂપ, બે કાનમાં કુંડલરૂપ, બે બાહુમાં બાજુરૂપ, બે પગમાં[1] કડલારૂપ અને બે હાથમાં કંકણરૂપ બની ગયા. રક્ષકોએ આ આશ્ચર્ય જલદી રાજાને જણાવ્યું. રાજા હાથણી ઉપર બેસીને શ્રીસુદર્શન શેઠની પાસે આવ્યો. રાજાએ પશ્ચાત્તાપપૂર્વક સુદર્શનશેઠને ભેટીને કહ્યું: હે શ્રેષ્ઠી! સારા ભાગ્યથી આજે તમે જીવતા જોવાયા છો. તમે પોતાના પ્રભાવથી જીવતા રહ્યા છો. જેની ધર્મવાસના શરીરના અંગોની રક્ષા કરી રહી છે, પુરુષોમાં શ્રેષ્ઠ તે મનુષ્ય દિવ્યશસ્ત્રને પણ બુઠ્ઠું કરે છે. જે વિવેકહીન પુરુષ સ્ત્રીઓના વચનમાં વિશ્વાસ કરે છે તે પૃથ્વીમાં દધિવાહનરાજાની જેમ સંતાપનું ભાજન થાય છે.

---

૧. **प्रोद्यत्** = પ્રકર્ષથી ઉદય પામતા=પ્રગટ થતા એમ શબ્દાર્થ છે.

પરની વાણીથી મેં જે અપરાધ કર્યો તેની મને ક્ષમા આપો. આ પ્રમાણે બોલતો રાજા સુદર્શનશેઠને હાથણી ઉપર બેસાડીને ઉત્સવપૂર્વક પોતાના મહેલમાં લઈ ગયો. તે વખતે અતિશય હર્ષને વશ બનીને લોકોએ મનોરમાને આ પ્રમાણે કહ્યું: તમને મંગલોથી (=ઇચ્છિતની સિદ્ધિઓથી) વધાવીએ છીએ, તમે કાયોત્સર્ગને પારો પારો. રાજાએ સ્નેહપૂર્વક વસ્ત્ર, માળા અને વિલેપનથી સત્કારીને સત્ય હકીકત પૂછી. તેણે પણ સત્ય કહ્યું. રાજા બોલ્યો: હે શ્રેષ્ઠી ! તો તમોએ જ મારા ઉપર અકૃત્યનો અભિષેક કર્યો છે, અર્થાત્ તમોએ જ મને આ પાપ (=સુદર્શનને શૂળી ઉપર ચઢાવવાની આજ્ઞા કરી એ પાપ) કરાવ્યું છે. કારણ કે તે વખતે મેં તમને પૂછ્યું હતું છતાં તમે કંઇ પણ બોલ્યા નહિ. અભયારાણીને શિક્ષા કરવા માટે ગુસ્સે થયેલા રાજા પાસે સુદર્શનશેઠે રાજાના ચરણોમાં મસ્તક લગાડીને રાણીના અભયની માગણી કરી, અર્થાત્ રાણીને અભયદાન આપવાની વિનંતિ કરી. સુદર્શનશેઠે કરેલી જિનધર્મની પ્રભાવનાને જાણીને રાજા ત્યારથી જૈનશાસનમાં રાગવાળો થયો. હવે રાજાએ અનેક લોકોથી પરિવરેલા સુદર્શનશેઠને હાથીના સ્કંધ ઉપર બેસાડીને હર્ષથી તેમના ઘરે મોકલ્યા.

અભયારાણી આ વૃત્તાંતને જાણીને જાતે ગળે ફાંસો ખાઇને મરણ પામી. કારણ કે પોતે કરેલાં પાપો પોતાના આત્મામાં જ આવે છે. પંડિતા પાટલીપુત્રમાં દેવદત્તા વેશ્યાની પાસે જતી રહી. તેવાં પાત્રો માટે આવું જ સ્થાન યોગ્ય છે. તેણે દેવદત્તાની પાસે સુદર્શનશેઠના શીલનું વર્ણન કર્યું. દેવદત્તાએ કહ્યું: જો હું તેને નજરે જોઉં તો તેના શીલને જાણું. સંસારથી વિરક્ત બનેલા સુદર્શનશેઠે દીક્ષા લીધી. એક ગામથી બીજે ગામ વિહાર કરતા સુદર્શનમુનિને એકવાર પંડિતાએ પાટલિપુત્રમાં જોયા. પંડિતા (કપટથી) શ્રાવિકા થઇને, વંદન કરીને પારણાના બહાને મુનિને વેશ્યાના ઘરે લઈ ગઈ. કારણ કે સાધુઓ સરળ હોય છે. બારણું બંધ કરીને મુનિને બાંધીને પંડિતાએ મુનિની કદર્થના કરી. જેમ રત્નનો દીપક પવનથી ચલિત ન થાય તેમ મુનિ ધ્યાનથી ચલિત ન થયા. સાંજે મુક્ત કરાયેલા વિરાગી મુનિ ઉદ્યાનમાં ગયા. પ્રતિમાને વહન કરતા તે મુનિ સ્મશાનમાં કાયોત્સર્ગમાં રહ્યા. ત્યાં પણ વ્યંતરી થયેલી અભયા મુનિને જોઈને ગુસ્સે થઈ. પોતાનાથી કે અન્યથી થયેલું વૈર ક્લેશનું કારણ છે. તેણે ગુસ્સે થઇને અનેક ઉપસર્ગોથી મુનિને હેરાન કર્યા. મહાત્માએ શુભધ્યાનથી કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું. તે જ વખતે દેવોએ કેવલજ્ઞાનનો મહિમા કર્યો. પછી મુનિએ (સુવર્ણના) કમળ ઉપર બેસીને દેશના આપી. દેશનામાં મોક્ષનું અસાધારણ કારણ એવા સાધુધર્મ અને શ્રાવકધર્મની પ્રરૂપણા કરી. ઘણા ભવ્ય લોકોએ સાધુધર્મનો અને શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. વ્યંતરી થયેલી અભયાએ પણ તે વખતે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. વેશ્યા દેવદત્તા અને પંડિતા પણ બોધ પામી. આ પ્રમાણે પૃથ્વી ઉપર વિહાર કરતા સુદર્શનમુનિ ભવ્યસમૂહનો

સંસારરૂપી સાગરથી ઉદ્ધાર કરીને અને શીલના અનુપમ પ્રભાવને ભુવનમાં સ્થાપન કરીને મોક્ષરૂપી લક્ષ્મીના મસ્તકની માળા બન્યા. [૪૫]

ચોર પણ શીલગુણના પાલનથી સુગતિનું ભાજન બને છે એમ જણાવે છેઃ–

जो अन्नायरओवि हु, निवभज्जापत्थिओवि नवि खुद्धो ।
सीलनियमाणुकूलो, स वंकचूलो गिही जयउ ॥४६॥

ગાથાર્થ :– શીલ અને અભિગ્રહના પાલનમાં તત્પર બનેલો જે ચોરીથી જ આજીવિકા ચલાવતો હોવા છતાં અને રાજપત્નીથી પ્રાર્થના કરાયેલો હોવા છતાં ચલિત ન બન્યો તે ગૃહસ્થ વંકચૂલ જય પામો.

ટીકાર્થ :– જય પામો એટલે સુગતિરૂપ ફલથી ઉત્કર્ષવાળો થાઓ. ચોરી માટે (રાજમહેલમાં) પ્રવેશ કર્યો હોવા છતાં અને રાજા સાથે વિરોધવાળી બનેલી પટ્ટરાણી (ભોગ માટે) પ્રાર્થના કરતી હોવા છતાં વંકચૂલે નિયમને અનુસરીને પટ્ટરાણીનો તૃણની જેમ ત્યાગ કર્યો. આ પ્રમાણે સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો આ પ્રમાણે છેઃ–

વંકચૂલનું દૃષ્ટાંત

જાણે પુણ્યરૂપી બીજોના અંકુરા હોય તેવા ઘણી ઋદ્ધિવાળા લોકોથી સેવવા (=રહેવા) લાયક રથનુપૂરચક્રવાલ નામનું નગર હતું. તેમાં શત્રુઓને તપાવનાર વિમલયશ નામનો રાજા હતો. તેના પ્રતાપરૂપી સૂર્યની આગળ (આકાશમાં રહેલો) સૂર્ય કણ જેવો દેખાતો હતો. ઇંદ્રને ઇંદ્રાણીની જેમ અને શંકરને પાર્વતીની જેમ તેને મંગલકારી અસાધારણ કલાઓના આશ્રયરૂપ સુમંગલા નામની રાણી હતી તેની કુક્ષિમાં થયેલી વંકચૂલા નામની પુત્રી હતી, અને જાણે અગ્નિની જ્વાલા હોય તેવો દુર્નીતિમાન વંકચૂલ નામનો પુત્ર હતો. જેમ ચંદ્રને રોહિણી પરણાવી તેમ યૌવનવયને પામેલા તેને પિતાએ મહાન રાજાની રૂપ અને ગુણોથી યુક્ત કન્યા પરણાવી. જેમ દુર્ગુણો યશને બહાર કાઢે તેમ પિતાએ સંતાપ કરનાર, અસદ્વર્તનવાળા અને ન્યાયમાર્ગને નહિ જાણનારા તેને ઘરમાંથી બહાર કાઢી મૂકયો. જેમ પાપબુદ્ધિ દુર્નીતિની જ સાથે જાય તેમ બાલરંડાપાથી દાઝેલી પુત્રી પણ બંધુમોહથી તેની જ સાથે ઘરમાંથી નિકળી ગઇ. કેટલાક અંગરક્ષકો અને પત્નીથી યુક્ત રાજપુત્ર વંકચૂલ રાજાની જેમ ચાલ્યો. જેમ અજ્ઞાની વિડંબનાને પામે તેમ તે કોઈ મોટા જંગલમાં ગયો. ત્યાં તેણે જાણે ભાલા અને ધનુષવાળા યમદૂતો હોય તેવા ભિલ્લોને જોયા. ભિલ્લોએ કુમારને આકૃતિથી રાજા જાણીને આદરપૂર્વક નમસ્કાર કર્યો અને ત્યાં આવવાનું કારણ પૂછયું. તેના વૃત્તાંતને જાણીને હર્ષપૂર્વક ભિલ્લોએ કહ્યુંઃ અમારી પલ્લિનો સ્વામી મૃત્યુ પામ્યો છે તેથી તમે

પલ્લિપતિ થાઓ. તેમના વચનને સ્વીકારીને વંકચૂલ તેમના સ્થાને ગયો. ત્યાં ભિલ્લોની સેનાથી નમસ્કાર કરાયેલો તે પલ્લિપતિ થયો. પાપકર્મોના ઉદયથી ભિલ્લોની સાથે પૃથ્વી-તલને લૂંટતો વંકચૂલ પોતાના પરાક્રમોથી અતિશય પ્રસિદ્ધિને પામ્યો. કચારેક સાર્થથી ભ્રષ્ટ બનેલા ચંદ્રયશસૂરિ બીજા છ સાધુઓની સાથે પૃથ્વી ઉપર વિચરતાં વિચરતાં તે સ્થાનમાં આવ્યા. આ તરફ પ્રવાસીઓને માટે યમસમાન વર્ષાકાલ આવ્યો ત્યારે વાદળોના સમૂહથી ઘેરાયેલું આકાશ સ્તનોના ભારથી નમી ગયેલી જુવાન સ્ત્રીની જેમ શોભવા લાગ્યું. જેમ લુચ્ચા પુરુષો અપરાધોને ઉત્પન્ન કરે તેમ પૃથ્વીએ અંકુરોને ઉત્પન્ન કર્યા. જેમ ધનુષ જીવાથી (=દોરીથી) સહિત થાય થાય તેમ રસ્તાઓ ચારે બાજુ જીવથી સહિત=જીવોવાળા થયા. હવે વિહાર કરવો અયોગ્ય છે એમ જાણીને ચંદ્રયશસૂરિ પલ્લિમાં આવ્યા. રાજપુત્રે હર્ષથી મહાત્માઓને વંદન કર્યું. મહાત્માઓએ ધર્મલાભરૂપ આશિષ આપીને વંકચૂલની પાસે વસતિ માગી. તેણે કહ્યું: તમે સ્થાનને સ્વીકારો અને ઇચ્છા પ્રમાણે રહો, પણ મારું એક વચન કરવું=માનવું. હે પરમ જિનભક્તો! તમારે મહેરબાની કરીને અમારી આગળ કોઇ પણ રીતે ધર્મોપદેશ ન કહેવો. તમે હિંસાથી રહિત ધર્મનો ઉપદેશ આપો છો અને પાપાચરણ કરનારા અમારી દરરોજ હિંસા જ આજીવિકા છે. તે પ્રમાણે હો એમ સ્વીકારીને તેણે આપેલી વસતિમાં મહાત્માઓ રહ્યા. સ્વાધ્યાય વગેરે યોગોથી સમાધિપૂર્વક ચાતુર્માસ પૂર્ણ કર્યું. સૂરિએ રાજપુત્રને કહીને ત્યાંથી વિહાર કર્યો. જે પ્રમાણે મેં કહ્યું હતું તે પ્રમાણે સૂરિએ પાળ્યું એવા વિચારથી હર્ષ પામેલો તે પલ્લિની હદ સુધી વળાવવા ગયો. હવે પાછા વળતા તેને સૂરિએ મધુરવાણીથી કહ્યું: તમારી સહાયથી અમે આટલા કાળ સુધી સુખેથી રહ્યા. આથી પ્રેમથી કંઇક ઉપકાર કરવાની ઇચ્છાવાળા અમે પણ આલોક અને પરલોકમાં શુભ ફળ આપનારા નિયમોને આપવાની ઇચ્છા રાખીએ છીએ. તેણે કહ્યું: હે ભગવંત! હું તે નિયમોને કેવી રીતે પાળી શકીશ? સૂરિએ કહ્યું: શક્તિ પ્રમાણે નિયમો લેવા. આમ છતાં અમારો આગ્રહ નથી. તે નિયમો આ પ્રમાણે છે :- (૧) કોઇવાર તું જ્યારે જીવને મારવા માટે તૈયાર થાય ત્યારે સાત પગલા પાછા હઠ્યા પછી ઇચ્છા પ્રમાણે તું કરી શકે છે. (૨) તું જે ફલનું નામ ન જાણે તે ફલ તારે ન ખાવું. (૩) રાજાની પટ-રાણીને માતા સમાન ગણવી. (૪) કચારે પણ કાગડાનું માંસ ન ખાવું. અહો! સારી રીતે પાળી શકાય એવા આ નિયમો પ્રયત્નથી પાળવા જોઈએ. આપની મોટી મહેરબાની એમ કહીને તેણે એ નિયમો સ્વીકાર્યા. ઘણા ગુણોવાળા સૂરિએ બીજે વિહાર કર્યો.

હવે કોઇવાર ગ્રીષ્મઋતુ આવતાં ભિલસેનાથી પરિવરેલો વંકચૂલ કોઇક ગામને લુંટવા માટે ત્યાંથી ચાલ્યો. તે ગામના લોકો પહેલેથી જ પલાયન થઇને કચાંક જતા રહ્યા હતા. ભૂખ્યા અને તરસ્યા થયેલા તેઓ બપોરે પાછા ફર્યા. પછી દીનમુખવાળા

તેઓ કોઈક વૃક્ષની નીચે બેઠા. તૃષા અને ક્ષુધાથી વ્યાકુળ બનેલા કેટલાકો જંગલમાં ફરવા લાગ્યા. તેમણે ફળોથી નમી ગયેલા ઊંચા ક્રિંપાકવૃક્ષને જોયું. પરિણામને નહિ જાણનારા તેમણે તે વૃક્ષનાં ફળો ખાધાં. સૈનિકો વંકચૂલ માટે તે ફળો વંકચૂલ પાસે લઈ આવ્યા. અભિગ્રહને યાદ કરીને તેણે પૂછ્યું: આ ફલનું નામ શું છે? આ ફળ કેવું છે? તેમણે કહ્યું: હે દેવ! તેનું નામ અમે જાણતા નથી. પણ તેની મધુરતા અદ્‌ભુત છે. તેણે કહ્યું: હું નહિ જાણેલું ફળ ખાતો નથી. ભિલો બોલ્યા: હે દેવ! સ્વસ્થતા હોય ત્યારે અભિગ્રહનો આગ્રહ રાખવો જોઈએ, પણ હમણાં પ્રાણના સંદેહમાં આ ફળો ખાવા જોઈએ. કારણ કે જીવતા રહેલાઓ વારંવાર નિયમો લઈ શકશે. વંકચૂલે ધીરજથી કહ્યું: આમ ન કહેવું. કારણ કે **"લક્ષ્મી ભલે નાશ પામે, પ્રાણો પણ ભલે ક્ષય પામે, પણ વચનથી જે સ્વીકાર્યું હોય તે સ્થિર રહેવું જોઈએ."** તે બધા ય પોતાની ઇચ્છા પ્રમાણે ફળો ખાઈને સૂઈ ગયા. એક સેવકે વંકચૂલની દાક્ષિણ્યતાથી તે ફળો ન ખાધાં. વંકચૂલ સૂઈને મધરાતે ઉઠ્યો. પછી તેણે નોકરને ઉઠાડીને બધાને જલદી ઉઠાડ એમ કહ્યું. નોકરે બધાને ઉઠાડ્યા, પણ તે બધા કોઈ રીતે ઉઠ્યા નહિ. આથી તેણે બધાને મુખ ઉઘાડીને જોયા તો તે બધા મૃત્યુ પામ્યા હતા. તેણે વંકચૂલને આ બિના જણાવી. તે પણ આ સાંભળીને વિસ્મય પામ્યો. પછી હર્ષ અને વિષાદથી સહિત તે હાથમાં તલવાર લઈને ત્યાંથી ચાલ્યો. ઘરે ગયેલા તેણે દીપકપ્રભાના સમૂહથી બારણાના છિદ્રમાંથી પોતાની પ્રિયાને પુરુષ સાથે સૂતેલી જોઈ. આ જોઈને તે ગુસ્સે થયો. તેથી તલવાર ખેંચીને ઘરની અંદર પેઠો. બંનેને હણવાની ઇચ્છાવાળો તે જેટલામાં પ્રહાર કરવાનો પ્રારંભ કરે છે તેટલામાં તેને નિયમ યાદ આવ્યો. આથી તે જલદી સાત પગલા પાછો ફર્યો. તે પાછો ફરી રહ્યો હતો ત્યારે તેની તલવાર બારણામાં અથડાઈ. તલવારના ખટત્કાર અવાજથી વંકચૂલા જાગી ગઈ. ઉઠીને તે સહસા બોલી: હે! તું કોણ છે? હે! અહીં તું કોણ છે? બહેનના સ્વરને જાણીને તેણે તલવારને પાછી ખેંચીને પૂછ્યું: તેં આ પુરુષનો વેશ શા માટે પહેર્યો છે? સારી બુદ્ધિવાળી બહેને કહ્યું: સાંજે નટો આવ્યા હતા. તેઓ નાટકમાં તારી હાજરીની અપેક્ષાવાળા હતા. આથી હું પુરુષનો વેશ પહેરીને સભામાં બેઠી. કારણ કે જો એમ કહેવામાં આવે કે વંકચૂલ વગેરે કચાંક ગયા છે અને એથી પલ્લિ શૂન્ય છે તો તારા શત્રુઓ પરાભવ કરે. આવું ન બને એ માટે મેં પુરુષનો વેશ પહેર્યો. તે નાટકને (=નટલોકોને) રજા આપીને હું બહુ મોડી ઘરે આવી. આળસના કારણે પુરુષનો વેશ પહેરીને જ હું ભાભીની સાથે સૂઈ ગઈ. વંકચૂલે કહ્યું: હે બહેન! તે ગુરુઓ ધન્ય છે કે જેમણે મારો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી આ નિયમો આપ્યા. અજાણ્યા ફલના ત્યાગથી હું જીવતો રહ્યો અને એ રીતે મારો ઉદ્ધાર થયો. સાત પગલા પાછા હઠીને ઘાતના નિયમથી પત્ની અને બહેનનો મેં ઘાત ન કર્યો અને એ રીતે મારો

ઉદ્ધાર થયો. આથી જ આ મહાત્માઓ સ્વ–પરના તારક છે. અમને ધિક્કાર થાઓ. અમોએ તે વખતે સદ્ધા તેમની વાણી ન સાંભળી.

હવે વંકચૂલ પોતાને સહાય રહિત અને સંકટવાળો કલ્પીને ઘાસની જેમ પલ્લીને મૂકીને ઉજ્જૈની નગરી ગયો. બહેન અને પત્નીને કોઈ શેઠના ઘરે મૂકીને તે પોતે તો ચોરીથી જ ઈચ્છા મુજબ વિલાસ કરવા લાગ્યો. કયાંય કોઇનાથી પણ નહિ ઓળખાયેલો અતિચતુર વંકચૂલ હંમેશાં જ ધનવાનોના ઘરોમાં ખાતર પાડવા લાગ્યો. એકવાર તેણે આ પ્રમાણે વિચાર્યું :– ધનવાળા વેપારીઓને ધિક્કાર થાઓ ! તેઓ કોડિ જેટલા ધનના વ્યયની ભ્રાન્તિથી પુત્રોને પણ હણે છે. પારકા ધનને ઇચ્છતા ભિક્ષુક બ્રાહ્મણો પણ ઉપેક્ષા કરવા યોગ્ય છે. જેઓ થોડામાંથી પણ થોડું ચોરી લે છે તે સોનીલોકો કોણ છે ? અર્થાત્ તેમની તો વાત જ શી કરવી ? જે વેશ્યાઓ શિષ્ટાચારવાળા લોકોને દ્વેષ કરવા યોગ્ય છે, અને ધનની ઇચ્છાથી કોઢીઆઓને પણ કુબેર જેવા જુએ છે, તે વેશ્યાઓનું ધન શું કામનું ? (આ ચિંતનનો સાર એ છે કે વેપારી આદિને ત્યાં ચોરી નહિ કરવી જોઇએ.) જો ચોરી કરવી હોય તો રાજાને ત્યાં ચોરી કરવી જોઈએ. જેથી જો તેમાં સફલતા મળે તો જીવનપર્યંત ચાલે તેટલું ધન મળે અને સફળતા ન મળે તો લાંબા કાળ સુધી યશ મળે. વર્ષાકાળમાં આ પ્રમાણે વિચારીને તે જંગલમાંથી ઘો લઈ આવ્યો. ઘોની પુછડીએ વળગીને તે રાજમહેલની ઉપર ચઢ્યો. તેણે પાંચમી ક્ષણે રાજાના વાસ-ભવનમાં પ્રવેશ કર્યો. ત્યાં કોઈ સુંદર સ્ત્રીએ તેને તું કોણ છે ? એમ પૂછયું વંકચૂલે કહ્યું: હું ચોર છું. તેણે ફરી પૂછયું: તું શું લેવાને ઇચ્છે છે ? વંકચૂલે કહ્યું: મણિ અને રત્ન વગેરે લેવાને ઇચ્છું છું. વંકચૂલના રૂપમાં મુગ્ધ બનેલી તેણે કહ્યું: તે ચોરો બીજા જ છે કે જેઓ રત્ન વગેરેને ગ્રહણ કરે છે. પણ તું તો મારા ચિત્તને ચોરનારો હોવાથી દેખતાઓને ચોરનારો છે=આકર્ષી લેનારો છે. જો તું મારું કહેલું કરે તો તારા મનોરથોને પૂરું. વંકચૂલે પૂછયું: તું કોણ છે ? તેણે કહ્યું: હું રાજાની રાણી છું. મેં સૌભાગ્યના ગર્વથી રાજાને રોષવાળો કર્યો છે. તેથી જેમ નિર્ધન માણસ નિધાનની પ્રાપ્તિ થવાથી પોતાને સફલ બનાવે તેમ તું પોતાને સફલ બનાવ. રાજપત્ની મારે ન ભોગવવી એવા અભિગ્રહને યાદ કરીને વંકચૂલે રાણીને કહ્યું: તું બધી રીતે મારી માતા છો. સ્મૃતિકારોએ પણ કહ્યું છે કે– રાજપત્ની, ગુરુપત્ની, મિત્રપત્ની, પત્નીની માતા અને પોતાની માતા– આ પાંચ માતાઓ કહી છે. હે મૂર્ખ ! તને આધીન બનીને આવતી એવી મારી તું ઉપેક્ષા ન કર. રાણીએ વંકચૂલને આવું ઘણું કહ્યું છતાં ધીર તે જરાપણ ચલિત ન થયો. કામથી પીડિત થયેલી તેણે ફરી ક્રોધપૂર્વક કહ્યું: જો તું મને નથી ઇચ્છતો તો આજે તારા ઉપર યમ રોષે ભરાયો છે એમ સમજ. માટે જલદી ઉત્તરનો વિચાર કર, અર્થાત્ બરોબર વિચારીને ઉત્તર આપ. નીચેના માળમાં સૂતેલા રાજાએ જાતે આ બધું સાંભળ્યું. પોતાના શરીરને નખોથી ઉઝરડીને રાણીએ પોકાર કર્યો કે, અરે ! કોઈ ચોર કે જાર

એવા આ દુરાત્માએ અહીં પ્રવેશ કર્યો છે. આ સાંભળીને રાજરક્ષકો હાથમાં તલવાર લઈને જલદી આવી ગયા. અરે ! પકડો, પકડો, ક્યાં છે ? ક્યાં છે ? એમ બોલીને સુભટોએ કોલાહલ કર્યો. આ વખતે રાજાએ સુભટોને આજ્ઞા કરી કે, મહાસત્ત્વવાળા તેને મારવો નહિ, પણ તેને કેદમાં પૂરી રાખવો. રાજાએ રાણીના વૃત્તાંતને વિચારતાં વિચારતાં રાત્રિ પસાર કરી.

સવારે રાજસભામાં બેઠેલા રાજાએ ચોરને બોલાવીને બંધનથી છોડાવ્યો. તે પણ રાજાને નમીને રાજા આગળ બેઠો. રાજાએ તેને સૌમ્યદૃષ્ટિથી જોયો, અને પૂછયું: જેમાં માણસ પ્રવેશ ન કરી શકે તેવા મારા મહેલમાં તું કેવી રીતે પેઠો ? ચોરોમાં વીરસમાન વંકચૂલે કહ્યું: હે દેવ ! ખાતર પાડવાથી હું કંટાળી ગયો છું. ધનના મોહથી ઘોની પુછડીને વળગીને હું મહેલ ઉપર ચઢયો. હે પ્રભુ ! જેમ બિલાડી દૂધને જુએ તેમ ત્યાં મહારાણીએ મને જોયો. આપ ઇચ્છા પ્રમાણે મારો નિગ્રહ કરો. કારણ કે પોતે મેળવેલી વસ્તુને બીજાઓ કેવી રીતે લઈ શકે ? રાજાએ કહ્યું: તારા સાહસથી હું તુષ્ટ થયો છું. આથી જ મારા વડે પટરાણી તારા ઉપર પ્રસન્ન કરાવાઇ છે, અર્થાત્ મારી પ્રેરણાથી તે તારા ઉપર પ્રસન્ન થઈ છે. વંકચૂલ બોલ્યો: હે દેવ ! પટરાણી નક્કી મારી માતા છે. રાજાએ દેખાવથી ગુસ્સો કરીને રાજરક્ષકોને આજ્ઞા કરી કે, આ દુષ્ટ ચોરને શૂળી ઉપર ચઢાવીને મારી નાખો. તો પણ જેમ સમ્યગ્દૃષ્ટિ જીવ દુનર્યોથી ચલિત ન થાય તેમ ધીર તે ચલિત ન થયો. રાજાએ રક્ષકોના નાયકને એકાંતમાં કહ્યું કે, સાહસિકોમાં મુખ્ય આ ચોરની અવશ્ય રક્ષા કરવી, અર્થાત્ તેને મારી ન નાખવો. નાયક તેના દોષની ઘોષણા કરવાપૂર્વક તેને નગરમાં ફેરવીને વધસ્થાને લઈ ગયો. તેની આગળ શૂળી તૈયાર કરવામાં આવી. તો પણ ગુરુએ આપેલા અભિગ્રહને યાદ કરતા અને દૃઢ સત્ત્વવાળા તેણે પટરાણીની ઇચ્છા ન કરી. તેને ફરી રાજાની પાસે લઈ જવામાં આવ્યો. રાજાએ તેને પોતાના પુત્ર તરીકે સ્વીકારીને યુવરાજપદ ઉપર સ્થાપન કર્યો. વંકચૂલ પત્ની અને બહેનની સાથે ત્યાં સુખપૂર્વક રહ્યો. તેણે આ પ્રમાણે વિચાર્યું:– હું ધન્ય છું, મારો જન્મ સફલ છે. હવે જો ફરી તે આચાર્યને જોઉં તો ઉત્તમધર્મનો સ્વીકાર કરું. વંકચૂલ આ પ્રમાણે વિચારી રહ્યો હતો એ દરમિયાન એકવાર ત્યાં આચાર્ય પધાર્યા. તેણે ભાવપૂર્વક સૂરિને વંદન કર્યું અને ધર્મ સાંભળ્યો. પછી શુદ્ધ બુદ્ધિવાળા તેણે અરિહંત મારા દેવ છે, સુસાધુઓ મારા ગુરુ છે, જીવદયા તત્ત્વ છે, એ પ્રમાણે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. ત્યારબાદ વંકચૂલ ગીતાર્થ શ્રાવક થયો, સાધુ અને સાધર્મિક વગેરેનો ભક્ત થયો અને જિનપૂજામાં તત્પર બન્યો.

આ તરફ ઉજ્જૈની નગરીની પાસે શાલિગ્રામમાં જિનદાસ નામનો શ્રાવક રહેતો હતો. તે વંકચૂલનો પરમ મિત્ર થયો. એકવાર વંકચૂલે અતિશય મુશ્કેલીથી જીતી શકાય તેવા પલ્લિપતિને યુદ્ધમાં હણી નાખ્યો. પછી યુદ્ધમાં લાગેલા અનેક શસ્ત્રોથી જર્જરિત

થયેલો તે ઘરે આવ્યો. ઉપાયો કરવા છતાં તેની પીડાથી તે ઘણો દુઃખી થયો. વૈદ્યોએ રોગનાશક કાગડાનું માંસ ખાવા માટે કહ્યું. રાજાએ આજ્ઞા કરી કે કાગડાને મારીને તેનું માંસ લઈ આવો. વંકચૂલે કહ્યું: મારે માંસભક્ષણનો સર્વથા ત્યાગ છે. રાજા બોલ્યો: હે પુત્ર! તું જીવતો રહીશ તો ફરી ફરી નિયમો થશે, પણ મરી જઇશ તો બધું જશે. તેથી માંસ ખા. રાજાનું કહેલું આ સાંભળીને વંકચૂલે સ્પષ્ટ કહી દીધું કે– જીવન જતું હોય તો ભલે જાય, પણ હું અકાર્ય તો નહિ કરું. તેથી વંકચૂલના મિત્રને બોલાવવા માટે રાજાએ પોતાના માણસને શાલિગ્રામ મોકલ્યો. તેથી મિત્ર પ્રત્યે સ્નેહવાળો જિનદાસ પણ ઉજ્જૈની તરફ ચાલ્યો. તેણે રસ્તામાં વૃક્ષની નીચે દિવ્ય અને તરુણ સ્ત્રીઓને રોતી જોઈ તેણે તેમને પૂછ્યું: તમે અહીં શા માટે રડો છો? સ્ત્રીઓએ કહ્યું: અમે સૌધર્મ દેવલોકમાં રહેનારી દેવીઓ છીએ, અને પતિથી રહિત છીએ. જો વંકચૂલ કાગડાનું માંસ ન ખાય તો અમારો પતિ થાય. હે ભદ્ર! તે જો હમણાં તમારા વચનથી માંસ ખાશે તો પતિ વિના અમે કેવી રીતે રહીશું. માટે અમે રડીએ છીએ. હું વંકચૂલને કાગડાનું માંસ ખાવાનો ઉપદેશ નહિ આપું એમ દેવીઓને સમજાવીને જિનદાસ ઉજ્જૈની ગયો. ત્યાં આદરથી વંકચૂલને મળ્યો. વંકચૂલના શરીરને જોઈને જિનદાસે બધાની હાજરીમાં રાજાને કહ્યું કે, હવે એને ધર્મરૂપ ઔષધ જ આપવું યોગ્ય છે. હવે એને ધર્મરૂપ ઔષધ આપવામાં વિલંબ ન કરવો જોઈએ. તેથી આરાધના કરીને, સાધર્મિક વગેરેમાં ધનનો ઉપયોગ કરીને, પુણ્યની અનુમોદના કરીને, દુષ્કૃતની ગર્હા કરીને, અને જીવો પ્રત્યે ક્ષમાપના કરીને ધર્મતત્ત્વનો જાણકાર વંકચૂલ સમાધિથી મૃત્યુ પામ્યો. ધર્મને અનુકૂલ બુદ્ધિવાળો વંકચૂલ બાવીસ સાગરોપમ પ્રમાણ આયુષ્યવાળા બારમા અચ્યુત દેવલોકમાં ઉત્તમ દેવ થયો. તેની અગ્નિસંસ્કારની ક્રિયા કરીને ઘરે જતા જિનદાસે તે જ પ્રમાણે દિવ્ય યુવતીઓને રોતી જોઈ. તેણે તેમને પૂછ્યું: મેં વંકચૂલને કાગડાનું માંસ આપ્યું નથી, તો તમે હજી પણ વિલાપની ચેષ્ટા કેમ કરો છો? તેમણે કહ્યું: ત્યાં ગયેલા તમોએ તે પ્રમાણે કર્યું કે જેથી તે અમને ઓળંગીને ઉત્તમ બારમા દેવલોકમાં ગયો. ત્યારથી જિનદાસ પણ જિનધર્મમાં દૃઢ પરિણામવાળો થયો. બુદ્ધિશાળી કયો પુરુષ સારી રીતે જોયેલા ફળમાં સાક્ષીના મુખને જુએ? ગૃહસ્થ પણ વંકચૂલે રાણી વિષે અખંડ શીલનું પાલન કર્યું, અને એથી તે ઘણી સમૃદ્ધિને પામીને આલોકમાં અને પરલોકમાં પણ સુખનો શ્રેષ્ઠ ભોક્તા થયો. [૪૬]

હવે ગૃહસ્થપણામાં મહાસતીઓના શીલપ્રભાવને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર ચાર શ્લોકોથી મહાસતીઓના જ ગુણોની પ્રશંસા કરે છે :–

अक्खलियसीलविमला, महिला धवलेइ तिन्निवि कुलाइं ।
इह परलोएसु तहा, जसमसमसुहं च पावेइ ॥ ४७ ॥

ગાથાર્થ :- નિરતિચારપણે સુંદર રીતે ચોથું વ્રત પાળવાથી નિર્મલ બનેલી સ્ત્રી ત્રણે કુળોને પ્રસિદ્ધ કરે છે, આ લોકમાં જશ પામે છે, (શીલપાલનના સામર્થ્યથી જ) પરલોકમાં સ્વર્ગ અને મોક્ષ વગેરેનાં અસાધારણ સુખોને પામે છે.

ટીકાર્થ :- ત્રણ કુલો=પિતૃકુલ, માતૃકુલ અને શ્વસુરકુલ. જશ=શીલનો પ્રભાવ જોઈને લોકોએ કરેલી પ્રશંસા. પ્રાકૃતભાષાના કારણે 'इहपरलोएसु' એ સ્થળે દ્વિવચનનું બહુવચન થયું છે. (૪૭)

મહાસતીઓનું સ્વરૂપ જણાવવા સાથે મહાસતીઓની પ્રશંસા કરે છે :-

जा नियकंतं मुत्तुं, सुवणेवि न ईहए नरं अन्नं ।
आबालबंभयारीण सा रिसीणंपि थवणिज्जा ॥ ४८ ॥

ગાથાર્થ :- જે સ્ત્રી પોતાના પતિને મૂકીને સ્વપ્નમાં પણ અન્ય પુરુષને ઇચ્છતી નથી તે આબાલ બ્રહ્મચારી મહર્ષિઓને પણ સ્તુતિ કરવા યોગ્ય છે.

ટીકાર્થ :- જે સ્ત્રી જીવનપર્યંત મન-વચન-કાયાની શુદ્ધિથી પોતાના પતિનું જ ધ્યાન કરે છે તે મહાસતી છે, અને તેમના નિરતિચાર શીલગુણની જન્મથી બ્રહ્મચારી એવા મહાત્માઓ પણ સ્તુતિ=પ્રશંસા કરે છે. (૪૮)

પરપુરુષને સેવનારી સ્ત્રી મહાસતી નથી એમ જણાવે છે :-

परपुरिससेवणीओ, कुलरमणीओ हवंति जइ लोए ।
ता वेसादासीणं, पढमा रेहा कुलवहूसु ॥ ४९ ॥

ગાથાર્થ :- જો લોકમાં કુલીન સ્ત્રીઓ પરપુરુષને સેવનારી થાય તો વેશ્યાઓની કુલવધૂઓમાં પ્રથમ પંક્તિ ગણાય, અર્થાત્ કુલવધૂઓની ગણતરી કરવામાં આવે તો વેશ્યાઓનો પહેલો નંબર આવે.

ટીકાર્થ :- જો લોકમાં કુલીન સ્ત્રીઓ પરપુરુષને સેવનારી થાય તો વેશ્યાઓ પ્રથમ નંબરની કુલવધૂઓ ગણાય, અર્થાત્ વેશ્યાઓ પણ કુલવધૂઓ જ કહેવાય. કારણ કે સ્વચ્છંદપણે ભટકવામાં બંને સમાન બને. (૪૯)

સહજપણે નિંદનીય પણ સ્ત્રીઓ પ્રશંસનીય બને છે એનું કારણ જણાવે છે :-

तुच्छावि रमणिजाई, पसंसणिज्जा सुरासुरनराणं ।
विहिया महासईहिं, काहिँवि अइविमलसीलाहिं ॥ ५० ॥

ગાથાર્થ :- તુચ્છ પણ સ્ત્રીજાતિને અતિનિર્મલશીલવંતી કેટલીક મહાસતીઓએ દેવ, દાનવ અને માનવોને પ્રશંસનીય બનાવી છે.

ટીકાર્થ : શીલપરીક્ષાના અવસરે ચમત્કારને ઉત્પન્ન કરનારી મહાસતીઓએ સ્ત્રીજાતિને ત્રણે જગતમાં પ્રશંસનીય કરી છે. તુચ્છ એટલે ગંભીરતાથી રહિત, સ્ત્રીઓનું તુચ્છપણું જગપ્રસિદ્ધ છે. આગમમાં કહ્યું છે કે– **"સ્ત્રીઓ તુચ્છ, ઘણા ગર્વવાળી અને ધૃતિથી દુર્બલ હોય છે. આથી જો સ્ત્રીઓને દૃષ્ટિવાદ ભણાવવામાં આવે તો "હું દૃષ્ટિવાદ પણ ભણું છું" એમ ગર્વવાળી બનીને પુરુષનો પરાભવ થાય ઇત્યાદિ પ્રકારની પ્રવૃત્તિ કરીને દુર્ગતિમાં જાય. આથી પરાનુગ્રહમાં પ્રવૃત્ત તીર્થંકરોએ અતિશયવાળા 'ઉત્થાનશ્રુત' વગેરે અધ્યયનો અને દૃષ્ટિવાદ સ્ત્રીઓને ભણવા માટે નિષેધ કર્યો છે."** (વિ. આ. ગા. ૫૫૨)

नियसीलमहामंतेण, पबलजलणं जलं कुणंतीए ।
सीलग्घोसणपडहो, अज्जवि झणहणइ सीयाए ॥५१॥

ગાથાર્થ :– પોતાના શીલરૂપી મહામંત્રથી પ્રબલ અગ્નિને જલ કરતા શ્રી સીતાજીના શીલની ઉદ્ઘોષણા કરતો પટહ આજે પણ વાગી રહ્યો છે=જાણે કે આજે પણ તેના પડઘા પડી રહ્યા છે.[૧]

ટીકાર્થ :– શ્રી રામચંદ્રજીએ રાવણનો વધ કર્યો. ત્યારબાદ શીલભંગની શંકાને દૂર કરવા શ્રી સીતાજીએ દેવ, દાનવ અને મનુષ્યોની સમક્ષ બળતા ખેરના અંગારાવાળા ખાડામાં પ્રવેશ કર્યો. તે જ વખતે શીલના પ્રભાવથી ખાડામાં જલ પ્રગટ થયું. જલના પુરની ઉપર સુવર્ણકમળ તરવા માંડ્યું. શ્રી સીતાજી એ સુવર્ણકમળની કર્ણિકા ઉપર બેસી ગયા. તે વખતે "જય જય" એવા શબ્દો થયા. જય જય એવા શબ્દોથી સીતાજીએ લોકના ઉદરને યશથી ભરી દીધો. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો આગળ કહેવામાં આવનારા શ્રી રાવણના ચરિત્રમાં પ્રગટ કરવામાં આવશે. (૫૧)

શીલના પ્રભાવનો અન્ય ચમત્કાર જણાવે છે :–

चालणिधरियजलाए, संघमुहुग्घाडणं कुणंतीए ।
चंपादारुग्घाडण–मिसेण नंदउ सुभद्दा सा ॥५२॥

ગાથાર્થ :– ચાલણીમાં પાણી ધારણ કરીને ચંપાનગરીના દ્વારને ઉઘાડવાના બહાને જેણે સંઘના મુખનું ઉદ્ઘાટન કર્યું=સંઘની પ્રભાવના કરી તે સતી સુભદ્રા દીર્ઘાયુ બનો.

---

૧. અથવા મૂળગાથામાં **झणहणइ** એવું વચન સાનુકરણ=અનુકરણવાળું છે. (કોઈ "મહાનુભાવ" એવો શબ્દ બોલે, તે સાંભળીને બીજો કોઇ માણસ "મહાનુભાવ" એમ બોલે તો તે શબ્દ સાનુકરણ=અનુકરણવાળો કહેવાય.) અર્થાત્ સીતાજીના શીલની ઉદ્ઘોષણા કરતો પટહ આજે પણ ઝણહણે છે.

ટીકાર્થ :- શ્રી સુભદ્રાએ સૂતરના તાંતણાઓથી બાંધેલી ચાલણીથી કૂવામાંથી પાણી લઈને ચંપાનગરીના દરવાજા ઉપર છાંટ્યું. આથી દરવાજા ઉઘડી ગયા. આવી રીતે દરવાજા ઉઘાડીને શ્રી સુભદ્રાએ જૈનશાસનની પ્રભાવના કરી. આવી સતી સુભદ્રા દીર્ઘાયુ બનો. અહીં કવિએ તેવી પ્રભાવના કરવાના કારણે શ્રી સુભદ્રા જાણે જીવતી હોય તેમ તેને અભિનંદન આપ્યા છે. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો આ પ્રમાણે છેઃ-

સુભદ્રાનું દૃષ્ટાંત

પૃથ્વીના આભૂષણરૂપ વસંતપુર નામનું નગર હતું. તેમાં જાણે પુણ્યરૂપી અંકુરાઓની શ્રેણિ હોય તેવી જિનમંદિરોની શ્રેણિ શોભતી હતી. રૂપનું અભિમાન કરનાર જિતશત્રુ નામનો રાજા તે નગરમાં શાસન કરતો હતો. જાણે આકાશ[1] તેની તલવારની રેખારૂપ હતું અને તારાઓ તેમાં પુષ્પમાળારૂપ હતા. તે નગરમાં પ્રસિદ્ધ-વૈભવવાળો જિનદાસ નામનો શ્રાવક હતો. તેના ગુણો બધાના હૃદયમાં હારની જેમ ક્રીડા કરતા હતા. તેની જિનમતિ નામની પત્ની હતી. તે જૈનધર્મસંબંધી પ્રેમનો સાગર હતી, તત્ત્વની માલારૂપ હતી અને શીલથી શોભતી હતી. તે બેની દ્રાક્ષા જેવી મધુરવાણી બોલતી સુભદ્રા નામની પુત્રી હતી. તેના લાવણ્યની સ્પર્ધાથી સમુદ્ર અપેય (=ન પીવા લાયક) થયો. જેમ હંસો પદ્મિનીનો (=કમળોની વેલડીનો) આશ્રય લે તેમ ગુણોએ તેનો આશ્રય લીધો. ક્રમે કરીને તે યુવાનોના મનને મોહ પમાડનાર યૌવનને પામી. યૌવનથી શોભતા અનેક મિથ્યાદૃષ્ટિઓએ સુભદ્રાની માગણી કરી, તો પણ જિનદાસ શેઠે જેમ કાગડાઓને ખીર ન અપાય તેમ મિથ્યાદૃષ્ટિઓને સુભદ્રા ન આપી. એકવાર બૌદ્ધધર્મમાં કુશળ બુદ્ધદાસ નામનો વણિક ચંપાનગરીથી ત્યાં વેપાર કરવા માટે આવ્યો. કોઇવાર કોઈક કામ માટે બુદ્ધદાસ શેઠના ઘરે આવ્યો. સુંદર વસ્ત્રોવાળી સુભદ્રાને તેણે જોઈ. તેની સાથે લગ્ન કરવાની ઇચ્છાવાળા તેણે લોકો પાસેથી ઉપાય જાણી લીધો. પછી જેમ રત્નનો અર્થી સમુદ્રના કિનારાને સેવે=સમુદ્રના કિનારે જાય તેમ તે જૈનમુનિઓની સેવા કરવા લાગ્યો. શ્રદ્ધા વિના પણ સાધુઓની સેવા કરતો તે જેમ માલતી પુષ્પોના સંસર્ગથી તલ ગંધને પામે તેમ સાધુઓના સંસર્ગથી સમ્યગ્દર્શનને પામ્યો. પછી ધર્મનો જાણકાર તે દરરોજ જિનપૂજા, ચૈત્યવંદન, આવશ્યક વગેરે કરવા લાગ્યો. રત્ન મળી જતાં કોણ પ્રમાદ કરે? પછી જેમ ગુરુ વિનીત શિષ્યને શ્રુત આપે તેમ જિનદાસે સાધર્મિક એવા બુદ્ધદાસને હર્ષથી પુત્રી આપી. શુભમુહૂર્તમાં સર્વ પ્રકારની સમૃદ્ધિથી રોહિણી

---

૧. આનો ભાવ એ છે કે તે રાજાએ આકાશમાં સર્વત્ર તલવાર ચલાવી હતી, અર્થાત્ તેણે ઘણાં યુદ્ધો કર્યાં હતાં અને તેમાં સર્વત્ર વિજય મેળવ્યો હતો. પુષ્પમાળાઓ વિજયની સૂચક છે.

અને ચંદ્રની જેમ તે બેનું વિવાહરૂપ મંગલ થયું. તે બંને પોતાની ઇચ્છા પ્રમાણે ત્યાં જ રહ્યા. આનંદથી પૂર્ણ તે બેનો ત્યાં કેટલોક કાળ યુગલિકોની જેમ સુખપૂર્વક પસાર થયો. ધન મેળવી લીધું એટલે બુદ્ધદાસ ઘરે જવા માટે ઉત્સુક થયો. પ્રયાણ કરવાની ઇચ્છાવાળા તેણે એકવાર વિનયથી સસરાને ઘરે જવા માટે વાત કરી. તત્ત્વના જાણકાર જિનદાસે તેને મધુરવાણીથી કહ્યું: હે વત્સ! તમે સારું કહ્યું. જે પુત્રો માતા-પિતાને નમસ્કાર કરવામાં તત્પર છે તે (સાચા) પુત્રો છે. પણ હે વત્સ! તમારા માતા-પિતા ભિન્ન ધર્મવાળા છે. જેમ પાડો અને ભેંસ ઘોડીને સહન ન કરે તેમ તેઓ જિનધર્મવાળી સુભદ્રાને કેવી રીતે સહન કરશે? બુદ્ધદાસે કહ્યું: હું સુભદ્રાને જુદા ઘરમાં રાખીશ. તેથી તે બે તેને ઉત્તમ સુવર્ણની જેમ કયો દોષ આપશે? પછી જિનદાસે હા કહી એટલે બુદ્ધદાસ સુભદ્રાની સાથે ક્રમે કરીને દેવલોકને જિતનારી ચંપાનગરીમાં આવ્યો.

સુભદ્રાને જુદા ઘરમાં રાખીને પોતે પોતાના ઘરે ગયો. તેથી સાસુ અને નણંદ સુભદ્રાના દોષોને જોવા લાગી. સુભદ્રા સરળપણે શ્રી જૈનધર્મની આરાધના કરતી હતી. તેના ઘરે ભાત-પાણી આદિ માટે સાધુઓ પણ આવતા હતા. સ્વચ્છન્દી તારી પત્ની એકાંતમાં સાધુઓની સાથે ક્રીડા કરે છે એમ સાસુ વગેરે લોકો બુદ્ધદાસને દરરોજ કહેવા લાગ્યા. બુદ્ધદાસ જવાબ આપતો હતો કે એ શીલવતી છે. તમારે આમ ન બોલવું જોઈએ. શું પ્રલયકાળમાં પણ કયારેય (શુદ્ધ) સોનામાં મલ હોય? બુદ્ધદાસે આવો જવાબ આપ્યો તેથી દુર્જન લોક વિશેષ રીતે બીજું છળ જોવા લાગ્યો. એકવાર તપસ્વી એના ઘરે ભિક્ષા માટે પધાર્યા. ઘાસનું એક તણખલું પવનથી ઉડીને તેમની આંખમાં પડ્યું. શરીરની કોઈપણ જાતની સેવા નહિ કરનારા તે તપસ્વીએ આંખમાંથી તણખલું કાઢ્યું નહિ. સુભદ્રાને ભિક્ષા આપતાં તપસ્વીની આંખમાં પીડા થતી હોવી જોઇએ એવી શંકા થઈ. તેથી તેણે જીભથી જલની મુનિની આંખમાંથી તણખલું કાઢી નાખ્યું. તે વખતે સુભદ્રાના સેંથામાંથી સિન્દૂર તપસ્વીના કપાળે ચોંટી ગયું. તે સિન્દૂર રક્ત (=લાલ) હોવા છતાં [1]વિચિત્ર હતું. કારણ કે તે પાછળથી વિરક્તતાને (=રાગના અભાવને, અર્થાત્ દ્વેષને) કરનારું થશે. માતાએ બુદ્ધદાસને કપાળમાં અલ્પસિંદૂરના ચિહ્નવાળા મુનિને બતાવતાં કહ્યું: હે વત્સ! સતી વહુને જો. ચિહ્નના બળે બુદ્ધદાસ પણ માતાના કથનને માનીને સુભદ્રા ઉપર વિરાગવાળો થયો. સ્ત્રીઓથી કોણ ખંડિત નથી કરાયો? તેણે વિચાર્યું કે- જો આ મહાભાગ્યવંતી પણ નિંદ્ય કાર્ય કરે છે તો નિરાધાર અને વ્યાકુળ બનેલા ગુણો પાતાળમાં ચાલ્યા જાઓ. પતિને સ્નેહ વગરના જોઈને મહાસતીએ વિચાર્યું કે, દોષના મૂળવાળા આ ગૃહસ્થાવાસમાં કલંક લાગે એ આશ્ચર્યકારી નથી. પણ અમૃત જેવા નિર્મલ શ્રીજિનશાસનનો ઓચિંતો આ જે અવર્ણવાદ થયો તે

---

૧. એક પક્ષમાં **चित्र** એટલે વિવિધ રંગવાળું અને એક પક્ષમાં **चित्र** એટલે વિચિત્ર=આશ્ચર્યકારી.

મારા હૃદયમાં વિષાદ કરે છે. જ્યાં સુધી આ શાસનમાલિન્ય દૂર નહિ થાય ત્યાં સુધી હું ચોક્કસ કાયોત્સર્ગ નહિ પારું એમ સંધ્યા સમયે વિચારીને, જિનેશ્વરની પૂજા કરીને, શાસનદેવીનું ધ્યાન કરીને, તે એકાંતમાં કાયોત્સર્ગમાં રહી. એકાગ્ર ચિત્તવાળી તે કાયોત્સર્ગમાં રહી તે જ ક્ષણે શાસનદેવીએ પ્રગટ થઈને તેને અત્યંત સ્પષ્ટ કહ્યું કે, હે પુત્રી! જેમ તપથી પ્રેરાઈને દેવો આવે તેમ હું તારા સત્ત્વથી પ્રેરાઇને આવી છું. જલદી કહે, જેથી હું તારું વાંછિત કરું. આનંદ પામેલી સુભદ્રાએ કાયોત્સર્ગ પારીને શાસનદેવીને નમીને કહ્યું: શાસનને લાગેલાં આ કલંકને દૂર કરો શાસનદેવીએ સુભદ્રાને ફરી કહ્યું: હે વત્સે! ખેદ ન કર. સવારે તારી શુદ્ધિ કરવા સાથે ધર્મપ્રભાવના કરીશ. સુભદ્રાને આ પ્રમાણે કહીને શાસનદેવી અદૃશ્ય થઇ ગઇ. સુભદ્રાએ શેષ રાત ધર્મમાં જ ચિત્ત રાખીને પસાર કરી.

સવાર થતાં દ્વારપાલો નગરના દરવાજાઓને જોરથી ખેંચીને ઉઘાડવા લાગ્યા તો પણ કોઇ પણ રીતે દરવાજા ઉઘડ્યા નહિ. આથી આક્રંદન કરતા પશુઓ અને સઘળા ય નગરજનો વ્યગ્ર બની ગયા. વ્યાકુલ ચિત્તવાળા રાજાએ આ કામ દેવે કરેલું છે એમ માન્યું. પવિત્ર થઈને, ધોયેલાં વસ્ત્રો પહેરીને, બીજા પાસે ધૂપ ધારણ કરાવીને અને અંજલિ જોડીને રાજા બોલ્યો: હે દેવો અને દાનવો! અહીં જે કોઈ કુપિત થયા હોય તે જલદી મારા ઉપર પ્રસન્ન થાઓ. રાજાએ આ પ્રમાણે કહ્યું એટલે આકાશમાં સ્પષ્ટ વાણી પ્રગટ થઈ. તે આ પ્રમાણે:– જો તમારે જલદી દરવાજા ઉઘાડવા હોય તો કોઇ મહાસતી (કાચા) સૂતરના તાંતણાથી બાંધેલી ચાલણીથી કૂવામાંથી પાણી કાઢે, અને તે પાણી નગરના દરવાજાઓને ત્રણ અંજલિઓથી છાંટે. આ સાંભળીને નગરની સ્ત્રીઓ તે જ વખતે તૈયાર થઈ ગઈ. બ્રાહ્મણી, ક્ષત્રિયાણી, વણિકસ્ત્રી અને શૂદ્રસ્ત્રી એવી કોઈ ન હતી કે જે ચાલણીથી પાણી કાઢતી વિલખી ન બની હોય. કોઈ સ્ત્રી સૂતરથી બાંધતી વખતે, કોઈ સ્ત્રી ચાલણીમાંથી પાણી નીકળી ગયું ત્યારે, કોઇ સ્ત્રી ચાલણીને કૂવામાં નાખતી હતી ત્યારે ફજેત થઇ. હવે વિનયવતી સુભદ્રાએ સાસુને મધુરતાથી કહ્યું: હે માતા! જો આપ કહો તો હમણાં હું પણ પોતાને જોઉં. સાસુએ ઉપહાસપૂર્વક કહ્યું: તારું સતીપણું પહેલાં અમોએ જાણેલું જ છે, હમણાં નગરજનોમાં ફજેત ન થા. આ સ્ત્રીઓ સતી હોવા છતાં નગરના દરવાજા ઉઘાડવા સમર્થ ન બની જૈનમુનિની સદા સેવા કરનારી તું સાચે જ સમર્થ છે. સુભદ્રાએ કહ્યું: હે માતા! આપે આ યોગ્ય કહ્યું છે. જો કે હમણાં (શીલપાલનનું) સત્ત્વ હોવું એ દુઃશક્ય છે, તો પણ હું પાંચ [૧]આચારોથી પોતાની પરીક્ષા કરીશ. સુભદ્રાએ આ પ્રમાણે કહ્યું એટલે નણંદો તેના ઉપર હસવા લાગી. સુભદ્રાએ સ્નાન કર્યા પછી ધોયેલાં વસ્ત્રો પહેરીને, પંચનમસ્કારમંત્રનું

૧. સાસુએ સતીત્વની તો ટેકડી ઉડાવી. આથી સુભદ્રાએ સતીત્વથી પોતાની પરીક્ષા કરવાનું ન કહેતાં પાંચ આચારોથી પોતાની પરીક્ષા કરીશ એમ કહ્યું.

સ્મરણ કર્યું. પછી જાણે ગુણોથી બાંધી હોય તેમ સૂતરના તાંતણાથી ચાલણીને બાંધી. એ ચાલણીને લોઢસમૂહના દેખતાં આશ્ચર્ય રીતે કૂવામાં નાખી. પછી પાણીથી ભરેલી ચાલણી કૂવામાંથી બહાર કાઢી. જેમ સિદ્ધો (=મુક્તિમાં જતા જીવો) પોતાના શરીરનો નિરોધ કરે તેમ કૌતુકની આકાંક્ષાવાળા દેવોએ ચાલણીના છિદ્રોને બંધ કરી દીધા. સૂતરના તાંતણા સુભદ્રાના શીલરૂપી સિદ્ધચૂર્ણથી જાણે વજ્ર જેવા દૃઢ બની ગયા હોય તેમ આટલો બધો ભાર હોવા છતાં જલદી રક્ષણ કરાયા, અર્થાત્ શીલના પ્રભાવથી સૂતરના તાંતણા જરા પણ તૂટ્યા નહિ.

પરિવાર સહિત ત્યાં આવીને અંજલિ જોડીને રાજાએ કહ્યું : હે સતી ! સારું થયું. સારું થયું. જલદી નગરના દરવાજા ઉઘાડો. જાણે જગતને જિતનારું યંત્ર હોય તેવા પાણીને ધારણ કરતી, ભદ્રિક ગજેંદ્રના જેવી ગતિવાળી અને વિકસતા મુખવાળી સુભદ્રા પૂર્વના દરવાજા તરફ ચાલી. તેની પાછળ મંત્રીઓ, સામંતો, રાજા અને નગરજનો ચાલી રહ્યા હતા. સ્તુતિપાઠકો જય જય એવા શબ્દો ઉચ્ચારી રહ્યા હતા. આ રીતે તે નગરના પૂર્વના દરવાજા પાસે આવી પહોંચી. પછી પરમેષ્ઠિ નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરતી સુભદ્રાએ ત્રણ અંજલિઓથી તે પાણી દ્વાર ઉપર છાંટ્યું. જેમ જાંગુલી મંત્રના જાપથી વિષથી પીડાયેલાનાં નેત્રો ઉઘડે તેમ બે દરવાજા ઉઘડી ગયા અને દુષ્ટ મનુષ્યોના બે કાન પણ ઉઘડી ગયા. આકાશમાં દુંદુભિઓ વાગી. નગરજનોએ સુભદ્રાની પ્રશંસા કરી. દેવોએ જૈનધર્મનો જય થાઓ, જૈનધર્મનો જય થાઓ એમ જય જયકાર કર્યો. સુભદ્રાએ દક્ષિણ અને પશ્ચિમ દિશાના દરવાજાઓ પણ ઉઘાડીને સાસુ અને નણંદ વગેરે દુર્જનોના મોઢાઓને બંધ કર્યા. ઉત્તર દિશાના દરવાજા પાસે આવીને સુભદ્રા બોલી : જે કોઈ બીજી સ્ત્રી સતીત્વનું ગર્વ ધારણ કરતી હોય તે આ દરવાજાને ઉઘાડશે. સુભદ્રા મહાસતીના શીલમાહાત્મ્યનું સૂચન કરતો ઉત્તર દિશાનો દરવાજો ચંપાનગરીમાં આજે પણ બંધ પડેલો છે. પૃથ્વીતલમાં સુભદ્રાનો આ શીલરૂપી દીપક અપૂર્વ છે. તે દીપક[1] શત્રુરૂપી પાણીના પૂરના સંસર્ગથી વધારે પ્રદીપ્ત બન્યો. જાણે ત્રણ વર્ગની સિદ્ધિ પોતાના હાથમાં રહેલી છે એમ બતાવતી હોય તેમ સુભદ્રા સતીએ નગરીના ત્રણ દરવાજા ઉઘાડ્યા. ચંપાપુરીના લોકો જેના અનેક ગુણો ગાઈ રહ્યા છે એવી સુભદ્રાએ નગરજનો અને રાજાની સાથે ચૈત્યપરિપાટી કરી. પછી રાજાએ સુભદ્રાને ઉત્સવપૂર્વક ઘરે મોકલી. સુભદ્રાએ બધાની સમક્ષ જૈનધર્મનોઉપદેશઆપ્યો. રાજા જૈનધર્મને સ્વીકારીને અને સુભદ્રાની પ્રશંસા કરીને પોતાના મહેલમાં ગયો. આશ્ચર્યયુક્ત બનેલા બધા લોકો પોતપોતાના ઘરે ગયા. પશ્ચાત્તાપ કરતા કુટુંબે પણ તેનું સન્માન કર્યું. માતા-પિતાએ પણ ત્યાં આવીને સુભદ્રાને અભિનંદન આપ્યાં. બુદ્ધદાસે દાસની જેમ સુભદ્રાના બે ચરણકમલમાં પડીને પોતાના

---

૧. સામાન્ય દીપક પાણીના પૂરથી બુઝાઈ જાય, ત્યારે શીલરૂપી દીપક વધારે પ્રદીપ્ત બન્યો. આથી તે અપૂર્વ છે.

અપરાધની માફી માગી. સુભદ્રા ગૃહસ્થધર્મનું પાલન કરીને અને અંતે સંયમનો સ્વીકાર કરીને સુગતિમાં ગઈ. [૫૨]

મહાસતીઓ શીલરક્ષા માટે રાજ્ય વગેરેનાં સુખોમાં લોભાતી નથી એમ જણાવે છેઃ-

नियसीलरक्खणत्थं, तणं व रज्जं च परिहरंतीए ।
सयलसईणं मज्झे, इह रेहा मयणरेहाए ॥५३॥

ગાથાર્થ :-પોતાના શીલની રક્ષા માટે રાજ્યને પણ તૃણની જેમ છોડતી મદનરેખાની સંસારમાં સર્વ સતીઓની મધ્યમાં પ્રતિષ્ઠા છે, અર્થાત્ શીલપાલનનમાં સર્વ સતીઓમાં તેનો જ ઉત્કર્ષ છે.

ટીકાર્થ :-આ પ્રમાણે ગાથાનો શબ્દાર્થ છે. ભાવાર્થ તો દૃષ્ટાંતથી કહે છે :-

મદનરેખાનું દૃષ્ટાંત

અવંતિ દેશમાં લક્ષ્મીથી યુક્ત સુદર્શન નામનું નગર હતું. તે નગરમાં તારાઓ ભોગી માણસોના નિર્માલ્ય પુષ્પો જેવા દેખાતા હતા, અર્થાત્ ભોગી માણસો તારાઓથી પણ અધિક ઉત્તમ વસ્તુઓને ભોગવતા હતા. તેમાં બહુધર્મ કરનાર અને મહારથી એવો મણિરથ રાજા હતો. આકાશમાં રહેલો ચંદ્ર જાણે તેના યશનો પિંડ હોય તેવો જણાતો હતો. યુગબાહુ નામનો યુવરાજ તેનો નાનો ભાઈ હતો. તેની મદનરેખા નામની પત્ની હતી. તે પ્રસિદ્ધ સતી હતી. તેની રૂપસંપત્તિને જોઈને કામદેવ જાતે જ પોતાના આત્મામાં બળ્યો. મહાદેવે કામદેવને બાળ્યો એવો જે લોકપ્રવાદ થયો તે ખોટો છે. હવે મણિરથે કયાંક મદનરેખાને જોઈ. આથી તેને કામદેવે પાંચ બાણોથી હણ્યો. એણે ચિત્તમાં વિચાર્યું કે કામદેવના જીવનસ્વરૂપ મદનરેખાને મારે કોઈ પણ રીતે વશ કરવી જોઈએ. આમ વિચારીને તેને વશ કરવા માટે તેના માટે હંમેશાં ભેટો મોકલવા લાગ્યો. કહ્યું છે કે-**તું જેને વશ કરવાને ઇચ્છે છે તેને પહેલાં ફળ વગેરે ઉત્તમ ભોજ્ય વસ્તુ આપીને તેને સંતોષ પમાડ. તેના સ્વાદમાં લુબ્ધ બનેલ પ્રાણી કાર્ય-અકાર્યને જાણતો નથી.** મદનરેખા પણ મણિરથે મોકલેલ પુષ્પ, તાંબૂલ વગેરેને આ જેઠનો પ્રસાદ છે એમ માનીને આદરપૂર્વક લેતી હતી. એકવાર મણિરથે તેની પાસે દૂતી મોકલી. દૂતીએ મદનરેખાને કહ્યું : હે ભદ્રા ! તમારા ગુણોથી તમારા પ્રત્યે રાગી બનેલા રાજાએ આ પ્રમાણે કહ્યું છે :- હે સુંદર ભમરવાળી મદનરેખા ! જ્યારથી મેં તને બારીમાં રહેલી જોઈ ત્યારથી મારા માટે એક ઘડી એક વર્ષ જેટલી પસાર થઇ છે. તેથી મને પતિ સ્વીકારીને સામ્રાજ્યની માલિક થા. આ પ્રમાણે સાંભળીને ધર્મને જાણનારી મદનરેખાએ દૂતીને કહ્યું : કેટલાક સત્પુરુષોનું મન પણ પરસ્ત્રીમાં જતું નથી, ત્યારે કેટલાકો પુત્ર વગેરેની પત્નીનો પણ સંગ કરવા ઇચ્છે છે. સ્ત્રીઓમાં શીલ નામનો મહાગુણ જગતમાં પ્રસિદ્ધ છે. જેમ જીવ ચાલ્યો જતાં પ્રાણી

માટે બધું નકામું છે તેમ શીલનો નાશ થતાં બધું નકામું છે. તમે જેમના મોટા ભાઇ છો તેમની હું પત્ની છું, આથી ઇશ્વરોજ મારી રાજ્યની માલિકી છે જ. અથવા રાજ્યની માલિકી ભલે ન હો. મારે રાજ્યનું શું કામ છે? વળી– હે દૂતી! તારે મારા વચનથી જેઠને કહેવું કે આ પ્રમાણે બોલતા તમે પોતાના બંધુથી પણ લજ્જા પામતા નથી? દૂતીએ પણ આવીને રાજાને તે પ્રમાણે જ જણાવ્યું. તો પણ તેના રાગમાં આસક્ત રાજા જેમ દારૂડિયો દારૂથી પાછો ન ફરે તેમ પોતાના આગ્રહથી પાછો ન ફર્યો. તેણે વિચાર્યું કે, ચોક્કસ આ ભાઇ જીવે છે તેથી તે મને ઇચ્છતી નથી. આમ વિચારીને જેમ ચોર રાત્રિનું ધ્યાન ધરે તેમ તે બંધુના વધનો ઉપાય વિચારવા લાગ્યો.

હવે આંબાની મંજરીઓથી ઉન્મત્ત બનેલી કોકિલ પક્ષીઓના સ્વરથી સૂચિત થયેલ અને કામદેવરૂપી યુવરાજથી યુક્ત એવી વસંતઋતુ જલદી આવી. જાણે વસંત ઋતુથી આજ્ઞા કરાયેલ પુરુષ ન હોય તેવો વસંતઋતુનો કુશળ પવન વૃક્ષો, વેલડીઓ અને લતામંડપોમાં બધે ફરવા લાગ્યો. વૃક્ષો ઉન્મત્ત ભમરાઓના ગુંજારવના શબ્દોથી જાણે ગીત ગાઈ રહ્યા છે એવા દેખાતાં હતાં, વિકસિત બનેલા પલ્લવોથી જાણે હર્ષમાં આવીને હાથ વડે નૃત્ય કરી રહ્યા છે એવા જણાતા હતા, ઘાસને ઉખેડીને વિકસતી કળીઓવાળાં પુષ્પોથી જાણે વસંતઋતુનું ભેટણું તૈયાર કર્યું હોય એમ જણાતું હતું. લાલ ફૂલોથી યુક્ત, કસુંબાના રંગથી રંગેલાં વસ્ત્રોથી ઉત્તમ અને સફેદ પુષ્પોનો હાર ધારણ કરનારી વનલક્ષ્મી આવી.

જેમ ઇંદ્ર ઇંદ્રાણીની સાથે જાય તેમ, યુગબાહુ મદનરેખાની સાથે વસંતઋતુને સફલ કરવા માટે ઉદ્યાનમાં ગયો. આખો દિવસ પુષ્પોને ચુંટવા વગેરે ક્રીડા કરીને રાતે યુગબાહુ પ્રિયાની સાથે કદલીગૃહમાં નિશ્ચિતપણે સૂઈ ગયો. નિર્દય મણિરથ રાજાએ અવસર જાણીને તલવાર લઈને થોડા પરિવારની સાથે ગુપ્તપણે કદલીગૃહમાં પ્રવેશ કર્યો. તેણે કુલમર્યાદા, જશ, ધર્મ અને શરમ વગેરે મૂકીને ભાઇને તલવારથી ડોકમાં હણ્યો. અહા! કામનો ઉદય કેવો છે? તેથી મદનરેખાએ કરુણસ્વરે પોકાર કર્યો. બધા પહેરીગરો જલદી ભેગા થયા. મણિરથ રાજા પોતાના ઘરે ગયો. મદનરેખાએ પ્રહારને જાણીને પ્રાણનો ત્યાગ કરતા યુગબાહુના કાનની પાસે જલદી આવીને યુગબાહુને આ પ્રમાણે કહ્યું:– હે મહાભાગ્યશાળી! તમે નિરર્થક જરા પણ ખેદ ન કરો. બધે પ્રાણીઓના પૂર્વે કરેલા કર્મનો જ દોષ છે. હવે તમારા પ્રાણો કંઠે આવી ગયા છે, એથી દ્વેષ ન કરો, અન્યથા (=દ્વેષ કરશો તો) તમે અસમર્થ હોવાથી નિરર્થક પરલોકથી ભ્રષ્ટ બનશો. તેથી મનને સમાધિમાં રાખો, જિનનું શરણ સ્વીકારો, મમતાને મૂકો, બધા જીવો પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરો. આ લોકમાં અને પરલોકમાં પણ મારા અરિહંત દેવ થાઓ, સુસાધુઓ ગુરુ થાઓ અને જિને જે કહ્યું છે તે પ્રમાણ થાઓ એ પ્રમાણે ચિંતવો.

---

૧. ધર્મસત્ર–ધર્મશાલા, અર્થાત્ બહુધર્મ કરનાર.

૨. મહારથી=દશ હજાર ધનુર્ધારીઓ સાથે એકલો લડી શકે તેવો યોદ્ધો.

સિદ્ધ ભગવંત આદિની સાક્ષીએ પોતાના સર્વ દુષ્કૃત્યોની નિંદા કરો. બધી વસ્તુઓમાંથી મોહ દૂર કરીને પંચનમસ્કાર મંત્રનું સ્મરણ કરો. જેના નિર્મલ પ્રાણો નમસ્કારમંત્રનું સ્મરણ કરતાં કરતાં જાય તે જો મોક્ષમાં ન જાય તો નિયમા વૈમાનિકદેવ થાય. પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એ શ્રાવકનાં બારવ્રતોનો સ્વીકાર કરો. પૃથ્વી ઉપર મિત્ર, પુત્ર, પત્ની વગેરે એક પણ જીવોનું રક્ષણ કરનાર નથી. આ લોકમાં અને પરલોકમાં ધર્મ જ જીવોનું રક્ષણ કરનાર છે. મનુષ્યભવ વગેરે સામગ્રી ફરી મળવી દુષ્કર છે એમ જાણીને મળેલી તે સામગ્રીના ફલને મેળવો. માટે હે મહામતિ ! પ્રમાદ ન કરો. આ પ્રમાણે મદનરેખાના વચનથી યુગબાહુનો કોપ શાંત થઈ ગયો. તેણે મદનરેખાનું કહેલું બધું સ્વીકાર્યું. પૂર્ણ વૈરાગ્યથી મૃત્યુ પામીને તે બ્રહ્મલોકમાં (=પાંચમા દેવલોકમાં) દેવ થયો.

તે વખતે હાહાકાર મચી ગયો. પુત્ર ચંદ્રયશ અને સર્વ પરિવાર રડવા લાગ્યો. મદનરેખાએ આ પ્રમાણે વિચાર્યું: અહા ! માત્ર વિડંબના જ જેના રૂપનું ફળ થયું તે હું ગર્ભમાંથી જ મૃત્યુ કેમ ન પામી ? કારણ કે જેમ સુગંધ ચંદનના વિનાશનું કારણ બને છે તેમ હું જ હમણાં નિષ્કપટ ચિત્તવાળા પતિના મૃત્યુનું કારણ થઈ. જે દુષ્ટ આત્માએ મારા માટે આ બંધુને માર્યો તે મારા શીલનું ખંડન કરશે આથી મારે યત્નથી શીલનું રક્ષણ કરવું જોઈએ. આ પ્રમાણે વિચારીને પુત્ર વગેરે સર્વ પરિવાર રડી રહ્યો હોવા છતાં એને તૃણની જેમ છોડીને ઉદરમાં ગર્ભને ધારણ કરતી મદનરેખા તે જ વખતે રાત્રિમાં જ પલાયન થઈ ગઇ. તેના પગમાં કાંકરા વગેરેની પીડા થતી હતી, પગમાંથી લોહી નીકળી રહ્યું હતું. આવી સ્થિતિમાં પૂર્વ દિશા તરફ જતી તે એક ભયંકર અટવીમાં આવી. ત્યાર બાદ રાત્રિ પૂર્ણ થઈ. મધ્યાહ્ન સમયે તેણે ફળ વગેરેનું ભક્ષણ કર્યું. કારણ કે ભૂખ અને તરસ વગેરે દુઃસહ્ય છે. પછી [1]સાગારિક પચ્ચક્ખાણ લઈને શ્રમને દૂર કરવા માટે કોઇ લતાગૃહમાં પંચનમસ્કારમંત્રનું સ્મરણ કરીને સૂઈ ગઈ. રાત્રે વાઘ અને સિંહ આદિના શબ્દોથી ત્રાસ પામેલી મદનરેખાએ ત્યાં જ સર્વ અંગોમાં ઉત્તમ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. બાળકને કંબલરત્નમાં વીંટીને તેના હાથમાં પિતાના નામવાળી શ્રેષ્ઠ વીંટી પહેરાવી. પછી વસ્ત્ર વગેરેનું પ્રક્ષાલન કરવા માટે સરોવરમાં પ્રવેશતી મદનરેખાને [2]જલહસ્તીએ સૂંઢમાં લઈને આકાશમાં ઉછાળી. જેમ બાજપક્ષી તેતરને પકડી લે તેમ તે વખતે નંદીશ્વરદ્વીપમાં જવાની ઇચ્છાવાળા એક વિદ્યાધર રાજાએ મદનરેખાને આકાશમાં લઈ લીધી. રોતી મદનરેખાએ

---

૧. સાગારિક એટલે આગારથી સહિત. આગાર એટલે છૂટ. અમુક છૂટ રાખીને લેવામાં આવતા પચ્ચક્ખાણને સાગારિક કહેવામાં આવે છે.

૨. જલહસ્તી એટલે પાણીમાં ઉત્પન્ન થનાર હાથી જેવું એક પ્રાણી.

તેને આ પ્રમાણે કહ્યું :– સાંભળો, આ જંગલમાં તરતમાં જ જન્મેલો મારો બાળક છે. તેને જંગલી પશુઓ ખાઈ જશે, અથવા સ્તનપાન વિના તે સ્વયં મરી જશે, કૃપા કરીને મને બાળક પાસે લઈ જાઓ અથવા તે બાળકને અહીં લઈ આવો. તેણે કહ્યું: જો તું મને પતિ માને તો હું આ કામ કરું. ચોક્કસ તારા જ ભાગ્યથી હમણાં હું આકાશમાં આવી પહોંચ્યો. હું વિદ્યાધર ચક્રવર્તી મણિચૂડનો મણિપ્રભ નામનો વિદ્યાધર રાજા છું. મારા પિતાએ દીક્ષા લીધી છે. પિતાના ચરણોમાં પ્રણામ કરવાની ઈચ્છાથી હું જઈ રહ્યો છું. હે કલ્યાણી ! જેમ પોપટ દ્રાક્ષાને જુએ તેમ મેં તને અહીં જોઈ. તેથી હે મનોહર મુખવાળી ! મારો સ્વીકાર કરીને વિદ્યાધરોની અધિપતિ થા. હે માનિની ! શું કોઈ સ્ત્રી કલ્પવૃક્ષને મેળવીને તેની અવગણના કરે ? તોફાની ઘોડાથી હરણ કરાયેલ મિથિલાનગરીના રાજા પદ્મરથે તારા પુત્રને લઈ લીધો છે. તેની પત્ની પુષ્પમાલા વડે પુત્ર તરીકે પાલન કરાતો તે સુખી છે. આ પ્રમાણે પ્રજ્ઞપ્તિ વિદ્યાથી જાણીને તને મેં આ કહ્યું છે. તેથી વિષાદને મૂકીને મારો સ્વીકાર કર. વિદ્યાધર રાજાએ આ પ્રમાણે કહ્યું તેથી અતિશય ખિન્ન બનેલી મદનરેખાએ હૃદયમાં આ પ્રમાણે વિચાર્યું: શીલની રક્ષા માટે તો હું આટલી ભૂમિ સુધી આવી, તો પણ અહો ! આ ફરી શીલભંગનો પ્રસંગ ઉપસ્થિત થયો. મારે કોઈ પણ રીતે શીલની રક્ષા ચોક્કસ કરવી જોઈએ, અને આ કામથી પીડિત છે. આથી હમણાં તો કાલવિક્ષેપ કરવો એ જ યોગ્ય છે. આમ વિચારીને મદનરેખા બોલીઃ હે મહાભાગ્યશાળી ! પહેલાં તમે મને નંદીશ્વરમાં યાત્રા કરાવો. પછી હું તમારી ઈચ્છા પૂરી કરવા વિષે પ્રયત્ન કરીશ. તેથી ખુશ થયેલો તે મદનરેખાને જલદી નંદીશ્વર લઈ ગયો. ત્યાં ભાવન ચૈત્યોમાં અરિહંતોને વંદન કર્યું.

પછી બંનેએ મણિચૂડ નામના મુનિને વંદન કર્યું. ચાર જ્ઞાનવાળા તે મહાત્માએ પણ પુત્રના ભાવને જાણીને દેશનાથી મણિપ્રભને એવો વૈરાગ્યવાળો કર્યો કે જેથી તેણે ઊભા થઈને મદનરેખાને બહેનની બુદ્ધિથી પ્રણામ કર્યા. મદનરેખાએ મુનિને પુત્રનો વૃત્તાંત પૂછ્યો. મુનિએ પૂર્વના કેટલાક ભવ સહિત પુત્રનો વૃત્તાંત જે પ્રમાણે હતો તે પ્રમાણે જ કહ્યો. આ તરફ જાણે બીજો તેજસ્વી સૂર્ય હોય તેવો અને દેવીઓ જેના ગુણસમૂહને ગાઈ રહી છે તેવો ઉત્તમ દેવ વિમાનને મૂકીને આકાશમાંથી નીચે ઉતર્યો. પછી તે દેવ અતિશય નમ્ર બનીને સતી મદનરેખાને ત્રણ પ્રદક્ષિણા આપીને તેના ચરણકમલમાં નમ્યો. પછી સાધુઓને નમીને યોગ્યસ્થાને બેઠો. આ અયુક્ત છે એમ વિચારીને મણિપ્રભ વિદ્યાધરે દેવને પૂછ્યું: ચાર જ્ઞાનવાળા મહાત્માને મૂકીને પહેલાં તમોએ સ્ત્રીને નમસ્કાર કર્યો. જો તમારા જેવાઓ પણ મર્યાદાનું ઉલ્લંઘન કરે તો એ શું કહેવાય ? આ પ્રમાણે સાંભળીને દેવ જેટલામાં વિદ્યાધર રાજાને જવાબ આપે તેટલામાં તે ચારણમુનિએ વિદ્યાધર રાજાને કહ્યું: કૃતજ્ઞ આ ઉત્તમદેવ ઠપકાને યોગ્ય નથી. કારણ કે પૂર્વભવમાં આ દેવ તલવારના ઘાથી દુઃખી થઈ રહ્યો હતો. એની પત્ની આ

મદનરેખાએ જિનધર્મરૂપી અમૃતના શુદ્ધ ઉપદેશરૂપી [1]ચાંગળાઓથી એના મનને શાંત કર્યું હતું. વધતા વૈરાગ્યવાળો એ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને પાંચમા બ્રહ્મલોક દેવલોકમાં ઉત્તમ દેવ થયો. ધર્માચાર્યને યાદ કરીને એ જલદી અહીં આવ્યો. તે મુનિઓને છોડીને પહેલાં આ મહાસતીને નમ્યો એ યોગ્ય છે. કારણ કે જે સાધુ વડે કે જે શ્રાવક વડે જે જૈનધર્મમાં સ્થિર કરાયો હોય તે સાધુ જ કે તે શ્રાવક જ તેનો ધર્માચાર્ય થાય, આમાં કોઈ સંશય નથી. જગતમાં સમ્યક્ત્વ સારભૂત છે. સમ્યક્ત્વ બધાથી અધિક દુર્લભ છે. તેથી આ જગતમાં જીવોને સમ્યક્ત્વ આપનારે શું નથી આપ્યું ? આ પ્રમાણે સાંભળીને વિદ્યાધર રાજાએ પણ તે દેવની પાસે માફી માગી. દેવે પણ સતી મદનરેખાને આ પ્રમાણે પૂછ્યું: તમારું શું વાંછિત કરું ? મદનરેખાએ કહ્યું: જ્યાં મારો તે પુત્ર છે તે મિથિલાપુરીમાં મને લઈ જા. તેથી દેવ આકાશના માર્ગે મદનરેખાને ક્ષણવારમાં મિથિલાપુરીમાં લઈ ગયો. તે નગરી શ્રી નમિનાથ અને શ્રીમલ્લિનાથ એ બે તીર્થંકરોના જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન કલ્યાણકથી પવિત્ર થયેલી હતી. તે બંનેએ તેમાં રહેલાં ચૈત્યોને વંદન કર્યું. પછી પ્રવર્તિની સાધ્વી પાસે જઈને બંનેએ ધર્મ સાંભળ્યો. પછી દેવે મદનરેખાને કહ્યું: તમે મારી સાથે આવો, જેથી પુત્રને અપાવું. મદનરેખા બોલી: અનાદિ સંસારમાં શું કોઈનો પણ કોઈ પણ પુત્ર છે ? અર્થાત્ કોઈનો કોઈ પુત્ર નથી. આથી ચારિત્ર લેવાની મારી ઇચ્છા હોવાથી સાધ્વીનાં ચરણો મારું શરણ છે. પછી પ્રવર્તિની સાધ્વીને અને મહાસતી મદનરેખાને નમીને દેવ યોગ્ય સ્થાને ગયો. મદનરેખાએ દીક્ષા લીધી.

બાળકના પ્રભાવથી બધા રાજાઓ પદ્મરથ રાજાને નમ્યા, આથી એ બાળકનું નમિ એવું નામ પાડ્યું. ક્રમે કરીને તે કળા અને પુરુષાર્થને જીવવાનું સાધન એવા યૌવનને પામ્યો. પિતાએ તેને એકસો ને આઠ કન્યાઓ પરણાવી. પછી પદ્મરથ રાજાએ તેને રાજ્ય ઉપર સ્થાપન કરીને પોતે દીક્ષાપૂર્વક સુખનો અનુભવ કરીને મોક્ષ મેળવ્યો. આ તરફ મણિરથ રાજાએ જે રાત્રિએ બંધુને હણ્યો તે રાત્રિએ કાળો સર્પ તેને ડસ્યો. રૌદ્રધ્યાનમાં રહેલો તે મરીને ચોથી નરક પૃથ્વીમાં ઉત્પન્ન થયો. તેથી મંત્રિઓએ યુગબાહુના પુત્ર ચંદ્રયશનો રાજ્યાભિષેક કર્યો.

એકવાર નમિરાજાના શ્વેતકાંતિવાળા પટ્ટહસ્તીને વિંધ્યાચળ યાદ આવ્યું. આથી તે આલાનસ્તંભને ઉખેડીને ભાગ્યો. માર્ગમાં એને ચંદ્રયશ રાજાએ પકડી લીધો. નમિ રાજાએ ચરપુરુષો દ્વારા આ જાણ્યું. તેથી તેણે દૂત દ્વારા તે હાથીની ચંદ્રયશ રાજા

---

૧. એક હાથની હથેળીમાં પાણી વગેરે પ્રવાહી પદાર્થ જેટલો સમાય તેટલા માપને ચાંગળું કહેવાય છે. જેમ આંખો બળતી હોય તો ઠંડા પાણીનું એક એક ચાંગળું આંખોમાં છાંટીએ તેથી આંખો શાંત થાય, તેમ મદનરેખાએ જિનધર્મરૂપી અમૃતના શુદ્ધ ધર્મોપદેશરૂપી ચાંગળાઓ યુગબાહુના મનમાં છાંટીને મનને શાંત કર્યું.

પાસે માગણી કરી. ચંદ્રયશ રાજાએ દૂતને કહ્યું: ચોક્કસ નમિ રાજા નીતિનો જાણકાર નથી. બીજાના હાથમાં ગયેલી વસ્તુને એમને એમ ફોગટ જ કેમ મેળવી શકાય? આ રીતે દૂતને તિરસ્કારીને રાજાએ રજા આપી. બલવાન નમિરાજા સેના લઇને ચંદ્રયશ તરફ ગયો. ચંદ્રયશ રાજા પણ તેની સામે આવવા ચાલ્યો, પણ (અશુભ) શુકનોએ તેને રોકયો. આથી તે પોતાના સ્થાને જ સૈન્યથી પરિવરીને રહ્યો. નમિરાજા ત્યાં આવીને તેની નગરીને ઘેરીને રહ્યો. નમિરાજાની માતા સાધ્વીજીએ આ વૃત્તાંત સાંભળ્યો. માણસોનો ક્ષય કરીને આ બે નરકમાં ન જાઓ એમ વિચારીને પ્રવર્તિનીની આજ્ઞા લઇને તે સાધ્વીજી નમિરાજાની પાસે ગયા. નમિરાજાએ ઊભા થઇને સાધ્વીજીને શ્રેષ્ઠ આસન ઉપર બેસાડ્યા. લાંબા કાળથી થયેલી અંતરની પ્રીતિ શું નાશ પામે? અર્થાત્ નાશ ન પામે. પછી સાધ્વીજીએ કહ્યું: હે રાજેંદ્ર! લક્ષ્મી તરંગોના જેવી ચંચળ છે. તેના માટે કરેલો યુદ્ધનો ઉદ્યમ કેવળ નરકના પરિણામવાળો થાય છે. તેમાં પણ મોટા ભાઈની સાથે કેવળ ક્ષયનું જ કારણ એવું ભયંકર યુદ્ધ કરવું એ વિશેષરૂપે તને યોગ્ય નથી. વિસ્મય પામેલા નમિરાજાએ પૂછ્યું: અહીં મારા મોટાભાઈ કોણ છે? સાધ્વીજીએ કહ્યું: ચંદ્રયશ તારો મોટો ભાઇ છે. નમિરાજાએ પ્રશ્ન કર્યો: કેવી રીતે? સાધ્વીજીએ સઘળો સંબંધ કહ્યો. આ સાંભળીને રાજા અન્વયવાળા દૃષ્ટાંતની જેમ (હર્ષ અને શોક એ) [1]ઉભય અવસ્થામાં રહ્યો. નમિરાજાએ પોતાની પાલક માતા પુષ્પમાલાને પૂછયું એટલે તેણે વીંટી અને કંબલરત્ન એ બંને બતાવ્યાં. આથી તેને વિશેષરૂપે ખાતરી થઇ. હવે બંધુ વિષે જેને પ્રેમ બંધાયો છે એવો નમિરાજા તુરત યુદ્ધથી નિવૃત્ત થયો. ઉત્તમ મનવાળા જીવો (પ્રેમ ખાતર) પ્રાણોને પણ તૃણ સમાન ગણે છે. પછી સાધ્વીજી ચંદ્રયશ રાજાની પાસે ગયા. જેમ ચંદ્રને જોઇને સમુદ્રની વેલા ઊભી થાય છે (=સમુદ્રમાં પાણીની વૃદ્ધિ થાય છે) તેમ ત્યાં સાધ્વીજીને જોઈને બધા ઊભા થયા. જેની આંખમાં હર્ષના આંસુઓ વહી રહ્યા છે એવા ચંદ્રયશ રાજાએ માતાને ભક્તિથી પ્રણામ કરીને માતાના મુખથી સર્વ વૃત્તાંત સાંભળ્યો. જેમ મેઘગર્જનાને સાંભળીને મયૂર હર્ષ પામે તેમ માતા પાસેથી નમિરાજા ભાઈ છે એમ જાણીને શ્રી ચંદ્રયશ અતિશય હર્ષ પામ્યો. પછી ચંદ્રયશ રાજા ઘણા આડંબરથી આદરપૂર્વક નમિરાજાની સામે ગયો. ચંદ્રયશ રાજાને પોતાની પાસે આવતો સાંભળીને નમિરાજા પણ હર્ષથી તેની સામે ગયો. સૂર્ય અને ચંદ્રની જેમ બંને પ્રેમથી મળ્યા, પછી બળદેવ અને વાસુદેવની જેમ મિથિલાપુરીમાં પ્રવેશ કર્યો. હવે ચંદ્રયશે નમિને કહ્યું: હે વત્સ! પિતાના મૃત્યુ પછી મને દીક્ષા લેવાની ઇચ્છાથી રાજ્યમાં પણ આદર રહ્યો નથી. તેથી હવે તું રાજ્યને સ્વીકારીને મને કૃતાર્થ કર. આ પ્રમાણે સમજાવીને ચંદ્રયશે નમિનો રાજ્યાભિષેક કર્યો, અને પોતે દીક્ષા લઇને

૧. ચંદ્રયશ રાજા મારો ભાઈ છે એમ જાણીને હર્ષ થયો અને ભાઈની સાથે યુદ્ધ કર્યું એવા વિચારથી શોક થયો.

આત્મકલ્યાણ સાધ્યું. જેણે શત્રુઓને નમાવ્યા છે એવો નમિરાજા અખંડ બંને રાજ્યનું પાલન કરવા લાગ્યો.

એકવાર નમિરાજાના શરીરમાં પૂર્વનાં કર્મોથી પ્રેરિત અને જાણે ઉષ્ણનામકર્મના ઉદયની ચરમસીમા હોય તેવો, અર્થાત્ અતિશય ઉગ્ર એવો છ મહિનાનો મહાન દાહ થયો. તેની શાંતિ માટે અંતઃપુરની સર્વ સ્ત્રીઓ ગોશીર્ષચંદન ઘસવા લાગી. આ વખતે સ્ત્રીઓના હાથમાં પહેરેલાં કંકણોનો (=મંગડીઓનો) અવાજ થવા લાગ્યો. જાણે અગ્નિને સ્પર્શ કર્યો હોય તેવા દાહથી ઉદ્વિગ્ન બનેલા તેને જેમ શોકથી ઘેરાયેલાને વીણાનો ધ્વનિ દુઃખી કરે તેમ કંકણોના અવાજે દુઃખી કર્યો. તેથી નમિરાજાના કહેવાથી અવાજને બંધ કરવા માટે સ્ત્રીઓએ ક્રમશઃ એક એક કંકણને હાથમાંથી ઉતારીને એક કંકણ પહેરી રાખ્યું. અર્થાત્ પહેલાં એક કંકણ ઉતાર્યું એટલે અવાજ થોડો ઓછો થવાથી રાજાને જરા શાંતિ થઇ, આથી પછી બીજું એક કંકણ ઉતાર્યું, પછી ત્રીજું કંકણ ઉતાર્યું, એમ ક્રમશઃ એક એક કંકણ ઉતાર્યું. છેવટે સૌભાગ્યનાં ચિહ્ન માટે એક કંકણ હાથમાં રહેવા દીધું. આ તરફ તેના ચારિત્રાવરણીય કર્મરૂપ બંધનો તૂટી જતાં એને શુભ ભવિષ્યવાળો વિચાર આવ્યો. તે આ પ્રમાણેઃ– કંકણશ્રેણિના દૃષ્ટાંતથી બહુપરિગ્રહવાળો જીવ અવશ્ય દુઃખી થાય છે. તેથી એકલા બનવું એ શ્રેષ્ઠ છે, અર્થાત્ જેમ ઘણાં કંકણો હતાં તો તેમાંથી અવાજ થતો હતો અને એથી દુઃખ થતું હતું, પણ એક કંકણ રહ્યું તો અવાજ બંધ થયો અને દુઃખ પણ ગયું, તેમ જીવ એકલો બને તો સુખી થાય. આથી જો આ મારો દાહ શાંત થશે તો હું ચારિત્ર સ્વીકારીશ. આમ વિચારીને તે સૂઈ ગયો. ઉંઘમાં તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે પોતાને મેરુપર્વત ઉપર સફેદ હાથી ઉપર આરૂઢ થયેલો જોયો. સવારે રાજા ઉઠ્યો. તે દાહથી મુક્ત બની ગયો. સ્વપ્નનો વિચાર કરતાં કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે પુત્રને રાજ્ય ઉપર બેસાડીને પોતે દીક્ષા લીધી. નગરના દેવતાએ આપેલો વેશ પહેર્યો. મમત્વથી રહિત નમિરાજર્ષિ ત્યાંથી નીકળી ગયા.

તે વખતે ઇંદ્રે અવધિજ્ઞાનથી નમિરાજર્ષિને જોયા. નમિરાજર્ષિના આશ્ચર્યકારી પ્રતિબોધથી હર્ષ પમાડાયેલ ઇંદ્ર બ્રાહ્મણનું રૂપ કરીને તેમની પરીક્ષા કરવા માટે તેમની પાસે આવ્યો. બ્રાહ્મણે નમિરાજર્ષિને કહ્યું: પ્રવ્રજ્યાનું મૂળ દયા છે એમ જ્ઞાનીઓ કહે છે. તમે દીક્ષા લીધી એથી આ પ્રજા દુઃખના કારણે આક્રંદન કરે છે. તમારી દીક્ષા પૂર્વાપર વિરુદ્ધ છે. આથી હે મહાભાગ્યશાલી! પહેલાં સુખને અનુભવીને આ પ્રમાણે દીક્ષા લેવાને યોગ્ય છે. નમિરાજર્ષિ બોલ્યા: મારું કોઈ નથી અને હું કોઇનો નથી. હું કોઈને દુઃખી કરતો નથી, અને મારા માટે કોઈ જીવ દુઃખી થતો નથી. બધા જીવો સ્વાર્થ માટે પ્રયત્ન કરે છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ ન થાય તો દુઃખ પામે છે. તેથી મમત્વથી રહિત ચિત્તવાળો હું પણ સ્વાર્થને સાધું છું. આ પ્રમાણે ઇંદ્રના

વચનોના યુક્તિપૂર્વક પ્રત્યુત્તરો આપતા મહામુનિએ પોતાના નિર્મમત્વભાવથી બ્રાહ્મણને નિરુત્તર કરી દીધો. તેથી ઇંદ્રે પોતાના સ્વાભાવિક રૂપમાં રહીને નમિરાજર્ષિને ભક્તિથી પ્રણામ કર્યાં પછી તે પોતાના સ્થાને ગયો. નમિરાજર્ષિએ પણ મોક્ષને મેળવ્યો. જેની બુદ્ધિ સમતામાં જોડાયેલી છે એવી મદનરેખા વિવિધ તપોથી પોતાના કર્મરૂપી પ્રબલ-મલના ડાઘને ધોઈને અને શીલ વિષે સ્વ-પરનું હિત કરનારી પ્રતિષ્ઠાને પામીને મોક્ષ-રૂપી લક્ષ્મીનું ભાજન થઈ. [૫૩]

શીલને જીવાડનારાં મહાસતીઓનાં દૃષ્ટાંતોને કહે છે :-

नंदउ सीलानंदिय–जणविंदा सुंदरी महाभागा ।
अंजणसुंदरिनम्मय–सुंदरिरइसुंदरीओ य ॥५४॥

ગાથાર્થ :- શીલથી લોકસમૂહને આનંદિત કરનારી અને મહાભાગા (=મહાન ભાગ્યવતી) એવી સુંદરી, અંજનાસુંદરી, નર્મદાસુંદરી અને રતિસુંદરી લાંબો કાળ જય પામો.

ટીકાર્થ :- મહાભાગાનું લક્ષણ આ છે:- જેનો જન્મ દુષ્ટ અપવાદોથી હણાયો નથી તે સ્ત્રી મહાભાગા છે. કહ્યું છે કે-**"જેને જન્મથી પ્રારંભી મરણ સુધી અત્યંત સૂક્ષ્મ પણ દૂષણ ન લાગે તે સ્ત્રી પૃથ્વી મંડલમાં મહાભાગા જાણવી."** આ પ્રમાણે ગાથાનો શબ્દાર્થ છે. ભાવાર્થ તો કથાઓથી જાણવો. તેમાં પહેલું સુંદરીનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે :-

સુંદરીનું દૃષ્ટાંત

આ જ અવસર્પિણીમાં પ્રારંભમાં વિનીતાનગરીમાં શ્રીનાભિરાજાના પુત્ર શ્રીઋષભ-પ્રભુ રાજ્યનું પાલન કરતા હતા. તેમની સુમંગલા અને સુનંદા નામની બે પત્નીઓ હતી. એકવાર સુમંગલાએ ચૌદ મહાસ્વપ્નો જોયા. તેણે તે સ્વપ્નો જ્ઞાનથી શોભતા ઋષભસ્વામીને કહ્યા. ઋષભપ્રભુએ પણ કહ્યું : તને ચોક્કસ ચક્રવર્તીપુત્ર થશે. પ્રભુના જન્મથી છ લાખ પૂર્વ જેટલો કાળ ગયા પછી સુમંગલાએ પહેલાં ભરત અને બ્રાહ્મીરૂપ યુગલને જન્મ આપ્યો. જેમ સુગુરુ પાસેથી લીધેલી વિદ્યા જ્ઞાન અને વાસનાને (=સંસ્કારને) જન્મ આપે તેમ સુનંદાએ પણ સુંદર આકૃતિવાળા બાહુબલિ અને સુંદરી એ બેને જન્મ આપ્યો. જેમ રત્નની ખાણ રત્નની પરંપરાને (=એક પછી એક) જન્મ આપે તેમ સુમંગલાએ ફરી ઓગણપચાસ પુત્ર-પુત્રીરૂપ યુગલને જન્મ આપ્યો. જેમ વિંધ્યપર્વતમાં હાથીના બચ્ચાઓ મોટા થાય તેમ તે બધા ક્રમે કરીને મોટા થયા. જેમ હાથીઓના ટોળાનો નાયક હાથી શોભે તેમ પુત્ર-પુત્રીઓથી પરિવરેલા ઋષભપ્રભુ શોભતા હતા. પ્રભુએ લોકવ્યવહારની પ્રવૃત્તિ માટે સો શિલ્પોને કહીને ભરતને બહોંતેર કળાઓ શીખવી. ભરતે પણ અન્ય બંધુઓને તે કળાઓનો અભ્યાસ કરાવ્યો. સારા ક્ષેત્રમાં વાવેલા ડાંગરના બીજની જેમ સારા પાત્રમાં પડેલી વિદ્યા સો પ્રકારે ભેદાય છે, અર્થાત્

ઘણી વૃદ્ધિ પામે છે. પછી પ્રભુએ બાહુબલિને પુરુષ, સ્ત્રી, હાથી અને અશ્વના સર્વલક્ષણો અનેક ભેદોથી શિખવાડ્યા. બ્રાહ્મીને જમણા હાથથી અઢાર લિપિઓ શિખવાડી. સુંદરીને ડાબા હાથથી ગણિત શિખવાડ્યું. હવે જેમનાં ભોગવાળાં કર્મો ક્ષીણ થઈ ગયા છે અને જેમનો મોહબંધન છૂટી ગયો છે એવા ઋષભપ્રભુ સંસારસંબંધી વૈરાગ્યભાવના ભાવવા લાગ્યા. તેવામાં લોકાંતિક દેવોએ આવીને પ્રભુને વિનંતિ કરી કે, હે સ્વામી! આપ લોકવ્યવસ્થાની જેમ ધર્મતીર્થ પ્રવર્તાવો. પછી પ્રભુએ ભરતને સામ્રાજ્યરૂપી સંપત્તિ આપી. દેશોનો વિભાગ કરીને બીજા પુત્રોને યથાયોગ્ય દેશો આપ્યા. પછી દીક્ષા લઈને આર્ય અને અનાર્ય દેશોમાં મૌનપણે વિચરતા અને હાથરૂપી પાત્રને ધારણ કરતા પ્રભુએ એક વર્ષે ઈક્ષુરસથી પારણું કર્યું. જેમ ઋષભપ્રભુએ સર્વ નીતિઓની (=ઉચિત વ્યવહારોની) મર્યાદા પ્રવર્તાવી તેમ આ દાનધર્મ શ્રેયાંસકુમારે જ પ્રવર્તાવેલો છે. ત્યારથી જ પ્રજામાં દાનધર્મની શરૂઆત થઈ છે. છદ્મસ્થમુદ્રાથી સર્વદેશોમાં વિચરતા પ્રભુએ એક હજાર વર્ષ સહેલાઈથી પસાર કર્યા. ઋષભપ્રભુએ અયોધ્યાની પાસે આવેલા પુરિમતાલ નામના નગરમાં જઈને તે નગરના શકટમુખ-ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. ત્યાં અટ્ઠમતપના પચ્ચક્ખાણવાળા અને ન્યગ્રોધવૃક્ષની નીચે બેઠેલા ત્રણ જગતના ગુરુ શ્રી ઋષભદેવને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી ઇંદ્રોએ સમવસરણની રચના કરી. આ તરફ રાજ્યનું પાલન કરતા ભરત રાજાની સભામાં જાણે આ લોકની અને પરલોકની લક્ષ્મીના દૂતો હોય તેવા યમક અને શમક નામના બે પુરુષો એકી સાથે ગયા. તેમાં એકે ઋષભપ્રભુને કેવલજ્ઞાન પ્રગટ થયું છે એ સમાચાર આપ્યા. બીજાએ શસ્ત્રશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું છે એવા સમાચાર આપ્યા. જીવઘાતનું કારણ એવા ચક્રની પૂજાવિધિની ઉપેક્ષા કરીને ભરત મહારાજા ત્રણલોકને અભય આપનારા નાથને નમવા માટે ત્યાંથી જલદી ચાલ્યા.

પરિવાર સહિત ભરત મહારાજા ઉત્તર દિશાના દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરીને તીર્થનાથને હર્ષપૂર્વક વંદન કર્યું. પછી ભરત મહારાજા ઇંદ્રના અર્ધા આસન ઉપર બેઠા અને અંજલિ જોડી એટલે પ્રભુએ સર્વજીવોને પોતપોતાની ભાષામાં સમજાય તેવી વાણીથી દેશના આપી. તે આ પ્રમાણે:- વૃદ્ધાવસ્થા, માનસિક પીડા, શારીરિક પીડા અને દુર્દશારૂપી મગરમચ્છના સમૂહોની (વિવિધ) જાતિઓથી ભરેલા આ સંસારરૂપી ખારા સાગરમાં જીવોને સુખ શું છે? જેમાં સુખો દૂર કરાયાં છે અને જે કરોડો દુઃખોથી ભરેલો છે એવા આ સંસારમાં મરુભૂમિની જેમ રાગ કોણ કરે? વિષયો દુર્જનના વચનની જેમ અવશ્ય ભયંકર પરિણામવાળા છે. જીવોનો પ્રેમ પાકેલા ફળની જેમ પડવાના (=નાશ પામવાના) સ્વભાવવાળો છે. હે બુદ્ધિમાન જીવો! ચારગતિવાળો સંસાર દુઃખરૂપ છે એમ વિચારીને સર્વથા મોક્ષ માટે જ પ્રયત્ન કરો. પણ તે મોક્ષ

સર્વસાવદ્યોની[૧] વિરતિ વિના દુર્લભ છે. આથી સર્વ સાવદ્યોની વિરતિનો સ્વીકાર કરીને સર્વ દુઃખોને જલાંજલિ આપો. આ પ્રમાણે દેશના સાંભળીને ભરત મહારાજાના પાંચસો પુત્રોએ અને સાતસો પૌત્રોએ દીક્ષા લીધી. ભરત મહારાજાની રજાથી બ્રાહ્મીએ પણ દીક્ષા લીધી. અમૃતના કુંડને મેળવીને તૃષાવાળો કોણ અમૃતકુંડને લેવામાં વિલંબ કરે ? ચારિત્ર લેવાની ઇચ્છાવાળી સુંદરીને બાહુબલિએ ચારિત્ર લેવાની રજા આપી, પણ ભરત મહારાજાએ નિષેધ કર્યો. આથી તે પ્રભુની પહેલી શ્રાવિકા થઈ. સુંદર કાંતિવાળી અને લાવણ્યના અસાધારણ તરંગોવાળી સુંદરીને આ સ્ત્રીરત્ન થશે એવી ઇચ્છાથી તે વખતે રાખી. ભરત મહારાજાએ સ્વામીના ચરણોમાં શ્રાવકધર્મ સ્વીકાર્યો. પછી ચક્રરત્નની પૂજા કરવાની ઇચ્છાવાળા ભરત મહારાજા જલદી શસ્ત્રશાળામાં આવ્યા. ચક્રને ચારે બાજુ પ્રદક્ષિણા આપીને નમસ્કાર કર્યો. પછી અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને દિગ્વિજય કરવા માટે પ્રયાણ કર્યું. સદા સોળહજાર યક્ષોથી પરિવરેલા ચક્રવર્તીએ ભરતક્ષેત્રના છ ખંડોને સાધ્યા. ચક્ર, છત્ર, ખડ્ગ અને દંડ એ એકેંદ્રિય ચાર રત્નો ચક્રવર્તીની શસ્ત્રશાળામાં ઉત્પન્ન થયા. જાણે જ્ઞાન, દર્શન અને ચારિત્ર હોય તેવા કાકિણી ચર્મ અને મણિ એ ત્રણ રત્નો ચક્રવર્તીના મહાન કોષમાં ઉત્પન્ન થયા. સેનાપતિ, ગૃહપતિ, પુરોહિત અને વર્ધકી એ ચાર નરરત્નો વિનીતાનગરીમાં ઉત્પન્ન થયા. હસ્તિરત્ન અને અશ્વરત્ન એ બે વૈતાઢ્ય પર્વતની તળેટીમાં ઉત્પન્ન થયાં. સ્ત્રીરત્ન ઉત્તર વિદ્યાધર શ્રેણીમાં ઉત્પન્ન થયું. જેમ જંબૂદ્વીપ ગંગા અને સિંધુ વગેરે ચૌદ નદીઓથી શોભે છે તેમ મહારાજા ચૌદરત્નોથી શોભતા હતા. ભરતના અધિપતિ ભરતચક્રવર્તી સાઠ હજાર વર્ષો પછી સર્વ સમૃદ્ધિની સાથે વિનીતા નગરીમાં આવ્યા. પછી બાર વર્ષ સુધી ભરત મહારાજાનો ચક્રવર્તીપદનો અભિષેક થયો. ત્યારબાદ સ્વજનોના દર્શનની ઉત્કંઠાવાળા ભરત મહારાજા સ્વજનોને યાદ કરવા લાગ્યા. તેથી રાજસેવકોએ તેમને સુંદરી બતાવી. તેમણે સુંદરીને જોઈ તો તેના રૂપ અને લાવણ્ય હિમ પડવાથી કરમાયેલી કમલિનીની જેમ, અત્યંત સૂકાયેલી કદલીની જેમ, દિવસે ચંદ્રકલાની જેમ, અત્યંત નિસ્તેજ બની ગયા હતા. શરીરરૂપી લતામાં માત્ર હાડકાં રહ્યાં હતાં. સુંદરીને જાણે બીજા ભવમાં આવી હોય તેવી અને અન્યના જેવા શરીરવાળી કૃશ જોઈને ભરત મહારાજાએ સેવકોને આ પ્રમાણે કહ્યું:– અરે ! શું મારા ઘરમાં તેવી ધાન્યરૂપ સંપત્તિ નથી ? જો એમ હોય તો ચોક્કસ બીજ ઉત્પન્ન કરનારી પણ ભૂમિ બીજ વિનાની હોય તેમ સંભવે છે. અથવા શું કૃપણતાના કારણે અહીં કોઈ પણ માણસ પોતાની ઇચ્છા પ્રમાણે ખાઈ શકતો નથી ? જો એમ હોય તો સમજવું કે ખારા સમુદ્રમાં ઉત્પન્ન થયેલા પ્રાણીઓ પણ ખારા રસની

---

૧. સાવદ્ય એટલે પાપવાળા મન-વચન અને કાયા એ ત્રણ યોગો. પાપવાળા મન, વચન અને કાયા એ ત્રણ યોગોનો સર્વથા ત્યાગ કરવો એ સર્વ સાવદ્યોની વિરતિ છે. સર્વસાવદ્યોની વિરતિ એટલે જ દીક્ષા.

રુચિવાળા છે. અથવા શું આ રસોઇયાઓ પોતાના કાર્યમાં તત્પર નથી ? જો એમ હોય તો કામની ચોરી કરનારા હોવાથી રસોઇયાઓને પણ દૂર કરવા જોઈએ. અથવા શું ખજૂર, [1]ખારેક, દ્રાક્ષા, નાળિયેર અને ફળો વગેરે તથા સુખડી વગેરે દરિદ્રના ઘરમાં ન હોય તેમ નથી ? શું ઉદ્યાનોમાં વૃક્ષો ફલથી રહિત બની ગયા છે ? જો એમ હોય તો સમજવું કે કલ્પવૃક્ષો પ્રાર્થનાથી વિમુખ બની ગયા છે, અર્થાત્ પ્રાર્થના કરવા છતાં કલ્પવૃક્ષો કંઈ આપતા નથી. અથવા શું ઘડા જેવા આઉવાળી પણ ગાયો દૂધ આપતી નથી ? જો એમ હોય તો સમજવું કે ગંગા, સિંધુ વગેરે નદીઓ ભયંકર ઉનાળાના તાપથી સુકાઈ ગઈ છે. હવે જો ભોજન વગેરે સામગ્રી હોવા છતાં આ સુંદરી કંઈ ખાતી નથી તો કોઈ રોગ તેને પીડા કરે છે. જો તેમ હોય તો રોગનો પ્રતિકાર કરવામાં કુશળ એવા બધા ઉત્તમ વૈદ્યો મરુભૂમિમાં પાણીની નહેરની જેમ શું મરી ગયા છે ? હવે જો અમારા મહેલમાં દિવ્ય ઔષધિ તમને ન મળી તો સમજવું કે તે હિમાલય પર્વત અવશ્ય ઔષધિથી રહિત બની ગયો છે. અહો ! આ સુંદરી જાણે જન્મથી જ દુઃખોથી ઘડેલી હોય તેમ કસાઈના ઘરમાં બાંધેલી બકરીની જેમ દુર્બલ કેમ થઈ ગઈ છે ? સેવકોએ ભરત મહારાજાને નમીને આ પ્રમાણે કહ્યું:—આપના ઘરમાં કલ્પવૃક્ષની જેમ અન્ન (વગેરે) કાંઈ પણ દુર્લભ નથી. પણ આપે જ્યારથી દિગ્વિજય કરવા માટે પ્રયાણ કર્યું, ત્યારથી સુંદરી સદા આયંબિલ કરે છે. આપે જ્યારે તેને દીક્ષા લેતી અટકાવી ત્યારથી જ તે ભાવથી સાધ્વીની જેમ રહી છે. ભરત મહારાજાએ સુંદરીને પૂછ્યું: હે કલ્યાણિની ! શું તું પૂજ્ય પિતાજીની પાસે દીક્ષા લેવાને ઇચ્છે છે ? સુંદરીએ તેવી ઇચ્છા છે એવો પ્રત્યુત્તર આપ્યો. ભરત મહારાજા ફરી બોલ્યા: મેં પ્રમાદથી અથવા મૂઢતાથી આટલા કાળ સુધી મહાસતી સુંદરીને દીક્ષા લેવામાં અંતરાય કર્યો. તેથી હમણાં પણ પોતાનું વાંછિત સાધતી આ મહાસતી જ ચોક્કસ પૂજ્ય પિતાજીની સાચે જ સુંદરી છે—સુંદર છે, અર્થાત્ પૂજ્ય પિતાજીના બધા સંતાનોમાં આ સુંદરી જ અધિક સુંદર છે. મદિરાથી ઉન્મત્ત બનેલાની જેમ હિતાહિતને નહિ જાણતા અમે વિષયોમાં આસક્ત બનીને રાજ્યસંપત્તિમાં મૂર્છા ધારણ કરીએ છીએ. આવા અમને ધિક્કાર થાઓ ! જેમ ભોગ સુખોને ભોગવનારા માણસો નાશવંત સુગંધવાળા પુષ્પોથી પોતાની ભોગવાંછાને સાધે છે, તેમ યોગીઓ નાશવંત આ શરીરથી જ મોક્ષને સાધે છે. માનસિક પીડા, શારીરિક રોગ, મળ, મૂત્ર, મેલ અને પરસેવા સ્વરૂપ આ શરીરને કુંગળીના ટુકડાની જેમ સુગંધી કરવાનું શક્ય નથી. તેથી આ શરીરથી ચારિત્રરૂપ ફળ મેળવવામાં આવે તે સારું છે. નિપુણ મનુષ્યો જ રેતીમાંથી સુવર્ણના અંશોની જેમ આ શરીરથી ચારિત્રરૂપ

---

૧. અહીં **उत्तंतिका** શબ્દ સંસ્કૃત કે પ્રાકૃત શબ્દકોષમાં મારા જોવામાં આવ્યો નથી. આથી મેં સંબંધને અનુસરીને તેનો ખારેક અર્થ કર્યો છે.

ફળ મેળવે છે. હવે હર્ષ પામેલા ભરત મહારાજાએ સુંદરીને દીક્ષાની અનુમતિ આપી. ત્યારે સુંદરી કૃશશરીરવાળી હોવા છતાં હર્ષથી પુષ્ટ શરીરવાળી સ્ત્રીની જેમ શોભી

આ તરફ ઉનાળાના તાપથી તપેલા જીવો માટે મેઘ સમાન શ્રી ઋષભપ્રભુ વિહાર કરીને અષ્ટાપદ પર્વત ઉપર પધાર્યા. અષ્ટાપદપર્વત ઉપર શ્રી ઋષભપ્રભુ પધાર્યા છે, અને દેશના આપી રહ્યા છે, એવા સમાચાર ઉદ્યાનપાલકોએ જલદી ચક્રવર્તીને આપ્યા. આ સમાચાર સાંભળીને (છ ખંડના) વિજયથી પણ અધિક હર્ષને ધારણ કરતા ભરત મહારાજાએ ઉદ્યાનપાલકોને સાડા બાર ક્રોડ સુવર્ણ આપ્યું. ભરત મહારાજાએ સુંદરીને કહ્યું: ખરેખર! તારા મનોરથની સિદ્ધિ માટે ખેતરમાં સ્વાતિનક્ષત્રના વર્ષાદની જેમ જગદ્‌ગુરુ પૂજ્ય પિતાજી અષ્ટાપદપર્વત ઉપર પધાર્યા છે. હવે ભરત મહારાજાની આજ્ઞાથી અંતઃપુરની સ્ત્રીઓએ સુંદરીનો દીક્ષા સ્વીકારનો અભિષેક કરાવ્યો, અર્થાત્ સ્નાન કરાવ્યું. પછી વિલેપન કરીને શીલથી સુંદર એવી સુંદરીએ જેમ શરદઋતુમાં આકાશ ઉજ્જવળ વાદળોને ધારણ કરે તેમ ઉજ્જવળ બે વસ્ત્રો ધારણ કર્યા. તે વખતે તેના શરીરમાં કિંમતી અને તેજસ્વી રત્નના અનેક અલંકારો જાણે નિર્મલ શીલના અલંકારો હોય તેમ શોભવા લાગ્યા. તે વખતે સુંદરીના રૂપ સૌંદર્યની આગળ સુભદ્રા નામનું સ્ત્રીરત્ન તો જાણે દાસી હોય તેવું દેખાવા લાગ્યું. પછી ભાદરવા માસની મેઘશ્રેણિની જેમ ગરીબોને ઇચ્છા પ્રમાણે દાન આપતી તે શિબિકામાં આરૂઢ થઈ. સફેદ છત્રથી તે શોભતી હતી. તેને ચામરો વીંઝવામાં આવતા હતા. મંગલપાઠકો તેના અનેક ગુણોની ખૂબ પ્રશંસા કરી રહ્યા હતા. તે અંતઃપુરના પરિવાર, સૈન્ય અને અનેક રાજાઓથી શોભતી હતી. હર્ષથી પુષ્ટચિત્ત-વાળા ભરત મહારાજા તેની પાછળ ચાલી રહ્યા હતા. તેની ભાભીઓ ભક્તિથી મંગલ ગીતો ગાઈ રહી હતી. સુંદર સ્ત્રીઓ પગલે પગલે તેનું લૂણ ઉતારતી હતી. વાગી રહેલા વાજિંત્રોના ઊંચે જતા નાદોથી આકાશ બહેરું થઈ ગયું હતું. આ પ્રમાણે આવતી મહાસતી સુંદરી પૂજ્ય પિતાજીથી પવિત્ર થયેલ અષ્ટાપદ પર્વત ઉપર આવી. પછી વૈરાગ્યની વાતો કરવામાં કુશળ ભરત અને સુંદરી ભવભયવાળા જીવોનું શરણ એવા સમવસરણ પાસે આવ્યા. ધર્મચક્રવર્તી શ્રી ઋષભપ્રભુને ભરત ચક્રવર્તીએ આદરથી વંદન કર્યું. સુંદરીએ વંદન કરીને અને અંજલિ જોડીને પ્રભુને ગદ્‌ગદ વાણીથી આ પ્રમાણે કહ્યું: હે ત્રિજગત્પતિ! ઘણા કાળથી આપ મનથી પ્રત્યક્ષ જ હતા, પણ ઘણું પુણ્ય એકઠું થવાથી ભાગ્યયોગે આજે આપ નજરથી પ્રત્યક્ષ જોવામાં આવ્યા છો. ભરત મહારાજાના દબાણથી આટલા કાળ સુધી મેં ચારિત્ર ન લીધું. તેનાથી હું જાતે જ છેતરાણી છું. મારી મોટી બહેન બ્રાહ્મી, ભત્રીજાઓ અને તેમના પુત્રો તે બધા ધન્ય છે કે જેમણે આપના માર્ગનો સ્વીકાર કર્યો છે. હે વિશ્વવત્સલ! મને દીક્ષા આપીને તારો તારો! આખા જગતને પ્રકાશિત કરનાર સૂર્ય શું ઘરને પ્રકાશિત ન કરે? હે મહાભાગ્યવંતી! હે મહાસત્ત્વવંતી! સારું સારું એમ બોલતા પ્રભુએ સુંદરીને ભવરૂપી સમુદ્રને તરવા માટે નૌકા સમાન

દીક્ષા આપી. પછી પ્રભુએ સુંદરીને ધર્મરૂપી ઉદ્યાન માટે પાણીની નીક સમાન અને અમૃતતુલ્ય હિતશિક્ષા સંબંધી ઉપદેશ આપ્યો. પછી પોતાને કૃતકૃત્ય જેવા અને તપરૂપ ધનવાળા સાધ્વીજી સુંદરી સાધ્વીસમુદાયમાં ક્રમ પ્રમાણે બેઠા. પ્રમોદથી પૂર્ણ બનેલા ભરત મહારાજા દેશના પૂર્ણ થયા પછી પ્રભુજીને, સાધુઓને અને સાધ્વીજીઓને વંદન કરીને અયોધ્યામાં ગયા. બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ એવા સાધ્વીજી શ્રી સુંદરીએ પણ બે પ્રકારની શિક્ષા ગ્રહણ કરીને નિરતિચાર અને વિધિપૂર્વક ચારિત્ર પાળ્યું. જેમ સ્વાતિનક્ષત્રમાં છીપ મોતીને પ્રાપ્ત કરે તેમ સુંદરીએ નિર્દોષ તપશ્ચર્યાઓથી ઘાતીકર્મોનો નાશ કરીને કેવલજ્ઞાન મેળવ્યું. શ્રી સુંદરી અનુપમ શીલની નિર્મલતાથી ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનને ઘણા કાળ સુધી પાળીને, અર્થાત્ ઘણા કાળ સુધી કેવલી અવસ્થામાં રહીને, પર્વતોમાં ઉત્તમ અષ્ટાપદ પર્વત ઉપર અનંત સુખવાળા મોક્ષને પામ્યા.

અંજનાસુંદરીનું દૃષ્ટાંત

હવે અંજનાસુંદરીનું દૃષ્ટાંત કહે છે :–

આ જ જંબૂદ્વીપમાં શાશ્વત કલ્યાણનું મંદિર અને વિદ્યાધરની બે શ્રેણિઓથી યુક્ત વૈતાઢ્ય પર્વત છે. તેમાં વિદ્યાસિદ્ધોના સ્થાનવાળું અને જાણે સ્વર્ગને જીતવા માટે હોય તેમ ઉપર ઉપર મજલાઓવાળું પ્રસિદ્ધ પ્રહ્લાદનગર છે. તે નગરમાં શત્રુસમૂહનો નાશ કરનાર પ્રહ્લાદ નામનો રાજા હતો. આકાશમાં રહેલો સૂર્ય જાણે તે રાજાનો શરીરધારી પ્રતાપ હતો. તેની ગુણોરૂપી માણેક રત્નોની ખાણ એવી પદ્માવતી નામની રાણી હતી. તેનો ગુણોથી જાણે ઇંદ્રનો પુત્ર જયંત હોય તેવો પવનંજય નામનો પુત્ર હતો. કૌતુકવાળો તે ઋષભદત્ત વગેરે મિત્રોની સાથે ક્રીડા કરવાના ઉદ્યાનોમાં અને વાવડીઓમાં વિનોદ કરવો, ધનુર્વિદ્યાનો અભ્યાસ કરવો અને લશ્કરી તાલીમ લેવી વગેરે ક્રીડા કરતો હતો.

આ તરફ તે જ શ્રેણિમાં અંજન નામનું નગર હતું. અંજનકેતુ રાજા ઇંદ્રની જેમ તેનું પાલન કરતો હતો. તેની બુદ્ધિમાનોને માનનીય એવી અંજનવતી નામની રાણી હતી. તે બેની નેત્રોમાં અમૃતના અંજન સમાન અંજનાસુંદરી કન્યા હતી. જાણે રૂપ અને સૌંદર્યની સીમા હોય તેવી અને સર્વ પ્રકારના ગુણોવાળી તે પિતાના મનોરથોની સાથે યુવાવસ્થાને પામી. જેમ વર્ષાઋતુમાં નદીનું પૂર ચારે બાજુ ફેલાય તેમ અંજનાસુંદરીના રૂપ, સૌંદર્ય અને ગુણોની વાત " પહેલાં હું ખબર આપું–પહેલાં હું ખબર આપું " એમ અહંપૂર્વક અનેક રાજાઓના સ્થાનોમાં ફેલાણી. રાજાઓએ પોતાના અને પોતાના કુમારોના કામદેવના જેવા રૂપને પટમાં આલેખી આલેખીને મંત્રીઓના હાથે મોકલ્યા તેથી અંજનાસુંદરીના માતા–પિતા વજ્રમણિના ગુણોની જેમ તે રાજાઓના અને રાજપુત્રોના રૂપ, કુલ, ઐશ્વર્ય, વિદ્યા, શીલ અને પરાક્રમ એ ગુણોને વિચારવા લાગ્યા. આ દરમિયાન એકવાર જાણે કામદેવના આજ્ઞાપટ હોય તેવા ભવિષ્યદત્ત અને પવનંજય એ બેના પટો એકી સાથે મંત્રીના

હાથમાં આવ્યા. પરીક્ષામાં કુશલ રાજાએ સર્વ કુમારોના પટોને ફોતરાની જેમ છોડીને એ બે પટોની ધારણા કરી, અર્થાત્ એ બેના ગુણોની ધારણા કરી. અંજનકેતુ રાજાએ એ બેમાં સમાન ઉત્તમ ગુણોને જાણીને ફરી મંત્રીને એ બેમાં રૂપ અને [1]ગુણમાં કોણ અધિક છે? એમ પૂછ્યું. મંત્રીએ કહ્યું: હે દેવ! આ ભવિષ્યદત્ત ગુણમાં વિશેષ છે. પણ તે જન્મથી અઢારમા વર્ષે મોક્ષમાં જશે એમ જિનેશ્વરે કહ્યું છે. ગુણોથી અધિક હોવાના કારણે ભવિષ્યદત્તને કન્યા આપવાની ઈચ્છાવાળા પણ રાજાએ ભવિષ્યદત્ત અલ્પ આયુષ્યવાળો છે એવી શંકા કરીને ન આપી. તે વખતે શાશ્વતક્ષેત્ર નંદીશ્વરદ્વીપમાં યાત્રામાં હજારો વિદ્યાધરો મહાન સમૃદ્ધિથી ભેગા થયા. ત્યાં અંજનકેતુ રાજાએ પ્રહ્લાદન રાજાના પુત્ર પવનંજયને યોગ્ય જોઈને હર્ષથી કન્યા આપી. નૈમિત્તિકોએ જલદી અલ્પ દિવસોમાં આવે તેવું મુહૂર્ત આપ્યું. યોગ્ય સંબંધ થવાથી ખુશ થયેલા તે બંને પોતપોતાના ઘરે ગયા. અંજનકેતુ રાજાએ પોતાની સમૃદ્ધિ પ્રમાણે મહાન ઉત્સવ કરવા માટે આડંબરવાળી વિવાહની સામગ્રી એકઠી કરી. પછી તે મહાન આડંબરથી સર્વ પરિવાર સહિત ગોળ માનસ સરોવરમાં આવીને રહ્યો. મોટો વિસ્તાર કરવાની ઈચ્છાથી અધિક સંખ્યામાં આવવા માટે પ્રહ્લાદન રાજાને લગ્નપત્રિકા મોકલી. પ્રહ્લાદન રાજાએ પણ [2]જાનમાં જવા માટે સ્વજનોને આદરથી બોલાવ્યા. સમૃદ્ધિ હોય ત્યારે પુત્ર વગેરેના કાર્યોમાં કોણ કોણ ઉદ્યમવાળા થતા નથી?

આ તરફ ઋષભદત્તે પવનંજયને કહ્યું: હે મિત્ર! મૈત્રીથી થયેલો પ્રેમ પત્નીપ્રેમથી અદૃશ્ય થઈ જશે. પવનંજયે સ્મિત કરીને કહ્યું: હે મિત્ર! મને પત્નીને જોવાનું કુતૂહલ થયું છે. આથી કોઇને ખબર ન પડે તેમ રાતે જઈને તેને જોઇએ. બંને આકાશમાર્ગે વિમાનથી જલદી માનસ સરોવરની હદ પાસે ગયા. કાળાં વસ્ત્રો પહેરીને સસરાના ઘરમાં પ્રવેશ કર્યો. સખીઓથી પરિવરેલી અને પરસ્પર વાતો કરવામાં રસવાળી અંજનાસુંદરી જ્યાં હતી ત્યાં તે બંને ગયા. તે વખતે કોઇક સખીએ અંજનાસુંદરીને કહ્યું: હે સખી! પૂર્વે તારા માટે જે પતિ વિચારાયો હતો તે નજીકમાં મોક્ષમાં જનારો છે. આથી સારા પણ અલ્પ આયુષ્યવાળા પતિથી શું? તૃપ્તિ વિના પતિના વિયોગનું દુઃખ ખરેખર અત્યંત દુઃસહ્ય હોય છે. અંજનાસુંદરીએ કહ્યું: હે સખી! આ ચર્ચાથી શું? અમૃતનો છાંટો પણ મુશ્કેલીથી મેળવી શકાય છે એમ તેં શું સાંભળ્યું નથી? આ પ્રમાણે સાંભળીને તિરસ્કાર કરાયેલા સિંહની જેમ કોપથી લાલ આંખવાળો પવનંજય તલવાર

---

૧. અહીં **रूपवेषयोः** એવો પ્રયોગ છે. વેષનો અર્થ ગુણ ન થાય. પણ આજુ બાજુનો સંબંધ જોતાં વેષ અર્થ બંધ બેસતો નથી થતો, ગુણ અર્થ બંધ બેસતો છે. આથી અનુવાદમાં ગુણ શબ્દનો પ્રયોગ કર્યો છે.

૨. **जन्ययात्रा**=જાન.

ખેંચીને અંજનાને હણવા માટે દોડતો હતો તેટલામાં ઋષભદત્તે હાથથી તલવાર ખેંચીને તેને કહ્યું: શિષ્ટપુરુષોને માટે અનુચિત અને અપ્રસ્તુત એવો આ પ્રયત્ન શો ? અર્થાત્ આવો પ્રયત્ન કરવો તને ન ઘટે. એક તો રાત્રિમાં બીજાના ઘરમાં આપણે આવ્યા અને બીજું કન્યાનો વધ કરવો એ યોગ્ય નથી. જ્યાં સુધી તું તેને પરણ્યો નથી ત્યાં સુધી એ પારકી છે, એથી પણ તું એને હણે એ યોગ્ય નથી. આ પ્રમાણે ઋષભદત્તે તેને રોકયો એટલે અંજનાસુંદરી પ્રત્યે વિરક્ત ચિત્તવાળો અને ઉદાસીન થયેલો તે તલવારને મ્યાનમાં મૂકીને પોતાના ઘરે ગયો. હવે તેમણે અનેક હાથીઓ, અશ્વો, રથો અને પાયદળોની સાથે જણાવેલા દિવસે જાનમાં જવા માટે તૈયારી કરવા માંડી. મંગલધ્વનિથી યુક્ત નગારાંઓ (=વાજિંત્રો) વાગ્યાં એટલે કુમારને શણગારવા માટે સૌભાગ્યવંતી સ્ત્રીઓ આવી. આડંબરપૂર્વક આવેલી તે સ્ત્રીઓને જોઈને પવનંજયે પોતાને શું ઇષ્ટ છે તે તેમને જણાવવા પાસે રહેલા મિત્રને કહ્યું: આ આડંબર શા માટે છે ? જેમ સજ્જન ખરાબ વાતોને ન ઇચ્છે તેમ હું આવો વિવાહ કરવાને ઇચ્છતો નથી. આ સાંભળીને વિલખી બનેલી તે સ્ત્રીઓએ પવનંજયની માતાને આ વાત કહી. માતાએ ઉત્સુકતાથી પવનંજય પાસે આવીને આશીર્વાદપૂર્વક કહ્યું:– હે વત્સ ! તેં સામાન્ય લોકોની પણ આશાઓને પૂરી છે તો હમણાં માતાને પણ નિરાશ કરવી એ શું તારા માટે યોગ્ય છે ? સ્ફુર્તિથી વિવાહની સામગ્રી ભેગી કરવામાં વ્યાકુલચિત્તવાળો રાજા પણ તે સાંભળીને કુમારની પાસે જલ્દી આવ્યો. તેણે કુમારને કહ્યું: અધમ માણસોને યોગ્ય અને શરમાવા જેવું આ શું સંભળાય છે ? શું આપણે આદરેલું કાર્ય કયાંય શિથિલ થાય ખરું ? શું આપણા જીવતાં અંજનાસુંદરીને બીજો કોઇ પરણશે ? જેમ શંકરે ખંડિત-ચંદ્રને ન મૂકયો=ધારણ કર્યો તેમ આદરેલું કાર્ય કોઈએ (=કોઇ ધીરપુરુષે) મૂકયું નથી. આ પ્રમાણે રોષ અને અહંકારપૂર્વક કહીને પ્રહ્લાદન રાજાએ કુમારને હાથથી ખેંચીને વાહનમાં બેસાડ્યો. કુલીનપુરુષો લજ્જાથી પણ પૂજ્યોના વચનને કયાંય પણ અન્યથા કરતા નથી એમ વિચારીને ગુપ્તરોષવાળા કુમારે જલદી પ્રયાણ કર્યું. સૌભાગ્ય-વંતી સ્ત્રીઓએ તે વખતે તેનું ઉત્તમ મંગલ કર્યું. તેણે મુગુટ, હાર અને બાજુબંધ વિગેરે કિંમતી આભૂષણો પહેર્યાં.

તેના મસ્તકે ચંદ્રમંડલ જેવું શ્વેત છત્ર ધારણ કરવામાં આવ્યું. તેની બે બાજુ ગંગાના તરંગો જેવા ચંચલ ચામરો વીંઝાઈ રહ્યા હતા. જય જય એવો ધ્વનિ થઈ રહ્યો હતો. તેણે યાચકોને દાનથી ખુશ કર્યા. દૃષ્ટિથી બધાનો સત્કાર કરતો હતો. તાંબુ-લથી તેનું મુખ સુંદર દેખાતું હતું. જાનની આગળ જતો પવનંજયકુમાર દેવસેનાની આગળ ચાલતા [1]કાર્તિકસ્વામીની જેમ અત્યંત શોભતો હતો. કન્યાપક્ષ તરફથી મોટા

૧. કાર્તિકસ્વામી–પાર્વતીનો પુત્ર.

મોટા ઘણા માણસો સામે આવ્યા હતા. એથી ભૂમિ બલિરાજ્યની જેમ મહોત્સવમય બની ગઇ. દાન, ભોજન, સન્માન અને પહેરામણી કરવાથી વિવાહમંગલ થયું અને રાજાઓના હર્ષની વૃદ્ધિ થઇ. તે વખતે અનુરૂપ ઉંમર અને રૂપવાવાળા વધૂ અને વર એ બંને રોહિણી અને ચંદ્રની જેમ લોકમાં પ્રશંસાને પામ્યા. પોતાના ઘરે જવાની ઇચ્છાવાળા પ્રહ્લાદન રાજાએ સ્વજનોને તુષ્ટિદાન આપીને રજા આપી. આથી સ્વજનો જેવી રીતે આવ્યા હતા તેવી રીતે ગયા.

શુદ્ધકુલાચારમાં પરાયણ અંજનાસુંદરીએ પોતાના ગુણોથી લક્ષ્મીની જેમ કુટુંબને ખુશ કર્યું. પણ પૂર્વકર્મની પરાધીનતાથી પતિએ તેને ચંડાલણીની જેમ ઘરમાં પણ ચક્ષુથી ન સ્પર્શી, અર્થાત્ કયારેય એની સામે પણ ન જોયું. જેમ રોગમાં ઘીવાળું ભોજન આનંદ માટે ન થાય તેમ પતિભક્તા, પતિ પ્રત્યે અનુરાગવાળી અને મહાસતી પણ તે અંજનાસુંદરી પતિના આનંદ માટે ન થઈ પતિભક્તિને નહિ મૂકતી અને કર્મવિકારોને જાણતી અંજનાસુંદરીએ જેમ સમુદ્ર મર્યાદાને ઓળંગે નહિ તેમ મર્યાદાનું ઉલ્લંઘન કર્યું નહિ.

આ તરફ વરુણ રાજાની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાવાળા પ્રતિવાસુદેવ રાવણે યુદ્ધમાં સહાય આપવા માટે પ્રહ્લાદન રાજાને બોલાવવા માટે લંકાથી મોકલેલો રાજદૂત ત્યાં આવ્યો. યુદ્ધના કૌતુકવાળા પ્રહ્લાદન રાજાએ તાત્કાલિક સૈન્યસમૂહને બોલાવનારી જયભેરીને વગડાવી. જયભેરીને સાંભળીને અને યુદ્ધ માટે પિતાને તૈયાર થયેલા જાણીને પવનંજયે વિચાર્યું કે, હું વિદ્યમાન હોવા છતાં યુદ્ધ કરવા માટે પિતા જશે એ યોગ્ય નથી. આથી પિતાને નમીને યુદ્ધ માટે જવા મને અનુજ્ઞા આપો એમ પ્રાર્થના કરી. પછી યુદ્ધમાં જવા માટે પોતે બીડું ઝડપ્યું, અર્થાત્ યુદ્ધ માટે જવાનો નિર્ણય કર્યો. કારણ કે સમર્થ પુત્રો પિતાને શ્રમ થાય એ સહન કરતા નથી. પતિ માતાને પૂછીને યુદ્ધ માટે જવાની ઇચ્છાવાળા છે એમ જાણીને અંજનાસુંદરી સાસુના ઘરે આવી. સાસુએ પણ તેને ન બોલાવી. ઉદાસીન મનવાળી અને પતિની દૃષ્ટિને મેળવવાને ઇચ્છતી તે થાંભલાનો ટેકો લઈને ઊભી રહી. કુમાર પણ તૈયાર થઇને અને સૈન્યને આગળ રસ્તામાં મોકલીને પોતે આશીર્વાદ લેવા માટે માતાના ઘરમાં આવ્યો. તેણે માતાના ચરણોમાં વંદન કર્યું. માતાએ પણ આશિષવચન કહ્યાં, પછી પુત્રને યોગ્ય શિખામણ આપીને યુદ્ધમાં જવાની રજા આપી. થાંભલાનો ટેકો લઈને ઊભેલી, સ્થિર શરીરવાળી અને પતિની દૃષ્ટિને મેળવવાને ઇચ્છતી તે અંજનાસુંદરી રૂપાળી પુતળીની જેમ શોભી. કુમાર પરિવારની સાથે માતાના ઘરમાંથી નીકળ્યો. જાણે ઉદાસીન હોય તેમ તેણે અંજનાની સામે પણ ન જોયું. સતત વહેતા નેત્રના આંસુઓથી જાણે ભૂમિમાં પાણી છાંટતી હોય

૧. બલિરાજા ઘણા યજ્ઞો અને મહોત્સવો કરાવતો હતો તેથી તેનું રાજ્ય મહોત્સવમય હતું.

તેવી અને શૂન્યચિત્તવાળી અંજનાસુંદરી પોતાના ઘરે પાછી આવી. ગયેલા કુમારે પહેલાં પ્રયાણમાં માનસ સરોવરના કિનારે સુખપૂર્વક સૈન્યનો પડાવ નખાવ્યો. ત્યાં રાતે સરોવરના કિનારે ચક્રવાકીને આક્રન્દનથી વ્યાકુલ જોઈને પવનંજયે મિત્રને પૂછયું : હે મિત્ર ! આ શું છે ? મિત્રે કહ્યું: હે દેવ ! ભાગ્યની પરાધીનતાથી ચક્રવાક અને ચક્રવાકી દિવસે ભેગા રહે છે અને રાતે હંમેશાં જ છૂટાં પડી જાય છે.

આથી પતિના વિરહથી આક્રંદન કરતી ચક્રવાકી આંસુ પાડે છે. હે બંધુ ! જીવતી હોવા છતાં મરેલા જેવી તે સવારે પતિના સંયોગને પામશે. આ તરફ અંજનાસુંદરીનું ભોગાંતરાય કર્મ ક્ષીણ થયું. આથી પવનંજય બોલ્યોઃ બાર વર્ષથી મારા વડે તજાયેલી અંજનાસુંદરી કેવી રીતે રહી શકી હશે ? તેથી હે મિત્ર ! હું તેની પાસે જવાને ઇચ્છું છું. તેને મળીને પાછો આવી જઇશ. મિત્રે જાઓ એમ કહ્યું, એટલે તે જ વખતે તે અંજનાસુંદરીના ઘરે ગયો. ક્ષણવાર બારણા આગળ ઊભા રહેલા તેણે તે મહાસતીને દુઃખી થતી જોઈને હું પાછો આવ્યો છું એમ બોલીને બારણું ઊઘાડયું. તે જ દિવસે સ્નાન કરેલી અંજનાસુંદરીની સાથે વિષયસુખ ભોગવ્યું. અંજના ગર્ભવતી બની. પોતે અહીં આવ્યો છે એની બીજાઓને ખાતરી થાય એ માટે અંજનાને પોતાની વીંટી આપીને પવનંજય સૈન્યમાં પાછો ગયો.

પતિના આદરથી હર્ષ પામેલી અંજનાએ પૂર્વની દુર્દશાને ભૂલીને પોતાના આત્માને સફલ માન્યો. કારણ કે આશા પરમસુખ છે. ત્રીજા મહિને એનો ગર્ભ કંઈક પ્રગટ થયો. આ અસતી છે એમ સસરાએ મનમાં કલ્પના કરી. હર્ષના ઉદયને લાવનારો તેનો ગર્ભ ચંદ્ર જેમ જેમ વધે છે તેમ તેમ તેનામાં (=અંજનામાં) કલંક પણ વધતું જાય છે. વધતા ગર્ભવાળી અંજનાને કુટુંબીઓએ ગર્ભ અંગે પૂછયું એટલે તેણે સાસુને પતિની તે વીંટી બતાવી. સાસુએ કહ્યું: મારો પુત્ર દૃષ્ટિથી પણ તારો આદર કરતો ન હતો, તો પછી તેણે પાછા આવીને તારી સાથે વિષયસુખ ભોગવ્યું એ વાત અમે કેવી રીતે માનીએ ? સાસુએ આ પ્રમાણે અંજના ઉપર ખોટા કલંકનો આરોપ કરીને અને તેને ધિક્કારીને કાઢી મૂકી. દ્વેષમાં પક્ષપાત કરનારા વિરલા જ હોય છે. એકલી, નિરાધાર બની અને દુઃખી એવી સતી અંજના બંધાયેલા પ્રેમના કારણે જે બાલ્યાવસ્થાથી બહેનપણી હતી તે સખીની સાથે પિતાના ઘરના માર્ગે ચાલી. પિતાના ઘરે ગયેલી તેને તેના વૃત્તાંતને જાણનારા પિતા વગેરેએ પણ તિરસ્કારી. કારણ કે દ્વેષમાં કોઇપણ પોતાનું થતું જ નથી.

સ્વજનોએ કરેલા અપમાનથી વિશેષ શરમ આવવાથી જીવવામાં પણ નિરપેક્ષ બનેલી અને આંસુઓને વર્ષાવતી અંજના સતી ત્યાંથી ચાલી નીકળી. પોતાની શરમના કારણે ગામ વગેરેમાં રહેવાય નહિ જતી સતી અંજના જંગલોમાં જ ભમી. શુદ્ધશીલે તેનું રક્ષણ કર્યું. કંદ, મૂલ અને ફલોનો આહાર કરતી અને ઝરણાનું પાણી પીતી એવી તે માત્ર

એક દાસી જ સહાયમાં હોવા છતાં નિર્ભયપણે રહી. ગર્ભનો સમય પૂર્ણ થતાં કચાંક ગુફામાં તેણે જેમ વજ્રમણિની ખાણ વજ્રરત્નને જન્મ આપે તેમ ઉગતા સૂર્ય જેવા તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. જાણે શીલરૂપી શસ્ત્રથી જ હોય તેમ સિંહ, વાઘ, હાથી, ચિત્તો, ચોર, પાણી અને અગ્નિ વગેરેના ભયથી રહિત તે એક વનમાંથી બીજા વનમાં ભમી. એકવાર તેણે પાણીની શોધ કરવા માટે દાસીને અન્યવનમાં મોકલી. ચિત્તને અનુસરનાર સેવક એક જ હોય તો પણ શું દુષ્કર છે? પાણીની શોધ કરીને આવેલી દાસીએ અંજનાને કહ્યું: પર્વતના શિખર ઉપર કાયોત્સર્ગમાં રહેલા એક મુનિને મેં જોયા. હર્ષિત ચિત્તવાળી તેણે તૃષાને ભૂલી જઈને જલદી બાળકની સાથે પર્વત ઉપર ચઢીને મુનિને ભક્તિથી વંદન કર્યું. મુનિએ કાયોત્સર્ગ પારીને તેને ધર્મના આશીર્વાદથી પ્રસન્ન કરી, અને પ્રતિલેખિત ભૂમિ ઉપર બેસીને ઉપદેશ આપ્યો. તે આ પ્રમાણે:— "હે મહાનુભાવા! ઘણા દુઃખસમૂહથી ભરેલા આ સંસારમાં આશાઓને આધીન બનેલા જીવને ધર્મ વિના અન્ય કોઈ શરણે આવેલાનું રક્ષણ કરવા સમર્થ નથી. સંયોગો વિયોગવાળા છે. પ્રવૃત્તિઓ (=શું થવું તે) કર્મને આધીન છે. આમ છતાં મોહાધીન જીવ નિરર્થક ક્રોધ કરીને બીજાને દોષ આપે છે. ભોગવવા યોગ્ય કર્મ કોઈનાથી પણ અન્યથા કરી શકાતું નથી. પોતે ઉપાર્જન કરેલા કર્મને ભોગવીને જ જીવ વાંછિતને મેળવે છે. બીજું, જેમણે પૂર્વજન્મમાં અખંડ ધર્મ કર્યો નથી તેમને ઘણી મોટી પણ સંપત્તિઓ આપત્તિ સહિત ફળે છે. ધર્મ શ્રાવક અને સાધુના ભેદથી બે પ્રકારનો કહ્યો છે. આ ધર્મ, સ્વર્ગ અને મોક્ષના સંબંધનું કારણ છે અને દુઃખને દૂર કરે છે."

આ પ્રમાણે સાંભળીને વૈરાગ્યવાળી થયેલી અંજનાસુંદરીએ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં [1]થનારા અભિગ્રહોની સાથે જૈનધર્મનો સ્વીકાર કર્યો. મુનિએ આપેલા ઉપદેશના આધારે આ મુનિ વિશિષ્ટ જ્ઞાનવાળા છે એમ જાણીને અંજનાસુંદરીએ પૂછ્યું: હે ભગવંત! મને કયા કર્મથી આ દુઃખ થયું? મુનિએ કહ્યું: હે ભદ્રા! પૂર્વભવમાં તું શેઠની પત્ની હતી. તારી જિનધર્મથી ભાવિત એક શોકચ હતી. તે અભિગ્રહ લઈને શ્રીજિનપ્રતિમાની દરરોજ પુષ્પ, ધૂપ, અને બીજા પણ પ્રભુને અર્પણ કરવા યોગ્ય દ્રવ્યો વગેરેથી પૂજા કરતી હતી. મિથ્યાત્વના આગ્રહ (=પકડ)ના કારણે તું એની પૂજાને સહન કરી શકતી ન હતી. આથી અસૂયા અને ક્રોધથી એકવાર તે જિનપ્રતિમાને તેં ઉકરડામાં નાખી દીધી. જિનપ્રતિમાની પૂજા વિના ભોજન નહિ કરતી શોકચ શ્રાવિકાને તેં [2]બાર ક્ષણો પછી તે પ્રતિમા આપી. તે કર્મનો આ બાર વાર્ષિક વિપાક તને થયો છે. વિશેષ પ્રકારનો એ વિપાક હવે થોડોક જ બાકી રહ્યો છે. અંજનાએ ભક્તિથી અંજલિ જોડીને ફરી પૂછ્યું:

---

૧. જ્યારે સમ્યક્ત્વનો સ્વીકાર કરવો ત્યારે અરિહંત એ જ મારા દેવ છે, સુસાધુઓ એ જ મારા ગુરુ છે અને જિનેશ્વરે કહેલો ધર્મ એ જ મારો ધર્મ છે ઇત્યાદિ અભિગ્રહોનો સ્વીકાર કરવો પડે છે.

૨. ક્ષણ એટલે મુહૂર્તનો બારમો ભાગ, આથી બાર ક્ષણ એટલે એક મુહૂર્ત (=બે ઘડી).

હે ભગવંત ! મને અનુસરનારી આ દાસી કયા કર્મથી પીડાય છે ? મુનિ બોલ્યાઃ હે ધર્મશીલા ! તું જ્યારે પ્રતિમાને સંતાડી રહી હતી ત્યારે એણે આ સ્થાનમાં પ્રતિમા દેખાય છે, અર્થાત્ પ્રતિમા બરોબર ગુપ્ત બની નથી એમ વારંવાર કહ્યું. તેણે આ પ્રમાણે કહ્યું તેથી તેં પ્રતિમાને જરાપણ ન દેખાય એ રીતે સંતાડી દીધી. તે કર્મથી બિચારી આ પણ દુઃખને અનુભવે છે. આ સાંભળીને આશ્ચર્યથી પ્રફુલ્લિત બનેલી અંજનાસુંદરીએ પોતાના સુખ-દુઃખમાં બધા સ્થળે કર્મને પ્રમાણ માન્યું. અંજનાસુંદરીએ ફરી પૂછયુંઃ હે ભગવંત ! મારા શુભકર્મનો ઉદય કયારે થશે ? આ ભવમાં શુભકર્મનો ઉદય થશે કે નહિ ? મુનિએ કહ્યુંઃ હે મહાસત્ત્વવાળી ! તારું કર્મ લગભગ ખપી ગયું છે. અહીં જ રહેલી તને તારો મામો મળશે. પછી મામાના ઘરમાં પિતાના ઘરની જેમ રહીશ. આ દરમિયાન તારા પતિના મિલનનો ઉપાય એની મેળે જ થશે. આવા આશ્વાસનથી સત્ત્વનું આલંબન લઈને સાધુસેવામાં તત્પર મહાસતી પર્વતના શિખર ઉપર રહી. આ તરફ તેનો સૂર્યકેતુ નામનો વિદ્યાધર મામો નંદીશ્વરદ્વીપમાં યાત્રા કરીને પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો. ચારણશ્રમણના પુણ્યપ્રભાવથી તેનું વિમાન સ્તંભી ગયું. કયાંય તીર્થ ઉલ્લંઘન કરવા યોગ્ય નથી જ. પુણ્યના લાભથી પોતાને ધન્ય માનતા વિદ્યાધરે પણ પર્વતના શિખર ઉપર ઉતરીને મુનિને હર્ષથી વંદન કર્યું. સાધર્મિક છે એમ માનીને અંજનાને વંદન કરી રહ્યો હતો ત્યારે સ્વર અને રૂપના અનુસારે આ મારી ભાણેજ છે એમ અંજનાને ઓળખીને તે હર્ષ પામ્યો.

તેનો વૃત્તાંત સાંભળીને દયાના પરિણામવાળો બનેલો તે અંજનાસુંદરીને સાથે લઈને ચાલ્યો. ભાણેજના બાલપુત્રને અવ્યક્ત મધુર વચનોથી લાડ લડાવતો સૂર્યકેતુ વિમાનમાં બેસીને આકાશમાર્ગે ગયો. રણકાર કરતી ઘુઘરીઓના મધુરનાદથી હર્ષ પામેલ અને એ મધુરનાદને સાંભળવા જેણે કાન માંડચા છે એવો તે બાળક ધ્યાનસ્થ યોગીની જેમ (સ્થિર) રહ્યો. એકવાર બાલચાપલ્યના કારણે રમતથી હાથ દ્વારા વિમાનની ઘુઘરીને ખેંચતો તે મામાના ખોળામાંથી નીચે જમીન ઉપર પડયો. આથી અંજનાસુંદરી આક્રંદન કરવા લાગી. તે આ પ્રમાણેઃ— હા દૈવ ! તેવું દુઃખ આપીને હજી તું તૃપ્ત થયો નથી, જેથી પુત્રનું મુખ જોવાના મારા સુખને તું સહન કરી શકયો નહિ ! હા હું હણાઇ ગઈ છું ! સુખની આશા સાથે આ વિમાન પણ હણાઈ ગયું છે ! ચોક્કસ શિલાથી કે પથ્થરથી મારા બાળકનો ચૂરો થઇ ગયો હશે ! આ પ્રમાણે ભાણેજ જોરથી આક્રંદન કરી રહી હતી તેટલામાં સૂર્યકેતુ જલ્દી વિમાનમાંથી કૂદીને એ સ્થળે નીચે ઉતર્યો. ત્યાં તેણે બાળકને તેના વજ્ર જેવા મજબૂત શરીરથી ચૂરો થઇ ગયેલી શિલાના ચૂર્ણમાં બેઠેલો જોયો. સ્નેહથી બાળકને મસ્તકમાં સુંઘીને ચારે બાજુથી પૃથ્વીને (=પથ્થર-કાંકરા વગેરેને) દૂર કરીને જેમ કાદવમાંથી માણેક

રત્નને લે તેમ બે હાથોથી બાળકને લીધો. બે હાથ રૂપી કમલોથી હંસની જેમ બાળકને લાડ લડાવતા તેણે ભાણેજને જાણે ભેટણું આપતો હોય તેમ બાળક અર્પણ કર્યું. બાળકને અખંડિત અંગવાળો જોઈને જાણે નિધાનની પ્રાપ્તિ થઈ હોય તેમ આનંદિત ચિત્તવાળી તેણે બાળકનો વારંવાર સ્પર્શ કર્યો. આ બાળકે આશ્ચર્ય થાય તે રીતે શિલાનો ચૂરો કરી નાખ્યો એથી ત્યારથી મામાએ તેનું 'શિલાચૂર' એવું નામ પાડ્યું. સૂર્યકેતુ ભાણેજને ઉત્સવપૂર્વક પોતાના ઘરે લઇ ગયો. સ્વજન લાંબા કાળે જોવામાં આવે ત્યારે પ્રાયઃ કુટુંબીઓ હર્ષ પામે છે. ત્રાસરહિત બનેલી અને દીન-અનાથજનોને દાન આપવામાં તત્પર તે ધાર્મિક સત્કાર્યોથી સુખપૂર્વક દિવસો પસાર કરતી હતી. મામાના ઘરે રહેલો સુકોમલ કાયાવાળો બાળક જેમ ચંદ્ર તારાઓમાં ફરે તેમ એક હાથમાંથી બીજા હાથમાં ફરતો હતો. તે નગરમાં અને તે દેશમાં પણ અંજનાસુંદરી અને તેનો બાળક એ બેની જ વાત કસ્તૂરીની ગંધની જેમ ચારે બાજુ ફેલાતી હતી.

આ તરફ વરુણને જિતીને વિજયી બનેલ પવનંજય મહોત્સવપૂર્વક પોતાના ઘરે આવ્યો. પિતાના ચરણોમાં પ્રણામ કરીને માતાના આશીર્વાદ લીધા. સૌભાગ્યવંતી સ્ત્રીઓના આશીર્વાદ લીધા, અને લોકોનો વાણીથી સત્કાર કર્યો. પછી ઉત્સવોમાં ઉત્સવ સમાન પત્નીના મુખને જોવાની ઇચ્છાથી તે જેમ હાથી હાથણીના સ્થાનમાં આવે તેમ પોતાના નિવાસભવનમાં આવ્યો. દેવથી શૂન્ય દેવમંદિરની જેમ ઘરને પત્નીથી રહિત જોઈને પવનંજય પત્નીના વિરહથી વ્યાકુલ બની ગયો. તે આ પ્રમાણે વિલાપ કરવા લાગ્યોઃ— હે શાંત પ્રિયા! તું ક્યાં ગઈ? તે વખતે રાત્રિના અંતે મેં તારો સંગ કર્યો. આ વાત વાત્સલ્યનિધિ માતાને કોઈએ પણ ન કહી. અથવા ઘરમાંથી નીકળતી તને મારી માતાએ રોકી નહિ, સુવિચારવાળા મંત્રી વગેરે લોકોએ પણ ન રોકી. તે આપત્તિમાં તારા માતા-પિતા પણ ક્ષુદ્ર થયા. હા! મારા આગમન સુધી તેમણે પણ તારો આદર ન કર્યો. ચોક્કસ તે મરી ગઈ હશે, અથવા જંગલી પ્રાણીઓએ તેનું ભક્ષણ કર્યું હશે! હે ભદ્રા! હે ખીલેલા રૂપવાળી! હે સર્વ પ્રકારના ગુણોનો સમુદ્ર! હે સુન્દરી! જીવતો હું તારા સ્નેહના ઋણથી રહિત નહિ બની શકું. આ પ્રમાણે વિલાપ કરતા અને શોકથી દુઃખી થયેલા પવનંજયે તુરત ચંદનના લાકડાઓની ચિતા ગોઠવી. માતા-પિતાએ તેને વિવિધ વચનોથી સમજાવ્યો, તો પણ વિયોગરૂપી જ્વરના વેગથી દુઃખી થયેલા તેણે મરણનો આગ્રહ ન મૂકયો. આ તરફ કાલક્ષેપ કરવાની ઇચ્છાવાળા મિત્ર ઋષભદત્તે મિત્રને ભેટીને તેની પાસેથી ત્રણ દિવસ માગ્યા. ચોક્કસ શીલના પ્રભાવથી તે જીવતી હશે, તેથી તું રાહ જો, જેથી હું તેની શોધ કરી લાવું.

આ પ્રમાણે પ્રતિજ્ઞા (=સંકલ્પ) કરીને અને વિમાનમાં બેસીને ઋષભદત્ત તુરત પક્ષીની જેમ આકાશમાર્ગે ચાલ્યો. શહેર, ઉદ્યાન, ગામ અને નગર વગેરે સ્થળે ખૂબ

ભમતો અને સ્ત્રી–બાળક વગેરેની વાતચીતમાં અનેક પ્રકારની વાતોને સાંભળતો તે ત્રીજા દિવસે સૂર્યપુરના ઉદ્યાનમાં ગયો. ત્યાં સ્ત્રીઓની વાતચીતમાં તેણે "અહો! બાળકનું સૌભાગ્ય કેવું છે?" એમ સાંભળ્યું. આ સાંભળીને તેણે વિચાર્યું કે શુકન અનુકૂલ હોવાના કારણે હું કલ્પના કરું છું કે અંજનાસુંદરીએ બાળકને જન્મ આપ્યો છે અને તેની આ વાતો છે. આ પ્રમાણે વિચારતા ઋષભદત્તે તેમની નજીકમાં રહીને તેમની "અંજનાસુંદરી મામાના ઘરે આવી" ત્યાં સુધીની બધી વાતો સાંભળી. હર્ષ પામેલો તે સૂર્યકેતુ રાજાની સભામાં ગયો. ત્યાં તેણે બાળકને ખોળામાં રાખીને બેઠેલી અંજનાને જોઈ. અંજનાસુંદરીએ આવેલા પતિના મિત્રને જોવા માત્રથી ઓળખી લીધો. લજ્જા પામેલી તે આસનને છોડીને સંભ્રમસહિત ઉભી થઈ. પછી તેણે મામાને વૃત્તાંત જણાવીને પ્રફુલ્લિત ચિત્તવાળા તેનું સ્વાગત કર્યું. અંજનાસુંદરીએ લાવેલા સ્નાન, પાણી, ભોજન વગેરેનો નિષેધ કરીને અતિશય હર્ષથી પૂર્ણ બનેલા ઋષભદત્તે કહ્યું: પુત્રસહિત અંજનાસુંદરીને જોવાથી મારો શ્રમ સર્વથા દૂર થઇ ગયો છે. સફલ બનેલાઓને ક્લેશ શો હોય! પણ વાત એવી છે કે– વરુણને જિતીને પવનંજય ઉત્સવપૂર્વક સ્નેહના મનોરથોની સાથે ઘરે આવ્યો. ઘરને અંજનાસુંદરીથી રહિત જોઈને વ્યાકુલ બનેલો તે ચિંતામાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળો થયો. પણ મેં તેને ત્રણ દિવસ માટે રોકી રાખ્યો છે. તેથી અંજનાસુંદરીને જલદી મોકલો. બંનેના ઘરમાં દીર્ઘકાળ સુધી કલ્યાણ થાઓ! તમારો આ ઉપકાર સેંકડો શાખાઓમાં વૃદ્ધિ પામો. સમયને જાણનારા સૂર્યકેતુએ તે વખતે જમાઇના મિત્રની સાથે પુત્રસહિત ભાણેજને સસરાના ઘરે મોકલી. અતિશય હર્ષથી ઉતાવળો થયેલો તે અંજનાને વિમાનમાં બેસાડીને પ્રહ્લાદન નગરના ઉદ્યાનમાં આવ્યો. અંજનાને ઉદ્યાનમાં રાખીને પોતે આગળ ગયો. તેણે પુત્રસહિત અંજનાના આગમનનાં આશ્ચર્યને જણાવીને પુત્રસહિત રાજાને મનોરથોની[1] સાથે વધામણી આપી. બધા હર્ષ પામ્યા. અતિશય હર્ષવાળા અને આદરયુક્ત મનવાળા તેમણે ઋષભદત્તની વાણીને પ્રાણ આપનાર ઔષધ સમાન માની. જાણે નવો ઉગેલો ચંદ્ર હોય તેવા પવનંજયનઃ પુત્રને જોવા માટે નગરના લોકો જાણે [2]સમુદ્રો જતા હોય તેમ ગયા. અંજનાનો નગરપ્રવેશ કરાવવા માટે વાજિંત્રો વાગવા લાગ્યા. ઘણા મંગલ ગીતો બોલાવા લાગ્યા. (શોભા માટે રસ્તામાં બાંધેલા) કપડાના છેડાઓ હાલી રહ્યા હતા. ઘરના દ્વાર ઉપર મંગલ માટે બાંધેલી ચપલ પર્ણમાળા હાલી રહી હતી. આ રીતે મહોત્સવપૂર્વક પ્રહ્લાદન રાજાએ પુત્રસહિત પુત્રવધૂનો પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો.

---

૧. વધામણી આપી એટલે કે આનંદને વધાર્યો. જેમ આનંદને વધાર્યો તેમ તેમના મનોરથોને પણ વધાર્યા. કારણકે પુત્રસહિત અંજના મળવાથી તેમને અનેક મનોરથો થયા. આમ ઋષભદત્તે આનંદની સાથે મનોરથોને વધાર્યા. આથી અહીં મનોરથોની સાથે વધામણી આપી એવો ઉલ્લેખ છે.

૨. લોકોના ટોળે ટોળાં જઈ રહ્યા હતા. મોટા મોટા ટોળા જાણે સાગર હોય તેવા દેખાતા હતા. આથી "અહીં જાણે સાગરો જતા હોય તેમ ગયા" એવો ઉલ્લેખ કર્યો છે.

વિશેષપ્રીતિથી પૂર્ણ ચિત્તવાળી સાસુએ પણ જેના શ્રેષ્ઠગુણોની ખાતરી કરાઈ છે તેવી પુત્રવધૂને ઘણું માન આપ્યું. પતિવ્રતા, પ્રશંસનીય પુત્રવાળી અને પતિને પ્રિય એવી અંજના ફલથી શોભતી કલ્પવેલડીની જેમ કોના હર્ષ માટે ન થઇ? અર્થાત્ બધાના હર્ષ માટે થઈ. પૂર્વજન્મને યાદ કરતી અને શુદ્ધ વૈરાગ્યની અસાધારણ નદી એવી અંજનાસુંદરી જૈનધર્મને આચરવા લાગી. સંબંધી સજ્જનોએ પવનંજયના પુત્ર શિલાચૂરનું હર્ષથી 'હનૂમાન' એવું નામ કર્યું. પ્રહ્લાદન રાજાએ નિર્મલ પુણ્ય સામગ્રીને પામીને અને પોતાના રાજ્ય ઉપર પુત્રને સ્થાપીને પોતે દીક્ષા લીધી. લીલા માત્રથી પૃથ્વીનું પાલન કરતો અને મહાપરાક્રમી પવનંજય રાજા ઘણા સામર્થ્યને પામ્યો. જેમ રામચંદ્રજીના પટરાણી સીતાજી હતા, જેમ ઈંદ્રની પટરાણી ઇંદ્રાણી છે. તેમ પવનંજયની પટરાણી અંજનાસુંદરી થઈ. અદ્ભુતસ્થિરતાવાળી અંજનાસુંદરીએ અક્ષયપુણ્યથી ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગના સારભૂત સામ્રાજ્યનો સારી રીતે અનુભવ કર્યો. યુવાવસ્થા અને સુંદર અંગોપાંગોથી મનોહર હનુમાન પણ ઉદારતા, શૂરતા અને ગંભીરતા વગેરે ગુણોની સાથે વૃદ્ધિ પામ્યો. વીસમા મુનિસુવ્રત તીર્થંકરના શાસનમાં થયેલા કોઈ આચાર્ય વિહાર કરતા તે શહેરમાં પધાર્યા. તેમની દેશના સાંભળીને અંજનાનો સંવેગરૂપી દીપક પ્રજ્વલિત બન્યો. આથી પતિવ્રતા તેણે દીક્ષા માટે પતિ પાસે પ્રાર્થના કરી. પવનંજયે તેને સંસારમાં રહેવા માટે ઘણું કહ્યું પણ તે કોઈ પણ રીતે સંસારમાં ન રહી. આથી સ્થિર પ્રેમમાં તત્પર અને પ્રિયાને મિત્ર માનનાર પવનંજય રાજાએ યુદ્ધમાંથી પાછા ન હઠે તેવા યુદ્ધવીર હનુમાનને રાજ્ય આપીને પોતે સંયમરૂપી સામ્રાજ્યનો સ્વીકાર કર્યો. સતી અંજનાસુંદરીના આશ્ચર્યકારી ચરિત્રરૂપી ચંદનને હૃદયમાં લગાડીને શુભભાવવાળા જીવો શીલરૂપી સુગંધીચૂર્ણથી સુગંધી ચિત્તવાળા બનો.

નર્મદાસુંદરીનું દૃષ્ટાંત

હવે નર્મદાસુંદરીનું દૃષ્ટાંત કહેવામાં આવે છે :–

આ ભરતક્ષેત્રમાં વધતી લક્ષ્મીવાળું વર્ધમાન નામનું નગર હતું. તે નગરનાં ચૈત્યોના તેજથી સંપત્તિ જાણે દેવનગરનો તિરસ્કાર કરી રહી હતી. તેમાં રૂપથી કામદેવના ગર્વને દૂર કરનાર શ્રી સંપ્રતિનામનો રાજા હતો. તેના શત્રુઓની અપકીર્તિથી જ જાણે આકાશ શ્યામ બની ગયું. તેના નગરમાં ઋષભસેન નામનો સાર્થવાહ હતો. તેની જાણે ધર્મની જ શ્રેષ્ઠ મૂર્તિ હોય તેવી વીરમતી નામની પત્ની હતી. એ બેના સહદેવ અને વીરદાસ નામના નીતિમાન પુત્રો હતા, અને લાવણ્યનો અસાધારણ મહાસમુદ્ર એવી ઋષિદત્તા નામની પુત્રી હતી. અનેક મિથ્યાદૃષ્ટિઓ ઋષિદત્તાની માગણી કરતા હોવા છતાં ઋષભસેને તેમને ઋષિદત્તા ન આપી. બિમારની પાસે મધ કોણ લઈ

જાય ? એકવાર રુદ્રદત્ત નામનો મહાનધનિક વણિકપુત્ર રૂપચંદ્ર નગરથી વેપાર માટે ત્યાં આવ્યો. મિત્ર કુબેરદત્તના ઘરે રહીને વેપાર કરતો તે પોતાના ઘરની જેમ સ્વેચ્છા પ્રમાણે રહે છે. ઉન્મત્તહાથી ઉપર બેઠેલા તેણે સખીઓની સાથે શેરીમાં આવેલી દેવી જેવી ઋષિદત્તાને જોઈ. જેમ ચાતક આકાશ સામે જુએ તેમ તે મોટા સ્તનવાળી અને રાજહંસ સમાનગતિવાળી ઋષિદત્તાને જ ઘણા વખત સુધી જોતો રહ્યો. પછી તેણે કુબેરદત્ત પાસેથી એની સઘળી વિગત જાણી લીધી. તેને મેળવવાની ઇચ્છાથી મિથ્યા-દૃષ્ટિ હોવા છતાં તેણે જૈનધર્મનું શિક્ષણ લીધું. એ દંભી હોવા છતાં તેના વિવેકથી શેઠનું ચિત્ત તેના પ્રત્યે આકર્ષાયું અને તેને કન્યા આપી. ખરેખર ! દંભ ધૂર્તોને માટે કલ્પવૃક્ષ છે. શેઠે સારા દિવસે ઋષિદત્તાને મહોત્સવપૂર્વક પરણાવી. જેમ કુળવાન સ્ત્રી ખેતરમાં પાણી સીંચીને પોતાને કૃતકૃત્ય માને તેમ શેઠ પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. કેટલાક મહિનાઓ વીત્યા પછી સસરાને પૂછીને જેમ કામદેવ રતિની સાથે જાય તેમ પત્નીથી યુક્ત તે પોતાના નગરમાં ગયો. ત્યાં પિતાએ ઋષિદત્તાની સાથે જ રુદ્રદત્તને અભિનંદન આપ્યા. જેમ બાળક રત્નને છોડી દે તેમ રુદ્રદત્તે જૈનધર્મને મૂકી દીધો. તેના સંસર્ગથી ઋષિદત્તા પણ મિથ્યાત્વને પામી. શબની સાથે મળેલો વાયુ શું દુર્ગંધને પામતો નથી ? આ જાણીને શુદ્ધ જૈન તેના માતા-પિતાએ પુત્રજન્મ, પુત્રવિવાહ વગેરે પ્રસંગોમાં એને દૂર કરી, અર્થાત્ એને ન બોલાવી.

ક્રમે કરીને ઋષિદત્તાએ પુત્રને જન્મ આપ્યો. તેનું મહેશ્વરદત્ત એવું નામ પાડ્યું. સમય થતાં સર્વકળાઓથી યુક્ત તે યુવાવસ્થાને પામ્યો. આ તરફ સહદેવનો ઋષિદત્ત-નામનો પહેલો પુત્ર હતો. તેની સુંદરી નામની પત્નીએ સારા સ્વપ્નથી સૂચિત થયેલ ગર્ભને ધારણ કર્યો. તેને નર્મદા નદીમાં સ્નાન કરવાનો દોહલો થયો. આથી સહદેવ તેને પોતાના સાર્થમાં નર્મદા નદીની પાસે જ લઈ ગયો. શુભ દિવસે પત્નીની સાથે નર્મદા નદીની વિધિપૂર્વક પૂજા કર્યા પછી નર્મદા નદીમાં પ્રવેશ કરીને જલક્રીડા કરી. વેપારના સુખવાળા તે સ્થાનમાં જ રહેલાં સહદેવે ત્યાં જ નર્મદાપુર નામના નગરની રચના કરી. તેમાં જાણે પોતાના સમ્યક્ત્વરૂપી શરીરને પોષવા માટે પુણ્યરૂપી આહાર હોય તેવું અને મેરુપર્વત જેવું ઊંચું જિનમંદિર બનાવ્યું. જેમ ભમરાઓ કમળ પાસે આવે તેમ ઘણા વેપારીઓએ પોતપોતાના સ્થાનોને છોડીને ત્યાં આવીને સ્થિરતા કરી. સમય થતાં જેમ વૈડૂર્યમણિની ભૂમિ વૈડૂર્યની સળીને જન્મ આપે તેમ સુંદરીએ સુંદર લક્ષણવાળી પુત્રીને જન્મ આપ્યો. પિતાએ પુત્રના જન્મની જેમ એના જન્મનો ઉત્સવ કર્યો. પછી તેનું 'નર્મદાસુંદરી' એવું નામ પાડ્યું. નર્મદાસુંદરીએ પણ જાણે પૂર્વે અભ્યાસ કરેલો હોય તેમ (સહેલાઈથી) સઘળી કળાઓનો અભ્યાસ કર્યો. જેમ પૂર્ણિમા પૂર્ણચંદ્રને પામે તેમ તે પૂર્ણ યૌવનને પામી. ઋષિદત્તાએ નર્મદા સુંદરીનું રૂપ બહુ સુંદર છે એમ સાંભળ્યું. આથી તેણે પોતાના પુત્ર માટે નર્મદાસુંદરીની માગણી

કરવાનો વિચાર કર્યો. પછી તેણે આ પ્રમાણે વિચાર્યું:- સડી ગયેલા પાંદડાની જેમ સ્વજનોથી દૂર કરાયેલી મને ધિક્કાર હો! જૈનધર્મને છોડી લેનારી મારે ઘણું સહન કરવાનું છે. જે સ્વજનો પર્વના દિવસોમાં પણ મારો આદર કરતા નથી તે મારા પુત્રને પોતાની પુત્રી કેવી રીતે આપશે? આવા વિચારથી રોતી તેને રુદ્રદત્તે રડવાનું કારણ પૂછ્યું. તેણે તે સઘળી વિગત કહી. આ સાંભળીને પુત્રે કહ્યું: હે પિતાજી! મને ત્યાં મોકલો, જેથી હું સ્વજનોને ખુશ કરીને મામાની પુત્રીને પરણીને માતાને હર્ષ પમાડું. તેથી પિતાની આજ્ઞાથી મહેશ્વરદત્ત ચાલ્યો. થોડા જ દિવસોમાં નર્મદાપુર નગરમાં આવી ગયો. નાના (=માતાના પિતા) વગેરે સ્વજનોએ લોકલજ્જાથી તેનો સત્કાર કર્યો. તીર્થંકરો પણ ઉચિત આચારનો ત્યાગ કરતા નથી. જેમ શિકારી સુંદર ગીતોથી હરણાઓને વશ કરે તેમ તેણે પોતાના ધીરતા, ગંભીરતા, ઉદારતા વગેરે ઉત્તમગુણોથી સ્વજનોને વશ કર્યા. એકવાર નાનાએ ખોળામાં બેઠેલા મહેશ્વરદત્તને કહ્યું: હે વત્સ! જેમ જાંગુલીમંત્રથી સર્પને વશ કરાય તેમ તેં અમારા ચિત્તને વશ કરી લીધું છે. તેથી તને શું ઇષ્ટ આપીને અમે સુખી બનીએ. નાનાએ આ પ્રમાણે કહ્યું એટલે તેણે નર્મદાસુંદરી કન્યાની માગણી કરી. નાનાએ કહ્યું: હે વત્સ! તેં યોગ્ય કહ્યું છે. પણ તારું કુળ મિથ્યાત્વની સીમા છે, તેથી મારું મન શંકા કરે છે. મહેશ્વરદત્તે કહ્યું: કુળ દૂર રહો, કુલની ચર્ચાથી શું? કમળને મસ્તક ઉપર મૂકનારાઓ શું કમળની ઉત્પત્તિને જુએ છે? મને તો તમારે જિનધર્મી જ જાણવો. સર્વપ્રકારની પરીક્ષાઓથી અને તેવા સોગંદોથી પણ તેણે પોતે જૈનધર્મી જ છે એવો વિશ્વાસ પમાડ્યો. હવે ઋષભસેને પ્રેમથી સહદેવનું હૃદય સાથે આલિંગન કર્યું. પછી તેણે હર્ષથી મહેશ્વરદત્તને ગૌરવપૂર્વક નર્મદા સુંદરી આપી. જેમ સ્ત્રી હાથમાં (=હથેળીમાં) ચિત્રવલ્લીને કરે તેમ મહેશ્વરદત્તે નર્મદા સુંદરીને પોતાના હાથમાં કરી, અર્થાત્ તે નર્મદાસુંદરીને પરણ્યો. નર્મદાસુંદરીને પરણીને તે મનોરથની રચનારૂપી રાજમાર્ગનો મુસાફર બન્યો, અર્થાત્ તેણે મનોરથને પૂર્ણ કર્યો. નર્મદાસુંદરીએ તેના ઉન્મત્ત હાથીના જેવા મનને ધર્મોપદેશરૂપી અંકુશોથી સન્માર્ગગામી કર્યો. કેટલોક કાળ ગયા પછી સસરા વગેરેની રજાથી જેમ હાથી વિંધ્યાચલ પર્વત તરફ જાય તેમ તે પત્નીની સાથે પોતાના ઘરે ગયો.

ચરણોમાં નમેલી નર્મદાસુંદરીને ખોળામાં બેસાડીને ઋષિદત્તા જેમ વર્ષાઋતુમાં વનભૂમિ હર્ષ પામે=વિકસિત બને તેમ હર્ષને પામી. સ્વર્ગની ગંગા સમાન નર્મદાસુંદરીએ સુકૃતરૂપી પાણીથી સસરાના ઘરને મિથ્યાત્વરૂપી કાદવથી રહિત કર્યું. પતિ માટે ધર્મોત્સવોની નદી જેવી નર્મદાસુંદરી સર્વસ્વજનોના સન્માનના સુખપૂર્વક સમય પસાર કરવા લાગી. એકવાર તે દર્પણમાં મુખ જોતી, મુખમાં તાંબૂલ ચાવતી અને વિલાસની ચેષ્ટા કરતી ઝરુખામાં બેઠેલી હતી. તે વખતે ત્યાં નીચે માર્ગમાં એક સાધુ જઈ રહ્યા હતા. તેણે થુંકેલું તાંબૂલ મુનિના મસ્તકે પડ્યું. જ્ઞાની એવા તે મુનિએ તેને

જોઈને જાણે ગુસ્સે થયા હોય તેમ કહ્યું : જે આ પ્રમાણે મુનિની આશાતના કરે છે તે પતિના વિયોગને પામે છે. ખિન્નમનવાળી નર્મદાસુંદરીએ ઝરૂખાથી ઉતરીને સાધુના બે ચરણોમાં પડીને કહ્યું : હું બળી ગઈ છું, નિર્ભાગ્યા છું, દુષ્ટા છું, શ્રીજિનેશ્વરદેવની ઉપાસિકા હોવા છતાં મેં આ પ્રમાણે અવિનય કર્યો. મહાત્માઓ વિશ્વના સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યવાળા હોય છે, પવિત્રકરુણારસના સાગર હોય છે. આથી મારા તે અપરાધને માફ કરો. સમદૃષ્ટિવાળા મુનિઓ શત્રુઓ ઉપર પણ કોપ કરતા નથી. પોતાનાઓ ઉપર પણ રાગ કરતા નથી, પોતાના પ્રાણ જાય તો પણ શ્રાપ આપતા નથી. તેથી દુષ્ટભાવ વિનાની મને જે શાપ આપ્યો છે તે દૂર કરો. કારણ કે ચંદનને કાપવામાં આવે તો પણ તેમાંથી સુગંધ પ્રગટે છે. મુનિ બોલ્યા ! હે વત્સ શ્રાવિકા ! નિરર્થક ખેદ ન પામ. જૈન મુનિઓ કચાંય પણ શાપ અને નિગ્રહ કરતા નથી. મેં અકસ્માત્ આ હકીકત માત્ર જ કહી છે. લીંમડો કડવો છે એમ કહેવામાં આવે ત્યારે શું કોઇ દુઃખી થાય છે ? કર્મદોષથી પતિની સાથે તારો વિયોગ થશે. પોતે ઉપાર્જેલા કર્મને ભોગવતો જ્ઞાની કોણ ખિન્ન બને ? આ પ્રમાણે સમજાવીને સાધુ પોતાના માર્ગે ગયા.

નર્મદાસુંદરીએ સાધુને વંદન કર્યું. રડતી તેને પતિએ શાંત કરી. પછી તે ઘરે આવી. તકલીફ વિના સતત જૈનધર્મને કરતી મહાસતી નર્મદાસુંદરીએ થોડોક કાળ સુખપૂર્વક પસાર કર્યો. એકવાર મહેશ્વરદત્ત વેપાર કરવાની ઇચ્છાથી યવનદ્વીપના દેશને યોગ્ય કરિયાણું લઈને યવનદ્વીપ તરફ ચાલ્યો. પતિએ સાથે આવવાની ના પાડવા છતાં કદાગ્રહથી જેમ પલાશવૃક્ષના પત્રોની શ્રેણિ વાવાઝોડાની સાથે ચાલે તેમ નર્મદાસુંદરી પતિની સાથે ચાલી. વહાણમાં ચઢીને દરિયાના મધ્યમાં જાય છે તેટલામાં તેણે દૂરથી કોઇના વડે ગવાતું ગીત સાંભળ્યું. સ્વરના લક્ષણોમાં કુશળ નર્મદાસુંદરીએ રાતે તે ગીત સાંભળીને પતિને પ્રસન્ન બનાવવાના ઇરાદાથી કહ્યું: હે સ્વામી ! જે આ મધુરવાણીથી ગીતો ગાઈ રહ્યો છે તેનું શરીર શ્યામ છે. હાથ, પગ અને વાળ સ્થૂલ છે. તે સત્ત્વશાલી છે. એના ગુહ્યભાગમાં મશો છે. કેડમાં જમણી તરફ લાંછન છે. તેની ઉંમર બત્રીસ વર્ષની છે. તેની છાતી પહોળી છે. હવે મહેશ્વરદત્તે વિચાર્યું કે, જેમ મેનકા (=હિમાલયની પત્ની) વિશ્વામિત્રની સાથે અનુરાગવાળી હતી તેમ ચોક્કસ આ મારી પત્ની તે પુરુષની સાથે અનુરાગવાળી છે. અન્યથા, જેમ પદ્મિની (=ચંદ્રવિકાસી કમલની વેલડી) ચંદ્રના અમૃત વર્ષાવનારા સ્વરૂપને જાણે છે તેમ આ એના દેહના લક્ષણને કેવી રીતે જાણે ? અહો ! આટલા કાળ સુધી હું એને મહાસતી જાણતો હતો, પણ હવે હું એને કુલનો ઉચ્છેદ કરનાર યમરાજની ધજા માનું છું. જે સ્ત્રીઓ સ્વાર્થ માટે પુત્ર વગેરેને પણ તૃણ સમાન ગણે છે તે સ્ત્રીઓ ઉપર બુદ્ધિમાન કોણ શાકિનીઓની જેમ વિશ્વાસ કરે ? શું હમણાં જ એને થુંકની જેમ સમુદ્રમાં નાખી દઉં ? અથવા આને તલવારરૂપી દંડથી કેળના ઝાડની જેમ છેદી નાખું ? આ પ્રમાણે નિર્દોષ

નર્મદાસુંદરી વિષે કંઈ પણ અનુચિત આચરે તેટલામાં કૂપમાં (=નૌકાના મધ્યભાગના સ્તંભ ઉપર) રહેલા નિર્યામકે ઊંચા અવાજથી આ પ્રમાણે કહ્યું:– વહાણને જલદી થોભાવો. વસ્ત્રને નીચે પાડો, અર્થાત્ સઢને ઉતારી લો, નૌકાની સાંકળોને લઈ લો, અર્થાત્ સાંકળોને લંગર સાથે બાંધી દો. આ રાક્ષસદ્વીપ આવી ગયો છે. પાણી અને ઇંધન વગેરે સામગ્રીનો અહીંથી જલદી સંગ્રહ કરી લો. આ પ્રમાણે સાંભળીને વહાણ સંચાલકોએ તે બધું તે પ્રમાણે કર્યું.

માયાથી ગુપ્તદ્વેષવાળો મહેશ્વરદત્ત તે દ્વીપમાં રમવા માટે નર્મદાસુંદરીને જંગલમાં કયાંક લઈ ગયો. મુગ્ધ નર્મદાસુંદરી ધૂર્ત તેની સાથે એક વનમાંથી બીજા વનમાં ફરી ફરીને થાક લાગવાથી નેતરથી ગહન સરોવરના કિનારે કયાંક સૂઈ ગઇ. તે વખતે જાણે પૂર્વે ઉપાર્જન કરેલા અશુભકર્મની દૂતી હોય તેવી નિદ્રા જલદી આવી ગઇ, અને એથી તેની આંખો મિચાઈ ગઇ. મહેશ્વરદત્તે વિચાર્યું: તેને હમણાં તલવાર વગેરેથી મારી નાખવામાં આવે તો તે પોતાના અપરાધને નહિ જાણશે. પણ આ પ્રમાણે (એકલી પડેલી તે) પોતાના અપરાધને યાદ કરી કરીને મૃત્યુ પામો. આ પ્રમાણે વિચારીને જેમ આંધળો માણસ સર્પની ભ્રાન્તિથી પુષ્પમાલાને છોડે તેમ તેને મૂકીને, જેમ [1]ચાડિયાથી ભ્રાન્ત બનેલો પોપટ શાલિક્ષેત્રથી નાસી જાય તેમ તે નાસી ગયો. નાસીને તે વહાણ પાસે આવ્યો. વહાણસંચાલકોએ તેને પૂછ્યું: તારી પત્ની કયાં છે? તેણે કહ્યું: હાય! મારી પત્નીને જંગલમાં રાક્ષસ ખાઈ ગયો. હણવા માટે આવતા તેને જોઇને હું જલદી નાસી છૂટ્યો. માટે તમે પણ વહાણને ખૂબ ઉતાવળથી ચલાવો. ભય પામેલા તેમણે પણ તેમ કર્યું. આત્મા (=પ્રાણ) કોને પ્રિય નથી? માયાથી જાણે વહાણમાં ચઢવાને ઇચ્છતો ન હોય તેવો મહેશ્વરદત્ત પણ વહાણમાં ચઢ્યો. તેણે વિચાર્યું: બુદ્ધિમાન મેં આજે વ્યભિચારિણીનો ત્યાગ કર્યો તે સારું કર્યું. એનો ત્યાગ કરીને મેં લોકાપવાદને પણ રોકી દીધો. મહેશ્વરદત્તે આ પ્રમાણે વિચાર્યું. પણ મૂઢ તે એ જાણતો નથી કે હું ભાગ્યથી હણાયેલો છું. જાણે પત્નીના વિયોગથી દુઃખી થયો હોય તેવા તેને વેપારીઓએ સમજાવ્યો. ક્રમે કરીને તે યવનદ્વીપમાં આવ્યો. લાભથી યુક્ત બનેલો તે પોતાના નગરમાં ગયો. તેણે માતા-પિતાને પત્ની મરી ગઈ છે એ પ્રમાણે જ કહ્યું. દુઃખી થયેલા માતા-પિતાએ પુત્રવધૂના [2]પ્રેત કાર્યો કર્યાં. પછી તેમણે પુત્રની સાથે બીજી કન્યાને પરણાવી.

આ તરફ નર્મદાસુંદરી સુખ આપનાર પંચ નમસ્કારમંત્રનું સ્મરણ કરતી જેટલામાં ઉઠી તેટલામાં તેણે પતિને ન જોયો. પતિ મારી મશ્કરી કરે છે એમ માનતી નર્મદાસુંદરીએ પતિને કહ્યું: હે નાથ! આવો, આવો. હું આવા પ્રકારના હાસ્યને સહન

૧. ખેતર વગેરેમાં પશુ-પક્ષીઓને ભય પમાડવા માટે ઘાસ વગેરેથી ઊભો કરેલો મનુષ્યનો આકાર.
૨. મરેલાને ઉદ્દેશીને કરવામાં આવતા લૌકિક આચારો.

કરવા સમર્થ નથી. ચિત્તથી શંકિત બનેલી તેણે જલદી જાતે ઉઠીને ખોવાયેલા રત્નની જેમ દરેક કાંઠામાં અને દરેક વૃક્ષમાં જોયું. ક્યાંય પણ પતિને ન જોયો. આથી તે એટલું બધું રડી કે આંસુઓની ગરમીથી તેનું ગળું સુકાઈ ગયું. રડતી એવી તેને પાસે રહેલા મૃગલાના ટોળાઓ કરુણાથી જોયા કરતા હતા. શોકથી દુઃખી બનેલી તે પોતાના અવાજના પ્રતિધ્વનિને દૂરથી સાંભળીને જેમ મૃગલી મૃગતૃષ્ણિકા તરફ દોડે તેમ પ્રતિધ્વનિ તરફ દોડી. તેવું કોઈ વન ન હતું, તેવાં કોઇ વૃક્ષો ન હતાં, એવી કોઈ ઝાડી ન હતી, કે જ્યાં તે ભમી ન હોય કે ઊંચાસ્વરે રડી ન હોય. જાણે તેના શોકથી જ હોય તેમ સૂર્ય અન્ય દ્વીપમાં ગયો અને જાણે સતીને સુખી કરવા માટે હોય તેમ વિધાતાએ ચંદ્રને મોકલ્યો. પતિદુઃખના કારણે ચંદ્રમાએ પણ અગ્નિકુંડની જેમ તેને તપાવી. રાક્ષસની જેમ ચંદ્રથી ભય પામેલી તેણે લતાગૃહમાં પ્રવેશ કર્યો. જાણે સો વર્ષ જેટલી હોય તેમ રાત્રિને પસાર કરીને સવારે પતિના ગુણોને યાદ કરીને આકાશ અને પૃથ્વીને ભરી દેનારું રુદન કર્યું, હે નાથ! જેમ ચંદ્ર કુમુદિનીને છોડીને જાય તેમ દીન અને એકાંત સ્થિર પ્રેમરૂપી અમૃતમય એવી મને સૂતેલી છોડીને તમે ક્યાં ગયા? આ પ્રમાણે પોતે રોતી અને મુસાફરોને રડાવતી તથા પતિના સમાચાર પૂછતી તેણે પાંચ દિવસ પસાર કર્યા. છઠ્ઠા દિવસે સમુદ્રના કાંઠે જ્યાં વહાણ રોકાયું હતું ત્યાં ગઈ. ત્યાં સ્થાન શૂન્ય જોયું. પછી નિરાશ બનેલી તેણે મુનિના તે વચનનું ઉલ્લંઘન કરી શકાય તેમ નથી એમ વિચાર્યું, અને વિવેકથી યુક્ત બનેલી તેણે શોક ઓછો કર્યો. તે મહાસતીએ જાતે જ આત્માને આ પ્રમાણે સમજાવ્યોઃ– હે જીવ! પૂર્વે ઉપાર્જન કરેલા પોતાના કર્મને (સમતાથી) ભોગવ, બેદ ન કર. પછી તેણે સ્નાન કરીને અરિહંત દેવોને વંદન કર્યું. વનમાં ફલાહારને કરતી તે તાપસી જેવી થઇ. તે સતીએ માટીનું જિનબિંબ બનાવીને તે જિનબિંબને કચાંક ગુફામાં નિશ્ચલતા માટે આંખોની આગળ સ્થાપિત કર્યું. સુંદર બુદ્ધિવાળી સતીએ ફૂલ, પુષ્પ અને સામો નામનું ધાન્ય વગેરેથી જિનપૂજા કરીને જ્યોતિષ્મતી વૃક્ષના તેલથી દીપકોને પ્રગટાવ્યા. સવારે ઉઠીને જિનબિંબની આગળ એકાગ્રચિત્તે સ્વાધ્યાય અને સ્તવન વગેરે કરવા દ્વારા ત્યાં પણ દિવસોને સફલ બનાવ્યા. એકવાર સદ્ગતિને સાધવાની ઈચ્છાથી વ્રત લેવા માટે જેમ રાજહંસી માનસ સરોવરમાં જવા માટે ઈચ્છે તેમ તેણે ભરતક્ષેત્રમાં જવાની ઈચ્છા કરી.

આ તરફ બબ્બર દેશના બંદરે જતો અને વિવેકબુદ્ધિવાળો એનો વીરદાસ નામનો કાકો તે પ્રદેશમાં આવ્યો. પોતાના સૈન્યસમુદાયથી પરિવરેલો નર્મદાસુંદરીના પગલાઓની શ્રેણિને જોઈ જોઇને પર્વત પાસે ગયો. ત્યાં તેણે શ્રી જિનસ્તુતિ સાંભળી. અવાજના લક્ષણથી આ નર્મદા હોવી જોઈએ એમ વિચારતા તેણે ગુફામાં પ્રવેશ કર્યો અને

આંખો માટે ઉત્સવ સમાન તેને આશ્ચર્યપૂર્વક જોઈ, નર્મદાસુંદરી કાકાને ઓળખીને ગળે વળગીને રડી. કાકો પણ સ્નેહથી શોક અને આનંદના આંસુઓથી છવાઈ ગયો. કાકાએ તેને પૂછ્યું : હે પુત્રી ! તું એકલી કેમ છો ? અને અહીં તારું આગમન કેવી રીતે થયું ? સતીએ પોતાનો સઘળો વૃત્તાંત જણાવ્યો. ભાગ્યની નિંદા કરતો કાકો નર્મદાસુંદરીને લઈને બબ્બર બંદરે આવ્યો. બહાર સાર્થનો પડાવ રાખ્યો. મહાસતીને સ્વચ્છ વસ્ત્રમંડપમાં રાખી. પછી પોતે ભેટણું લઈને રાજસભામાં ગયો. અર્ધી કરમુક્તિ વગેરેથી રાજાએ તેનો સત્કાર કર્યો. કરિયાણું વગેરેના લેવડ-દેવડની વ્યવસ્થા કરી.

આ તરફ રાજાની કૃપાપાત્ર અને સૌભાગ્યરૂપી સંપત્તિની શાળા એવી હરિણી નામની વેશ્યા ત્યાં પ્રસિદ્ધ હતી. તે ત્યાં મુસાફરો પાસેથી એક હજાર ને આઠ સોના-મહોરો લેતી હતી. આવી વ્યવસ્થા રાજાએ કરી હતી. તે વેશ્યાએ વીરદાસને બોલાવવા પોતાની દાસી મોકલી. અમે સ્વપત્નીમાં સંતોષવાળા છીએ એમ કહીને વીરદાસે તેને ના કહી. દાસીએ એકહજાર આઠ સોનામહોરોની વ્યવસ્થાની વાત કરી એટલે વીરદાસે તેને વ્યવસ્થાનું ધન (એકસો આઠ સોનામહોર) આપ્યું. દાસીએ જઈને તે બધું ધન હરિણીને હર્ષથી આપ્યું. વેશ્યાએ કહ્યું : આ ધનથી શું ? તું તેને અહીં લઈ આવ. આથી દાસી ફરી વીરદાસને બોલાવીને વેશ્યાની પાસે લઈ ગઈ. દાસીએ વેશ્યાને કાનમાં કહ્યું : તેના ઘરે કોઈક સ્ત્રી છે, તે તેની પત્ની હોય, બહેન હોય કે પછી પુત્રી હોય. પણ તેનું રૂપ દેવાંગનાઓને પણ ઝાંખી પાડે તેવું છે. જો હરણના જેવી આંખોવાળી તે સ્ત્રી તમારી આજ્ઞાને આધીન બને તો તમે પોતાના ઘરે કલ્પવેલડી અવતરી છે એમ જાણો. તાત્કાલિક બુદ્ધિવાળી હરિણીએ કપટથી નિશાની (=ખાતરી) માટે વીરદાસની વીંટી લીધી. દાસીને કાનમાં કંઈક કહીને અને વીંટી આપીને મોકલી. તેથી કપટમાં કુશળ દાસીએ નર્મદાસુંદરી પાસે જઈને આ પ્રમાણે કહ્યું:- હે સુંદરી ! શેઠ અમારા ઘરે રહેલા છે અને તમને બોલાવે છે. તેની નિશાની (=ખાતરી) માટે આ વીંટી છે. માટે જલદી આવો. વીરદાસના નામથી અંકિત વીંટી જોઈને નિષ્કપટ નર્મદાસુંદરી તેની સાથે જ વેશ્યાના ઘરે ગઈ. તેને બીજા બારણાથી પ્રવેશ કરાવીને જલદી ભોંયરામાં રાખી. કૃતકૃત્ય બનેલી વેશ્યાએ એ વીંટી વીરદાસને પાછી આપી. અખંડિતવ્રતવાળો વીરદાસ ત્યાંથી પોતાના ઘરે ગયો. ત્યાં નર્મદાસુંદરીને ન જોતાં ક્ષોભ પામ્યો. સેવકોને પૂછ્યું. ઉપાયો કરવા છતાં તે ક્યાંય તેની માહિતી મેળવી શકયો નહિ. ધૂતારાઓના અતિશય ગુપ્ત રીતે કરેલા કાર્યના પારને શું કોઈ પામી શકે ? વીરદાસે વિચાર્યું : જેણે માયાથી નિષ્કપટ આ સતીનું અપહરણ કર્યું છે તે હું અહીં હોઉં ત્યાં સુધી કેવી રીતે પ્રગટ કરશે ? અર્થાત્ પ્રગટ નહિ કરે. વીરદાસ આ પ્રમાણે વિચારીને, કરિયાણાઓ લઈને, રાજાને પૂછીને, વસ્તુઓથી વહાણોને ભરીને પોતાના નગર તરફ ચાલ્યો. વિશુદ્ધબુદ્ધિ-વાળા વીરદાસે ભરુચ આવીને ઉપાયને જાણનારા જિનદાસ નામના મિત્ર શ્રાવકને બધી

વિગત કહી. પછી તેને નર્મદા સતીની શોધ માટે જલદી મોકલ્યો. જિનદાસ પણ નર્મદા સતીની શોધ માટે જરૂરી સામગ્રી સાથે લઈને બર્બર બંદરે ગયો.

આ તરફ વીરદાસ ત્યાંથી ગયો એટલે સુવર્ણ માટે જેનું ચિત્ત હણાઈ ગયું છે એવી વેશ્યાએ નર્મદાસુંદરીને કહ્યું : હે ભદ્રા ! વેશ્યાનો ધંધો કરીને પોતાના જન્મને સફળ કર. જેમ ઉર્વશી મહાન ઐશ્વર્યવાળા ઇંદ્રને માન્ય છે તેમ તું રાજાને માન્ય થા. તેનાં વચનોથી જાણે બળી ગઈ હોય તેવી નર્મદાસુંદરી હાથોને હલાવતી બોલી : મારા જીવતા મારા શીલરૂપી માણેકરત્નનું હરણ કરવા આ કોણ ઇચ્છે છે ? વેશ્યા બોલી : પૃથ્વીતલમાં અમારો જ જન્મ સફલ છે. અહીં રહેલી પણ અમે પોતાની મરજી મુજબ ભોગોને ભોગવીએ છીએ. નર્મદાસુંદરીએ કહ્યું : આ સુખોના કારણે (વિવેકી) કોણ પોતાને કલ્યાણથી વંચિત રાખે ? બાળકો જ માણેકરત્નોથી ચણાને ખરીદે છે. જેમ વાંછિતની પ્રાપ્તિ માટે જડપુરુષ ચિંતામણિને મારે તેમ નર્મદાસુંદરીના વચનથી કોપ પામેલી વેશ્યા તેને જલદી મારવા લાગી. વેશ્યાથી માર મરાતી નર્મદાસુંદરી મનમાં પંચનમસ્કાર મંત્રનું સ્મરણ કરવા લાગી. તેના પ્રભાવથી વેશ્યા ઓચિંતી પ્રાણોથી મુક્ત થઈ. વેશ્યાના મૃત્યુ પછી તેના પદે સ્થાપવા માટે રાજાની આજ્ઞાથી મંત્રી નર્મદાસુંદરીને પ્રાર્થના કરવા લાગ્યો. જો હું માલિક બનીશ તો સ્વેચ્છા પ્રમાણે અહીંથી નીકળી શકીશ એમ પોતાને નીકળવાનો ઉપાય જાણીને જેમ શંકરે સ્ત્રીપણું[1] માન્યું તેમ સતીએ મંત્રીનું વચન માન્યું. મંત્રીના મુખથી સતીના સૌંદર્યને સાંભળીને તેને જોવા ઉત્સુક બનેલા રાજાએ તેને લાવવા માટે સુખાસન (=પાલખી) મોકલ્યું. રાજસેવકો તેને સુખાસનમાં બેસાડીને અને તેના મસ્તકે છત્ર ધારણ કરીને મહાન આડંબરથી નગરમાં જલદીથી જેટલામાં લઈ જાય છે તેટલામાં શીલરક્ષા માટે ગાંડપણ ઔષધ છે એમ જાણીને તે નગરની મોટી ખાળમાં પથ્થરની જેમ પડી. જેમ લોહના બખ્તરથી શરીરને વીંટે તેમ આ તો અપૂર્વ ચંદનનો લેપ છે એમ બોલતી સતીએ શરીરને કાદવથી લીંપ્યું. વિષયોની વિરુદ્ધ બોલનારી સતીએ વસ્ત્રોને શરીર ઉપરથી ઉતારીને પાંદડાની જેમ ફાડી નાખ્યા. શીલરૂપી જીવનો વિનાશ કરનારા સર્પોને ત્રાસ પમાડવા માટે તેણે તેમની સામે સાપનું ઝેર ઉતારવા માટે મંત્ર બોલનારી સ્ત્રીની જેમ ધૂળ ફેંકી. જાણે મુશ્કેલીથી નિવારણ કરી શકાય તેવા મંત્રથી ગ્રહણ કરાઈ હોય તેમ ભયંકર આકૃતિવાળી તેણે પોતાના શૌર્યનું વર્ણન કરવા પૂર્વક અદ્ભુત નૃત્ય કર્યું. તેની વિગત સાંભળીને

૧. શંકરદેવે ભસ્માસુર રાક્ષસને વરદાન આપ્યું કે તું જેના મસ્તક ઉપર હાથ મૂકીશ તે મરી જશે. આ વરદાન મેળવીને તેણે શંકરના જ મસ્તક ઉપર હાથ મૂકવાનો નિર્ણય કર્યો. આથી શંકરદેવ ભાગવા લાગ્યા. તે શંકરદેવની પાછળ પડ્યો. આથી શંકરદેવ મોહિનીનું રૂપ ધારણ કરીને તેની સામે નાચવા લાગ્યા. મોહિનીમાં મુગ્ધ બનીને ભસ્માસુર પણ નાચવા લાગ્યો. નાચતાં નાચતાં તેણે પોતાના મસ્તક ઉપર હાથ મૂકયો. આથી તે મરણ પામ્યો.

રાજાએ પોતાના માંત્રિકોને ત્યાં મોકલ્યા. સતીએ માંત્રિકોને પથ્થરોથી કૂતરાઓની જેમ માર્યા. હવે લોકોએ તેને કરાના પથ્થરોની વૃષ્ટિની જેમ દૂરથી છોડી દીધી. પાંદડાંઓથી વીંટળાયેલા વંટોળિયાની જેમ બાળકોથી વિંટળાયેલી તે નગરમાં ભમવા લાગી.

એકવાર જિનેશ્વરદેવના રાસોને ગાતી, બાળકોથી યુક્ત અને જીર્ણવસ્ત્રવાળી તેને જિનદાસે જોઈ. કરુણાથી આર્દ્ર બનેલા તેણે તેની આગળ આવીને પૂછ્યું : હે વ્યંતરાધીશા ! તું કોણ છે ? તે મને કહે. હું જિનેશ્વરદેવનો ભક્ત છું. તેણે જવાબ આપ્યો : જો તમે જૈન છો તો તમારે મને એકાંતમાં પૂછવું. માટે હમણાં નિરર્થક થઈ રહેલા રંગમાં ભંગ ન કરો. બીજા દિવસે જેમ વંટોળિયો પાંદડાઓને વિખેરી નાખે તેમ બાળકોને દૂર ભગાડીને તેણે કોઈ વનમાં જઇને પોતાની ઇચ્છા પ્રમાણે જિનેશ્વરદેવોને વંદન કર્યું. જિનદાસ પણ તેની પાછળ ત્યાં ગયો. તેણે અંજલિ જોડીને તેને વંદન કરીને પૂછ્યું : ધર્મમાં જ મનવાળી તું કોણ છે ? તેણે પણ આ શ્રાવક છે એમ માનીને તેને પોતાનો સઘળો વૃત્તાંત કહ્યા. આ સાંભળીને જિનદાસે તેને કહ્યું, હે નર્મદાસુંદરી ! મેં તને જોઈ તે સારું થયું. કારણ કે હે પુત્રી ! તારા માટે જ હું અહીં આવ્યો છું. મિત્ર વીરદાસે ભરુચ શહેરથી મને અહીં મોકલ્યો છે. માટે ખેદ ન કર. બધું સારું થશે. કારણ કે અવસરે સારી રીતે યોજેલી બુદ્ધિથી શું અસાધ્ય છે ? પણ આજે તારે સંપૂર્ણબળથી હાથિણીની જેમ ઘટ, વાસણ વગેરેને ભાંગતાં ભાંગતાં રાજમાર્ગમાં ફરવું. આ પ્રમાણે સંકેત કરીને જિનદાસ આગળ જઈને ઊભો રહ્યો. તે પણ ગઈ અને તે પ્રમાણે કર્યું. આ દરમિયાન રાજાએ દયાળુ જિનદાસને કહ્યું : ગાંડી થયેલી આ સ્ત્રીએ જેમ વાનરી ઉદ્યાનને ઉપદ્રવવાળું કરે તેમ આ નગરને ઉપદ્રવવાળું કર્યું છે. માટે અનર્થને કરનારી એ સ્ત્રીને કોઢરોગવાળી સ્ત્રીની જેમ મારા આટલા આગ્રહથી સમુદ્રના પેલે પાર દૂર મૂકી આવો. રાજાની આજ્ઞાથી હર્ષને પામેલો જિનદાસ નર્મદાસુંદરીને બેડીઓથી બાંધીને દિવ્ય ઔષધિની જેમ સાથે લઈ ગયો. કાદવમાંથી ચિંતામણિ મળે તેમ દુર્લભ નર્મદાસુંદરીને મેળવીને સ્નાન કરાવીને નવાં વસ્ત્રો પહેરાવ્યાં. મિત્રપ્રિય જિનદાસ કિંમતી કરિયાણાની જેમ તેને વહાણમાં ચઢાવીને જલદી નર્મદાપુર લઈ ગયો. નર્મદાસુંદરીને આવતી જાણીને પિતા વગેરે તેની પાસે ગયા. તે પિતા વગેરેને નમીને ગળે વળગીને ઊંચા સ્વરે રડવા લાગી. તેને જીવતી મેળવીને ઋષભસેન વગેરે હર્ષ પામ્યા. તેથી તેમણે માંગલિક આચારોપૂર્વક ફરી જન્મોત્સવ કર્યો. તથા જૈનમંદિરોમાં મહાપૂજાપૂર્વક સાધર્મિકવાત્સલ્ય વગેરે ઘણાં ધર્મકાર્યો કર્યાં. જિનદાસ ગૌરવપૂર્વક કેટલાક દિવસો સુધી રહીને વીરદાસને પૂછીને ભરુચ શહેર ગયો.

આ તરફ એકવાર આર્યસુહસ્તિ નામના દશપૂર્વધર આચાર્ય વિહાર કરતા નર્મદાપુર પધાર્યા. નર્મદાસુંદરી માતા–પિતા અને કાકાની સાથે જેમણે ભવો અલ્પ

કરી દીધા છે તેવા આચાર્યને વંદન કરવા માટે ગઈ. ધર્મલાભ રૂપ આશીર્વાદ આપીને ગુરુએ ધર્મનો ઉપદેશ આપ્યો. દેશનાના અંતે વીરદાસે ગુરુને નમીને પૂછ્યું : હે પ્રભુ! નર્મદાસુંદરીએ પૂર્વભવમાં કયું કર્મ કર્યું કે જેથી નિર્દોષ પણ તે દુઃખનું ભાજન થઈ. ગુરુએ શ્રુતના ઉપયોગથી જાણીને કહ્યું : જાણે ભૂમિને માપવાનો દંડ હોય તેવો વિંધ્ય નામનો પર્વત છે. પૃથ્વીની માળા જેવી આ નર્મદાનદી તેમાંથી નીકળી છે. એ નદીની નર્મદા નામની મિથ્યાદૃષ્ટિ અધિષ્ઠાત્રી દેવી છે. એક દિવસ દ્વેષવાળી થયેલી તેણે નર્મદાના કાંઠે કાયોત્સર્ગમાં રહેલા ધર્મરુચિ નામના મુનિમહાત્માને ઉપસર્ગો કર્યા. મુનિની નિશ્ચલતાથી એ સમ્યગ્દૃષ્ટિ બની. તે દેવી ચવીને તમારી પુત્રી આ નર્મદાસુંદરી થઈ. પૂર્વભવના અભ્યાસથી આ નર્મદા નદીમાં સ્નાન કરવાના દોહલાથી વૃદ્ધિ પામી. સાધુને કરેલા ઉપસર્ગોથી બંધાયેલાં અશુભકર્મોના ઉદયથી દુઃખી થઈ. (આ સાંભળીને) નર્મદાસુંદરીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી તેણે દીક્ષા લીધી. તપશ્ચર્યા કરતી તેણે ઉજ્જ્વલ અવધિજ્ઞાનને પ્રાપ્ત કર્યું. પ્રવર્તિનીપદને પ્રાપ્ત કરીને તે રૂપચંદ્ર નગર ગઈ. ઘણો કાલ પસાર થઈ જવાથી અને તપ-કષ્ટના કારણે શરીર કૃશ થઈ જવાથી તેને કોઇએ ઓળખી નહિ. સાધ્વીવૃંદથી વિભૂષિત નર્મદાસુંદરીસાધ્વી ઋષિદત્તાએ આપેલા પોતાના ઉપાશ્રયમાં ઘણો કાળ રહી ત્યાં તેણે કર્મના મર્મને વીંધનારા ધર્મનો ઉપદેશ આપ્યો. તે ઉપદેશને ઋષિદત્તાની સાથે મહેશ્વરદત્તે પણ સાંભળ્યો. એકવાર નર્મદા સાધ્વીજીએ મહેશ્વરદત્તને અતિશય સંવેગને ઉત્પન્ન કરવા માટે ઔષધસમાન સંપૂર્ણ સ્વરશાસ્ત્ર કહ્યું. આ સાંભળીને પશ્ચાત્તાપને પામેલો મહેશ્વરદત્ત બોલ્યો : સ્વરશાસ્ત્ર ન્યૂન નથી, અર્થાત્ એનાથી નહિ જોયેલું પણ જાણી શકાય છે. આથી તે મારી પત્નીએ પણ એ બધું ચોક્કસ સ્વરશાસ્ત્રથી જાણ્યું હતું. પાપી, અધમ અને અવિવેકથી કલંકિત બનેલા મને ધિક્કાર હો કે જે મેં પ્રિય અને સતી પત્નીને વનમાં એકલી મૂકી. તેથી ભાગ્યથી હણાયેલો હું સત્ત્વશાલીઓને દોષ આપવા લાયક થયો છું.[1] જગતમાં અતિશય દુઃખી પુરુષની જેમ મારાથી અધિક કોઈ પાપી નથી. ઇત્યાદિ પશ્ચાત્તાપ કરતા તેને દયાથી પ્રવર્તિનીએ કહ્યું: હે ભદ્ર! તે જ હું નર્મદા તમારી પાસે છું. તેથી વિષાદ ન કરો. બધા જ જીવો પૂર્વના કર્મથી પ્રેરાઈને પ્રવૃત્તિ કરે છે. કોઈ કોઈના દ્વેષનું પોષણ કરનાર નથી અને કોઇ કોઇનો પ્રેમ કરનાર નથી, અર્થાત્ બીજાઓ એક-બીજા ઉપર જે દ્વેષ કે પ્રેમ કરે છે તે પૂર્વના કર્મથી પ્રેરાઇને કરે છે. પછી મહેશ્વરદત્તે સાધ્વીજીને ખમાવી. સ્ફુરાયમાન થતા વૈરાગ્યથી દેદીપ્યમાન તેણે આર્યસુહસ્તિ નામના ગુરુની પાસે ઉત્તમ ચારિત્ર લીધું. સંવેગ પામેલી ઋષિદત્તાએ પણ ચારિત્ર લીધું. તે બંને તપ તપીને

---

૧. અથવા આવો અર્થ પણ થઈ શકે કે- જગતમાં જેમ મારાથી અધિક કોઈ સંતાપ પામનાર નથી, તેમ મારાથી અધિક કોઇ પાપી પણ નથી, અર્થાત્ મેં બહુ મોટું પાપ કર્યું છે અને એનો મને ઘણો સંતાપ થયો છે.

સ્વર્ગની સંપત્તિને પામ્યા. સુંદરબુદ્ધિવાળી નર્મદા સાધ્વીજીએ પણ અવધિજ્ઞાનથી પોતાના મૃત્યુને નજીક જાણીને સંલેખનાપૂર્વક અનશનનો સ્વીકાર કર્યો. મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઈ. ત્યાં રાજ્યસંપત્તિને ભોગવીને દીક્ષા લીધી, નિર્મલશીલના યોગથી આઠ કર્મોને ભેદીને તે નર્મદાસુંદરી મોક્ષને પામી.

રતિસુંદરીનું દૃષ્ટાંત

હવે રતિસુંદરીની કથાનો પ્રારંભ કરવામાં આવે છે :-

જાણે સંપત્તિઓનો સંકેત હોય તેવું સાકેત નામનું નગર હતું. તેમાં ચંદ્ર શ્રેષ્ઠિઓની સ્ત્રીઓના મુખરૂપી ચંદ્રનું નિર્માલ્ય હતો. શત્રુઓરૂપી હાથીઓ માટે સિંહ-સમાન નરકેસરી રાજા હતો. તારાઓ જાણે તે રાજાની તલવારથી હણાયેલા શત્રુઓના હાથીઓના (=હાથીઓના ગંડસ્થલમાંથી નીકળેલા) મોતીઓ હતા. તેની જાણે પૃથ્વી ઉપર રહેલી દેવી હોય તેવી કમલસુંદરી નામની રાણી હતી. તેણે કલ્યાણયુક્ત વંશપરંપરાથી આવેલી રાજલક્ષ્મીના વિલાસમાં જ આદર કર્યો હતો. તેમની રતિસુંદરી નામની પવિત્ર પુત્રી હતી. તે રતિસુંદરી જાણે વિધાતાએ પોતાની સૃષ્ટિના સૌંદર્યની એક સ્થળે ભેગી કરેલી શોભા હોય તેવી હતી, અર્થાત્ તે બહુ શોભતી હતી. જેમ તારાઓથી ચંદ્રકલા પરિવરે તેમ સખીઓથી પરિવરેલી તેણે એક દિવસ ગુણશ્રી નામની પ્રવર્તિનીને વંદન કર્યું. પ્રવર્તિનીએ પણ તે વખતે તેને અમૃત જેવી મધુરવાણીથી મોતીની માળા જેવો ઉજ્જ્વલ ધર્મોપદેશ આપ્યો. તે આ પ્રમાણે :- જેમ ગરીબ માણસ મેરુને પામીને તેમાંથી રત્નને ગ્રહણ કરે તેમ બુદ્ધિમાન પુરુષે દુર્લભ મનુષ્ય જન્મને પામીને તેનાથી ધર્મરૂપી ફળને ગ્રહણ કરવું જોઈએ. જેમ બાળક રત્નથી પૂર્ણ નિધાન મળવા છતાં કોડીને ઇચ્છે છે તેમ મૂઢ માણસ મોક્ષફલવાળા મનુષ્ય જન્મમાં ભોગોને ઇચ્છે છે. તેથી સમ્યક્ત્વનો અને સંયમનો સ્વીકાર કર, અને નિર્મલ તપ તપીને ભવના પારને પામ. તપરૂપી અગ્નિથી તપાવેલ અને શીલરૂપી નિર્મલ જલથી ધોયેલ જીવ અગ્નિથી પવિત્ર થયેલા ૧૨ત્નકંબલ જેમ કર્મમલનો ત્યાગ કરે છે. હે રાજપુત્રી ! શરીરશોભા નાશવંત છે. શરીરનું ફલ તપશ્ચર્યા છે. આથી જીવનપર્યન્ત જિનધર્મમાં પ્રયત્ન કર. આ પ્રમાણે પ્રવર્તિનીના મુખરૂપી ચંદ્રમાંથી (નીકળતા) વચનરૂપી અમૃતને પીને તેની જ્ઞાનદૃષ્ટિ ઉલ્લાસને પામી. તેણે મધુરસ્વરે કહ્યું: હે સાધ્વીજી ! આપે મને પ્રશંસનીય આ સારું કહ્યું. પણ હું નિત્ય પ્રમાદી હોવાથી વ્રતોને સ્વીકારવા માટે અસમર્થ છું. તેથી આપ પ્રસન્ન થઈને વાછરડા ઉપર ભાર મૂકવાના ન્યાયથી મને ભવપતનમાં આલંબનભૂત

---

૧. શબ્દકોષમાં **અમ્બર** શબ્દનો રત્નકંબલ અર્થ જોવામાં આવ્યો નથી, ત્યાં **અમ્બર** શબ્દના વસ્ત્ર વગેરે અર્થ જણાવેલ છે. આમ છતાં પ્રસ્તુતમાં રત્નકંબલ અર્થ વધારે બંધ બેસતો જણાતો હોવાથી રત્નકંબલ અર્થ કર્યો છે.

ગૃહસ્થ યોગ્ય ધર્મ આપ્યો. તેથી પ્રવર્તિનીએ તેને સમ્યક્ત્વરત્નને આપીને કહ્યું: હે પુત્રી ! શીલ જ સ્ત્રીઓનો ઉત્તમ ધર્મ છે. શીલને પાળનાર સ્વયં પાપથી નિવૃત્ત થાય છે અને બીજો જીવ પણ પાપથી નિવૃત્ત થાય છે. આથી તારે અન્યપુરુષના ત્યાગરૂપ શીલવ્રત પાળવું. શીલથી જ પૃથ્વીતલમાં સૂર્ય અને ચંદ્ર સુધી કીર્તિ નૃત્ય કરે છે. શીલથી જ કલ્યાણનું સ્થાન એવા મોક્ષને પામી શકાય છે. જેમ વર્ષાદથી લતાઓના અંકુરા પ્રગટે છે તેમ શીલના પ્રભાવથી સ્ત્રીઓના સર્વ મનોરથો આ જ ભવમાં ફળે છે. શીલ પરલોકરૂપ સંસારમાં દુઃખ અને દુર્ગતિરૂપી પર્વત માટે લાંબા કાળ સુધી વજ્રરૂપ શસ્ત્ર થાય છે, અર્થાત્ શીલના પ્રભાવથી પરલોકમાં લાંબા કાળ સુધી દુઃખ અને દુર્ગતિની પ્રાપ્તિ થતી નથી. શીલ પરંપરાએ મુક્તિ આપે છે. આ સાંભળીને અતિશય આનંદ થવાથી રતિસુંદરીના શરીરમાં અતિશય રોમાંચો પ્રગટ થયા. તેણે આદરપૂર્વક પરપુરુષત્યાગનો નિયમ લીધો.

આ તરફ નંદન નામના નગરના ચંદ્ર રાજાએ પોતાના કામ માટે દૂતને સાકેતપુર મોકલ્યો. દૂત (કામ પતાવીને) સાકેતપુરથી નંદનનગર આવ્યો. દેશની વિગતનું વર્ણન કરવાના અવસરે દૂત પાસેથી રાજાએ સાંભળ્યું કે, રતિસુંદરી અતિશય રૂપવતી છે. આ સાંભળવાથી રતિસુંદરી પ્રત્યે અતિશય રાગ થવાના કારણે ચંદ્રરાજાને જરા પણ ઊંઘ આવતી ન હતી. આથી તેણે રતિસુંદરી માટે નરકેસરી રાજા પાસે મંત્રીને મોકલ્યો. તેથી આ બંન્નેનો સંબંધ યોગ્ય છે એમ માનીને કુશળ નરકેસરી રાજાએ જેમ ચંદ્રને રોહિણી આપી તેમ તેને રતિસુંદરી આપી. રાજાએ શુભદિવસે રતિસુંદરીને મહાન આડંબરથી નંદનપુર મોકલી. જેમ કૃષ્ણને લક્ષ્મી સ્વયં વરી હતી તેમ રતિસુંદરી ચંદ્રને સ્વયં વરનારી બની. સારા મુહૂર્તમાં તે બેનો પ્રશંસનીય વિવાહ મંગલ થઈ ગયો એટલે નંદનનગરમાં વધાપનનો ઉત્સવ થયો. રતિસુંદરીને જોઈને લોકો આ શું કોઈ દેવી છે ? અથવા વિદ્યાધરી છે ? કે પાતાલ કન્યા છે ? એમ બોલવા લાગ્યા. જેમ ચાંદનીથી યુક્ત ચંદ્ર બધાથી અધિક શોભે છે તેમ પ્રિયાથી અલંકૃત અને ક્ષત્રિયરૂપી નક્ષત્રોનો નાયક ચંદ્રરાજા સર્વોત્કૃષ્ટ સ્થાનને પામ્યો.

જેમ સિંહ સિંહને કહે તેમ, કુરુદેશનો અધિપતિ અને બલવાન મહેંદ્રસિંહ રાજાએ એકવાર ચંદ્રને દૂતના મુખેથી કહ્યું. તે આ પ્રમાણે :–હે દેવ ! જેમ સૂર્યની સાથે કમળોને પ્રીતિ છે તેમ, તમારી સાથે અમારી પૂર્વ પુરુષોની પરંપરાથી આવેલી પ્રીતિ આટલા લાંબા કાળ સુધી ટકી રહી છે. કુલને પ્રકાશિત કરનારા અને સાત્ત્વિક જે પુત્રો પૂર્વજોએ આચરેલા સંબંધનો લોપ કરતા નથી તે જ પુત્રો ગૌરવનું સ્થાન બને છે. તેથી સૌજન્યરૂપી શંખને અખંડપણે ધારણ કરતા તમારે પોતાનું બધું કામ સંશય વિના મારાથી સાધવું, અર્થાત્ તમારું કોઈ પણ કામ હોય તો મને કહેવું, હું કરી આપીશ. વળી બીજું–પ્રીતિને વધારવા માટે નવોઢા રતિસુંદરીને અમને ભેટણામાં મોકલવી, જેથી

અમે તેના સત્કાર કરીએ. જેની સાથે પ્રીતિ હોય તેના ગૌરવ માટે પ્રિયા પણ આપી શકાય. તેથી જ વસિષ્ઠમુનિ વડે આદર કરાયેલી અરુન્ધતી કોને માન્ય નથી? દૂતનું વચન સાંભળીને અલ્પ સ્મિત કરીને ચંદ્રરાજા બોલ્યોઃ જેમ ચંદ્રને ચાંદની પ્રિય છે તેમ સુજનો કોને પ્રિય નથી? પરોપકાર, મૈત્રી, દાક્ષિણ્ય, પ્રિયભાષણ, સુંદર શીલ, વિનય અને ત્યાગ–આ સજ્જનોના ગુણો છે. તેથી હે દૂત! તારા રાજાએ મને આ સારું કહ્યું કે, જેમ સમુદ્ર મર્યાદાને ઓળંગતો નથી, તેમ કુળવાન પુરુષો મર્યાદાનો લોપ કરતા નથી. અમે પણ ઉચિત કહેવા જેવું કહીશું. મારા પ્રાણ જેવી દેવીની માગણી કરવી એ પ્રીતિનું લક્ષણ નથી.

દૂતે કહ્યુંઃ તેમનું વચન અન્યથા કરવું એ તમારા માટે યોગ્ય નથી. કોમળતાથી સાધી શકાય તેવા કાર્યમાં કઠોરતા કરવી એ વિવેક નથી. મર્યાદાનો લોપ કરતા સમુદ્રને કોણ રોકી શકે? સમુદ્ર ક્ષુબ્ધ બને ત્યારે પુલ બાંધવા માટે કોણ સમર્થ થાય? તેવી રીતે યુદ્ધના મેદાનમાં ભયંકર મહેંદ્રસિંહ રાજાને પણ કોણ સહન કરી શકે તેમ છે? માટે પોતાના હિત માટે તે રાજા વિષે સામનો પ્રયોગ કરવો જોઈએ. હવે રોષથી લાલ થયેલા ચંદ્રરાજાએ કહ્યુંઃ અરે દૂત! અન્યની સ્ત્રીઓને માગતો તારો એ રાજા સારો કુળવાન છે! શું કોઈ પોતાની પત્નીને બીજાના ઘરે મોકલે? શેષનાગના જીવતા (તેના મસ્તકે રહેલા) રત્નને કોણ લઈ શકે? દૂતે ફરી કહ્યુંઃ હે ભૂપ! તાત્ત્વિક વચનને સાંભળો, ગમે તે રીતે પોતાનું અવશ્ય રક્ષણ કરવું જોઈએ એવી રાજનીતિને યાદ કરો. નોકરોથી ધનનું રક્ષણ કરવું જોઈએ, અર્થાત્ નોકરોનો ભોગ આપીને પણ ધનનું રક્ષણ કરવું જોઈએ. નોકર અને ધન એ બંનેથી પત્નીનું રક્ષણ કરવું જોઈએ. નોકર, ધન અને પત્ની એ ત્રણેથી પોતાના જીવનનું રક્ષણ કરવું જોઈએ. ઇત્યાદિ બોલતા દૂતને રાજાના સેવકે જેમ કૃપણ પુરુષ ભિખારીને બહાર કાઢે તેમ ગળેથી પકડીને સભામાંથી બહાર કાઢયો. દૂતે જઈને તે જ પ્રમાણે મહેંદ્રસિંહ રાજાને કહ્યું.

મર્યાદાનો ત્યાગ કરીને મહેંદ્રસિંહ રાજા સૈન્યની સાથે જાણે સમુદ્ર ચાલતો હોય તેમ ચાલ્યો. તેને આવતો સાંભળીને જેમ ચંદ્ર રાત્રિના અંધકારના ફેલાવાની સામે થાય તેમ રોષથી વ્યાકુલ થયેલો ચંદ્રરાજા પણ તેની સામે થયો. યુદ્ધમાં ક્રમે કરીને બંનેનું સૈન્ય ખસવા લાગ્યું. બંનેનું સઘળું સૈન્ય પલાયન થઇ ગયું એટલે જેમ બે સિંહ લડે તેમ એ બંનેનું ભયંકર યુદ્ધ થયું. જેમ રાહુ ચંદ્ર ઉપર આક્રમણ કરે તેમ ભાગ્યવશથી મહેંદ્રસિંહ રાજાએ આક્રમણ કરીને ચંદ્રને જીવતો બાંધીને મંત્રીના હાથમાં સોંપ્યો. જેમ મૃગલાઓ નાસી રહ્યા હોય ત્યારે શિકારી નાસી રહેલી હરણીને પકડી લે તેમ મહેંદ્રસિંહ રાજાએ ચંદ્રરાજાનું સૈન્ય નાસી રહ્યું હતું ત્યારે નાસી રહેલી રતિસુંદરીને પકડી લીધી. રતિસુંદરીના લાભથી તુષ્ટ થયેલો તે ચંદ્રરાજાને છૂટો કરીને પોતાના નગરમાં આવ્યો.

કામરૂપી–ભીલથી હણાયેલા તેણે રતિસુંદરીને કહ્યુંઃ હે સુંદર ભમ્મરવાળી! જ્યારથી મેં દૂતના મુખથી તને સાંભળી ત્યારથી જેમ ભ્રમરનું હૃદય માલતીમાં ઉત્કંઠિત બને

તેમ મારું હૃદય તારામાં ઉત્કંઠિત બન્યું. હે ભદ્રા! તારા માટે જ મારો આ પ્રયત્ન હતો. તેથી હવે પ્રસન્ન બનીને કુરુદેશની અધિપતિ બનીને મારા એ પ્રયત્નને સફલ કર. હવે રતિસુંદરીએ વિચાર્યું: મારા આ શ્રેષ્ઠરૂપને ધિક્કાર થાઓ! જેમ ફલથી યુક્ત વૃક્ષ દુર્દશાને પામે તેમ મારા પતિ આવી દુર્દશાને પામ્યા. ક્રોધી, દુરાચારી અને જુગારીની જેમ ઉત્સુકતાવાળા એણે મારા ચિત્તનો વિચાર કર્યા વિના આવી ચેષ્ટા કરી. તેને ધિક્કાર થાઓ! જેમ કસાઈની દુકાનમાં બંધાયેલા બોકડાને પોતાનું જીવન બચાવવું મુશ્કેલ છે તેમ હવે પછી મારે આનાથી શીલની રક્ષા કેવી રીતે કરવી? અથવા પ્રાણ સંકટમાં હોય ત્યારે કાલક્ષેપ કરવો એ જ કલ્યાણ માટે છે એવું નીતિવાક્ય છે. આ નીતિવાક્યને યાદ કરીને રતિસુંદરીએ સામેથી જ તેને કહ્યું: હે શ્રેષ્ઠનૃપ! તમારો ગાઢ અનુરાગ જાણ્યો. એથી જો નિષ્ફલ ન કરો તો તમને કાંઈક પ્રાર્થના કરું. રાજાએ કહ્યું: હે [1]રંભોરુ! આ પ્રાર્થના વચન તો શું? તારા માટે ઉપયોગમાં લેવાયેલા આ પ્રાણો પણ મારા માટે તૃણસમાન છે. હે સુંદર ભ્રમરવાળી! જે મસ્તક આપે તેની પાસે શું ચક્ષુની માગણી કરાય? એથી તું મારી પાસે અતિદુર્લભ પણ માગ. હું તારી માગણીને પૂરી કરું છું. રતિસુંદરીએ કહ્યું: ચાર માસ સુધી મારા બ્રહ્મચર્યનો ભંગ ન કરો. આ સિવાય બીજું કાંઇ મારે જોઇતું નથી. રાજા બોલ્યો: હે સુંદર મુખવાળી! આ વચન વજ્રપાતથી પણ અધિક ભયંકર છે. તો પણ હું તારી આજ્ઞા અન્યથા નહિ કરું. દુઃખરૂપી સમુદ્રમાં ડુબેલી તે તેના દ્વીપસમાન આ વચનને પામીને સૂર્યથી સંતપ્ત બનેલ પુરુષ વૃક્ષની છાયા પામીને ખુશ થાય તેમ ખુશ થઈ. પછી પણ આ મને આધીન જ છે એમ વિચારીને રાજા ધનને ભૂમિમાં દાટીને રંક જેમ ખુશ થાય તેમ મનમાં ખુશ થયો.

રતિસુંદરી સતત આયંબિલ અને ઉપવાસ વગેરે તપશ્ચર્યાઓથી શરીરનું શોષણ કરવા લાગી. સ્નાન, વિલેપન અને આભૂષણોનો ત્યાગ કર્યો. બે સ્તનો વચ્ચેનું અંતર વધી ગયું. મુખરૂપી કમળ કરમાઈ ગયું. લોહી, માંસ, નાસિકાનો અગ્રભાગ અને કમ્મર સૂકાઇ ગયા. વાળ કઠોર થઈ ગયા. આખું શરીર મેલથી શ્યામ થઈ ગયું. હિમથી બળેલી કમલિનીની જેમ તે આકૃતિથી જ ભયંકર બની ગઈ આવી રતિસુંદરીને રાજાએ એકવાર જોઈ. તેણે રતિસુંદરીને પૂછ્યું: હે મૃગના જેવી આંખોવાળી! તારી આવી અવસ્થા કેમ થઈ? શું તને કોઈ રોગ છે? અથવા ચિત્તમાં દરરોજ કોઈ દુઃખ ઉત્પન્ન થાય છે? તેણે કહ્યું: હે દેવ! વૈરાગ્યથી મેં આ વ્રત ધારણ કર્યું છે, તેથી ફાગણ માસમાં વન જેમ મારી કાયા કાંતિરહિત થઇ ગઇ છે. હે મહારાજ! આ વ્રત મારે ગમે તેમ કરીને પણ પૂરું કરવું જોઇએ. કારણ કે વ્રતભંગ નરકનું કારણ છે. રાજાએ પૂછ્યું: તારા વૈરાગ્યનું કારણ શું છે? જેથી તેં ભોગને યોગ્ય આવા શરીરને પુષ્પ-

---

૧. કેળ જેવી જાંઘવાળી.

માળાની જેમ તપરૂપી અગ્નિમાં નાંખ્યું ! પતિવ્રતા રતિસુંદરીએ કહ્યું: હે રાજેંદ્ર ! જુઓ, તેમાં પહેલાં તો સેંકડો દોષોથી ભરેલું આ શરીર જ વૈરાગ્યનું અસાધારણ કારણ છે. આ શરીર નવ દ્વારોથી ચરબી, લોહી, માંસ, મેદ, હાડકાં, પિત્ત, વિષ્ઠા, મૂત્ર અને શ્લેષ્મ વડે દુર્ગંધને બહાર કાઢે છે. વારંવાર વિલેપન, સ્નાન અને ધૂપ વગેરે ઉપાયોથી સારી રીતે પવિત્ર કરેલ પણ આ શરીર પોતાની દુર્ગંધને કોઇ પણ રીતે મૂકતું નથી. અંદર કે બહાર જે જે ભોગસાધન શરીર પાસે લઇ જવામાં આવે=શરીર માટે ઉપયોગ કરવામાં આવે તે તે ભોગસાધન લુચ્ચા પુરુષને કરેલા ઉપકારની જેમ વિરૂપતાને પામે છે, અર્થાત્ ખરાબ બની જાય છે. માત્ર દેખાવથી મનોહર પણ અંદરથી અશુચિનું નિધાન શરીર જેમ વિષ્ઠા [1]ગધેડાને વૈરાગ્ય ઉત્પન્ન કરે છે તેમ કોને વૈરાગ્ય ઉત્પન્ન ન કરે ? ગુણી જીવો પણ કિંપાકફલની જેમ જેમાં મોહ પામે છે, તે હણાયેલા આ શરીરના બીજા પણ મોટા દોષો દેખાય છે. આ પ્રમાણે તેની વૈરાગ્યવાળી પણ દેશનાથી રાજા જેમ મેઘની વૃષ્ટિથી મુદ્ગશૈલ ભાવિત ન બને=પલળે નહિ તેમ ભાવિત ન બન્યો. રાજાએ વિચાર્યું: આ તપથી ક્લેશ પામેલી છે તો પણ નિયમ પૂર્ણ થતાં સંસ્કારિત કરાયેલી એ ફરી સ્વસ્થ અવસ્થાને પામશે.

રાજાએ રતિસુંદરીને કહ્યું: હે મુગ્ધા ! નિરર્થક ખેદ ન કર. તારા નિયમને પૂરો કર. આમ કહીને સ્મિતથી લેપાયેલા મુખવાળો રાજા જતો રહ્યો. નિયમની અવધિ પૂર્ણ થતાં પારણા પછી રાજાએ ફરી કહ્યું: હે ભદ્રા ! તારો સંગ કરવા માટે આજે હું ઘણો ઉત્કંઠિત છું. સતીએ કહ્યું: હે દેવ ! બધે સ્વાર્થ જ અધિક બલવાન છે. અતિઘણા સમય પછી આજે જ મેં સ્નિગ્ધ ભોજન કર્યું છે. તેથી હમણાં મારું આખું શરીર વ્યાકુલ છે. માથું ફાટે છે. હૃદયમાં શૂલ વગેરે થાય છે. સાંધાઓ તૂટે છે. આ પ્રમાણે કહી રહ્યા પછી ગુપ્તપણે મોઢામાં મદનફલ નાખીને માર્મિક બુદ્ધિવાળી તેણે કૃતઘ્ન પુરુષની જેમ ખાધેલું બધું વમી નાખ્યું. તેણે રાજાને કહ્યું: હે રાજેન્દ્ર ! અહો ! શરીરની કૃતઘ્નતાને જુઓ, તેવું મનોહર ભોજન શરીરે ક્ષણવારમાં અશુચિ કરી નાખ્યું. તમારા જેવા મૂર્ખને મૂકીને ભૂખ્યો થયેલો હોય તો પણ પોતાને ભાગ્યશાળી માનનાર કોણ વમેલું ખાવાની ઇચ્છા કરે ?

રાજાએ પૂછ્યું: હું મૂર્ખ કેવી રીતે ? મહાસતીએ જવાબ આપ્યો : હે વિચક્ષણ ! અહીં અભિપ્રાય સ્પષ્ટ છે, આથી કંઈ કહેવાની જરૂર નથી. બીજાએ ભોગવેલી સ્ત્રીઓથી

---

૧. આના આધારે એ જણાય છે કે બીજા પશુઓની જેમ ગધેડો વિષ્ઠા જરા પણ નહિ ખાતો હોય. અથવા અહીં બીજો અર્થ આ પ્રમાણે થાય:- શરીર ગધેડાની વિષ્ઠા (લાદ)ની જેમ કોને વૈરાગ્ય ઉત્પન્ન ન કરે ? પણ આ અર્થ કરવામાં પ્રસ્તુત વિષયને પુષ્ટિ મળતી નથી. કારણ કે ગધેડાની વિષ્ઠા કરતાં તો મનુષ્યની વિષ્ઠા વધારે ખરાબ છે. તો ટીકાકાર "મનુષ્યની વિષ્ઠાની જેમ" આમ લખત. આથી પહેલો અર્થ વધારે ઠીક જણાય છે.

અધિક બીજું નિંદનીય શું છે ? તેથી હે વિચક્ષણ ! બીજાએ ભોગવેલી સ્ત્રીને ઇચ્છતા તમે શું ઠપકાને પાત્ર નથી થયા ? રાજાએ કહ્યું: હે સુંદરી ! આ સાચું છે, હું એ બધું સમજું છું. પણ અતિશય રાગથી તારો સંગ કરવામાં હું લુબ્ધ છું. મહાસતીએ કહ્યું: જેનો રાગ સ્થિર હોય તેના પ્રત્યે અનુરાગ કરવો જોઈએ. આથી હજી પણ મારા આ નીચ શરીર વિષે અનુરાગ શો કરવો ? રાજાએ ફરી કહ્યું: તપથી સુકાયેલા પણ આ શરીરમાં આ તારા બે નેત્રો જુના પાત્રમાં રહેલા રત્નની જેમ ત્રણ લોકમાં અમૂલ્ય છે. શીલરક્ષા માટે બીજા ઉપાયને નહિ જાણતી સતીએ સહસા પોતાના બે નેત્રોને ઉખેડીને રાજાને આપ્યા. આ જોઈને આશ્ચર્ય પામેલો રાજા રાગથી મુક્ત બન્યો અને તેનો સંવેગ અતિશય વધ્યો.

હવે તેણે સંભ્રમપૂર્વક સતીને કહ્યું: હે કુશોદરી ! તેં આ ભયંકર કામ કેમ કર્યું ? હા હા ! આ દુષ્કર કામ મારા અને પોતાના (=સતીના) દુઃખનું જ કારણ છે. રતિસુંદરીએ કહ્યું: હે દેવ ! જેમ અતિશય તીવ્રરોગીઓને કડવું ઔષધ સુખનું જ કારણ છે તેમ આ કાર્ય આપણા બન્નેના સુખનું જ કારણ જાણવું. પછી તેણે ઉપદેશથી રાજાને ધર્મમાં સ્થિર કર્યો. વૈરાગ્યને પામેલા તેણે પણ સતીને ખમાવી. પછી શીલના પ્રભાવથી શાસનદેવીએ એનાં અતિશય શોભાથી મનોહર બે નેત્રો કર્યાં. રાજાએ પણ મંત્રીઓની સાથે તેને નંદન નગર મોકલી. તેણે ચંદ્રરાજાને જણાવ્યું કે રતિસુંદરી મારી બહેન છે, સગી બહેન છે. ચંદ્રરાજાએ રતિસુંદરીની પ્રશંસા કરી. રતિસુંદરી સતી નિર્મલ શીલધર્મનું પાલન કરીને ક્રમે કરીને મોક્ષસુખને પામશે. [૫૪]

પતિથી ત્યજાયેલી મહાસતીઓના પણ શીલપ્રભાવને કહે છે:–

रिसिदत्ता दवदंती, कमला य कलावई विमलसीला ।
नामग्गहणजलेणवि, कलिमलपक्खालणं कुणह ॥५५॥

ગાથાર્થ :– નિર્મલ શીલવંતી ઋષિદત્તા, દમયંતી, કમલા અને કલાવતી એ સર્વ સતીઓ જય પામો. હે ભવ્યજનો ! એ સતીઓની સ્તુતિ, પ્રશંસા વગેરે દૂર રહો, તેમના માત્ર નામ ગ્રહણરૂપ જલથી પણ કલિયુગના મલનું = પાપનું પ્રક્ષાલન કરો.

ટીકાર્થ :– ગાથાનો આ સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો દૃષ્ટાંતોથી જાણવો. તેમાં પહેલું ઋષિદત્તાનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે :–

ઋષિદત્તાનું દૃષ્ટાંત

આ જ ભરતક્ષેત્રમાં મધ્યખંડમાં શ્રીરથમર્દન નામનું નગર હતું. તેમાં શ્રીમંતોના ઘરમાં કુબેર વણિકપુત્ર જેવો જણાતો હતો. ત્યાં હેમરથ રાજા હતો. તેની તલવારરૂપ વેલડી શત્રુઓની સ્ત્રીઓના ઉષ્ણ પણ નેત્રજલથી વૃદ્ધિ પામી. તેને સુયશા નામની

પત્ની હતી. તેના નેત્રોએ હરણીને જીતી લીધી. ચોક્કસ તેથી હરણીએ જંગલનો આશ્રય લીધો છે. જંગલનો આશ્રય લીધો હોવા છતાં [1]હરણી માર્ગને સેવે છે. તેમનો કનકરથ નામનો મહાપરાક્રમી પુત્ર હતો. તેની કીર્તિરૂપી પત્ની બાળ હોવા છતાં આકાશમાં સહેલાઈથી પરિભ્રમણ કરતી હતી.

આ તરફ પૃથ્વીરૂપી લક્ષ્મીની વેણી સમાન કૌશેરીનગરી હતી. તે નગરીનું ગર્વરૂપી વજ્રને ધારણ કરનાર સુંદરપાણિ નામનો રાજા શાસન કરતો હતો. તેની પતિવ્રતા સ્ત્રીઓના તિલક સમાન વાસુલા નામની પત્ની હતી. જેમ મેરુની ભૂમિ કલ્પ-વેલડીને જન્મ આપે તેમ વાસુલાએ રુક્મિણી નામની પુત્રીને જન્મ આપ્યો. રુક્મિણી હવે યૌવનમાં આરૂઢ થઈ છે એમ રાજાએ જાણ્યું. આથી તેણે કનકકુમારની સાથે રુક્મિણીનો સંબંધ યોગ્ય છે એમ વિચારીને રુક્મિણી કનકકુમારને આપી. કનકકુમાર પિતાની આજ્ઞાથી રુક્મિણીને પરણવા માટે ચાલ્યો. તે રસ્તામાં સીમાડાના રાજાઓને પોતાની આજ્ઞાને આધીન કરતો હતો. ક્રમે કરીને તે રાજપત્નીની જેમ સૂર્યને નહિ જોનાર અને ઊંચાં વૃક્ષોથી ઢંકાયેલ એક મોટા જંગલમાં આવ્યો. પાણી જોવાની ઇચ્છાથી પૂર્વે મોકલેલા સેવકોએ આવીને વૃક્ષની નીચે બેઠેલા કુમારને કહ્યું: હે દેવ! આપની આજ્ઞાથી અમે દૂરની ભૂમિ સુધી ગયા. ત્યાં જાણે પૃથ્વીનું મુખ હોય તેવું અને કમળોથી ભરેલું એક સરોવર જોયું. અમે જેટલામાં સરોવરના કાંઠે ગયા તેટલામાં ત્યાં વનના આશ્રમમાં હીંચકાથી રમવાની ઇચ્છાવાળી કોઈ કન્યાને જોઈ. અમને જોઈને તે એકદમ દૂર ભાગી ગઈ અને વિદ્યાધરીની જેમ ખબર ન પડે તે રીતે વૃક્ષોની ઘટામાં સંતાઈ ગઈ. જેમ દરિદ્રીને ચિંતવેલી ન મળે તેમ અમે સુંદરમુખવાળી તેને જંગલમાં શોધવા છતાં ફરી ન જોઈ. જેમ મેઘગર્જનાને સાંભળીને મોર હર્ષ પામે તેમ આ સાંભળીને કુમાર પણ હર્ષ પામ્યો અને તેમની સાથે તેમણે બતાવેલા માર્ગે ચાલ્યો. તે આમ્રવનમાં આવ્યો અને હરણની જેમ તેની અંદર છુપાઇ ગયો. ત્યાં વિસ્મયથી પ્રફુલ્લિત બનેલા તેણે ચંચળ આંખોવાળી તે કન્યાને જોઈ. તેણે વિચાર્યું: ચોક્કસ આ મુનિના શાપથી પરિભ્રષ્ટ થયેલ દેવી છે. મરુભૂમિમાં કલ્પલતાની જેમ આવું સ્ત્રીરત્ન ભૂતલમાં ક્યાંથી હોય? આ પ્રમાણે રાજપુત્ર જેટલામાં તે કન્યાના રૂપમાં મોહ પામ્યો તેટલામાં તે કન્યા સૈન્યનો કોલાહલ સાંભળીને પલાયન થઈ ગઇ. સૈન્યને ત્યાં જ સરોવરના કાંઠે વૃક્ષોની ઘટામાં રાખીને કામના આવેશવાળો કુમાર તે વનમાં ભમ્યો. તેને નહિ જોતો કામીચિત્તવાળો તે કુમાર દૂર ગયો. ત્યાં આગળના ભાગમાં ઊંચા તોરણવાળું એક મંદિર જોયું. ચોક્કસ આમાં હરણના જેવી આંખોવાળી તે મનોહર કન્યા પણ હશે એમ વિચારીને રાજપુત્રે અંદર પ્રવેશ કર્યો. ત્યાં શ્રીઋષભદેવની પ્રતિમાને જોઇને તે પોતાને ધન્ય માનવા લાગ્યો.

---

૧. અહીં માર્ગ શબ્દ દ્વિઅર્થક છે. એક અર્થમાં માર્ગ એટલે વિષ્ણુ. બીજા અર્થમાં માર્ગ એટલે મૃગ.

પછી તેણે જેટલામાં વનના પુષ્પોથી અચિંત્યફલવાળી પૂજા કરી તેટલામાં જેમ ચાંદનીની સાથે ચંદ્ર આવે તેમ તે બાલિકાની સાથે વિશાળ જટાના ભારવાળા વૃદ્ધ મુનિ ત્યાં આવ્યા. રાજપુત્રને જોતી મુનિપુત્રીએ વિચાર્યું કે, શું આ ઈંદ્ર છે? અથવા ચંદ્ર છે? અથવા સાક્ષાત્ કામદેવ છે? વિસ્મય પામેલા કુમારે પણ જિનને વંદન કરીને મુનિને વંદન કર્યું. મુનિએ પણ "તું દીર્ઘકાળ સુધી જીવ" એવા આશીર્વાદ આપ્યા. મુનિએ તેને તારું કુલ કયું છે એમ પૂછયું અને મને તારું નામ કહે, એમ કહ્યું. કુમારના સ્તુતિપાઠક ભાટે મુનિને કુમારની બધી વિગત કહી. કન્યાના મુખરૂપી ચંદ્રને વિષે ચકોરની જેમ દૃષ્ટિ ધારણ કરનાર કુમારે પણ મુનિને પૂછયું: આ કન્યા કોણ છે? અહીં મંદિર કેમ છે? આપ કોણ છો? પછી મુનિએ કહ્યું: હે વત્સ! આ કથા મોટી છે. હું પૂજા કરીને જ્યાં સુધીમાં આવું ત્યાં સુધી તું અહીં રહે. 'તેમ હો' એમ કહીને કુમાર અન્ય મંડપમાં બેઠો. મુનિએ બાલિકાની સાથે મંદિરમાં જઈને દેવપૂજા કરી. કુમારે કન્યાને જોઈ, અને કન્યાએ (કન્યા તરફ) વળેલી ડોકવાળા અને ઉત્સુક કુમારને ચપળ અને નિર્મલ આંખોથી વારંવાર જોયો. મુનિ કુમારને મંદિરની ઉત્તર દિશામાં પોતાની ઝુંપડીમાં લઇ ગયા. ત્યાં પૂજાની સામગ્રી વગેરેથી કુમારની પૂજા કરીને મુનિએ કુમારને આ પ્રમાણે કહ્યું:—

હે વત્સ! મંત્રિતાવતી નામની મનોહર નગરી છે. હરિષેણ નામનો રાજા તે નગરીનું રક્ષણ કરતો હતો. તેની યથાર્થ નામવાળી પ્રિયદર્શના પત્ની હતી. તેની કુક્ષિમાં થયેલો અજિતસેન નામનો પુત્ર હતો. એકવાર તોફાની ઘોડો રાજાને અશ્વો ખેલાવવાના સ્થાનમાંથી આ વનભૂમિમાં બળાત્કારે લઈ આવ્યો. રાજા અતિદક્ષ હોવાથી પીપળાના વૃક્ષની ડાળને પકડીને ચાલતા પણ ઘોડા ઉપરથી જલદી આ વનમાં ઉતર્યો. અહીં આગળ રહેલા તળાવમાં રાજાએ મુખનું પ્રક્ષાલન કર્યું. પછી રાજાએ વિશ્વભૂતિ નામના તાપસને સારી રીતે નમસ્કાર કર્યા. કચ્છ અને મહાકચ્છની વંશ પરંપરામાં આવેલા તે મહામુનિએ "શ્રીઋષભજિન તમારા કલ્યાણ માટે થાઓ" એમ આશીર્વાદ કહ્યા. બંને પરસ્પર કુશલવૃત્તાંત સુખપૂર્વક જેટલામાં કહી રહ્યા હતા તેટલામાં વનમાં મોટો કોલાહલ પ્રગટ થયો. આશ્રમવાસીઓ આ શું છે? એમ ઇશારાપૂર્વક બોલ્યા. રાજાએ જાણ્યું કે ચોક્કસ મારા પગલાવાળા માર્ગથી મારું સૈન્ય આવ્યું છે. રાજાએ ઉઠીને સેનાને સાંત્વન આપ્યું. મુનિની આરાધના કરતો રાજા એક માસ સુધી ત્યાં જ રહ્યો. તે રાજાએ પુણ્યરૂપી સમુદ્ર માટે ચંદ્ર સમાન અને શ્રેષ્ઠ તોરણવાળું શ્રી ઋષભપ્રભુનું આ મંદિર કરાવ્યું છે. સ્વેચ્છાથી પોતાની નગરીમાં જવાની ઇચ્છાવાળા તે રાજાને કુલપતિએ વિષને દૂર કરનાર એક મંત્ર આપ્યો. રાજ્યનું પાલન કરતા અને સભામાં બેઠેલા તેને એકવાર કોઈ રાજ્યના દ્વારપાળે આવીને જણાવ્યું. તે આ પ્રમાણે:—

હે દેવ! કલ્યાણવાળી શ્રીમંગલાવતી નગરી છે. તેમાં મહાતેજસ્વી પ્રિયદર્શન રાજા

રાજ્ય કરે છે. જેમ મેઘની વિદ્યુત્ પત્ની છે તેમ તેની વિદ્યુત્પ્રભા પત્ની છે. તેની કુક્ષિમાં ઉત્પન્ન થયેલી ગુણોથી પવિત્ર બનેલી પ્રીતિમતી નામની પુત્રી છે. તેને આજે દુષ્ટ સર્પ કરડ્યો છે. તેથી તમને જણાવવા માટે પ્રિયદર્શન રાજાએ મને જલદી મોકલ્યો છે. ઉપકારની બુદ્ધિવાળા તેણે વેગવાળા હાથીઓથી મંગલાવતી નગરીમાં જઈને રાજપુત્રીને [1]ગરુડની જેમ વિષરહિત કરી. કન્યાના પિતાએ તે કન્યા તેને આપી. તેને પરણીને તે રાજા પોતાની નગરીમાં આવ્યો. રાજાના પ્રવેશ નિમિત્તે નગરજનોએ દરવાજાઓને શણગારેલી કમાન બાંધી હતી. કેટલોક કાળ ગયા પછી પોતાના યુવાન પુત્રને રાજ્ય ઉપર બેસાડીને તે દંપતીએ તાપસવ્રતનો સ્વીકાર કર્યો. તે બંને વિશ્વભૂતિ નામના તપસ્વીના ચરણોમાં રાધાવેધ સાધવાની જેમ વ્રતની આરાધના કરવા લાગ્યા. પાંચમા મહિને [2]સ્ત્રીમંત્રની જેમ પ્રીતિમતીનો ગર્ભ તત્કાલ જરાક પ્રગટ થયો. નમેલા મસ્તકવાળા રાજાએ સહચરી પ્રીતિમતીને પૂછ્યું: હે ભદ્રા! કુલ અને શીલને અનુચિત તારો આ ગર્ભ કેમ દેખાય છે? પ્રીતિમતીએ જવાબ આપ્યો વ્રતના સ્વીકાર પહેલાં જ આ ગર્ભ હતો, પણ જેમ વાદળની મધ્યમાં રહેલી ચંદ્રકળા ક્ષણવાર ન દેખાય તેમ આ ગર્ભને મેં ન જાણ્યો. તેમણે વિચાર્યું: અહીં રહેલા આપણે તપસ્વીઓમાં ધિક્કારને પાત્ર બનીશું. આથી સવારે બીજા સ્થળે ચાલ્યા જવું. આમ વિચારીને વ્યાકુલ અને ચિંતારૂપી આચમન જલથી યુક્ત મનવાળા તેમણે [3]ગાલ ઉપર ડાબો હાથ મૂકીને સૂઈને તે રાત્રિ પસાર કરી. સવારે તેમણે દુષ્ટ વ્યંતરથી તદ્દન ખાલી કરાયેલા ગૃહસ્થના ઘરની જેમ તે આશ્રમને તપસ્વીઓથી ખાલી જોયો. તેથી વિલખા બનેલા તેમણે પોતાની ચપળ આંખોને [4]વિક્રીત અવશેષની જેમ આમતેમ ફેરવી. જેમ પક્ષી સુકા પાંદડાવાળા વૃક્ષને છોડીને જાય તેમ આશ્રમને છોડીને જતા ધીમા પગલાવાળા એક વૃદ્ધમુનિને જોયા. હરિષેણમુનિએ તે વૃદ્ધમુનિ પાસે જઈને અંજલિ જોડીને કહ્યું: મને કહો કે કયા કારણથી આ તપોવન શૂન્ય છે? વૃદ્ધમુનિએ કહ્યું: હે વત્સ! તમારું આ નિંદ્ય કાર્ય જોઈને કોઢરોગવાળા પુરુષની જેમ આ આશ્રમને છોડીને બધા અન્ય વનમાં ગયા છે. આ પ્રમાણે કહીને મુનિ જલદી ઇચ્છેલા સ્થળે ગયા. ખેદ પામેલા હરિષેણ મુનિ પોતાની ઝુંપડીમાં પાછા આવ્યા. જેમ સાધુ લક્ષ્મીની નિંદા કરે તેમ પોતાના કર્મની નિંદા કરતા તેમણે ચાર મહિના સો વર્ષ જેટલા પસાર કર્યા. ગર્ભનો કાળ પૂર્ણ થતાં પ્રીતિમતીએ જેમ કલ્પવેલડી ઈષ્ટ ફલ આપનાર સંપત્તિને જન્મ આપે તેમ પુત્રીને

---

૧. ગરુડ કશ્યપઋષિનો પુત્ર છે. તે ગારુડિક મંત્રથી ઝેરને દૂર કરે છે.

૨. સ્ત્રીની ગુપ્ત વાતની જેમ.

૩. **पाल्लि** એટલે પાળ. ગાલની પાળ ઉપર એમ શબ્દાર્થ છે.

૪. જેમ કોઇ વેપારી અમુક માલ વેચાઇ ગયા પછી હવે માલ કેટલો બાકી રહ્યો છે એમ માલ ઉપર નજર ફેરવે તેમ.

જન્મ આપ્યો. ઋષિની કૃપાથી આ પ્રાપ્ત થઈ છે એમ વિચારીને તેના માતા-પિતાએ તે વખતે તેનું ઋષિદત્તા એવું સાર્થક નામ પાડયું. તેની માતા સુવાવડના રોગથી મૃત્યુ પામી. પછી પિતાએ તેને પાળીને આઠ વર્ષની કરી. રૂપવતી એને વનમાં ફરનારા જીવો ઉપદ્રવ ન કરે એ માટે એ અદૃશ્ય થઈ શકે એ હેતુથી પિતાએ તેની આંખમાં અંજન કર્યું. દાક્ષિણ્યતાથી ઉત્તમ તે પિતા હું છું, અને તે કન્યા આ છે. વનમાં બીજાઓને નહિ દેખાતી તેણે તને જ દર્શન આપ્યું છે.

પરસ્પર એક-બીજાને જોતા ઋષિદત્તા અને રાજપુત્રે સ્નેહપૂર્ણ દૃષ્ટિથી એક-બીજાને પોતાના આત્માનું અર્પણ કર્યું. તે બેના ભાવને વિચારીને મુનિએ કુમારને કહ્યું: યોગ્ય એવા તમને આ કન્યા અતિથિનું સત્કાર થાઓ, અર્થાત્ હું તમને અતિથિના સત્કારમાં આ કન્યા આપું છું. કુમારે 'તેમ હો' એમ સ્વીકાર્યું. પછી જેમ શંકર પાર્વતીને પરણે તેમ સુકોમલ વાણીવાળો કુમાર તેને પરણ્યો. જેમ ભમરો માલતીમાં (=માલતી પુષ્પમાં) સુખપૂર્વક રહે તેમ રાજપુત્ર કેટલાક દિવસો સુધી નવોઢા ઋષિદત્તાની સાથે ત્યાં સુખપૂર્વક રહ્યો. કુમારની સોબતથી ભોળી પણ ઋષિદત્તા વિચક્ષણ બની. પાડલ વનસ્પતિથી વાસિત થયેલી માટી શું સુગંધને પામતી નથી? વૈરાગ્યમાં તત્પર બનેલા મુનિએ પોતાની પુત્રી અને જમાઇને પૂછીને પંચપરમેષ્ઠિ સ્તવનું (=નમસ્કારમંત્રનું) સ્મરણ કરતાં કરતાં અગ્નિમાં પ્રવેશ કર્યો. તેથી પિતાના દુઃખથી પૃથ્વી ઉપર આળોટીને રડતી પત્નીને અમૃત જેવી પ્રિયવાણીવાળા કુમારે સમજાવી. રાજપુત્ર પહેલાં જે કન્યાને પરણવા માટે પોતાના નગરથી ચાલ્યો હતો તેને છોડીને ત્યાંથી જ ઋષિદત્તાની સાથે પોતાના ઘરે પાછો ફર્યો. ઋષિદત્તાએ રસ્તામાં [1]હરિવર્ષ વડે લવાયેલા બીજોથી સર્વઋતુઓમાં ફલથી શોભે તેવી વૃક્ષશ્રેણિને વાવી. આ પ્રમાણે કેટલાક દિવસોમાં તે રથમર્દન નગર આવ્યો. પ્રવેશનિમિત્તે પિતાએ કરેલા ઉત્સવપૂર્વક વિશાલનેત્રવાળા તેણે નગરમાં પ્રવેશ કર્યો. પતિને માન્ય અને સદાચારવાળી ઋષિદત્તાએ વિનય વગેરે ગુણોથી બધાના ચિત્તોને પ્રસન્ન બનાવ્યાં. કુશળ આશયવાળા કુમાર યુવરાજપદને પામીને દોગુંદક દેવની જેમ બે [2]પ્રકારના વિષયોને ભોગવવા લાગ્યો.

હવે કૌશેરી નગરીમાં સુંદરપાણિ રાજાએ સાંભળ્યું કે કુમાર મુનિની પુત્રીને પરણીને પાછો ફર્યો છે. યૌવનના ઉન્માદથી ઉન્મત્ત બનેલી અને રાજપુત્રમાં અત્યંત કામાતુર થયેલી રુક્મિણી પણ આ સાંભળીને ઉપાયોને વિચારવા લાગી. તેણે મંત્ર-તંત્રને જાણનારી, કોડો કપટ કરવામાં કુશળ, અને પાપિણી સુલસા નામની કોઇ યોગિનીની પાસે યાચના કરી કે, તું ઋષિદત્તાને કલંક આપ અને તે પતિ મને આપ. યોગિની

---

૧. અહીં 'હરિવર્ષ'ના સ્થાને 'હરિષેણ' હોવું જોઇએ. કારણ કે ઋષિનું નામ હરિષેણ છે.
૨. ભોગ અને ઉપભોગ એમ બે પ્રકારના.

તેના વચનનો સ્વીકાર કરીને રથમર્દન નગરમાં આવી. સર્પિણીની જેમ બે જીભવાળી, રાક્ષસીની જેમ દુષ્ટ ચિત્તવાળી અને આળસરહિત ચિત્તવાળી સુલસા અતિશય અંધકાર થયો ત્યારે (રાજમહેલમાં) અવસ્વાપિની નિદ્રાને આપીને તથા ત્યાં એક માણસને મારીને જેમ દુષ્ટવૃત્તિવાળી સ્ત્રી જાય તેમ કુમારના મહેલમાં આવી. પતિની પાસે સૂતેલી ઋષિદત્તાના મુખરૂપી કમળને લોહીથી લાલ કર્યું. દુષ્ટાની દુષ્ટતાને ધિક્કાર થાઓ. ! તેના ઓશીકા આગળ માંસપિંડનો કરંડીયો મૂક્યો. પછી અવસ્વાપિની નિદ્રાને સંહરીને રાજપુત્રના મહેલમાંથી પલાયન થઈ ગઈ. સવારે મરેલા માણસને જોઇને તેના પરિવારે કોલાહલ કર્યો. તેથી કુમાર પણ જાગી ગયો. તે વખતે તેણે વૃત્તાંત જાણ્યો. પત્નીના મુખને લોહીથી લાલ થયેલું જોઇને અને ઓશીકા પાસે માંસપિંડને જોઇને કુમારે ચિત્તમાં શંકા કરી. તે આ પ્રમાણે :- કોઈ મનુષ્ય મરી ગયો છે એમ સંભળાય છે. આ પણ આવી દેખાય છે. હા હા ! મારી પ્રાણપ્રિયા શું રાક્ષસી હશે ? આમાં આવું સંભવે નહિ, અને આ અહીં દેખાય છે. આ પ્રમાણે જોઇને ઉત્તમ બુદ્ધિવાળા તેણે પત્નીને જલદી ઉઠાડી. સૂઇને ઉઠેલી પત્નીને તેણે કહ્યું: હે દેવી ! હે પ્રિયા ! જો છુપાવે નહિ તો હું તને કંઈક પૂછું. તેણે કહ્યું: જલદી કહો. કુમાર બોલ્યો: હે પ્રિયા ! અહીં રાતે કોઈ પુરુષ મરાયો છે અને હમણાં તારું ઓશીકું માંસ સહિત છે અને મુખ લોહીથી નિંદિત થયેલું છે. તેથી હે ભદ્રા ! તું શું રાક્ષસી થઇને પણ (=રાક્ષસી હોવા છતાં) મુનિપુત્રી બની છો ? આ પ્રમાણે પ્રત્યક્ષ જોઇને કોઈ પણ આવી કલ્પના કરે. પતિના વચનને સાંભળીને અને પોતાને તેવી જોઇને અતિશય ભય પામેલી અને વ્યાકુલ નેત્રોવાળી તેણે કુમારને કહ્યું: અસંભવિત આને હું વાણીથી પણ કહેવા સમર્થ નથી. પૂર્વકર્મના પ્રભાવથી કોઈ વૈરીએ આ કર્યું છે. અથવા જો પૂજ્ય સ્વામીને ખાતરી ન થતી હોય તો સર્પથી ડંસાયેલા [1]અવયવની જેમ જલદી મને નિગ્રહ કરો. કરુણાસિંધુ અને વિવેકી કુમારે તેને કહ્યું: હે ભદ્રે ! હું તને બીજના ચંદ્રની કળાની જેમ નિર્દોષ સમજું છું. આ પ્રમાણે બોલતા તેણે દુર્જનોના મુખોને બંધ કરવા માટે અમૃતને વર્ષાવનાર તેના મુખને સ્વયં ધોયું. યોગિણી દરરોજ આ પ્રમાણે કરે છે અને કુમાર જેમ સવારનો પવન હિમના કણોને દૂર કરે છે તેમ લોહી-માંસને દૂર કરે છે.

એકવાર તે વૃત્તાંતને જાણનાર રાજાએ ગુસ્સાથી કહ્યું: રે રે ! દુષ્ટમંત્રીઓ ! તમે રાજ્યની ચિંતા કરતા નથી. દરરોજ થતા એક મનુષ્યના આ સંહારની ઉપેક્ષા કરવામાં આવશે તો એ વધતા વ્યાધિની જેમ વ્યાપક બની જશે. મંત્રીઓએ કહ્યું: હે દેવ ! આ વિષે અમે પ્રયત્ન કરીએ જ છીએ. પણ હે દેવ ! આપના નગરમાં આ હિંસા માનવકૃત નથી. જો એ હિંસા મંત્રકૃત હોય તો એને અમે ન જાણી શકીએ. આમ

---

૧. સર્પથી ડંસાયેલા અવયવનો નિગ્રહ કરવો એટલે તેટલા અવયવને કાપી નાખવો.

છતાં જો બધા પાખંડીઓને આ નગરથી બહાર કાઢી મૂકવામાં આવે તો ચોસક્કતેથી શાંતિ થાય. આ પ્રમાણે મંત્રીઓથી પ્રેરાયેલા રાજાએ જૈનમુનિઓને મૂકીને બાકીના બધા દર્શનના પાખંડીઓને નગરમાંથી દૂર કરવાની આજ્ઞા કરી. આ દરમિયાન દુષ્ટ આચરણવાળી, ક્રૂરચિત્તવાળી અને પોતાને વિદ્વાન માનનારી સુલસાએ રાજાને એકાંતમાં આ પ્રમાણે કહ્યું: હે દેવ ! કોઈક દેવે આજે મને સ્વપ્નમાં કહ્યું કે, આજે રાજા પાખંડી-ઓને નગરની બહાર કાઢશે. આથી નિર્દોષ તું તેમની થઈને તેમની પાસે જા અને કહે કે, બિલાડી દૂધ પી જાય ત્યારે શું ભેંસના બચ્ચાને મરાય ! વનમાંથી લાવેલી રાજાની રાક્ષસી પુત્રવધૂએ જ આ કર્યું છે એમ જાણવું. આ પ્રમાણે કહીને દેવ અદૃશ્ય થઈ ગયો. જો અસંભાવનીય આ વૃત્તાંતમાં આપને શંકા હોય તો આજે આપ જાતે જ આ કૌતુકની તપાસ કરો. પછી રાજાએ તેને રજા આપી. રાજાએ તે રાતે પોતાના પુત્રને પોતાની પાસે સુવાડ્યો અને પુત્રવધૂની પાસે ચરપુરુષોને રાખ્યા. આથી કુમારને નિદ્રા ન આવી અને અરતિ પ્રગટ થઈ. કુમારે વિચાર્યું: મારી પ્રિયાનો દોષ ચોક્કસ આજે પ્રગટ થશે. એક તરફ મારાથી પિતાના આ આદેશનું ઉલ્લંઘન કરી શકાય તેમ નથી અને બીજી તરફ પત્નીનું દુઃખ આવ્યું છે. આથી આ મોટું સંકટ છે. આ તરફ ક્રૂરચિત્તવાળી સુલસાએ તે કાર્ય તે જ પ્રમાણે કર્યું. રાજાએ ચરપુરુષો વડે સવારે પુત્રવધૂને તેવી (=લોહીથી લાલ મોઢાવાળી અને ઓશીકા પાસે માંસનો કરંડિયો પડ્યો છે તેવી) થયેલી જોઈ. હવે ગુસ્સે થયેલા રાજાએ પુત્રનો તિરસ્કાર કર્યો. અરે ! પત્નીને રાક્ષસી જાણતો હોવા છતાં ઘરમાં રાખે છે ! અરે ક્રૂર ! અરે દુરાચારી ! હે રાક્ષસીપતિ ! મોટાઈને મૂકી દે. મોગરાના ફૂલ જેવા અને ચંદ્ર જેવા નિર્મલ આ કુલને તેં કલંકિત કર્યું. કુમારે પણ નમીને કહ્યું: આપ ક્રોધ ન કરો. તેમાં આ સંભવતું નથી. કિંતુ કોઈક દુષ્ટનું આ કાર્ય છે એમ આપ જાણો. ક્રોધાવેશ રૂપી ફણાથી ભયંકર રાજારૂપી સર્પે ફરી કહ્યું: હે મૂઢ ! જો વિશ્વાસ ન કરતો હો તો જાતે જઈને જો. રાજાની આજ્ઞાથી કુમારની મુખકાંતિ ઘટી ગઈ. તેણે પત્ની પાસે જઈને પત્નીને ગ્લાનમુખવાળી જોઈને મધુરવાણીથી કહ્યું: હે સુંદરવચનવાળી ! પૂર્વનાં કર્મો ઉદયમાં આવ્યાં છે ત્યારે હું શું કરું ? કોઈ યોગિણી રાજાની આગળ તને રાક્ષસી કહે છે, અને આજે સવારે ચર પુરુષો દ્વારા જાતે તને તેવી જોઈ. હવે પછી કર્મની પરવશતાથી તારું શું થશે ? તે હું જાણતો નથી.

હવે ક્રોધથી ઢંકાયેલ ચિત્તવાળા રાજાએ દૂર લઈ જઈને મારી નાખવા માટે ઋષિદત્તાને કેશોથી ખેંચીને ઘાતકી પુરુષોને આપી, તથા આજ્ઞા કરી કે, તમારે આ દુષ્ટ રાક્ષસીને આખા નગરમાં ફેરવી ફેરવીને સ્મશાનમાં લઈ જઈને મારી નાખવી. પત્નીના દુઃખથી આપઘાતને કરતા અને આંખોમાંથી વહેતા આંસુવાળા રાજપુત્રને પણ પિતાએ

બાંધીને રાખ્યો. ઋષિદત્તાના મસ્તકે મુંડન કર્યું. મસ્તકની શિખાના છેડે શ્રીફળની માળા બાંધી. ડોકમાં લીમડાના પાનની લાંબી માળા પહેરાવી. મુખ ઉપર શાહી ચોપડી. ચૂર્ણોથી એનું શરીર ચિત્ર-વિચિત્ર કર્યું. પછી એને ગધેડા ઉપર બેસાડી. એના મસ્તકે દંડને અવલંબીને રહેલા સૂપડાના ટુકડાનું છત્ર ધર્યું. એની આગળ મોટું કાહલ વાજિંત્ર, રણશીંગુ અને નગારું વગાડવામાં આવતું હતું. આ રીતે કોટવાળોએ તે સતીને નગરની અંદર ફેરવી. કેટલાક નગરજનો હાહાકાર અને કેટલાક નગરજનો પ્રચંડ પોકાર કરી રહ્યા હતા. આવા નગરજનોથી જોવાતી તેને દુષ્ટ પુરુષો સ્મશાનશ્રેણિમાં લઈ ગયા. સૂર્ય આકાશને છોડીને સમુદ્રમાં પડ્યો અને દુર્જનોની જેમ અંધકાર ફેલાયો. આ વખતે તે પુરુષોમાંથી દયાહીન એક પુરુષે સતીને કહ્યું : હે ક્રૂરા ! પોતાના દેવનું સ્મરણ કર. આમ કહીને તે જેટલામાં સતીને પ્રહાર કરે છે તેટલામાં ભયના કારણે થયેલી અતિશય મૂર્છાથી તે સતી ભૂમિ ઉપર પડી. મૂર્છાથી પૃથ્વી ઉપર પડેલી તેને આ મરી ગઈ છે એમ માનીને તેવી જ સ્થિતિમાં તેને મૂકીને તે પુરુષ જલદી પોતાના ઘરે ગયો.

ઠંડા પવનથી સચેતન કરાયેલી ચંચળચક્ષુવાળી તે તે સ્થાનને શૂન્ય જોઇને જાળમાંથી મુક્ત થયેલ મૃગલીની જેમ તે નાસી ગઇ. સવારે ભય પામતી તેણે આમ તેમ જોયું. પછી નિર્જનસ્થાનમાં પ્રતિધ્વનિથી આકાશ અને પૃથ્વીની કુક્ષિને ભરી દેતી તે રડી, અર્થાત્ મોટા સાદે ખૂબ રડી. હે પિતાજી ! જો તે વખતે દુર્મતિ મેં આપને ન મૂક્યા હોત તો હું આ દુઃખનું ભાજન કેવી રીતે થાત ? હે જીવ ! તેં પૂર્વભવે જે દુષ્કૃત કર્મ કર્યું છે તેના વિપાકથી તને આ કલંક આવ્યું છે. સાહસધીર અને પ્રિયવત્સલ હે નાથ ! વૃદ્ધાની જેમ દુઃખરૂપી ખાડામાં પડેલી પોતાની પત્નીનું રક્ષણ કરો. આ પ્રમાણે વિલાપ કર્યા પછી શોકને ઓછો કરીને તે મંદગતિથી દક્ષિણદિશામાં પિતાના આશ્રમ તરફ ચાલી. રસ્તામાં ઘાસની અણીઓથી તેના પગ ચીરાતા હતા. પોતાના હાથે વાવેલી વૃક્ષશ્રેણિએ બતાવેલા માર્ગે તે સતી પિતાના તપોવનમાં ગઈ. પિતાના અગ્નિદાહના સ્થાનને જોઇને સ્નેહને યાદ કરીને તે રડી. હે પિતાજી ! આપ ક્યાં છો ? દુઃખી બનેલી મને આપનાં દર્શન આપો. પહેલાં પિતાનું આ તપોવન મારા માટે શહેર જેવું હતું, પણ હમણાં દુઃખથી બળેલી મારા માટે તે અગ્નિ સમાન થયું છે. હવે તે જ વખતે મનમાં શોક ઓછો કરીને કંદ, મૂલ અને ફલનો આહાર કરતી તે તપસ્વિનીની જેમ ત્યાં રહી. એકવાર પતિવ્રતા તેણે વિચાર્યું : હું વનમાં એકલી માર્ગમાં રહેલા બોરડીના બોરની જેમ સદા સુખપૂર્વક કેવી રીતે રહી શકીશ ? શીલ સ્ત્રીઓને

---

૧. **वारुणीसङ्गतः क्लीव-इव** એ પદોનો અર્થ આ પ્રમાણે છે:- મદિરાના સંગને પામેલો નપુંસક જેમ વસ્ત્રને છોડી દે તેમ. **मुक्ताम्बरे** પદમાં રહેલ અંબર શબ્દનો નપુંસકના પક્ષમાં વસ્ત્ર થાય અને સૂર્યના પક્ષમાં આકાશ અર્થ થાય.

આલોકમાં અને પરલોકમાં સિદ્ધિ આપનારું છે. મારે તે શીલનું માળાની જેમ નિર્મલપણે પાલન કયા ઉપાયથી કરવું? હા જાણ્યું, પિતાએ બતાવેલી પરમ ઔષધિ વિદ્યમાન છે. તેના પ્રભાવથી સ્ત્રી પુરુષનું રૂપ પામે છે. પવિત્રિકા નામની તે ઔષધિને કાનમાં નાખીને તેનાથી તે પુરુષનું રૂપ પામી. મુનિવેષને ધારણ કરીને જિનને પૂજતી તે સુખપૂર્વક રહી. કાબૂમાં રખાયેલો અને પ્રિયાના વિરહથી વ્યાકુલ થયેલ કુમાર પણ જાણે સારભૂત બધું ચોરાઈ ગયું હોય તેમ રાજ્યમાં પણ શૂન-મૂન રહ્યો. કૃતકૃત્ય, નિર્દય અને વિજય મેળવનારી તે સુલસાએ જેમ બોકડાની હત્યા ચંડિકાદેવીને હર્ષ પમાડે તેમ રુક્મિણીને હર્ષ પમાડી.

હવે તે વખતે કૌબેરી નગરીના અભિમાની રાજાએ વાચાલ મનુષ્યોમાં મુખ્ય એવા દૂતને હેમરથરાજા પાસે મોકલ્યો. દૂતે ત્યાં જઈને રથમર્દન નગરીના રાજાને કહ્યું: હે દેવ! તમારો પુત્ર કૌબેરીનગરી ન આવ્યો તેમાં શું કારણ છે? તેથી હે દેવ! રુક્મિણીને પરણવા માટે પુત્રને જલદી મોકલો. કારણ કે હે સ્વામી! વિવેકી પુરુષો સજ્જનની અવજ્ઞા કરતા નથી. દૂતના તે વચનને સ્વીકારીને રાજાએ પુત્રને એકાંતમાં કહ્યું: હે પુત્ર! તું સદા કાંતિરહિત અને જડની જેમ શૂન્ય કેમ દેખાય છે? પૂર્વના અશુભ કર્મોથી નિર્માયેલું જે કષ્ટ અહીં આવી પડ્યું હોય તેને મૂકીને (=ભૂલીને) ધીરપુરુષો અવશ્ય સર્વકાર્યોના ભારને વહન કરે છે. તેથી હે વત્સ! તું મારા આગ્રહથી કૌબેરીપુરીના રાજાની પુત્રીને પરણવા પ્રયાણ કરીને મારા મનને ખુશ કર. પિતાની આજ્ઞાની અવજ્ઞા કરવા માટે કુશળતા નહિ હોવાથી સૈન્યસમૂહથી પૃથ્વીતલને કંપાવતો તે ચાલ્યો. ક્રમે કરીને તે તપોવનમાં આવીને કુમારોમાં મુખ્ય તેણે ઋષિદત્તાને યાદ કરીને ખેદ પામીને આ પ્રમાણે વિચાર્યું:- તે આ વન છે, તે આ મંદિર છે, તે આ સરોવર છે, તે આ વૃક્ષો છે કે જ્યાં સ્નેહપૂર્ણ હું સુંદર નેત્રોવાળી ઋષિદત્તાને પરણ્યો હતો. આજે તે આ બધું તેના વિના મને દુઃખ આપનારું થયું છે. હે વિધાતા! અવ્યવસ્થિત સ્વભાવવાળા તેં આ શું કર્યું? આ પ્રમાણે શોક કરતો તે ઋષભપ્રભુના મંદિરમાં ગયો. તે વખતે પ્રિયનું સૂચન કરતી તેની જમણી આંખ ફરકી. તેણે વિચાર્યું: ચોક્કસ આ (આંખ ફરકી એ) મારા માટે નિષ્ફલ છે. મારી તે પ્રિયા ક્યાં છે? અથવા પહેલાં પણ મને જેનું દર્શન પ્રિય હતું એવું આ શ્રેષ્ઠ મંદિર અહીં છે. પ્રકુલ્લ અને આશ્ચર્યવાળો તે જેટલામાં આ પ્રમાણે વિચારી રહ્યો છે તેટલામાં ઋષિદત્તાએ તેને પુષ્પો આપ્યાં. આ પ્રિયા તો નથી ને? એમ પ્રિયાના ભ્રમને સ્પર્શતી આંખવડે ઋષિદત્તાને જોતા તેણે પણ જાણે પ્રિયાના ભ્રમને સત્ય કરતો હોય તેમ તેના હાથમાંથી હર્ષથી પુષ્પમાલાને લીધી. ગુપ્ત આકારવાળા મુનિએ ત્યારે ચિત્તથી વિચાર્યું કે ચોક્કસ મારા પતિ રુક્મિણીને પરણવા માટે જઈ રહ્યા છે. કુમાર પણ જિનને નમીને તે મુનિને

પોતાના તંબુમાં સાથે લઈ ગયો. ત્યાં વસ્ત્ર ભોજન વગેરેથી તેની પૂજા કરી. પછી તેણે પૂછ્યું: હે મુનિ ! તમે આ વનમાં ક્યારે આવ્યા અને ક્યાંથી આવ્યા ? એ પોતાનું વૃત્તાંત મને જણાવો. જાણે દાંતના કિરણો રૂપ ચોખાથી કુમારનું મંગલ કરતા હોય તેમ મુનિએ કહ્યું: પહેલાં અહીં હરિષેણ મુનિ હતા. તેની ઋષિદત્તા નામની પ્રાણ તુલ્ય પ્રિય કન્યા હતી. કોઈક રાજપુત્ર તેને પરણીને પોતાના નગરમાં ગયો. મુનિ અગ્નિમાં પ્રવેશ કરીને દેવલોક પામ્યા. પૃથ્વી ઉપર ફરી ફરીને તે જ વખતે હું અહીં આવ્યો. અહીં જ રહેતા મને પાંચ વર્ષો થયા છે. હે કુમાર ! આજે તમારા દર્શનથી મારા પાંચ વર્ષ સફલ થયા છે. કુમાર પણ બોલ્યો: જેમ સુકી જમીન જલવૃષ્ટિથી તૃપ્ત ન થાય તેમ આનંદપૂર્વક આપને જોતી મારી આંખ તૃપ્ત થતી નથી. મુનિએ પણ કહ્યું: હે દેવ ! કોઈક કોઇકને હર્ષ કરનાર બને. સૂર્યને જોઇને પદ્મો હર્ષ પામે છે અને ચંદ્રને જોઇને કૈરવો (=ચંદ્રવિકાસી કમળો) હર્ષ પામે છે કુમારે આગ્રહ પૂર્વક મુનિને કહ્યું: મારું મન હમણાં તમારા પ્રેમરૂપી સાંકળથી જ બંધાયેલું છે. મારે આગળ જવાનું છે. તેથી તમે મારી સાથે આવો. ત્યાંથી પાછા ફરેલા તમે આ આશ્રમમાં પોતાની ઇચ્છા પ્રમાણે કરજો. મુનિ બોલ્યા: હે દેવ ! આ વિષયમાં આગ્રહ ન કરવો. કારણ કે ઋષિઓને રાજાનો સંસર્ગ દોષવાળો થાય છે. પરિવાર સહિત કુમારે તે પ્રમાણે પ્રાર્થના કરી કે જેથી ઋષિદત્તા મુનિએ સાથે આવવાનો સ્વીકાર કર્યો.

હવે જાણે અસ્તાચલ પર્વતની શિલા ઉપર પાકેલા ફળની જેમ સૂર્ય ભાંગી ગયો હોય અને જાણે તેના રસોથી સંધ્યાના વાદળોએ સઘળી દિશાઓને રંગી દીધી હતી. પછી [1]જેના કિરણો ફેલાઈ રહ્યા છે એવો ચંદ્ર [2]સાત ઋષિઓથી યુક્ત હોવા છતાં જાણે મહામુનિને નમવા માટે આવ્યો હોય તેમ આવ્યો. તે બંને સંધ્યાનાં કામો કરીને પ્રેમની વાતોથી આનંદિત મનવાળા બન્યા. પછી બંનેએ એક [3]પલંગમાં સૂઇને રાત્રિ પસાર કરી. ક્રમે કરીને હર્ષ પામેલો ઋષિદત્તાનો પતિ કૌશેરી નગરી પાસે આવ્યો. પછી રાજાએ પ્રવેશ નિમિત્ત ઉત્સવ કર્યો. નગરજનોએ દ્વારમાં તોરણો બાંધ્યાં. હવે જ્યોતિષીએ કહેલા મુહૂર્તમાં કુમારે રુક્મિણીની સાથે વિવાહ રૂપ ઉત્સવ કર્યો. (સસરાએ દાયજામાં આપેલા ઘણા વૈભવથી) તે સમૃદ્ધિથી ઇંદ્રને પણ જીતનારો થયો. રાજાએ કુમારને કેટલાક દિવસ ત્યાં જ રાખ્યો. વિશ્વાસથી ભરેલી રુક્મિણીએ એકવાર પૂછ્યું: જેમ અહલ્યાએ ઇન્દ્રના ચિત્તને રાગી બનાવ્યું હતું તેમ તમારા ચિત્તને રાગી બનાવનાર તે તપસ્વિની

---

૧. ઋષિદત્તામહામુનિને પૂજી રહ્યા છે કિરણો જેના એવો ચંદ્ર એવો પણ અર્થ થઈ શકે.

૨. આકાશમાં તારા રૂપે રહેલા સાત ઋષિઓને સપ્તર્ષિ કહેવામાં આવે છે.

૩. અહીં **પલ્યङ्कतल** શબ્દનો પ્રયોગ **પૃથ્વીતલ** વગેરેના પ્રયોગ જેવો છે. કોઈ પણ વસ્તુના ઉપરના કે નીચેના ભાગના તળિયાને તલ કહેવામાં આવે છે.

ઋષિદત્તા કેવી હતી ? જેની આંખોમાં આંસુ છે એવા કુમારે પણ ગદ્‌ગદ વાણીથી કહ્યું: ત્રણે જગતની સ્ત્રીઓ તેના ચરણની રજતુલ્ય છે એમ હું માનું છું. હાહા ! તારી જેવી પણ તેના વિરહમાં મારી પ્રિયા થાય છે. પાણીથી રહિત મરુદેશમાં ક્ષારવાળી વાવડીઓ પણ આનંદ માટે થાય છે. આ સાંભળીને રુક્મિણીને ગુસ્સો આવ્યો, અને એથી તેણે યોગિણીને પ્રેરણા કરવી વિગેરે પોતાનો બધો પરાક્રમ હર્ષપૂર્વક કહ્યો. ઋષિદત્તા-મુનિ ગુપ્તપણે રુક્મિણીનું તે વચન સાંભળીને પોતાનું કલંક દૂર થવાથી સીતાની જેમ હર્ષ પામ્યા. આ પ્રમાણે તેની વાણી સાંભળીને લાલ આંખવાળા કુમારે દહીંના વાસણમાં મોઢું નાખનારી કુતરીની જેમ તેને તિરસ્કારી. દુષ્ટ ચિત્તવાળી, મને દુઃખરૂપી સમુદ્રમાં પાડનારી, અતિશય પાપિણી અને ક્રૂર એવી તને ધિક્કાર થાઓ ! તેના પ્રાણનો ઘાત કરનારી તને ધિક્કાર થાઓ ! હા ! હે નરકની અતિથિ ! પોતાનું હિત સાધવાની ઇચ્છાવાળી તેં દુષ્ટ સ્ત્રીએ બંને લોકમાં વિરુદ્ધ એવું કાર્ય કર્યું.

આ પ્રમાણે તેનો તિરસ્કાર કરીને મહાદુઃખના ભારથી વ્યાપ્ત તેણે તેને દૂર કરી. પછી ઘરમાં ચિતા કરાવીને જેટલામાં ઊભો થાય છે તેટલામાં કૌશેરીના રાજાએ ત્યાં આવીને તેને હાથમાં પકડી લીધો. અશ્રુથી ભરેલા નેત્રોવાળા લોકો ચારે બાજુથી તેને રોકે છે. કોઈના પણ વચનથી કુમાર અટકતો નથી, તેટલામાં ઋષિદત્તા મુનિએ ત્યાં જલદી આવીને કુમારને કહ્યું: હે જગતના આધાર કુમાર ! તે વખતે મને વનથી અહીં લાવતા તમે જે કહ્યું હતું તે તમે ભૂલી ગયા શું ? શું તમારા જેવાઓ પણ માત્ર સ્ત્રી ખાતર મરે ? વળી-રત્નપૃથ્વી સમાન હોય તેવી જે સ્ત્રી તમને પ્રિય છે, તે આ જીવતી છે. મરેલા તમને પ્રિયાના સંગની વાત પણ અવશ્ય દુર્લભ છે. જીવતા તમને કયાંકથી પણ અવશ્ય મળશે. કુમાર બોલ્યો : હે મુનિ ! બાળકની જેમ મને કેમ રમાડો છો ? જો મરેલા પણ મળતા હોય તો કોઈ દુઃખી ન થાય. હે મહાસત્ત્વવંત ! શંકા ન કરો. તમારા આ સત્ત્વથી તે ઉત્તમ સ્ત્રી હમણાં ચોક્કસ જીવતી થશે. કારણ કે સત્ત્વ ચિંતામણિતુલ્ય છે. આ પ્રમાણે સાંભળીને પહોળી આંખવાળા કુમારે ફરી કહ્યું: ! હે મુનિ ! તમે મને એકવાર એ કહો કે શું તમે તેને કયાંય જોઇ છે ? અથવા સાંભળી છે ? મુનિએ કહ્યું: હું જ્ઞાનથી જાણું છું, કારણ કે મુનિઓ જ્ઞાનરૂપદૃષ્ટિવાળા હોય છે. હે ભદ્ર ! યમરાજાના ધામમાં રહેલી તમારી પ્રિયા સુખી છે. કુમારે પૂછ્યું: તે અહીં કેવી રીતે આવે ? મુનિએ જવાબ આપ્યો: હે દેવ ! તેના ચરણમાં આત્માને ધારણ કરીને, અર્થાત્ તેના ચરણમાં મારા આત્માનો પ્રવેશ કરાવીને, સ્વમિત્ર માટે સતી પત્નીને મોકલીશ. કુમારને મુનિમાં આશા પ્રગટી. કુમારે મુનિને કહ્યું: હે મિત્ર ! તો વિલંબ કેમ કરો છો ? મુનિએ પૂછ્યું: હે દેવ ! તમારું હિત આચરતા મને તમે દક્ષિણા શું આપશો ? કુમારે જવાબ આપ્યો: પહેલાં તમે મારા મનને વશ કરી લીધું છે. હમણાં

તમને મારો આત્મા પણ આપ્યો. મિત્ર માટે શું ન અપાય? મુનિએ હસીને કહ્યું: તમારો આત્મા તો તમારી પાસે જ રહો. અવસરે હું જે માગણી કરું તે તમારે અન્યથા ન કરવી. કુમારે 'હા' એમ કહ્યું એટલે મુનિએ પડદામાં પ્રવેશ કર્યો. તેથી કુતૂહલના કારણે ઉતાવળી થયેલી સઘળીય નગરી અહીં ભેગી થઇ.

સ્તુતિપાઠકોનો (=ભાટપુરુષોનો) સમુદાય મનોહરધ્વનિથી સતીનું સત્ત્વ, તપ, ધ્યાન અને માહાત્મ્ય પૃથ્વીમાં જય પામે છે ઇત્યાદિ સ્તુતિ કરી રહ્યો હતો. હાથમાં પુષ્પમાળા લઈને આકાશમાં રહેલા દેવો અને દાનવો જેમ ખેડૂતો વર્ષાદની રાહ જુએ તેમ આતુરતાથી ઋષિદત્તાની રાહ જોઈ રહ્યા હતા. અન્ય સર્વ કાર્યો ભૂલી જઈને વિસ્મયથી ઉલ્લસિતચિત્તવાળો રાજકુમાર પણ ઊંચી આંખોથી ઋષિદત્તાની રાહ જોઈ રહ્યો હતો. કૃત્યને જાણનારાઓમાં મુખ્ય ઋષિદત્તાએ કાનમાંથી પવિત્રિકા ઔષધિ દૂર કરી. અગ્નિમાંથી પસાર થયેલ સુવર્ણની શળી જેવી ચમકતી કાંતિવાળી, જાણે ઉપપાતશય્યામાંથી અવતરેલી દેવી હોય તેવી, અમૂલ્ય આભૂષણોથી દીપતી, ઘુંઘટથી જેણે મોઢું ઢાંકી દીધું છે તેવી, અને પ્રસન્નમુખવાળી ઋષિદત્તા મહાસતી પ્રગટ થઇને રાજસભામાં આવી અને કુમારના ચરણોમાં દૃષ્ટિ નાખી, અર્થાત્ કુમારના ચરણોમાં નમી. દેવોએ તે વખતે હે પતિવ્રતા! જય પામ! જય પામ! એવા આશીર્વાદપૂર્વક તેના મસ્તકે પુષ્પવૃષ્ટિ કરી. તે વખતે પોતાના રૂપથી રુક્મિણીને દાસી જેવી કરતી ઋષિદત્તાને જોઈને લોકોએ તેના વિષે રહેલા કુમારના રાગના આગ્રહની પ્રશંસા કરી. જેમ સમુદ્ર ચાંદનીને જોઈને હર્ષ પામે તેમ કૌબેરીનગરીનો રાજા પણ જમાઈને જીવાડનાર ઔષધરૂપ ઋષિદત્તાને જોઈને એકદમ હર્ષ પામ્યો. રાજા ઋષિદત્તાને કુમારની સાથે શ્રેષ્ઠ હાથી ઉપર બેસાડીને પોતાના મહેલમાં લઈ ગયો. ત્યાં તેણે સ્નાન વગેરેથી ગૌરવપૂર્વક તેનો સત્કાર કર્યો. રાજાએ તે વખતે સુલસાનું નાક અને બે કાન કાપીને તેની અનેક રીતે વિડંબના કરીને તેને દેશમાંથી કાઢી મૂકી. રાજાએ પોતાની પુત્રીને પણ કઠોર શબ્દોથી ઘણો ઠપકો આપ્યો. રાજાએ કુમારને ઘણા કાળ સુધી ત્યાં જ રાખ્યો.

જાણે શોકસહિત હોય તેવા કુમારે એકવાર પ્રિયાને કહ્યું: તારા ચરણમાં સ્થાપેલ મારો મિત્ર દુઃખી થાય છે. ઋષિદત્તા હસીને બોલી: હે દયાનિધિ! ખેદ ન કરો. ઔષધિના યોગથી મેં જ આ બધું કર્યું છે. પણ પૂર્વે આપે જેનો સ્વીકાર કર્યો છે તે વરદાન મને આપો. હે નાથ! મારા ઉપર પ્રસન્ન થાઓ. આપે મારી બહેન રુક્મિણીને મારી જેમ જ જોવી. અહો! વિવેકવંતી તે એમાં પણ કરુણાવંતી છે એમ વિચારીને સુકોમલવાણીવાળા કુમારે તેને કહ્યું: એમ થાઓ. આ પ્રમાણે પતિના વચનથી હર્ષ પામેલી સતી ઋષિદત્તાએ રુક્મિણીને બોલાવીને પતિની સમક્ષ નેત્રોને સંકોચીને તેને નમી. હવે કુમાર સસરાને પૂછીને જેમ કામદેવ પ્રીતિ અને રતિની

સાથે જાય તેમ બે પત્નીઓની સાથે પોતાના નગર ગયો. પિતા પ્રેમથી તેની સામે ગયો. કુમારે નગરીમાં પ્રવેશ કર્યો. આ વખતે નગરી નારીનાં નેત્રોરૂપી કમળોની શ્રેણિથી જાણે તેમાં પુષ્પ વેરેલાં હોય તેવી જણાતી હતી. (સત્ય) વૃત્તાંતને જાણીને રાજા પોતાના અપરાધથી લજ્જા પામ્યો. તેણે સતીઓમાં ચૂડામણિ સમાન ઋષિદત્તાને ઘણું માન આપ્યું. હવે જિતેંદ્રિય તે રાજાએ કનકરથ કુમારને રાજ્ય ઉપર બેસાડ્યો, અને પોતે શ્રીભદ્રસૂરિની પાસે ચારિત્ર લઈને મોક્ષમાં ગયો. પૃથ્વીનું પાલન કરતો કનકરથ રાજા ક્રમે કરીને ઋષિદત્તાથી સિંહરથ નામના પુત્રને પામ્યો. એકવાર ઋષિદત્તાની સાથે ઝરૂખામાં બેઠેલો કનકરથ રાજા વાદળસમૂહને વિનાશ પામતો જોઈને વૈરાગ્ય પામ્યો.

ઉદ્યાનમાં શ્રીભદ્રયશસૂરિ પધાર્યા છે એમ સાંભળીને તે પરિવારની સાથે જલદી વંદન કરવા માટે ગયો. સૂરિની મોહનાશક દેશના સાંભળીને ઋષિદત્તાએ બે હાથ જોડીને જ્ઞાની ગુરુને પૂછ્યું: હે ભગવંત! મેં પૂર્વભવમાં શું દુષ્કૃત કર્યું કે જેથી રાક્ષસી એ પ્રમાણેનું ખોટું કલંક મારા ઉપર આવી પડ્યું? ગુરુએ જ્ઞાનરૂપી દૃષ્ટિથી જોઇને ગંભીરવાણીથી કહ્યું: હે ભદ્રા આ જ ભરતક્ષેત્રમાં ગંગાપુર નામનું નગર હતું. તેમાં ગંગદત્ત નામનો રાજા હતો. તેની ગંગા નામની પત્ની હતી. તું તેમની ગંગસેના નામની ઉત્તમશીલવાળી પુત્રી હતી. ત્યાં ચંદ્રયશા નામના સાધ્વીજી હતા. તેમની પાસે ધર્મને સાંભળીને તેં દુષ્ટ વિષયોનો અનાદર કર્યો, અર્થાત્ દીક્ષા લીધી. તે વખતે સંગ નામના કોઈ સાધ્વીજી તપ કરતા હતા. સદા દુષ્કર કરનારા તે સાધ્વીજીની બધા લોકો પ્રશંસા કરતા હતા. તેં ઈર્ષ્યાથી તેની ઉત્તમ પ્રશંસાને સહન ન કરી. આથી તેં તે સાધ્વીજીને કલંક આપ્યું. ઈર્ષ્યા હોય ત્યારે વિવેક ક્યાંથી હોય? તેં સાધ્વીજીને કલંક આ પ્રમાણે આપ્યું:–"સંગરહિત દેખાતી આ સાધ્વી સંગસહિત છે. કારણકે દિવસે તપ કરે છે, પણ રાતે રાક્ષસીની જેમ મડદાનું માંસ ખાય છે." સમતારૂપી અમૃતથી યુક્ત તે સાધ્વીજી સુંદર તપ કરતા હતા. તેથી હે વત્સા! તેં આ કર્મબંધ કર્યો. તે પાપની તેં આલોચના પણ ન કરી. આલોચના રહિત તે કર્મના વિપાકથી ભવશ્રેણિમાં ભટકીને તું ગંગાપુરમાં રાજપુત્રી થઈ. પછી દીક્ષા લઈને કપટપૂર્વક તપ કરીને અંતે અનશનપૂર્વક મૃત્યુ પામીને ઈશાનેંદ્રની ઇંદ્રાણી થઈ. ત્યાંથી ચ્યવીને હરિષેણ રાજાની પુત્રી થઇ. પૂર્વના એ અલ્પકર્મથી આ કલંક થયું. આ પ્રમાણે માત્ર વચનથી પણ જે દુષ્કર્મ બાંધ્યું હોય તેનાથી જીવ અન્ય સેંકડો ભવોથી પણ છૂટી શકતો નથી. વૈરાગ્યરૂપી કલ્પવૃક્ષ માટે નંદનવનની પૃથ્વી સમાન આ વાણીને સાંભળીને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. આથી તેણે પણ તે બધું જાણ્યું. તેથી કર્મથી ગભરાયેલી ઋષિદત્તાએ સૂરિને વિનંતિ કરી: હે ભગવંત! મને સંસારથી તારનારી દીક્ષા જલદી આપો. તે

જાણીને વિશેષથી વિરાગવાળા થયેલા રાજાએ પણ અંજલિ જોડીને દીક્ષા માટે ગુરુને પ્રાર્થના કરી. ગુરુએ પણ કહ્યું: શુભકાર્યમાં વિલંબ કરવો યોગ્ય નથી. ખરેખર ! આ અસાર સંસારમાં તપશ્ચર્યા ફલ છે. પછી સિંહરથ પુત્રનો પોતાના પદે રાજ્યાભિષેક કરીને શુભમતિવાળા તે બંનેએ તે આચાર્યની પાસે દીક્ષા લીધી. તલવારની ધાર ઉપર ચાલવા સમાન અતિશય ઉગ્ર ચારિત્રનું આચરણ કરવામાં આદરવાળા તેઓ માયાથી રહિત શુદ્ધ તપનું આચરણ કરવા લાગ્યા. પછી એકવાર તે બંને ગુરુની સાથે શીતલનાથ તીર્થંકરના જન્મથી પવિત્ર કરાયેલ શ્રીભદ્દિલપુર નગરમાં આવ્યા. ત્યાં વિશુદ્ધ ધ્યાનની પરંપરાથી હાથીની જેમ કર્મરૂપી કુંજને (=લતાસમૂહને) મૂળથી ઉખેડીને તે બંને કેવલજ્ઞાનને પામ્યા. પ્રશંસનીય આચરણવાળા તે બંને કેવળીઓ જેમ ચંદ્રકલા ચંદ્રના કલંકનો નાશ કરે તેમ સમસ્ત કર્મરૂપી કલંકના લેશનો નાશ કરીને મુક્તિના મસ્તકે વિશિષ્ટ સ્થાનને પામ્યા.

દમયંતીનું દૃષ્ટાંત

હવે દમયંતીની કથાનો પ્રારંભ કરવામાં આવે છે:—

જેમાં સુધર્મરૂપી કલ્યાણનો સ્વીકાર કરવામાં આવ્યો છે એવી કોશલાપુરી નગરી હતી. તે નગરીનો કોટ પ્રયત્ન વિના દેવાંગનાઓ માટે આરીસો બનતો હતો, અર્થાત્ કોટ એટલો બધો ઊંચો અને અરિસા જેવો નિર્મલ હતો કે જેથી આકાશમાં જતી દેવીઓનું પ્રતિબિંબ તેમાં વિના પ્રયત્ને પડતું હતું. તેમાં શત્રુઓની સ્ત્રીઓના શૃંગારનો નિષેધ કરનાર નિષધ રાજા હતો, અર્થાત્ નિષધ રાજાએ શત્રુઓનો નાશ કર્યો હતો, એથી વિધવા બનેલી તેની પત્નીઓ શૃંગાર કરતી ન હતી. તેની તલવાર રૂપી લાકડી શ્યામ હોવા છતાં ઉજ્જ્વલ યશને ઉત્પન્ન કરતી હતી. તેની લાવણ્યથી સુંદર એવી લાવણ્યસુંદરી નામની પ્રિયા હતી. તેની (મધુર) વાણીથી જિતાયેલી વીણા કાષ્ઠપણાને પામી, અર્થાત્ કાષ્ઠરૂપ બની ગઈ. તે બેને શત્રુઓને સંતાપ પમાડવા માટે અગ્નિસમાન નલ નામનો મોટો પુત્ર હતો, કૂબર નામનો નાનો પુત્ર તો અતિશય દુરાચારી અને ગર્વિષ્ઠ ચિત્તવાળો હતો.

આ તરફ વૈદર્ભદેશની લક્ષ્મીને શોભાવનાર કુંડિન નગર હતું. તેમાં અસીમ પરાક્રમવાળો ભીમ નામનો રાજા પૃથ્વીનું શાસન કરતો હતો. તેની પુષ્પદંતા નામની પત્ની હતી. જેમ લક્ષ્મી ચતુરાઈને જન્મ આપે તેમ પુષ્પદંતાએ સફેદ હાથીના સ્વપ્નથી સૂચિત પુત્રીને અવસરે જન્મ આપ્યો. પૂર્વકર્મના પ્રભાવથી ઉદયાચલ પર્વત ઉપર રહેલા સૂર્યના જેવું તેના કપાલસ્થલને શોભાવનાર તિલક જન્મથી હતું. જન્મથી છઠ્ઠા દિવસે ષષ્ઠીજાગરણ અને સૂર્ય–ચંદ્રના દર્શન વગેરે કર્યા પછી સ્વપ્નના અનુસારે તેનું

'દમયંતી એવું નામ થયું. સ્વભાવથી જ સુંદર તે બાળાને શોકચ માતાઓ પણ ચંચળ અને મનોહર ચપટીઓ આદિ વડે રમત કરીને હસાવતી હતી. ક્રમે કરીને પગમાં ઝણઝણતા મનોહર ઝાંઝરવાળી તે ધાવમાતાની ટચલી આંગળીને પકડીને સ્ખલના પામ્યા વિના ચાલવા લાગી. શ્રીમંતોની સ્ત્રીઓ એને ઢીંચણ ઉપર બેસાડીને હર્ષપૂર્વક ધીમેથી હલાવતી અને એ રીતે તેને ઘણું નૃત્ય કરાવતી હતી. પ્રકાશતા સૌભાગ્યરૂપી સુગંધવાળી તેણે બાલ્યાવસ્થાને ઓળંગીને જેમ સમુદ્ર નદીઓને ગ્રહણ કરે તેમ સઘળી કલાઓને ગ્રહણ કરી. એકવાર નિર્વૃતિદેવીએ દમયંતીને ભાવી તીર્થંકર શ્રી શાંતિનાથની સુવર્ણ પ્રતિમા આપીને આ પ્રમાણે કહ્યું:– કલ્યાણકારિણી આ પ્રતિમા તારે નિત્ય પૂજવી. તેણે તે પ્રતિમાને જાણે હૃદયમાં સ્થાપિત કરતી હોય તેમ ગૃહચૈત્યમાં હર્ષથી સ્થાપિત કરી. દમયંતીએ કામદેવરૂપી રાજાના શહેર સમાન યૌવનમાં પ્રવેશ કર્યો. યૌવનમાં ક્રમે કરીને સર્વ અંગોમાં મનોહર શોભા વધી. તેની મુખની શોભાથી જિતાયેલો ચંદ્ર ભૂતના વળગાડવાળો થઇ ગયો. તેથી તે આજે પણ ભૂતપતિની (=શંકરની) જ સેવા કરે છે, અર્થાત્ શંકરના મસ્તકે રહેલો છે. અનુરૂપવરની પ્રાપ્તિ નહિ થવાના કારણે માતા–પિતાની ચિંતાની સાથે વધતી તેણે ક્રમે કરીને અઢાર વર્ષો પસાર કર્યા. પછી ભીમરથ રાજાએ પુત્રીના શ્રેષ્ઠ વરને મેળવવાની ઇચ્છાથી મંત્રીઓની સંમતિ મેળવીને સ્વયંવરનો આરંભ કર્યો. ભીમરાજાએ દૂતો મોકલીને રાજાઓને બોલાવ્યા. જેમ હંસો માનસ સરોવરમાં ભેગા થાય તેમ તે સ્વયંવરમાં ઇંદ્રસમાન લક્ષ્મીવાળા રાજાઓ ભેગા થયા. તે વખતે દૂતથી વિનંતિ કરાયેલ નિષધ રાજા પણ જલદી આવ્યો. ત્યાં તે નલ અને કૂબર એ બે પુત્રોથી શોભા પામ્યો. ભીમે પણ બધા રાજાઓનો અતિશય સત્કાર કર્યો. ઇંદ્રસમાન સમૃદ્ધિવાળા ભીમ રાજાએ બધા રાજાઓને રહેવા માટે આવાસમંડપો આપ્યા. કુંડિનનગરના લોકો કામદેવ જેવા ઉત્તમ (=રૂપાળા) નળને જોઇને બાકીના રાજાઓને [૨]કોઢિયા જેવા માનવા લાગ્યા. ભીમ રાજાએ શિલ્પીઓ દ્વારા સુધર્મા સભા જેવું સ્વયંવર મંડપ બનાવ્યું. તેમાં સેંકડો સુવર્ણના થાંભલા હતા. યોગ્ય સ્થાને સિંહાસનો મૂકયાં હતાં. ભૂમિતલમાં નીલમણિ જડેલાં હતા. પગથિયાઓની શ્રેણિ વજ્રમણિથી બનાવી હતી. થાંભલાઓમાં રહેલી સર્વ અંગોમાં વિભૂષિત પૂતળીઓ શોભતી હતી. એ પૂતળીઓ જાણે કે સ્વયંવરના કૌતુકને જોવાની ઇચ્છાથી દેવીઓ આવી

---

૧. દવદંતી અને દમયંતી એવા બે નામ છે. અહીં બધા જ સ્થળે દવદંતી એવા નામનો ઉલ્લેખ હોવા છતાં દમયંતી નામ વધારે પ્રસિદ્ધ હોવાથી અનુવાદમાં દમયંતી નામનો ઉલ્લેખ કર્યો છે.

૨. શબ્દકોષમાં **पोटगल** શબ્દનો 'કોઢિયો' એવો અર્થ જોવામાં આવ્યો નથી. પણ **पोटगल** શબ્દની જે વ્યુત્પત્તિ જણાવી છે તેના આધારે આ અર્થ લખ્યો છે.

હોય તેવી જણાતી હતી. જાણે કે દમયંતીને શણગારવાની ઇચ્છાથી રાજાઓએ સમુદ્ર-માંથી રત્નો લઈ આવવા માટે સૂર્યને પ્રાર્થના કરી હોય તેમ સૂર્યે સમુદ્રમાં પ્રવેશ કર્યો, અર્થાત્ સૂર્યનો અસ્ત થયો. જાણે કે અમે દમયંતીને જોઈ પણ નહિ શકીએ એવા વિચારથી હોય તેમ તે વખતે સ્થાવર પર્વતો શ્યામ થઈ ગયા. સ્વયંવરમંડપમાં અનેક રાજાઓ એકઠા થયા છે એમ સાંભળીને અમૃત વર્ષાવનાર પણ રાજા (=ચંદ્ર) તારારૂપી મોતીની માળાઓથી અલંકૃત બનીને ત્યાં આવ્યો. આપણે ભાગ્યથી સવારે દમયંતીને દૃષ્ટિથી જોઇશું એમ વિચારતા રાજાઓને જાણે રીસાણી હોય તેમ નિદ્રા ન આવી. શરીર ઉપરથી ઉતારાતા અલંકારોના તેજથી જાણે તિરસ્કાર કરાયેલી હોય તેમ, શ્રી રામચંદ્રજી વડે તિરસ્કાર કરાયેલી શૂર્પણખાની જેમ, રાત્રિ જલદી પલાયન થઈ ગઈ. જાણે કે આભૂષણોથી શણગારાયેલા દમયંતીના મુખ પાસે શોભાથી રહિત હું લજ્જા પામીશ એવા વિચારથી હોય તેમ સવારે ચંદ્ર પલાયન થઈ ગયો. જાણે [1]નામથી તુલ્ય એવા રાજાઓ વડે પ્રાર્થના કરાયો હોય તેમ, પૂર્વદિશાના પર્વતે પોતાના મસ્તકે સૂર્યમંડલ બતાવ્યું. સૂર્યનો ઉદય થતાં જેમ સરોવરમાં કમળો વિકસિત બને તેમ રાજસમુદાયના મુખરૂપી કમળોની શ્રેણિ વિકસિત બની. કિંમતી વસ્ત્રો અને અલં-કારોથી સર્વ અંગોમાં વિભૂષિત થયેલા રાજાઓ જલદી મંડપ તરફ દોડ્યા. મંચોમાં રત્નસિંહાસન ઉપર બેઠેલા રાજાઓ શોભ્યા. તે રાજાઓ જાણે કે કૌતુકથી સર્વદ્વીપના સૂર્યો અહીં આવ્યા હોય તેવા જણાતા હતા. નિષધ રાજાએ પ્રાતઃકાર્યો કર્યા. પછી ઉચિત રીતે વસ્ત્રો અને અભૂષણોને ધારણ કરનારા, કલ્પવૃક્ષ સમાન અને દેવકુમાર જેવા પોતાના બે કુમારોને આગળ કરીને નિષધરાજા મંગલપાઠોનું ઉચ્ચારણ કરતા બંદિજનોની સાથે સ્વયંવર મંડપમાં જઈને મંચ ઉપર ચડ્યો. આલોક અને પરલોકની શોભાના પુંજ હોય તેવા નિષધ રાજાના બે પુત્રોને જોઇને રાજાઓના મન દમયંતી વિષે નિરાશ થઇ ગયા, અર્થાત્ દમયંતી અમને નહિ વરે એવા વિચારવાળા થયા. વિશેષપણે કલાના નિધાન જેવા નળને જોઈને વિવાહની આશા તો દૂર રહી, કિંતુ રાજાઓ પોતાને ભૂલી ગયા, અર્થાત્ જાણે પોતાનું અસ્તિત્વ જ નથી એમ માનવા લાગ્યા. સૌભાગ્યવંતી સ્ત્રીઓ દમયંતીને સ્વયંવર મંડપમાં લાવવા માટે અનેક રીતે શણગારવા લાગી. તેના પગોમાં અળતાનો મનોહર રસ જાણે રાજાઓનો શરીરધારી અનુરાગ પગોમાં વળગ્યો હોય તેમ શોભા પામ્યો. તેના ગાલોમાં કસ્તૂરીથી બનાવેલી ચિત્રરચના જાણે કામદેવરાજાની પ્રકાશતી પ્રશસ્તિ હોય તેમ શોભી. તેના ચોટલામાં રહેલો મોગરાનાં પુષ્પોનો ઉજ્જવલ હાર જાણે તેના મુખરૂપી ચંદ્રની સેવા કરવા માટે નક્ષત્રો આવ્યા

---

૧. સંસ્કૃતમાં રાજા અને પર્વત એ બંનેને **भूभृत्** કહેવામાં આવે છે. માટે પર્વત અને રાજા નામથી તુલ્ય છે.

હોય તેમ શોભતો હતો. તેના કાનમાં રહેલાં રત્નજડિત કુંડલો જાણે [૧]રાહુગ્રહના ભયની ભ્રાંતિથી ચંદ્ર-સૂર્ય આવ્યા હોય તેમ શોભવા લાગ્યા. નેત્રોમાં અંજનની રેખા જેમ કમળોમાં ભ્રમરી શોભે તેમ શોભતી હતી. પહેરાવેલાં બે વસ્ત્રો જાણે ગંગાનદીના તરંગો હોય તેમ શોભ્યાં. ભમરીઓ જેમ કમલિનીને વિભૂષત કરે તેમ, હર્ષ પામેલી દાસીઓએ તેને વજ્રમણિ, મોતી અને વૈડૂર્ય રત્નનાં ઘણાં આભૂષણોથી વિભૂષિત કરી. આ રીતે દાસીઓથી વિભૂષિત કરાયેલી દમયંતી શોભવા લાગી.

હવે દમયંતીને સ્વયંવરમાં આ પ્રમાણે લઈ જવામાં આવીઃ— સ્ત્રીઓ મધુર ધ્વનિથી ગીતો ગાઈ રહી હતી. તેના મસ્તકે સફેદ છત્ર ધારણ કરવામાં આવ્યું. ચારે બાજુ ચામરો વીંઝવામાં આવતા હતા. તેને પાલખીમાં બેસાડી હતી. કામદેવના પાસતુલ્ય માળા પહેરાવી હતી. જાણે શરીરધારી શોભા હોય તેવી દમયંતીકુમારી આ રીતે સ્વયંવરમંડપમાં આવી. ચંદ્રકળા જેવી દમયંતીને જોઈને રાજાઓરૂપી સમુદ્રો ક્ષોભ પામ્યા અને શૃંગારને પ્રદીપ્ત કરે તેવી વિવિધ ચેષ્ટાઓ કરવા લાગ્યા. જાણે મનુષ્યના શરીરને ધારણ કરનાર સરસ્વતી હોય તેવી અને દમયંતીની આગળ ચાલતી દ્વારપાલિકા રાજાઓના વંશ, શૌર્ય, નીતિ અને આચારોનું વર્ણન કરવા લાગી. તે આ પ્રમાણેઃ— આ અંગદેશના રાજા છે. તેમણે ઉત્તમકીર્તિથી ભૂમિતલને ભરી દીધું છે. તેમના (રૂપાળા) શરીરથી જિતાયેલો કામદેવ અતિશય શરીરરહિત બની ગયો છે. હે દેવી ! મગધદેશના આ રાજા તેજના પ્રભાવથી સૂર્યસમાન છે. કલિંગદેશના આ રાજા ઝળહળતા હારના જેવા ઉજ્જવલ યશસમૂહવાળા છે. લાટ, કર્ણાટ અને મેદપાટ દેશના આ રાજાઓ અનુક્રમે કાંતિશોભા, શૌર્ય અને ગાંભીર્યથી વિભૂષિત છે. જેમ હંસી સ્થળ ઉપર રહેલા કમળોનો આદર ન કરે તેમ દમયંતીને તે રાજાઓનો આદર નહિ કરતી જોઈને દ્વારપાલિકાએ ફરી આનંદથી કહ્યું : હે દેવી ! દેવતુલ્યવૈભવવાળા આગળ રહેલા આ નિષધદેશના રાજા છે. અશ્વિનીકુમાર જેવા આ નલ અને કૂબર એમના પુત્રો છે. રાજાઓરૂપી વનમાં ભ્રમરીની જેમ ભમતી એની દૃષ્ટિ જેમ સફેદ હાથી સફેદ કમળમાં રાગવાળો બને તેમ નળ ઉપર ઘણા કાળ સુધી રાગવાળી બની. જેના રોમાંચો વિકસિત બન્યા છે એવી તેણે ચિત્તમાં આ પ્રમાણે વિચાર્યું :— જેમ વૃક્ષોમાં કલ્પવૃક્ષ પ્રશંસનીય છે તેમ રાજાઓમાં આ નલ જ પ્રશંસનીય છે. ચોક્કસ વિધાતાએ પોતાની સૃષ્ટિનું સારભૂત એને જ કર્યો છે. જેમ બધાં રત્નોમાં કૌસ્તુભરત્ન શ્રેષ્ઠ છે તેમ બધા રાજાઓમાં નલ શ્રેષ્ઠ છે. પછી તેણે ખુજતાં ખુજતાં નલના ગળામાં વરમાલાનું આરોપણ કર્યું. જેમ સુમેરુ પર્વત ઉપર તારાઓની શ્રેણિ શોભે તેમ તેના ગળામાં એ વરમાળા શોભા પામી. દમયંતી નલને વરી એટલે સ્પર્ધા કરનારા રાજાઓએ નલ ઉપર આક્રમણ કર્યું. નલ રાજાએ બાણની વૃષ્ટિથી એ રાજાઓનો નિગ્રહ કર્યો. પછી પરસ્પર પ્રીતિવાળા થયેલા નિષધ અને ભીમ

૧. રાહુગ્રહ ચંદ્ર અને સૂર્યને ગ્રસિત કરે છે. આથી જ ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ થાય છે. અહીં કવિએ કલ્પના કરી છે કે રાહુગ્રહ અમને ગ્રસિત કરશે એવા ભયથી ચંદ્ર અને સૂર્ય એના કાન પાસે આવીને રહ્યા છે.

રાજાએ નલ અને દમયંતીના વિવાહનો મહોત્સવ કરાવ્યો. હસ્તમેલાપના અવસરે એકબીજાનો હસ્તમેલાપ થયો ત્યારે જાણે પરસેવાના બહાનાથી તે બંને ચિત્તમાં એકતાને પામ્યા. અગ્નિને પ્રદક્ષિણા આપ્યા પછી કરમોચનના અવસરે ભીમરથ રાજાએ નલને રત્નો, અશ્વો અને હાથીઓ વગેરે આપ્યા. પછી નિષધરાજા પુત્ર અને પુત્રવધૂની સાથે કોશલદેશ તરફ ચાલ્યો એટલે જેમ મંગલગ્રહ સૂર્યની પાછળ જાય તેમ ભીમરાજા નિષધરાજાની પાછળ ગયો. પતિ સંકટમાં આવી પડે તો પણ તું પતિને અનુસરનારી થજે એવી શિખામણ પુત્રીને આપીને ભીમરાજા પાછો ફર્યો. દમયંતીએ પિતાની શિખામણને મોરપક્ષીની કલગીની જેમ મસ્તકે ધારણ કરી. પછી શરમથી નમેલી એવી નવોઢા દમયંતી નળના રથ ઉપર ચઢી.

નવોઢાના વિલાસને જોવાના કુતૂહલવાળા નળે તે વખતે સારથિ દ્વારા રથને અવળા માર્ગે ચલાવ્યો. રસ્તામાં પ્રસિદ્ધ વૃક્ષ આદિના પ્રશ્નોના બહાને જુગારી પતિ નલે દમયંતીની લજ્જાને ઓછી કરી. તે વખતે નલ રાગવાળો થયો છે એવી આશંકા કરીને જાણે સ્પર્ધાથી હોય તેમ અનુરાગવાળા સૂર્યે અનુરાગવાળી સંધ્યાનું આલિંગન કર્યું. જાણે ધૂતારી સખી હોય તેવી સંધ્યાએ દમયંતીની લજ્જાને ઓછી કરી. તે વખતે નલનું મુખરૂપી કમળ અદ્‌ભુત વિકાસને પામ્યું. જેમ વસંત ઋતુ મોગરાની વેલડીને રમાડે તેમ નલે વાત્સ્યાયને કહેલી યુક્તિઓથી નવા પ્રગટેલા યૌવનવાળી દમયંતીને રમાડી. ઘણો અંધકાર થતાં સૈન્યને વારંવાર પડતું જોઈને નલે સુતેલી પ્રિયાને કહ્યું: હે દેવી! ઊંઘ નહિ, જાગ. હે પ્રિયા અંધકારને દૂર કરવા તારા તિલકને પ્રગટ કર. દમયંતીએ કપાલને લૂછીને તિલકને વધારે તેજસ્વી કર્યું. જેમ સૂર્યના પ્રકાશથી જુએ તેમ કપાળે રહેલા તિલકથી દંપતીએ આગળ કાયોત્સર્ગમાં રહેલા એક મુનિને જોયા. મુનિની આસપાસ ભમરાઓ ફરી રહ્યા હતા એથી અને મુનિના શરીર ઉપર મદ જોઈને નલરાજાએ જાણ્યું કે, જંગલના હાથીએ ગંડસ્થળમાં ઉત્પન્ન થયેલી ખણજને દૂર કરવા મુનિના શરીરે ઘસ્યું છે. આવા મુનિને નલરાજાએ વંદન કર્યું. તે વખતે આ વૃત્તાંતને જાણીને નિષધ વગેરે સર્વ મનુષ્યો તે મુનિને વંદન કરવા આવ્યા. બધાએ મુનિએ કહેલી ધર્મદેશના સાંભળી. દેશના પૂર્ણ થયા પછી નલે મુનિને વંદન કરીને અંજલિ જોડીને દમયંતીને કપાળમાં સૂર્ય જેવું તેજસ્વી તિલક કેમ છે? એમ પૂછ્યું. જ્ઞાની મુનિએ તેને કહ્યું: તેણે પૂર્વભવમાં તીર્થંકરોની આરાધના માટે [1]તપ કર્યો હતો. તેના ઉજમણામાં તીર્થંકર પ્રતિમાના કપાલે રત્નનાં તિલકો

---

૧. દમયંતીએ પૂર્વભવે ૫૭૬વાર લાગટ તીર્થંકરતપ આયંબિલથી કર્યો. પહેલા ભગવાનની આરાધના એક આયંબિલથી કરવાની. બીજા ભગવાનની આરાધના બે આયંબિલથી કરવાની. એમ એક એક આયંબિલ વધતાં ચોવીસમા ભગવાનની આરાધના ૨૪ આયંબિલથી કરવાની. આમ એકવાર ચોવીસ તીર્થંકરોની આરાધનામાં કુલ ત્રણસો આયંબિલ થાય. દમયંતીએ ૫૭૬ વખત ૩૦૦ આયંબિલ લાગટ કર્યા. આમ ૪૮૦ વર્ષ સુધી લાગટ આયંબિલ કર્યા. આ તપના ઉજમણામાં તેણે ચોવીસેય તીર્થંકરોની પ્રતિમાના કપાલે રત્નનાં તિલકો કર્યાં હતાં.

કર્યાં હતાં. તેથી એના કપાળમાં સૂર્યના એક ટુકડા જેવું તિલક છે. ક્રમે કરીને દમયંતી સર્વકલ્યાણનું ભાજન થશે. મુનિની અમૃત સમાન વાણીને સાંભળીને આનંદથી પૂર્ણ બનેલા તે બધા જલદી પોતાની રાજધાનીમાં આવ્યા. તે વખતે નગરજનોએ ઘણું મંગલ કર્યું. લજ્જારહિત બનીને દમયંતીની સાથે નવી નવી ક્રીડાઓથી ક્રીડા-કરતા નળે દિવસોને દીન જેવા, અર્થાત્ અત્યંત નાના બનાવ્યા અને રાત્રિઓને ક્ષણ આપનાર જેવી, અર્થાત્ ક્ષણ જેવી અત્યંત નાની બનાવી. નલને રાજ્ય ઉપર બેસાડીને અને કૂબરને યુવરાજપદે સ્થાપીને નિષધે ચારિત્ર લીધું. પછી નિષધમુનિ દેવલોકમાં ગયા. ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગને સાધવામાં તત્પર અને સતી દમયંતીથી યુક્ત નલે લાંબા કાળ સુધી અખંડપણે રાજ્યનું પાલન કર્યું. બલવાન નલે ક્રમે કરીને અર્ધા ભરત-ક્ષેત્રને સાધ્યું=સ્વાધીન કર્યું. રાજાઓએ કૃષ્ણની જેમ તેનો ફરી રાજ્યાભિષેક કર્યો.

નલના રાજ્યને મેળવવાની ઈચ્છાવાળો, ક્રૂર અને વક્રચિત્તવાળો કૂબર જેમ શિયાળ સિંહના છિદ્રોને જુએ તેમ નલના છિદ્રોને નિત્ય જોવા લાગ્યો. નિર્મલ અંતઃકરણવાળા નલ તે જ બંધુની સાથે સજ્જનોને શરમાવનારી જુગારક્રીડા કરવા લાગ્યો. જેમ વિષયોના રાગી જીવોની ઇંદ્રિયો વિરુદ્ધ પડે તેમ એકવાર બંધ-મોક્ષ વગેરે તત્ત્વોના જાણકાર પણ નલરાજાના પાસાઓ વિરુદ્ધ પડ્યા. ગામ, ખાણ અને નગર વગેરે હારી જતો હોવા છતાં નલ જેમ મંકોડો ઈક્ષુરસથી દૂર ન થાય તેમ જુગારથી નિવૃત્ત ન થયો. પતિને તેવા પ્રકારના કદાગ્રહમાં પડેલા જોઈને વિષાદવાળી દમયંતી જાતે ત્યાં આવી અને મધુર વાણીથી આ પ્રમાણે બોલીઃ મહાન ઇંદ્ર સમાન વૈભવવાળા હે સ્વામી! આપને હજી જુગારનું વ્યસન કેમ છે? કયો પુરુષ દૂધ સ્વાધીન હોવા છતાં કાંજી પીવામાં આસક્ત થાય? નિંદા નહિ પામેલા હે સ્વામી આ પૃથ્વીને કૂબરને આધીન ન કરો. પાણીમાં બગલાનો પ્રવેશ થતાં માછલાઓની કઈ ગતિ થાય તે આપ જાણો જ છો. આ પ્રમાણે આપ્તપુરુષોએ અને ભીમરાજાએ પણ નલને રોકવા છતાં નલ જુગારથી નિવૃત્ત ન થયો. ભાગ્ય જ્યારે રુષ્ટ બને ત્યારે શું જીવોને સદ્બુદ્ધિ થાય? પ્રતિકૂલ ભાગ્યના કારણે ક્રમે કરીને ધીમે ધીમે હારતો તે પોતાના શરીરના આભૂષણોને અને અંતઃપુર સહિત દમયંતીને પણ હારી ગયો. હર્ષ પામેલા કૂબરે કહ્યુંઃ હે બંધુ! મારી પૃથ્વીને છોડી દે=મારી પૃથ્વીને છોડીને ચાલ્યો જા. તેથી નલ શરીરે માત્ર વસ્ત્રો ધારણ કરીને નગરમાંથી નીકળી ગયો. પતિની પાછળ જતી દમયંતીને કૂબરે સ્વેચ્છા મુજબ કહ્યુંઃ હે ભદ્રા! તું જિતાઈ ગઈ છો, તેથી નલની પાછળ ન જા, મારા અંતઃપુરમાં આવ. નગરજનોએ અને પ્રધાનોએ દમયંતીને ન રોકવા કૂબરને પ્રાર્થના કરી=સમજાવ્યો. આથી દમયંતીને રથ ઉપર બેસાડીને નલ પાસે મોકલી. નલે (દમયંતીને પોતાની સાથે રાખીને) રથને પાછો વાળ્યો. તે વખતે દાસી વગેરે વર્ગની રજા લેતી દમયંતીએ જેમ વર્ષાદ વનશ્રેણિને ભીની કરે તેમ કોના મનને ભીનું ન કર્યું? તે વખતે નગરજનો નગરમાં

આ પ્રમાણે બોલવા લાગ્યા :-હા કૂરભાગ્ય ! જો પહેલાં પણ આ પ્રમાણે કરવાની તારી ઇચ્છા હતી તો નલને અર્ધા ભરતક્ષેત્રનો માલિક કેમ કર્યો ? જાણે હું તેનો સ્પર્શ કરીશ તો મને શાપ આપશે એવી શંકાથી સૂર્યે કિરણોથી જેનો સ્પર્શ કર્યો નથી તે દમયંતી પગે ચાલીને પૃથ્વી ઉપર કેવી રીતે જઈ શકશે ? જેણે આ બે વિષે આ પ્રમાણે આચરણ કર્યું તે આ કૂર કૂબરને ધિક્કાર થાઓ. નગરજનો અને મંત્રી વગેરે લોકો નલને ઘણા વાહનો ભેટ આપવા લાગ્યા, પણ નલે તેનો સ્વીકાર ન કર્યો. પરાક્રમી પુરુષો પોતાના આત્મા ઉપર જ આધાર રાખનારા હોય છે. બુદ્ધિના ભંડાર નલે અનુસરણાદિ સેવામાં તત્પર એવા વૃદ્ધ મંત્રીઓ અને નગરજનોને જેમ તેમ કરીને કષ્ટથી પાછા વાળ્યા. ખરેખર ! દમયંતીની જેમ શોભા પણ નલની પાછળ ગઈ. જો એમ ન હોય તો તે વખતે તે નગર શોભા વિનાનું કેમ થઇ ગયું ? ગદ્‌ગદ વાણીથી તે તે ઉદ્યાનની મનોહરતાને બતાવતા નલે થાકેલી પણ દમયંતીને ધીમે ધીમે ચલાવી. તે વખતે સ્વયં પતિએ મસ્તકે વસ્ત્રનો છેડો ધર્યો ત્યારે દમયંતી જેટલી ખુશ થઈ તેટલી ખુશ પૂર્વે મસ્તકે ધરાયેલા છત્રોથી પણ થઈ ન હતી. નલ ગરમીવાળી થયેલી દમયંતીને પાંદડાઓથી વીંઝતો હતો, થાકેલી દમયંતીના ચરણોને દબાવતો હતો; તૃષાયુક્ત થયેલી દમયંતીને કમલિનીના પડિયાઓથી પાણી પીવડાવતો હતો. કયારેક થાકેલી પણ દમયંતી નળના પગ દબાવતી હતી તો નળ સત્ત્વનું આલંબન લઈને તેને રોકતો હતો. દંપતીએ ફલાહારથી બપોરનો સમય કર્યો. સાંજે કયાંક લતાગૃહમાં રહીને રાત્રિ પસાર કરી. એકવાર તે બે જાણે પ્રચંડ-સૂર્યના કિરણોથી ત્રાસ પામેલા અંધકારથી આશ્રય કરાયેલ હોય તેવા અને ઘટાદાર વૃક્ષોવાળા એક મોટા જંગલમાં આવ્યા. પછી નલે જંગલના સરોવરમાં પગ ધોયા. પત્ની દમયંતીને કરમાયેલા મુખવાળી જોઈને નલે મનમાં આ પ્રમાણે વિચાર્યું :- પ્રવાલના જેવા કોમળ સ્પર્શવાળી આ કયાં અને દુઃખના તરંગોવાળા માર્ગો કયાં ? પુષ્પોથી ઉત્કૃષ્ટ શોભા જ થાય, નહિ કે પગના જોડા. પછી વિશ્રામ કરવા માટે નલે કયાંક મનોહર શિલાતલમાં અશોકવૃક્ષની કુંપળોથી ઉત્તમ શય્યા બનાવી. પુષ્પોનાં ડીંટાઓથી દમયંતીનું શરીર દુઃખી ન થાઓ એવી બુદ્ધિથી નલે તે શય્યાને પોતાના ઉત્તરીય વસ્ત્રથી ઢાંકી. માર્ગે ચાલવાથી થાકેલા તે બંને પરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ કરીને અને ભુજારૂપી લતા ઉપર મસ્તક મૂકીને સ્વેચ્છાથી સૂઈ ગયા.

હવે દમયંતીના માર્ગના દુઃખથી અગ્નિની જેમ બળતા નળે તે વખતે જાણે હિંસક પશુઓના સંસર્ગથી હોય તેમ કૂર વિચારણા કરી. તે આ પ્રમાણે :- દમયંતીનો મિત્ર હું માર્ગરૂપી સમુદ્રના પારને કેવી રીતે પામીશ ? પોતાની મરજી મુજબ ફરનારા પુરુષ માટે સ્ત્રીઓ સદા બેડી સમાન છે. તેથી આને સૂતેલી જ મૂકીને હું જતો રહું. તે સવારે પિતાના કે દિયરના ઘરે જતી રહેશે. જાણે ભવિષ્યમાં થનારા પતિવિયોગના

દુઃખની દૂતી હોય તેમ દમયંતીએ આંખો બંધ કરી તેટલામાં તેની આંખો જલદી નિદ્રાથી મીંચાઈ ગઈ. પછી ધીમે ધીમે આલિંગન મુદ્રાનો ત્યાગ કરતા નલે દમયંતીની ભુજારૂપી લતાને વળગેલી પોતાની ભુજાને ખેંચી લીધી. નલે મનથી દમયંતીને કહ્યું: હે મુગ્ધા! તું ચાંડાલ જેવી ચેષ્ટા કરનાર આ નલને વિચાર, કે જે સૂતેલી અને વિશ્વાસવાળી એવી તને એકલી છોડી દેવા ઇચ્છા કરે છે. પછી નલે મનથી ભાગ્યને કહ્યું: હે ભાગ્ય! મારી પાસે આ અનુચિત કાર્ય કેમ કરાવે છે? કેતકીને અશુભ દોહલા કરતો તું લજ્જા પામ્યો નથી. હવે દમયંતીના શરીરની નીચે દબાયેલા વસ્ત્રના છેડાને ફાડવાની ઇચ્છાવાળા અને આંસુઓથી ઘેરાયેલા મુખવાળા નલે હાથમાં છુરી લઇને (હાથને ઠપકો આપતાં) આ પ્રમાણે વિચાર્યું:– હા હા! હે મહાભાગ્યશાલી હાથ! આનો હાથ પકડવામાં તું પ્રવૃત્ત થયો હતો, અને તું જ એના સર્વાંગે આલિંગન કરવામાં નક્કી કરાયેલો અતિથિ બન્યો હતો. તેથી હે જમણા હાથ! શું તારામાં દાક્ષિણ્યતા પણ નથી? અથવા ક્રૂર-જાતિવાળા (પશુઓ)ના સંગથી તારામાં કરુણા ક્યાંથી હોય? આ પ્રમાણે ટપકતા આંસુવાળા નલે પોતાના વસ્ત્રના છેડાને છેદી નાખ્યું. પછી પોતાના લોહીથી વસ્ત્રના છેડે આ પ્રમાણે શબ્દો લખ્યા:– હે સુંદર નેત્રોવાળી! વડલાઓથી ડાબી તરફનો માર્ગ કુંડિનપુર તરફ જાય છે, કેશુડાઓના વૃક્ષોથી જમણી તરફનો માર્ગ કોશલાનગરી તરફ જાય છે. હે ગજગામિની! જ્યાં તને રુચે ત્યાં તારે જવું. હું પોતાનું મુખ ક્યાંય બતાવવા સમર્થ નથી જ. આ પ્રમાણે લખીને નલ ચાલ્યો. અંતરમાં દુઃખ હોવાથી રડતા તેણે વારંવાર દમયંતીના મુખરૂપ કમલને જોયું. પછી તેણે વિધાતાને ઠપકો આપતાં વિચાર્યું: હા વિધાતા જો તેં દમયંતીને સર્વથી ચડિયાતી સર્જી તો દુઃખી કેમ કરી? પોતે વાવેલી બોરડીને પણ ન જ છેદવી જોઈએ. પછી તેણે વનદેવતાઓને ઉદ્દેશીને કહ્યું: હે સર્વ વનદેવો! મારા ઉપર પ્રસન્ન થઇને સાંભળો. તમારે તે રીતે કરવું કે જેથી તે માર્ગને જાણે અને ઉપદ્રવથી રહિત બને. આ પ્રમાણે જણાવીને અન ડોકને વાળીને ફરી પત્નીને જોતો નલ વૃક્ષોથી (=વૃક્ષોના કારણે) અદૃશ્ય બન્યો ત્યાં સુધી ગયો. આને જંગલના હિંસક પશુઓથી કોઈ ઉપદ્રવ ન થાઓ એમ વિચારીને તે પાછો વળ્યો. લતાના આંતરામાં એને જોતો ઊભો રહ્યો. પોતાને ઠપકો આપતાં તેણે વિચાર્યું: હે દુરાત્મા અને અસમર્થ નલ! જેની પ્રિયા વનમાં આ પ્રમાણે એકલી સૂઈ રહી છે તે તું ભસ્મીભૂત કેમ થઈ જતો નથી? નલ આ પ્રમાણે વિચારી રહ્યો હતો તેવામાં રાત્રિ પૂર્ણ થઈ. તે બધા વિચારો અંધકારની જેમ નલના મનમાં વિલીન થઇ ગયા.

હવે સૂર્ય ઉદય પામી રહ્યો છે એમ જાણીને નલ ત્યાંથી ચાલ્યો. આગળ જતાં તેણે જ્વાલારૂપી જટાઓથી યુક્ત અગ્નિને જોયો. બળી રહેલા જંગલના પશુઓનું આક્રંદન સાંભળતો નલ અગ્નિની નજીક ગયો. ત્યાં તેણે મનુષ્યની વાણી સાંભળી. તે

આ પ્રમાણેઃ— ઇક્ષ્વાકુકુલરૂપી સમુદ્ર માટે ચંદ્રસમાન અને વિશ્વમાં અસાધારણ સ્નેહાળ હે નલ રાજેંદ્ર! દાવાનલથી બળતા મારું રક્ષણ કર. તે શબ્દો જે તરફથી આવ્યા તે તરફ નજર કરનાર નલે વેલડીઓના વનમાં એક સર્પને જોયો. ધીર નલે આ પ્રમાણે કહ્યુંઃ હે મહાનાગ! તું મારું નામ કેવી રીતે જાણે છે? અને મનુષ્યની ભાષા કેવી રીતે બોલે છે? સર્પે તેને જવાબ આપ્યોઃ હે મહાભાગ્યશાળી! હું પૂર્વભવમાં મનુષ્ય હતો. તે સંસ્કારોના કારણે આ ભવમાં હું મનુષ્યભાષામાં બોલી શકું છું. મને અવધિજ્ઞાન પણ છે, તેથી હું સંપૂર્ણ જગતને જાણે હાથમાં રહેલું હોય તેમ જોઇ શકું છું. તેથી હે નૃપ! મારું રક્ષણ કર. હું પણ ઉપકાર કરનારો છું, અર્થાત્ હું પણ તારા ઉપર ઉપકાર કરીશ. સર્પે નલને આ પ્રમાણે કહ્યું એટલે નલે લતાઓના વિસ્તારમાં પોતાના વસ્ત્રનો છેડો લંબાવ્યો. વસ્ત્રના છેડે વળગેલા સાપને નલે જેમ કૂવામાંથી પાણી ખેંચે તેમ ખેંચી લીધો. જેમ કૃતઘ્ન જીવ સજ્જનને ડંશ દે=હેરાન કરે તેમ સર્પે નલને જ ડંશ દીધો. નલે તેને હાથથી ધકેલીને ભૂમિ ઉપર નાખ્યો. પછી નલે તેને કહ્યુંઃ હે બે જીભવાળા નાગ! તેં સુંદર ઉપકાર કર્યો. સર્પનું વિષ નલના શરીરમાં વ્યાપી જવાથી શરીર કુબડું બની ગયું. પોતાના શરીરને કુબડું જોઇને તુરત વૈરાગ્ય પામેલા નલે ચારિત્ર લેવાની ઇચ્છા કરી. હવે સર્પે દિવ્યરૂપ ધારણ કરીને નલને કહ્યુંઃ હે વત્સ! હું તારો જ પિતા નિષધ છું, માટે ખેદ ન કર. હે વત્સ! દીક્ષાના પ્રભાવથી હું બ્રહ્મલોકમાં દેવ થયો છું. તારું સંકટ જાણીને આજે આ માયાથી અહીં આવ્યો છું. તારા શરીરનું આ કુરૂપપણું તારા હિત માટે જ સમજવું. કારણકે તારા આ રૂપથી શત્રુઓ તને હેરાન નહિ કરે. હે વત્સ! હજી તારે અર્ધા ભરતક્ષેત્રનું સામ્રાજ્ય ભોગવવાનું છે. સમય થશે ત્યારે દીક્ષાના અવસરને પણ હું જણાવીશ. હે વત્સ! આ બિલાનું ફળ અને આ કરંડિયો લે. પ્રાણની જેમ આ બેને સદા સાચવવા. હે વત્સ! જ્યારે પોતાના (સ્વાભાવિક) રૂપમાં રહેવાની ઇચ્છા થાય ત્યારે શ્રીફળને ફોડીને તેમાંથી વસ્ત્રો કાઢી લેજે, તથા કરંડિયામાંથી હાર વગેરે આભૂષણોનો સમૂહ લઇ લેજે. આ વસ્ત્રો અને આભૂષણો તું તારા શરીરે ધારણ કરીશ એટલે તું આ શરીરથી મુક્ત બનીશ અને પોતાના (સ્વાભાવિક)રૂપને પામીશ. આ પ્રમાણે કહીને અને તે બે વસ્તુઓ તેને આપીને દેવે કહ્યુંઃ હે વત્સ! તારી કયા સ્થળે જવાની ઇચ્છા છે તે કહે, જેથી હું તને ત્યાં લઇ જઉં. નલે કહ્યુંઃ હે પિતાજી! મને સુસુમારનગરમાં લઇ જાઓ. નલે તે જ ક્ષણે પોતાને સુસુમારનગરના દરવાજા આગળ રહેલો જોયો.

વિકસિત મુખવાળો તે જેટલામાં નગર તરફ જાય છે તેટલામાં તેણે નગરની અંદર મહાન કોલાહલ સાંભળ્યો. અરે! આ શું? એ પ્રમાણે ભયભીત બનીને ક્ષણવાર રહ્યો તેટલામાં યમ જેવો મદોન્મત્ત હાથી તેની પાસે આવ્યો. એ હાથી

મદના કારણે વૃક્ષશ્રેણિને ઢેફાની જેમ ચારે બાજુ ફેંકતો ફેંકતો અને પ્રલયકાલના પવનની જેમ બધું અવ્યવસ્થિત કરતો કરતો નલની પાસે આવ્યો હતો. ઉન્મત્ત બનેલા તેને પોતાના વશમાં કરવા કોઇ સમર્થ ન હોવાથી પ્રજાના સંહારને જોતા રાજાએ બે બાહુ ઊંચા કરીને કહ્યું: હે નગરજનો ! સાંભળો, જે કોઈ આ હાથીને વશ કરવા સમર્થ બનશે તેને હું ઘણી સંપત્તિ આપીશ. આ પ્રમાણે સાંભળીને જેનો પરાક્રમની ઉત્કંઠારૂપી અગ્નિ પ્રગટી રહ્યો છે એવો નલ હાથી તરફ સિંહની જેમ વેગથી દોડ્યો. હે કુબડા ! મર નહિ, મર નહિ, એમ નગરજનોએ રોકવા છતાં નલે પવનની જેમ જતા હાથીને ઢેકું મારીને કહ્યું: હે દુષ્ટ ! આ સ્ત્રીઓ અને બાળકોને ન માર. તારા મદનો નાશ કરવા માટે અસાધારણ સિંહસમાન આ હું તારી આગળ આવીને ઊભો રહ્યો છું. પછી નલે ક્રોધાંધ, ઉન્મત્ત અને દોડતા તે હાથીને વાંકી ચાલના ક્રમથી ઘણા કાળ સુધી રમાડ્યો. ઘણા કાળ પછી ખિન્ન બનેલા તેની આગળ નલે પોતાનું ઉત્તરીય વસ્ત્ર નાખ્યું. હાથી તે વસ્ત્રને પણ પોતાના દાંતો મારવા લાગ્યો. નલ તેના સ્કંધ ઉપર ચઢી ગયો. તેના કુંભસ્થલમાં પોતાના હાથોથી ઠોકીને ઘણા કાળે શાંત કરીને નલ તેને તેના ઉત્કૃષ્ટ આલાનસ્તંભ પાસે લઈ ગયો. આ અસાધારણ પુરુષ છે એમ વિચારીને દધિપર્ણ રાજાએ નલના કંઠે આદરપૂર્વક રત્નમાલા પહેરાવી. પછી નલે હાથીને આલાનસ્તંભમાં બાંધ્યો. જય જય એ પ્રમાણે બોલી રહેલા નગરજનોની સાથે નલ દધિપર્ણ રાજા પાસે આવીને બેઠો. રાજાએ તેને ગૌરવપૂર્વક વસ્ત્રો અને સર્વ અંગોના આભૂષણો આપ્યાં. પછી રાજાએ તેને વંશ–કુલ આદિ પૂછ્યું. નલે કહ્યું: હે ભૂપતિ ! મારી જન્મભૂમિ કોશલાનગરી છે. મારો સઘળો સ્વજનવર્ગ પણ ત્યાં જ કુશળતા અનુભવે છે. હું નલરાજાનો કુબડો રસોઈયો છું. હું સઘળી કલાઓ તેની પાસેથી જ પ્રેમથી શીખ્યો છું. વળી બીજું– હે ભૂપતિ ! આ પૃથ્વીમાં સૂર્યપાક રસોઈ નલ રાજા જ જાણે છે, અને તેની કૃપાથી હું જાણું છું, અમારા બે સિવાય બીજો કોઈ સૂર્યપાક રસોઈ જાણતો નથી. દુર્ભાગ્યથી બંધુ કૂબરની સાથે નલ જુગાર રમવા લાગ્યો. હમણાં તે જુગારમાં રાજ્ય હારી ગયો. પત્ની સહિત તે ક્યાંક જતો રહ્યો અને મરી ગયો. આ સાંભળીને નલની ગુણશ્રેણિને યાદ કરતા અને શોકપરાયણ બનેલા દધિપર્ણ રાજાએ તેનાં પ્રેતકાર્યો કર્યાં. એકવાર દધિપર્ણ રાજાએ નલને પ્રાર્થના કરી કે સૂર્યપાક રસોઈ બનાવી આપ. આથી જલદી સૂર્યવિદ્યાનું સ્મરણ કરતા નલે ચોખાથી સંપૂર્ણ ભરેલા થાળને તડકે મૂકીને સૂર્યપાક રસોઈ બનાવી પછી તેણે સર્વરસોથી સુંદર તે રસોઇ બધાને જમાડી. રાજાએ તે વખતે નલને પાંચસો ગામ અને એક લાખ ટંક (=સોનામહોર) બક્ષિસ આપ્યા. નલે એક લાખ ટંકનો સ્વીકાર કર્યો, પણ ગામો ન લીધાં. ફરી એકવાર ખુશ થયેલા રાજાએ નલને કહ્યું: તને બીજું

પણ જે ઇષ્ટ હોય તે તારે લેવું. નલે કહ્યું: હે દેવ ! જેટલી પૃથ્વીમાં આપનું શાસન પ્રવર્તે છે તેટલી પૃથ્વીમાં જુગાર, દારૂ અને શિકાર બંધ કરાવો. નલ ઉપર આદરવાળા રાજાએ તે બધું તે જ પ્રમાણે કર્યું. આ પ્રમાણે ત્યાં રહેતા તેના દિવસો સુખપૂર્વક પસાર થતા હતા. એક દિવસ સરોવરના કાંઠે વૃક્ષની છાયામાં બેઠેલા નલની પાસે પરદેશી કોઇ બ્રાહ્મણ આવીને બેઠો. બંને પરસ્પર વાતો કરી રહ્યા હતા. આ દરમિયાન નલને સર્વ અંગોમાં કુબડો જોઈને વિકસિત નેત્રોવાળો તે બ્રાહ્મણ બે શ્લોકો સ્પષ્ટ બોલ્યો. તે આ પ્રમાણે છેઃ—

अनार्याणामलज्जानां, दुर्बुद्धीनां हतात्मनां । रेखां मन्ये नलस्यैव, यः सुप्तामत्यजत् प्रियां ।१।
विस्रब्धां वल्लभां स्निग्धां, सुप्तामेकाकिनीं वने त्यक्तुकामोऽपिजातः किं, तत्रैव स न भस्मसात्।२।

"હું અનાર્ય, લજ્જાહીન, દુર્બુદ્ધિવાળા અને હણાયેલા જીવોમાં નલને જ અગ્રેસર માનું છું, કે જેણે સુતેલી પત્નીનો ત્યાગ કર્યો. વિશ્વાસ પામેલી અને સ્નેહાળ પત્નીને જંગલમાં એકલી સૂતેલી છોડવાની ઇચ્છાવાળો તે ત્યાં જ ભસ્મસાત્ કેમ ન થઈ ગયો ?"

પછી નલે તેં સારું કહ્યું એમ પ્રશંસા કરીને બ્રાહ્મણને પૂછ્યું: તું કોણ છે ? કયાંથી આવ્યો છે ? નલનો આ વૃત્તાંત તેં કયાં સાંભળ્યો ? બ્રાહ્મણે જવાબ આપ્યોઃ હું કુશલ નામનો બ્રાહ્મણ છું, અને કુંડિનનગરથી આવ્યો છું. ત્યાં મે નલની આ વાત સાંભળી. વિકસિત મુખરૂપી કમલવાળા તેણે ફરી કહ્યું: નલે દમયંતીનો ત્યાગ કર્યો ત્યાં સુધીનો વૃત્તાંત મેં સાંભળ્યો છે, બાકીનો વૃત્તાંત કહો. બ્રાહ્મણે કહ્યું: દમયંતીને સૂતેલી એકલી છોડીને નલ જતો રહ્યો, પછી રાત્રિ થોડી બાકી રહી ત્યારે દમયંતીએ સ્વપ્ન જોયું. તે આ પ્રમાણેઃ— આંબાના વૃક્ષ ઉપર ચઢીને મેં સ્વેચ્છાથી તેનાં ફલો ખાધાં. પછી હાથીએ તે વૃક્ષને ઊખેડી નાખ્યું એટલે હું પૃથ્વી ઉપર પડી. સવારે જાગેલી તે પતિને ન જોવાથી મનમાં ભય પામી. આમ—તેમ નજર નાખીને તેણે ચિત્તમાં આ પ્રમાણે વિચાર્યું: હે દુષ્ટ ભાગ્ય ! બળેલી મારા ઉપર હજી પણ શું કરવાની તારી ઇચ્છા છે કે જેથી આવી અવસ્થાને પામેલી હું પતિને નજરથી જોતી નથી. અથવા મુખ ધોવા માટે સરોવરમાં ગયેલા સૌભાગ્યના અસાધારણ ભંડાર તેમને વનદેવતા હરી ગયો (લાગે) છે. અથવા ક્રીડા કરવાના હેતુથી કયાંક લતાઓના ઝુંડમાં સંતાઇ ગયા (લાગે) છે. આમ વિચારીને ત્યાંથી ઉઠીને દમયંતી દરેક વૃક્ષમાં પતિને શોધવા લાગી. પતિને કયાંય નહિ જોવાથી શોકના કારણે જાણે મન ભેદાઇ ગયું હોય તેમ સઘળા વનને રોવડાવતી તે રડી અને મૂર્છા પામી. પછી જલદી સ્વપ્નને યાદ કરીને તેના અર્થની તેણે વિચારણા કરી. તે આ પ્રમાણેઃ— સ્વપ્નમાં જે આ આમ્રવૃક્ષ દેખાયો તે સર્વશ્રેષ્ઠ મારા પતિ છે. ફલો એ રાજ્યલક્ષ્મી છે, અને હાથી કૂબર છે. વૃક્ષ ઉપરથી મારું જે પતન થયું એ મને પતિનો વિરહ થયો એવો ચોક્કસ

અર્થ છે. આ પ્રમાણે વિચારીને જે કંઈ બને છે તે બધું પૂર્વભવના કર્મના કારણે બને છે એમ માનતી તે સતી વસ્ત્રના છેડે શબ્દોને જોઈને વાંચ્યા. વાંચીને તેણે વિચાર્યું: જેમ હંસનું માનસ સરોવરમાં સ્થાન હોય તેમ તેમના ચિત્તમાં હજી પણ મારું સ્થાન છે, જેથી તેમણે જાતે શબ્દો લખીને મને જવાની આજ્ઞા આપી. પતિ વિનાની સ્ત્રીઓને પિતા જ શરણ હોવાથી હું વડના રસ્તે પિતાના ઘરે જઈશ. પછી હરણીની જેમ ભયથી વિહ્વલ બનેલી અને મંત્રની જેમ નલને યાદ કરતી દમયંતી પિતાના ઘર તરફ ચાલી. તીક્ષ્ણ ઘાસથી એના પગ ભેદાઈ રહ્યા હતા. એથી એના ચરણો પીળા રંગથી યુક્ત લાલ રંગવાળા થઈ ગયા હતા. આથી તે જાણે [1]લાખના રસથી પૃથ્વીને નિશાનીવાળી કરી રહી હતી. એનું શરીર પરસેવાથી ભિનું થઈ ગયું. ઉડતી ધૂળથી કંઈક પાંડુ વર્ણવાળું થઈ ગયું. આગળ જઈને તેણે નાના તળાવમાં હંસીની જેમ સ્નાન કર્યું. પછી તેણે વનમાં પ્રવેશ કર્યો. દમયંતીને સિંહો અંબિકા-દેવી જેવી, સર્પો જાંગુલી વિદ્યાથી સર્પ પકડનારી સ્ત્રી જેવી અને હાથીઓ સિંહણ જેવી માનતા હતા. નિર્જન વનમાં જતી તેને શીલના પ્રભાવથી હિંસક પશુઓ પણ જાણે પોતાના સહાયક હોય તેવા થયા. વનને ઓળંગવા માટે કંઈક ઉપાયને વિચારતી દમયંતીએ ઘણા ગાડાઓથી ગીચ બનેલો એક સાર્થ જોયો. સાર્થને જોવાથી તેનું મન જેટલામાં સ્વસ્થ બન્યું તેટલામાં તો જેમ વિષયો કામુકને ઘેરી લે તેમ ચોરોએ સાર્થને ઘેરી લીધો. સતી દમયંતીએ હાથ ઊંચો કરીને ચોરોને કહ્યું: હે ચોરો ! તમે જતા રહો. જેમ નાળિયેર વિષે પોપટનો પ્રયત્ન નિષ્ફળ જાય છે તેમ સાર્થ વિષે કરેલો તમારો પ્રયત્ન નિષ્ફળ જશે. સતીના એ વચનની અવજ્ઞા કરીને સાર્થને લુંટવા પ્રવૃત્ત થયેલા ચોરોને દમયંતીએ મંત્રાક્ષરોની જેમ હુંકારાઓથી અટકાવ્યા. સાર્થવાહ પરિવાર સહિત દમયંતીની પાસે આવ્યો. દમયંતીને કુલદેવીની જેમ જોતા સાર્થવાહે સારી રીતે વંદન કર્યું. પછી સાર્થવાહે દમયંતીને પૂછ્યું: હે કલ્યાણી ! તું કોણ છો ? નિર્જનવનમાં ભમતી તું અમારા પુણ્યયોગથી અહીં ક્યાંથી આવી છો ? તેણે નલના જુગારથી આરંભી સઘળો પોતાનો વૃત્તાંત એને કહ્યો. સાર્થવાહે આ નલની પત્ની છે એમ જાણીને એને પોતાની બહેન જેવી માની. સાર્થવાહના તંબુમાં રહેતી તે માર્ગને સુખપૂર્વક ઓળંગવા લાગી. ક્રમે કરીને મુસાફરોને સંતાપ કરનારો ચોમાસાનો કાળ આવ્યો. ગળિયા બળદની જેમ ગાડાંઓ કાદવમાં ખૂંચવા લાગ્યા. વર્ષાદનો અભાવ થતાં વસ્તુઓને [2]તડકામાં રાખવા લાગ્યા. ત્યાં સાર્થને

---

૧. સ્તબક શબ્દનો અર્થ 'ગુચ્છો' થાય છે. પણ અહીં તે અર્થ બંધ બેસતો જણાતો નથી. આથી અનુવાદમાં 'રસ' અર્થ લખ્યો છે.

૨ વર્ષાદના કારણે અનાજ વગેરે બગડી ગયું હોય એથી બગાડને દૂર કરવા તડકામાં રાખવા લાગ્યા.

ઘણો વિલંબ થશે એવી શંકા કરીને તે સતી સાર્થવાહને પણ પૂછ્યા વિના ત્યાંથી એકલી નીકળી ગઈ. પોતાની આગળ અમાસની રાત જેવો શ્યામ અને દાઢોથી ભયંકર રાક્ષસને જલદી આવતો જોઈને દમયંતીએ આ પ્રમાણે સુંદર કહ્યું:– હે ભદ્ર ! સાંભળ, ધર્મબુદ્ધિવાળી મને મૃત્યુથી ભય કયાંથી હોય ? પણ પરસ્ત્રી એવી મને તું જો સ્પર્શીશ તો ભસ્મસાત્ થઈ જઈશ. આવા તેના સત્ત્વથી તુષ્ટ થયેલા રાક્ષસે તેને કહ્યું: હું તારું શું ઇષ્ટ કરું ? દમયંતીએ કહ્યું: તો કહે કે મારા પતિનો મને મેળાપ કયારે થશે ? રાક્ષસે કહ્યું: બાર વર્ષ પછી ચોક્કસ તારા પતિનો તને મેળાપ થશે. દમયંતી બોલી: આ જ મારું ઇષ્ટ છે અને તે તેં કહી દીધું છે. તારું કલ્યાણ થાઓ. તારે જ્યાં જવું હોય ત્યાં જા. લાંબા કાળ સુધી ધર્મને આધીન બન. પછી રાક્ષસ દિવ્યરૂપને ધારણ કરીને અદૃશ્ય થઇ ગયો.

તે વખતે દમયંતીએ અભિગ્રહો લીધા. તે આ પ્રમાણે:– પ્રિયનો મેળાપ નહિ થાય ત્યાં સુધી તાંબૂલ, રંગવાળાં વસ્ત્રો, પુષ્પો, આભૂષણો અને વિગઈઓ નહિ લઉં. ક્રમે કરીને તે પર્વતની એક ગુફા પાસે આવી. ત્યાં લીલા ઘાસવાળા પ્રદેશોમાં વૃક્ષો હતાં. ત્યાં દમયંતીએ શાંતિનાથ ભગવાનની માટીની મૂર્તિ બનાવીને ગુફાના ખૂણામાં પધરાવી. પુષ્પસમૂહથી તેની પૂજા કરવા લાગી. તપશ્ચર્યા કરતી તે સ્વાભાવિક રીતે નીચે પડેલા વૃક્ષફલોથી તપનું પારણું કરતી હતી. તે પાપનો નાશ કરનાર પરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું સ્મરણ કરતી હતી. એકલી હોવા છતાં નિર્ભયપણે ત્યાં કેટલોક કાળ પસાર કર્યો. પૂછ્યા વિના દમયંતી ચાલી જવાથી સાર્થવાહને "કંઇક અનિષ્ટ થશે" એવી શંકા થઇ. આથી તે દમયંતીના પગલે પગલે ચાલ્યો. ગુફામાં જિનપૂજા કરતી દમયંતીને તેણે જોઈ. સાર્થવાહે તેને પૂછ્યું: તું આ પૂજા કયા દેવની કરે છે ? દમયંતીએ જવાબ આપ્યો: સોળમા શાંતિનાથ ભગવાનની પૂજા કરું છું. તે બેની વાતચીત સાંભળીને ત્યાં તાપસો આવ્યા. તેથી દમયંતીએ વિસ્તારથી જૈનધર્મ કહ્યો. આ સાંભળતા વસંત નામના આ સાર્થવાહનો કર્મસમૂહ તૂટવા લાગ્યો. આથી તે જૈનધર્મનો સ્વીકાર કરીને સાર્થની સાથે ત્યાં જ રહ્યો. એક દિવસ નજીકના આશ્રમમાં રહેલા તાપસો વર્ષાદની ધારાથી હેરાન થઈ જવાથી અત્યંત વ્યાકુલ બની ગયા. તેથી દમયંતીએ તાપસોની ચારે બાજુ વિસ્તૃત કુંડાળું કર્યું. પછી તે બોલી: જો હું જિનેશ્વરદેવની ઉપાસના કરનારી મહાસતી હોઉં તો વાદળાઓ વરસો નહિ. વાદળાઓ પણ જાણે સંકેત કરી રાખ્યો હોય તેમ વરસતા બંધ થઇ ગયા. તે તાપસો સ્વસ્થ થયા. વિસ્મય પામેલા તેમણે વિચાર્યું: ચોક્કસ સ્ત્રીનું રૂપ ધારણ કરનારી આ કોઇ દેવી છે. પછી પ્રતિબોધ પામેલા તેમણે જૈનધર્મનો સ્વીકાર કર્યો. સાર્થવાહે ત્યાં જ મોટું મનોહર નગર વસાવીને શ્રીશાંતિનાથ ભગવાનનું ઊંચા તોરણવાળું મંદિર કરાવ્યું. ત્યાં દમયંતીએ પાંચસો તાપસોને પ્રતિબોધ પમાડ્યો હતો તે ઉપરથી તે નગર તાપસપુર એવા નામથી પ્રસિદ્ધ

બન્યું. એકવાર ત્યાં શ્રીયશોભદ્રસૂરિ પધાર્યા. તે વખતે વિરાગવંત અને નિર્મલબુદ્ધિવાળા કુલપતિએ તેમની પાસે દીક્ષા લીધી. નવા પરણેલા કુબરના પુત્ર સિંહકેશરીએ તેજ ગુરુ પાસેથી જાણ્યું કે હવે પોતાનું આયુષ્ય પાંચ દિવસ જેટલું જ છે. આથી તેણે તત્કાલ દીક્ષા લીધી. પર્વતના શિખર ઉપર તે મુનિ કેવલજ્ઞાની બન્યા. તેનો મહિમા કરવા માટે દેવોને આવેલા જોઇને દમયંતી, સાર્થવાહ અને તાપસો તે કેવલી ભગવંતને વંદન કરવાની ઇચ્છાથી પર્વતના શિખર ઉપર ગયા. ત્યાં બધાએ તેમની દેશના સાંભળી. તે વખતે કેવલી ભગવંતે તે બધાની સમક્ષ આ દમયંતી મહાસતી, સત્યવંતી, ધર્મને જાણનારી અને અરિહંતદેવની પરમ ભક્તા છે એમ કહ્યું. બાકી રહેલાં કર્મોનો ક્ષય થવાથી ત્યાં કેવલી ભગવંત મોક્ષને પામ્યા. દમયંતીએ પોતાનો પૂર્વભવ પૂછ્યો એટલે શ્રીયશોભદ્રસૂરિએ તેનો પૂર્વભવ કહ્યો. તે આ પ્રમાણેઃ— હે ભદ્રા! પૂર્વભવમાં નલ મમ્મણ નામનો રાજા હતો. તું તેની પ્રિય કરનારી વીરમતી નામની પત્ની હતી. એકવાર તમે બે કચાંક જઇ રહ્યા હતા ત્યારે સામે મુનિને જોયા. અપશુકન થયા એમ સમજીને તે મુનિને બાર ઘડી સુધી રોકી રાખ્યા. પછી ક્ષણવારમાં ક્રોધને મૂકીને તમે બંનેએ મુનિને ખમાવ્યા. તેના કારણે બાર વર્ષ સુધી તમારા બેનો આ વિયોગ થયો છે. ત્યાં રહીને જિનેશ્વરને પૂજતી અને શાસનપ્રભાવનાને કરાવતી દમયંતીના સાત વર્ષો પસાર થયા.

એક દિવસ કોઇએ ગુફાના દ્વાર આગળ આવીને દમયંતીને કહ્યું: હે દમયંતી! મેં હમણાં નજીકમાં તમારા પતિને જોયા. હું તો જલદી જઉં છું. કારણકે સાર્થ મારી રાહ જોતો નથી. આ પ્રમાણે સાંભળીને તેની પાછળ ચાલતી તે વનમાં આવી. એકવાર દમયંતીએ રાક્ષસીને સામે આવતી જોઇ, પણ શીલના પ્રભાવથી તેને રાક્ષસની જેમ જલદી સ્તંભાવી દીધી. તરસથી પીડિત થયેલી તેણે શીલના પ્રભાવથી પૃથ્વીને હાથથી ઠોકીને નદી પ્રગટ કરી. નિર્મલ પાણી પીને સ્નાન કર્યું. એકવાર તે ધનદેવ નામના સાર્થવાહની સાથે અચલપુર ગઇ. ત્યાં જાણે આકાશમાં રહી હોય તેમ નગરની બહાર રહી. ત્યાં ઋતુપર્ણ રાજાની ચંદ્રયશા નામની પત્ની દમયંતીની માસી થતી હતી. તે દમયંતીને પોતાના મહેલમાં લઈ ગઇ. સર્વથા સંબંધના જ્ઞાનથી રહિત દમયંતીએ માસીને ઓળખી નહિ. દમયંતીને માત્ર બાલ્યઅવસ્થામાં જોઇ હોવાથી માસીએ પણ તેને જલદી ઓળખી નહિ. માસીએ તેને તેની વિગત પૂછી. પણ વિગત ગુપ્ત રાખવાની હોવાથી દમયંતીએ વિગત ન જણાવી તો પણ માસીએ તેને આદરથી પોતાની પુત્રી જેવી જોઇ, અર્થાત્ પોતાની પુત્રીની જેમ રાખી. હવે માસીની રજા મેળવીને દમયંતી દાનશાળામાં દાન દેવા લાગી. ત્યાં વધ કરવા માટે લઇ જવાતા ચોરને દમયંતીએ છોડાવ્યો. તે ચોર વસંત નામના સાર્થવાહનો[૧] નોકર હતો. તેણે

૧. અપમાન થવાના કારણે તે વસંત સાર્થવાહથી છૂટો થઇ ગયો હતો. અચલપુરમાં આવીને તેણે રાજમહેલમાં ચોરી કરી. ચોરી કરતાં તે પકડાઇ ગયો

તે વખતે દમયંતીને કહ્યું: હે દેવી! તમે જ્યારથી નીકળી ગયા ત્યારથી સાર્થવાહ દુઃખી થઈ ગયો. તેણે ખાવાનું છોડી દીધું. શ્રીયશોભદ્રસૂરિએ અને લોકોએ તેને સમજાવ્યો એટલે અશ્રુથી ભરેલાં નેત્રોવાળા તેણે સાત દિવસ પછી ભોજન કર્યું. એકવાર રત્ન અને સુવર્ણ વગેરેના ભેટણાંઓથી કૂબર રાજાને સંતોષ પમાડીને વસંત સાર્થવાહ તાપસપુરનો સ્વામી બનીને રાજા થયો. કૂબર રાજાએ વસંત સાર્થવાહને વસંતશેખર નામનો રાજા બનાવીને તાપસપુર મોકલ્યો. તમારી કૃપાથી વસંતશેખર રાજા તાપસપુર આવ્યો. દમયંતીએ ચોરને કહ્યું: હે વત્સ! મારા વચનથી તું દીક્ષા લે. લઘુકર્મી હોવાથી ચતુર તેણે હર્ષથી દીક્ષા લીધી.

હવે પૂર્વપરિચિત હરિમિત્ર નામનો બ્રાહ્મણ કુંડનનગરથી અચલપુર આવ્યો. તે રાજાના દર્શન કરીને ચંદ્રયશા રાણીની પાસે ગયો. રાણીએ તેને કુશળતા પૂછી. તેણે કહ્યું: હે બહેન! સર્વત્ર કુશળ છે. પણ નલ અને દમયંતીની ચિંતા મને પીડા ઉપજાવે છે. કૂબરની સાથે પાશાઓથી જુગાર રમતો નલ બધી પૃથ્વી હારી ગયો. આથી ત્યાંથી નીકળીને દમયંતીની સાથે જંગલમાં ગયો. જંગલમાં દમયંતીને એકલી મૂકીને પોતે ક્યાંક જતો રહ્યો. આ સાંભળીને ભીમરાજા અને પુષ્પદંતી રાણી એ બે ખૂબ દુઃખી થયા. તે બેને શોધવા માટે તેમણે મને વિનવણી કરીને મોકલ્યો. દરેક ગામ, દરેક નગર અને દરેક જંગલમાં ભમતો હું અત્યારે અહીં આવ્યો છું. મેં એમને ક્યાંય જોયા નહિ. આ પ્રમાણે સાંભળીને ચંદ્રયશા આક્રંદન કરવા લાગી. આથી આખું રાજકુલ શોકથી વ્યાકુલ થઈ ગયું. કારણ કે આશ્રિતો સ્વામીને અનુસરનારા હોય છે. ભૂખથી કૃશ બનેલા ઉદરવાળો બ્રાહ્મણ ભોજન કરવાની ઇચ્છાથી જલદી દાનશાળામાં ગયો. ત્યાં દમયંતીને જોઈને તે આશ્ચર્ય પામ્યો. તેણે દમયંતીને નમીને કહ્યું: હે ભીમપુત્રી! આખું જગત ભમીને મેં આજે તને જોઈ. હાહા! રત્ન ઘરમાં હોય, પણ મૂઢ માણસ એને શોધવા પૃથ્વી ઉપર ભમે છે. બ્રાહ્મણે ઋતુપર્ણ રાજાને અને દમયંતીની માસી ચંદ્રયશા રાણીને દમયંતીની પ્રાપ્તિની વધામણી આપી. તે વખતે તેમની આંખોમાં રહેલાં શોકનાં આંસુઓ હર્ષનાં આંસુઓ બની ગયા. ચંદ્રયશા જલદી દાનશાળામાં આવી. તેણે દમયંતીને ગાઢ ભેટીને કહ્યું: હે વત્સા! હું તારા માટે બલિરૂપ થાઉં છું, અર્થાત્ હું તારા માટે ભોગ આપવા તૈયાર છું. તું ભાણેજી હોવા છતાં તને નહિ ઓળખી શકનાર મૂઢ મને ધિક્કાર થાઓ! હે વત્સા! તેં પોતાને ગુપ્ત રાખીને મને શા માટે છેતરી? પછી ચંદ્રયશાએ તેને પોતાના ઘરે લઈ જઈને સુગંધિ પાણીથી સ્નાન કરાવ્યું અને ચાંદની જેવા (સફેદ) વસ્ત્રો પહેરાવ્યાં. પછી રાણી તેનો હાથ ઝાલીને રાજાની પાસે બેઠી. રાજાએ દમયંતીને વિગત પૂછી એટલે તેણે રાજ્ય હારી જવું વગેરે વાત કહી. દમયંતીના આંસુસમૂહથી ગ્લાનિ પામેલા મુખને લુછતા રાજાએ તેને કહ્યું: હે વત્સા! આમાં ખેદ શો કરવો? કર્મની ગતિ આવી જ છે.

તે વખતે દેવલોકમાંથી આવીને કાંતિથી રાજસભાને ઉદ્યોતવાળી કરતા કોઈ ઉત્તમ દેવે દમયંતીને નમીને આ પ્રમાણે કહ્યું: તમોએ પૂર્વે જેનું રક્ષણ કર્યું હતું તે હું પિંગલ નામનો ચોર છું. મને જૈનધર્મ સંબંધી ઉત્કૃષ્ટ બોધ પમાડીને તમોએ જ ચારિત્ર લેવડાવ્યું હતું. પછી હું એકવાર સ્મશાનમાં કાયોત્સર્ગમાં રહ્યો હતો. ત્યાં ચિતાના કારણે પ્રગટેલા દાવાનલથી બળેલો હું તમારા જ પ્રભાવથી સૌધર્મદેવલોકમાં ઉત્તમ દેવ થયો. તેથી હે દેવી! તમે દીર્ઘકાળ સુધી વિજય પામો. આ પ્રમાણે બોલતા તે દેવે રાજસભામાં સાત ક્રોડ સુવર્ણની વૃષ્ટિ કરી. જૈનધર્મનું પ્રત્યક્ષ ફલ જોઈને હર્ષ પામેલા રાજાએ પણ જૈનધર્મનો સ્વીકાર કર્યો. હવે હરિમિત્ર બ્રાહ્મણે રાજાને કહ્યું: દમયંતી અહીં ઘણો કાળ રહી. આથી હવે તેને વાહન ઉપર બેસાડીને સેનાની સાથે પિતાના ઘરે મોકલો. રાજાએ પણ તે પ્રમાણે કર્યું.

પુત્રીને આવતી સાંભળીને ભીમરાજા પત્નીની સાથે સામે ગયો. હર્ષનાં આંસુરૂપી જલથી પૂર્ણ દમયંતીએ પિતાને પ્રણામ કર્યા અને માતાના ગળે વળગીને મોહપૂર્ણ રુદન કર્યું. પછી રાજાએ મહોત્સવપૂર્વક તેનો નગરપ્રવેશ કરાવ્યો. 'હે કુબડા! સાત રાત સુધી ઉત્સવ થયા પછી રાજાએ દમયંતીને બધી વિગત પૂછી. ત્યારે તેણે મારા સાંભળતાં અહીં સુધીની પોતાની કથા કહી. પછી પિતાએ વાત્સલ્યપૂર્વક તેને કહ્યું: હે વત્સા! આપણા ઘરે સુખપૂર્વક રહે. જે રીતે તારું કાર્ય પૂર્ણ થશે તે રીતે હું પ્રયત્ન કરીશ. ખુશ થયેલા રાજાએ હરિમિત્ર બ્રાહ્મણને પાંચસો ગામ બક્ષિસ આપ્યાં અને કહ્યું કે નલ રાજાનું આગમન થશે ત્યારે તને અર્ધું રાજ્ય આપીશ.

આ તરફ દધિપર્ણ રાજાનો વિવેકબુદ્ધિવાળો દૂત પોતાના કાર્ય માટે સુસુમારપૂરથી કુંડિનપુર ગયો. એક વાર કોઈક અવસરે તેણે ભીમરાજાને કહ્યું: હે દેવ! દધિપર્ણ રાજાની પાસે નલરાજાનો રસોઇઓ આવ્યો છે. તે રસથી મનોહર સૂર્યપાક રસોઈ જાણે છે, તથા વિચક્ષણ તે શ્રેષ્ઠહાથીનું દમન કરવું વગેરે બીજી પણ કળાઓને જાણે છે. હે કુબડા! આ પ્રમાણે સાંભળીને દમયંતીએ લજ્જાપૂર્વક ભીમરાજાને કહ્યું: હે પિતાજી! આ પૃથ્વી ઉપર તેમના સિવાય બીજો કોઈ સૂર્યપાક રસોઈ જાણતો નથી. હે પિતાજી! તેમણે ગુટિકા, મંત્ર કે દેવ વગેરેના પ્રભાવથી પોતાનું અસલરૂપ ગુપ્ત રાખ્યું છે. ચોક્કસ તે નિષધ રાજાના પુત્ર અને આપના જ જમાઈ છે. તેથી ભીમરાજાએ મને શિખામણ આપીને જલદી અહીં મોકલ્યો. તેથી હે ભદ્ર! પૂછતો પૂછતો તારી પાસે આવ્યો. તને જોઈને ખિન્ન બનેલા મેં આ પ્રમાણે વિચાર્યું:– દમયંતીને હાડકાના અંશમાં મોતીના અંશની આ ભ્રાન્તિ શી થઇ? અર્થાત્ દમયંતીને આવા કુબડા માણસમાં નળ રાજાની

---

૧. તળાવના કાંઠે બેઠેલા કુબડાને પરદેશી બ્રાહ્મણ આ બધું કહી રહ્યો છે. માટે 'હે કુબડા!' એવું સંબોધન છે.

ભ્રાન્તિ થઈ છે. દેવતુલ્ય આકૃતિવાળો અને જાણે શરીરધારી શોભાનો પુંજ હોય તેવો નલ રાજા ક્યાં અને જાણે ધનુર્વાતના[1] રોગવાળો હોય તેવો ખરાબ અને કુબડો તું ક્યાં ! ક્યાં કલ્પવૃક્ષ અને ક્યાં એરંડવૃક્ષ ! ક્યાં માણેકરત્ન અને ક્યાં પથ્થર ! હે કુબડા ! તને જોઇને હવે દમયંતીનો મનોરથ પણ કુબડો થઈ ગયો=ભાંગી ગયો. હા ! તે સર્વ શુભ શુકનશ્રેણિ વ્યર્થ બની. જો ઇચ્છિત ફળતું હોય=ઇચ્છા પ્રમાણે થતું હોય તો કોઈ પણ દુઃખી ન થાય. હાહા ! પરીક્ષક ! તે દંપતિનો વિયોગ કેવી રીતે થયો ! એમ પત્નીને યાદ કરીને તે કુબડો તે વખતે રડ્યો. પછી તેણે બ્રાહ્મણને કહ્યું: હે બ્રાહ્મણ ! આ પવિત્ર કથાને કહેનાર તું પૂજ્ય છે. તેથી તું મારા નિવાસમાં આવ, તારો સત્કાર કરું. પોતાના ઘરમાં સૂર્યપાક રસોઇનું ભોજન કરાવીને પૂર્વે મળેલ ટંક અને આભૂષણ વગેરે તેને આપ્યું.

પછી તે બ્રાહ્મણ કુંડિનપુર ગયો. વિષાદવાળા તેણે ભીમરાજાની આગળ કુબડાની તે વિગત કહી. પછી તે કુબડો વાત ચાલતી હતી ત્યારે રડ્યો, હું મનોહર રસોઈ જાણું છું, કુબડાએ લાખ ટંક વગેરે મને આપ્યું, આ બધું કહ્યું. તેથી દમયંતીએ કહ્યું: હે પિતાજી ! હવે વિકલ્પબુદ્ધિ ન કરવી, અર્થાત્ હવે નલ રાજા અંગે વિવિધ કલ્પના કરવાની જરૂર નથી. ચોક્કસ તમે તેને કુબડાના રૂપમાં પોતાનો જમાઇ જ જાણો. હે પિતાજી ! કોઈ પણ રીતે એકવાર તે ઠીંગણાને અહીં લઇ આવો. ચિહ્નોથી આ નલ રાજા છે કે બીજો કોઇ છે એમ હું ચોક્કસ ઓળખી લઇશ. હવે ભીમ રાજાએ કહ્યું: હે પુત્રી ! ખોટા સ્વયંવરનો પ્રારંભ કરીને સુસુમારપુરના રાજાને બોલાવવા માટે માણસ મોકલવામાં આવે તો જો તે કુબડો નલ હશે તો ચોક્કસ તેની સાથે આવશે. કારણ કે પોતાની સ્ત્રીનો પરાભવ સહન કરવો એ પશુઓ માટે પણ દુષ્કર છે. વળી તે અશ્વોને જલદી ચલાવવાની વિદ્યા જાણે છે. તે વિદ્યાની પણ પરીક્ષા કરવા માટે સ્વયંવરનું મુહૂર્ત નજીકનું કહેવું. આમ વિચારીને ભીમરાજાએ પોતાના વિશ્વાસુ પુરુષો દ્વારા દધિપર્ણ રાજાને ખોટા સ્વયંવરમાં ચૈત્ર સુદ પાંચમના દિવસે બોલાવ્યો. નજીકનો દિવસ કહેવાથી દધિપર્ણ રાજા વિષાદવાળો બની ગયો. કુબડાએ રાજાને પૂછ્યું: હે દેવ ! આપનું પણ ચિત્ત ઉદાસીન કેમ છે ? રાજાએ કહ્યું: નલ રાજા મૃત્યુ પામ્યો છે એ સાંભળીને દમયંતી સવારે સ્વયંવર કરશે. વચ્ચે છ પ્રહર જ રહ્યા છે. તેથી હે કુબ્જ ! તેને મેળવવાની મારી આશા દુર્લભ દેખાય છે. કુબડાએ કહ્યું: હે દેવ ! મુંઝાઓ નહિ. હું તમને કુંડિનપુર સવારે પહોંચાડી દઇશ. પણ મારો ઇચ્છિત શ્રેષ્ઠ ઘોડાઓથી યુક્ત રથ મને આપો. રાજાએ તેમ કર્યું એટલે કુબડાએ બધું તૈયાર કર્યું. છડીદાર, બે ચામરધારી અને છત્રધરથી પરિવરેલો રાજા અને કુબડો એ છ રથમાં આરૂઢ થયા. કુબડાએ (નાગે આપેલ) દિવ્ય બિલાનું ફળ અને[2] કરંડિયો પોતાની કેડમાં બાંધ્યા.

---

૧. ધનુર્વાતના રોગથી શરીર વિકૃત થઈ જાય છે.

૨. આ કરંડિયો કેરી વગેરેના જેવો મોટો કરંડિયો ન સમજવો, કિંતુ હીરા-ઝવેરાત રાખવાના નાના દાબડા જેવો સમજવો. જેથી તેને સુખેથી કેડે બાંધી શકાય.

કુબડે રથ ચલાવ્યો. માર્ગરૂપી સમુદ્રમાં પવનથી પ્રેરાયેલા વહાણની જેમ રથ ચાલવા લાગ્યો. હવે રથના પવનથી ઉડેલું વસ્ત્ર જમીન ઉપર પડી ગયું. આથી રાજાએ કહ્યું: હે કુબ્જ! રથ ઊભો રાખ, નીચે પડેલું વસ્ત્ર લઇ લઈએ. કુબડાએ સ્મિત વેરીને કહ્યું: હે દેવ! જ્યાં આપનું વસ્ત્ર પડયું છે ત્યાંથી પચીસ યોજન જેટલી ભૂમિ પસાર થઈ ગઇ છે. આ ઘોડાઓ મધ્યમ છે. પણ જો ઉત્તમ અશ્વો હોય તો ચોક્કસ આટલા સમયમાં પચાસ યોજન જેટલી ભૂમિ ઓળંગી જાય. રસ્તામાં ફળોથી યુક્ત બહેડાનું વૃક્ષ જોઇને પોતાના ઉત્કર્ષને પ્રગટ કરતા રાજાએ સારથિને જલદી કહ્યું: ગણ્યા વિના જ આ વૃક્ષનાં ફળોની સંખ્યા હું જાણું છું. કુંડિનપુરથી પાછા ફરતી વખતે હું તને આ કુતૂહલ બતાવીશ. કુબડાએ કહ્યું: હે દેવ! મને હમણાં જ આ કૌતુક બતાવો. હું સારથિ છું ત્યાં સુધી તમારે કુંડિનપુર પહોંચવામાં વિલંબ થશે એવો ભય સર્વથા રાખવો નહિ. રાજાએ કહ્યું: આ વૃક્ષનાં ફળોની સંખ્યા અઢાર હજાર છે. કુબડાએ રથ ઉપરથી ઉતરીને વૃક્ષને મુઠીથી ઠોકયું. તે જ વખતે જેમ (આકાશમાંથી) જલબિંદુઓ પડે તેમ પવનથી હાલેલા વૃક્ષ ઉપરથી દડ દડ ફળો પૃથ્વી ઉપર ખરી પડયાં. ફળો ગણ્યાં તો તેટલી જ સંખ્યા થઇ. પછી કુબડાએ પોતાની અશ્વોને જલદી ચલાવવાની વિદ્યા રાજાને આપીને તેની પાસેથી આ ગણિતવિદ્યા લીધી. એક તરફ સૂર્યના સારથિનો રથ ઉદયાચલ પર્વત ઉપર પહોંચ્યો તો બીજી તરફ કુબડા સારથિનો રથ કુંડિનપુરના દરવાજા આગળ પહોંચ્યો.

દમયંતીએ તે રાતે સ્વપ્નને જોઈને પિતાને કહ્યું: હે પિતાજી! આજે નિર્વૃત્તિદેવી મને કોશલાનગરીની ભૂમિમાં લઇ ગઇ. તેના કહેવાથી હું ફળોથી શોભતા આમ્રવૃક્ષ ઉપર ચઢી. દેવીએ મારા હાથમાં ખીલેલું કમળ આપ્યું. તે વખતે કોઈક પક્ષી તે વૃક્ષ ઉપરથી પૃથ્વી ઉપર પડયું. ભીમરાજાએ કહ્યું: હે પુત્રી! તેં આ ઉત્તમ સ્વપ્ન જોયું છે. આ સ્વપ્નથી એ સૂચિત થાય છે કે– તને ભૂતકાળના ઐશ્વર્યપદની પ્રાપ્તિ થશે, પતિનો સમાગમ થશે, અને કૂબર રાજ્યથી ભ્રષ્ટ બનશે. આ પ્રમાણે બંને વાતો કરી રહ્યા હતા તેટલામાં જ મંગલ નામના સેવકે દધિપર્ણ રાજા નગરના દરવાજા પાસે આવી ગયા છે એમ કહ્યું ભીમરાજાએ દધિપર્ણ રાજાનું આતિથ્ય કર્યું. પછી ભીમરાજાએ દધિપર્ણ રાજાને સૂર્યપાક રસોઇ બનાવી આપવા માટે પ્રાર્થના કરી. દધિપર્ણ રાજાએ તે વખતે કુબડાની પાસે સૂર્યપાક રસોઈ કરાવી. દધિપર્ણ રાજાએ પરિવારસહિત ભીમરાજાને સૂર્યપાક રસોઇ જમાડી. તે રસોઇને ઘરે મંગાવીને દમયંતી તે રસોઇ જમી. પછી તેણે પિતાને કહ્યું: કુબડો હોય કે લંગડો હોય, પણ ચોક્કસ તે નલ રાજા જ છે. જ્ઞાની ભગવંતે કહ્યું હતું કે, નલ સિવાય બીજો કોઈ આવી રસોઇ બનાવવામાં કુશળ નથી. તેથી હે પિતાજી! કુબડાના રૂપમાં આ નિષધના પુત્ર જ છે. શું

શ્વેતાંબરમુનિની વાણી અન્યથા થાય? વળી– એની આંગળીના અગ્રભાગના સ્પર્શમાત્રથી જો મારું શરીર રોમાંચવાળું થશે તો એ નલરાજા જ છે એમ જાણવું. હવે અંગસ્પર્શ કરવા આગ્રહ કરાયેલા કુબડાએ કહ્યું: હું જન્મથી બ્રહ્મચારી હોવાથી સ્ત્રીનો સ્પર્શ કરતો નથી. ભીમે ઘણો આગ્રહ કરીને જેમ તેમ કરીને એ વાતનો સ્વીકાર કરાવ્યો. આથી કુબડાએ આંગળીથી તેના અંગનો પાકતા ફોડલાની જેમ સ્પર્શ કર્યો. અંગમાં રોમાંચ થતાં દમંયતી સ્પષ્ટ બોલીઃ હે નાથ! તે વખતે તમે સુતેલી મને છોડી દીધી. પણ હમણાં જાગતી મને કેવી રીતે છોડી શકશો? આ પ્રમાણે કહીને દમયંતી આર્દ્ર-ચિત્તવાળા તેને ઘરની અંદર લઇ ગઈ. નલે દેવે કહેલા વિધિથી ક્ષણવારમાં પોતાનું સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું. જેમ યોગિની રૂપસ્થધ્યાનના યોગથી સર્વ અંગોમાં પ્રવેશ કરે તેમ પતિના વાસ્તવિકરૂપને જોતી દમયંતીએ પતિના સર્વઅંગોમાં પ્રવેશ કર્યો. બહાર આવેલા નલને ભીમરાજા ગાઢ ભેટી પડ્યો. પછી હર્ષથી યુક્ત તેણે નલને પોતાના આસન ઉપર બેસાડીને અંજલિ જોડીને કહ્યું: આ મોટું રાજ્ય અને વિપત્તિથી રહિત આ સંપત્તિઓ તમારી છે. અમે પણ તમારી આજ્ઞાનું પાલન કરનારા છીએ. આથી તમારી ઇચ્છા પ્રમાણે આજ્ઞા કરો. નલને જોઇને સંભ્રાન્ત થયેલા દધિપર્ણ રાજાએ પણ નલને નમીને કહ્યું: અજ્ઞાનતાથી મેં જે (અનુચિત) આચરણ કર્યું તેની તમે ક્ષમા કરો. તે ધનદેવ સાર્થવાહ ભીમરાજાનાં દર્શન કરવા આવ્યો. દમયંતીએ ભીમ-દ્વારા તેનું બંધુની જેમ ગૌરવ કરાવ્યું. દમયંતીએ તાપસપુરના રાજાને અને ઋતુપર્ણ રાજાને બોલાવવા માટે ભીમને વિનંતિ કરી. આથી ભીમે દૂતો મોકલીને તે બેને પણ બોલાવ્યા. ભીમ નવી નવી ભક્તિથી તે બધાને માન આપવા લાગ્યો. આ રીતે ત્યાં જ રહેલા તેમનો એક મહિનો મુહૂર્ત્તની જેમ પસાર થઇ ગયો.

એક દિવસ કોઇ દેવે ત્યાં આવીને દમયંતીને કહ્યું: હે દેવી! તમે મને ઓળખો છો? તમે તે વખતે તાપસોના અધિપતિને પ્રતિબોધ કરીને સમ્યક્ત્વ પમાડ્યું હતું અને જૈન દીક્ષા લેવડાવી હતી. ક્રમે કરીને તે સૌધર્મ દેવલોકમાં કેશર નામનો દેવ થયો. તે હું છું. આથી તમે મારા સાચા ઉપકારી છો. આ પ્રમાણે કહીને તે દેવે પ્રણામપૂર્વક સાત ક્રોડ સુવર્ણની વૃષ્ટિ કરી. પછી તે જે પ્રમાણે આવ્યો હતો તે પ્રમાણે જતો રહ્યો. વસંતશેખર, દધિપર્ણ, ઋતુપર્ણ અને ભીમ વગેરે રાજાઓએ પ્રૌઢપ્રતાપી અને સ્ફૂર્તિવાળા નલનો રાજ્યાભિષેક કર્યો. બંને રીતે બલવાન એવા સર્વ રાજાઓની સાથે સૈન્યોથી પૃથ્વીને ધ્રુજાવતો નલરાજા કોશલાનગરી તરફ ચાલ્યો. નલને રતિ-વલ્લભ નામના ઉદ્યાનમાં આવેલો જાણીને કુબરે મૃત્યુની સાથે–સંબંધ કર્યો, અર્થાત્ મરવાની તૈયારી કરી. ન્યાયમાં તત્પર નલે દૂત દ્વારા કૂબરને કહ્યું કે– પાશાઓથી મારી સાથે જુગાર રમ, અથવા તીક્ષ્ણબાણોથી યુદ્ધ કર. કૂબરે ધીરપુરુષથી સાધી શકાય તેવી યુદ્ધક્રિયાનો નિષેધ કરીને જુગારનો સ્વીકાર કર્યો. જોયેલા અર્થમાં સ્પૃહાવાળો કોણ ન થાય? જેનું

અગણિતપુણ્ય એકઠું થયું છે એવા નલે જુગારમાં પૃથ્વીને જીતી લીધી. બંધુ કૂબરને યુવરાજપદે સ્થાપિત કર્યો. અર્ધભરતક્ષેત્રના સર્વ રાજાઓએ ભેટણાંઓ ધરીને નલ રાજાની સેવા કરી. નલ રાજાએ પણ જ્યાં સુધી પોતાની આજ્ઞા પ્રવર્તતી હતી ત્યાં સુધી વિઘ્નો દૂર કર્યા, અર્થાત્ બધાઓનું સારી રીતે રક્ષણ કર્યું. ગયેલી લક્ષ્મી ફરી જેમને પ્રાપ્ત થઇ છે એવા નલ અને દમયંતીએ મહોત્સવો કરીને કોશલાનગરીના જિનમંદિરોને વંદન કર્યું=અરિહંત પરમાત્માની ભક્તિ કરી. જૈનશાસનની પ્રભાવના કરતા અને પૃથ્વીનું પાલન કરતા નલ રાજાનાં હજારો વર્ષો સુખપૂર્વક પસાર થઇ ગયાં.

નિષધદેવે (=દેવ થયેલા નલના પિતાએ)[1] અવસરે પોતાના પુત્રને કહ્યું હે પુત્ર! સાર-અસારના વિવેકવાળાઓને રાજ્યની આશા શી હોય? સંપત્તિઓ વંટોળિયાથી ઘુમતા રૂના મોટા ઢગલાની જેવી ચંચળ છે. આવી સંપત્તિઓમાં નિર્મલ ચિત્તવાળો કયો પુરુષ રાગ કરે? આથી શ્રુતથી સદ્બુદ્ધિવાળા બનેલા તે પતિ-પત્નીએ પછી પુષ્કલ નામના પુત્રને રાજ્ય ઉપર બેસાડીને જૈનદીક્ષા લીધી. વિવિધ તપોથી સંયમનું પાલન કરતા નલરાજર્ષિ ગુરુની સાથે પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા. સ્વભાવથી સુકોમળ હોવાથી નલરાજર્ષિ (થોડા વખત પછી) સંયમમાં શિથિલ થઇ ગયા. નિષધદેવે (=નલના પિતાદેવે) સ્વર્ગમાંથી આવીને નલરાજર્ષિને ફરી સંયમમાં દૃઢ કર્યા. નલરાજર્ષિનું કામને આધીન બનેલું મન કોઈપણ રીતે દમયંતીમાં આસક્ત બનતું હતું. આથી દીક્ષા પાળવા માટે અસમર્થ નલમુનિએ અનશનનો સ્વીકાર કર્યો. નલમુનિ મૃત્યુ પામીને ઉત્તરદિશાના કૂબેર નામના દિક્પાલ દેવ થયા. દમયંતી પણ અનશનપૂર્વક મૃત્યુ પામીને કૂબેરની પત્ની થઇ. આ પ્રમાણે પાપરૂપી કાદવને દૂર કરતી, નિર્મલશીલને ધારણ કરતી અને ક્યાંય પણ હીલનાને નહિ પામેલી આ દમયંતી મનુષ્યભવમાં સર્વ કર્મોનો ક્ષય કરીને દુઃખથી રહિત અને અનંત એવા મોક્ષસુખને પામશે.

કમલાનું દૃષ્ટાંત

હવે કમલાસતીની કથા કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :- લાટ નામનો દેશ હતો. અનેક રત્નાકરોથી (=રત્નની ખાણોથી) યુક્ત તે દેશ જાણે એક રત્નાકરવાળા (સમુદ્રવાળા) જંબૂદ્વીપને શરમાવતો હતો. તે નગરમાં ભૃગુકચ્છ (ભરુચ) નામનું નગર હતું. તે નગરના ઉદ્યાનને અરિહંતોએ પવિત્ર કર્યું હતું. જાણે પોતાને પવિત્ર કરવા માટે હોય તેમ નર્મદા નદી ખાઇની જેમ એ નગરને વીંટળાઈને રહેલી હતી. તેમાં મેઘરથ નામનો રાજા હતો. તેનો પ્રતાપરૂપી સૂર્ય દિશાઓને પ્રકાશિત કરતો હતો. પણ[2] આશ્ચર્ય એ હતું કે તે કમળોને વિકસિત કરતો ન હતો. તેની ધર્મના કાર્યોમાં નિર્મલ ચિત્તવાળી વિમલા

---

૧. શબ્દાર્થ આ પ્રમાણે છે:-નિષધદેવરૂપી ચંદ્રે અવસરે પુત્રને કહ્યું.

૨. અહીં બીજો અર્થ પણ થઈ શકે. તે આ પ્રમાણે :- આશ્ચર્ય થાય તે રીતે લક્ષ્મીનો વિકાસ કરતો હતો.

નામની પત્ની હતી. તે બેની લક્ષ્મીદેવીની જેમ હર્ષનું પાત્ર કમલા નામની પુત્રી હતી. તે કન્યા સાત બંધુઓથી નાની હતી. યૌવનની સન્મુખ બનેલી તે અનેક યુવાનોના મનનું સંમોહન કરનારી ઔષધિ સમાન બની. જેમ કોયલ પક્ષીઓ વસંતઋતુને યાદ કરે અને હાથીઓ વિંધ્યપર્વતની ભૂમિને યાદ કરે તેમ કામને આધીન બનેલા રાજપુત્રો તેને જ યાદ કરતા હતા.

આ તરફ સોપાર નગરમાં રતિવલ્લભ નામનો રાજા હતો. તે કામદેવની જેમ કોના ચિત્તમાં વસ્યો ન હતો ? અર્થાત્ તે બધાના ચિત્તમાં વસી ગયો હતો. મેઘરથ રાજાની સાથે મૈત્રી કરવાની ઇચ્છાવાળો તે સદા મેઘરાજાને અનેક ભેટણાંઓ મોકલતો હતો. તેમના કાર્યકુશળ દૂતો સદા હાથમાં લેખો (=કાગળો) અને ભેટણાંઓ લઈને આવતા હતા અને જતા હતા, એ રીતે તે બે વચ્ચે પ્રેમ વધતો ગયો. દાનથી, પ્રશંસાનાં વચનોથી, અનુકૂલ વર્તનથી શત્રુ પણ મિત્ર બની જાય છે, તો પછી મધ્યસ્થ રહેનારની (=સમભાવમાં રહેનારની) તો વાત જ શી કરવી ? મેઘરાજાએ વિચાર્યું: આ વિનય વગેરે ગુણોથી રતિવલ્લભ રાજાની તુલ્ય શું બીજો કોઈ રાજપુત્ર છે ? અર્થાત્ નથી જેમ આ રતિવલ્લભ સર્વગુણોથી શ્રેષ્ઠ છે તેમ આ કમલા પુત્રી પણ સર્વગુણોથી શ્રેષ્ઠ છે. તેથી સર્વજનસમૂહથી પ્રશંસનીય એવો આ બેનો સંબંધ યોગ્ય છે. એકવાર મેઘરથ રાજા પરિવાર સહિત રાજસભામાં બેઠો હતો ત્યારે કમલા કન્યા ત્યાં આવીને પિતાના ખોળામાં બેઠી. કન્યાને સર્વ અલંકારોથી સુંદર જોઈને રાજા તે જ વખતે ચિત્તમાં વરને શોધવાની ચિંતાથી યુક્ત બન્યો. પછી રાજાએ મહાનમંત્રીઓને કહ્યું: જેમ રોહિણીનો વર ચંદ્ર છે તેમ કમલા માટે યોગ્ય વરની વિચારણા કરો. રતિવલ્લભને સર્વ પ્રકારે શુદ્ધ અને દૂષણથી રહિત જાણીને જેમ શાસ્ત્રજ્ઞાતાઓ શાસ્ત્રના યોગ્ય અર્થને કહે તેમ મંત્રીઓએ રતિવલ્લભ યોગ્ય છે એમ કહ્યું. આ સાંભળીને રાજાએ વિચાર્યું: તત્ત્વદૃષ્ટિવાળા મંત્રીઓએ મારા જ મનથી વિચારીને હિતકર વચન કહ્યું છે, અર્થાત્ મેં જે વિચાર્યું હતું તે જ તેમણે વિચાર્યું છે. પૃથ્વીમાં રાજાઓ પ્રાયઃ રાજસભાને શોભાવનારા હોય છે, રાજ્ય તો પરમાર્થથી મંત્રીઓને આધીન હોય છે, અર્થાત્ પરમાર્થથી રાજ્ય તો મંત્રીઓ જ ચલાવે છે, એમ હું માનું છું. રાજાઓની આંખો મંત્રીઓ જ છે એમ કહેવામાં આવે છે. ઇંદ્ર મંત્રીઓની આંખોથી જ હજાર આંખવાળો છે. રાજાઓના રાજ્યનાં સંપૂર્ણ બનેલાં સર્વ અંગોમાં એક મંત્રિબલ જ સર્વથી અધિક વિકાસ પામે છે, અર્થાત્ રાજ્યનાં સર્વ અંગોમાં મંત્રીબલ જ સર્વથી અધિક ગણાય છે. આ પ્રમાણે વિચારીને રાજાએ સ્પષ્ટ કહ્યું: હે ઉત્તમ મંત્રીઓ ! તમોએ મનથી સારું વિચારીને પથ્ય આહારની જેમ હિતકર સુંદર કહ્યું. તેથી રતિવલ્લભને કન્યા આપવા માટે સોપારનગરમાં સારા અને કુશળ દૂતને મોકલીએ. એક દિવસ કન્યા આપવા માટે શાલ નામના બુદ્ધિશાલી દૂતને ભેટણાની સાથે રતિવલ્લભ રાજાની પાસે મોકલ્યો. રતિવલ્લભ રાજાએ લક્ષ્મીની જેવી

કમલાનો સ્વીકાર કર્યો. પછી દૂતનો સત્કાર કરીને પાછો મોકલ્યો. રતિવલ્લભ રાજા મહાન વૈભવથી આવીને સારા મુહૂર્ત્તે જેમ કૃષ્ણ લક્ષ્મીને પરણે તેમ કમલાને પરણ્યો. કર-મોચનના અવસરે રાજાએ જમાઇને રત્નો, અલંકારો, મંગળવાળા હાથીઓ અને ઘોડાઓ વગેરે ઘણું આપ્યું. એક દિવસ રતિવલ્લભે પોતાના ઘરે જવા પ્રયાણ કર્યું. મેઘરથ રાજા આદરથી જમાઈની પાછળ સીમા સુધી જઇને પાછો ફર્યો. રતિવલ્લભ રાજાએ આડંબરથી પોતાના નગરમાં પ્રવેશ કર્યો. તે આ પ્રમાણે:– સ્થાને સ્થાને સ્ત્રીઓએ પ્રવેશ-નિમિત્તે ઉત્સવ કર્યો, ભાટચારણોએ ઉચ્ચારેલા જય જય એવા શબ્દો ચારે બાજુ ફેલાઈ રહ્યા હતા, ઘણું દાન અપાઈ રહ્યું હતું, ઘણી પ્રજા ભેગી થઈ હતી, વાગી રહેલાં ઘણાં વાજિંત્રોએ દિશાના અવકાશોને બહેરા કરી દીધા હતા. મૂર્તિમંત રાજ્ય-લક્ષ્મી જેવી પત્નીથી શોભતા રતિવલ્લભ રાજાએ આ પ્રમાણે પોતાના નગરમાં પ્રવેશ કર્યો. ચાલવાની પદ્ધતિથી રાજહંસીનો તિરસ્કાર કરનાર, અર્થાત્ રાજહંસીની ગતિથી પણ અધિક સુંદર ગતિવાળી, ગુણોથી ઉજ્જ્વલ, સર્વ અંગોમાં સુંદર એવી પ્રિયામાં રાજા રાજ્યલક્ષ્મીની જેમ આસક્ત બન્યો.

આ તરફ સમુદ્રની અંદર આવેલા ગિરિવર્ધન નગરમાં કીર્તિવર્ધન નામનો રાજા હતો. તે સ્ત્રીઓમાં લોલુપ હતો. એકવાર તેણે કમલાનું અતિશય રૂપ કાનોથી સાંભળ્યું. આથી જેમ માણસ ધતૂરાનો રસ પીને બેહોશ બની જાય તેમ તે કામની મૂર્છાથી બેહોશ બની ગયો. આથી તેણે યુગંધર નામના શ્રેષ્ઠ માંત્રિક મિત્રને એકાંતમાં કહ્યું: હે મિત્ર ! તારી પાસે રહેલી વશ કરવાની કળાનું ફળ શું ? જેથી તું કાર્ય કરી શકે તેમ હોવા છતાં, ઘરમાં અનંત નિધાન રહેલું હોવા છતાં ભાગ્યહીન પુરુષ જેમ દુઃખ સહન કરે તેમ હું આટલું દુઃખ સહન કરું છું. રાજાના ઇષ્ટ કાર્યને જાણીને વિવેકમાં નિપુણ મિત્રે રાજાને કહ્યું: સ્ત્રીઓ પતિવ્રતા (=સતી) અને અસતી એમ બે પ્રકારની હોય છે. જો તે મહા-સતી હશે તો તેને લાવવાની મહેનત વ્યર્થ થશે. જો તે અસતી હશે તો તમારા મનોરથરૂપી સમુદ્રમાં નાવ સમાન બનશે, અર્થાત્ તમારો મનોરથ પૂર્ણ થશે. રાજાએ કહ્યું: હે મિત્ર ! કામથી હણાયેલા મને તું પણ કેમ હણે છે ? તું એકવાર તેને અહીં લઈ આવ. બાકીની મહેનત સફલ બનશે કે નિષ્ફળ બનશે એ મારા આધીન છે. લોંયરામાં મંત્રજાપ અને હોમ વગેરે ક્રિયાઓ કરીને, જેમ પવનનો વંટોળિયો પત્રશ્રેણિને ખેંચી જાય તેમ, મિત્ર ક્ષણવારમાં સૂતેલી કમલાને ખેંચી લાવ્યો. જાગેલી આ મહાસતી મને ભસ્મસાત્ ન કરો એમ વિચારીને, જેમ પદ્મનાભની નાગણથી માણસ દૂર ભાગે તેમ તે લોંયરામાંથી બહાર નીકળી ગયો. કીર્તિવર્ધન રાજાએ માત્ર મંગલસૂચક આભૂષણવાળી પણ કમલાને જોઇને વિચાર્યું: આવી પણ (=શણગારથી રહિત હોવા છતાં) આ વિશ્વને મોહ પમાડે તેવી છે. જેમ સુગંધથી શોભતી કમલિની રાજહંસના મનોરથને પૂર્ણ કરે તેમ સવારે જાગેલી આ મારા મનોરથને પૂર્ણ કરશે. અતિશય ઉત્કંઠાથી રાજા બોલ્યો: હે ભદ્રા !

ઊંઘ નહિ, જાગ. જાગેલી તેણે યૂથથી ભ્રષ્ટ બનેલી મૃગલીની જેમ ચારે બાજુ જોયું. તે બોલવા લાગી કે, ઘર ક્યાં છે ? આ કયું સ્થાન છે ? હું ક્યાં છું. ? મારી ઊંઘ ક્યાં જતી રહી ? અથવા આ ઇંદ્રજાલ છે ? અથવા આ સ્વપ્ન છે ? મારા તે પતિ ક્યાં છે ? આ પ્રમાણે બોલતી અને વિહ્વલ થયેલી તેને રાજાએ તેના ચરણકમલોમાં નમીને કહ્યું; હે ભદ્રા ! તારી આગળ રહેલો હું કીર્તિવર્ધન નામનો તારો પતિ છું. હું તારી આજ્ઞાને આધીન છું. આથી આ મહેલ, આ સ્થાન, આ નગર અને આ સમૃદ્ધિ એ બધું તારું જાણ. ક્રોધયુક્ત મુખવાળી સતી કમલાએ તે દુષ્ટને કહ્યું: હે દુષ્ટ આત્મા ! અકીર્તિને વધારનારો તું મારી આગળ શું છે ? અર્થાત્ મારી આગળ તારું કંઈ ચાલશે નહિ. હે દુર્બુદ્ધિ ! જેમ કાગડો રાજહંસીને ભોગવવાની ઈચ્છા કરે તેમ રતિવલ્લભ રાજાની પતિવ્રતા પત્નીને ભોગવવાની ઇચ્છા કરનાર તું કોણ છે ? મને જલદી મારા ઘરે મોકલી દે, નહિ તો મારા પતિનાં બાણો તારા મસ્તકને દિક્પાલ દેવોને બલિદાન આપવા માટે કાપી નાખશે. કમલાને વચનના પ્રહારો કરીને અને લાકડીઓથી મારીને રાજાએ કહ્યું: જેમ હાથી લતાકુંજને ભાંગી નાખે તેમ હું હમણાં તારા સતીપણાને ભાંગી નાખીશ. જાણે કર્મથી ઉપત્ન થયેલા પુદ્ગલો હોય તેવી લોઢાની સાંકળોથી રાજાએ તેને સર્વ અંગોમાં બાંધી. પછી કામધેનુની જેમ તેને એકાંત સ્થાનમાં રાખી જેમ ચોરોવડે ચોરાયેલી વસ્તુ ક્યાંય ન દેખાય તેમ સવારે શય્યામાંથી ઉઠેલા રાજાએ પત્નીને ન જોઈ. વૃક્ષ ઉપરથી નીચે પડી ગયેલા વાંદરાની જેમ આમ-તેમ જોઈને રતિવલ્લભ રાજાએ પહેરેગીરોને પૂછ્યું. જાણે વિસ્મય પામ્યા હોય તેમ પહેરેગીરોએ કહ્યું: રાણી પગે ચાલીને ક્યાંય ગયા નથી. કારણ કે રાત્રિ પૂર્ણ થઈ ત્યાં સુધી અમે જાગતા હતા. અન્ય સર્વ દ્વીપોમાં અને રાજાઓના સ્થાનોમાં ક્રમશઃ ગુપ્તચર અને દૂત પુરુષોને મોકલીને પત્નીની ઘણી શોધ કરી. રાજા ક્યાંય કોઈ પણ પ્રકારનો તેનો પતો મેળવી શક્યો નહિ. જ્ઞાનથી જાણી શકાય તેવી વસ્તુઓને બાહ્યચક્ષુવાળા શી રીતે જોઈ શકે ? પછી ધર્મમાં નિપુણ રાજાએ નિર્ણય કર્યો કે ચોક્કસ વિદ્યાસિદ્ધ વગેરે કોઈ પુરુષે મારી પત્નીનું હરણ કર્યું છે. મારી પત્નીનો પત્તો મળતો નથી. તેથી આ રાજ્ય નિરર્થક છે, મારી આ સંપત્તિઓને ધિક્કાર થાઓ, આ બાહુબલને ધિક્કાર થાઓ. તેણે પટહ વગડાવીને ઘોષણા કરાવી કે, જે કોઈ મારી પત્નીના માત્ર સમાચાર જણાવશે તેને હું મારું અર્ધું રાજ્ય આપીશ. મારો આ જન્મ હાહા ! જીવતા મરેલા જેવો છે. કારણકે જેમ સુતેલા પુરુષના મસ્તક ઉપરથી મુગુટને ચોરી લે તેમ મારી પત્નીનું કોઇએ હરણ કર્યું છે. આ પ્રમાણે બાહુ-બલની નિંદા કરતો અને ગુપ્તગુસ્સાવાળો રાજા જેની શક્તિ મંત્રથી સ્તંભિત કરી દીધી છે એવા સર્પની જેમ અંતરમાં બળવા લાગ્યો.

આ તરફ પાંચમા મહિને શોકને પામેલા રાજાના નગરના ઉદ્યાનમાં સૂર્યસમાન કેવલી પધાર્યા. જેમ મેઘના આગમનથી બેડૂત હર્ષ પામે તેમ કેવલીના આગમનથી હર્ષ

પામેલા રતિવલ્લભરાજાએ કેવળી ભગવંત પાસે જઈને તેમની વૈરાગ્યકારિણી દેશના–વાણીને સાંભળી. દેશનાના અંતે રાજાએ પૂછ્યું. મારી પત્ની જીવે છે કે મરી ગઈ છે? તેથી કેવલીએ જે પ્રમાણે બન્યું હતું તે પ્રમાણે બધું કહ્યું. રાજાએ ફરી પૂછ્યું: આ કયા કર્મનું ફલ છે. હે નાથ! તે મને જીવતી પાછી મળશે કે નહિ? પછી કેવલીએ કહ્યું: હે રાજન્ વિસ્મય નામના મહાન નગરમાં દુર્જય નામનો રાજા છે. ધન્યા નામની તેની પત્ની છે. એકવાર ગુસ્સે થયેલી તે ધન્યાએ ક્ષુધા–તૃષાથી વ્યાકુલ થયેલી પોતાની દાસીને નિર્દયપણે બાંધીને ભોંયરામાં રાખી. થોડા દિવસો પછી પ્રસન્ન થયેલી તેણે તેને બંધનથી મુક્ત કરી. તે બંધનના કારણે રાણીએ અત્યંત ભયંકર કર્મ બાંધ્યું. પછી અનેક ગતિઓમાં તે કર્મનું ફલ ભોગવીને હમણાં તારી પત્ની થઇ છે. આ બંધન છેલ્લું છે. આ ભવથી પૂર્વના ભવમાં તેણે જે પંચમીનો તપ કર્યો હતો તેનાથી તે માત્ર એક મહિનામાં બંધનથી મુક્ત બનશે. તેથી તે મહાસતી સંદેહ વિના તને મળશે. કારણ કે જીવોનાં કર્મો ભોગવાયા પછી જ ક્ષય પામે છે. આ પ્રમાણે કેવલીની કતક-ચૂર્ણ સમાન દેશનાને સાંભળીને ઘણા ભવ્ય જીવો પાપરૂપી કાદવથી મુક્ત બન્યા. રતિવલ્લભ રાજા પત્નીને લાવવાની ઇચ્છાથી જેટલામાં કીર્તિવર્ધન સાથે લડાઇ કરવાની ઇચ્છા કરે છે. તેટલામાં વિહાર કરતા મહાબલ નામના તે જ કેવલજ્ઞાની ભગવંત ક્રમે કરીને ગિરિવર્ધન નગરમાં પધાર્યા. જેમ પ્રાતઃકાલના પવનથી નગોડવનસ્પતિનાં પુષ્પો ખરી પડે તેમ તે કેવલી ભગવંતના પ્રભાવથી કમલાસતીની લોઢાની સાંકળો જલદી તૂટી ગઈ.

કીર્તિવર્ધન રાજા પણ તે કેવલી ભગવંતને વંદન કરવા માટે આવ્યો. કેવલી ભગવંતે પણ તેને ધર્મના આશીર્વાદ આપ્યા, પછી તેને વિશેષથી બોધ પમાડવા માટે કમલાસતીનો જ પૂર્વભવ સંબંધી વૃત્તાંત તેની સમક્ષ કહ્યો. આ લોકમાં પણ શીલરૂપી વૃક્ષના ઉત્તમ ફલને જુઓ. કમલાસતીના શરીરે બાંધેલી સાંકળો તૂટી ગઈ છે અને તેની પૂર્વવત્ અવસ્થા થઈ ગઈ છે. આ સાંભળીને માનરહિત બનેલો અને અતિશય ભય પામેલો કીર્તિવર્ધન રાજા પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તે આ પ્રમાણે :– હા! મેં ઉભય-લોકમાં વિરુદ્ધ આ શું કર્યું? કામાસક્ત મેં કમલા મહાસતીનું જે વિરુદ્ધ ચિંતવ્યું તે તેના શીલે નિષ્ફળ કર્યું. આ પ્રમાણે વિચારીને તે ત્યાંથી ઉઠીને કમલાને જ્યાં એકાંતમાં રાખી હતી ત્યાં ગયો તેને બહાર લાવીને શરમ પામેલો તે તેના ચરણોમાં નમીને તેને ખમાવી. પછી તેણે સતીને કહ્યું: હે ભગિની! જેણે તને આ દુઃખ આપ્યું તે હું જ છું. મારું મુખ જોવા લાયક નથી. હું પાપી અને ધિઠ્ઠો છું. હું લોકમાં નિંદિત થયો છું. અકાર્ય કરવા તૈયાર થયેલા મને તેં પહેલેથી અકાર્યથી અટકાવી દીધો, તેથી ચોક્કસ તું જ મારો બંધુ છો અને તું જ મારો ધર્માચાર્ય છો. હું જાતે જ તને તારા નગરમાં લઇ જઈશ. પણ તારે રતિવલ્લભ રાજાનો ક્રોધ દૂર કરવો.

પછી અતિશય મૂલ્યવાન રત્નના ઢગલાઓથી વાહનોને ભરીને કીર્તિવર્ધન રાજા કમલાની સાથે વેગથી ચાલ્યો.

રતિવલ્લભ રાજા સૈન્યની સાથે જેટલામાં સીમાડા સુધી આવ્યો તેટલામાં ત્યાં કમલાનો પત્ર લાવનાર પુરુષ સામે મળ્યો. રોષદૃષ્ટિ અને તોષદૃષ્ટિથી મિશ્ર રતિવલ્લભ રાજાએ તત્કાલ કમલાએ લખેલો પત્ર વાંચ્યો. તે આ પ્રમાણે :– સ્વસ્તિશ્રી હૃદયમાં રહેલા શ્રી રતિવલ્લભ સ્વામીને પ્રણામ કરીને સમુદ્ર મધ્યથી કમલા પત્ની વિનંતિ કરે છે કે, હે સ્વામી! આપની કૃપાથી મારું શીલ અખંડ છે. સદાય મારા હૃદયમાં રહેલા આપનાથી હું સનાથ છું. ભક્તિથી યુક્ત કીર્તિવર્ધન નામનો બંધુ પણ આપના ચરણોનાં દર્શન કરવાની ઇચ્છાથી મારી સાથે આવી રહ્યો છે. પત્ર વાંચીને રાજાએ વિચાર્યું: અહો! કમલાના શીલનું માહાત્મ્ય! જેથી મારો શત્રુ મિત્ર બની ગયો. પછી બંને રાજાઓ સમુદ્રના કિનારે ભેગા થયા અને બંનેએ પરસ્પર ઉચિત સત્કાર કર્યો. તેથી નગરજનોએ હર્ષથી પ્રવેશનિમિત્તે દરવાજાઓની કમાનો શણગારી. કમલાસતીની સાથે બંને રાજાઓએ સોપારનગરમાં પ્રવેશ કર્યો. કીર્તિવર્ધન રાજા કેટલાક દિવસો સુધી પ્રેમથી ગૌરવપૂર્વક ત્યાં રહીને પછી પોતાના નગરમાં ગયો. રતિવલ્લભ રાજાએ કમલાસતીની સાથે ત્રિવર્ગના સારભૂત ગૃહસ્થપણાને પૂર્ણપણે સાધ્યું. ક્રમે કરીને પુત્ર રાજ્યભારની ધુરાને ધારણ કરવામાં સમર્થ થઈ જતાં તેના ઉપર સામ્રાજ્યનો ભાર નાખ્યો. પોતે બંને વિષયથી નિઃસ્પૃહ બન્યા. પછી દાન આપીને અને સંઘની પૂજા કરીને દંપતીએ શ્રીસ્યંદનસૂરિની પાસે દીક્ષા લીધી. દીક્ષાનું પાલન કરતા અને ક્રૂર કર્મસમૂહનો નાશ કરતા તે બંનેને વિશ્વને પ્રકાશિત કરનાર કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. જેમ સૂર્ય કમલોને વિકસિત કરે તેમ ક્રમે કરીને ભવ્યજીવસમૂહને બોધ પમાડીને રતિવલ્લભ કેવલી મોક્ષપદને પામ્યા. નિર્મલ કેવલજ્ઞાનથી પૃથ્વીને વાસિત કરનાર કમલા મહાસતી પણ ભૃગુકચ્છનગરમાં પુત્રાદિ પરિવાર સહિત માતા–પિતાને પ્રતિબોધ પમાડીને મોક્ષપદને પામ્યા.

કલાવતીનું દૃષ્ટાંત

હવે કલાવતીની કથા પ્રકાશિત કરવામાં આવે છે:—

આ જ જંબૂદ્વીપમાં કમલ નામનો દેશ હતો. અપારલક્ષ્મી,[૧] કદલીવન અને તલવૃક્ષોથી ઉત્તમ તે દેશે સ્વર્ગને જીતી લીધો હતો. તે નગરમાં શંખપુર નામનું નગર હતું. તારાઓમાં પ્રતિબિંબિત થયેલું અને શંખપુર વડે લક્ષ્મીથી નિશ્ચિતપણે જીતાયેલું સ્વર્ગ જાણે પુષ્પોથી શંખપુરની પૂજા કરતું હતું. તે નગરમાં પ્રજાને અનુકૂલ કરનાર શ્રીમાન શંખ નામનો રાજા હતો. પણ[૨] આશ્ચર્ય એ છે કે તે હૃદયમાં વક્રતાને ધારણ

૧. બીજા અર્થમાં **રમ્ભા** અને **તિલોત્તમા** એ બે શબ્દોનો અપ્સરા અર્થ છે.

૨. દરિયામાં થતો શંખ અંદરથી વક્ર હોય છે. પણ આ રાજા શંખ હોવા છતાં અંદરથી વક્ર ન હતો માટે આશ્ચર્ય છે.

કરતો ન હતો. યુદ્ધમાં જીતીને સ્વાધીન કરેલી, એકછત્રીય અને બીજાઓના આક્રમણથી રહિત પૃથ્વીને તે રાજા સતી સ્ત્રીની જેમ ભોગવતો હતો. પોતાની રાજસભામાં બેઠેલા તેને એકવાર ગજશેઠના દત્ત નામના પુત્રે હર્ષથી પ્રણામ કર્યા અને ભેટણું આપ્યું. રાજાએ તેને કુશળતા પૂછી. આપેલા આસન ઉપર દત્ત બેઠો. રાજાએ તેને કહ્યું: પરદેશને યોગ્ય કંઈક કૌતુક કહે. આથી દત્તે કહ્યું: હે દેવ ! હું વેપાર માટે દેવશાલ-નગર ગયો હતો. કારણકે અમારી લક્ષ્મી વેપારરૂપી સાગરમાં વધે છે. હે નાથ ! મારું કાર્ય કરીને હું ત્યાંથી પાછો આવ્યો છું. પણ તે નગરની આશ્ચર્યપરંપરાને કહેવા માટે હું સમર્થ નથી. તેથી હે દેવ ! એની (=આશ્ચર્યપરંપરાની) માત્ર વાનગીને આપ જાતે જ જુઓ એમ બોલતા દત્તે રાજાની આગળ એક ચિત્રપટ મૂક્યું. તે ચિત્રપટમાં આલેખેલી કોઈ ઉત્તમ સ્ત્રીને જોઇને 'આ દેવી છે' એમ રાજાએ માન્યું. આથી પૃથ્વીનો ઇંદ્ર તે રાજા તેને જલદી નમ્યો.

દત્તે કંઈક હસીને કહ્યું કે, હે દેવ ! આ મનુષ્ય–સ્ત્રી છે. આપે આને દેવી માની એથી એને પટ્ટદેવી (=પટ્ટરાણી) જ માનો. જેમ ગરીબ પુરુષ નિધાનને જુએ તેમ રાજાએ તે ચિત્રપટને જોયું. ચિત્રપટ જોઈને રાજાએ દત્તને કહ્યું: આવું શ્રેષ્ઠ રૂપ મનુષ્યોમાં જોવામાં આવતું નથી. દત્તે કહ્યું: હે દેવ ! આ મનુષ્યસ્ત્રી જ છે એમ જાણો. ઘુણાક્ષર ન્યાયથી જ આ આવી રૂપવતી બની છે. વિધાતાનું આ કૌશલ્ય નથી.

રાજાએ પૂછ્યું: તો આ કોણ છે ? દત્તે કહ્યું: આ દેવશાલ નગરમાં શાસન કરનાર શ્રીવિજયસેન રાજાની શ્રીમતી રાણીની કુક્ષિમાં ઉત્પન્ન થયેલી કલાવતી નામની પુત્રી છે. તે ખરેખર ! કલા, સૌભાગ્ય અને રૂપ વગેરેથી સૃષ્ટિની કસોટી છે. તેની જુવાનીરૂપી લક્ષ્મી જેમ જેમ વધવા લાગી તેમ તેમ રાજાના હૃદયમાં તેના વર માટેની ચિંતા વધવા માંડી. એક દિવસ જિનભક્તા તેણે "જે મારા ચાર પ્રશ્નોનો જવાબ આપશે તેને હું પરણીશ" એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી. તેથી તેના વરની ચિંતારૂપી સમુદ્રમાં અતિશય ડૂબેલા રાજાએ તે વખતે તેના વર માટે સ્વયંવરમંડપ કરાવ્યો. હે દેવ ! આ તરફ વેપાર કરવાની ઇચ્છાવાળો હું પોતાના નગરથી દેવશાલનગર તરફ જઈ રહ્યો હતો. વચ્ચે કોઈક સ્થળે જંગલ આવ્યું. એ જંગલમાં મેં વિજયસેન રાજાના દુષ્ટ અશ્વથી અપહરણ કરાયેલા જયસેન નામના પુત્રને મૂર્છા પામેલો જોયો. મેં તેને જીવાડ્યો. પછી તેને પાલખીમાં બેસાડીને કોઈ જાતની તકલીફ વિના તેના ઘરે પહોંચાડ્યો. તે ઉપકારથી રાજા મને સદા પુત્ર જેવો માનવા લાગ્યો. એકવાર રાજાએ મને સભા સમક્ષ કહ્યું: હે વત્સ ! તેં જે રીતે સ્વબંધુ જયસેન ઉપર ઉપકાર કર્યો તેમ બહેન કલાવતી માટે શ્રેષ્ઠ વરને શોધીને ચિંતારૂપી સમુદ્રમાંથી મારો ઉદ્ધાર કરવાને તુ યોગ્ય છે. તે વખતે એની સાથે આપનો સંગ યોગ્ય છે એમ વિચારીને પટમાં

એની આકૃતિનું આલેખન કરીને હું અહીં આવ્યો. આ માત્ર વાનગી છે. હું એનું રૂપ જેવું છે તેવું આલેખવા સમર્થ નથી.

સૂર્યની જેટલી પ્રભા છે તેટલી પ્રભા તેના પ્રતિબિંબમાં ન હોય. યોગીની જેમ ચિત્રપટને જોતા રાજાની આંખો ક્ષણવાર વિકસ્વર બની ગઈ. પછી મસ્તક ધુણાવીને રાજાએ દત્તને મધુરવાણીથી કહ્યું: મિત્ર પ્રત્યે અસાધારણ વાત્સલ્યવાળા હે દત્ત ! તેં મારા ઉપર સુંદર ઉપકાર કર્યો. પણ મારા જેવાનું તેવું ભાગ્ય કયાંથી હોય ? કે જેથી આવા પાત્રનો સંગ થાય. દત્તે આનંદ પામીને કહ્યું: હે નાથ ! નિરર્થક ખેદ ન કરો. શુભ શકુનોથી હું જાણું છું કે એ ચોક્કસ આપની પત્ની થશે. પણ હે દેવ ! આપ જલદી સરસ્વતીદેવીની આરાધના કરો કે જેથી ચાર પ્રશ્નોના ઉત્તરો જાણી શકાય. તેથી શંખરાજાએ બ્રહ્મચર્યપાલન વગેરે ઉપાયોથી સરસ્વતીદેવીને પ્રસન્ન કરી. સરસ્વતી દેવીએ પ્રગટ થઈને કહ્યું: તું કરરૂપી કમલથી પૂતળીનો સ્પર્શ કરીશ એટલે પૂતળી પણ તે જ ક્ષણે કલાવતીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપશે. લલાટે અંજલિ જોડીને રાજાએ સરસ્વતીદેવીની કૃપાનો સ્વીકાર કર્યો. સરસ્વતીદેવી તે બધું કહીને તુરત અદશ્ય થઈ ગઈ. પછી કૃતકૃત્ય થયેલો શંખરાજા જલદી દત્તની સાથે સૈન્યથી પૃથ્વીને કંપાવતો દેવશાલ નગર જવા માટે ચાલ્યો. શંખરાજાને આવતો સાંભળીને વિજયસેન રાજાએ જયસેન પુત્રને શંખરાજાની સામે મોકલ્યો. શંખરાજાને જોવાની ઇચ્છાવાળી નારીઓના નેત્રસમૂહોથી જાણે આકાશને નીલકમલમય કરતો હોય તેવા દેવશાલનગરમાં શંખરાજાએ મહાન આડંબરથી પ્રવેશ કર્યો. હવે કલાવતીને પરણવાની ઇચ્છાવાળા રાજાઓ સ્વયંવર મંડપમાં આવ્યા. શંખ પણ ઊંચી અગાશીવાળા અને ઊંચામાળવાળા મંચ ઉપર ચડ્યો.

કલાવતી સ્વયંવર મંડપમાં આવી. તે આ પ્રમાણે:– તેણે (શરીરે ધારણ કરેલા) વિચિત્ર અલંકારોથી ઇંદ્રધનુષની રચના કરી હતી. તેણે (પોતાની સાથે રહેલી) ધૂપઘટિકાઓમાંથી નીકળીને ચોતરફ ફેલાતા ધૂમાડાથી વસ્ત્રોને કાળા બનાવ્યા હતા. તે જાણે સાક્ષાત્ કલાની અધિષ્ઠાત્રી દેવી હોય તેવી હતી, રૂપથી જાણે બીજી લક્ષ્મીદેવી હોય તેવી હતી, વિધાતાએ જાણે સૌંદર્યનો બધો જ સાર તેનામાં એકઠો કર્યો હોય તેવી હતી, જેમ કમલિની ભ્રમરીઓથી વીંટળાયેલી હોય તેમ તે સખીઓથી ચારે બાજુ પરિવરેલી હતી. તેના મસ્તકે છત્ર ધારણ કરવામાં આવ્યું હતું. તેના ઉપર ચામરો વીંઝાતા હતા, અને એથી મસ્તકના કેશો નૃત્ય કરતા હતા (=પવનના કારણે હાલતા હતા). સખીઓએ તેનો હાથ પકડ્યો હતો. જાણે કામદેવના ધનુષ્યની દોરી હોય તેવી માલાને ધારણ કરતી, અને જાણે ચંદ્રની જ્યોત્સ્ના હોય તેવી કલાવતી સ્વયંવર મંડપમાં આવી. પછી પ્રશ્નોની પત્રિકા જેના હાથમાં છે એવી દાસીએ કહ્યું: હે રાજાઓ ! ચાર પ્રશ્નોના ઉત્તરો કહો. (૧) દેવ કોને કહેવાય ? (૨) ગુરુ કોને કહેવાય ? (૩) તત્ત્વ શું છે ?

(૪) સત્ત્વનું સ્વરૂપ શું છે ? જે રાજા આ ચાર પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તરો કહેશે તે કલાવતીની ઉત્તમ માળાને યોગ્ય બનશે. પછી બધા રાજાઓએ પોતપોતાની બુદ્ધિના અનુસારે ઉત્તરો આપ્યા. પણ પરમ શ્રાવિકા કલાવતીએ તે ઉત્તરો માન્ય ન કર્યા. પછી જાણે કુબેરના નિધાનની પ્રાપ્તિ થઈ હોય તેમ કલાવતીની સાથે હર્ષ પામેલા શંખરાજાએ કહ્યું: મારી આ પૂતળી પ્રશ્નોના ઉત્તરો આપશે. આમ કહીને તેણે થાંભલામાં રહેલી પૂતળીના મસ્તકે કર રૂપી કમલ મૂકયું. પૂતળીએ ઉત્તરો આપ્યા. તે આ પ્રમાણે :– (૧) વીતરાગ ઉત્તમ દેવ છે. (૨) મહાવ્રતધારી ગુરુ છે. (૩) જીવદયા તત્ત્વ જાણવું. (૪) ઇંદ્રિયોનો નિગ્રહ કરવો એ સત્ત્વ છે. આ ઉત્તરોથી હર્ષ પામેલી અને જેની મનોકામના અત્યંત પૂર્ણ થઈ છે એવી કલાવતીએ શંખરાજાના કંઠમાં વરમાળા પહેરાવી. તેથી તે વખતે અન્ય રાજાઓ શંખ ઉપર ગુસ્સે થઈ ગયા તો પણ કલાવતીના શીલના મહાપ્રભાવથી શંખનો પરાભવ વગેરે કશું કરી શકયા નહિ. સારા મુહૂર્તે બ્રાહ્મણે એક આસન ઉપર બેઠેલા તે બેના હાથોમાં વિલેપન કરીને તેમનો હસ્તમેલાપ કરાવ્યો. હાથમાં મનોહર વીંટી પહેરવાના બહાને તેમણે આપણી આ પ્રેમમુદ્રા એક સ્વરૂપ છે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી. વિજયસેન રાજાએ હસ્તિસમૂહ, અશ્વસમૂહ અને વસ્ત્રો વગેરેથી શંખરાજાનો સત્કાર કર્યો. પછી શંખરાજા કલાવતીની સાથે પોતાના નગર તરફ ચાલ્યો. હર્ષનાં આંસુઓથી ભરેલા નેત્રવાળો વિજયસેન રાજા દૂર સુધી તેમની સાથે ગયો. પછી કલાવતીને હિતશિક્ષા આપીને તે પાછો વળ્યો. વિજયસેન રાજાની આજ્ઞામાં તત્પર એવો દત્ત, બહેન કલાવતીના પ્રેમના કારણે શંખની સાથે ગયો. માર્ગમાં એક રથમાં બેસીને જતા તે બેએ રાત, દિવસ, પક્ષ અને માસ એક ક્ષણની જેમ પસાર કર્યા. ઐરાવણ હાથી ઉપર બેઠેલા ઇંદ્ર અને ઇંદ્રાણીની જેમ હાથી ઉપર બેઠેલા તે બેએ ઘણા આડંબરથી નગરમાં પ્રવેશ કર્યો. પટરાણી કલાવતીની સાથે રાજ્યસુખને અનુભવતા શંખરાજાએ રમતથી (=રમતની જેમ) ઘણો કાળ પસાર કર્યો. એક દિવસ શય્યામાં રહેલી કલાવતી રાણી સ્વપ્નમાં અમૃતથી પૂર્ણ કળશને જોઈને જાગી ગઈ. પછી તેણે પતિને સ્વપ્નની વાત કરી. હર્ષથી પ્રગટેલા રોમાંચવાળા શંખરાજાએ તે વખતે કલાવતીને કહ્યું: હે ભદ્રા ! તને રાજ્યરૂપી હાથી માટે સ્તંભસમાન ઉત્તમ પુત્ર થશે. જેમ તામ્રપર્ણી નદી મોતીને ધારણ કરે તેમ ગર્ભને ધારણ કરતી કલાવતી રાણીએ આઠ મહિના અને વીસ દિવસ પ્રસાર કર્યા.

સ્ત્રી પહેલી પ્રસૂતિ પિતાના ઘરે કરે એવો લોકવ્યવહાર હોવાથી વિજયસેન રાજાએ કલાવતીને બોલાવવા પોતાના માણસોને મોકલ્યા. જયસેન કુમારે (કલાવતીના ભાઇએ) તે માણસોની સાથે બહેનને આપવા માટે જાણે પોતાનો મૂર્ત સ્નેહ હોય તેમ વસ્ત્ર સહિત બે બાજુબંધ (=બેરખાં) મોકલ્યા. તે માણસોએ વસ્ત્ર સહિત બે બાજુબંધ પૂર્વનો પરિચિત હોવાથી દત્તને આપ્યા. દત્તે માણસોને સાથે રાખીને તે વસ્તુઓ કલા-

વતીને આપી. માતા-પિતાના કુશળતાના સમાચાર સાંભળીને આનંદથી પૂર્ણ બનેલી કલાવતીએ તેમનો હર્ષથી સત્કાર કરીને તેમને વિદાય આપી. તે વખતે બંધુસ્નેહના કારણે બાજુબંધોને હર્ષથી હાથની બાહુઓમાં પહેરીને સખીઓની સાથે બેઠી. પછી પોતાની બાહુઓમાં બાજુબંધોને જોઈને પ્રમોદથી પૂર્ણ અંતઃકરણવાળી તે કલાવતી સખીઓની સાથે હસવા લાગી. અંતઃપુરમાં આવતો રાજા હાસ્યનો અવાજ સાંભળીને "આ સ્ત્રીઓ શું બોલે છે તે સાંભળું" એમ વિચારીને ઝરુખાના આંતરામાં રહીને સાંભળવા લાગ્યો. પછી બાહુમાં બાંધેલા બાજુબધોને જોઇ જોઇને કલાવતી સખીઓને ઉદ્દેશીને જાણે પોતાના હર્ષને બહાર કાઢતી હોય તેમ વાણીની રચનાને બહાર કાઢી, અર્થાત્ કલાવતી સખીઓની આગળ બોલી. તે આ પ્રમાણે :– અહો ! દીર્ઘઆયુષ્યવાળા તેનો મારા ઉપર સ્થિર પ્રેમ છે, જેથી તેણે આ અદ્ભુત બે બાજુબંધ મને આજે મોકલ્યા. ઘણા કાળ પછી આજે મને તેના હાથે આ વસ્તુની પ્રાપ્તિ થઈ છે. પણ તે સાક્ષાત્ મળશે ત્યારે મારો જન્મ સફલ થશે સખીઓએ પણ કહ્યું: હે મહાદેવી ! જેમ વિશ્વને આનંદ આપનારા ચંદ્રને કુમુદિની પ્રત્યે ઘણો પ્રેમ હોય છે તેમ તેને તારા ઉપર ઘણો પ્રેમ છે. આ સાંભળીને રાજાનો ક્રોધ પ્રદિપ્ત બન્યો. આથી તેણે ક્રૂર વિચારણા કરી. તે આ પ્રમાણે :– કલાવતીરાણી ચોક્કસ બીજા જ કોઈક પુરુષ વિષે પ્રેમવાળી છે. ચણોઠીની જેમ માત્ર બહારથી જ રાગવાળી અને વાનરની જેમ ચપળ આંખોવાળી આ સ્ત્રીઓને ધિક્કાર છે કે જેમનામાં પુરુષ આસક્ત થાય છે. તેથી કવચની જેમ માત્ર શરીરમાં જ આસક્ત રહેનારી અને મહાદુઃખ આપનારી આનો ત્યાગ કરીશ. આ પ્રમાણે મનમાં વિચારીને રાજા પાછો વળીને જતો રહ્યો. જાણે (ભવિષ્યમાં થનારા) કલાવતીના ત્યાગને જાણીને એ ત્યાગને જોવા અસમર્થ હોય તેમ સૂર્ય રાજાના વિવેકની સાથે અસ્ત પામ્યો. તેથી રાજાની કષ્ટથી પૂર્ણ કરી શકાય તેવી આશાની જેમ અંધકાર ફેલાયો.

રાજાએ ગુપ્તપણે બે ચાંડાલણીઓને આજ્ઞા કરી કે, રાણીને જંગલમાં મૂકીને બાજુબંધ સહિત બે હાથને કાપીને લઈ લેવા, આ અંગે બીજો કોઈ વિચાર કરવો નહિ. બંને રીતે (=દ્રવ્ય અને ભાવ એમ બંને રીતે) કરુણાથી રહિત રાજાએ શય્યાપાલકને આજ્ઞા કરી કે, કોઇને ખબર ન પડે તે રીતે રાણીને લઈ જઇને જંગલમાં કયાંક મૂકી દો. શય્યાપાલક એકલી રાણીને સંભ્રમપૂર્વક રથમાં બેસાડીને કોઈ મોટા જંગલમાં લઇ ગયો. પછી તે શોકપૂર્વક કલાવતીની સામે ઊભો રહ્યો અને ગદ્ગદ વાણીથી બોલ્યોઃ હે દેવી ! રાજાએ કોઇક દોષથી આપને વનમાં મૂકી દેવાની મને આજ્ઞા કરી છે. તેની વાણીને સાંભળીને કલાવતી મૂર્છા પામી. પછી વનના પવનથી કોઈ પણ રીતે તે ચૈતન્યને પામી. જેમ છેદાયેલા વૃક્ષ ઉપરથી લતા પૃથ્વી ઉપર પડે તેમ તે રથ ઉપરથી પૃથ્વી

ઉપર પડી. તે પિતાને અને ભાઈને વારંવાર યાદ કરવા લાગી. જાણે મૂર્છના[1] કરતી હોય તેમ ઊંચા સ્વરે મુક્તકંઠે રુદન કરવા લાગી. કરુણાથી રહિત હોવા છતાં પોતાની નિંદા કરતો અને રડતી કલાવતીની સાથે રડતો શય્યાપાલક પ્રભાતે કલાવતીને છોડીને પોતાના નગર તરફ જવા તૈયાર થયો. કલાવતીએ તેને કહ્યું: હે ભદ્ર ! શંખરાજાને મારો સંદેશો આ પ્રમાણે કહેજે. દાસી એવી મારા વિષે જે આચરણ કર્યું તે શું આપના કુળને ઉચિત છે ? આપને મારા વિષે જો કોઈ શંકા હતી તો મારી પાસે દિવ્યો વગેરે કરાવવા હતા. મારું જે થવાનું હોય તે થાઓ, પણ તમારું કલ્યાણ થાઓ. આંસુઓથી ભરેલાં નેત્રોવાળો શય્યાપાલક રાણીને આશ્વાસન આપી રહ્યો હતો તેટલામાં જાણે મૂર્ત (=રૂપી) દ્વેષ હોય તેવી બે ચાંડાલણીઓ ત્યાં આવી. આહ ! હે પાપિણી ! પોતાના પતિને છેતરવાનું આ ફલ ભોગવ. એમ કહીને તે ચાંડાલણીઓએ કલાવતીના બાજુબંધ સહિત બે હાથ કાપ્યા. પછી તે બંને ત્યાંથી જતી રહી. પછી બે દુઃખથી (=પતિ-વિયોગ અને કરછેદ એ બે દુઃખથી) દુઃખી થયેલી કલાવતીએ ઠપકો આપવાપૂર્વક શંખને કહ્યું: હે નાથ ! પાકી ગયેલા ચિભડાની જેમ ફાટી જતા મારા હૃદયનું રક્ષણ કરો. તે વખતે આકુલ થયેલી કલાવતી નદીના કિનારે વૃક્ષોની ઓડીમાં ગઇ. ત્યાં તેણે તેવા દુઃખમાં પણ સુખનો હેતુ એવા પુત્રને જન્મ આપ્યો. તે બોલી: હે વત્સ ! તું પોતાનાથી જ સુખી થા, ઘણા દીર્ઘાયુવાળો થા, કારણ કે ભાગ્યે મને તારું પોષણ કરવામાં અસમર્થ બનાવી છે. હા ! ગરીબ કુટુંબમાં પણ પુત્રનો જન્મ થતાં ઉત્સવો થાય છે. હું રાજપત્ની હોવા છતાં મને ઉત્સવના લેશનો પણ સંશય છે. આ તરફ તે વખતે જંગલની નદીનું મોટું પૂર જેમ કીડાને તાણી જાય તેમ બાળકને તાણી જવા લાગ્યું પતિવ્રતા કલાવતી પરમેષ્ઠિનમસ્કાર મંત્રનું સ્મરણ કરીને બોલી : જિનશાસનને જીવાડનારી હે શાસનદેવી માતા ! જો મેં મન-વચન-કાયાની શુદ્ધિથી શીલને નિર્મલ પાળ્યું હોય તો બાળકના પાલનનો ઉપાય અને જલશાંતિ થાઓ. તેથી શીલના પ્રભાવથી ફરી નવા હાથ થઈ ગયા, નદીનું પાણી શાંત થયું, અને આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ જેમ હનુમાન સમુદ્રને તરીને આશ્ચર્ય પામ્યા તેમ કલાવતી ત્યાં જાતે શીલની લીલાને જોઈ આશ્ચર્ય પામી.

આ દરમિયાન કોઈ તાપસે ત્યાં આવીને કલાવતીને કહ્યું: હે વત્સા ! પુત્રને જન્મ આપનારી તારે અહીં રહેવું યોગ્ય નથી. તેથી જ્યાં જીવસમૂહને કોઈનાથી ભય નથી તેવા આશ્રમમાં આવ. આમ કહીને તાપસ તેને કુલપતિ પાસે લઈ ગયો. પિતા સ્વરૂપ કુલપતિએ તેને ગદ્‌ગદવાણીથી વૃત્તાંત પૂછ્યો. કૃશ ઉદરવાળી તેણે શરમપૂર્વક ધીમે રહીને પોતાનો વૃત્તાંત કહ્યો. કુલપતિએ કહ્યું: હે ભદ્રા ! નિરર્થક ખેદ ન કર. લક્ષણોથી હું જાણું છું કે ચોક્કસ તું ફરી કલ્યાણને પામીશ. આ પ્રમાણે કુલપતિથી આશ્વાસન

૧. ગાયનમાં સ્વરોની ચઢ-ઉતરને મૂર્છના કહેવામાં આવે છે.

પમાડાયેલી કલાવતી હર્ષ પામી. પછી પુત્ર સહિત તે ત્યાં તાપસીઓની સાથે પિતાના ઘરની જેમ સુખપૂર્વક રહી. આ તરફ ચાંડાલણીઓએ કલાવતીના છેદવાથી દુર્દશાવાળા થયેલા કોણીથી માંડીને કાંડા સુધીના બે હાથોને બાજુબંધ સહિત શંખરાજાને બતાવ્યા. બાજુબંધમાં જયસેનનું નામ જોઈને વ્યાકુળ બની ગયેલા અને નિસ્તેજ મુખકાંતિવાળા રાજાએ દત્તને બોલાવીને પૂછ્યું: શું આજ કાલ દેવશાલનગરથી અહીં કોઈ આવ્યું હતું? દત્તે કહ્યું: હે દેવ! વિજયસેન રાજાના માણસો જ અહીં આવ્યા હતા. તે માણસોની સાથે રાણી માટે જયસેન કુમારે અદ્ભુત બે બાજુબંધ મોકલ્યા હતા. મેં તે બે બાજુબંધ રાણીને આપી દીધા છે. આ પ્રમાણે સાંભળીને દુઃખના કારણે રાજાનું શરીર દુઃખથી ઘેરાઈ ગયું. આથી જેમ વજ્રથી હણાયેલ હિમાલય પર્વત પૃથ્વી ઉપર પડે તેમ તે સિંહાસન ઉપરથી પૃથ્વી ઉપર પડ્યો. ચંદન વગેરે ઉપચારો દ્વારા મહાકષ્ટથી ચૈતન્યને પામીને તે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. છાતીને કૂટતો તે આ પ્રમાણે બોલ્યો:- અહો! હું કેવો મૂઢપણે આચરણ કરનારો છું! અહો! હું કેવો મંદભાગ્યવાળો છું! અહો! હું વિચારહીન છું! અહો! હું કેવો નિર્લજ્જ છું! અહો! હું કેવો વિદ્વાનોમાં અયોગ્ય છું! અહો! હું કેવો દુષ્કાર્ય કરનારો છું.! અહો! હું કેવો નહિ જોવા લાયક મુખવાળો છું! અહો! હું કેવો અકુલીન છું! આ પ્રમાણે વિલાપ કરતા તેને મંત્રીઓએ પૂછ્યું: આ શું છે? લજ્જા અને પશ્ચાત્તાપપૂર્વક પોકાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું: હું ક્યાં જાઉં? હું શું કહું? હું ક્યાં પેસી જાઉં? હું શું કરું? હાય! મેં જાતે જ આ આત્માને કષ્ટમાં પાડ્યો છે. હા! કુલાચારનો આદર કર્યા વિના, પોતાને ઉચિત શું છે? એનો વિચાર કર્યા વિના અને ધર્મનો નાશ થશે એનો પણ વિચાર કર્યા વિના દુષ્ટાત્મા મેં આ શું કર્યું? જેમ ચંદ્રની ચાંદનીમાં કલંક અને દૂધમાં પોરા અસંભવિત છે તેમ તેનામાં દોષ અસંભવિત હોવા છતાં મેં કેમ તેનામાં દોષ વિચાર્યો? હા! મેં ગર્ભવતી પત્નીને નિર્જન જંગલમાં કેમ મોકલી? તથા તે પિતાના ઘરે મોકલવાને યોગ્ય હોવા છતાં મેં તેને પિતાના ઘરે ન મોકલી. તેથી હું મારું મોઢું કોને બતાવું? તથા હવે પ્રાણોને ધારણ કરતો હું પોતાનાથી પણ લજ્જા પામું છું. તેથી કાષ્ઠસમૂહથી એકઠી કરાયેલી ચિતાને તૈયાર કરો કે જેથી હું નારીની હત્યાથી મલિન બનેલા મારા દેહને તેમાં બાળી નાખું. આ પ્રમાણે રાજાની આગ્રહવાળી વાણી સાંભળીને શોકવાળા નગરશેઠ વગેરે નગરજનો અને મુખ્ય મંત્રીઓએ રાજાને આ પ્રમાણે કહ્યું:- હે નાથ! એક તો પોતાના કોઈક કર્મથી રાણી મૃત્યુ પામી અને હવે આપ પોતાના મૃત્યુથી પ્રજાનો નાશ કરવાને માટે કેમ ઇચ્છો છો? વળી બીજું- હે સ્વામી! જો હમણાં આપનો બળી મરવાનો આગ્રહ જાગ્રત થશે તો, એટલે કે આપ બળી મરશો તો, જેમ છિદ્રવાળા વૈડૂર્યમણિમાં ગુણો (=દોરાઓ) પ્રવેશ કરે તેમ આપના રાજ્યમાં શત્રુઓના ગુણો (=લાભો) પ્રવેશ કરશે. તેથી હે વિવેકી! નિરર્થક આ મૃત્યુની

વાતને પણ આપ છોડી દો. અગ્નિમાં શરીરને પતંગિયાઓ હોમી દે, નહિ કે સુભટો. ઇત્યાદિ નગરજનોના અને પ્રધાનોના યુક્તિયુક્ત પણ વચનોની અવગણના કરીને રાજા મરવા માટે વેગથી જંગલ તરફ ચાલ્યો.

સમયના જાણકાર અને (એથી જ) કાલક્ષેપ કરવાની ઇચ્છાવાળા ગજશેઠે મધુરવાણીથી શ્રી શંખરાજાને કહ્યું: હે દેવ! જો આપને દેવી મેળવવાની ઇચ્છા હોય તો પુણ્યની વૃદ્ધિ કરો. કારણ કે પુણ્યવૃદ્ધિથી જ પૂર્વે ઉપાર્જન કરેલી મહાન આપત્તિઓ નાશ પામે છે. તેથી અહીં જ ઉદ્યાનમાં શ્રી જિનેશ્વરનું મંદિર છે. તેમાં અચિંત્ય ફલવાળી મૂર્તિની જલદી પૂજા કરવી એ આપના માટે યોગ્ય છે. વળી અહીં ઉદ્યાનમાં અમિતતેજ નામના મહામુનિ રહેલા છે. હમણાં કલ્યાણની ઇચ્છાથી તેમની પણ સેવા કરવી યોગ્ય છે. ગજશેઠના તે સમયને યોગ્ય વચનને સાંભળીને શંખરાજાએ જિનપૂજા કરી. પછી સાધુને વંદન કરીને તેમની સામે બેઠો. વિશિષ્ટજ્ઞાની અને (એથી જ) તેના ભાવને જાણનારા મહામુનિએ મધુરવાણીથી ભવનાશિની દેશના આપી. તે આ પ્રમાણે:— પૂર્વકર્મની પરાધીનતાથી પ્રેરાયેલા અને ભ્રાંતિને ધારણ કરનારા જીવો સંસારરૂપી જંગલમાં ભ્રાન્તિને પામેલા હરણોની જેમ વ્યર્થ ભમે છે. સંસારમાં જીવો અહીં સુખ છે અહીં સુખ છે એવા ભ્રાન્તિથી પગલે પગલે દુઃખના સંબંધવાળા થાય છે, અને પવનથી ઉડાડાયેલા પલાશવૃક્ષના પાંદડાની જેમ ક્લેશ પામે છે. બોધની વાત છે કે જેમ વિષયસુખનો અભિલાષી જીવ કલ્પવૃક્ષને સેવે છે, તેમ અંતઃકરણથી ઉદ્વિગ્ન બનેલો સંસારી જીવ આ લોકમાં અને પરલોકમાં સુખ આપનાર જિનાજ્ઞાને સેવતો નથી. તેથી હે નૃપ! દુર્લભ આ મનુષ્ય જન્મને પામીને નિરર્થક મૃત્યુ ન પામ. ચોક્કસ તું થોડા જ કાળમાં કલ્યાણનું ભાજન થઈશ. આ પ્રમાણે મહામુનિની વાણી સાંભળીને રાજા જલદી હર્ષ પામ્યો અને તે રાત્રિએ ત્યાં જ વિશ્રામ કર્યો. રાત્રિના અંતે રાજાએ સ્વપ્ન જોયું. સવારે તે સ્વપ્ન ગુરુની આગળ કહ્યું. તે આ પ્રમાણે:— કાચા એક ફળવાળી વેલડી કલ્પવૃક્ષ ઉપરથી નીચે પડી. પૂર્ણ ફળવાળી તે વેલડી ફરી તત્કાલ તે વૃક્ષ ઉપર આરૂઢ થઈ. ગુરુએ કહ્યું: હે નૃપ! તમે કલ્પવૃક્ષ છો, તમારી પ્રિયા વેલડી છે. તમારી પ્રિયાએ પુત્રને જન્મ આપ્યો છે. તે ફરી તમારી પાસે આવશે. આથી ખુશ થયેલો ઉત્તમ રાજા જલદી નગરમાં આવ્યો.

પછી રાજાએ પાયદળ અને અશ્વોથી સહિત દત્તને રાણીને શોધવાની આજ્ઞા કરી. ચારે બાજુ નજર કરીને એકવૃક્ષથી બીજા વૃક્ષ તરફ અને એકવનથી બીજા વનમાં ભમતા દત્તે જેમ સમુદ્રમાં દ્વીપને જુએ તેમ દૂરથી એક તાપસને જોયો. જલદી તેની પાસે જઈને દત્તે પૂછ્યું: હે ભગવંત! આપે દુઃખી થયેલી એકલી કોઈ સ્ત્રીને આ વનમાં ક્યાંય જોઈ? તાપસે સામો પ્રશ્ન કર્યો: હે ભદ્ર! એ સ્ત્રીનું તમારે શું કામ છે

તે કહો. દત્ત બોલ્યોઃ અગ્નિમાં પ્રવેશ કરતા રાજાના પ્રાણની રક્ષા કરવા માટે અમારે એ સ્ત્રીનું કામ છે. રાજાની સહાયથી આશ્રમનું રક્ષણ થાય છે એમ માનીને દત્તને પુત્રસહિત કલાવતી બતાવી. દૂરથી દત્તને જોઈને કલાવતીનો શોક પ્રગટ થયો. આથી તે રડી પડી. એ રુદનના પર્વતોમાં પડઘા પડ્યા. પૃથ્વી અને આકાશના અવકાશો (=ખાલી જગ્યાઓ) એ પડઘાઓથી ભરાઇ ગયા. દત્તે કલાવતીને કહ્યુંઃ હે બહેન! રડ નહિ, પૂર્વભવમાં ઉપાર્જેલા આ કર્મફલને ભોગવ્યા વિના જિનેશ્વરો પણ મુક્ત થતા નથી. તેથી હે વિવેકવતી! ધીરતાને ધારણ કરીને રથ ઉપર આરૂઢ થા, અને તારા પોતાના દર્શનરૂપી અમૃતદૃષ્ટિથી રાજાને જલદી આશ્વાસન આપ. પશ્ચાત્તાપને પામેલો રાજા જલદી અગ્નિમાં પ્રવેશ કરી રહ્યો હતો. પણ તારા સમાગમની આશાથી આજનો દિવસ તેને કષ્ટથી રોકી રાખેલો છે. તેથી કુલીન કલાવતી પતિ પ્રત્યે કરુણાથી માન મૂકીને જવા તૈયાર થઇ. જલદી કુલપતિને નમીને કલાવતીએ કુલપતિ પાસેથી વિદાયની રજા માગી, તેથી હિતકાંક્ષી કુલપતિએ તેને આશીર્વાદ આપીને મોકલી, પુત્ર સહિત કલાવતી દત્તની સાથે ચાલી. કલાવતી નગરની નજીક આવી ગઇ છે એમ સાંભળીને રાજા તેની સામે ગયો. કલાવતી મળી એટલે આંસુથી યુક્ત નેત્રવાળા રાજાએ મુખ નીચું કરીને કલાવતીને કહ્યુંઃ હે ભદ્રા! તે વખતે મેં નિર્દોષ પણ તમને વનમાં મોકલીને જે વિડંબના પમાડી તે મારા અપરાધની હે દેવી! તમે ક્ષમા કરો. અતિશય પ્રીતિવાળા રાજાએ આ પ્રમાણે કલાવતીનું સન્માન કરીને આદરપૂર્વક મહોત્સવથી તેનો નગરપ્રવેશ કરાવ્યો. નગરની અને અંતઃપુરની સ્ત્રીઓથી પરિવરેલી કલાવતીએ [1]જયંત સહિત ઇંદ્રાણીની જેમ પોતાના પુત્ર સહિત અંતઃપુરમાં પ્રવેશ કર્યો. પછી રાજાએ બારમા દિવસે પોતાના પુત્રનું સ્વપ્નના[2] અનુસારે 'પૂર્ણકલશ' એવું નામ રખાવ્યું.

એકવાર કલાવતીએ એકાંતમાં રાજાને પૂછ્યુંઃ હે સ્વામી! મારા કયા દોષથી તમે મને તે દંડ કરાવ્યો? રાજાએ લજ્જાપૂર્વક કહ્યુંઃ હે ભદ્રા! એકમના ચંદ્રની જ્યોત્સ્નાની જેમ તારામાં સર્વથા અવશ્ય કોઇ દોષ નથી. પણ તારા પૂર્વભવે ઉપાર્જન કરેલા કર્મદોષના કારણે મેં તે કાર્ય કર્યું કે જે કાર્ય ચંડાળો પણ ન કરે! હે પ્રિયા! તેનું મૂલ કારણ તો તેં જયસેનનું નામ લીધા વિના જ બે બાજુબંધની જે પ્રશંસા કરી તે છે. પૂર્વભવનું તારું જે કર્મ છે તે કર્મને પણ હમણાં નગરના ઉદ્યાનમાં રહેલા અમિતતેજ નામના મુનિને પૂછીને જાણી લઇશું. તેથી મુનિને વંદન કરવાની ઇચ્છાથી કલાવતીની સાથે પરિવારસહિત રાજા નંદન ઉદ્યાનમાં ગયો. ઉદ્યાનમાં જિનમૂર્તિ પ્રત્યે સદ્ભક્તિપૂર્વક જિનેશ્વરની પૂજા કરી. પછી તે બંને મુનિને

---

૧. જયંત ઇંદ્રાણીના પુત્રનું નામ છે.

૨. કલાવતીએ સ્વપ્નમાં અમૃતથી પૂર્ણ કળશ જોયો હતો.

વંદન કરીને મુનિની આગળ બેઠા. દેશના પૂર્ણ થયા પછી રાજાએ અંજલિ જોડીને મુનિને પૂછ્યું: હે ભગવંત! કલાવતીએ પૂર્વભવે એવું કયું કર્મ કર્યું કે જેથી તે નિર્દોષ હોવા છતાં મેં તેના બે હાથ કપાવ્યા. જ્ઞાનરૂપી ચક્ષુથી જાણીને મુનિએ કહેવાનું શરૂ કર્યું. તે આ પ્રમાણે:—

મહાવિદેહક્ષેત્રમાં મહેન્દ્ર નામનું નગર હતું. તેમાં સુંદર પરાક્રમવાળો નરવિક્રમ નામનો રાજા હતો. લીલાવતી નામની તેની પત્નીએ સુલોચના નામની પુત્રીને જન્મ આપ્યો. તે કન્યા બાલ્યકાળથી જ ધર્મરસિક અને કૌતુકપ્રિય હતી. તે માતા-પિતાના અતિશય પ્રેમનું પાત્ર હતી અને કલાસમૂહનું મંદિર હતી. ક્રમે કરીને તે બાલ્યાવસ્થા અને યુવાવસ્થા એ બે અવસ્થાની સંધિરૂપ ઉત્તમ વયને પામી. એકવાર તે પિતાના ખોળામાં બેઠી હતી ત્યારે કોઇએ મનોહર ઉત્તમ પોપટ ભેટ આપ્યો. પછી કુતૂહલી રાજાએ પોપટને હાથમાં લઇને બોલાવ્યો. પોપટ જમણો હાથ ઊંચો કરીને આશીષવચનો બોલ્યો. તે આ પ્રમાણે :- હે નૃપ સ્ફુરાયમાન થતા શત્રુરૂપી અંધકાર પક્ષનો નાશ કરનાર, રાજારૂપી ચંદ્રના તેજની વૃદ્ધિ કરનાર અને વિશ્વને પ્રકાશિત કરનાર આપનો પ્રતાપરૂપી સૂર્ય શોભા પામો. ખુશ થયેલા રાજાએ ઉત્તમ પોપટ લાવનારને પોતાના શરીરના અલંકારો આપી દીધા. પછી તેણે ઉત્તમ તે પોપટ પોતાની પુત્રીને પ્રેમથી આપ્યો. જેમ દરિદ્રી માણસની પુત્રી મોદકને મેળવે તેમ ખંજનપક્ષીના જેવા નેત્રોવાળી સુલોચનાએ તે ઉત્તમ પોપટને મેળવીને ઘરે જઇને તે પોપટને સોનાના પાંજરામાં પૂર્યો. સાકરના ટુકડા, ચોખા અને દાડમનાં ફલોના ભોજનથી અને દ્રાક્ષ વગેરેના પાણીથી હર્ષપૂર્વક તેનું પોષણ કરતી હતી. સુલોચના તેને કયારેક હાથમાં રાખીને, કયારેક છાતીએ રાખીને, કયારેક ખોળામાં રાખીને અને કયારેક પાંજરામાં રાખીને તેની પાસે બોલાવતી હતી અને એ રીતે તેને ગમ્મત કરાવતી હતી. જેમ યોગી માનસિક એકાગ્રતાને ન મૂકે તેમ સુલોચના તેને ભોજનમાં, શયનમાં, રાજસભામાં, વાહનમાં, વનમાં કે ઘરમાં મૂકતી ન હતી, અર્થાત્ તેને બધા જ સ્થળે પોતાની સાથે રાખતી હતી. વસંતઋતુમાં એકવાર સુલોચના અનેક સખીઓની સાથે પાંજરામાં રહેલા પોપટને લઇને પોપટના જેવા રંગવાળા ઉદ્યાનમાં ગઇ. ત્યાં શ્રી સીમંધરસ્વામીને વંદન કરવા માટે તેણે જિનમંદિરમાં પ્રવેશ કર્યો. પોપટે પણ શ્રીવીતરાગને જોઇને મનમાં વિચાર્યું: મેં આ પૂર્વે કયાંક જોયું છે, આવું બિંબ મેં પૂર્વે કયાંક જોયું છે. આ પ્રમાણે ઘણા કાળ સુધી અનેક તર્ક-વિતર્ક કરતા તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી તેણે વિચાર્યું કે, પૂર્વભવમાં હું સુગતિની પ્રાપ્તિનું જામીન (=સાક્ષી) એવું ચારિત્ર પામ્યો હતો. ચારિત્ર પામ્યા પછી ક્ષયોપશમથી સર્વશાસ્ત્રો ભણ્યો, પણ ભણવામાં જ બુદ્ધિવાળા મેં ચારિત્રની ક્રિયાઓ સર્વથા ન કરી. વસ્ત્ર, પુસ્તક અને પાત્ર વગેરેમાં હું મૂર્છા કરતો હતો અને એથી

તત્ત્વને જાણનારી મારી બુદ્ધિ આનંદિત થતી હતી. જ્ઞાન દ્વારા પરોપકાર કરવા છતાં હું જ્ઞાનને નિરર્થક હારી ગયો. વ્રતને વિરાધીને અંતસમયે નિરર્થક વ્રતની શુદ્ધિ ન કરી. મરણ પામીને આ જંગલમાં હું ઉત્તમ પોપટ થયો. નજીકના કાળમાં જ (=પૂર્વ-ભવમાં) ભણેલા શાસ્ત્રજ્ઞાનના બળથી હું તિર્યંચના ભવમાં પણ ભણનારો અને વાણીમાં કુશળ થયો. તેથી હાથમાં જ્ઞાનરૂપી દીપક પ્રાપ્ત થવા છતાં પુણ્યરહિત હું ચારિત્રમાર્ગની વિરાધના કરીને તિર્યંચગતિમાં જન્મરૂપ સમુદ્રમાં શા માટે ડૂબી ગયો ? હવે પછી હું સદા આ નાથને વંદન કરીને જ ભોજન લઇશ એવો આ નિયમ મારે આ ભવમાં પણ હો. સુલોચના પણ તીર્થંકરને ભક્તિથી નમીને અને પૂજીને પાંજરાસહિત પોપટને લઇને પોતાના મહેલમાં આવી. એકવાર (=ભોજન સમયે) રાજકન્યા સુલોચના પોપટને હાથમાં લઈને જેટલામાં જમવા બેઠી તેટલામાં પોપટ પોતાના નિયમને યાદ કરીને 'નમો અરિહંતાણં' એમ બોલીને આકાશમાર્ગે ઉડી ગયો અને તીર્થંકરને વંદન કરવા મંદિરમાં ગયો. મન-વચન-કાયાની શુદ્ધિથી પોતાની ઇચ્છા પ્રમાણે શ્રી સીમંધર ભગવાનને વંદન કર્યું. પછી ખુશ થયેલો તે ફળોનો આહાર કરીને ઉદ્યાનમાં ફરવા લાગ્યો. આ તરફ રાજપુત્રી પોપટના વિયોગથી આક્રંદન કરવા લાગી. આથી સુભટો પોપટને પકડવા માટે ગરુડ પક્ષીની જેમ દોડ્યા. વૃક્ષની ડાળી ઉપર ગુપ્તપણે બેઠેલા તેને જલ્દી પાશથી બાંધીને સુભટો કન્યાની પાસે લઈ ગયા. રાજપુત્રીએ તેને હાથમાં લઇને પ્રેમવાળા અવ્યક્તવચનોથી કહ્યું: માતા-તુલ્ય મને છોડીને તું જતો રહ્યો એથી હું તારા ઉપર વિશ્વાસ કરતી નથી. આ પ્રમાણે કહીને રાજપુત્રીએ તે ઉડી ન શકે એ માટે ક્રોધથી તેની પાંખો જલ્દી કાપી નાખી. જેમ દુષ્ટ આચરણથી ઉપાર્જન કરેલાં કર્મો જીવને અપાર સંસારરૂપી સાગરમાં રાખે છે તેમ રાજપુત્રીએ તેને પાંજરામાં પૂરી દીધો. પોપટ પણ વિચારવા લાગ્યો કે, પરાધીનતાના દુઃખને ધિક્કાર થાઓ ! હા ! તે વખતે મૂર્ખ મેં સ્વાધીન પણ સંયમની ક્રિયા ન કરી. તેથી હે જીવ ! હમણાં ગાઢ વેદનાને સહન કર. પાપકર્મના ઉદયવાળા તને જિનમુખને જોવાનો અવસર ક્યાં મળવાનો છે ? આ પ્રમાણે ચિંતાના સંતાપમાં ડૂબેલો, હારી ગયેલાઓમાં અગ્રેસર અને વિરાગી તેણે જાણે કર્મના અણુઓને મૂકતો હોય તેમ આંસુઓને મૂક્યા. પછી તે અનશનથી કેટલાક દિવસે મરીને સૌધર્મદેવલોકમાં અતિશય અને અનુપમ વિલાસવાળો દેવ થયો. સુલોચના પણ પોપટના (વિયોગના) દુઃખથી અનશનપૂર્વક મૃત્યુ પામીને સૌધર્મદેવલોકમાં તેની પ્રિયા થઈ. તે બંને સુખો ભોગ-વવા લાગ્યા. હે નૃપ ! ત્યાંથી ચ્યવેલો પોપટનો જીવ તું શંખ નામનો રાજા થયો છે, અને સુલોચનાનો જીવ આ કલાવતી થયો છે. પૂર્વભવમાં કલાવતીએ પોપટ બનેલા તારી જે પાંખો છેદી તે કર્મના વિપાકથી તેં એના બે હાથ કપાવ્યા. સર્વપ્રકારના શુભ કે અશુભ કર્મનું ફલ અવશ્ય દશ પ્રકારે કે ઘણા પ્રકારે (=દશગણું કે અનેકગણું) થાય છે. આ સાંભળવાથી જાતિસ્મરણને પામીને તે બંને સંયમનો સ્વીકાર કરવા તૈયાર

થયા. સાધુને વંદન કરીને બંને ઘરે ગયા. પૂર્ણકળશ નામના પોતાના પુત્રને રાજ્ય ઉપર બેસાડીને તે બંનેએ અમિતતેજ ગુરુની પાસે દીક્ષા લીધી. ઘણા કાળ સુધી ચારિત્રને પાળીને તે બંને સારા (=વૈમાનિક) સ્વર્ગને પામ્યા. ત્યાંથી ચ્યવેલા તે બંને અશુભ કર્મના અણુઓનો (સર્વથા) ક્ષય કરશે, પછી ક્રમે કરીને મોક્ષને પામશે. [૫૫]

કેટલીક મહાસતીઓ ગૃહવાસમાં રહેતી હોવા છતાં તેમનો શીલપ્રભાવ મહર્ષિઓને પણ સ્તુતિ કરવા લાયક બને છે એમ જણાવે છેઃ—

सीलवइनंदयंती–मणोरमारोहिणी पमुक्खाणं
रिसिणोवि सया कालं, महासईणं थुणंति गुणे ॥५६॥

ગાથાર્થ :– શીલવતી, નંદયંતી, મનોરમા અને રોહિણી આદિ મહાસતીઓ જય પામો. જન્મથી બ્રહ્મચારી મહર્ષિઓ પણ તે મહાસતીઓના ગુણોની સદાકાલ પ્રશંસા કરે છે.

ટીકાર્થ :– અહીં 'આદિ' શબ્દથી જેમનો પ્રભાવ લોકમાં વ્યક્ત (=પ્રસિદ્ધ) નથી તેવી લક્ષ્યમાં લેવા લાયક પતિવ્રતા સ્ત્રીઓ ઘણી છે એમ જણાવ્યું છે. આ ગાથાનો ભાવાર્થ દૃષ્ટાંતોથી જાણવો. તેમાં પહેલાં શીલવતીનું દૃષ્ટાંત વિસ્તારવામાં આવે છે. તે આ પ્રમાણે છે :–

શીલવતીનું દૃષ્ટાંત

જંબૂદ્વીપ નામના દ્વીપરૂપી મુગુટમણિને શોભાવનાર નંદનવન નામનું ઉત્તમ નગર હતું. તેમાં રહેલી હવેલીઓના ઉપરના ભાગમાં ઉછળતો કાંતિસમૂહ જાણે કે આકાશમાં રહેલા ચંદ્ર ઉપર હસી રહ્યો છે અને એથી ચંદ્ર ક્ષીણ થતો જાય છે. તેમાં અરિમર્દન નામનો રાજા હતો. તે રાજાનો ઘણી અને ઉત્તમ કાંતિને ધારણ કરતો યશરૂપી ચંદ્રનો ઉદય વિશ્વરૂપી મંડપમાં શોભી રહ્યો હતો. તે નગરમાં રાજાને માન્ય અને સદાચારી રત્નાકર નામનો શેઠ હતો. તે શેઠની દોષરહિત ગુણોના ઉદયવાળી શ્રી નામની પત્ની હતી. ભવિષ્યમાં સુખનું કારણ એવા શ્રાવકધર્મનું નિરાબાધપણે પાલન કરતો તે ઘણો સમય થવા છતાં પુત્રના વિસ્તારને પામ્યો નહિ. પુત્રના અભાવને કારણે મહાદુઃખથી દુઃખી થયેલી અને શિષ્ટાચારનું પાલન કરનારી શ્રીએ એકવાર શેઠને કહ્યું: હે સ્વામી! નગરના ઉદ્યાનમાં અજિતનાથના મંદિરની આગળ પ્રગટ મહાશક્તિવાળી અજિતબલા નામની દેવી છે. સેવા કરાયેલી તે દેવી પુત્ર વિનાઓને પુત્ર, ધન વિનાઓને ધન અને દુર્ભાગીઓને સૌભાગ્ય આપે છે. તેથી હે આર્યપુત્ર! તમે તે દેવી પાસે પુત્રની માગણી કરો. પુત્ર માટે તો પોતાના પ્રાણો પણ ભેટ ધરવામાં આવે છે. શેઠે તે પ્રમાણે દેવીની આરાધના કરી. તેમને ઉત્તમ પુત્ર થયો. પોતે

આરાધેલી ક્રિયાઓ કાળે કરીને ભાગ્યયોગથી ફળે જ છે. જન્મનિમિત્તે ઉત્સવ કર્યા પછી બારમા દિવસે તેનું દેવીના પ્રભાવનું સૂચન કરતું 'અજિતસેન' એવું નામ પાડયું. ક્રમે કરીને તે બાલ્યાવસ્થાને ઓળંગીને યૌવનની શોભાને પામ્યો. જાણે સ્પર્ધાથી હોય તેમ સરસ્વતી અને કાંતિ એ બંનેએ તેનો આશ્રય લીધો. તેથી જેમ બુદ્ધિમાન પુરુષ શાસ્ત્રાર્થના સંદેહની ચિંતા(=વિચારણા) કરે તેમ રત્નાકર શેઠ પુત્રને અનુરૂપ કન્યા માટે ચિંતા કરવા લાગ્યા. જો આ મારો પુત્ર પોતાના ગુણોથી તુચ્છ કન્યાને ન પામે તો ચોક્કસ વિધાતાની મહેનત વ્યર્થ બને. કારણ કે સેવકના ગુણને ન જાણી શકે તેવો સ્વામી, પરાધીનતા, અવિનીત સેવક અને દુષ્ટભાર્યા આ ચાર જીવોને મનના શલ્યો છે.

આ તરફ રત્નાકર શેઠે જ પૂર્વે વેપાર માટે મોકલેલ કોઇક વણિકપુત્ર તેની પાસે આવીને બેઠો. શેઠે તેને વેપારની વિગત પૂછી એટલે કુશળ તેણે લાભ–હાનિ વગેરે બધું જે પ્રમાણે બન્યું હતું તે પ્રમાણે કહ્યું. વિશેષ વિગત જણાવતાં વણિકપુત્રે કહ્યું કે, હું મંગલ કરનારી મંગલા નામની મહાન નગરીમાં ગયો. ત્યાં મેં જિનદત્ત નામના શેઠની સાથે વેપાર કર્યો. એકવાર તે શેઠે મને ભોજન માટે પ્રાર્થના કરી. આથી હું તેના ઘરે જમવા ગયો. ત્યાં મેં જાણે સ્વર્ગમાંથી ભ્રષ્ટ થયેલી દેવી હોય તેવી એક કન્યાને જોઈ. મેં શેઠને પૂછયુ: આ કોણ છે? તેથી આશ્ચર્યયુક્ત મનવાળા શેઠે ઉત્તર આપ્યો: જાણે શરીરધારી ચિંતા હોય તેવી આ મારી પુત્રી છે. કારણકે, આને ઉત્તમ વર મળશે કે નહિ? આ તેના પતિને ગમશે કે નહિ? આ પોતાના ગુણોથી સસરા વગેરેને ખુશ કરશે કે નહિ? આ શીલનું પાલન કરશે કે નહિ? એને પુત્ર થશે કે નહિ? અથવા એના સસરા વગેરે વર્ગને કેવી રીતે સંતોષ પમાડી શકશે? એની શોકયો ન થાઓ, દેરાણી–જેઠાણીઓ એને દોષ ન આપો, આ પ્રમાણે પિતાના ઘરમાં જાણે રૂપધારી ચિંતા હોય તેવી કન્યા મોટી થાય છે. આ મારી કન્યા ગુણોરૂપી માણેકરત્નની રોહણપર્વતની તળેટી છે. પક્ષીના શબ્દ સુધી સર્વ પ્રકારના જીવોની ભાષાને જાણવામાં કુશલ છે. શીલવતી નામની આ કન્યા રૂપ, કળા અને ગુણોથી પ્રસિદ્ધ છે. આથી એને યોગ્ય જમાઈ માટેની ચિંતા મને અતિશય દુ:ખી કરે છે. મેં તે શેઠને કહ્યું: હે દેવ! ચિંતા ન કરો. નંદનવનપુરમાં રત્નાકરશેઠનો પુત્ર અજિતસેન આ કન્યાને યોગ્ય વર છે. જિનદત્ત શેઠ બોલ્યા: હે ભદ્ર! તેં બહુ સારું કહ્યું. વરની ચિંતારૂપી સમુદ્રમાં ડૂબેલા મારો આજે તેં ઉદ્ધાર કર્યો. આ પ્રમાણે કહીને અજિતસેનને શીલવતી પુત્રી આપવા માટે પોતાના જિનશેખર નામના પુત્રને મોકલ્યો છે. બુદ્ધિનો ભંડાર તે પણ મારી સાથે અહીં જ આવ્યો છે. તેથી હે શ્રેષ્ઠી! જે કરવા જેવું હોય તે મને કહો. શેઠે કહ્યું: હે મહા ભાગ્યવંત! તેં સુંદર ઉપકાર કર્યો. મને આજ સર્વ લાભોથી અધિક લાભ થઇ ગયો. પછી રત્નાકર શેઠે શ્રેષ્ઠિપુત્ર

જિનશેખરને સત્કારપૂર્વક (પોતાના ઘરે) બોલાવ્યો. જિનશેખરે બહેન શીલવતી અજિતસેનને હર્ષથી આપી. અજિતસેન પણ જિનશેખરની સાથે જ મંગલાનગરીમાં ગયો. શીલવતીને પરણીને ઘણી સમૃદ્ધિ સાથે પોતાના ઘરે ગયો. જાણે ઘરની લક્ષ્મી હોય તેવી અને પોતાના કુલ માટે અમૃતની નીક સમાન શીલવતીની સાથે અજિતસેને ત્રિવર્ગના સારભૂત ગૃહસ્થધર્મનું ઘણા કાળ સુધી પાલન કર્યું.

એકવાર સતી શીલવતી રાતે શિયાળવીનો અવાજ સાંભળીને મસ્તકે ઘડો મૂકીને ઘરમાંથી બહાર નિકળી. જેમ કામિસ્ત્રી વૃદ્ધ પુરુષનો ત્યાગ કરે તેમ નિદ્રાથી દૂરથી ત્યાગ કરાયેલ શીલવતીના સસરાએ તે વખતે તે મહાસતીને ઘરમાંથી નીકળતી જોઈ. વિકલ્પરૂપી સમુદ્રમાં ડૂબેલા તેણે મનમાં આ પ્રમાણે વિચાર્યું:– હું આ લક્ષણોથી આ વહુને કુશીલ સમજું છું. સારા કુળમાં ઉત્પન્ન થયેલી પણ ઘણા રાગના[1] તરંગોથી યુક્ત સ્ત્રીઓ પ્રાયઃ નદીની જેમ નીચે જનારી જ થાય છે. સ્વાર્થમાં તત્પર આ સ્ત્રીઓ બહારથી જ મનોહર હોય છે. અંદરથી તો સોનાની છુરીની જેમ અતિશય ભયંકર હોય છે. શીલવતી નિંદા નહિ કરવા યોગ્ય કંઈક કામ કરીને ઘડાને મૂકીને કોઇ પણ જાતનો વિકલ્પ કર્યા વિના ફરી પોતાની શય્યામાં સૂઇ ગઈ. જેમ પાણીમાં [2]તુંબડું સ્થિરતાથી તરે તેમ સેંકડો ચિંતાઓમાં પડવાના સ્વભાવવાળી ધીરતાથી યુક્ત અને ઉત્સુક બનેલા શેઠે થોડી રાત બાકી રહી ત્યારે પત્નીને કહ્યું: શીલ અને ગુણોથી મહાન હે પ્રિયા ! તને વહુ (=પુત્રવધૂ) કેવી લાગે છે ? પત્નીએ કહ્યું: બધું કુલની મર્યાદાને યોગ્ય કરે છે. શેઠે કહ્યું: પોતાને જાણકાર માનનારી હે પ્રિયા ! તારી બુદ્ધિ અંતર્મુખી બુદ્ધિ નથી, અર્થાત્ તું ઊંડાણથી વિચારતી નથી. કારણ કે મેં આજે રાતે વહુને એકલી કચાંક ક્રીડા કરવા માટે ગયેલી જોઈ છે. સમસ્ત પ્રમાણોથી તે પ્રત્યક્ષ પ્રમાણ જ બલવાન છે. તેથી વહુને ચંદ્રના શરીરની જેમ કલંકવાળી જાણ. આ તરફ અજિતસેન પણ પિતાના ચરણોને નમવાની ઇચ્છાથી ત્યાં આવ્યો. શેઠે તેને ખેદપૂર્વક કહ્યું: હે પુત્ર ! અહીં હું શું કહું ? વિધાતાએ આપણા ઘરના આંગણામાં દિવ્ય વેલડી રોપી. પણ તેનાથી તે સહન ન થયું. કારણ કે તેવા (=ઉત્તમ) કુળમાં ઉત્પન્ન થયેલી હોવા છતાં અને ગુણવંતી હોવા છતાં આ વહુ સોમવલ્લી નામની લતાની જેમ વક્રતાને ધારણ કરે છે. અજિતસેને પણ શરમપૂર્વક કહ્યું: જિનધર્મમાં તત્પર પણ આ જો દુષ્ટ આચરણ કરે છે તો તો સર્વ ગુણો નાશ પામેલા જાણવા. હે પુત્ર ! હું જાણું છું કે વહુ આપણા કુલમાં કલ્પવેલી જેવી હતી. પણ હમણાં

૧. નદીના પક્ષમાં ઘણા પાણીના તરંગોથી યુક્ત એવો અર્થ થાય.

૨. અહીં તુંબડું અને શેઠ એ બેમાં સ્થિરતાની (=ધીરતાની) સરખામણી કરી છે. જો તુંબડું સ્થિર ન રહે તો પાણીમાં ડૂબી જાય, સ્થિર રહે તો જ પાણીમાં તરી શકે. એટલે જેમ તુંબડું પાણીમાં તરવામાં સ્થિર છે તેમ શેઠ ચિંતાઓમાં પડવામાં ધીર=સ્થિર છે, અર્થાત્ ચિંતાઓથી જરાય કંટાળતા નથી.

જોવાયેલ દોષવાળી તો વિષવેલીથી ચઢિયાતી છે. જેમનું શીલ સ્વાર્થના જ કારણે વિદ્યુત્ લતાના જેવું ચંચળ છે તે સ્ત્રીઓમાં જીવના શ્વાસની જેમ શો વિશ્વાસ રાખી શકાય? કહ્યું છે કે- શીલત્યાગમાં તત્પર બનેલી સ્ત્રીઓ પતિના ગુણોથી બાંધી શકાતી નથી, પરીક્ષકોથી પારખી શકાતી નથી અને ધનથી રાખી શકાતી નથી. શાસ્ત્રોમાં સંભળાય છે અને લોકમાં કહેવાય છે કે કામથી વિહ્વલ સ્ત્રીઓ દુરાચારને સેવે છે. આ વહુ આજે રાતે પાણી લાવવાના બહાને કચાંક ગઈ અને એક પહોરમાં તો પાછી આવી ગઈ. તે વખતે હું જાગતો હતો. માટે આ વહુને દુરાચારવાળી અને ત્યાગ કરવાને યોગ્ય જાણ. માતા-પિતાની આજ્ઞાને આધીન રહેનાર અજિતસેન 'તેમ હો' એમ કહીને ત્યાંથી ગયો.

શેઠે સવારે અસત્ય બોલીને શીલવતીને કહ્યું: હે પુત્રી! તને મળવાને ઉત્સુક તારો પિતા તને બોલાવે છે. રાત્રિના તે વિકલ્પને જાણીને કુશળ શીલવતીએ વિચાર્યું: સાચું સોનું શું પરીક્ષામાં કંપે છે? રત્નાકર શેઠ સ્વયં રથ તૈયાર કરીને અને મંગલ કરીને શીલવતીની સાથે મંગલાનગરી તરફ ચાલ્યો. માર્ગમાં નદી આવતાં શેઠે શીલવતીને કહ્યું: હે પુત્રી! પગના જોડાને ઉતારીને પાણીમાં ચાલ. અંતરમાં કંઈક વિચારીને જોડાને વિશેષથી પહેર્યા અર્થાત્ જોડાને મજબૂત પહેરીને નદી ઉતરી. આથી પહેલેથી (ખોટી શંકારૂપ) પાપને ધારણ કરનાર શેઠે તેને અવિનીત માની. આગળ જતાં મગના ખેતરને ફળવાળું જોઈને શેઠે કહ્યું: અહો! ધાન્યરૂપી લક્ષ્મી ખેતરના માલિકના હાથમાં જ રહેલી છે. વહુએ કહ્યું: આપ કહો છો તે સત્ય છે, પણ જે તે ધાન્ય માલિકના હાથમાં આવે એ પહેલાં બીજાઓ એને ખાઈ ન જાય તો. શેઠે વિચાર્યું: આ સંબંધ વિનાનું બોલનારી પણ છે. આથી મેં એના વિષે એના પ્રતિકૂલ આચરણને અનુરૂપ કર્યું છે. એમ વિચારીને આનંદ પામેલા શેઠે ઉતાવળથી રથને ચલાવ્યો. આગળ જતાં સમૃદ્ધિથી કુબેરની નગરી જેવું, રંગ-રાગવાળું અને લોકોથી ભરેલું નગર જોઈને શેઠે માથું ધુણાવીને તે નગરની પ્રશંસા કરી. વ્યાપક બુદ્ધિવાળી શીલવતીએ કહ્યું: આ નગર સારું છે, પણ ઉજ્જડ ન થાય તો. શેઠે વિચાર્યું: ઉલ્લંઠ ભાષા બોલનારી આ વહુ મારા ઉપર પણ હસે છે. આગળ જતાં ઘણા પ્રહારથી જર્જરિત થયેલા સુભટને જોઈને શેઠે સારું સારું એમ તેના પરાક્રમની પ્રશંસા કરી. સુભટને જોઈને જેમ વસંતઋતુમાં કોયલ મધુર બોલે તેમ વહુ મધુર વાણીથી બોલી: આ બિચારો કાયર છે. એથી એને સારી રીતે કુટ્યો છે. શેઠે વિચાર્યું: દુષ્ટ આચરણ કરનારી આ ચોક્કસ હું જે કહું તેનાથી ઉલટું કહેનારી છે. જેથી તેણે પ્રત્યક્ષ વિષયમાં પણ ઉન્મત્તની જેમ વિરુદ્ધ અર્થ કહ્યો. આ પ્રમાણે વિચારતો અને શીલવતીનો ત્યાગ કરવાની પોતાની પ્રવૃત્તિની અનુમોદના કરતો શેઠ રસ્તામાં કચાંક વડલાના વૃક્ષની નીચે બેઠો. સ્થિર બુદ્ધિની પ્રભાવાળી વહુ પણ વડની છાયાને છોડીને ઘણું દૂર તડકામાં વસ્ત્રને ઓઢીને બેઠી. શેઠે તેને કહ્યું: હે જિનદત્ત શેઠની પુત્રી! છાયામાં બેસ. સાંભળીને પણ નહિ સાંભળનારની જેમ ઉપેક્ષા કરીને તે રહી. શેઠે

વિચાર્યું: અહો ! પ્રતિકૂળ આચરણવાળી આ કુશિષ્યની જેમ ઉપેક્ષાને યોગ્ય છે. આમ શીલવતીની ઉપેક્ષા કરીને પોતે વડલાની છાયામાં સુખપૂર્વક બેઠો. પછી શેઠ ત્યાંથી ચાલ્યો. આગળ જતાં કચાંક નાના ગામડામાં જલદી તૂટી જાય એવી ત્રણ ચાર ઝુંપડીઓ જોઇને શેઠે ગામડાને ખરાબ હાલતવાળું કહ્યું. તેથી બુદ્ધિમાન મનુષ્યોમાં ઉત્તમ શીલવતી કંઈક વિચારીને મોટા અવાજે બોલીઃ આ સ્થાન જનસમૂહથી ભરેલું છે. ખિન્ન બનેલા શેઠે ચિત્તમાં વિચાર્યું: વિપરીત શિક્ષાવાળા અશ્વની જેમ આ વહુ બધી રીતે ઉલટી છે. શેઠે જેટલામાં આમ વિચાર્યું તેટલામાં શીલવતીનો મામો ત્યાં આવ્યો. તે શેઠને આદર-પૂર્વક પોતાના ઘરે લઈ ગયો અને ભોજન વગેરેથી તેની ભક્તિ કરી. તેણે શેઠને રોકાવાનો આગ્રહ કર્યો. પણ શેઠ તો જવાની જ ઉત્કંઠાવાળા હતા. શીલવતીના મામાએ તેનો વસ્ત્ર વગેરેથી સત્કાર કર્યો. શેઠ વહુની સાથે આગળ ચાલ્યા.

જંગલમાં આવેલા શેઠે રથને વૃક્ષની છાયામાં રાખ્યો. ભોજન કર્યા પછી થાકેલા શેઠ ક્ષણવાર રથ ઉપર સૂતા. ત્યાંથી પિતાનું ઘર નજીકમાં છે એમ જાણતી, શુભ આચારવાળી અને પોતાના કાર્યની પ્રાપ્તિથી (=પોતાનું કાર્ય હવે સિદ્ધ થશે એથી) હર્ષ પામેલી વહુ જમવા બેઠી. આ વખતે કેરડાના વૃક્ષના ગુચ્છ ઉપર બેઠેલો કાગડો બોલવા લાગ્યો. તેની ભાષાને જાણીને શીલવતીએ કહ્યું: અરે ! કકળાટ કેમ કરે છે ? આ સાંભળીને શેઠે વિચાર્યું: વાચાળ અને દુરાચારવાળી આ અહીં મનુષ્ય કોઈ ન હોવાથી પક્ષીઓ સાથે પણ બોલે છે. [1]કરંબાને જોવામાં ઉત્કંઠ કાગડો અતિશય બોલી રહ્યો હતો ત્યારે અવસરને વિચારીને શીલવતીએ નિઃશંકપણે મોટેથી કહ્યું: હે કાગ ! એક દુર્નીતિથી હું પતિથી છૂટી પડી. હવે જો બીજી દુર્નીતિ આચરવામાં આવે તો હું મારા માતા-પિતાને પણ ન મળી શકું. જાગતા શેઠે ગૂઢ અભિપ્રાયવાળા આ વચનને સાંભળીને શીલવતીને કહ્યું: હે પુત્રી ! દુર્નીતિથી એમ કેમ બોલે છે ? શીલવતી બોલીઃ હે સસરાજી ! હું તદ્દન સાચું જ કહું છું. કારણ કે [2]ચંદનની જેમ મારા ગુણો જ દોષ માટે થયા છે. પુષ્પસમૂહ વૃક્ષની ડાળનો ભંગ કરે છે. પીછાંઓના ભપકાના કારણે મોરની ગતિ મંદ થાય છે. એથી પીછાંઓનો ભપકો મોરના વધ માટે થાય છે. સુંદર ચાલવાળો ઉત્તમ અશ્વ બળદની જેમ ભાર વહન કરાવાય છે, ગુણવાન માણસમાં પ્રાયઃ કરીને આ ગુણો વૈરી થાય છે. મૂઢ મેં બાલ્યાવસ્થામાં બંધુના આગ્રહથી સર્વ શાસ્ત્રોમાં મુખ્ય પક્ષીરુત નામના શાસ્ત્રનો અભ્યાસ કર્યો. જેમ ગારુડિકની વાણીથી સર્પથી ડંસાયેલ માણસ ક્ષણ-વારમાં ઊભો થાય તેમ શેઠ ક્ષણવારમાં રથમાંથી ઊભા થઈને જલદી શીલવતીની પાસે

---

૧. દહીં અને ભાતના મિશ્રણથી થતી એક ભોજનની વાનગી. તે સમયે શીલવતી કરંબો ખાઈ રહી હતી. માટે કાગડો કરંબાને મેળવવાની આશાથી કરંબાને જોવામાં ઉત્કંઠ હતો.

૨. ચંદનમાં શીતલતા અને સુવાસ વગેરે ગુણો છે, આથી તે ઘસાય છે, કપાય છે. આથી તેના ગુણો દોષ માટે થાય છે.

ગયો. શીલવતી બોલીઃ હે સસરાજી! તે વખતે રાતે આપ જાગતા હતા ત્યારે ભાગ્યહીન હું શિયાળવીનો અવાજ સાંભળીને ઊભી થઈ. ઘડો લઈને હું નદીએ ગઈ. ઘડાથી હું નદી તરીને સામે કિનારે ગઈ. પછી જલમાંથી મડદું ખેચ્યું. એ મડદું મેં શિયાળવીને આપ્યું. તે મડદાની કેડમાં બાંધેલા અમૂલ્ય આભૂષણોને લઈને ઘડામાં નાખીને હું જલદી પોતાના ઘરે આવી. એ આભૂષણોને મેં પૃથ્વીમાં દાટી દીધા. તે આભૂષણો તે પ્રમાણે જ રહેલા છે. આ દુર્નીતિથી હું આટલી પૃથ્વી સુધી આવી. હમણાં કરંબની માગણી કરતો આ કાગડો કહે છે કે, કરીર વૃક્ષના મૂળની નીચે દશ લાખ સોનામહોર છે. તેથી હું કહું છું કે હે કાગ! ક્ષત ઉપર ક્ષાર નાખવાની જેમ અહીં અશુભ ફલવાળું આ વચન ફરી ફરી મને ન કહે. તેથી સંભ્રમપૂર્વક કાનોને હલાવતા (=મસ્તકને ડોલાવતા) વૃદ્ધે પૂછ્યુંઃ હે પુત્રી! શું આ સાચું છે? શીલવતીએ જવાબ આપ્યોઃ આમાં શો સંશય છે? અર્થાત્ આ સાચું છે. તેથી વૃદ્ધે યુવાનની જેમ કેડ બાંધીને હાથમાં જેમ કમલ ગ્રહણ કરે તેમ લોખંડની કોદાળી લીધી. કાગડાને સ્વજનની જેમ કરંબો અપાવીને પોતે આદરથી કેરડાના વૃક્ષના મૂળને ખોદવાનું શરૂ કર્યું. જાણે શીલવતીના ગુણો હોય તેવા સોનામહોરના કલશો પ્રગટ થયા. જાણે શીલવતીના દોષોને દૂર કરતો હોય તેમ (કળશોની ઉપર રહેલી) ધૂળને દૂર કરી. વૃદ્ધે વિચાર્યુંઃ અહો! મારા ઘરમાં આ વહુ મૂર્તિમંત લક્ષ્મી જ છે. જેમ કોઈ કાચની ભ્રાંતિથી મરકતમણિની અવગણના કરે તેમ મેં (દોષભ્રાંતિથી) તેની અવગણના કરી. આ પ્રમાણે વિચારતા તેણે સોનામહોરોના કલશોને જલદી રથમાં મૂકયા, અને પોતાનો અપરાધ જણાવીને શીલવતી પાસે ક્ષમા માગી. જેમ યુદ્ધમાં વિજયી બનેલ રાજા વગેરે યુદ્ધમાંથી રથને પાછો વાળે તેમ, વહુની પ્રશંસા કરતા અને ઘરમાં રહેલા ધનને જોવામાં ઉત્સુક બનેલા તેણે રથને પાછો વાળ્યો. વહુએ કહ્યુંઃ હે પિતાજી અહીંથી મારા પિતાનું ઘર નજીકમાં જ છે. તેથી મારા માતા-પિતાને મળવા માટે આ ઉચિત અવસર છે. શેઠે કહ્યુંઃ હે પુત્રી! તારા પિતાના ઘરે જવાના આગ્રહને છોડી દે. હમણાં કુલને ઉજ્જવલ કર, રથ ઉપર બેસ અને જલદી મારા મનોરથને પૂર્ણ કર. કુશળચિત્તવાળી તેણે સસરાની દાક્ષિણ્યતાથી તે પ્રમાણે કર્યું. હર્ષિત ચિત્તવાળા શેઠે રથને પાછો વાળ્યો.

શીલવતીએ પૂર્વે જે જે કહ્યું હતું તે તે બધુંય હેતુપૂર્વક કહ્યું હતું એમ માનતો શેઠ પર્વતની તળેટીમાં વસેલા ઉજ્જડ ગામ પાસે આવ્યો. શેઠે મધુર વાણીથી કહ્યુંઃ હે પુત્રી! તારું વચન હેતુથી રહિત નથી, અર્થાત્ તેં પૂર્વે જે જે કહ્યું હતું તે તે બધુંય હેતુપૂર્વક કહ્યું હતું. તેથી (હું તને પૂછું છું કે) ઉજ્જડ આ ગામને તેં આ ગામ લોકોથી ભરેલું છે એમ કયા કારણથી કહ્યું હતું? શીલવતીએ કહ્યુંઃ હે પિતાજી! આ કારણ પ્રસિદ્ધ છે. લોકો હોય તેટલા માત્રથી આપણું કામ થતું નથી. જ્યાં કોઈ પણ સ્વજન હોય તે સ્થાન લોકોથી શૂન્ય હોય તો પણ સુંદર છે. આપને આવેલા

સાંભળીને મારા મામાએ અહીં આપનો સત્કાર કર્યો. એથી આ ગામ આપણા માટે તો લોકોથી ભરેલું થયું. તેથી શીલવતીનું કથન ગૂઢ આશયવાળું હોય છે એમ જાણતા શેઠે વહુનું સર્વ પ્રકારનું કથન ચાણક્યના કથનની જેમ સેંકડો હેતુઓથી યુક્ત હોય છે એવો નિર્ણય કર્યો. ક્રમે કરીને શેઠ માર્ગમાં રહેલા વડવૃક્ષની નીચે આવ્યો. તેણે વહુને પૂછ્યું: હે પુત્રી! તે વખતે તેં આ વૃક્ષની છાયા કેમ છોડી દીધી હતી? વહુએ જવાબ આપ્યો: હે સસરાજી! શું આપે પૂર્વે આ કથાંય સાંભળ્યું નથી કે વડવૃક્ષ ઉપર બેઠેલો કાગડો સ્ત્રીના મસ્તક ઉપર વિષ્ઠા કરે તો છ માસમાં તે સ્ત્રીના પતિને મોટી આપત્તિ આવે તથા વૃક્ષના મૂળમાં સર્પ આદિનો વાસ હોય, એથી વૃક્ષની છાયામાં સર્પ આદિના કારણે અનેક દોષો થાય. સ્વાધીન કાર્યમાં દોષરહિત આચરણ કરવું સારું. આથી હું વડછાયાને મૂકીને તડકામાં રહી. શેઠ બોલ્યો: સારું, સારું. હે કુલાધાર હે સર્વભાવોમાં કુશળ! વૃદ્ધાવસ્થાના કારણે મતિરહિત બનેલા મને તેં બોધ પમાડ્યો છે. આ પ્રમાણે વહુની પ્રશંસા કરતા અને પોતાના કાર્યથી શરમાતા તેણે ફરી પૂછ્યું: સુભટને સારી રીતે કુટ્યો છે એમ તું શા માટે બોલી? વહુએ ઉત્તર આપ્યો: હે પિતાજી! તેને થયેલા પ્રહારો સામા ન હતા, અર્થાત્ પ્રહારો [1]છાતીમાં થયા ન હતા, નાસતા એવા તેને પીઠ પાછળ પ્રહારો કરીને કુટ્યો હતો.

આ સાંભળીને તેની બુદ્ધિથી આશ્ચર્ય પામેલા શેઠે ફરી પૂછ્યું: શહેર પ્રશંસનીય જ હોય છે. છતાં તેં તે શહેરને ઉજ્જડ કેમ કહ્યું હતું? વહુએ જવાબ આપ્યો: આપણને જોઈને બોલાવે તેવા સ્વજનો જે નગરમાં ન હોય તે નગર સારી રીતે વસેલું હોય તો પણ આપણને તેનાથી શો લાભ? કહ્યું છે કે– સ્વાભાવિક સ્નેહથી સુંદર એવો પ્રિયમાણસ જો એક પણ ન હોય તો લોકોથી ભરેલી પણ પૃથ્વી જંગલ જેવી જણાય છે. શેઠ બોલ્યો: હે મહાભાગ્યવંતી! તેં સાચું કહ્યું. આ મગનું ખેતર પાકી ગયેલું હોવા છતાં તેં તેને ખવાઈ ગયેલું કેમ કહ્યું? તેથી મનોહર દ્રાક્ષ જેવી મધુરવાણી બોલનારી અને સુંદર એવી શીલવતીએ કુશળ મનુષ્યોથી જાણી શકાય તેવો અર્થ કહ્યો. પ્રશ્નનો જવાબ આપતાં તે બોલી: હે સસરાજી! સામે જુઓ. આ ખેડૂત ખેતરની ભૂમિમાં આમ તેમ ભમી ભમીને ખેતરની રક્ષાની દરકાર કર્યા વિના પોતાની ઇચ્છા પ્રમાણે જલદી જલદી મગની શીંગો ખાઈ રહ્યો છે, તેથા ચોક્કસ એણે વેપારી પાસેથી વ્યાજે પૈસા લીધા છે, [અને એના બદલામાં આ ખેતરનું અનાજ તેને આપી દીધું છે. આથી આ ખેતરના અનાજની માલિકી તે વેપારીની છે. એટલે જેટલી શીંગો હું ખાઈશ તેટલું મારું, બાકીનું બધું તે વેપારીનું છે એમ વિચારીને તે પોતાની મરજી પ્રમાણે શીંગો ખાઈ રહ્યો છે અને] એથી જ ખેતરની રક્ષાની દરકાર કરતો નથી. આથી જ મેં પૂર્વે

---

૧. બહાદુર સુભટ સામી છાતીએ પ્રહારોને સહન કરે પણ નાસી ન જાય

આ ખેતરને ખવાઈ ગયેલું કહ્યું હતું. પછી વિસ્મય પામેલા શેઠે તે ખેડૂતને બોલાવીને જાતે પૂછ્યું. તેણે પણ કહ્યું કે, હું પહેલાં વેપારી પાસેથી વ્યાજે પૈસા લાવ્યો છું. [તેના બદલામાં આ ખેતરનું ધાન્ય તેને આપી દીધું છે.] આથી આ ધાન્ય ખવાઈ ગયું છે. ઉત્પન્ન થયેલું આ બધું ધાન્ય તે વેપારી લઈ લેશે. આ ધાન્યથી મને માત્ર પરિશ્રમનું જ ફળ મળશે, અર્થાત્ ધાન્યને તૈયાર કરવામાં મેં જે પરિશ્રમ કર્યો છે તે જ ફળ મને મળશે, ધાન્ય નહિ મળે. આ પ્રમાણે કહીને તે માણસ જતો રહ્યો. શેઠે નદીને જોઇને શીલવતીને ફરી પૂછ્યું: હે પુત્રી! તે વખતે પાણીમાં ચાલતી વખતે તેં જોડા કેમ ઉતાર્યા નહિ? શીલવતીએ જવાબ આપ્યોઃ તેમાં દેખાય નહિ તેવા કાંટા અને કીડા વગેરેનો ભય રહે, આથી મેં જોડા ન ઉતાર્યા. હે પિતાજી! થોડા માટે કાયાને કષ્ટમાં કોણ નાખે?

ઇત્યાદિ પુત્રવધૂએ કહેલી યુક્તિઓથી શેઠનું મન ખુશ થયું. ક્રમે કરીને શેઠ ઘરે આવ્યા. ઘરે આવતા શેઠને નગરજનો જોઇ રહ્યા. પછી વહુએ આભૂષણો બતાવ્યાં. આભૂષણો લઇને ખુશ થયેલા શેઠે પુત્ર અને પત્નીને સઘળો વૃત્તાંત કહ્યો. પછી શેઠે સર્વધનની માલિક તેને જ બનાવી. તેનાં કાર્યોથી ઘર સદા નવી નવી લક્ષ્મીને પામતું હતું. આયુષ્ય અસ્થિર હોવાથી ક્રમે કરીને શેઠ કાળધર્મ પામ્યા. જેમ છાયા વૃક્ષને અનુસરે તેમ શેઠાણી પણ જલદી શેઠને અનુસરી, અર્થાત્ કાળધર્મ પામી. તેથી સ્વજનોએ અજિતસેનને કુટુંબના વડિલ તરીકે સ્થાપ્યો. તેણે ઘણા કાળ સુધી ગૃહસ્થધર્મનું પાલન કર્યું. અરિમર્દન રાજાએ ઓગણપચાસ મંત્રીઓને ભેગા કર્યા હતા, અર્થાત્ ઓગણપચાસ મંત્રીઓ રાખ્યા હતા. વિશિષ્ટ બુદ્ધિવાળા કોઇને મુખ્યમંત્રી કરવાની ઇચ્છાવાળા રાજાએ એકવાર પ્રત્યેક નાગરિકને પૂછ્યું: મને જે લાત મારે તેને શો દંડ કરવો જોઇએ? બધાએ કહ્યું: મસ્તક છેદ કરવો જોઇએ, અથવા તે સર્વ દંડને યોગ્ય છે. તે સાંભળીને અજિતસેને શીલવતીને તે વિગત જણાવી. ચાર પ્રકારની ઉત્તમ બુદ્ધિનું નિધાન શીલવતીએ આ પ્રમાણે કહ્યું: તેને સર્વ અંગોમાં ધારણ કરવાના અભૂષણો આપીને ખુશ કરવો જોઇએ. અજિતસેને પૂછ્યું: એ કેવી રીતે? શીલવતીએ જવાબ આપ્યોઃ રાજાને જે પ્રિય હોય તેને (=પત્ની કે બાળકને) છોડીને બીજો કયો બુદ્ધિમાન રાજાને મારવાની ઇચ્છા પણ કરે? અજિતસેને તે ઉત્તર રાજાને કહ્યો. ખુશ થયેલા રાજાએ ધર્મ કાર્યોમાં તત્પર તેને સર્વમંત્રીઓમાં મુખ્યમંત્રી બનાવ્યો. એકવાર અરિમર્દનરાજા છ પ્રકારનું સૈન્ય લઇને સીમાડાના દેશના સિંહ નામના રાજાની સાથે યુદ્ધ કરવા માટે ગયો. આથી અજિતસેન મનમાં [1]કંઈક ચિંતાવાળો બન્યો. શીલવતીએ ચિંતાનું કારણ

---

૧. અહીં **आचान्त** શબ્દ છે. **आचान्त**=આચમન. વાક્ય ક્લિષ્ટ બને એથી **आचान्त** શબ્દનો અર્થ ભાવાનુવાદમાં કર્યો નથી.

પૂછ્યું એટલે તેણે સ્પષ્ટ કહ્યું કે, જો કે તું સુશીલવાળી છે તો પણ ઘરે તને એકલીને છોડીને રાજાની સાથે જવાની ઇચ્છાવાળા મને શાંતિ નહિ રહે. શીલવતી બોલીઃ રાજ કાર્યો કોઈ પણ રીતે કરવા જોઇએ. મારા શીલને મલિન કરવા માટે ઇંદ્ર પણ સમર્થ નથી. આપને ખાતરી થાય એ માટે આપના કંઠમાં આ પુષ્પમાળા પહેરાવું છું. આ પુષ્પમાળાને આપ જ્યાં સુધી કરમાયા વિનાની જુઓ ત્યાં સુધી મને સુશીલવાળી સમજવી. આમ કહીને શીલવતીએ તેના કંઠમાં જાણે પોતાની ગુણમાળા પહેરાવતી હોય તેમ પુષ્પમાળા પહેરાવી. આનંદ પામેલો અજિતસેન ત્યાંથી ચાલ્યો. રાજા પુષ્પો વિનાના કોઈ મોટા જંગલમાં પહોંચ્યો. ત્યાં તેણે અજિતસેનના કંઠમાં ખીલેલી પુષ્પમાળા જોઈ. રાજાએ તેને પૂછ્યું: આ ખીલેલી પુષ્પમાળા પુષ્પરહિત આ સ્થાનમાં ક્યાંથી આવી? મંત્રીએ સ્પષ્ટ કહ્યું: આ પુષ્પમાળા પત્નીના શીલના પ્રભાવથી સદા કરમાયા વિનાની રહે છે. મંત્રી આ પ્રમાણે કહીને પોતાના સ્થાનમાં ગયો એટલે કુતૂહલી અને વિવેક-બુદ્ધિવાળા રાજાએ પોતાના હાંસી-મશ્કરી કરવાના સ્વભાવવાળા પુરુષોની આગળ આ વાત કહી.

તેથી કામાંકુર મંત્રી બોલ્યોઃ સ્ત્રીઓને શીલ ક્યાંથી હોય? લલિતાંગ મંત્રીએ કહ્યુંઃ હે દેવ! કામાંકુરે જે કહ્યું તે સત્ય છે. રતિકેલિ મંત્રી બોલ્યોઃ હે દેવ! આપને આ વિષયમાં સંશય શો? અર્થાત્ આપે કામાંકુરની વાતમાં કોઈ સંશય રાખવો નહિ. અશોક મંત્રીએ કહ્યુંઃ હે દેવ આ વિષે સંશયને દૂર કરવા માટે મને મોકલો. તેથી કુતૂહલી રાજાએ શીલવતીના શીલનો નાશ કરવા માટે અશોકને બહુ ધન આપીને પોતાના નગરમાં મોકલ્યો. અશોક રાજાનો વેષ પહેરીને નંદનનગરમાં પહોંચ્યો. શીલવતીના ઘરની નજીકમાં સ્થાન લઇને રહ્યો. શીલવતીનું મુખ જોવામાં હોંશિયાર તે અંગોને વક્ર કરતો કરતો અને પંચમસ્વરમાં ગાતો ગાતો તેની આગળ ફરવા લાગ્યો. તેને ઘણા પ્રકારના વિકારો કરતો જોઇને શીલવતીએ વિચાર્યું: આ મારા શીલનો વિનાશ કરવાની ઇચ્છા કરે છે. ચોક્કસ મૂઢ આ પુરુષ સિંહની કેસરાઓને ખેંચવાને ઇચ્છે છે, અથવા હણાયેલ અંતઃકરણવાળો તે સારી રીતે હવન કરેલ અગ્નિમાં પડવાની ઇચ્છા રાખે છે. પણ કૌતુક તો જોઉં કે દુષ્ટ બુદ્ધિવાળો આ શી ચેષ્ટા કરે છે. આમ વિચારીને તે નેત્રના ખૂણાથી તેને જોવા લાગી. શંકારહિત બનેલા અશોકે કાર્ય સિદ્ધ થયું છે એમ વિચારીને તેની પાસે દૂતીને મોકલી. દૂતીએ તેને આ પ્રમાણે કહ્યું:— હે ભદ્રા! તારો પતિ રાજાની સાથે અન્ય સ્થળે ગયો છે. તારી આ જુવાની વનમાં રહેલા પુષ્પની જેમ નિષ્ફળ જાય છે. તેથી હે સૌભાગ્યવંતી! જાણે તારા ભાગ્યથી જ

---

૧. અહીં **कन्दल** શબ્દનો કોળ અર્થ છે. વાક્ય ક્લિષ્ટ બને એથી ભાવાનુવાદમાં **कन्दल** શબ્દનો અર્થ કર્યો નથી.

આકર્ષાયેલો હોય તેમ રાજમાન્ય અને અનુરાગી આ પુરુષ તારા સંગને ઇચ્છે છે. શીલવતીએ કહ્યું: યૌવનલક્ષ્મીનું ફળ લેવું એ ઉચિત છે. પણ કુલીન નારીઓને અન્ય પુરુષનો સંગ કરવો યોગ્ય નથી. આમ છતાં જો મનવાંછિત મળે તો આ પણ કરાય. કારણ કે પરિણામે અભક્ષ્ય પણ વસ્તુ સ્નેહ અને લોભથી ફલને ગ્રહણ કરનારી થાય છે=ભક્ષ્ય થાય છે, અર્થાત્ માણસ સ્નેહ અને લોભથી અભક્ષ્ય પણ વસ્તુનું ભક્ષણ કરે છે. તેથી દૂતીએ પૂછ્યું: તું કેટલું ધન માગે છે? અર્થાત્ તારે કેટલું ધન જોઇએ છે? હમણાં તૈયારી માટે તે અર્ધો લાખ ધન મને આપે. ફરી બીજું અર્ધો લાખ ધન લઇને પાંચમા દિવસે પોતે આવે. જેથી ત્યાં સુધીમાં હું એ સુખે બેસી શકે તેવું આસન તૈયાર કરી રાખું. હર્ષ પામેલી દૂતીએ તે વાત અશોકને જણાવી. અશોકે આપેલું અર્ધો લાખ ધન દૂતીએ શીલવતીને આપ્યું. પછી સુંદર બુદ્ધિવાળી શીલવતીએ ગુપ્ત રીતે પોતાના માણસો દ્વારા ઓરડાની અંદર મજબૂત (ઊંડો) ખાડો ખોદાવ્યો. ખાડાની ઉપર વણાટ વિનાનો (=પોલો) પલંગ મૂકયો. તેની ઉપર વસ્ત્ર પાથરી દીધું. સૌભાગ્યથી જગતને તૃણસમાન માનતો અને (કામના કારણે) પાગલ બનેલો અશોક પાંચમા દિવસે હાથમાં તાંબૂલ લઇને અને અર્ધો લાખ લઇને આવ્યો અને પલંગ ઉપર બેઠો. બેસતાં જ એકદમ ખાડામાં પડી ગયો. જેમ જીવને નરકભૂમિમાં રાખે તેમ તેને ખાડામાં રાખ્યો. દોરડાથી બાંધેલા શકોરા દ્વારા તેને ભોજન અને પાણી આપતી હતી.

એક મહિનો થયો એટલે રાજાએ હાંસી-મશ્કરી કરનારા મંત્રીઓને કહ્યું: અશોક હજી સુધી આવ્યો નથી. તેનું કાર્ય થયું કે નહિ? પછી રાજાએ રતિકેલિને ધન આપીને જવાનો આદેશ કર્યો. શીલવતી સાથે કામક્રીડા કરવાની ઇચ્છાવાળો રતિકેલિ નંદનનગર આવ્યો. શીલવતીએ તેની પાસેથી પણ એક લાખ ધન લઇને તેને પણ ખાડામાં પાડયો. ખરેખર! સારી રીતે યોજેલી બુદ્ધિથી કયાંય પણ અસાધ્ય શું છે? એ પ્રમાણે ક્રમે કરીને કામાંકુર અને લલિતાંગને પણ એક એક લાખ લઇને ખાડામાં નાખ્યા. અહીં કવિ કલ્પના કરે છે કે, મહાસતી શીલવતીએ જાણે ચાર પુરુષોના બહાને ચારગતિના સંસાર દુઃખોને પાતાલમાં નાખી દીધા. સિંહરથ રાજાએ શત્રુને જીતીને નગરમાં પ્રવેશ કર્યો. નગરજનોએ રાજાના નગરપ્રવેશ સમયે મંગલ નિમિત્તે પુષ્પમાળાઓની રચના કરી. હવે દીનમુખવાળા અને ભૂખથી પીડાતા ખાડામાં પડેલા તે પુરુષોએ શીલવતીને કહ્યું કે આત્માને નહિ જાણનારા મનુષ્યો અમારી જેમ દુઃખનું ભાજન થાય છે. અમે તારું માહાત્મ્ય જાણ્યું નહિ. તારા આદેશને કરનારા અમને એકવાર આ નરક જેવા ખાડામાંથી બહાર કાઢ. શીલવતીએ કહ્યું: હું જે પ્રમાણે કહું તેમ કરો તો હું તમને છૂટા કરું. તેમણે કહ્યું: અમારે જે કરવા યોગ્ય હોય તે કહે. શીલવતી બોલી: હું જયારે "એ પ્રમાણે થાઓ" એમ કહું ત્યારે તમારે પણ

"એ પ્રમાણે થાઓ" એમ બોલવું. આ પ્રમાણે તેમને શિખવાડીને સર્વાધિક બુદ્ધિમતી શીલવતીએ પતિને કહ્યું: એકવાર પરિવાર સહિત રાજાને આપણા ઘરે આમંત્રણ આપો. પતિએ રાજાને તે પ્રમાણે આમંત્રણ આપ્યું. રાજા તેના ઘરે આવ્યો. રાજાના આગમન નિમિત્તે શીલવતીએ ઘરને મોતીની ધજાઓ અને ચંદરવા વગેરે દ્વારા વિસ્તારથી શણગાર્યું હતું. આથી આકાશ પ્રકાશવાળું બની ગયું હતું. શીલવતીએ બધી રસોઇ ગુપ્ત રાખી હતી. પરિવાર સહિત ભોજન કરવા માટે બેઠેલા રાજાએ વિચાર્યું: ભોજનનો કોઈ પ્રયત્ન દેખાતો નથી અને અમને ભોજન માટે આમંત્રણ આપ્યું છે. તેથી અહીં આ શું આશ્ચર્ય છે? પછી શીલવતીએ ખાડાના દ્વાર પાસે આવીને પુષ્પો વગેરેથી આદરપૂર્વક પૂજા કરી. પછી તે ઊંચા અવાજે આ પ્રમાણે બોલી: હે યક્ષો! સર્વ પ્રકારની રસોઇ જલદી તૈયાર કરો. ખાડામાં રહેલા પુરુષોએ "એ પ્રમાણે થાઓ" એમ કહ્યું એટલે શીલવતીએ રસોઇ પ્રગટ કરી. કૌતુકથી આકર્ષાયેલ મનવાળા રાજાએ ભોજન કર્યું. ખાડામાં રહેલા યક્ષોના વચનથી બીજી પણ સામગ્રી પ્રાપ્ત કરવામાં આવી. શીલવતીએ ચાર લાખ દ્રવ્યનો વ્યય કરીને તાંબૂલ, વસ્ત્ર અને અલંકારો લાવીને ગુપ્ત રાખ્યા. પછી તેણે યક્ષોને તાંબૂલ, વસ્ત્ર અને અલંકારો તૈયાર કરવા કહ્યું: યક્ષોએ "એ પ્રમાણે થાઓ" એમ કહ્યું એટલે શીલવતીએ તાંબૂલ, વસ્ત્રો અને અલંકારો પ્રગટ કર્યાં અને એ તાંબૂલ, વસ્ત્રો અને અલંકારોથી રાજાનો સત્કાર કર્યો. રાજાએ વિચાર્યું: આ કોઈ અપૂર્વ સિદ્ધિ છે, જેથી ખાડામાં બોલાયેલા વચનથી બધું થઈ ગયું. પછી રાજાએ શીલવતીને પૂછ્યું: હે ભદ્રા! આ શું આશ્ચર્ય છે? શીલવતીએ કહ્યું: હે દેવ! મારા ઘરમાં સિદ્ધ થયેલા ચાર યક્ષો છે. તેમનાથી બધું મેળવવામાં આવે છે. પછી રાજાએ વસ્ત્ર વગેરેથી શીલવતીનો સત્કાર કરીને તેને પોતાની બહેન કરી. પછી તેની પાસે રાજાએ બહુમાનથી યક્ષોની માગણી કરી. શીલવતીએ કહ્યું: હે સ્વામી! અમારું આ જીવન પણ આપનું છે તો પછી યક્ષોની શી વાત કરવી? તેથી સ્વામીની આગળ યક્ષો હાજર કરવામાં આવશે. (પછી રાજા પરિવાર સહિત રાજમહેલમાં જતો રહ્યો.) શીલવતીએ આ પ્રમાણે સ્વીકારીને કામાંકુર વગેરે ચારેને ખાડામાંથી બહાર કાઢ્યા. પછી તેમને સ્નાન કરાવ્યું. પછી તેમના શરીરે સફેદ ચંદનથી વિલેપન કર્યું અને ચોતરફ પુષ્પોથી અલંકૃત કર્યા. પછી તે ચારેને વાંસના કરંડિયાઓમાં નાખ્યા. તે કરંડિયાઓને ધૂપ કરવાપૂર્વક રથમાં મૂક્યા. મુખ્યમંત્રી તેમને લઈને ચાલ્યો. રસ્તામાં વાજિંત્રો વગડાવવામાં આવતા હતા. તેમનો અવાજ દિશાઓના અંત સુધી ફેલાતો હતો. રસ્તામાં નાટક કરાવવામાં આવતું હતું. રાજા બહુમાનપૂર્વક સામે આવ્યો. પછી જાણે હવે જગત મારા હાથમાં રહેલું છે એમ માનતો રાજા તેમને પોતાના રાજમહેલમાં લઈ ગયો. તે વખતે રાજાએ રસોઇયાઓને આજે તમને યક્ષો દિવ્યભોજન આપશે એમ કહીને રસોઈ બનાવવાની ના પાડી.

ભોજનના સમયે યક્ષના કરંડિયાઓની પૂજા કરીને રાજાએ કહ્યું: ભોજન તૈયાર થાઓ. તેમણે કહ્યું: એમ થાઓ. બધા માણસો (રસોઈ હમણાં પ્રગટ થશે એવી આશાથી) મુખ ઊંચું કરીને જોઈ રહ્યા. પણ તેમની આગળ રાજાએ કહેલું [1]કંઈ પણ પ્રગટ ન થયું. તેથી વિલખા બનેલા રાજાએ કરંડિયાઓ ઉઘાડ્યા, કરંડિયાઓમાં કરમાયેલ ઇંદ્રિયોવાળા અને પહોળા મુખવાળા ચાર માણસોને જોયા. ભયંકર રાક્ષસ જેવા તેમને જોઈને આ યક્ષો નથી કિંતુ રાક્ષસો છે એમ કહીને રાજા એકદમ ત્યાંથી ખસી ગયો. તે પુરુષોએ જલદી કહ્યું: હે દેવ! અમે યક્ષો નથી અને રાક્ષસો પણ નથી, કિંતુ આપના મશકરા કામાંકુર વગેરે મંત્રીઓ છીએ. તેમને બરોબર જોઈને અને ઓળખીને રાજાએ કહ્યું: હે ભદ્રો! રોગી કાગડાના જેવી તમારી આ અવસ્થા કેવી રીતે થઈ? તેમણે પોતાનો વૃત્તાંત જેવી રીતે બન્યો હતો તે રીતે ક્રમશઃ કહ્યો. મસ્તકને ધુણાવતા રાજાએ શીલવતીના શીલની પ્રશંસા કરી. રાજાએ શીલવતીને બોલાવીને કહ્યું: હે પતિવ્રતા! તારું બુદ્ધિકૌશલ્ય આશ્ચર્યકારી છે. શીલપાલનના આ પ્રયત્નથી તું કોને પ્રશંસનીય નથી? અર્થાત્ બધાને પ્રશંસનીય છે. તે વખતે નહિ કરમાયેલી પુષ્પમાળાથી જ મેં સ્પષ્ટ તારું શીલમાહાત્મ્ય જાણ્યું હતું. આમ છતાં અજ્ઞાનતાથી જે આ કર્યું તેની ક્ષમા કરવી. બંધુસમાન મારા ઉપર આ વિષે ગુસ્સો ન કરવો. શીલવતીએ જિનધર્મનો ઉપદેશ આપીને રાજાને બોધ પમાડ્યો અને મશકરા મંત્રીઓને પરસ્ત્રીગમનની નિવૃત્તિ કરાવી. રાજાએ સત્કાર કરીને શીલવતીને તેના ઘરે મોકલી. શીલવતી પોતાના ઘરે આવી. રાજકાર્યની ધુરાને ધારણ કરતો અજિતસેન પણ શીલવતીની સાથે વિશેષપણે ધર્મકાર્યો કરવા પૂર્વક કાળ પસાર કરવા લાગ્યો.

તે નગરમાં એકવાર ચાર જ્ઞાનને ધારણ કરનારા દમઘોષ નામના મુનિ પધાર્યા. અજિતસેન તે મુનિને વંદન કરવા માટે પ્રિયાની સાથે ગયો. દેશનાના અંતે ઉત્તમમુનિએ શીલવતીને કહ્યું: હે ભદ્રા! પૂર્વભવના અભ્યાસથી તારું નિર્મલ શીલ શોભે છે. અજિતસેને અંજલિ જોડીને ગુરુને પૂછ્યું: કેવી રીતે? ગુરુએ કહ્યું: [2]કુશપુરનગરમાં સુલસ નામનો શ્રાવક હતો. સુયશા નામની તેની પત્ની હતી. તેમના ઘરે પ્રકૃતિથી ભદ્રક દુર્ગત નામનો નોકર હતો. તેની દુર્ગિલા નામની પત્ની હતી. એકવાર દુર્ગિલા સુયશાની સાથે સાધ્વીજીઓની વસતિમાં (=ઉપાશ્રયમાં) ગઈ. સુયશાને આદરપૂર્વક પુસ્તકોની પૂજા કરતી જોઈને દુર્ગિલાએ પ્રવર્તિનીને (=મુખ્ય સાધ્વીજીને) પૂછ્યું: હે આર્યા! આજે કયું પર્વ છે? પ્રવર્તિનીએ કહ્યું: આજે પ્રસિદ્ધ જ્ઞાનતિથિ શુક્લ પંચમી છે. જે જીવ આ શુક્લ પંચમીના દિવસે ઉપવાસ કરે, પુસ્તકોની પૂજા કરે અને જ્ઞાનનું ગૌરવ કરે તે પરલોકમાં સુખ, સૌભાગ્ય, ભાગ્ય (=સુપુણ્ય) અને બુદ્ધિ વગેરે વૈભવને પામે છે

૧. અહીં આદિ પદનો અર્થ સ્વયં સમજી લેવો.

૨. અન્ય ગ્રંથોમાં 'કુસુમપુર' એવું નામ જોવામાં આવે છે.

અને શુદ્ધશીલથી યુક્ત તે ક્રમે કરીને મોક્ષને પામે છે. આ પ્રમાણે સાંભળીને દુર્ગિલા બોલી. મારી આ સ્વામિની (=સુયશા) ધન્ય છે. મારી જેવી તો નિંદ્ય છે કે જે અહીં સ્વહિત કરવા માટે અસમર્થ છે. પ્રવર્તિનીએ કહ્યું: જો તું દાન, અને તપ કરવા માટે સમર્થ નથી તો સ્વાધીન એવા શીલનું ભાવથી તું પણ પાલન કર. હે વિવેકવતી! જીવન પર્યંત પરપુરુષનો ત્યાગ કર તથા આઠમ અને ચૌદશ તિથિમાં સ્વપતિનો પણ ત્યાગ કર. અભિગ્રહ લઈને હર્ષ પામેલી તેણે પતિને નિયમની વાત કરી. કર્મલઘુતાના કારણે તેણે પણ ભાવથી તે નિયમનો સ્વીકાર કર્યો. ક્રમે કરીને ભાવની શુદ્ધિ થવાથી તે બંને સમ્યક્ત્વને પામ્યા. દુર્ગિલાએ પણ ક્રમે કરીને જ્ઞાનપંચમીનો તપ કર્યો. બંને કાલધર્મ પામીને સૌધર્મદેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવેલો દુર્ગત જીવ તમે અજિતસેન થયા છો, અને દુર્ગિલા જીવ તે આ શીલવતી સતી છે. તે જ્ઞાનની આરાધનાના પુણ્યથી વિશિષ્ટ મતિરૂપ વૈભવવાળી થઈ છે. આ સાંભળીને બંનેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તે બધું એમણે જાતે જ જાણ્યું. આથી ઉત્કટ વૈરાગ્યને પામેલા તે બંનેએ જલદી ચારિત્રનો સ્વીકાર કર્યો. ચારિત્રની ધુરાને લાંબા કાળ સુધી પાળીને તે બંને પાંચમા દેવલોકને પામ્યા. ત્યાંથી ચ્યવીને નિર્મલશીલના યોગથી (=પાલનથી) તે બંને કેવલજ્ઞાન પામીને મોક્ષમાં જશે.

નંદયંતી સતીનું દૃષ્ટાંત

હવે નંદયંતી સતીની કથા કહેવામાં આવે છે. તે આ પ્રમાણે:- કલ્યાણકારી અને અપાર મનુષ્યોવાળું શ્રી પોતનપુર નામનું નગર હતું. જાણે તેની અનેક પ્રકારની લક્ષ્મીને જોઈને (કાલોદધિ) સમુદ્ર શ્યામ થઈ ગયો. તે નગરમાં પ્રગટ પરાક્રમવાળો નરવિક્રમ નામનો રાજા હતો. આશ્ચર્ય છે કે તેની તલવાર [1]ધારાધર હોવા છતાં શત્રુસમૂહને સંતાપ પમાડતી હતી. તે નગરમાં જાણે લક્ષ્મીની દાનશાળા હોય તેવો સાગરપોત નામનો શ્રેષ્ઠી હતો. તેનો પવિત્ર આચારોમાં કુશળ સમુદ્રદત્ત નામનો પુત્ર હતો. પૂર્વે ઉપાર્જન કરેલા પુણ્ય સમૂહથી તેણે બાલ્યાવસ્થામાં પણ જેમ રત્નપરીક્ષક રત્નોને ગ્રહણ કરે તેમ સઘળી કળાઓ ગ્રહણ કરી લીધી. જેમ જંગલનો હાથી વિંધ્યાચલ પર્વતના વનને પામે તેમ સમુદ્રદત્ત ક્રમે કરીને યૌવનને પામ્યો. યૌવનમાં તેનો વિલાસ વિકાસ પામી રહ્યો હતો. તેનું યૌવન પ્રશસ્તમદનું મંદિર હતું.

આ તરફ સોપારનગરમાં નગરજનોના ઉત્કર્ષનો ભંડાર એવો નાગદત્ત નામનો શેઠ હતો. તેની નંદયંતી નામની કન્યા હતી. તે બાલ્યાવસ્થાને ઓળંગીને યૌવનને

---

૧. અહીં **ધારાધર** શબ્દ દ્વિઅર્થક છે. આશ્ચર્યના અર્થમાં **ધારા** એટલે વૃષ્ટિ, **ધર** એટલે ધારણ કરનાર, અર્થાત્ વૃષ્ટિને ધારણ કરનાર. તલવારના અર્થમાં **ધારા** એટલે તીક્ષ્ણધાર, અર્થાત્ તીક્ષ્ણધાર ધારણ કરનાર.

પામી, તે જિનધર્મમાં નિપુણ બુદ્ધિવાળી હતી, શીલરૂપી માણેકરત્નની ભૂમિ હતી, કામદેવરૂપી રાજાની રાજધાની હતી, શોભા સહિત હતી અને યુવાનોના મનને ખૂબ આનંદ પમાડતી હતી. જાણે વિધાતાના યોગ્ય પ્રયત્નને સત્ય બનાવવા માટે તત્પર થયો હોય તેમ સાગરપોતે પોતાના પુત્રની સાથે નંદયંતીને પરણાવી. જાણે ચિત્રવેલીને મેળવી હોય તેમ એકાંતે પ્રેમને અત્યંત ઇચ્છતી નંદયંતીને મેળવીને સમુદ્રદત્તના મનોરથો પૂર્ણ થયા. સહદેવ નામના બાલ્યકાળના મિત્રની સાથે ક્રીડા કરતા તેણે કેટલોક કાળ વિલાસથી પસાર કર્યો. એકવાર જુદા જુદા દેશોનું વિજ્ઞાન અને ધન મેળવવાની ઉત્કંઠાવાળા તેણે વહાણદ્વારા વેપાર કરવાની ઇચ્છાથી પિતાને પૂછયું, અર્થાત્ વહાણદ્વારા વેપાર કરવાની પોતાની ઇચ્છા પિતાને જણાવી. પિતાએ કહ્યું: મારી પાસે કરોડોની સંખ્યામાં ધન છે. તેથી હે પુત્ર! તે ધનને તું ભોગવ. ઘરના આંગણામાં કલ્પવૃક્ષ ફળેલું હોય તો જંગલમાં કોણ જાય? સમુદ્રદત્ત બોલ્યો: હે પિતાજી! પૂર્વજોએ ઉપાર્જન કરેલી લક્ષ્મીને કાયરપુરુષો જ ભોગવે છે. કારણ કે જેમ યૌવનમાં (માતાને ધાવવી, માતાની સાથે શયન કરવું વગેરે રીતે) માતા ભોગવવા યોગ્ય નથી, તેમ પિતાની લક્ષ્મી ભોગવવા યોગ્ય નથી. આ પ્રમાણે પુત્રની ઉત્સાહથી મનોહર વાણીને સાંભળીને સાગરપોત શોક અને આનંદ એ બંને અવસ્થાથી યુક્ત બન્યો. તેણે ગદ્‌ગદ વાણીથી આ પ્રમાણે કહ્યું:- પિતાએ ઉપાર્જન કરેલા ધનથી અપ્રશસ્ત મદવાળા બનેલા ઘણા લોકો હોય છે, પોતે ઉપાર્જન કરેલા ધનથી દાન કરનારા અને સુખ ભોગવનારા વિરલા જ હોય છે. આ પ્રમાણે બોલતા તેણે જેમ માગનાર માગેલા ધનને પ્રામાણિક કરાવે તેમ પોતાનો આગ્રહ કોઇપણ રીતે પ્રામાણિક કરાવ્યો. પછી મિત્રની સાથે જવા માટે ઉત્કંઠાવાળા થયેલા સમુદ્રદત્તે સ્વજનોને પૂછીને (=કહીને) શુભ નક્ષત્રમાં વહાણ કરિયાણાથી ભર્યું. તે વખતે સમુદ્રદત્તે મિત્રને કહ્યું: મેં પત્ની સિવાય બીજા સ્વજનોને પૂછયું (=કહ્યું) છે, અર્થાત્ પત્નીને પૂછયું (=કહ્યું) નથી. કારણ કે તે વખતે પત્ની ઋતુવંતી બની હતી. મિત્રે કહ્યું: લાંબા કાળથી સ્નેહવાળો હું તારી પાસે હોવા છતાં જો તને ચિંતા પીડા કરે છે તો કલ્પવૃક્ષના સેવકો દીન બનેલા જાણવા. જેમનો આત્મા દાક્ષિણ્ય, કુલમર્યાદા અને લજ્જાથી બંધાયેલો છે એવા પુરુષોને અને સ્વેચ્છા પ્રમાણે પ્રેમ કરનારાઓને મિત્ર સિવાય બીજું કોઈ ઔષધ નથી.

મર્યાદાવાળો હોવા છતાં રાગરૂપી સમુદ્રની લહરીઓને આધીન બનેલો સમુદ્રદત્ત રાતે કોઇને પણ ખબર ન પડે તે રીતે પોતાના ઘરના દ્વાર પાસે આવ્યો. ત્યાં તેણે સુરપાલ નામના દ્વારપાલને રત્નની વીંટી આપી અને વીંટીને સાચવવી એમ કહ્યું. પછી તે પોતાના વાસભવનની પાસે આવ્યો. ત્યાં તેણે જાળીના આંતરામાંથી થોડા પાણીમાં માછલીની જેમ અત્યંત વ્યાકુલ બનેલી પત્નીને જોઈ. પ્રિયા શું કરે છે એમ વિચારીને સમુદ્રદત્ત પત્નીને જોઈ રહ્યો છે તેટલામાં અરતિવાળી બનેલી મહાસતી નંદયંતી ઘણા

કાળથી નિદ્રા નહિ આવવાના કારણે શય્યામાંથી ઉઠીને ઉદ્યાનમાં ગઈ. ઉદ્યાનનું શિલાતલ ચંદ્રના પ્રકાશથી ઉજ્જવલ બન્યું હતું. પતિવિયોગની પીડાથી દુઃખી બનેલી પતિવ્રતા સતી તે શિલા ઉપર સૂતી. તેણે શિલાને બળતા અંગારાની ગાડી જેવી માની. હવે તે કોમળ સ્પર્શવાળા અશોક–વૃક્ષના પાંદડાંઓને શિલાતલ ઉપર પાથરીને સૂતી. ફરી તેણે ચંદ્રનાં કિરણોને દંડ જેવા જાણ્યાં. વિલાપ કરતી તે બોલી હા! જલદી જવાની ઇચ્છાવાળા પતિએ તે વખતે મને બોલાવી પણ નહિ. તેથી આ પ્રમાણે મારા નિરર્થક આ જીવનથી શું? પતિના વિયોગથી વિહ્વલ બનેલી સતી નંદયંતી પતિના ગુણોને યાદ કરી કરીને ફાંસો ખાવાની ઇચ્છાવાળી થઈ અને એથી ઘરની પાસેના બગીચાના વૃક્ષની પાસે ગઈ. ત્યાં ભવે ભવે ગુણોનો ભંડાર તે જ મારો પતિ થાઓ એમ બોલી. પછી તે જેટલામાં પોતાના ઉપરના વસ્ત્રથી (=સાડીથી) વૃક્ષશાખામાં ફાંસો ખાવાના બંધનથી પોતાની કાયાને બાંધે છે તેટલામાં સમુદ્રદત્તે કુદીને ફાંસાને છેદી નાખ્યો. પછી સમુદ્રદત્ત તે જ વખતે ઉછળતા અતિશય રાગથી તે દિવસે નાહેલ તેને, જેમ લોહચુંબક લોઢાની કોશને ભેટે તેમ, ભેટ્યો. અર્થાત્ સમુદ્રદત્તે તેની સાથે કામક્રીડા કરી. પછી પ્રસન્ન થયેલી પત્નીને પૂછીને (=કહીને) ફરી તે વહાણમાં આવ્યો. કર્મની અનુકૂલતાથી તે સમુદ્રના પારને પામ્યો.

ગર્ભવતી અને ગુપ્ત ઉદરવાળી નંદયંતીએ હર્ષ પામીને સુખપૂર્વક ત્રણ માસ પસાર કર્યા. જેમ વજ્રની ભૂમિમાં વજ્રની સળી અને ધનવાળી ભૂમિમાંથી નિધાન પ્રગટ થાય તેમ ક્રમે કરીને તેનો ગર્ભ કંઈક પ્રગટ થયો. સસરાએ કલ્પના કરી કે મારી પુત્રવધૂ ચોક્કસ અસતી છે. કારણ કે પુત્રે પ્રયાણ કર્યું ત્યારે આ ઋતુવંતી હતી. કહ્યું છે કે– માત્ર ઉપરથી સદાચારવાળા વર્તનથી સ્ત્રીઓમાં વિશ્વાસ ન કરવો. તેવી સ્ત્રીઓ કિંપાકફળના ભક્ષણની જેમ પરિણામે અશુભ ફલવાળી થાય છે તેથી ચોક્કસ આને ચાંડાલણની જેમ અમારી પંક્તિમાંથી દૂર કરવી જોઇએ. જેથી નિષ્કલંક અમારા કુળમાં ગળીનો ચાંદલો=ડાઘ ન થાય. આ પ્રમાણે વિચાર્યા પછી પુત્રવધૂનો તત્કાલ ત્યાગ કરવાની ઇચ્છાવાળા શેઠે નિષ્કરુણ નામના માણસને કહ્યું કે, આ પુત્રવધૂનો વનમાં ત્યાગ કર. તે પણ કોઈ પણ બહાનાથી સતીને જંગલમાં લઇ ગયો. જેમ સર્પની કાંચળીના ભ્રમથી મોતીની માળાને મૂકી દે તેમ તેણે સતીને જંગલમાં જલદી મૂકી દીધી. તેણે સતીને કહ્યું: હે શ્રેષ્ઠ સ્ત્રી! કોઈ કારણથી તને જંગલમાં છોડી દેવા મને કહ્યું છે. આથી હવે તું તારી મરજી મુજબ જ્યાં જવું હોય ત્યાં જા. આ પ્રમાણે કહીને તે જેટલામાં પાછો ફરે છે તેટલામાં ઓચિંતા આવી પડેલા સંકટના ભયથી ગભરાયેલી મહાસતી મૂર્છા ખાઈને મૂળથી છેદાયેલી વેલડીની જેમ ભૂમિ ઉપર પડી. વનના ઘણા ઠંડા પવનથી તેની મૂર્છા દૂર થતાં તે બોલીઃ હહા! કયા અપરાધથી મારો ત્યાગ કર્યો? આ

પ્રમાણે કહીને તે રડવા લાગી. તે વખતે વૃક્ષના આંતરે રહેલો નિષ્કરુણ જેટલામાં જોઇ રહ્યો છે તેટલામાં સિંહ અને વાઘ વગેરે પ્રાણીઓ સતીને દૂરથી નમીને પોતાના માર્ગે ચાલ્યા ગયા. શાસનદેવીએ વિષનું ભક્ષણ કરતી સતીનું રક્ષણ કર્યું, અને મરવાની ઇચ્છાવાળી તેનો ફાંસો કાપી નાખ્યો. પંચનમસ્કાર (મહામંત્ર)નું સ્મરણ કરીને તેણે પર્વતના શિખર ઉપરથી ઝંપાપાત કર્યો ત્યારે પણ તે જ દેવીએ વચ્ચે પલંગ પ્રગટ કરીને તેનું રક્ષણ કર્યું. તે વિચારવા લાગીઃ પતિ અને પિતા વગેરેથી તજાયેલી મને યમ પણ ગ્રહણ કરવાની ઇચ્છા રાખતો નથી. ભાગ્ય શું મારું બીજું પણ (અનિષ્ટ) કરશે? આમ વિચારીને તે ખિન્ન બની ગઈ. તે પોતાના જન્મ વગેરેને નિંદવા લાગી. અવશ્ય થનારા કર્મને જાણતી તે સતી યૂથથી ભ્રષ્ટ બનેલી હરણીની જેમ આગળ ચાલી.

આ તરફ શિકાર માટે નીકળેલા ભૃગુકચ્છ નગરના શ્રીપદ્મનામના દયાળુ રાજાએ તે સતીને જોઇ. તેણે સતીને મધુરવાણીથી બોલાવી. સતીએ કહેલું તેનું વૃત્તાંત જાણ્યું. પછી રાજા તેને બહેન કરીને પોતાના નગરમાં લઈ ગયો. રાજાએ સતીને કહ્યુંઃ હે ભગિની! પતિની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી દાનશાળામાં દીન–યાચકવર્ગને દાન આપતી તું સુખપૂર્વક રહે. ઉચક મનવાળી અને પતિનું ધ્યાન કરતી નંદયંતી તે કાળને ઉચિત અને ધર્મને અનુસરતા એવા દાનને કરતી સુખપૂર્વક રહી. તે વખતે તે જંગલમાંથી તુરત પાછા ફરેલા નિષ્કરુણે શેઠને સતીના શીલનો પ્રભાવ કહ્યો. પૂર્વે સાગરપોતે પોતાના કામ માટે દ્વારપાલ સુરપાલને નંદયંતીના પિતાના ઘરે મોકલ્યો હતો. તે સુરપાલ પણ ઘણા સમય પછી અત્યારે નંદયંતીના પિતાના ઘરેથી આવ્યો. તેની સાથે નાગદત્તે પોતાની પુત્રી માટે આભૂષણો વગેરે મોકલ્યું હતું. તે આભૂષણો વગેરે નંદયંતીને આપવાની ઇચ્છાવાળા સુરપાલે પૂછયુંઃ અહીં નંદયંતી કેમ દેખાતી નથી? સાગરપોતે તેનો વૃત્તાંત કહ્યો. વિષાદવાળા સુરપાલે રડતાં રડતાં કહ્યુંઃ પતિવ્રતાનો નિરર્થક ત્યાગ કર્યો. તે વખતે ગયેલો પણ તમારો પુત્ર રાતે ગુપ્તપણે આવ્યો હતો, અને આપની પુત્રવધૂનો સંગ કરીને ફરી વહાણમાં ચાલ્યો ગયો હતો. તે વખતે તમારા પુત્રે મને (મારા આગમનની વાત અનિવાર્ય કારણ વિના કોઇને ન કરવી એવા) સોગંદ આપ્યા હતા અને (આગમનના પુરાવા માટે) નામથી અંકિત પોતાની આ વીંટી મને આપી હતી. આમ કહીને સુરપાલે તે વીંટી સાગરપોતને બતાવી. તેથી શોક સાગરમાં પડેલા સાગરપોતે પુત્રવધૂની શોધ કરવા માટે તેને આજ્ઞા કરી અને પોતે પણ (શોધ કરવા) ચાલ્યો.

આ તરફ સમુદ્રદત્તે કરિયાણું વેચ્યું અને ખરીદ્યું. ઘણા લાભથી યુક્ત બનેલો તે અવસરે સુખપૂર્વક ઘરે આવ્યો. નંદયંતીનો વૃત્તાંત સાંભળીને તેણે પોતાનો આકાર છુપાવી દીધો, અર્થાત્ અંતરમાં ઉત્પન્ન થયેલા ક્રોધાદિ ભાવોને બહાર ન જણાવા દીધા.

પછી તે કેટલાક માણસોને અને ભાતું સાથે લઈને પત્નીને શોધવા માટે ચાલી નીકળ્યો. ગામ, કર્બટ અને [1]ખેટ વગેરે નગરો, અને જંગલની ભૂમિમાં ઘણા કાળ સુધી તે ભમ્યો. પછી ભાતું ખૂટી જવાથી નોકરો પાછા જતા રહ્યા. તેથી એકલો પણ તે મિત્રની જેમ નંદયંતીને યાદ કરતો કરતો ઘણા કાળ સુધી પૃથ્વી ઉપર ભમ્યો. કંદ, મૂલ અને ફળોનું ભક્ષણ કરીને પોતાનો નિર્વાહ કરતો હતો. (પરિભ્રમણ કરવાથી) તેનું પેટ કૃશ થઈ ગયું, તેના શરીરનું તેજ ઘટી ગયું, હાથ અને પગ કૃશ થઈ ગયા. ફરતો ફરતો તે ક્રમે કરીને ભૃગુકચ્છ નગરમાં ગયો. ક્ષુધાથી ઘેરાયેલો તે ત્યાં જ દાનશાળામાં ગયો. નયનો માટે અમૃત સમાન પોતાની પ્રિયાને જોઇને ઓળખી લીધી. નંદયંતીને પણ તેને જોઈને તત્કાલ આનંદ થયો. પ્રગટેલા અનુરાગના લક્ષણોથી તેણે "આ પતિ છે" એવો હૃદયમાં નિર્ણય કર્યો. સંભ્રમ સહિત ઊભી થઈને પોતાનું ઔચિત્ય કરીને જાણે નુંછણુ કરતી હોય તેમ તેને દૃષ્ટિથી સ્પૃહાપૂર્વક જોયો. બંનેની પરસ્પર દૃષ્ટિ મળતાં સતીને પૂર્વની દુઃખ ભરેલી દુર્દશા યાદ આવી. તે વખતે સતી જાણે ભાદરવા માસની વૃષ્ટિ હોય તેવી થઇ, અર્થાત્ તેની આંખોમાંથી અતિશય આંસુઓ વહેવા માંડ્યા. તે વખતે આંસુવાળા પતિએ અમૃતવૃષ્ટિ જેવા પોતાના હાથરૂપી કમળથી સતીની આંખોને સાફ કરીને તેને આશ્વાસન આપ્યું. સમુદ્રદત્ત લાંબા કાળના પ્રવાસથી ખિન્ન થઈ ગયો હોવા છતાં પત્નીના મુખરૂપી ચંદ્રને જોવાથી (સમુદ્રની જેમ) આનંદરૂપી જલના તરંગોથી પરિપૂર્ણ બન્યો. નંદયંતીના પતિને ત્યાં આવેલો જાણીને, જેમ કામદેવ વસંતઋતુની સામે જાય તેમ, રાજા આદરપૂર્વક તેની સામે ગયો. તેને કુશલ સમાચાર પૂછ્યા. પછી તેને બંધુની જેમ પોતાના ઘરે લઈ ગયો. વૈદ્યના ઔષધપ્રયોગોથી તેને ક્રમે કરીને પુષ્ટ બનાવ્યો. ક્રમે કરીને સાગરપોત શેઠ અને સુરપાલ વગેરે જેમ આત્માઓમાં કર્મો ભેગા થાય તેમ, ત્યાં ભેગા થયા.

આ તરફ કેવલજ્ઞાનીરૂપી સૂર્યનું ત્યાં આગમન થયું. તેમને વંદન કરવા માટે સમુદ્રદત્ત વગેરે પરિવાર સહિત ગયા. દેશના પૂર્ણ થયા પછી નંદયંતીએ પૂછ્યું: હે ભગવંત ! કયા કર્મથી મને આ કલંક આવ્યું ? આમ પૂછીને નંદયંતીએ પોતાનો પૂર્વભવ પૂછ્યો. ભગવંતે કહ્યું: પૂર્વભવમાં યજ્ઞના ઉત્સવમાં ભિક્ષા માટે આવેલા સાધુ ઉપર નંદયંતીના જીવે "આ શૂદ્ર છે" એ પ્રમાણે દ્વેષારોપણ કર્યું. એના સસરા વગેરે બધાએ એનું અનુમોદન કર્યું. આ કર્મ સામુદાયિક હોવા છતાં (=સામુદાયિકપણે બંધાયેલું હોવા છતાં) તારામાં જ દૃઢ બન્યું. તેથી તું મહાસતી હોવા છતાં જેમ લોકો પૂર્ણચંદ્રમાં કલંકની સંભાવના કરે છે તેમ, સસરાએ તારા વિષે આ કલંકની

---

૧. કર્બટ અને ખેટ એ બંને અમુક પ્રકારના નગર છે. ખરાબ નગરની કર્બટ સંજ્ઞા છે, અને પર્વત વગેરેથી ઘેરાયેલા નગરની ખેટ સંજ્ઞા છે.

સંભાવના કરી. આ સંસારમાં જે કર્મોના ભાવોની આલોચના કરી નથી તે કર્મો, અર્થાત્ જે ભાવોથી કર્મો બંધાયાં હોય તે ભાવોની આલોચના ન કરવામાં આવે તો બંધાયેલાં તે કર્મો, તોફાની ઘોડાઓની જેમ, જીવોને સંસારરૂપી અટવીમાં નિરંતર ભમાડે છે. પુણ્યશાળી જીવો શ્રી જિનેશ્વરે કહેલા ધર્મને આદરથી કરીને ક્રમે કરીને સ્વર્ગ અને મોક્ષના સંબંધવાળા થાય છે અને એથી તે જીવો શ્રેષ્ઠ ઐશ્વર્યવાળા બને છે. આ પ્રમાણે સાંભળીને નંદયંતી સતી ભવવૈરાગ્યરૂપી સાગરમાં પડી, અર્થાત્ તેને સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો. જેમ છીપ મોતીને ધારણ કરે તેમ તેણે ચિત્તમાં વ્રતના મનોરથને ધારણ કર્યો. હવે નંદયંતીએ ગૃહસ્થોનાં વ્રતોનો સ્વીકાર કરીને ગરીબોનો ઉદ્ધાર વગેરે કાર્યોથી પોતાનો જન્મ સફલ કર્યો. નંદયંતી મહાસતી લાંબા કાળ સુધી આ પ્રમાણે ગૃહસ્થધર્મને પાળીને, અંતે ચારિત્રને સ્વીકારીને, આત્મ વિશુદ્ધિથી (બધાં) કર્મોને ખપાવીને મોક્ષસુખને પામી.

મનોરમાનું દૃષ્ટાંત

હવે મહાસતી મનોરમાની કથાનો અવસર છે. આ મનોરમા જે સુદર્શનશેઠની પત્ની હતી તે જાણવી. તેના શીલનું માહાત્મ્ય આ પ્રમાણે છેઃ— જ્યારે અભયારાણીએ શ્રી સુદર્શનશેઠ ઉપર ઉપસર્ગ કર્યો ત્યારે મનોરમાએ કાયોત્સર્ગ કર્યો. એ કાયોત્સર્ગથી આકૃષ્ટ થયેલી શાસનદેવીએ જિનધર્મની તેવા પ્રકારની પ્રભાવના કરી. મનોરમાનું જિનધર્મની પ્રભાવના રૂપ આ શીલમાહાત્મ્ય સુદર્શનશેઠના દૃષ્ટાંતમાંથી જ જાણી લેવું.

રોહિણીનું દૃષ્ટાંત

હવે રોહિણી મહાસતીના દૃષ્ટાંતને શ્રોતાઓના કર્ણોનું આભૂષણ કરવામાં આવે છે. તે આ પ્રમાણે :— શ્રી પાટલીપુત્ર નગર હતું. તેની સમૃદ્ધિથી અંતરમાં બળેલો યક્ષોનો અધિપતિ [1]કુબેર (=ખરાબ શરીરવાળો) એ પ્રમાણે પ્રસિદ્ધ થયો. તે નગરમાં શત્રુઓને ત્રાસ પમાડનાર શ્રીનંદ રાજા હતો. તેની (ચંદ્રથી અધિક ઉજ્જવલ) કીર્તિથી ઘણા કાળથી તિરસ્કાર કરાયેલ ચંદ્ર આકાશમાં આનંદ પામતો ન હતો. તે નગરમાં ધનાવહ નામનો શેઠ હતો. તે અન્ય દ્વીપોની લક્ષ્મીની શાળારૂપ હતો, અર્થાત્ અન્ય દ્વીપોમાં રહેલી લક્ષ્મી તેની પાસે આવતી હતી. ધનવડે તે જાણે કુબેરનો વણિકપુત્ર હોય તેવો જણાતો અને હતો. તેની રોહિણી નામની પત્ની હતી. જાણે કલંકિત ચંદ્રને છોડીને પૃથ્વીમાં આવેલી અને વિશ્વના સઘળા જીવોને મોહ પમાડનારી (ચંદ્રની પત્ની) રોહિણી હોય તેવી તે જણાતી હતી. ધનાવહ શેઠ એકવાર પત્નીને કહીને સમુદ્રમાર્ગની મુસાફરી કરવા ગયો. વેપારીઓ પ્રાયઃ

---

૧. સંસ્કૃતમાં **वेर** શબ્દ છે. વેર એટલે શરીર. **वबयोरैक्यं** એ નિયમથી વેર એટલે **बेर**, **कुत्सितं बेरं यस्य सः कुबेरः**, જેનું શરીર ખરાબ=બેડોળ છે તે કુબેર. અંતરમાં બળતો હતો માટે તેનું શરીર બેડોળ થયું એમ કવિકલ્પના છે.

પરદેશમાં રહેનારા હોય છે. ત્યારથી સખીવૃંદથી યુક્ત રોહિણી મસ્તકમાં વેણી બાંધીને, અર્થાત્ વાળ ઓળવાનું બંધ કરીને, ધર્મકાર્યોથી દિવસો પસાર કરવા લાગી.

આ તરફ ધૂળ અને કદંબપુષ્પોના સમૂહની રેણુથી આકાશને ધોળા અને પીળા રંગવાળું કરનાર ગ્રીષ્મકાળે તાપના યૌવનને ઉતાર્યું, અર્થાત્ ઘણા તાપવાળો ઉનાળો આવ્યો. ઉદ્યાનની લક્ષ્મીને સફલ કરવા જતા શ્રીનંદરાજાએ ઘામથી પીડાયેલી અને ઝરુખામાં રહેલી રોહિણીને જોઇ. ઘણા કાળથી (પતિના) વિરહવાળી અને સુંદર લાવણ્યની રચનાથી શોભતી રોહિણીને જોઈ જોઈને તે કામથી અત્યંત હણાયો. તેથી તે ઉદ્યાન ક્રીડાને ભૂલી ગયો. લજ્જાથી રહિત ચિત્તવાળા તેનો સંતાપ ઘણો થઈ ગયો. તે ત્યાંથી પાછો ફરીને ઘરે ગયો. કામરૂપી [1]અપસ્મારથી ઢંકાઈ ગયેલી ચેતનાવાળા રાજાએ દૂતીને ભેટણાંઓ આપીને રોહિણી પાસે મોકલી. તેની પાસે જઇને દૂતીએ કહ્યું: હે સુભ્રુ ! આજે તારા ઉપર કામદેવ તુષ્ટ થયો છે, જેથી શ્રીનંદરાજા પોતે તને ચાહે છે. તેથી તેનો સંગ કરીને સુંદર યૌવનને સફલ કર. આ સાંભળીને જેને રોષ ઉત્પન્ન થઈ રહ્યો છે એવી રોહિણીએ મનમાં વિચાર્યું: અહો ! પોતાના કુલને વિચાર્યા વિના નિરંકુશ રાજા ઉન્મત્તહાથીની જેમ મારા શીલરૂપી વૃક્ષને ભાંગશે. તેથી તે જ્યાં સુધી પોતાની ધારણા ન છોડે ત્યાં સુધીમાં તેને ઉપાયોથી બોધ પમાડવો જોઇએ. આ પ્રમાણે વિચારીને સતીએ દૂતીને મધુરવાણીથી કહ્યું: હે સખી ! સ્ત્રીઓ સ્વભાવથી સુંદર પુરુષને ઇચ્છે છે. મને તો રાજા સ્વયં ઇચ્છે છે. તેથી આ દૂધમાં સાકર સમાન થયું. પણ ચંદ્ર અને લક્ષ્મીની જેમ અમારું કુલ નિર્મલ છે. તેથી સુંદર પુરુષોમાં શ્રેષ્ઠ રાજા રાતે ગુપ્તપણે આવે. આ પ્રમાણે રાજાનું ભેટણું લઇને અને પોતે પણ રાજા માટે ભેટણું આપીને મહાસતીએ પ્રસન્ન થયેલી દૂતીને જલ્દી રજા આપી. દૂતીએ સતીના વચનરૂપ અમૃતથી શ્રીનંદરાજાને આનંદ પમાડ્યો. રાજાએ તે દિવસને એક વર્ષ સમાન પસાર કર્યો. જાણે શ્રીનંદરાજાના હૃદયમાંથી પ્રગટ થયો હોય તેવા ઘણા અંધકારથી દિશાઓનું મંડલ ચારે બાજુથી મલિન થયું ત્યારે, શ્રેષ્ઠ શૃંગારો કરીને, સેવકોને રજા આપીને, અને મશ્કરા મંત્રીને સાથે લઇને રાજા રોહિણીના ઘરે ગયો. સહસા ઊભી થયેલી દાસીઓએ રાજાનો સત્કાર કર્યો. રાજા જાણે મનોરથ ઉપર બેસતો હોય તેમ ઊંચા સિંહાસન ઉપર બેઠો. પછી રાજાએ દૃષ્ટિને દૂતીની જેમ ચારે બાજુ ફેરવી. રોહિણી પણ ભૂમિ ઉપર દૃષ્ટિ રાખીને રાજાની આગળ આવી. રાજાની (હર્ષના આંસુઓથી) ભીની થયેલી, ચારે બાજુ ત્રાંસી ફેલાતી અને ચંચળ એવી આંખો મૃગના જેવી આંખોવાળી રોહિણીને જોઇને જડ બની ગઈ.

રાજા ધિઠ્ઠાઇ ધારણ કરીને જેટલામાં કહેવાનો પ્રારંભ કરે છે તેટલામાં રોહિણીએ સખીવૃંદને રાજા માટે રસોઈ લાવવાની આજ્ઞા કરી. પછી રોહિણીએ રાજાની આગળ

---

૧. અપસ્માર=વાઈનો રોગ. તે રોગમાં જીવને શુદ્ધિ રહેતી નથી.

એક મોટો થાળ મૂકયો. પછી તે થાળને જાણે પોતાના ગુણોથી ભરતી હોય તેમ મનોહર ફલોથી ભર્યો. પહેલાંથી શિખવી રાખેલી દાસીઓએ નવાં નવાં વસ્ત્રોથી ઢાંકેલી નાની તપેલીઓ રાજાની આગળ મૂકી. જાણે પોતાની મરજી મુજબ રોહિણીના લાવણ્ય રસને જલદી પી પીને તૃષાથી પીડાયેા હોય તેમ રાજાએ રોહિણી પાસે સરબતની માગણી કરી. તેથી રોહિણીએ નવી નવી તપેલીમાંથી તેને સ્વાદ ચખાડયો. તેણે બધી તપેલીઓમાં એક જ સ્વાદનો અનુભવ થયેા. આથી વિસ્મય પામેલા રાજાએ રોહિણીને કહ્યું: જેમ પકવાન્નોની સાથે શાકોના સ્વાદમાં ભેદ પડે છે તેમ હે મુગ્ધા! જુદા જુદા ઢાંકણાઓથી શું સ્વાદમાં ભેદ પડે? રોહિણી બોલી: હે રાજન્! અહીં મૃગની જેમ તૃષ્ણા તરફ દોડતો કોણ મુગ્ધ છે તે વિવેકપૂર્વક વિચારવાથી આપને ખબર પડશે. જો તપેલીના ઢાંકણાના ભેદથી સ્વાદમાં ભેદ ન થાય તો શું રૂપ અને વેષ વગેરેના ભેદથી સ્ત્રીઓમાં ભેદ થાય? જેમ કોઈ ભ્રાંતિથી આકાશમાં અનેક ચંદ્રોને જુએ તેમ કામુક પુરુષ કામરૂપ ભ્રમની ભ્રાંતિથી સ્ત્રીઓમાં મોહ પામે છે. જેમ સૂર્યકાંત મણિ સૂર્યદર્શનથી અતિશય પ્રજ્વલિત બને છે તેમ મૂઢ પુરુષોનો કામરૂપી અગ્નિ સ્ત્રીદર્શનથી અતિશય પ્રજ્વલિત બને છે. વળી– હે દેવ! આપ જ પ્રજાના પિતાતુલ્ય છો. આપ જ બધા લોકોનું ભેદભાવ વિના રક્ષણ કરનારા છો. જો આપનાથી પણ અન્યાયની પ્રવૃત્તિઓ પ્રગટ થાય તો ચંદ્રમાંથી અંગારાની વૃષ્ટિ થઈ ગણાય. ન્યાયયુક્ત પણ વિષયનું સુખ નરકદુઃખોની ખાણ છે, સુગતિરૂપી સંપત્તિઓનો ક્ષય કરનાર છે, પાપોનું નગર છે, તો પછી જે આ અન્યાયયુક્ત વિષયસુખ છે તેના માટે શું કહેવું? તેથી આપ કુલાચારને યાદ કરો, સુવિચારરૂપી માર્ગનો ત્યાગ ન કરો. આ પ્રમાણે રોહિણીના વચનથી રાજાના જ્ઞાનરૂપી નેત્રો ઉઘડી ગયા. આથી રાજાએ અન્યાયરૂપ ચાંદાને રુઝવનારી રોહિણીની પાસે પોતાના અપરાધની ક્ષમા માગી. તેણે રોહિણીને કહ્યું: હે ભદ્રા! દુરાચારનો ઉપદેશ આપનારા પગલે પગલે હોય છે, પણ હિતકર વસ્તુનું દાન કરનારા (=હિત માટે ઉપદેશ આપનારા) કોઇક વિરલા જ હોય છે. તેં આ અપજશરૂપ અંધકારવાળા મહાન કૂવામાંથી મારો ઉદ્ધાર કર્યો છે. તેથી પરમાર્થથી તું મારી બહેન છે, અથવા ગુરુ છે. આ પ્રમાણે સતીને કહીને સત્કાર્ય કરનાર નંદરાજા સતીના ગુણોના ઉત્કર્ષને યાદ કરતો કરતો પોતાના ઘરે ગયેા.

આ તરફ ધનાવહને લાંબા કાળના વિરહથી પત્નીને મળવાની ઉત્કંઠા થઈ. તે અન્ય દ્વીપમાંથી ધન મેળવીને ઘરે આવ્યેા. રોહિણીએ પણ ધનાવહના મુખરૂપી ચંદ્રની જ્યોત્સ્નારૂપી અમૃતમાં તરીને પોતાના નેત્રોરૂપી નીલકમલોને લાંબા કાળે કૃતાર્થ કર્યા. કયારેક વાચાળ દાસીના મુખથી રાજાના આગમનનો વૃત્તાંત સાંભળીને ધનાવહે હૃદયમાં આ પ્રમાણે વિચાર્યું:– વાનર મધપુડાને, ભૂખ્યેા માણસ આહારને અને કાગડો નિર્જનસ્થાનમાં દહીંની ઘડીને પામીને શું મૂકી દે? તે પ્રમાણે લાવણ્યરૂપી અમૃતની

નીક સમાન મારી આ પત્ની રાજાના નેત્રોના અતિથિપણાને પામીને સુશીલવાળી કેવી રીતે રહે? આ પ્રમાણે અંતરમાં કલ્પેલા ઘણા વિકલ્પોવાળો તે ધનાવહ કૂવામાં સૂતેલા ગ્રાહ નામના જલચર પ્રાણીની જેમ રાતે નિશ્ચલ થઈને રહ્યો. જાણે એના ચિત્તની કલુષતાને ધોવા માટે સમર્થ હોય તેવા વાદળોએ વર્ષાકાલે વૃષ્ટિ કરવાનું શરૂ કર્યું. કસોટીના પથ્થર સમાન લાંબા આકાશમાં જાણે રોહિણીના શીલરૂપી સુવર્ણની પરીક્ષા કરવા માટે વિધાતાએ રેખા કરી હોય તેમ વિજળી શોભી સાત દિવસો સુધી અતિશય વૃષ્ટિ થઈ. ફેલાતું નદીના પાણીનું પૂર નગરના દરવાજા સુધી આવ્યું. જેમ પરચક્રથી ભય પામે તેમ આ પૂરથી ભય પામેલા નગરની બહારના લોકોએ, જેમ બીજાનો સમૂહ ફલને ભરી દે તેમ, તે નગરને ભરી દીધું. નદીનું પૂર અત્યંત નજીકમાં આવી ગયું. તેથી રાજાએ જલદી નગરની પોળોના દરવાજા બંધ કરાવી દીધા. જેમ સમુદ્રનું પાણી વેદિકા ઉપર ચઢે તેમ નદીનો પ્રવાહ કિલ્લાની ભીંત ઉપર ચઢવા માંડ્યો એટલે ભય પામેલો રાજા પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યો. ઇષ્ટદેવના કહેવાથી રાજાએ તત્કાલ રોહિણીને બોલાવીને જાતે જ નગરીના દરવાજા ઉપર ચડાવી. પરમેષ્ઠિનમસ્કાર મંત્રને ગણવાપૂર્વક હથેળીમાં પાણી લઈને રોહિણી બોલીઃ હે ગંગા! જો મારું શીલ તારા શરીરની જેમ મન-વચન-કાયાથી શુદ્ધ હોય તો તું આ નગરથી જેમ ગરુડથી નાગસેના પાછી ફરી તેમ પાછી ફર. આ પ્રમાણે કહીને જેટલામાં હાથમાં રહેલું પાણી પૂરના પાણી ઉપર સિંચવાને ઇચ્છે છે તેટલામાં માયાની જેમ તે પૂર અદૃશ્ય થઈ ગયું. તે વખતે ગંગાનદીના પાણીની સાથે લોકોના ચિત્તમાંથી ભીતિ અને રોહિણીના પતિમાંથી વિકલ્પબુદ્ધિ જલદી પાછી ફરી. અહો શીલ! અહો! આ જૈનધર્મ! આ પ્રમાણે પૃથ્વી ઉપર અને આકાશમાર્ગે ઊંચા અવાજથી આશીર્વાદ ઉચ્ચાર્યા. પછી રોહિણીની મિથ્યાત્વનો નાશ કરનારી દેશનાવાણીથી રાજા જૈનધર્મની સન્મુખ થયો. રાજાએ રોહિણીની સાથે નગરની ચૈત્યપરિપાટી કરીને રોહિણીને ઉત્સવપૂર્વક ઘરે પહોંચાડી. ધનાવહ શેઠે પણ નગરજનો સહિત રાજાનો હર્ષથી સત્કાર કરીને રજા આપી. રોહિણીનાં નિર્મલ ચરિત્રો લોકમાં ફેલાયાં. શીલના માહાત્મ્યને જોવાથી ધનાવહશેઠ વગેરે બધા મોક્ષલક્ષ્મીનું આકર્ષણ કરનારા જૈનધર્મને સદા આદરવા લાગ્યા. તે રોહિણી આ પ્રમાણે જૈનધર્મ સંબંધી પ્રભાવનામય શીલનું પાલન કરીને અને મનુષ્યજન્મને સફળ બનાવીને સુકૃતની અતિશય સ્થિરતાને પામી, અર્થાત્ તેને ભવાંતરમાં પણ સુકૃતોની પ્રાપ્તિ થઈ. [૫૬]

હવે શીલવંત મનુષ્યોનો સંગ પણ બહુ ગુણકારી છે એમ કહે છેઃ—

सीलकलिएहिं सद्धिं, संगोवि हु बहुगुणावहो होइ ।
कप्पूरसइज्झत्तंपि, कुणइ वत्थूण सुरहित्तं ॥५७॥

ગાથાર્થઃ— શીલવંત મનુષ્યોનો સહવાસ પણ અવશ્ય બહુ ગુણકારી બને છે. કપૂરની સાથેનો વાસ પણ વસ્તુઓને સુગંધી કરે છે.

ટીકાર્થ:- ગંધરહિત વસ્તુમાં પણ કપૂરના સહવાસથી કપૂરની સુગંધ આવે છે. આગમમાં કહ્યું છે કે-**"જે જેવાની મૈત્રી કરે છે તે થોડા જ કાળમાં તેવો બની જાય છે. પુષ્પોની સાથે રહેતા તલ પણ પુષ્પની ગંધવાળા બની જાય છે."** [૫૭]

શીલરહિતના તો બાકીના અનેક ગુણો પણ ગુણ નથી એમ કહે છે:—

सयलोवि गुणग्गामो, सीलेण विणा न सोहमावहइ ।
नयणविहूणंव मुहं, लवणविहूणा रसवइव्व ॥५८॥

ગાથાર્થ:- જેમ ચક્ષુથી રહિત મુખ અને લવણથી રહિત રસોઈ શોભા ન પામે તેમ શીલ વિના સઘળો ય ગુણસમૂહ શોભા પામતો નથી.

ટીકાર્થ :- ઉદારતા, સ્થિરતા, ગંભીરતા, વિજ્ઞાન (=શાસ્ત્રજ્ઞાન) અને જ્ઞાન (=અનુભવજ્ઞાન) વગેરે ગુણો શીલ વિના શોભતા નથી. કહ્યું છે કે-**"ઐશ્વર્યનું ભૂષણ મધુરતા (=ભાષામાં મીઠાશ) છે, પરાક્રમનું ભૂષણ વાણીનો સંયમ છે, રૂપનું ભૂષણ ઉપશમ (=વિરાગભાવ) છે, શ્રુતનું ભૂષણ વિનય છે, ધનનું ભૂષણ પાત્રમાં દાન છે, તપનું ભૂષણ સમતા છે, સમર્થનું ભૂષણ ક્ષમા છે, ધર્મનું ભૂષણ મૌન છે, પણ શીલ બધાઓનું સર્વ કાર્ય માટે નિયત થયેલું ઉત્તમ ભૂષણ છે."**

"ऊहीनविहीने वा" (सि. हे. ८/१/१०३) એ પ્રાકૃતવ્યાકરણના સૂત્રથી મૂળ-ગાથામાં विहीन શબ્દનું विहूण એવું રૂપ થયું છે. [૫૮]

શીલવંતોને આ ભવમાં જ મળતાં પ્રત્યક્ષ ફળોને કહે છે :-

विसविसहरकरिकेसरि-चोरारिपिसायसाइणीपमुहा ।
सव्वेवि असुहभावा, पहवंति न सीलवंताणं ॥५९॥

ગાથાર્થ:- વિષ, સર્પ, હાથી, સિંહ, ચોર, શત્રુ, પિશાચ અને શાકિની (=દેવી શક્તિ) વગેરે બધાય અશુભ પદાર્થો શીલવંતો આગળ સમર્થ બનતા નથી=શીલવંતોનું અશુભ કરી શકતા નથી.

ટીકાર્થ :- ઉપદ્રવ કરનારા હોવાથી દુઃખને ઉત્પન્ન કરે તે પદાર્થો અશુભ છે. બધાય અશુભ ભાવો શીલવંતોનું અશુભ કરી શકતા નથી. કહ્યું છે કે-**"શીલના પ્રભાવથી મનુષ્યોને નિયમા અગ્નિ પણ પાણી સમાન, સાપ પણ (ફુલની) માળા સમાન, વાઘ પણ હરણ સમાન, દુષ્ટ હાથી પણ શ્વાન સમાન, પર્વત પણ પત્થર સમાન, વિષ પણ અમૃત સમાન, વિઘ્ન પણ ઉત્સવ સમાન, શત્રુ પણ મિત્ર સમાન, સમુદ્ર પણ ક્રીડા કરવાના સરોવર સમાન, અને જંગલ પણ પોતાના ઘર સમાન બની જાય છે."** [૫૯]

હવે શીલનો સ્વીકાર કરીને શીલથી ભ્રષ્ટ બનેલાઓનું દુઃખ જાણવું અશકય છે એમ કહે છેઃ—

सीलब्भट्ठाणं पुण, नामग्गहणंपि पापतरुबीयं ।
जा पुण तेसिंपि गई, तं जाणइ हु केवली भयवं ॥६०॥

ગાથાર્થઃ– શીલભ્રષ્ટોનું નામગ્રહણ પણ પાપવૃક્ષનું બીજ છે. શીલભ્રષ્ટોની સંસાર–પરિભ્રમણરૂપ જે ગતિ થાય છે તેને કેવલી ભગવંત જ જાણે છે.

ટીકાર્થઃ– જેમ બીજ વૃક્ષને ઉત્પન્ન કરે છે તેમ શીલભ્રષ્ટોનું નામગ્રહણ પણ પાપનું કારણ છે. શીલભ્રષ્ટ મનુષ્યોના શીલનાશરૂપ દુષ્કૃતનો કોઈ પાર નથી. એથી શીલ-ભ્રષ્ટોની સંસાર પરિભ્રમણરૂપ ગતિ કેવલી સિવાય બીજા જ્ઞાનીઓથી જાણવી અશકય છે. માટે તેની ગતિને કેવલી ભગવંત જ જાણે છે. [૬૦]

વળી– શીલભ્રષ્ટ મનુષ્યોને આ લોક અને પરલોકમાં પ્રાપ્ત થતા દુઃખરૂપ ફલને કહે છેઃ–

बंधणछेयणताडण–मारणपमुहाइँ विविहदुक्खाइं ।
इह लोयंमि तहाथिर–मजसं पावंति गयसीला ॥६१॥

ગાથાર્થઃ– શીલભ્રષ્ટ મનુષ્યો આ લોકમાં પણ બંધન, છેદન, તાડન, મારણ આદિ વિવિધ દુઃખોને તથા સ્થિર અપજશને પામે છે.

ટીકાર્થઃ– બંધન=દોરડા આદિથી બાંધવું. છેદન=શાસ્ત્રથી કાન, નાસિકા વગેરે અંગોનો છેદ કરવો. તાડન=લાકડી આદિથી પીટવું. મારણ=પ્રાણનો નાશ. 'આદિ' શબ્દથી બીજા પણ કદર્થનાના પ્રકારોને પામે છે એમ જાણવું. સ્થિર=લાંબા કાળ સુધી રહેનાર. [૬૧]

दालिद्दखुद्दवाही, अप्पाउ कुरूवयाइं असुहाइं ।
नरयंताइँ वसगाइँ, विगलियसीलाण परलोए ॥६२॥

ગાથા–ટીકાર્થઃ– શીલભ્રષ્ટ મનુષ્યોને પરલોકમાં પણ દારિદ્રતા, ક્ષુદ્રવ્યાધિઓ, અલ્પ આયુષ્ય, કુરૂપ વગેરે અશુભો અને નરક સુધીના અશુભો પણ હસ્તગત (=હાથમાં રહેલા) બને છે [૬૨]

શીલભ્રષ્ટનું જ દૃષ્ટાંત કહે છે :–

निरुवमतवगुणरंजिय–सुरोवि सो कूलवालओ साहू ।
मागहियासंगाओ, गलियवओ पाविओ कुगइं ॥६३॥

ગાથાર્થઃ– દુષ્કર તપરૂપ ગુણથી દેવને આકર્ષી લેનાર પણ કૂલવાલક સાધુ માગધિકા વેશ્યાના સંગથી ચારિત્રથી ભ્રષ્ટ બનીને કુગતિ પામ્યો.

ટીકાર્થઃ– આ પ્રમાણે ગાથાનો શબ્દાર્થ છે. ભાવાર્થ દૃષ્ટાંતથી જાણવો. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે :–

કૂલવાલક મુનિનું દૃષ્ટાંત

કોઈક આચાર્ય હતા. તેઓ [1]ક્ષમાના આધાર હોવાના કારણે કદર્થના પામેલો નાગરાજ પાતાલમાં પેસી ગયો. વિધિપૂર્વક ગણનું પાલન કરતા તે આચાર્યને શ્રી-મહાવીર ભગવાનના શિષ્ય ગોશાલાના જેવો શિષ્ય થયો. તે સ્વભાવથી જ દુર્વિનીત, ગુરુ કહે તેનાથી પ્રતિકૂલબુદ્ધિવાળો, કાચકાની જેમ ઉદ્વેગકારી અને વાનરની જેમ ચંચળ હતો. ગુરુ તેને સારણા, વારણા વગેરે હિતશિક્ષા આપતા હતા. પણ જેમ તાવથી પીડાયેલાને ઘીનાં બિંદુઓ ઝેર બને તેમ તેને એ હિતશિક્ષા ઝેરરૂપ બની. એક વાર ઘણા ગુણોવાળા તે આચાર્ય તીર્થયાત્રા કરવાની ઈચ્છાથી તે જ શિષ્યની સાથે ઉજ્જયંત પર્વત ઉપર ગયા ત્યાં કુશિષ્યને યાત્રા માટે આવેલા સ્ત્રીવર્ગને વિષે ચંચળ લોચનવાળો જોઈને આચાર્યે નેત્રોની ચંચલતા કરવાનો નિષેધ કર્યો. તેણે ચિત્તમાં ક્રોધને ધારણ કર્યો. તેથી પર્વત ઉપરથી ઉતરતા ગુરુનો ચૂરો કરી નાખવા માટે તે કુશિષ્યે યમના ગોળા જેવો મોટો પથ્થર (ગુરુની ઉપર પડે તેમ) ગબડાવ્યો. પડતો પથ્થર ઠોકર ખાતો હતો=બીજા પથ્થર સાથે અથડાતો હતો. એ ઠોકરના અવાજને સાંભળીને કુશળ આચાર્ય બે પગ પહોળા કરીને ઊભા રહ્યા. (એટલે પથ્થર બે પગની વચ્ચેથી નીકળી ગયો. આથી) તે નિષ્ફળ બન્યો. આથી આચાર્યને કંઈક ગુસ્સો આવ્યો. તેમણે કુશિષ્યને કહ્યું: હે દુરાત્મા! તું સ્ત્રીઓથી ચારિત્રના વિનાશને પામીશ. દુષ્ટબુદ્ધિવાળા તેણે હું ત્યાં જ રહીશ કે જ્યાં સ્ત્રીનું મુખ પણ ન જોઉં, આમ કરીને તમારા શાપને વ્યર્થ કરીશ, એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી. મર્યાદારહિત તેણે જેમ તૃષાળુ પુરુષ સરોવરને છોડી દે તેમ ગુરુને છોડી દીધા, અને જેમ અજ્ઞાની કુમાર્ગમાં જાય તેમ તે કોઈ મોટા જંગલમાં ગયો. નદીના કિનારે કાયોત્સર્ગમાં રહીને તપ કરતો હતો, અને પંદર દિવસે કે મહિને સાર્થ વગેરેની પાસેથી આહાર મેળવીને પારણું કરતો હતો. એકવાર વર્ષાકાળ આવતાં પર્વતમાંથી નીકળતી નદીઓ કુલટા સ્ત્રીઓની જેમ સ્વચ્છંદપણે જવા લાગી, અર્થાત્ નદીઓમાં પાણી અત્યંત વધી જવાથી નદીઓ ગમે તે માર્ગે વહેવા માંડી. જે નદીના કિનારે કુશિષ્ય કાયોત્સર્ગમાં હતો તે નદી પણ ગમે-તેમ વહેવા માંડી. આથી શ્રી જિનશાસનની ભક્તાદેવીએ વિચાર્યું: ચોક્કસ સર્વ તરફ વધતો આ નદીનો પ્રવાહ કૃતઘ્ન પુરુષની જેમ મુનિને ડૂબાડી દેશે. તેથી દેવીએ નદીના પ્રવાહને બીજી તરફ વાળ્યો. ત્યારથી તે સાધુ પૃથ્વીમાં કૂલવાલક તરીકે પ્રસિદ્ધ થયો.

આ તરફ શ્રેણિક રાજાએ હલ્લ અને વિહલ્લને હાર, કુંડલ અને વસ્ત્ર સહિત સેચનક હાથી આપ્યો. શ્રેણિકનું મૃત્યુ થતાં કૂણિક રાજા શોકના કારણે રાજગૃહમાં રહી શકયો નહિ. આથી તેણે વાસ્તુવિદ્યાના પંડિતોએ બતાવેલા સ્થાને જલદી ચંપા નામની

---

૧. નાગરાજના પક્ષમાં ક્ષમા એટલે પૃથ્વી. નાગરાજ પૃથ્વીને ધારણ કરે છે એવી લોકમાન્યતા છે.

નવી નગરી વસાવી. કાલ વગેરે દશ ભાઈઓની સાથે તે ચંપાનગરીમાં રહ્યો. પછી પટ્ટરાણી પદ્માવતીના નિત્ય આગ્રહના કારણે કૂણિકે હલ્લ-વિહલ્લ પાસે હાર વગેરે ચાર વસ્તુઓની માગણી કરી. તેથી બુદ્ધિમાન તે બંને એ માગણીને ભવિષ્યમાં અશુભ ફળવાળી જાણીને પોતાનું સારભૂત બધું લઈને રાતે વિશાલાનગરીમાં જતા રહ્યા. વિશાલાનગરીના રાજા શ્રીચેટક તેમના નાના થતા હતા. બુદ્ધિમાન તેણે તે બેનો સ્નેહથી યુવરાજની જેમ સત્કાર કર્યો. તે બેને વિશાલાનગરીમાં ગયેલા જાણીને કૂણિકે વિચાર્યું: મારે ન બંધુ રહ્યા અને ન રત્નો રહ્યાં. હું બંનેથી ભ્રષ્ટ થયો. તો પણ સ્વીકારેલું આ કાર્ય હું શ્રેણિકનો પુત્ર થઈને જાતે જ છોડી દઉં તો હું પોતાનાથી પણ શું ન લજ્જા પામું? આ પ્રમાણે વિચારીને તેણે ક્રોધથી દૂત મોકલીને ચેટક રાજા પાસે હલ્લ-વિહલ્લની (=હલ્લ-વિહલ્લને સોંપી દેવાની) માગણી કરી. શરણે આવેલા બે ભાણેજોને ચેટકરાજાએ ન આપ્યા. તેથી "રે રે" એ પ્રમાણે બોલાવાયેલા સિંહની જેમ વધેલા ક્રોધવાળા કૂણિકે સર્વ સૈન્યથી વૈશાલી નગરીને ઘેરી લીધી. તે વખતે બંને રાજાઓના સૈન્યનું પરસ્પર મહાન યુદ્ધ થતાં એક ક્રોડ અને એંસી લાખ સુભટો મર્યા. પરાક્રમી હલ્લ અને વિહલ્લ રાતે સેચનક હાથી ઉપર બેસીને કૂણિકના સૈન્યને હણીને જલદી પાછા જતા રહેતા હતા. ઉપાયો કરવા છતાં કૂણિક રાજાના સુભટો સેચનક હાથીને મારી નાખવા કે પકડી લેવા માટે કયારેય સમર્થ ન બન્યા. તેથી ખેરના અંગારાની ખાઈના પ્રયોગથી સેચનક હાથીને મારી નાખ્યો. ભવથી નિઃસ્પૃહ બનેલા હલ્લ-વિહલ્લને શાસનદેવી શ્રીવીરજિનની પાસે લઈ ગઈ. તેમણે શ્રીવીરજિનની પાસે દીક્ષા લીધી અને સ્વાર્થને સાધી લીધું. વૈશાલી નગરીને લેવા (=જીતવા) માટે અસમર્થ બનેલા બલવાન કૂણિકે આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી:- જો હું હળમાં જોડાએલા બળદોને જોડીને એ હળથી વૈશાલીનગરીને ન ખેડું તો મારે ભૃગુપાતથી કે અગ્નિમાં પ્રવેશ કરીને મારા પ્રાણોનો ત્યાગ કરવો.

પછી પ્રતિજ્ઞા કરવા છતાં નગરીને ભાંગવા માટે અસમર્થ કૂણિક રાજા હૃદયમાં અત્યંત વિષાદ પામ્યો. ગુરુઆજ્ઞાનો લોપ કરવાથી કૂલવાલક ઉપર રોષ પામેલી દેવીએ આકાશમાં રહીને અતિશય ખેદ પામેલા કૂણિકને આ પ્રમાણે કહ્યું:- કુલવાલક મુનિ માગધિકા વેશ્યાનો સંગ કરશે તો કૂણિક રમતથી વૈશાલીનગરીને ગ્રહણ કરી લેશે. આ વાણી સાંભળીને જયની આશાની સન્મુખ બનેલા રાજાએ બહુમાનથી માગધિકા નામની વેશ્યાને બોલાવી. રાજાએ તેનો વસ્ત્ર અને અલંકારોથી સત્કાર કરીને તેને કહ્યું: હે ભદ્રા! તેં જીવનપર્યંત અનેક પુરુષોની બુદ્ધિનો આશ્રય લીધો છે. તેથી આજે જલદી અમારા કાર્યમાં પોતાની કલાને સફલ કર. હે કલાવતી! કૂલવાલકને પતિ કરીને લઈ આવ. હા એમ કહીને વેશ્યાએ તેનો સ્વીકાર કર્યો. તે વખતે રાજાએ તેને રજા આપી. પછી કપટમાં અતિશય કુશળ તેણે કપટથી શ્રાવિકાનો વેષ ધારણ કર્યો.

જન્મથી શ્રાવિકા જેવી તે તીર્થમંડલને વંદન કરતી કરતી જ્યાં કૂલવાલક હતો તે પ્રદેશમાં આવી. જાણે વૈરાગ્યથી પૂર્ણ હોય એવી તે મુનિને વંદન કરીને બોલીઃ હું આપને ગિરનાર વગેરે તીર્થોની વંદના કરાવું છું. મુનિએ કાયોત્સર્ગ પારીને ધર્મલાભ રૂપ આશીર્વાદ આપ્યા. તીર્થોને વંદન કરીને તેણે પૂછ્યુંઃ હે વિવેકવતી! તું કયાંથી આવી? તે બોલીઃ હે નાથ! ધર્મનું જ શરણ સ્વીકારનારી હું ચંપાનગરીથી આવી છું. તીર્થોને વંદન કરીને મેં જંગમ તીર્થ સ્વરૂપ આપને વંદન કર્યું. હે મહર્ષિ! મારી પાસે બેતાલીસદોષોથી રહિત ભાતું છે, તેને વહોરીને મારા ઉપર અનુગ્રહ કરો. તેની ભક્તિથી વશ થયેલ સાધુ વહોરવા ગયો. જેમાં પહેલેથી (રેચક) દ્રવ્યોનું સંયોજન કર્યું છે એવા મોદકો તેણે વહોરાવ્યા. મોદકોનું ભક્ષણ કરતાં જ સાધુને એટલો બધો અતિસાર (=ઝાડાનો રોગ) થઈ ગયો કે જેથી તે પોતાના અંગોને ફેરવવા માટે પણ અસમર્થ બની ગયો, અર્થાત્ અત્યંત અશક્ત બની ગયો. જાણે પૂછવા માટે હોય તેમ તે મુખ ઉપર વસ્ત્ર રાખીને ત્યાં આવી. તેને તેવી અવસ્થાવાળો જોઇને ગદ્‌ગદ વાણીથી બોલીઃ હે મુનિ! આપની આવી અવસ્થા મારા કારણે થઈ છે. સાધુને રોગ આપનાર મને ધિક્કાર હો! નરકમાં પણ મને સ્થાન નહિ મળે. વળી નિર્જનવનમાં અસ્વસ્થ આપને એકલાને છોડીને અન્યતીર્થમાં જવું એ મમતારહિત મારા માટે યોગ્ય નથી. તેથી ગ્લાનસેવાથી જ આત્માને પવિત્ર કરીશ.

આ પ્રમાણે કહીને તે વારંવાર ઔષધ વગેરે આપવા લાગી ક્રમે કરીને વેશ્યાએ તેના શરીરને તેવી રીતે ચોળ્યું કે જેથી તેને (પોતાના) સર્વ અંગોનો સ્પર્શ કરાવ્યો. ક્રમે કરીને તેને નિરોગી બનાવ્યો અને પોતાને વશ કર્યો. કારણ કે સંકટમાં પડેલા સર્વ મનુષ્યો સુખેથી ગ્રહણ (=વશ) કરી શકાય છે. કટાક્ષો, શૃંગારિક ચેષ્ટાઓ, મુખના વિકારો અને વચનયુક્તિઓથી તેણે ક્રમે કરીને તેના તપને સામર્થ્યહીન કરી નાખ્યું. સ્ત્રીસંસર્ગથી તપ નકામું બની જાય છે. પછી સતત સાથે વાસ, વિકારી ભોજન અને ઠઠ્ઠા-મશ્કરીવાળા વચનોની યુક્તિથી તે બેનો દંપતીવ્યવહાર થવા લાગ્યો. ધિક્કાર હો મોહચેષ્ટાને! જેમ ક્રીડા (=ખેલ) માટેના વાનરને દોરીથી બાંધીને લઈ જાય તેમ કૂલવાલકને વેશ્યા કૂણિક પાસે જલદી લઈ આવી. તેણે કૂણિકને કહ્યુંઃ હે દેવ! આ કૂલવાલકને પતિ કરીને હું અહીં લઈ આવી છું. જે કામ હોય તે ફરમાવો. તેથી કૂણિકે કૂલવાલકને આદરથી કહ્યુંઃ હે મુનિ! જે પ્રમાણે વૈશાલી જલદી ભાંગી શકાય તે પ્રમાણે કરો.

કૂણિકના વચનનો આદર કરીને ફેલાતી બુદ્ધિવાળા મુનિએ સાધુનો વેષ ધારણ કરીને જેમ બગલો સરોવરમાં પ્રવેશ કરે તેમ વૈશાલીનગરીમાં પ્રવેશ કર્યો. કૂણિકરાજાએ તે વખતે નગરીને વિશેષરૂપે ઘેરી લીધી. મુનિ પણ કોઈ જાતની રોક-ટોક વિના નગરીની અંદર ફરવા લાગ્યો. ચારે તરફ નગરીમાં રહેલી અનેક વસ્તુઓને જોતા તેણે

મુનિસુવ્રતસ્વામીના સ્તૂપને જોઇને વિચાર્યું: ચોક્કસ આ સ્તૂપની પ્રતિષ્ઠાનું મુહૂર્તબલ ઘણું છે, અર્થાત્ આ સ્તૂપની પ્રતિષ્ઠા ઘણા જ બલવાન મુહૂર્તમાં થયેલ છે. તે મુહૂર્તના પ્રભાવથી આ નગરી ઇંદ્રથી પણ ન ભાંગી શકાય. તેથી કોઈક ઉપાયથી સ્તૂપનું ઉત્થાપન કરવું જોઇએ. આ પ્રમાણે વિચારતો તે હવે પનીહારીઓના માર્ગમાં વારંવાર ભમવા લાગ્યો. ત્યાં પરસ્પર નગરીને ઘેરો ઘાલવાની વાતોને કરતી અને દુઃખી થયેલી સ્ત્રીઓએ મુનિને જોઇને આ પ્રમાણે પૂછ્યું:- હે ભગવંત! ઘણા કાળથી થયેલા નગરીના ઘેરાથી અમે ઘણા દુઃખી થઈ ગયેલા છીએ. તેથી નગરીનો ઘેરો કયારે દૂર થશે? અમને જલદી આશ્વાસન આપો. તે બોલ્યો: જેમ આંતરડામાં મલનો સંગ્રહ હોય ત્યાં સુધી વ્યાધિ દૂર ન થાય તેમ જ્યાં સુધી આ સ્તૂપ અખંડિત છે ત્યાં સુધી નગરીનો ઘેરો દૂર નહિ થાય. આ વિષે પ્રમાણ એ છે કે આ સ્તૂપને ભાંગવાની શરૂઆત કરતાં જ તત્કાલ શત્રુનું સૈન્ય સમુદ્રની ભરતીની જેમ દૂર જતું રહેશે. એને સંપૂર્ણ પાડી નાખતાં તમે કૃતાર્થ બની જશો=સંપૂર્ણપણે નગરીનો ઘેરો દૂર થઇ જશે. કારણ કે આ સ્તૂપની પ્રતિષ્ઠા ક્ષયકારી મુહૂર્તમાં થઈ છે. તેથી હું પહેલો હું પહેલો એવા ઉત્સાહ પૂર્વક લોકોએ સ્તૂપ ભાંગવાનું શરૂ કર્યું. સંકટમાં પડેલા કયા ઉત્તમ પુરુષો ધૂર્તોથી છેતરાતા નથી? તેથી સ્તૂપ ભાંગવામાં આવતાં લોકોને વિશ્વાસ બેસે એ માટે દુષ્ટમુનિ જાણી જોઇને સૈન્યસહિત કૂણિકને બે ગાઉ દૂર લઈ ગયો. તે વિશ્વાસના અનુસારે નગરના લોકોએ કૂર્મન્યાસની શિલા સુધી સ્તૂપને હર્ષથી ભાંગી નાખ્યું. તેથી બાર વર્ષના અંતે કૂણિકે વૈશાલીને ભાંગી. આટલા કાળ સુધી તે નગરી સ્તૂપના પ્રભાવથી લઈ શકાતી ન હતી. તે વખતે કૂણિક અને ચેટકનું યુદ્ધ બંધ થઈ ગયું. આ અવસર્પિણીમાં આવું યુદ્ધ કયારેય થયું નથી. (યુદ્ધના મેદાનમાંથી) નીકળતા ચેટક રાજાને કૂણિકે બોલાવ્યા અને કહ્યું: હે પૂજ્ય [1]માતામહ! કહો, આપની શી આજ્ઞા કરું? તેમણે કહ્યું: થોડો વિલંબ કર, આ વાવડીમાં હું સ્નાન કરું ત્યાં સુધી ક્ષણવાર નગરીમાં પ્રવેશ ન કર. કૂણિકે તે વાતનો સ્વીકાર કર્યો એટલે શુભધ્યાનવાળા ચેટક રાજા ગળે લોઢાની પૂતળી બાંધીને વાવડીમાં પડ્યા. તે વખતે ધરણેન્દ્રે સાધર્મિકપણાથી (પડતા એવા) ચેટક રાજાને ઝીલી લીધા. પછી ધરણેંદ્ર ચેટક રાજાને પોતાના ભવનમાં લઈ ગયો. જીવવાની આશાથી રહિત બનેલા ચેટક રાજા અનશનનો નિયમ લઈને અને અંતિમ આરાધના કરીને આઠમા દેવલોકને પામ્યા. ચેટક રાજાનો દોહિતરો અને જ્યેષ્ઠાનો પુત્ર સત્યકી વિદ્યાધર નગરના બધા લોકોને નીલવંત પર્વત ઉપર લઈ ગયો. તે વખતે કૂણિક રાજાએ હળોમાં ગધેડાઓને જોડીને એ હળોથી સંપૂર્ણ વૈશાલીનગરીને ખેડી, અને એ રીતે પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. પછી પૂર્ણ થયેલા મનોરથવાળા કૂણિક રાજાએ મહાન મહોત્સવ પૂર્વક મહાન ચંપાનગરીમાં પ્રવેશ કર્યો. માગધિકા વેશ્યાના સંગના રાગરૂપી સમુદ્રમાં જેની

૧. માતામહ=માતાનો પિતા.

બુદ્ધિ ડૂબેલી છે એવો કૂલવાલક સાધુ શીલખંડનથી થયેલા પાપના કારણે અનેક ભવો સુધી ઘણું ભમશે. [૬૩]

અંતરમાં વિષયરસની તૃષ્ણાથી ચંચળતા હોય ત્યારે તપશ્ચર્યા પણ નિરર્થક બને છે એમ જણાવે છે:–

समणी वि हु विसयरसा, पुव्वभवे दोवई कयनियाणा ।
सिवदायगं वि हु तवं, मुहाइ हारिंसु ही मोहो ॥६४॥

ગાથાર્થ:– પૂર્વભવમાં દ્રૌપદી સાધ્વી બની હોવા છતાં વિષયરસના (=ભોગાસક્તિના) કારણે નિયાણું કરીને મોક્ષદાયક પણ તપને વ્યર્થ હારી ગઈ. ખરેખર! મોહ ખેદકારી છે.

ટીકાર્થ:– આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો આ પ્રમાણે છે:–

દ્રૌપદીનું દૃષ્ટાંત

સર્વ ગર્વિષ્ઠ શત્રુઓને કંપાવનારી ચંપા નામની મહાનગરી હતી. તે નગરીનો મણિમય કિલ્લો દેવીઓ માટે આરિસાસમાન હતો. તે નગરીમાં જાણે ત્રણ ગુણો હોય તેવા ત્રણ બ્રાહ્મણ બંધુઓ હતા. સ્થિર ચિત્તવાળા તેમનાં સોમદેવ, સોમભૂતિ અને સોમદત્ત એવાં નામો હતા. તેમની ગાઢ પ્રેમવાળી અનુક્રમે નાગશ્રી, ભૂતશ્રી અને યજ્ઞશ્રી એવા નામથી પ્રસિદ્ધ ત્રણ પત્નીઓ હતી. બધાએ વારાફરતી એક ઘરમાં ભોજન કરવું એવી ત્રણે બંધુઓની વ્યવસ્થા હતી. એક દિવસ પોતાના વારાના દિવસે હૃદયમાં આનંદ પામેલી નાગશ્રીએ વિવિધ સ્વાદવાળા શાકોથી મનોહર રસોઈ તૈયાર કરી. તેણે અજાણતાં પાકેલું કડવી તુંબડીનું ફલ અનેક દ્રવ્યોનો સંસ્કાર કરીને પકાવ્યું, અર્થાત્ પાકેલી કડવી તુંબડીનું શાક બનાવ્યું. રંધાઈ ગયા પછી આ તુંબડીનું ફળ કડવું છે એમ જાણવા છતાં કર્મના દુષ્ટવિપાકના કારણે કૃપણ તેણે તેટલી વસ્તુ નકામી જશે એમ વિચારીને સર્પથી ડંસાયેલી આંગળીની જેમ તેનો ત્યાગ ન કર્યો. અતિશય લોભી બ્રાહ્મણીએ કડવી તુંબડીનું ફલ પકાવીને=રાંધીને વાસણમાં રાખી મૂકયું. કડવી તુંબડીના ફલ સિવાય બીજી ભોજનવાનગીઓથી કુટુંબને ભોજન કરાવ્યું. પતિ અને દિયર વગેરે ભોજન કરીને ક્ષણવારમાં બહાર ગયા.

આ તરફ જ્ઞાનવડે સૂર્યસમાન અને નિષ્પાપ ચારિત્રનું સ્થાન એવા ધર્મઘોષ નામના આચાર્ય તે નગરીના ઉદ્યાનમાં પધાર્યા. તેમના ધર્મરુચિ નામના શિષ્ય માસખમણના પારણે જેમ બોકડો કતલખાનામાં જાય તેમ નાગશ્રીના ઘરે ગયા. બ્રાહ્મણીએ વિચાર્યું: આમાં (=કડવી તુંબડીના શાકમાં) કરેલો અનેક વસ્તુઓનો વ્યય નકામો ન

થાઓ અને ભિક્ષાની ઇચ્છાવાળા આ ભિક્ષુકને પણ સંતોષ થાઓ, આમ વિચારીને નાગશ્રીએ તે તપસ્વીને જાણે દુર્ગતિમાં પડવા માટે પોતાનું બહાનું[૧] આપતી હોય તેમ તે તુંબડીનું શાક આપ્યું. તે મહાત્માએ ભિક્ષાથી આવીને તે તુંબડીનું શાક ગુરુને બતાવ્યું. વાત્સલ્યથી યુક્ત ચિત્તવાળા ગુરુએ તેને જોઇને તત્કાલ કહ્યું: દુષ્ટતાથી અથવા અજ્ઞાનતાથી નાગશ્રીએ આપેલું આ કડવી તુંબડીનું શાક જલદી પ્રાણીઓના પ્રાણોનો નાશ કરનારું છે. તેથી આને સ્થંડિલમાં (=જીવરહિત પ્રદેશમાં) કયાં પણ યત્નપૂર્વક પરઠવી દો. આ આદેશને પામીને તે તપસ્વી નગરથી બહાર ગયા. કોઈ પણ રીતે તે પાત્રમાંથી એક બિંદુ પૃથ્વી ઉપર પડયું. તે બિંદુને વળગેલી હજારો કીડીઓ મરવા લાગી. આ જોઇને તપસ્વીએ વિચાર્યું: આ પ્રમાણે જો આ બિંદુ પણ પ્રાણનો નાશ કરે છે તો સંપૂર્ણ આ ફલ કેટલા જીવોને ભસ્મસાત્ નહિ કરે ? મારો એક જીવ મરે એ શ્રેષ્ઠ છે, કોડો જીવો ન મરો, એમ વિચારીને હર્ષથી યુક્ત સાધુએ સ્વયં તે શાક ખાધું. જાતે આરાધના કરવા પૂર્વક સમાધિથી મૃત્યુ પામીને સિદ્ધ થયેલા મનોરથવાળા તે તપસ્વી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ધર્મરુચિ મુનિને બહાર વિલંબ કેમ થયો ? એ જોવા માટે ધર્મઘોષસૂરિએ બીજા મુનિઓને આજ્ઞા કરી. તે સાધુઓ ધર્મરુચિ મુનિને મૃત્યુ પામેલા જોઇને તેમનાં બધાં ઉપકરણો પૂજ્ય ગુરુની પાસે લાવ્યાં. પછી તેમણે જે પ્રમાણે જોયું હતું તે પ્રમાણે ગુરુને કહ્યું. આચાર્યે વિશિષ્ટજ્ઞાનથી તે મુનિની સુગતિની પ્રાપ્તિ વગેરે યથાર્થ વિગત જાણીને મુનિઓની આગળ કહી.

સોમદેવ વગેરે બ્રાહ્મણોએ કોઈ પણ રીતે લોકમુખથી તે વિગત જાણી. પછી ગુસ્સે થયેલા તેમણે નાગશ્રીને ઘરમાંથી જલદી કાઢી મૂકી. લોકોથી નિંદાયેલી અને માર ખાતી નાગશ્રી હલકી કૂતરીની જેમ ચોતરફ ભમવા લાગી. તેનું શરીર તે જ ભવમાં ખાંસી, અતિસાર અને ઉગ્ર તાવ વગેરે રોગોથી ઘેરાયું, એથી તેણે નરક પૃથ્વીની જેવી વેદનાને અનુભવી. ભૂખ-તરસથી દુઃખી થયેલી અને અતિશય રૌદ્રધ્યાનમાં લીન તે છઠ્ઠી નરકની મહેમાન બની. ત્યાંથી નીકળીને માછલાઓમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી સાતમી નરકમા ગઈ. ત્યાંથી માછલાનો ભવ પામીને ફરી સાતમી નરકમાં જ ગઈ. આ પ્રમાણે દુષ્ટ તે બધી નરકોમાં બે બે વાર ભમી. પછી તે પૃથ્વીકાય વગેરે યોનિઓમાં ઉત્પન્ન થઈ. નાગશ્રીનો તે જીવ સંસારરૂપી સાગરમાં ભમ્યા પછી ગિરિનદી-પાષાણન્યાયથી કર્મક્ષયોપશમથી ચંપાનગરીમાં રહેલા સાગરદત્તશેઠની સુભદ્રા શેઠાણીની કુક્ષિમાં સુકુમારિકા નામની કન્યા થયો. તે જ નગરીમાં જિનદત્ત નામનો શેઠ હતો. તે શેઠની ભદ્રા નામની પત્ની હતી. તે બેનો કલા-વિજ્ઞાનનો ભંડાર સાગર નામનો પુત્ર હતો. એકવાર જિનદત્ત ઘરમા રહેલી સુકુમારિકાને જોઇને વિચાર્યું કે, આ મારા પુત્ર સાગરને યોગ્ય છે. જિનદત્ત પોતાના

૧. અમુક વસ્તુ મારે ખરીદવી જ છે એની ખાતરી માટે પહેલાં જે કંઈ બડાનું આપવામાં આવે છે તે.

બંધુ વર્ગને ભેગો લઇને મહાન ગૌરવથી સાગરદત્તના ઘરે ગયો. ત્યાં તેણે સુકુમારિકાની માગણી કરી. સાગરદત્તે કહ્યું: સારું, વરને કન્યા આપવાની જ હોય છે. પણ આ સુકુમારિકા મને સદ્ભાગ્યની રેખાની જેમ પ્રાણોથી પણ અધિક પ્રિય છે. એના વિના હું એક મુહૂર્ત પણ રહી શકતો નથી. તેથી તમારો પુત્ર સાગર મારા ઘરજમાઈ થાઓ. પુત્રની સાથે વિચારણા કરું છું એમ કહીને જિનદત્ત ઘરે ગયો. જિનદત્તે તે વાત સાગરને કહી. સાગર મૌન રહ્યો. જેનો નિષેધ ન કરાય તે સંમત છે એમ માનતા જિનદત્તે સાગરદત્તને કહ્યું કે મારો પુત્ર તમારો ઘરજમાઈ બનશે.

મહાન ઋદ્ધિથી તે બેનો લગ્નમહોત્સવ થયો. તે વખતે હસ્તમોચન સમયે સસરાએ સાગરને ઘણું ધન આપ્યું. ત્યાં સૌભાગ્યવંતી સ્ત્રીઓનું યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું. સાગર અને સુકુમારિકા એ બંનેએ શયનગૃહમાં પલંગનો આશ્રય લીધો. સર્વપ્રકારના ભોગોની સાધન-સામગ્રી હોવા છતાં કર્મના કારણે સાગરને સુકુમારિકાનો સ્પર્શ અંગારા જેવો લાગ્યો. જાણે ભયંકર ઉનાળામાં બળતી અગ્નિની ભઠ્ઠીમાં રહ્યો હોય તેમ સાગરે એક ક્ષણ ભયંકર એક વર્ષની જેમ પસાર કરી. સુકુમારિકા ઊંઘી ગઈ એટલે તે નાશીને પોતાના ઘરે જતો રહ્યો. પતિ વિનાની અને જાણે હારની પંક્તિ હોય તેવી સુકુમારિકા શય્યામાં જ રહી. પતિની જેમ નિદ્રાથી તજાએલી, અર્થાત્ જાગેલી, સુકુમારિકા આમ-તેમ જોઇને યૂથથી ભ્રષ્ટ થયેલી હરણીની જેમ રડવા લાગી. સુકુમારિકાને પતિથી તજાએલી અને રડતી જોઇને દાસીએ સુભદ્રાને આ વિગત જણાવી. સુભદ્રાએ પતિને જણાવ્યું. સાગરદત્તે પણ જમાઇની વિગત જિનદત્તને જણાવી. તેથી જિનદત્તે આક્ષેપપૂર્વક પુત્રનો તિરસ્કાર કર્યો. તે આ પ્રમાણે:- ધૈર્યના સાગર હે સાગર ! કુલીન તેં [1]આ સારું ન કર્યું. કારણ કે સ્વજનોનું અપમાન ન કરવું જોઇએ. જેનો આપણે સ્વીકાર કર્યો હોય તે ગુણવાન હોય કે ગુણરહિત હોય તો પણ તેનો ત્યાગ ન કરવો જોઇએ. શંકર કલંકવાળા અને વક્ર ચંદ્રનો ત્યાગ કરતા નથી. તેથી હે વત્સલ ! હમણાં પણ સુકુમારિકા પાસે જઇને તેનો આદર કર, કુળમાં સ્વજનની અવજ્ઞાથી થનારા નવા દોષને ન કર. સાગરે સ્પષ્ટ કહ્યું: હું અગ્નિમાં પ્રવેશ કરું એ સારું છે પણ ઘરે નહિ જાઉં. હવેથી તે મારી બહેન છે. જિનદત્તના ઘરની ભીંતના આંતરે રહેલા સાગરદત્તે આ બધું સાંભળ્યું. જેની આંખોમાંથી આંસુઓ ખરી રહેલા છે એવા જિનદત્તે ઘરે આવીને પુત્રીને કહ્યું: હે પુત્રી ! સાગર તારા ઉપર કોઈ પણ રીતે તે રીતે વિરક્ત થયો છે કે જેથી અંગારાની ગાડીની જેમ તને સ્વપ્નમાં પણ ઇચ્છતો નથી. તેથી તારા માટે અન્ય પતિને વિચારીશ. ગામડિયા માણસો રત્નને દોષવાળો કહે તેથી રત્ન અલ્પમૂલ્યવાળું બની જતું નથી.

---

૧. અહીં 'સંભ્રમ' અર્થમાં **भवता** પ્રયોગ બે વાર થયેલ છે.

એક દિવસ બારીમાં બેઠેલા સાગરદત્ત શેઠે ભટકતા કોઈક ભિખારીને જોયો. તેના હાથમાં એક ઘડાનું ઠીકરું હતું, તેનું શરીર માખીઓના સમૂહથી વ્યાપ્ત હતું, તેનું શરીર ખરાબ હતું, તે યુવાન હતો, તેણે શરીરે માત્ર લંગોટી–પોતડી પહેરી હતી, અને જાણે મૂર્તિમંત દારિદ્ર્ય હોય તેવો દેખાતો હતો. શેઠે [1]અભ્યંગ, ઉદ્વર્તન અને સ્નાનથી ભિખારીના શરીરનો મેલ દૂર કર્યો. ચંદનનું વિલેપન કર્યું. દિવ્ય બે વસ્ત્રો પહેરાવ્યા. પછી શેઠે તેને કહ્યું: આ સુકુમારિકા નામની મારી પુત્રી છે અને મારી આ ઘણી લક્ષ્મી છે. તેથી તું અહીં વિલાસ કરતો સુખપૂર્વક રહે પોતાને દેવ જેવો માનતો અને ઉછળતા આનંદથી પૂર્ણ તે પણ તેના ઘરે ઘરજમાઈની જેમ રહ્યો. શૃંગાર ધારણ કરેલી સુકુમારિકાની સાથે તે શયનઘરમાં ગયો. ભિખારીએ સુકુમારિકાનો સંયોગ અગ્નિદાહ જેવો અનુભવ્યો. સુકુમારિકાને રાક્ષસી જેવી માનીને, એકદમ ઊભો થઈને, અને હાથમાં ઘડાનું ઠીકરું લઈને તે જલદી નાસી ગયો.

તે જ પ્રમાણે રડતી પુત્રીને આશ્વાસન આપીને પિતાએ કહ્યું: તારો આ પૂર્વકર્મનો કોઈક વિપાક ઉપસ્થિત થયો છે. પૂર્વકર્મના વિપાકથી સૂર્ય પણ આકાશમાં ભમે છે, ગુણીપણ પુરુષ ભિક્ષા માટે ઘણું ભટકે છે, મૂર્ખ પણ સંપત્તિને ભોગવે છે. તેથી તું નિરર્થક ખેદ ન કર, કર્મનાશ માટે પ્રયત્ન કર, અને ગરીબોને દાન આપતી તું શાંતિથી મારા ઘરે રહે. સ્વકર્મના મર્મને જાણતી અને સમભાવથી ઇંદ્રિયો જિતનારી તે જિનોક્ત ધર્મને કરતી પિતાના ઘરમાં રહી. એકવાર તેના ઘરે ભિક્ષા માટે સાધ્વીઓ આવી. તેણે સાધ્વીઓને ભક્તિથી શુદ્ધ આહાર–પાણી વહોરાવ્યાં. વિરાગપામેલી તેણે જેમ નિર્ધન પુરુષ માણેકરત્નને ગ્રહણ કરે તેમ તે સાધ્વીઓના ચરણકમલમાં કર્મરૂપી વેલડીઓને કાપનારું ચારિત્ર ગ્રહણ કર્યું. કામદેવરૂપી મહાન હાથીને અંકુશમાં રાખનાર અને કર્મનો અત્યંત નાશ કરવા તત્પર બનેલી તેણે અનેકવાર મોટા તપો કરવાનો પ્રારંભ કર્યો. કયારેક વિશેષ ઉગ્ર તપશ્ચર્યા કરવાની ઇચ્છાથી પ્રવર્તિનીને વંદન કરીને શુદ્ધ ચિત્તથી આ પ્રમાણે પૂછ્યું: નિર્જન ઉદ્યાનની ભૂમિમાં સૂર્યની સામે દૃષ્ટિ રાખીને હું આતાપના કરવાને ઇચ્છું છું, અને અતિશય દુષ્કૃતોનો નાશ કરવાને ઇચ્છું છું. સાધ્વીઓએ કહ્યું: ધર્મમાર્ગમાં સાધ્વીઓને ઉપાશ્રયની બહાર આતાપનાવિધિ કરવાનું કોઈપણ રીતે કલ્પે નહિ. તેમની વાણીનો અનાદર કરીને તે કોઈક ઉદ્યાનમાં આવીને જેટલામાં સૂર્ય સામે દૃષ્ટિ રાખીને આતાપના કરવાનું શરૂ કરે છે તેટલામાં તેણે ત્યાં આવેલી દેવદત્તા નામની વેશ્યાને જોઈ. તે વેશ્યાએ એક પુરુષના ખોળામાં પગ મૂકયા હતા, બીજા પુરુષના ખોળામાં તે બેઠી હતી, ત્રીજો પુરુષ તેને પંખો નાખી રહ્યો હતો, ચોથો પુરુષ મસ્તકમાં આભૂષણ પહે-

---

૧. અભ્યંગ=શરીરે તેલ વગેરે ચોળવું. ઉદ્વર્તન=શરીરે ચૂર્ણ વગેરે ઘસીને શરીરનો મેલ દૂર કરવો.

રાવી રહ્યો હતો, અને પાંચમો પુરુષ તેના મસ્તકે છત્ર ધારણ કરી રહ્યો હતો. તેના અસાધારણ ભાગ્યથી સૌભાગ્યના વૈભવને જોઈને જેની ભોગલાલસા પૂર્ણ નથી થઈ એવી સુકુમારિકા સાધ્વીએ નિયાણું કર્યું. તે આ પ્રમાણેઃ– જો મારા આચરેલા આ તપનું ફળ હોય તો ભવાંતરમાં દ્રૌપદીની જેમ પાંચ પતિવાળી થાઉં. તે જ પ્રમાણે તપ કરતી અને આ પ્રમાણે નિદાન કરતી તેને સાધ્વીઓ નિદાન ન કરવા માટે રોકવા લાગી ત્યારે તેણે મનમાં વિચાર્યું કે, સાધ્વીઓ પહેલાં મારો સ્વજનની જેમ આદર કરતી હતી અને હમણાં જેમ નિષ્કારણ વૈરિણીનો તિરસ્કાર કરે તેમ મારો તિરસ્કાર કરે છે. આ પ્રમાણે વિચારીને જુદા ઉપાશ્રયમાં રહેલી તે ચારિત્રનું પાલન કરતી હતી. ઈચ્છા મુજબ કરતી હોવાથી જૈનશાસનની મલિનતાને વધારતી હતી. પછી વિધિપૂર્વક આઠ મહિના સુધી સંલેખના કરીને તે સૌધર્મદેવલોકમાં નવ પલ્યોપમ આયુષ્યવાળી દેવી થઈ.

ત્યાંથી ચ્યવેલી તે કાંપિલ્યનગરના દ્રુપદનામના રાજાની દ્રૌપદી નામની કન્યા થઈ. રૂપથી તેણે અપ્સરાને પણ જીતી લીધી હતી. તે યુવાન ન બનવા છતાં સદા યુવાન હતી. ઉત્તમ વર મેળવવાની ઇચ્છાથી તેણે પિતાની આગળ રાધાવેધની (=જે રાધાવેધ સાધે તેને હું પરણીશ એવી) પ્રતિજ્ઞા લીધી. દ્રુપદ રાજાએ પ્રત્યેક રાજાને જલદી દૂત મોકલીને સ્વયંવરમાં રાજાઓને લેગા કર્યા. તે વખતે યુધિષ્ઠિર વગેરે પાંચ પાંડવો ત્યાં આવ્યા. જેમ હંસલી સરોવરમાં આવે તેમ દ્રૌપદી સ્વયંવરમાં આવી. પાંચે પાંડવોને વરવાની ઇચ્છા હોવા છતાં પાતળા શરીરવાળી તેણે લજ્જાથી દાસીના હાથથી અર્જુનના કંઠમાં માળા આરોપી. દિવ્ય પ્રભાવથી એક પુષ્પમાળા પણ તે પાંચે પાંડવોના કંઠમાં જુદી જુદી જોવામાં આવી. જેણે પુણ્ય કર્યું છે તેવી આ રાજકન્યા સારું વર્યો, સારું વર્યો, એ પ્રમાણે આકાશમાં સહસા દેવવાણી થઈ. દ્રુપદરાજા વિચારવા લાગ્યો કે, હું એક કન્યા પાંચને આપવા માટે કેવી રીતે ઉત્સાહિત થાઉં ? કદાચ હું પાંચને આપું તો પણ બધાને ઉપહાસ્ય બનીશ. વરમાળા પાંચેના કંઠોમાં આરોપિત થઈ છે. દિવ્યવાણીએ તેનો આદર કર્યો છે. તેથી અહીં શું થશે ? દ્રુપદરાજા આ પ્રમાણે ચિંતારૂપી મહાસમુદ્રમાં ડૂબી ગયો. સત્ય કર્તવ્યમાં મૂઢ બનેલો તે ઘણા કાળ સુધી વિચારવા લાગ્યો. તેટલામાં આકાશમાર્ગથી ત્યાં ચારણશ્રમણ જલદી આવ્યા. તેમણે પૂર્વભવના નિદાનની વિગત કહીને દ્રુપદના સંદેહને દૂર કર્યો. તેથી હર્ષ પામેલા પાંડુરાજા અને દ્રુપદરાજાએ પાંડવો અને દ્રૌપદીની વિવાહક્રિયા મહોત્સવપૂર્વક કરી. આ પ્રમાણે શિવલક્ષ્મીના પરિણામવાળું તીવ્ર તપ કરીને પણ નિદાનના કારણે દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની થઈ. ખરેખર ! વિષયોની ઇચ્છા બલવાન છે. [૬૪]

પરસ્ત્રીગમન કરનાર પુરુષ મોટો હોય તો પણ તેની લઘુતા થાય છે એમ કહે છે :–

अमरनरासुरविसरिस-पोरसचरिओ वि पररमणिरसिओ ।
विसमदसं संपत्तो, लंकाहिवईवि रंकुव्व ॥६५॥

ગાથાર્થઃ– સુર, અસુર અને મનુષ્યોમાં ન હોય તેવા પુરુષાર્થથી ભરેલા ચરિત્રવાળો હોવા છતાં પરસ્ત્રીલંપટ રાવણ ભિખારીની જેમ મરણાવસ્થાને પામ્યો.

ટીકાર્થઃ– શ્રી રાવણે સીતાનું અપહરણ કર્યું. તેથી રામ અને લક્ષ્મણની સાથે રાવણનું યુદ્ધ થયું. યુદ્ધમાં રાવણે વિભિષણ વગેરે બંધુવર્ગને અલગ કર્યા. રાવણે જગતને જીતીને વિશિષ્ટ બળવાન સામ્રાજ્ય મેળવ્યું હતું. યુદ્ધમાં રાવણ તેના બળવાન સામ્રાજ્યની લક્ષ્મીથી ભ્રષ્ટ બન્યો અને ભિખારીની જેમ મૃત્યુ પામ્યો. આ પ્રમાણે સંક્ષેપથી ગાથાનો અર્થ કહ્યો. વિસ્તારથી અર્થ તો આગળ કહેવાશે તે મહાસતી શ્રી સીતાજીના ચરિત્રથી જાણવો. [૬૫]

શીલવિનાશથી દુર્ગતિમાં થનારું દુર્બોધ દુઃખ દૂર રહો, કિંતુ શીલવિનાશથી અપજશનો પ્રચાર પણ અટકતો નથી એમ કહે છેઃ–

नेउरपंडियदत्तय–दुहियापमुहाण अज्जवि जयंमि ।
असइत्तिघोसघंटा–टंकारो विरमइ न तारो ॥६६॥

ગાથાર્થઃ– જગતમાં નૂપુરપંડિતા અને દત્તપુત્રી વગેરે અસતીઓના અસતીત્વની ઘોષણા કરનાર ઘંટનો મોટો ધ્વનિ આજે પણ અટકતો નથી.

ટીકાર્થઃ– બીજો ઘંટધ્વનિ અતિશય મોટો હોય તો પણ ક્ષણવારમાં ધીમો પડી જાય છે. પણ આ દુરાચારના ઘંટની ઘોષણા તો શાસ્ત્રોમાં વિદ્વાનો વડે આજે પણ કરાય છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો બે દૃષ્ટાંતોથી જાણવો. તેમાં પહેલું નૂપુરપંડિતાનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે :–

નૂપુરપંડિતાનું દૃષ્ટાંત

રાજગૃહ નામનું નગર હતું. તેમાં ઊંચા ઘરોમાં મુગ્ધજીવો મોતીઓના લોભથી નક્ષત્રોને ગ્રહણ કરવાની ઇચ્છા રાખતા હતા. તે નગરીમાં દેવદત્ત નામનો બુદ્ધિશાળી સોની હતો. કલાવાન તે સદા સુવર્ણનાં કુંડલો બનાવતો હતો. તેનો દેવદિન્ન નામનો પુત્ર હતો. જેમ રાજહંસો માનસ સરોવરનો આશ્રય લે તેમ વિવેકમાર્ગરૂપી ચાંચોવાળા રાજહંસરૂપી ગુણોએ તેના મનનો આશ્રય લીધો હતો તેની દુર્ગિલા નામની પત્ની હતી. જાણે પ્રતિબંધથી રહિત સ્પર્ધાથી હોય તેમ રૂપ, સૌભાગ્ય, શૃંગાર અને વિકારોએ તેનો અતિશય આશ્રય કર્યો. એક દિવસ કામથી ઉન્મત્ત બનેલી અને નેત્રની રાગવાળી શૃંગારિક ચેષ્ટાઓથી યુવાનોના મનને ભ્રમવાળા બનાવતી તે સ્નાન કરવા નદીએ ગઇ. આભૂષણોના કારણે જેની શરીરકાંતિ સૂર્યથી દ્વિગુણ થઈ છે એવી અને જાણે બીજી લક્ષ્મીદેવી હોય એવી તેણે નદીના કાંઠાને શોભાવ્યો. ત્યાં તેણે શરીર ઉપરથી કાંચળી ઉતારી અને મસ્તકના કેશસમૂહને છૂટો કર્યો. જાણે નદી તરવાની ઇચ્છાથી સ્તનોના બહાને ઘડાઓને ગ્રહણ કર્યા હોય તેવી તે શોભી. ચંચલતાની સમાનતાથી જાણે તરંગો

વડે સામે જવાઇ હોય તેવી તેણે બે હાથ પહોળા કરીને મહાનદીમાં પ્રવેશ કર્યો. બે હાથ રૂપી પાંખોને હલાવતી, મંદગતિવાળી અને રાજહંસીની જેમ એક કાંઠાથી બીજા કાંઠે ફરતી તે નદીમાં તરી. તરંગોના કારણે જેમાં સર્વ અંગો ઢંકાઈ ગયા છે એવા પાણીના ઉપરના ભાગમાં તરતી એવી તેનો કેશસમૂહ જાણે શેવાલની વેલડી હોય તેમ શોભ્યો. સૂક્ષ્મ અને ભીનાં વસ્ત્રોવાળી તથા જેના શરીરના સર્વ અવયવો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે એવી તેને જોઇને દુરાચારી અને ચતુર એવો કોઈ પુરુષ ક્ષોભ પામીને બોલ્યોઃ હે ચંચલનેત્રોવાળી! જેમ તને નદી "સુખપૂર્વક સ્નાન કર્યું?" એમ પૂછે છે તેમ આ વૃક્ષો પણ પૂછે છે, અને તારા ચરણકમલમાં નમેલો હું પણ તે પ્રમાણે પૂછું છું. તે પણ બોલીઃ નદીનું કલ્યાણ થાઓ, વૃક્ષો પ્રસન્ન બનો, અને "સુખપૂર્વક સ્નાન કર્યું?" એમ પૂછનારનું ઇચ્છિત કરીશ. દુર્ગિલાના વચનથી અતિશય આનંદ-રસથી પૂર્ણ થયેલ તે જાણે કામદેવની આજ્ઞાથી[1] હોય તેમ ક્ષણવાર ચેષ્ટારહિત જેવો થઈ ગયો. તે પુરુષે વૃક્ષની ઉપર જોતા અને ફૂલોને પાડવાની ઇચ્છાવાળા છોકરાઓને ફળો પાડી આપીને સંતોષ પમાડીને પૂછ્યું કે, આ સ્ત્રી કોણ છે? છોકરાઓએ કહ્યુંઃ દેવદત્ત નામના સોનીની એ પુત્રવધૂ છે અને દેવદિન્નની પત્ની છે. અહીંથી એનું ઘર[2] દેખાય છે. પ્રતિબંધથી રહિત તે દુર્ગિલા ક્ષણ પછી જલક્રીડાને પૂર્ણ કરીને યોગિનીની જેમ તે પુરુષનું જ એકાગ્રચિત્તે ધ્યાન કરતી ઘરે ગઇ.

મનમાં પ્રવેશેલા અંગારા જેવા તેના શૃંગારનું સતત ધ્યાન ધરતો તે યુવાન પણ કોઈ પણ રીતે સુખ ન પામ્યો. રાત્રિના અગ્નિની જેમ રક્ત[3] બનેલા અને ચક્રવાક-ચક્રવાકીની જેમ પરસ્પર વિયોગથી દુઃખી બનેલા તે બેએ દુઃખપૂર્વક ઘણો કાળ પસાર કર્યો. એકવાર તે ચતુરપુરુષે કુટિલ અને કુલદેવી રૂપ કોઈ તાપસીને ઘણી પૂજા કરીને દુર્ગિલાની પાસે મોકલી. તાપસી તે બેના પૂર્વે થયેલા અનુરાગને જાણીને અને તે બેના સંગનો (=તે બેનો મેળાપ હું કરાવી દઇશ એ પ્રમાણે) સ્વીકાર કરીને ભિક્ષાના બહાને સોનીના ઘરે ગઇ. થાળીમાં તલના લાડુને આપતી સોનીની પુત્રવધૂને જોઇને માયાવી તાપસીએ એકાંતમાં આ પ્રમાણે કહ્યુંઃ– તે યુવાને જ્યારથી તને પાણીમાં સ્નાન કરતી જોઈ ત્યારથી તારા ગુણોમાં આસક્ત બનેલો તે અન્ય સ્ત્રીને જાણતો પણ નથી. તે યુવાન વિષે સ્નેહવાળી અને કુશળ એવી સોનીની પુત્રવધૂએ પોતાના બાહ્ય આકારને છુપાવીને તાપસીને કઠોરવાણી કહી. તે આ પ્રમાણેઃ– આહ! હે કુશીલા! કુલીન મને તું દોષિત કરવા યોગ્ય છો? જેમ વજ્રમાં વેધ ન થઈ શકે તેમ મારામાં તારા વચનને

---

૧. અહીં **કામમ્** અવ્યય સ્વીકાર અર્થમાં છે.

૨. **દૃશોઽતિથિઃ** એ પદોનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ– આંખનો મહેમાન છે, અર્થાત્ દેખાય છે.

૩. અગ્નિના પક્ષમાં રક્ત એટલે લાલરંગ, અને સ્ત્રી-પુરુષના પક્ષમાં રક્ત એટલે અનુરાગવાળા.

દુષ્કર જાણુ, અર્થાત્ મારામાં તારું વચન નિષ્ફલ જાણુ. હે દુષ્ટા! તું આ કાર્ય કરવા સમર્થ નહિ થાય. આ પ્રમાણે બોલતી અને કૃત્રિમ ક્રોધવાળી દુર્ગિલાએ નીકળતી તાપસીની પીઠમાં કાજળવાળા હાથનો થાપો માર્યો. દુર્ગિલાના આશયને નહિ જાણનારી તાપસીએ તે યુવાનને આ પ્રમાણે કહ્યું:–કુલીન તેં તે સ્ત્રીને પોતાના વિષેઅનુરાગવાળી નિરર્થક જાણી, અર્થાત્ તે સ્ત્રી તારા વિષે અનુરાગવાળી ન હોવા છતાં તું અનુરાગવાળી સમજે છે. સફલવચનવાળી મને હમણાં તું નિષ્ફલ ન કર. કુશળ પણ [1]મણિકાર પથ્થરમાં શું કરે? વળી– તેણે હું જ્યારે નીકળી રહી હતી ત્યારે કાજળવાળા હાથથી મારી પીઠમાં જાણે હું અપરાધ કરનારી હોઉં તેમ સ્પષ્ટપણે તમાચો માર્યો. આ પ્રમાણે કહીને તાપસીએ પીઠને ખુલ્લી કરીને તેને બતાવી. ત્યાં પાંચ આંગળીઓની સ્થાપના જોઈને યુવાને વિચાર્યું કે, ચોક્કસ કુશળ દુર્ગિલાએ મને કૃષ્ણ પંચમીએ આવવાનો સંકેત કહ્યો છે.

ધૂર્તોના ગુપ્ત પણ ચરિત્રને ધૂર્તો જાણે છે. પણ તેણે સ્થાન જણાવ્યું નથી. તેથી મારે ક્યાં જવું? આમ વિચારીને ધૂર્ત ચતુર પુરુષે તાપસીને ફરી કહ્યું: સુંદર નેત્રોવાળી તે ચોક્કસ મારા ઉપર અનુરાગવાળી જ છે. [2]તે વખતે કોઈપણ કારણથી તારો તિરસ્કાર કર્યો છે. તેથી મારા વચનથી તું ફરી એકવાર ત્યાં જા. ઉપાયથી કિલ્લાઓ પણ ગ્રહણ કરાય છે તો તે કેમ ગ્રહણ ન કરાય? તાપસી બોલી: પોતાને સતી માનતી તે તારા નામને પણ સહન કરતી નથી. જેમ લવણની ઉત્પત્તિવાળા રુમાદ્વેશમાંથી માણેકરત્નની પ્રાપ્તિ થવી એ દુર્લભ છે તેમ તેનાથી ઇચ્છિતની પ્રાપ્તિ થવી એ દુર્લભ છે. તો પણ જો માળી પાસેથી રત્નમાળાની તેમ મારાથી પણ તારી આ આશા સિદ્ધ થતી હોય તો હું ફરી વાર જાઉં છું. આમ કહીને તે ફરી ગઈ. તેણે દુર્ગિલાને સ્મિત કરીને કહ્યું: હે [3]સુભ્રુ! તારા પ્રત્યે અનુરાગી અને વિશ્વાસી તે યુવાનનું અપમાન ન કર. સ્થાન જાણવાની ઇચ્છાથી આને ફરી મોકલી છે એમ વિચારીને દુર્ગિલાએ જાણે ક્રોધથી હોય તેમ અશોકવનના દ્વારથી તેને બહાર કાઢી. વિલખી બનેલી અને નીચા મુખવાળી તેણે યુવાનને તે વાત જલદી કહી. તે યુવાન તેને મળવાના સ્થાનને જાણીને ચિત્તમાં હર્ષ પામ્યો. ચતુર પુરુષોમાં મુખ્ય તેણે પોતાના હૃદયના ભાવને છુપાવીને તાપસીને કહ્યું: તેં મારા માટે આટલું સહન કર્યું છે. પણ તારે દુર્ગિલાને કંઈ ન કહેવું.

હવે તે કૃષ્ણપંચમીના દિવસે અશોકવનમાં ગયો. રસ્તામાં જોતી દુર્ગિલાએ પણ દૂરથી તેને જોયો. એમણે નેત્રરૂપી પડિઆઓથી પરસ્પર પ્રેમરૂપી અમૃત પી પીને છાતી દબાવીને તરંગોની જેમ જલદી ભેટ્યા. લાંબા કાળે દર્શન થવાથી સ્નેહ થયો. સ્નેહપૂર્વક વાતો કરતા અને ભોગરૂપી અમૃતનું પાન કરતા તેમના બે પ્રહર એક ઘડીની જેમ પસાર

---

૧. મણિકાર= મણિઓના દાગીના બનાવનાર.
૨. અહીં **નૂનમ્** અવ્યય તર્ક અર્થમાં છે.
૩. સુભ્રૂ=સારા ભમરવાળી.

થઈ ગયા. ક્રીડાથી થાકી ગયેલા તે બે હાથને ઓશીકું બનાવીને સૂઇ ગયા અને જાણે પોતાના કાર્યથી ત્રાસી ગયા હોય તેમ તેમનાં નેત્રો તત્કાલ મીંચાઇ ગયાં. તે વખતે વડીનીતિ માટે અશોકવનમાં ગયેલા દેવદત્ત સોનીએ પુત્રવધૂની સાથે સૂતેલા જારપુરુષને જોયો. પુત્રવધૂની સાથે સુતેલો આ પુરુષ જાર જ છે એવો નિર્ણય કરવા માટે તે વૃદ્ધે જલદી ઘરે સુતેલા છોકરાને જોયો. ઘરમાં સુતેલા પુત્રને જોઈને તેણે હૃદયમાં આ પ્રમાણે વિચાર્યું:- પુત્રવધૂના અસતીપણાની વાત ઉપર મારો પુત્ર વિશ્વાસ નહિ કરે. આમ વિચારીને તેના પગમાંથી ઝાંઝર લઇને સસરો જતો રહ્યો. સસરાએ ઝાંઝર આસતેથી લીધું હોવા છતાં તેને જાણીને દુર્ગિલા જાગી ગઈ. (અહીં કવિ વાચકને પૂછે છે કે-) કામી જીવોને જાણે ભય પામી હોય તેમ ગાઢનિદ્રા કયાંથી હોય તે તું કહે. અસતી તેણે જારને કહ્યું: મારા સસરા આપણને જોઇ ગયા છે. એથી તું મને જલદી સહાય કર. જારપુરુષ તેનો સ્વીકાર કરીને ઉપરનું વસ્ત્ર પહેરીને ઘરે ગયો. દુર્ગિલા પણ પતિનું ગાઢ આલિંગન કરીને પતિની પાસે સૂઈ ગઈ. જાણે સંતાપ પામતી હોય તેમ તે અસતીએ પતિને જગાડીને કહ્યું: હે સ્વામી ! હું અહીં ઘામથી પીડાયેલી છું. આજે મને અહીં ઊંઘ આવતી નથી. તેથી વાયુના સંચારથી શીતલ બનેલા અશોકવનમાં આવો. સરલ આશયવાળો દેવદિન્ન ઉઠીને અશોકવનમાં ગયો. ત્યાં પણ તે તત્કાલ ઊંઘી ગયો. સરળ જીવોને પુણ્યરૂપી લક્ષ્મીની જેમ નિદ્રા સુલભ હોય છે. દુર્ગિલા પણ પતિને સંપૂર્ણ શરીરે આલિંગન કરીને નટડીની જેમ સૂઇ ગઇ. જેમ દરિદ્રી મનુષ્યોને લક્ષ્મી ન મળે તેમ ક્ષુદ્ર જીવોને નિદ્રા કયાંથી હોય ? ધૂતારી દુર્ગિલાએ પતિને કહ્યું: આપના કુળમાં આ રિવાજ કેવો છે કે સૂતેલી પુત્રવધૂનું ઝાંઝર સસરો લઈ જાય. આવા રિવાજને ધિક્કાર થાઓ. મારું શરીર પૂર્ણ ઢાંકેલું ન હતું. આવી સ્થિતિમાં નિર્લજ્જ તમારા પિતા મારા ડાબા પગમાંથી ઝાંઝર લઇને એકદમ કેમ જતા રહ્યા ? દેવદિન્ને કહ્યું: હે ભદ્રા ! તું દુઃખી ન થા, ક્ષણવાર સૂઈ રહે, સવારે પિતાને ઠપકો આપીને તને ઝાંઝર અપાવીશ. દુર્ગિલા બોલી: હે મૂર્ખ ! તમે જાણતા નથી કે સવારે તમારા પિતા મોટું બોલશે કે મેં આ પુત્રવધૂને જારપુરુષની[1] સાથે જોઈ છે. તમારી આ આળસથી મારા પ્રાણોનો નાશ થશે. તેથી હે પ્રિય ! હમણાં જ જઇને વૃદ્ધ પાસેથી ઝાંઝર લઇ આવો. પતિએ કહ્યું: હે પ્રિયા ! શંકા ન કર. મને (તારા ચારિત્ર વિષે) સંશય નથી. ઘટતી બુદ્ધિવાળા મારા પિતાને સવારે હું જે પ્રમાણે કહીશ તે તું જો જે. દુર્ગિલા બોલી: તમે પિતાનું મોઢું જોઇને મને બીજી રીતે (=અસતી) માનશો. તેથી મારા જીવનને ધિક્કાર હો ! પ્રિયાને આંસુયુક્ત મુખવાળી અને કલંકીની જાણીને દેવદિન્ને પોતાનામાં વિશ્વાસ પમાડનારા સેંકડો સોગન લીધા. સ્ત્રીને આધીન બનેલા પુરુષો શું નથી કરતા ?

---

૧. અહીં **उपपत्यादिना** એ પદમાં રહેલ આદિ શબ્દનો અર્થ સ્વયં સમજી લેવો. વાક્યની ક્લિષ્ટતાના કારણે અનુવાદમાં તેનો અર્થ લખ્યો નથી.

ગુસ્સે થયેલા દેવદિન્ને સવારે પિતાને કહ્યું: શરમ પેદા કરે તેવું પુત્રવધૂના ઝાંઝરને કાઢી લેવાનું કાર્ય કેમ કર્યું? વૃદ્ધ બોલ્યો: મેં દુરાચારવાળી પુત્રવધૂને રાતે ઉદ્યાનમાં અન્યપુરુષ સાથે સૂતેલી જોઈ એથી તેની ખાતરી માટે આ ઝાંઝર લઇ લીધું. પુત્રે કહ્યું: ત્યાં હું સૂતો હતો, બીજો કોઈ ન હતો. પણ આપે અનુચિત કરીને મને લજ્જાવ્યો. એનું ઝાંઝર આપો. વૃદ્ધાવસ્થા આવી જ હોય છે. તમે એનું ઝાંઝર લીધું ત્યારે એની સાથે હું સૂતો હતો. આ તો ચોક્કસ સતી છે. વૃદ્ધે કહ્યું: જ્યારે હું એનું ઝાંઝર લઇને ઘરે આવ્યો ત્યારે મેં તને ઘરમાં સૂતેલો જોયો હતો. પુત્રવધૂએ કહ્યું: હું આ દોષારોપણને સહન નહિ કરું. દિવ્યકર્મથી પણ હું મારા આત્માની શુદ્ધિ કરીશ. જેમ શ્રેષ્ઠરત્નની અંદર રહેલું પાણીનું બિંદુ શ્રેષ્ઠરત્નને દૂષિત કરે છે, તે રીતે નાનું પણ કલંક કુલીનપણાને દૂષિત કરે છે. અહીં ઉત્તમ યક્ષ છે. હું તેના બે ચરણોની વચ્ચેથી નીકળું છું. અશુદ્ધ મનુષ્ય તેના બે ચરણોની વચ્ચેથી નીકળવા કોઈ પણ રીતે સમર્થ બનતો નથી. શંકાવાળા પિતાએ અને શંકા વિનાના પુત્રે સાહસનો અસાધારણ ભંડાર એવી દુર્ગિલાની પ્રતિજ્ઞાને સ્વીકારી. સ્નાન કરીને, ધોયેલાં વસ્ત્રો પહેરીને અને હાથમાં બલિ લઇને દુર્ગિલા સર્વલોકોની સમક્ષ યક્ષની પૂજા કરવા ગઈ. પૂર્વે સંકેત કરાયેલો જારપુરુષ માર્ગમાં ગાંડો થઇને જેમ ગાયનું પૂછડું વૃક્ષની ડાળીમાં વળગે તેમ દુર્ગિલાના ગળે વળગ્યો. અહો! આ ગાંડો છે એમ સમજીને તેના બંધુઓએ તેને દૂર કર્યો. દુર્ગિલાએ ફરી સ્નાન વગેરે કરીને યક્ષને વિનંતિ કરી કે, હે યક્ષ! આ ગાંડો પુરુષ અને માતા-પિતા વગેરે વડિલોએ આપેલો પતિ એ બે સિવાય જો કયારેય અન્ય પુરુષનો મેં સ્પર્શ કર્યો હોય તો હે દેવ! તે પુરુષને તું પ્રત્યક્ષ જુએ છે. આ બેને છોડીને બીજા કોઇ પુરુષે મારા શરીરનો સ્પર્શ ન કર્યો હોય તો હે દયાનિધિ યક્ષ! તારે મહાસતી મને શુદ્ધિ આપવી. જેટલામાં યક્ષ "હું શું કરું?" એમ વિચારી રહ્યો હતો તેટલામાં ધૂતારી દુર્ગિલા જલદી તેના ચરણોની વચ્ચેથી નીકળી ગઇ. તત્કાલ સઘળો લોક આ શુદ્ધ છે, આ શુદ્ધ છે, એમ બોલવા લાગ્યો. આ વખતે રાજપુરુષોએ તેના કંઠમાં પુષ્પમાળાનું આરોપણ કર્યું. ચારે બાજુ સ્વજનોથી પરિવરેલી દુર્ગિલા હર્ષ પામેલા દેવદિન્નની સાથે વાજિંત્રોના નાદપૂર્વક પોતાના ઘરે ગઇ.

તે જ્યારથી ઝાંઝર કાઢી લેવાના કારણે થયેલા કલંકથી પાર ઉતરી ત્યારથી લોકો તેને નુપૂરપંડિતા એ પ્રમાણે કહેવા લાગ્યા. પુત્રવધૂના આવા ચરિત્રથી આશ્ચર્ય પામેલો સોની દેવદત્ત યોગીની જેમ નિદ્રારહિત બની ગયો. અપૂર્વકરણમાં આરૂઢ થયેલા મુનિની જેમ તેને નિદ્રાથી દરિદ્ર (=રહિત) જાણીને રાજાએ તેને પોતાના અંતઃપુરનો રક્ષક બનાવ્યો. તે વખતે હાથીના મહાવતમાં આસક્ત બનેલી કોઈ રાણી વારંવાર ઉઠીને રક્ષકને જાગતો જોઇને વારંવાર પાછી ફરતી હતી. કુશળ સોની તેના વૃત્તાંતને જાણવાની ઇચ્છાથી ઘુરઘુર અવાજ કરતો જાણે નિદ્રા આવી ગઈ હોય તેમ કપટથી સૂઈ ગયો.

તે રાણી ચોરની જેમ ઉઠીને આમ-તેમ આંખો ફેરવીને નિત્યના સંકેત મુજબ[૧] ઊંચા ઝરુખા ઉપર ચઢી. ઝરુખાની નીચે બાંધેલા રાજાના પટ્ટહસ્તીએ તેને સૂંઢથી લઇને બીજી ભૂમિમાં મૂકી. મોડી આવવાના કારણે મહાવતને ક્રોધ થયો. ક્રોધના આવેશથી તેણે હાથીને બાંધવાની સાંકળથી રાણીને પીઠમાં દાસીની જેમ મારી. રાણી બોલીઃ આજે કોઈ નવો પહેરીગર મૂક્યો છે. તે જાગતો જ રહેતો હતો. તેના ભયથી હું ન આવી. હમણાં તે દુષ્ટાત્મા સૂઈ ગયો. એટલે અવસર પામીને જલદી આવી છું. તેથી હે સ્વામી! મારા ઉપર નિરર્થક ક્રોધ ન કરો. રાણીએ આ પ્રમાણે ક્રોધરૂપી કાદવવાળા મહાવતને સમજાવ્યો. કામથી પીડાયેલા મહાવતે પોતાની પત્નીની જેમ રાજરાણી સાથે કામક્રીડા કરી. રાત્રિના છેલ્લા પ્રહરમાં રાજહસ્તીએ તેને તે જ પ્રમાણે ઝરુખામાં મૂકી દીધી. મહાન સાહસવાળી તે પોતાના સ્થાને ગઇ. આ જોઇને નિર્મલ ચિત્તવાળા સોનીએ વિચાર્યું કે, ખરેખર! મેઘગર્જનાની જેમ સ્ત્રીચરિત્રને જાણવા કોણ સમર્થ છે? જો રાજરાણીઓની પણ શીલ વિષે આવી ચેષ્ટા છે તો સામાન્ય માણસોની સ્ત્રીઓની શીલ વિષે આવી ચેષ્ટામાં શો આશ્ચર્ય છે? જેમને સદા પોતાના ઘરકામમાં જોડેલી નથી અને એથી જે સ્ત્રીઓ પોતાની મરજી મુજબ ફરે છે તે સ્ત્રીઓનું શીલ કેટલો લાંબો કાળ રહે? અર્થાત્ તેવી સ્ત્રીઓનું શીલ લાંબો કાળ ટકે નહિ. આ પ્રમાણે વિચારીને પુત્રવધૂના દોષના કારણે થયેલ ક્રોધ-યુક્ત ધ્યાનનો ત્યાગ કરીને, જેમ જેણે મહાનભારને ઉતાર્યો છે એવો પુરુષ શ્રમના કારણે ઘસઘસાટ ઊંઘી જાય તેમ, તે ઘસઘસાટ ઊંઘી ગયો. ઘસઘસાટ ઊંઘી ગયેલો તે સૂર્યોદય થવા છતાં ન જાગ્યો એટલે પહેરીગરોએ રાજાને તે વાત કહી. તે કારણ વિના અચાનક આ રીતે ઊંઘે નહિ એમ વિચારીને રાજાએ કહ્યુંઃ તે જ્યારે જાગે ત્યારે તેને જલદી અહીં મોકલવો. જાણે ઘણા કાળથી એકઠી કરી હોય તેમ નિદ્રાસુખને પામેલો સોની સતત સાત રાત સુધી સૂતો. પછી જાગેલા તેને સેવકો જાણે અન્ય દ્વીપમાંથી આવ્યો હોય તેમ રાજા પાસે લઈ ગયા.

રાજાએ તેને આ પ્રમાણે પૂછ્યુંઃ હે સોની! સાત રાત જેટલા લાંબા કાળ સુધી તું કેમ ઊંઘ્યો? સોનીએ રાજા પાસેથી અભય લઇને તે બધું સ્પષ્ટ કહ્યું. રાજાએ હાથી, પત્ની અને મહાવતનો તે વૃત્તાંત જાણીને સોનીને સત્કારપૂર્વક રજા આપી. પોતાની કઇ પત્ની અસતી છે એ જાણવા માટે રાજાએ કારીગરો દ્વારા કાષ્ઠનો મોટો હાથી કરાવ્યો. પછી ગુઢ અભિપ્રાયવાળા રાજાએ અંતઃપુરની બધી સ્ત્રીઓને બોલાવીને સંભ્રમપૂર્વક કહ્યુંઃ આજે મેં એવું અશુભ સ્વપ્ન જોયું છે કે તમારે મારી આગળ વસ્ત્રરહિત બનીને કાષ્ઠના હાથી ઉપર બેસવું. રાજાના દેખતાં અંતઃપુરની સ્ત્રીઓએ તે પ્રમાણે કર્યું. તે એક રાણીએ ધ્રુજતાં ધ્રુજતાં કહ્યુંઃ હે સ્વામી! આ હાથીથી હું ભય પામું છું.

૧. વાક્ય ક્લિષ્ટ બની જાય એ દૃષ્ટિએ અહીં અનુવાદમાં મુદ્રાશબ્દનો અર્થ કર્યો નથી. મુદ્રા એટલે સીક્કો. નિત્ય સંકેતરૂપ સીક્કાથી એમ શબ્દાર્થ થાય.

રાજાએ ગુસ્સે થઇને તેને કાળા કમળદંડથી મારી. આથી તે રાણી જાણે મૂર્ચ્છા આવી ગઇ હોય તેમ કપટથી ક્ષણવારમાં ભૂમિ ઉપર પડી. તેથી રાજાએ આ જ કુલટા છે એમ બુદ્ધિથી નિર્ણય કર્યો. પીઠમાં સાંકળના પ્રહારોને જોઇને સ્મિત કરીને કહ્યું: ઉન્મત્ત હાથી દ્વારા કામક્રીડા કરે છે અને કૃત્રિમ હાથીથી ગભરાય છે, સાંકળના પ્રહારથી હર્ષ પામે છે અને કમલદંડના પ્રહારથી મૂર્છા પામે છે. અત્યંત ગુસ્સે થયેલા રાજાએ વૈભાર પર્વત ઉપર જઇને પત્નીને, હાથીને અને મહાવતને ત્યાં બોલાવ્યા. તે હાથી ઉપર મહાવતની સાથે રાણીને બેસાડીને ભ્રૂકુટિ ચઢાવવાના કારણે ભયંકર મુખવાળા થયેલા રાજાએ આજ્ઞા કરી કે, પર્વતના ઉપરના શિખર ઉપર ચઢીને તમે ઝંપાપાત કરો, જેથી મારો ત્રિવર્ગ (=ધર્મ, અર્થ અને કામ) સફલ થાય. મહાવત હસ્તિરત્નને પર્વતના શિખર ઉપર લઈ ગયો. ત્યાં એક પગ અદ્ધર અને ત્રણ પગ ભૂમિ ઉપર એવી સ્થિતિમાં હાથીને રાખ્યો. આ વખતે હાહાકાર મચાવતા લોકો બોલ્યા: હે રાજાઓમાં શ્રેષ્ઠ એવા સ્વામી! આદેશ પ્રમાણે કરનારા આ પશુ હાથીની રક્ષા કરો. ક્રોધના કારણે લોકવાણીની અવગણના કરીને રાજાએ મહાવતને જલદી કહ્યું: હાથીને નીચે પાડ. આથી મહાવતે હાથીને જલદી બે પગે ઊભો રાખ્યો. તેથી નિરર્થક થતા હસ્તિરત્નના વધને જોવા અસમર્થ જનતાએ હાથ ઊંચા કરીને દુઃખપૂર્વક રાજાને કહ્યું: હે દેવ! આ હાથી દુર્લભ છે, સર્વ લક્ષણોથી યુક્ત છે, સુશિક્ષિત છે, અને આપને બેસવા યોગ્ય છે. તેથી આનો વધ કરવો યોગ્ય નથી. સ્વામી યોગ્ય કે અયોગ્ય કાર્ય કરવામાં સ્વાધીન હોવા છતાં પરાધીન હોય છે, અર્થાત્ સ્વામીએ બીજાની પણ યોગ્ય વાતને માનવી જોઈએ. તેથી હે દયાસાર! પ્રસન્ન થાઓ અને પ્રયત્નથી હસ્તિરત્નનું રક્ષણ કરો. જનતાની વિનંતિને માનીને રાજાએ લોકોને કહ્યું: તમે મારાવતી મહાવતને કહો, જેથી તે ઉત્તમ હાથીને પર્વતના શિખર ઉપરથી પાછો વાળે. તે વખતે લોકો જોરથી બોલ્યા: હે મહાવત! રાજાની આજ્ઞા છે કે આ હાથીને પર્વતના શિખરથી પાછો વાળ. મહાવત બોલ્યો: જો રાજા અમને બેને સર્વથા અભય આપે તો આ હાથીને પર્વત ઉપરથી ભૂમિ ઉપર સુખપૂર્વક લઈ આવું. પ્રધાનોએ રાજાને આ વાત કહી. રાજાએ તે બેને અભય આપ્યું. મહાવતે હાથીને ધીમે ધીમે પૃથ્વી ઉપર ઉતર્યો. પછી રાજાએ એ બેને તમે જલદી મારો દેશ છોડી દો એવી આજ્ઞા કરી. આથી રાણી અને મહાવત હાથી ઉપરથી ઉતરીને નાસી ગયા.

સાંજના સમયે તે બે કોઈક ગામમાં આવ્યા. ઘણું ચાલવાથી થાકેલા અને પોતાને ધન્ય માનતા તે બંને કોઇ શૂન્ય દેવ-મંદિરમાં સૂઈ લાગ્યા. તે વખતે એક ચોર ભર રાતે ગામમાંથી ચોરી કરીને નાસ્યો, અને ત્યાં જ દેવમંદિરમાં પેઠો. ગામના રક્ષકોએ ચોર દેવકુલમાં પેઠો છે એમ જાણ્યું. સવારે તેને ચોક્કસ પકડી લઈશું એમ વિચારીને રક્ષકપુરુષો દેવમંદિરને ઘેરી વળ્યા. તે મંદિરમાં અંધકારમાં બધે ભમતો ચોર જ્યાં તે

બે સૂતા હતા તે સ્થાનમાં આવ્યો. મહાવત ઘસઘસાટ ઊંઘી ગયો હતો. એથી ચોરનો સ્પર્શ થવા છતાં તે જાગ્યો નહિ. રાણીને ચોરના હાથનો જરા સ્પર્શ થવાથી જાગી ગઈ. જાણે વશ કરવાનું ઔષધ હોય તેવા તેણે ક્ષણવાર રાણીને ધીમેથી સ્પર્શ કર્યો. ચોર ઉપર અનુરાગવાળી બનેલી રાણીએ ધીમેથી પૂછ્યું: હે ભદ્ર! રાતે (આવેલો) તું કોણ છે? તે બોલ્યો: હે ભદ્રા! હું ચોર છું. રક્ષક પુરુષોના ભયથી નાસતો હું પ્રાણોનું રક્ષણ કરવાની ઇચ્છાથી હમણાં અહીં પેઠો છું. અનુરાગવાળી અને દુરાચારવાળી તેણે ચોરને ધીમેથી કહ્યું: જો તું મારું વાંછિત કરે તો અવશ્ય હું તારી રક્ષા કરું. ચોર બોલ્યો: હે સુભ્રુ! મેં સોનું મેળવ્યું છે, અને (તને મેળવવાથી) સુગંધ પણ મેળવી છે. મારા પ્રાણોનું રક્ષણ કરવાથી તું જીવન પર્યંત મારા જીવનની માલિક છો. પણ હે સુંદર મુખવાળી! તું કહે કે કઈ યુક્તિથી મારું રક્ષણ કરીશ. (આ કહીને) ક્ષણવાર મારા ચિત્તને આશ્વાસન આપ. કારણ કે તું મને પુણ્યથી મળી છે. રાણીએ કહ્યું: સવારે રક્ષક પુરુષો આવશે એટલે હું તને જ મારો પતિ કહીશ. ચોરે કહ્યું: એમ થાઓ. સવારે જેમણે ભૃકુટિ ચઢાવી છે તેવા સુભટોએ હથિયાર સહિત દેવમંદિરમાં પ્રવેશ કર્યો. તેમણે સંભ્રમપૂર્વક પૂછ્યું: તમારામાં ચોર કોણ છે? જાણે મૂર્તિમંત માયા હોય તેવી દુષ્ટ રાણીએ ચોરને ઉદ્દેશીને=ચોર તરફ હાથ કરીને આ મારો પતિ છે એમ ગામના રક્ષક પુરુષોને કહ્યું. બીજે ગામ જતા અમે પતિ-પત્ની સાંજ થતાં થાકી ગયા, અને આ રાત આ દેવમંદિરમાં રહ્યા. તેમણે ભેગા થઈને પરસ્પર વિચારણા કરી કે, લુંટવાનો ધંધો કરનારા ચોર પાસે આવું સ્ત્રીરત્ન ક્યાંથી હોય? જે સ્ત્રી જાણે પ્રત્યક્ષ લક્ષ્મીદેવી હોય તેવી ઉત્તમ સ્ત્રીનો પતિ ચોર હોય એ વાત સંગત બનતી [1]નથી. પણ આ જ ચોર છે એમ મહાવત ઉપર દ્વેષનો આરોપ મૂકીને તેમણે તત્કાલ તેને શૂળી ઉપર ચડાવી દીધો. શૂળી ઉપર ચઢેલા તેને પાણીની તરસ લાગી. તેથી તેણે તે માર્ગથી જેને જેને જતો જોયો તેની તેની પાસે દીનવચનથી પીવા માટે પાણીની માગણી કરી. રાજાના ભયથી તેને કોઇએ પણ પાણી પીવડાવ્યું નહિ. આ દરમિયાન જિનદાસ નામનો શ્રાવક તે માર્ગથી ગયો. પાણી માગતા ચોરને શ્રાવકે આ પ્રમાણે કહ્યું: જો તું મારું કહ્યું કરે તો હું તારી તૃષાને દૂર કરું. જ્યાં સુધીમાં હું પાણી લાવું ત્યાં સુધી તું નમો અરિહંતાણં એ પદનું સ્મરણ કર. મહાવત પણ પાણીની ઇચ્છાથી તે પદનું રટણ કરવા લાગ્યો. શ્રાવક રાજાની રજા લઈને પાણી લઈ આવ્યો. કારણ કે તેવા પુરુષો પવિત્ર પરોપકાર માટે હર્ષથી પ્રયત્ન કરે છે. પાણી લાવેલું જોઈને મહાવત આશ્વાસન પામ્યો. અને તત્કાલ નમો અરિહંતાણં એ પદને મોટેથી બોલતો મૃત્યુ પામ્યો. ધર્મ તત્ત્વને ન જાણવા છતાં નમસ્કાર મહામંત્રના પ્રભાવથી અકામનિર્જરા થવાથી તે વ્યંતરનિકાયમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

---

૧. અહીં **यस्य** પદના સ્થાને **या स्यात्** એમ હોવું જોઈએ. અહીં **या स्यात्** એવો પાઠ સમજીને અર્થ કર્યો છે.

ચોરની સાથે રસ્તામાં જતી ઉન્મત્ત તે અસતી જાણે અશુભ મર્યાદાવાળો જીવ હોય તેવી નદી પાસે આવી. ચોરે તેને કહ્યું: હે પ્રિયા ! વસ્ત્ર અને અલંકારોથી સહિત તને એક જ વખતમાં નદીના સામા કિનારે લઇ જવા સમર્થ નથી. તેથી તારાં વસ્ત્રો અને અલંકાર વગેરે મને આપી દે. જેથી આ સામા કાંઠે રાખ્યા પછી તને સુખપૂર્વક લઇ જઉં. હું પાછો આવું ત્યાં સુધી તું નિર્ભયપણે શરજાતિના ઘાસના ગુચ્છામાં છુપાઇને રહે. હું જલદી આવી જઇશ. હે પ્રાણેશ્વરી ! તું શંકા કેમ રાખે છે ? હમણાં જ આવીને તને મારી પીઠ ઉપર ધારણ કરીને ગરુડની જેમ સામા કિનારે લઈ જઈશ. રાણી તેને બધું આપીને પોતે જાણે મહાન અપરાધથી ભાગ્યે સઘળા ધનનો દંડ કર્યો હોય તેમ શરજાતિના ઘાસ ના વનમાં રહી. ચોરે ક્ષણવારમાં નદીના સામા કિનારે જઇને વિચાર્યું: જેણે પતિને તે પ્રમાણે મારી નંખાવ્યો તે મારા પણ કષ્ટ માટે જ છે. આ પ્રમાણે વિચારીને પાછળ જોઈને તે પક્ષીની જેમ ઉડ્યો, અર્થાત્ દોડતો નાસી ગયો. ધૂર્ત માણસો પોતાનો સ્વાર્થ સિદ્ધ થઈ જતાં બીજાઓની અપેક્ષા કરતા નથી. વસ્ત્રથી રહિત બનેલી, જેની આશા અત્યંત ભાંગી ગઈ છે એવી, વ્યાકુળ અને ચંચળ નેત્રોવાળી તેણે તેને વસ્ત્રો વગેરેને લૂંટીને ભાગી જતો જોઈને હાથ ઊંચો કરીને ઘૂમ પાડી. હાહા ! હે કૃતઘ્ન ! આકાશમાંથી ભ્રષ્ટ થયેલી લક્ષ્મી જેવી મને છોડીને જતા તને રસ્તામાં આવતા વિઘ્નને દેવતાઓ કેવી રીતે દૂર કરશે ? ચોર બોલ્યો: હે હતાશ સ્ત્રી ! વનમાં વસ્ત્રરહિત એકલી અને ભયંકર તને જોઇને હું ભય પામું છું. તેથી હે દુષ્ટ આશાવાળી સ્ત્રી ! તું મને નહિ જોઇએ. આ પ્રમાણે બોલીને તે હરણફાળ દોડતો નાસવા લાગ્યો. બંને બાજુથી ભ્રષ્ટ થયેલી, અતિશય દીનમુખવાળી અને દુષ્ટ તે ત્યાં જ રહી.

આ તરફ દેવ થયેલા મહાવતના જીવે અવધિજ્ઞાનથી સ્વચ્છંદી રાણીને વનમાં તેવી સ્થિતિમાં રહેલી જોઇ. પૂર્વભવની પત્ની હોવાથી તેને બોધ પમાડવાની ઇચ્છાથી તેણે મુખમાં માંસના ટુકડાવાળા શિયાળનું રૂપ ધારણ કર્યું. તેના દેખતા શિયાળે મુખમાં રહેલી માંસપેસીનો ત્યાગ કરીને નદીના કિનારે રહેલા માછલાને ખાવા માટે જલદી દોડ્યો. માછલું ક્ષણવારમાં ફરી નદીના પાણીમાં જતું રહ્યું. માંસનો ટુકડો સમળીએ લઇ લીધો. શિયાળ તો ઉભયથી ભ્રષ્ટ બનીને રહ્યો. વસ્ત્રરહિત રાણીએ શિયાળને કહ્યું: હે દુર્બુદ્ધિ ! માંસને છોડીને માછલાની ઇચ્છા કરી. આથી તું માંસ અને માછલું એ બંનેથી ભ્રષ્ટ બન્યો. હે શિયાળ ! હવે તું શું જુએ છે ? શિયાળે તેને કહ્યું: પતિને મૂકીને જારપુરુષનો આદર કરનારી તું પતિ અને જારપુરુષ એ બંનેથી ભ્રષ્ટ બની. હે વસ્ત્રરહિત સ્ત્રી ! હવે તું શું જુએ છે ? આ સાંભળીને તે ભયથી કંપવા લાગી. વ્યંતરોમાં સમર્થ અને તેજસ્વી જવાળા તે દેવે દિવ્યસ્વરૂપ ધારણ કરીને તેને કહ્યું: હે પાપિણી ! તે વખતે જેને તેં મારી નંખાવ્યો તે હું મહાવત છું. જૈન ધર્મના કૃપાથી આ દેવપણાને પામ્યો છું. તેથી તું અપરાધ કરનારી હોવા છતાં હું તને દયાથી કહું છું કે તું પૂર્વના

પાપોનો નાશ કરનાર જૈનધર્મનો સ્વીકાર કર. તેણે "તે પ્રમાણે થાઓ" એમ સ્વીકાર કર્યો. આથી વ્યંતરદેવે તેને ઉપાડીને સાધ્વીજીના ચરણકમલ પાસે લઇ જઈને દીક્ષા લેવડાવી. આ પ્રમાણે પવિત્ર શીલરૂપી રત્નના વિનાશને પામેલી તે નૂપુરપંડિતાનો અસતીપણાના કારણે થયેલો અપકીર્તિનો નાદ આજે પણ વિરામ પામ્યો જ નથી.

દત્તપુત્રીનું દૃષ્ટાંત

હવે દત્તપુત્રીનું ઉદાહરણ કહેવામાં આવે છે. તે આ પ્રમાણેઃ- બળવાન લક્ષ્મીનું મંદિર એવું જયપુર નામનું નગર હતું. તે નગરની ઊંચી હવેલીની અગાસીઓ દેવોની વિશ્રાંતિ માટે થતી હતી. તે નગરમાં ધર્મની શાળા સમાન અને મહાન પરાક્રમી જયરથ નામનો રાજા હતો. તેની તલવારની ધારમાં લક્ષ્મીએ નિત્ય વાસ કર્યો હતો. તે રાજાનો દત્ત નામનો મંત્રી હતો. [1]આંતરનિરીક્ષણથી રહિત કવિ પોતાને દત્તની બુદ્ધિથી જિતાયેલો જણાવતો હતો, અને કાણો જ થઈ ગયો હતો. તે મંત્રીની કલ્પવૃક્ષની મંજરીના જેવી શૃંગારમંજરી નામની કન્યા હતી. તે કામીપુરુષો રૂપી ભમરાઓના મનને તેમાં (=શૃંગાર-મંજરી રૂપી કલ્પવૃક્ષની મંજરીમાં)લીન બનાવતી હતી. યૌવનમાં આરૂઢ થયેલી તેણે બે પુષ્ટ સ્તન રૂપી પર્વતમાં રહેલા કામરૂપી સિંહના બળથી વિશ્વના મનને ભમાવ્યું. પૂર્વભવે આચરેલ કર્મરૂપી મલિનતાથી દુષિત બનેલી તે ગતિ અને હૃદયના ભાવને જણાવનારી બાહ્યચેષ્ટાઓથી અસતીપણાને પામી, અર્થાત્ તેની ચાલ અને બાહ્ય ચેષ્ટાઓ અસતી સ્ત્રી જેવી હતી. તે આ પ્રમાણેઃ– રસ્તામાં જતી તે તિર્છી દૃષ્ટિથી જોતી હતી. નહિ બોલતા પણ પુરુષને કઠોરવાણીથી બોલાવતી હતી. ચંચળ, સુવર્ણના જેવી સુંદર કાંતિવાળી, ઘણા ભપકાના શણગારવાળી અને અનેક સ્થળે ઊભી રહેતી તે વિજળીની પંક્તિની જેમ શોભતી હતી.

એકવાર ઉદ્યાનમાં ક્રીડા કરવાની ઇચ્છાવાળા જયરથરાજાએ ઝરુખામાં બેઠેલી શૃંગારમંજરીને જોઈ. તે વખતે જાણે રાજાનું ચિત્ત બીજે છે એમ જાણીને હોય તેમ કામદેવે રાજાને જેમ ભીલ ગીતમાં આસક્ત બનેલા હરણને હણે તેમ હણ્યો. કામદેવને વશ બનેલો રાજા ઉદ્યાનની મનોહરતાને ભૂલીને જેમ પોપટ પાંજરામાં આવે તેમ મહેલમાં પાછો આવ્યો. રાજાએ જલદી પ્રધાનો દ્વારા દત્તપ્રધાનની પાસે શૃંગારમંજરીની માગણી કરી. પોતાના રાગથી સમજાવાયેલો કોઈ પણ મનુષ્ય શું બીજાની અપેક્ષા રાખે ? (અર્થાત્ જેને અમુક વસ્તુ પ્રત્યે તીવ્રરાગ થઇ જાય તે મનુષ્ય બીજાની અપેક્ષા રાખ્યા વિના

---

૧. અહીં ભાવાર્થ આ પ્રમાણે છેઃ– કવિ માત્ર બહારનું નિરીક્ષણ કરીને કલ્પનાઓ કરતો હતો. પણ આંતરનિરીક્ષણ (=ઊંડાણથી વિચાર) કરી શકતો ન હતો. દત્તમંત્રી આંતરનિરીક્ષણ (=ઊંડાણથી વિચાર) કરી શકતો હતો. બાહ્યનિરીક્ષણ કરતાં આંતરનિરીક્ષણ મહત્ત્વનું છે. આ દૃષ્ટિએ કવિ પોતાને દત્તની બુદ્ધિથી જિતાયેલો માનતો હતો. અને કાણો થઈ ગયો હતો.

જાતે જ તે વસ્તુને મેળવવાનો પ્રયત્ન કરે છે. અહીં દત્ત સામે ચડીને પોતાની પુત્રી મને આપે તો હું પરણું એવી અપેક્ષા વિના રાજાએ જાતે જ મંત્રીઓ દ્વારા દત્તની પુત્રીની માગણી કરી). દત્તપ્રધાને આપેલી શૃંગારમંજરીને પરણીને રાજા જેમ તત્ત્વજ્ઞાની શાંતિને પામે તેમ અતિશય હર્ષને પામ્યો. સ્વાભાવિક ચંચળતાથી શૃંગારિક ચેષ્ટાઓવડે રાજાની સેવા કરતી શૃંગારમંજરીએ રાજાને કપટથી પોતાનામાં આસક્ત બનાવ્યો, અર્થાત્ તેને અંતરથી રાજા પ્રત્યે પ્રેમ ન હતો, કિંતુ બહારથી પ્રેમનો દેખાવ કરતી હતી અને એથી રાજા આને મારા પ્રત્યે પ્રેમ છે એમ માનીને તેના પ્રત્યે આસક્ત બન્યો હતો. તેને વશ બનેલો રાજા કયારેક મનોહર ઉદ્યાનમાં, કયારેક ક્રીડાપર્વતમાં તો કયારેક સાત-માળવાળા મહેલમાં તેની સાથે ક્રીડા કરતો હતો. કામાતુર રાજા સ્વચ્છંદ આચરણ કર-નારી, વિવિધ વિલાસોમાં આદર કરનારી અને લક્ષ્મી જેવી શૃંગારમંજરી સાથે ક્રીડા કરતો હતો. રાજાએ તેને શોકચોથી જુદી કરીને કામદેવના મંદિર સમાન સાતમાળવાળા મહેલમાં રાખી. જેમ વાયુના રોગવાળો બે ચંદ્રને જુએ તેમ, રાજા એની ચંચળતાને ઉદ્યમ, મુખરપણાને વકૃત્વ, ધિટ્ઠાઇને સ્થિર પ્રેમ, અતિહાસ્યને સરળતા, આમ–તેમ દૃષ્ટિપાતને લજ્જા માનતો હતો, અર્થાત્ એના દોષને પણ ગુણ માનતો હતો. પતિના પ્રેમથી સાતમાળવાળા મહેલમાં સ્નાન, પાન, ભોજન વગેરે સઘળી ક્રિયાઓને કરતી તે દેવીની જેમ પોતાની મરજી મુજબ રહેતી હતી.

આ તરફ તે નગરમાં કામદેવ જેવો ધનંજય નામનો શ્રેષ્ઠિપુત્ર તે રસ્તે મહેલની નીચેથી પસાર થયો. કામદેવ જેવા દેદીપ્યમાન તેને જોઇને કામથી મૂઢ બનેલી શૃંગાર-મંજરી જાણે બાહુપાશ નાખતી હોય તેમ તેના ગળામાં પુષ્પમાળા નાખી. તેના ભાવને જાણનારા ધનંજયે પોતાના પુરુષો દ્વારા ગુપ્ત રીતે શૃંગારમંજરીના મહેલથી ઉદ્યાન સુધી સુરંગ ખોદાવી. (સુરંગ દ્વારા) ઉદ્યાનમાં ગમનાગમન કરતી કામાતુર રાણીએ પોતાને ઇષ્ટ ક્રીડાઓથી કેટલોક કાળ સુખપૂર્વક પસાર કર્યો એકવાર રાજવાટિકાથી પાછા ફરતા રાજાએ શૃંગારમંજરીને ઉદ્યાનમાં ક્રીડા કરતી જોઈ. રાજા મને જોઇ ગયા છે એમ જાણીને ચતુર શૃંગારમંજરી સુરંગ દ્વારા મહેલમાં જઇને (આવતા) રાજા તરફ દૃષ્ટિ રાખીને ઝરુખામાં રહી. રાજા જ્યારે જલદી મહેલ ઉપર ગયો ત્યારે શૃંગારમંજરીને પ્રેમથી પોતાના તરફ દૃષ્ટિવાળી જોઇને હર્ષ પામ્યો. એકવાર ગાયકોએ સાંજના સમયે સામંતસહિત રાજાની આગળ સંગીતનો ઉત્સવ કર્યો. રાજાએ [1]તાન, માન, લય, ગ્રામ, મૂર્છના અને શબ્દોથી મનોહર અને વાજિંત્રોથી સુંદર ગીત સાંભળ્યું. શૃંગારમંજરી ગાયકો પ્રત્યે વિકારવાળી બને છે. એ જાણીને રાજાએ સંગીત બંધ કરાવ્યું. પછી રાજા મહેલ ઉપર ગયો. ત્યાં તેણે જોયું તો શૃંગારમંજરીને ઉત્તમ શય્યામાં ઘેરાતી આંખોવાળી

૧. તાન=ગાયનનું એક અંગ, માન=તાલનો વિરામ. લય=નૃત્ય, ગીત અને વાજિંત્ર એ ત્રણની એકતા. ગ્રામ=રાગનો એક પ્રકાર. મૂર્છના=ગાયનમાં સ્વરોની ચઢ–ઉતર.

અને જાણે ઊંઘતી હોય તે રીતે સૂતેલી જોઈ. પત્નીને આવી જોઇને રાજાએ પોતાની (શૃંગારમંજરી ગાયકો પ્રત્યે વિકારવાળી બની છે એવી) શંકાને દૂર કરી. રાણીએ વિશેષ અનિષ્ટની શંકાથી રાજાની તેવી રીતે સેવા કરી કે જેથી રાજાએ તેણે કરેલા (કૃત્રિમ) આતિથ્યને સાચું માન્યું.

વસંતઋતુના સમયમાં એકવાર નગરજનો, સામંતરાજાઓ અને અંતઃપુરની સાથે રાજા ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. પુષ્પોને વીણીને (=ચૂંટીને) થાકી ગયેલા રાજા અને રાણી રાતે કર્યાક વેલડીના મંડપમાં ઘસઘસાટ ઊંઘી ગયા. જાણે ભયંકર યમ હોય તેવા સર્પે રાણીને દંસ દીધો. રાણી તુરત જાગી ગઈ અને પોકાર કરવા લાગી. રાજાએ જેટલામાં મંત્રવાદીઓને બોલાવવાનું શરૂ કર્યું તેટલામાં રાણી વિષના વેગથી (=તીવ્ર અસર થવાથી) મૂર્છિત બનીને નીચે પડી. ગારુડિકોએ વિષને દૂર કરવા માટે જે જે ક્રિયાઓ કરી તે તે ક્રિયાઓ દુર્જન ઉપર કરેલા ઉપકારની જેમ નિષ્ફળ બની. પ્રિયાના પ્રેમથી વિહ્વળ બનેલા અને રાજ્યને જુના ઘાસના તણખલા જેવું માનતા રાજાએ ધીરતાનો ત્યાગ કરીને ઘણા કાળ સુધી વિલાપ કર્યો. રાજા રોકવા છતાં જેટલામાં ચંદનના કાષ્ઠોથી રચેલી ચિતામાં પત્નીની સાથે પ્રવેશ કરવાની ઇચ્છાવાળો થયો તેટલામાં આકાશમાર્ગે નંદીશ્વર જતો એક વિદ્યાધર ત્યાં જનસમૂહને એકઠો થયેલો જોઇને ઓચિંતો નીચે ઉતર્યો. સર્પથી દંશાયેલી પ્રિયાના પ્રેમના કારણે રાજા અગ્નિની ચિતામાં પ્રવેશ કરી રહ્યો છે એમ જાણીને વિદ્યાધરને દયા આવી. આથી વિદ્યાધરે રાજાને તેવા સાહસથી એકદમ રોકીને તેની પત્ની ઉપર જલદી પાણી છાંટીને તેને વિષરહિત બનાવી. તે વખતે રાજા આનંદ પામ્યો, જનતા હર્ષ પામી. સ્ત્રીઓએ ગીતો ગાયા, નગારાં વાગ્યાં, જગત હર્ષમય બની ગયું. રાજાએ અકૃત્રિમ (=કોઇ જાતના સ્વાર્થ વિના) ઉપકાર કરનાર વિદ્યાધરનું ઘણા પ્રેમ અને આદરથી સન્માન કર્યું. પછી રાજાએ તેને [1]રજા આપી. ફરી એકવાર રાજા ઉદ્યાનમાં આવ્યો અને રાત ત્યાં જ રહ્યો. કામદેવથી જીવનારા (=અધિક કામવાસનાવાળા) જીવો ઉપદ્રવવાળા સ્થાનને પણ સેવે છે.

આ તરફ પૂર્વે કરેલા સંકેતથી ધનંજય ત્યાં જ આવ્યો. જીવોનું મન જ્યાં લાગેલું હોય તે અતિશય દૂર હોય તો પણ નજીક છે. રાણીએ તેની પાસે આવીને કહ્યું: આ પ્રમાણે આપણને સુખ શું છે? તેથી રાજા જાગે નહિ ત્યાં સુધીમાં અન્ય કોઈ દેશમાં જઇએ. ધનંજયે કહ્યું: હે મુગ્ધા! આ વિચારપૂર્વકની બુદ્ધિ નથી. સર્પના મસ્તકે રહેલા મણિને લેવા કોણ સમર્થ છે? આ રાજા જીવતો હોય ત્યાં સુધી જે તારું હરણ કરવાની ઇચ્છા રાખે છે તે પોતાને પ્રજ્વલિત બનેલા તલવારરૂપી અગ્નિમાં હોમવાની ઇચ્છા કરે છે. ધનંજયે જે કહ્યું તેનો સ્વીકાર કરીને રાજાને હણવાની ઇચ્છાવાળી રાજાની

---

૧. **यथागतं** પદનો અર્થ વાક્યક્લિષ્ટતાના કારણે અનુવાદમાં કર્યો નથી. તેનો અર્થ આ પ્રમાણે છે:- પછી રાજાએ જે પ્રમાણે આવ્યો હતો તે પ્રમાણે તેને રજા આપી.

પાસે ગઈ અને દયારહિત તેણે તલવાર હાથમાં લીધી. રાણી ધ્યાનરહિત તલવારને હાથમાં લઇને જેટલામાં રાજાને મારવા તલવાર ઉગામે છે તેટલામાં ધનંજયે આવીને તલવાર લઈ લીધી. પછી ધનંજયે વિચાર્યું: જેણે આને પટ્ટરાણીના પદે સ્થાપી, આ રાણીને સર્પે દંસ દીધો ત્યારે જે પોતાના પ્રાણોને પણ છોડવા તૈયાર થયો, તે મહાભાગ્યવંતમાં પણ જો આ રાણી આવી ચેષ્ટા કરે છે તો સ્વાર્થી એવા મારા વિષે તેનું ચિત્ત કેવું હોય એની સંભાવના કરી શકાય છે. આથી અનર્થની ખાઈ અને વિષવેલડી જેવી આનાથી સર્યું. મને ધિક્કાર છે! આટલા કાળ સુધી વિચાર કર્યો નહિ, એથી હું આત્માને હારી ગયો. કેવળ તે મુનિઓ જ ધન્ય છે કે જેઓ સંસારનો ઘાસની જેમ ત્યાગ કરીને મનુષ્ય જન્મના ફળરૂપ ધર્મને આચરે છે. હા! ખેદની વાત છે કે અનુત્તરદેવો પણ જેની ઝંખના કરે છે તે મનુષ્યભવને પામીને મૂઢ જીવો નિરર્થક જ હારી જાય છે. ઇત્યાદિ વિચારણાથી સંસાર પ્રત્યે વિરાગને ધારણ કરનાર અને તત્ત્વોનો બોધ થવાથી સર્વ પદાર્થોમાં વિરક્તબુદ્ધિવાળા ધનંજયે જૈનદીક્ષાનો સ્વીકાર કર્યો. જેના હૃદયમાં કેવળ કામદેવ વસેલો છે તેવો રાજા સવારે રાજમહેલમાં ગયો. જેનાથી રાગ પોષાય તેવા મનોરથોને કરતા રાજાએ ઘણા કાળ સુધી રાજ્યનું પાલન કર્યું.

એકવાર રાજા પોતાની રાજસભામાં બેઠો હતો ત્યારે અશ્વસમૂહને વેચનારા વણિકો રાજાની પાસે આવ્યા. કુતૂહલને વશ બનેલા રાજાએ તે ઘોડાઓમાં સારા લક્ષણવાળા અને ઊંચા એક ઘોડાને સવારી માટે તૈયાર કરાવ્યો. આ વખતે પ્રધાનોએ રાજાને કહ્યું: વિદ્વાન પુરુષે બળવાન કે નિર્બલ એવા મનુષ્ય કે પશુની પરીક્ષા કર્યા વિના તેને ક્રમમાં લેવો નહિ. આ પ્રમાણે પ્રધાનોએ રોકવા છતાં ઉત્તમરાજા હાથથી લગામ ખેંચીને ઘોડા ઉપર આરૂઢ થયો. અશ્વ પહેલાં તો તે માર્ગોને પ્રસિદ્ધ કરતો હતો, અર્થાત્ ધીમે ધીમે ચાલતો હતો, પણ પછી લગામ કંઈક ખેંચી એટલે પવનની જેમ દોડ્યો. લોકો રાજા જાય છે જાય છે એમ બોલી રહ્યા હતા તેટલામાં રાજા અદૃશ્ય થયો. રાજાએ વિચાર્યું: આ અશ્વ મને વનમાં લઈ આવ્યો. કંટાળેલા અને જે થવાનું હોય તે થાઓ એમ વિચારતા તેણે લગામને ઢીલી મૂકી. આથી અશ્વ ઊભો રહી ગયો. આ અશ્વ વિપરીત શિક્ષાવાળો છે એમ જાણીને રાજા તેના ઉપરથી પૃથ્વી ઉપર ઉતરી ગયો. પછી ક્ષુધા-તૃષાથી પીડાયેલ રાજા જંગલમાં ઘણું ભમ્યો. જેમાં પશુઓ શાંત છે તેવા વનમાં રાજા જેટલામાં આગળ આગળ જઈ રહ્યો હતો તેટલામાં તેણે ત્યાં રહેલા મુનિને જોયા. એ મુનિ મોહરૂપી અંધકાર સમૂહને દૂર કરનાર સૂર્ય સમાન હતા. તેમણે તપથી શરીરના સર્વ અંગોને સુકવી નાખ્યા હતા. મમતાથી રહિત અને મૂર્તિમંત ધર્મ હોય તેવા તે મુનિ કાયોત્સર્ગમાં રહેલા હતા. જાણે અમૃતથી સ્નાન કર્યું હોય તેમ ખુશ થયેલા રાજાએ મુનિને વંદન કર્યું. કાયોત્સર્ગ પારીને મુનિએ રાજાને આશીર્વાદ આપ્યા. આ રાજા વ્રતદાનથી (મારા ઉપર) ઉપકાર કરનાર છે એમ જાણીને મુનિએ બેસીને વિશેષથી

યથાયોગ્ય ઉપદેશ આપ્યો. તે આ પ્રમાણેઃ– હે રાજન્ ! અસાર અને ભયંકર આ સંસારમાં જિનેશ્વરે કહેલા ધર્મ સિવાય બીજું કોઈ રક્ષણ કરનાર નથી. ઇત્યાદિ દેશનાથી રાજાને વૈરાગ્ય થયો. આથી રાજ્યને તૃણસમાન માનતા રાજાએ દીક્ષાનો મનોરથ ધારણ કર્યો. રાજાએ મુનિને પૂછયુંઃ હે ભગવંત ! ભોગને યોગ્ય અને મનોહરવયમાં પણ વ્રતનો સ્વીકાર કરવામાં આપના વૈરાગ્યનું કારણ શું છે ? મુનિએ કહ્યુંઃ હે નૃપ ! તમે જ મારા સંયમનું કારણ છો. કેવી રીતે ? એમ રાજાએ પૂછયું. મહામુનિએ ફરી કહ્યુંઃ હે નૃપ ! જે વખતે આપની રાણીને સર્પ કરડ્યો ત્યારે આપે જે ચેષ્ટા કરી તેમાં હું સાક્ષીભાવને ધારણ કરનાર હતો, અર્થાત્ એ ચેષ્ટાને હું સાક્ષીભાવથી જોતો હતો. રાણી પ્રત્યે પ્રાચીન ગાઢ સ્નેહને વશ બનીને હું ત્યાં આવ્યો. કૃતઘ્નની જેમ તમને છોડીને રાણી મને મળી. તેણે મને કહ્યુંઃ આવી સ્થિતિમાં(=રાજાની વિદ્યમાનતામાં) આપણને શું સુખ છે ? આમ કહીને દુષ્ટચિત્તવાળી તે હાથમાં તલવાર લઈને જેટલામાં તમારા પ્રત્યે દોડી તેટલામાં મેં જલદી તેના હાથમાંથી તલવાર છિનવી લીધી. પછી મેં વિચાર્યું કે, આને ધિક્કાર થાઓ ! કામની (=વિષય સુખની) ઇચ્છાને ધિક્કાર થાઓ ! સંસારની વિડંબનાને ધિક્કાર થાઓ ! આવી વિચારણાથી મારો આત્મા સંવિગ્ન બન્યો. આથી હે નૃપ ! વિષસમૂહની જેમ બધું છોડીને દીક્ષા લઈને હું આતાપના કરું છું=તાપ વગેરે કષ્ટ સહન કરું છું. આ પ્રમાણે સાંભળીને રાજાને વૈરાગ્ય થયો. પછી રાજા આવેલા સૈન્યની સાથે નગરમાં આવ્યો. રાજાના નગરપ્રવેશ નિમિત્તે નગરીમાં ધજાઓ બાંધવામાં આવી હતી. સંસારને ખારા સમુદ્ર તુલ્ય માનતા રાજાએ રાજ્ય પુત્રને આપીને દીક્ષા લીધી. ક્રમે કરીને રાણીના આ વૃત્તાંતને જાણનારા સ્વજનોએ અને દુર્જનોએ તેને તિરસ્કારી અને ધિક્કારી. આ રીતે શૃંગારમંજરી દુઃખી થઈ. અશુભ કાર્યથી બાંધેલા કર્મને અધિક નિકાચિત કરીને તે હાથીએ ઉછાળેલી માછીમારની જાળની જેમ અધોગતિમાં (=નરકમાં) ગઈ. તેમાંથી નીકળીને તિર્યંચગતિના ભવોમાં ઉત્પન્ન થઈ અને પાપોનું ઉપાર્જન કરીને શીલનું ખંડન કરવાથી ભયંકર અનંત ભવોમાં ભમશે. આ પ્રમાણે અસતીપણાથી સતત ક્લિષ્ટ કર્મોનું ઉપાર્જન કરીને ઉગ્રપાપવાળી તે શૃંગારમંજરી દુઃખે કરીને પાર પામી શકાય તેવા સંસારરૂપી સમુદ્રમાં પરિભ્રમણ કરશે. [૬૬]

હવે પૂર્વોક્ત કથાઓના અર્થની ઉપદેશરૂપે વિચારણા કરે છે :–

एवं सीलाराहण-विराहणाणं च सुक्खदुक्खाइं ।
इय जाणिय भो भव्वा !, मा सिढिला होह सीलंमि ॥६७॥

ગાથા-ટીકાર્થઃ– પૂર્વે કહ્યું તે પ્રમાણે શીલની આરાધનામાં સુખ છે અને વિરાધનામાં દુઃખ છે એમ વિચારીને હે ભવ્યો ! શીલમાં (=ચોથા વ્રતના પાલનમાં) શિથિલ ન બનો, અર્થાત્ શીલનો જ આદર કરો. (૬૭)

શીલધારીઓએ નારીના સંગનો પણ ત્યાગ કરવો જોઈએ એમ જણાવે છે :–

बंभव्वयधारीणं, नारीसंगो अणत्थपत्थारी ।
मूसाणव मंजारी, इअ निसिद्धं च सुत्तेवि ॥६८॥

ગાથાર્થ:– શીલપાલનમાં તત્પર બનેલાઓને નારીનો સંગ, ઉંદરોને બિલાડીના સંગની જેમ અનર્થનો વિસ્તાર કરે છે, અર્થાત્ પાપનો હેતુ છે. આથી જ દશવૈકાલિક-સૂત્રમાં પણ બ્રહ્મચારીને નારીના સંગનો નિષેધ કર્યો છે.

ટીકાર્થ:– જેમ બિલાડી ઉંદરોનો નાશ કરે છે, તેમ સ્ત્રીસંગ શીલવંતોના શીલ-રૂપી શરીરનો વિનાશ કરનાર હોવાથી અનર્થની પરંપરાને કરનાર છે. [૬૮]

દશવૈકાલિકસૂત્ર (અ. ૮ ગા. ૫૭) માં જે કહ્યું છે તે જ કહે છે :–

विभूसा इत्थिसंसग्गो, पणीयं रसभोयणं ।
नरस्सत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥६९॥

ગાથાર્થ:– આત્મહિતના શોધક (=તત્ત્વના જાણકાર) પુરુષ માટે વિભૂષા, સ્ત્રી-સંસર્ગ, પ્રણીતઆહાર અને રસભોજન તાલપુટ ઝેર જેવા છે.

ટીકાર્થ:– વિભૂષા=ઉદ્ભટ વસ્ત્ર અને આભૂષણ આદિથી શરીરની શોભા કરવી. સોમનીતિમાં કહ્યું છે કે– **"ઋષિ સિવાય બીજો કોઇ કાવ્ય ન કરે. વિષ્ણુ સિવાય અન્ય કોઇ પૃથ્વીપતિ નથી. નિઃસ્પૃહ અધિકારી ન હોય. કામીને શરીર શોભા અપ્રિય ન હોય, અર્થાત્ કામીને શરીર શોભા પ્રિય હોય છે."**

સ્ત્રીસંસર્ગ=સ્ત્રી આદિનો સહવાસ કરવો. સહવાસની અસર વિષે કહ્યું છે કે– **"પાટલા વનસ્પતિનું પાણી પાટલાના સંસર્ગથી થયેલ લાલ ગુણને પામીને બોપરીના ટુકડાઓને પણ વાસિત કરે છે=લાલ રંગવાળા બનાવે છે. દરરોજ જ્ઞાનથી અધિક પુરુષોના સહવાસમાં આવતા મંદમતિવાળા પુરુષો પણ પ્રાયઃ અધિક જ્ઞાનવાળા બને છે.**

પ્રણીત=સ્નિગ્ધ આહાર. સરસ ભોજન=વિગઈઓનું સેવન. આગમમાં કહ્યું છે કે– **"જે શ્રમણ દૂધ, દહીં વગેરે વિગઇઓ વારંવાર વાપરે તથા તપ કરવામાં અરુચિવાળો હોય તે 'પાપશ્રમણ' કહેવાય છે."**

જેમ તાલપુટ નામનું વિષ જલદીથી પ્રાણ નાશ કરે છે તેમ આ વિભૂષા વગેરે પણ શીલરૂપજીવનનો નાશ કરનાર હોવાથી તાલપુટ વિષ સમાન જાણવા. [૬૯]

આગમમાં કહેલાં દૃષ્ટાંતોને કહે છે :–

जहा कुक्कडपोयस्स, निच्चं कुललओ भयं ।
एवं खु बंभयारिस्स, इत्थीविग्गहओ भयं ॥७०॥

ગાથાર્થઃ– જેવી રીતે કુકડાના બચ્ચાને બિલાડીથી સદા ભય રહે છે, તેવી રીતે બ્રહ્મચારીને નિયમા સ્ત્રીશરીરથી ભય રહે છે. (દશ. વૈ. અ. ૮ ગા. ૫૪)

ટીકાર્થઃ– જેવી રીતે બિલાડી છળ મેળવીને કુકડાના બચ્ચાને અવશ્ય મારી નાખે છે, એથી કુકડાના બચ્ચાને બિલાડીથી સદા ભય રહે છે, તેવી રીતે બ્રહ્મચારીને નિયમા સ્ત્રીશરીરથી ભય રહે છે. કારણ કે સ્ત્રીનું શરીર બ્રહ્મચારીને પણ કામનો ઉન્માદ ઉત્પન્ન કરે છે. [૭૦]

શૃંગારિક ચેષ્ટાઓથી ઉત્તમ એવા સ્ત્રીના શરીરને જોવાનું દૂર રહો, ચિત્રમાં રહેલું પણ સ્ત્રીનું રૂપ છોડવા લાયક છે=જોવા લાયક નથી એમ કહે છે :–

चित्तभित्तिं न निज्झाए, नारिं वा समलंकियं ।
भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥७१॥

ગાથા–ટીકાર્થઃ– બ્રહ્મચારી ભીંતમાં આલેખેલા સ્ત્રીનાં ચિત્રોને ન જુએ. કારણ કે ચિત્રમાં રહેલાં સ્ત્રીનાં રૂપો જોવા માત્રથી મનને આકર્ષીને રાગનું પોષણ કરે છે. તથા સાધુ સારી રીતે અલંકૃત થયેલી સ્ત્રીને ન જુએ. પ્રશ્નઃ– ચક્ષુની સામે આવેલા રૂપને ન જોવું એ શક્ય નથી. ઉત્તરઃ– જેમ સૂર્યને જોઈને તુરત દૃષ્ટિ ખેંચી લેવામાં આવે છે તેમ કદાચ સ્ત્રીનું રૂપ જોવાઈ જવાય તો તુરત દૃષ્ટિને ખેંચી લે. (દ.વૈ.અ. ૮ ગા. ૫૫) [૭૧]

સ્ત્રીના પ્રસંગથી થતા દોષનો ત્યાગ કરવાની ઇચ્છાથી નામમાત્રથી સ્ત્રીનો નિષેધ કરે છેઃ

हत्थपायपडिछिन्नं, कन्ननासविगप्पियं ।
अवि वाससयं नारिं, बंभयारी विवज्जए ॥७२॥

ગાથાર્થઃ– જેના હાથ–પગ છેદાયેલા છે, કાન–નાક કપાયેલા છે અને સો વર્ષની વૃદ્ધાવસ્થાથી જેનું શરીર જીર્ણ થયેલું છે એવી પણ નારીનો બ્રહ્મચારી ત્યાગ કરે. (દ. વૈ. અ. ૮ ગા. ૫૬)

ટીકાર્થઃ– આ ગાથાનો તાત્પર્યાર્થ એ છે કે રૂપ, વેષ અને વર્ષ વગેરેની અપેક્ષા વિના સ્ત્રી એવા નામનો પણ ત્યાગ કરવો જોઈએ, એટલે કે રૂપ સારું છે કે ખરાબ ? વેષ સારો છે કે ખરાબ ? કેટલા વર્ષ થયા છે ? ઇત્યાદિની અપેક્ષા વિના જે કોઈ સ્ત્રી હોય તેનો ત્યાગ કરવો જોઈએ. [૭૨]

તત્ત્વના જાણકાર શીલ ધર્મવંતો માટે સ્ત્રીના ત્યાગનો આટલો બધો આગ્રહ કેમ રાખવામાં આવે છે એ પ્રશ્નનું સમાધાન કરે છેઃ–

विसमा विसयपिवासा, अणाइभवभावणाइ जीवाणं ।
अइदुज्जेआणि अ, इंदियाणि तह चंचलं चित्तं ॥७३॥

ગાથા–ટીકાર્થઃ– અનાદિકાળથી વિષયોનો અભ્યાસ કર્યો હોવાના કારણે ભોગ-

તૃષ્ણા દુસ્તર છે, ઇંદ્રિયો અતિશય દુર્જેય છે, અને ચિત્ત ચંચલ છે. (આથી તત્ત્વના જાણકાર પણ શીલધર્મવંતો માટે સ્ત્રીના ત્યાગનો આટલો બધો આગ્રહ રાખવામાં આવે છે.) [૭૩]

તત્ત્વના જાણકાર શીલધર્મવંતો સત્ત્વથી તૃષ્ણાનો નિરોધ કરશે એવા કથનનો ઉત્તર આપે છે :-

थोवमसारं सत्तं, मोहणवल्लीओ महिलिआओवि ।
इइ कहवि चलिअचित्तो, ठावए एवमप्पाणं ॥७४॥

ગાથાર્થ:- સત્ત્વ થોડું છે, અને થોડું પણ એ સત્ત્વ અસાર=ક્ષણભંગુર છે. તથા સ્ત્રીઓ સ્વભાવથી જ મોહને ઉત્પન્ન કરનારી છે. આથી બ્રહ્મચારી કોઈ પણ રીતે ચલ-ચિત્તવાળો થાય તો પણ પૂર્વે કહ્યું તેમ સ્ત્રીસંગનો ત્યાગ કરવા વડે આત્માને સ્થિર કરે, અર્થાત્ શીલભંગને ન પામે.

ટીકાર્થ:- સ્ત્રીઓ સ્વભાવથી જ મોહને ઉત્પન્ન કરનારી છે. એ વિષે કહ્યું છે કે- **"નીચે જનારી, સુપયોધરા, ઉન્માર્ગમાં જનારી, વક્રગતિવાળી સ્ત્રીઓ-રૂપી નદીઓથી શ્રેષ્ઠ પર્વત જેવા મોટા પુરુષો પણ (=શ્રેષ્ઠ પર્વતના જેવા સ્થિરમનવાળા પુરુષો પણ) ભેદાય છે"** (અહીં સ્ત્રીને નદીની ઉપમા આપવામાં આવી છે. નદી જેમ નીચે જનારી છે તેમ સ્ત્રી પણ નીચે જનારી છે, એટલે કે અનુચિત કરનારી છે. નદી જેમ સુપયોધરા છે, એટલે કે ઘણા પાણીને ધારણ કરનારી છે, તેમ સ્ત્રી પણ સુપયોધરા છે, એટલે કે સારા સ્તનવાળી છે. નદી જેમ ઉન્માર્ગમાં જનારી છે, તેમ સ્ત્રી પણ ઉન્માર્ગે=ખોટા માર્ગે જનારી છે. નદી જેમ વક્રગતિવાળી હોય છે, તેમ સ્ત્રી પણ વક્રગતિવાળી એટલે કે દંભવાળી હોય છે. જેમ શ્રેષ્ઠ પર્વત નદીઓથી ભેદાય છે, તેમ પર્વત જેવા સ્થિરમનવાળા પુરુષો પણ સ્ત્રીઓથી ભેદાય છે= શીલથી ભ્રષ્ટ કરાય છે.) [૭૪]

પોતાના આત્માને જ બોધ આપતા ગ્રંથકાર કહે છે:-

रे जीव! समइक्कप्पिय-निमेससुहलालसो कहं मूढ! ।
सासयसुहमसमतमं, हारसि ससिसोयरं च जसं ॥७५॥

ગાથાર્થ:- અરે ! મૂર્ખ જીવ! તું જાતે કલ્પેલા નિમેષ જેટલા વિષયસુખમાં લંપટ બનીને શીલપાલનથી મેળવી શકાય તેવા અનંત મોક્ષસુખને અને ચંદ્ર સમાન નિર્મલ યશને કેમ ગુમાવે છે ?

ટીકાર્થ:- વિષયસુખમાં લંપટ પુરુષ મોક્ષસુખને અને યશને ગુમાવે છે. આ વિષે કહ્યું છે કે-**"કામથી પીડિત જે પુરુષ કાંતિના (=સુખના) ઉદયને**

ભેદવા માટે શસ્ત્ર સમાન પરસ્ત્રીને તજતો નથી તે પુરુષ જગતમાં અપકીર્તિનો પટહ વગાડે છે, ગોત્રમાં શાહીનો કુચડો ફેરવે છે, અર્થાત્ કુલને કલંકિત બનાવે છે, ચારિત્રને જલાંજલિ આપે છે, અર્થાત્ સત્પ્રવૃત્તિને છોડી દે છે, ગુણસમૂહરૂપ ઉદ્યાનમાં દાવાનલ સળગાવે છે, સકલ આપત્તિઓને સંકેત (આમંત્રણ) આપે છે, મોક્ષપુરીના દ્વારમાં દૃઢ કમાડ બંધ કરે છે." [૭૫]

વિષયસુખમાં આસક્તનાં દૂષણોને કહે છે :-

कलिमलअरइअभुक्खा-वाहीदाहाइँ विविहअसुहाइं ।
मरणंपि हु विरहाइसु, संपज्जइ कामतविआणं ॥७६॥

ગાથાર્થઃ- કામથી સંતપ્ત જીવોને ચિત્તક્ષોભ, અરતિ, ભૂખનો અભાવ, વ્યાધિ, દાહ આદિ દુઃખો થાય છે, અને વિરહ વગેરેમાં અવશ્ય મરણ પણ થાય છે.

ટીકાર્થઃ- કામથી સંતપ્ત જીવો વિષયસુખમાં આસક્ત હોય છે. વિષયસુખો ન મળવાથી તેમને ચિત્તક્ષોભ થાય છે, ચિત્તમાં અતિશય ઉદ્વેગ થાય છે. વિષય સુખ મેળવવાની તે તે ચિંતાથી તેમનું અંતર વ્યાકુલ બને છે. આથી તેમને આહાર ઉપર રુચિ થતી નથી. તાવ વગેરે રોગો થાય છે. શરીરે અતિશય દાહ થાય છે. આદિ શબ્દથી મૂર્ચ્છા વગેરે દુઃખો જાણવાં. માત્ર આ દુઃખો પ્રાપ્ત થાય છે એવું નથી. કામની આતુરતાથી જીવો પ્રેમીનો વિરહ આદિ અવસ્થામાં અવશ્ય મરણ સુધીની અવસ્થાને પણ પામે છે. આ વિષે કહ્યું છે કે- "(કામની દશ અવસ્થાઓ છે તેમાં) પહેલી અવસ્થામાં વિષયસુખની ઇચ્છા, બીજીમાં વિષયસુખનું ચિંતન, ત્રીજીમાં સ્ત્રી વગેરેનું સ્મરણ, ચોથીમાં સ્ત્રી વગેરેના ગુણોનું ચિંતન, પાંચમીમાં ઉદ્વેગ, છટ્ઠીમાં વિલાપ, સાતમીમાં ઉન્માદ, આઠમીમાં વ્યાધિ, નવમીમાં જડતા અને દશમીમાં મરણ થાય." વળી "વ્યાધિ થયો હોય તો શરીર કૃશ થાય, કોઇએ ઘાયલ કર્યો હોય તો શરીરમાંથી લોહી નીકળે, સર્પ વગેરે પ્રાણી કરડયો હોય તો લાળ દેખાય, આ બધું આમાં નથી, છતાં આ બિચારો મુસાફર કેવી રીતે મરી ગયો? હા, જાણ્યું! કોલાહલ કરનારા અને પુષ્પરસમાં લંપટ ભમરાઓ જેમ (चूतमुकुले=) આંબાની કળીમાં દૃષ્ટિ કરે તેમ, નક્કી આ પરસ્ત્રીલંપટે (चूतमुकुले=) સ્ત્રીની યોનિમાં દૃષ્ટિ કરી છે. (એથી તે મરણ પામ્યો છે.)" [૭૬]

ફરી કામાતુર જીવોના દુઃખસમૂહને કહે છેઃ-

विसईण दुक्खलक्खा, विसयविरत्ताणमसमसमसुक्खं ।
जइ निउणं परिचिंतसि, ता तुज्झवि अणुभवो एसो ॥७७॥

ગાથાર્થઃ– કામાતુર જીવોને લાખો દુઃખો આવે છે. વિષયોથી વિરક્ત (સ્ત્રી-સંગથી વિમુખ) બનેલા જીવોને અસાધારણ મોક્ષરૂપ સમતાસુખ મળે છે. હે ભવ્ય-જીવ! જો તું સારી રીતે વિચારે તો તને પોતાને પણ આ અનુભવ થાય.

ટીકાર્થઃ– વિષયાસક્ત જીવોને દુઃખરૂપ ફળનો ઉદય પ્રગટ જ છે. કહ્યું છે કે– **"મુગ્ધ પક્ષી (પ્રિયાના વિરહમાં) એક કાંઠાથી બીજા કાંઠે જાય છે, કરુણ રુદન કરે છે, ચિંતા કરે છે, યોગીની જેમ આંખો બંધ કરીને સ્થિરમનથી કંઈક ધ્યાન કરે છે. તથા પોતાની છાયાને જોઈને "આ પ્રિયા છે એમ સમજીને" બોલે છે. પૃથ્વી ઉપર જેઓ કામથી નિવૃત્ત થયેલા છે તેઓ ધન્ય છે. દુઃખી થયેલા કામી જીવોને ધિક્કાર હો!"** [૭૭]

આ પ્રમાણે વિષયોની આકાંક્ષાને દૂર કરીને જાગૃત થવાનો ઉપદેશ આપે છેઃ–

जासिं च संगवसओ, जसधम्मकुलाइँ हारसे मूढ ! ।
तासिंपि किंपि चित्ते, चिंतसु नारीण दुश्चरियं ॥७८॥

ગાથાર્થઃ– હે મૂર્ખ જીવ! તું જે નારીઓના સંગથી જસ, ધર્મ અને કુલને હારી જાય છે, તે નારીઓના પણ કોઈક દુશ્ચરિત્રને ચિત્તમાં વિચાર.

ટીકાર્થઃ– **"રાગી, દ્વેષી, મૂર્ખ અને પૂર્વ વ્યુદ્ગ્રાહિત થયેલ– આ ચાર પ્રકારના જીવો ઉપદેશને માટે અયોગ્ય છે. અને મધ્યસ્થ જીવ ઉપદેશને માટે યોગ્ય છે."** મહાપુરુષોના આ વચનના આધારે જો કે તું ઉપદેશને અયોગ્ય છે, તો પણ માધ્યસ્થ્ય ધારણ કરીને ક્ષણવાર વિચાર કર. [૭૮]

સ્ત્રીઓના દોષોને જ કહે છેઃ–

चवलाओ कुडिलाओ, वंचणनिरयाओ दुट्ठधिट्ठाओ ।
तह नीअगामिणीओ, जाओ तासिंपि को मोहो ॥७९॥

ગાથાર્થઃ– જે સ્ત્રીઓ ચપલ, કુટિલ, વંચનાનિરત, દુષ્ટ, ધિટ્ઠી અને નીચ-ગામિની છે તે સ્ત્રીઓને વિષે શો મોહ કરવો?

ટીકાર્થઃ– ચપલ=ચંચલ સ્વભાવવાળી. કુટિલ=માયાના સ્વભાવવાળી. વંચના-નિરત=પરપુરુષના ચિત્તને અનુરાગવાળા બનાવવાના અધ્યવસાયવાળી. દુષ્ટ=અન્યને સંકટમાં પાડવામાં તત્પર. ધિટ્ઠી=પોતાનું અકાર્ય લોકોએ જોયું હોવા છતાં પોતાને સતી માનનારી. નીચગામિની=અયોગ્ય એવા દાસ, નટ અને વિટ (=જારપુરુષ)માં અનુરાગવાળી. આ વિષે કહ્યું છે કે–**"ઉન્માર્ગમાં જનારી, મનોહર[1] રસવાળી, ઘણી ચિંતારૂપી**

---

૧. **उन्मार्गगामिनी** વગેરે ત્રણ વિશેષણો સ્ત્રી અને નદી એ બંનેને લાગુ પડે છે. નદીના પક્ષમાં **सान्द्ररसा** એટલે મનોહર પાણીવાળી, અને સ્ત્રીના પક્ષમાં સાન્દ્રરસા એટલે મનોહર રસવાળી.

મધ્યભાગવાળી સ્ત્રી નદી જેમ કાંઠાને ભેદે છે, તેમ ક્ષણવારમાં કુળને ભેદે છે.” આવી સ્ત્રીઓ વિષે મોહ કરવો એ નિરર્થક છે. આ વિષે કહ્યું છે કે- **“સ્ત્રીઓ વિષે અનુરાગ કરવો એ નિરર્થક છે. તથા હું આને (સ્ત્રીને) સદા પ્રિય છું, આ (સ્ત્રી) મને સદા પ્રિય છે એવો ગર્વ કરવો એ પણ નિરર્થક છે.”** આ પ્રમાણે સ્ત્રીઓ સ્નેહથી રહિત જ જાણવી. કહ્યું છે કે-**“સ્ત્રીઓ ઘડીકમાં હસે છે, ઘડીકમાં રડે છે, કોઇ કાર્ય આવી પડે તો બીજાને વિશ્વાસમાં લઇ લે છે, પણ પોતે બીજા ઉપર વિશ્વાસ કરતી નથી. તેથી કુલીન અને શીલવંત એવા પુરુષે સ્ત્રીઓનો સ્મશાનની ઘડીઓની (=નાના ઘડાઓની) જેમ ત્યાગ કરવો જોઇએ.”** [૭૯]

સ્ત્રીઓનો રાગ ક્ષણિક હોય છે એમ જણાવે છેઃ-

गुणसायरंपि पुरिसं, चंचलचित्ता विवज्जिउं पावा ।
वच्चइ निरक्खरेवि हु, नीअत्तमहो महेलाए ॥८०॥

ગાથાર્થઃ- ચંચલચિત્તવાળી અને દુરાચારવાળી સ્ત્રી ગુણવાન પણ પુરુષને=પતિને છોડીને મૂર્ખ પણ અન્ય પુરુષમાં અનુરાગ કરે છે. અહો! સ્ત્રી કેવી નીચ છે!

ટીકાર્થઃ- શબ્દકોશમાં મહિલા, મહેલા મેહલા અને મહેલિકા એમ સ્ત્રીવાચી શબ્દો જુદા જુદા બતાવેલા છે. [૮૦]

આવી સ્ત્રીઓમાં વિશેષ રાગવાળા બનેલાઓને ફરી ફરી ઉપદેશ આપે છેઃ-

रूवोवहसियमयर-द्धयंपि, पुहवीसरंपि परिहरिउं ।
इयरनरेवि पसज्जइ, ही ही महिलाण अहमत्तं ॥८१॥

ગાથાર્થઃ- કામદેવથી અધિક રૂપવાળા પુરુષને પણ અને રાજાને પણ છોડીને બીજા સામાન્ય પુરુષમાં પણ અનુરાગ કરે છે. સ્ત્રીની અધમતાને ધિક્કાર હો!

ટીકાર્થઃ- અધમતા=અકાર્ય કરવાનો સ્વભાવ. સ્ત્રી ઉપર રાગ ન કરવા અંગે કહ્યું છે કે- **“હે મિત્ર! જો તું પોતાના શ્રેષ્ઠ ધાન્યને પણ ઇચ્છે છે તો ખેતી સિવાય બીજા કોઇ સ્ત્રીમુખને પ્રમાણ ન કર, અર્થાત્ ખેતી રૂપી સ્ત્રીથી મળતા સુખને પ્રમાણ કર, જેથી તને શ્રેષ્ઠ ધાન્ય મળે.”** [૮૧]

સ્ત્રીઓનું સ્વરૂપ જાણવું મુશ્કેલ છે એમ કહે છેઃ-

धीरा व कायरा वा, नारी मुद्धा व बुद्धिमंता वा ।
रत्ता व विरत्ता वा, सरला कुडिला व नो जाणे ॥८२॥

ગાથાર્થઃ- સ્ત્રી ધીર છે કે કાયર છે? અથવા સ્ત્રી મુગ્ધ છે કે બુદ્ધિમતી છે? અથવા સ્ત્રી રક્ત છે કે વિરક્ત છે? અથવા સ્ત્રી સરલ છે કે કુટિલ છે? એવા વિશેષને હું જાણતો નથી.

ટીકાર્થઃ- ધીર=સાહસવાળી. કાયર=ભીરુ સ્વભાવવાળી. મુગ્ધ=મૂર્ખ. બુદ્ધિમતી= પોતાનું કાર્ય કરવામાં તત્પર મતિવાળી. રક્ત=અનુરાગવાળી. વિરક્ત=અન્યમાં આસક્ત. સરલ=સન્માર્ગે જનારી. કુટિલ=વક્રચરિત્રવાળી. સ્ત્રીઓનું ચરિત્ર જાણવું મુશ્કેલ છે. આ વિષે કહ્યું છે કે- **"સ્ત્રીઓ (અવસરે) પોતાના પ્રાણ આપે છે. મનુષ્યોના દેહનું હરણ (=વિનાશ) કરે છે. ભીરુ સ્વભાવવાળી સ્ત્રીઓ અગ્નિમાં પ્રવેશ કરે છે. સ્ત્રીઓ (અંતરથી) ક્રૂર હોય છે, પણ (બહારથી) નવા અંકુરના જેવા કોમલ શરીરવાળી હોય છે. સ્ત્રીઓ મુગ્ધ (=ભોળી) હોવા છતાં ચતુર મનુષ્યોને પણ છેતરે છે."** [૮૨]

બુદ્ધિરૂપ વૈભવથી સમસ્ત જગતને જાણનારાઓ પણ સ્ત્રીચરિત્રથી અજાણ હોય છે એમ જણાવે છેઃ-

निअमइमाहप्पेणं, जे सयलं तिहुअणं परिकलयंति ।
नारीचरियविआरे, तेवि हु मूढुव्व मूअव्व ॥ ८३ ॥

ગાથાર્થઃ- જે બુદ્ધિમાન પુરુષો પોતાની બુદ્ધિના પ્રભાવથી સંપૂર્ણ ત્રણ ભુવનને જાણે છે તે પુરુષો પણ સ્ત્રીચરિત્રના વિચારોમાં અવશ્ય મૂઢ જેવા કે મૂંગા જેવા હોય છે.

ટીકાર્થઃ- મૂઢ જેવા એટલે સ્ત્રીઓના સદાચારોને અને દુરાચારોને જાણવામાં અજ્ઞાન જેવા. કદાચ સ્ત્રીઓના ચરિત્રને કંઈક જાણતા હોય તો પણ એ ચરિત્રમાં સારી રીતે કપટ ભરેલું હોવાના કારણે કહેવા અસમર્થ હોવાથી મૂંગા જેવા બની જાય છે. (અર્થાત્ બુદ્ધિશાળીઓ પણ સ્ત્રીચરિત્રને જાણી શકતા નથી અને કંઈક જાણી શકે છે તો કહી શકતા નથી.) સ્ત્રીઓને ઓળખવી બહુ મુશ્કેલ છે. આ વિષે કહ્યું છે કેઃ- **"પૂર્વે ચાર ઉપાયોનું સર્જન કરતા તે બ્રહ્માએ એવા કોઈ પણ પાંચમા ઉપાયનું સર્જન કર્યું નથી કે જે ઉપાયથી સ્ત્રીઓને જાણી શકાય."** [૮૩]

સ્ત્રીઓ મનુષ્ય તરીકે સાધારણ હોવા છતાં, એટલે કે પુરુષની જેમ સ્ત્રીઓ પણ મનુષ્ય હોવા છતાં, આવી કેમ હોય છે એ પ્રશ્નનો ઉત્તર આપે છેઃ-

अन्नं रमइ निरक्खइ अन्नं चिंतेइ भासए अन्नं ।
अन्नस्स देइ दोसं, कवडकुडी कामिणी विउला ॥८४॥

ગાથાર્થઃ- સ્ત્રી સ્પૃહાથી ઇચ્છે છે અન્ય નરને, અને શૃંગારિક ચેષ્ટાઓથી જુએ છે અન્યને. સ્ત્રી પરમાર્થથી હૃદયમાં ધારણ કરે છે અન્યને, અને શૃંગારિક વચનોથી બોલાવે છે અન્યને. સ્ત્રી અનુરાગથી રહિત અન્યને દુરાચરણનું ખોટું પણ કલંક આપે છે. આથી સ્ત્રી કપટનું વિશાળ ઘર છે.

ટીકાર્થ:– આ વિષે કહ્યું છે કે– **"સ્ત્રી બોલે છે બીજાની સાથે, શૃંગારિક ચેષ્ટાઓથી જુએ છે અન્યને અને વિચારે છે હૃદયમાં રહેલા અન્ય કોઇને, આમ સ્ત્રીઓને કોઇ એક પ્રત્યે અનુરાગ હોતો નથી."** વળી બીજું–**"સ્ત્રીરૂપી યંત્ર આવર્તની (=દુઃખરૂપી ઘુમરીઓની)[1] શંકા કરનારાઓ માટે[2] પણ ભયનું ભવન, સાહસોનું નગર, દોષોનું સુંદર નિધાન, અવિશ્વાસનું સેંકડો કપટવાળું ખેતર, મોક્ષદ્વારનું વિઘ્ન, નરકપુરીનું દ્વાર, સઘળી માયાનો કરંડીયો, મીઠું ઝેર અને જીવોનો પાશ (=જાળ) છે. આવું સ્ત્રીરૂપી યંત્ર કોણે સર્જ્યું**? [૮૪]

અનુરાગવાળી પણ સ્ત્રીઓ અવિશ્વસનીય છે. એમ કહે છેઃ–

जत्थाणुरत्तचित्ता, सइ धणदेसाइअंपि छंडेई ।
तंपि हु खिवेइ दुक्खे, महिला मिठस्स निवभज्जा ॥८५॥

ગાથાર્થ:– સ્ત્રી જે પુરુષમાં અનુરાગવાળી છે અને એથી કામાસક્ત બનીને એ પુરુષ માટે ધન, દેશ વગેરે પણ છોડે છે, તે પુરુષને પણ દુઃખમાં નાખે છે, અર્થાત્ જેમ [3]રાજપત્નીએ મહાવતને મારી નાખ્યો તેમ મારી નાખે છે.

ટીકાર્થ:– રાજપત્ની મહાવતમાં અનુરાગવાળી બનીને કુટુંબ, ધન, દેશ અને રાજ્ય વગેરે સમૃદ્ધિને છોડીને પણ તેની સાથે ગઈ. પછી તત્કાલ મળેલા ચોરને પોતાનો પતિ બનાવીને તે જ મહાવતને શૂળી ઉપર પણ ચડાવ્યો. વિસ્તારથી આ પ્રસંગ પહેલાં (૬૬ મી ગાથામાં) કહેલ નૂપુરપંડિતાની કથામાંથી જાણી લેવો. [૮૫]

સ્ત્રીઓથી વિરક્ત બનેલાઓની પ્રશંસા કરે છેઃ–

कुडिलं महिलं ललिअं, परिकलिउं विमलबुद्धिणो धीरा ।
धन्ना विरत्तचित्ता, हवंति जह अगडदत्ताइ ॥८६॥

ગાથાર્થ:– નિર્મલ બુદ્ધિવાળા, ધીર, અને પુણ્યવંત પુરુષો મનોહર પણ સ્ત્રીને મગરમચ્છની દાઢાના જેવી ક્રૂરહૃદયવાળી સમજીને અગડદત્ત આદિની જેમ વિરક્ત ચિત્તવાળા થાય છે.

ટીકાર્થ:– 'આદિ' શબ્દથી શાલિભદ્ર, જંબૂસ્વામી વગેરે દૃષ્ટાંતો જાણવાં. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે, વિસ્તારથી અર્થ દૃષ્ટાંતથી જાણવો. તે આ પ્રમાણે છે :–

---

૧. પાણી પોતાની મેળે ચક્કર ચક્કર ફરે તેને આવર્ત=ઘુમરી કહેવામાં આવે છે.

૨. જેઓ દુઃખની શંકા રાખ્યા વિના સ્ત્રીનો વિશ્વાસ કરે છે તેમના માટે તો સ્ત્રી ભયનું ભવન છે જ, કિંતુ જેઓ દુઃખની શંકા રાખે છે અને એથી સ્ત્રીનો વિશ્વાસ ન કરે તેમના માટે પણ સ્ત્રી ભયનું ભવન છે.

૩. **नृपभार्या इव** એ પ્રમાણે ઉપમા લુપ્ત છે=લોપ પામી છે.

અગડદત્તનું દૃષ્ટાંત

શંખપુર નામનું નગર હતું. તેમાં રહેલી સંપત્તિઓને જોઇને દેવોએ સ્વર્ગને જાણે છેતરામણી હોય તેવું માન્યું, અર્થાત્ ખરી સંપત્તિ તો શંખપુરમાં જ છે. દેવલોકમાં સંપત્તિ છે એમ માનવું એ છેતરામણી છે એમ માન્યું. તે નગરીમાં રૂપ અને પરાક્રમથી સુંદર એવો સુંદર નામનો રાજા હતો. તેના હાથ રૂપી કમલમાં રહેલ તલવારની રેખા ભ્રમર શ્રેણિની જેમ શોભતી હતી. તે રાજાની [1]ત્રાસ પામતા મૃગના જેવા નેત્રોવાળી સુલસા નામની પત્ની હતી. જેમ ધજા સારા વાંસને દીપાવે તેમ તે રાણીએ ગુણોથી કયા સારા વંશને દીપાવ્યો ન હતો? અર્થાત્ બધા સારા વંશોને દીપાવ્યા હતા. તેની કુક્ષિથી એક પુત્ર થયો. તે અગડદત્ત એવા નામથી પ્રસિદ્ધ થયો. સઘળા દોષોએ તેનો આશ્રય લીધો હતો. તેથી તે જાણે દોષોનો અક્ષયભંડાર હોય તેવો હતો. જેમ મહાન ઇંદ્ર સભામાં બેસે તેમ એકવાર રાજા રાજસભામાં બેઠો હતો ત્યારે નગરજનોએ અગડદત્ત રાજકુમારે નગરમાં ઉપદ્રવનો પ્રારંભ કર્યો છે એમ રાજાને કહ્યું. ક્રોધથી લાલ બનેલા રાજાએ પુત્રને સંભળાવતાં આ પ્રમાણે કહ્યું: મનુષ્યને પુત્ર ન હોય તે સારું છે, પણ દુર્વિનીત પુત્ર હોય એ સારું નથી. જે કુલ સામાન્ય હોય તે કુળ પણ સદ્ગુણી પુત્રોથી શોભે છે અને અતિશય ઉજ્જ્વલ પણ કુળને કુપુત્રો કલંકિત કરે છે. આ પ્રમાણે રાજા વડે ઠપકો અપાયેલ અભિમાની કુમાર રાતે સિંહની જેમ નિર્ભય બનીને નગરમાંથી નીકળી ગયો. પૃથ્વી ઉપર ફરતો તે ક્રમે કરીને વારાણસી નગરીમાં આવ્યો. તેણે એ નગરીની મહાન ઇંદ્રપુરીની જેવી સંપત્તિ જોઇ. સરળ મનવાળો તે જેમાં વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે એવા કોઇ મઠમાં ગયો. ત્યાં પવનચંદ્ર નામના ઉપાધ્યાયને નમીને તે બેઠો. તેને સારી આકૃતિવાળો જાણીને ઉપાધ્યાયે હર્ષથી પૂછ્યું: તું અહીં ક્યાંથી આવ્યો અને અહીં આવવાનું કારણ શું છે? કુમારે પોતાનો સત્યવૃત્તાંત કહ્યો. તેને ખુશ કરતાં ઉપાધ્યાયે વાત્સલ્યપૂર્વક આ વાણી કહી:– હે વત્સ! માતા–પિતાનો ત્યાગ કરવો એ સુપુત્રો માટે ઉચિત નથી. કારણ કે આ સંસારમાં તેમના વિના બીજો કોઈ પરમ ઉપકારી નથી. સ્તનપાન બંધ થઇજાય એટલે માતા–પિતાનો ત્યાગ કરવામાં આવે તો હે વત્સ! પશુઓમાં અને માનવોમાં શો ભેદ રહે? રાજપુત્ર બોલ્યો: આપે મને સારી રીતે બોધ પમાડ્યો. માતા–પિતા પુત્રને જન્મ આપે છે, પણ ગુરુ જ્ઞાનને જન્મ આપે છે. આપે કહેલું મારે પ્રમાણ છે. આ પ્રમાણે બોલેલા તેને ગુરુ પોતાના

---

૧. અહીં ત્રાસ પામી રહ્યાં છે મૃગનાં નેત્રો જેનાથી એવી સુલસા એવો અર્થ પણ થઈ શકે. આ અર્થ વધારે સારો છે. સુલસાનાં નેત્રો મૃગના નેત્રોથી પણ સુંદર હતાં. પોતાનાં (=મૃગનાં) નેત્રોથી સુલસાનાં નેત્રો સુંદર હોવાથી મૃગને દુઃખ=ઈર્ષ્યા થતી હતી. આથી મૃગનાં નેત્રો ત્રાસ પામી રહ્યાં હતાં.

ઘરે લઈ ગયા અને સ્નાન–ભોજન વગેરે દ્વારા તેનો ઘણો સત્કાર કર્યો. પછી ગુરુએ તેને કહ્યું કે વત્સ! પિતાના ઘરની જેમ મારા ઘરમાં પુત્રની જેમ રહીને તું મારી લક્ષ્મીને અતિશય સફલ કર. તેણે તેમ કરો એમ કહીને ઉપાધ્યાયના વચનનો સ્વીકાર કર્યો.

વિનય કરતા એણે ક્રમે કરીને શસ્ત્ર–શાસ્ત્ર વગેરે અનેક કળાઓનો અભ્યાસ કર્યો. એક દિવસ અગડદત્ત બાણોને મારવાનો અભ્યાસ કરી રહ્યો હતો ત્યારે અકસ્માત્ તેની પીઠમાં પુષ્પનો ગુચ્છો વાગ્યો. તેણે જે તરફથી પુષ્પનો ગુચ્છ વાગ્યો હતો તે તરફ તિરસ્કારપૂર્વક નજર કરીને જોયું તો પોતાની આગળ એક યુવાન સ્ત્રીને જોઈ. (અહીં કવિ કલ્પના કરે છે કે–) જાણે કે તે વખતે સ્ત્રીના બહાનાથી કુતૂહલી એવા કામદેવરૂપી વીરપુરુષે કટાક્ષોરૂપી બાણોથી પોતાને વીર માનતા અગડદત્તને લડવા માટે આહ્વાન આપ્યું. ભમ્મરરૂપ ધનુષમાંથી છોડેલા પોતાના નેત્રોરૂપી બાણોથી કામદેવ સમાન કુમારનું મન ભેદાયું છે (=વિકારવાળું થયું છે) એમ જાણીને તે સ્ત્રીએ વિકારપૂર્વક કહ્યું: જ્યારથી મેં આંખોથી પુણ્યવંતોમાં અગ્રેસર તમને જોયા છે ત્યારથી ખરેખર! આ નિર્દય કામદેવ મને મારી રહ્યો છે. હે નાથ! મારી આ પ્રાર્થનાની અવજ્ઞા કરવી એ તમને યોગ્ય નથી. આ સાંભળીને અગડદત્તે પૂછ્યું: તું કોણ છે? અને કોની પુત્રી છે? સ્ત્રી બોલી: હું બંધુદત્ત શેઠની પ્રિય પુત્રી છું. મેં બાલ્યાવસ્થાથી જ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. મારું નામ મદનમંજરી છે. પણ જેમ કૃપણ લક્ષ્મીની વિડંબના કરે તેમ પતિએ મારી વિડંબના કરી છે. આથી દોરીથી રહિત ધનુષની લાકડીની પેઠે હું પોતાના પિતાના ઘરે રહું છું. કહ્યું છે કે–સુંદર સ્ત્રીઓને મૂર્ખ પતિ, બુદ્ધિશાળી શિષ્યોને બુદ્ધિહીન ગુરુ અને શૂર પુરુષોને કાયર સ્વામી મૃત્યુથી પણ અધિક દુઃખદાયી છે. જેમ તૃષાતુર સરોવરને જુએ તેમ ઘણા કાળે મેં તમને જોયા છે. તેથી તમે મારું જીવન છો અને મારા નાથ છો, હું બીજા કોઈ નાથને જાણતી નથી. તેના રૂપમાં મોહ પામેલા અને મનોહરવાણીવાળા અગડદત્તે કહ્યું: હે કદલોરુ[1]! તારો મનોરથ અવસરે સફળ કરીશ. હર્ષથી પૂર્ણ બનેલી તે સ્ત્રી પોતાના ઘરે ગઈ. અગડદત્ત પણ ઘોડા ઉપર બેસીને નગર તરફ ચાલ્યો.

કલકલ અવાજને સાંભળતા અને બજારોને સૂની જેવી જોતા અગડદત્તે વિસ્મય પામીને જેટલામાં આગળ નજર કરી તેટલામાં સાત સ્થાનોમાંથી ઝરતા મદથી પૃથ્વીને કાદવવાળી કરતા, ભયંકર સૂંઢવાળા અને ક્રોધથી અંધ બનેલા હાથીને આવતો જોયો. તેથી અગડદત્ત ઘોડા ઉપરથી ઉતરીને એકદમ હાથી તરફ દોડ્યો, અને ખેસને વીંટીને એ ખેસથી હાથીના સૂંઢમાં માર્યું. હાથી ક્રોધથી સૂંઢને ફેલાવીને અગડદત્તની સામે ધસ્યો. આથી નગરજનો હાહાકાર કરવા લાગ્યા. અગડદત્તે હાથીના પૂછડાના અગ્રભાગમાં માર્યું. પછી અગડદત્તે ખેસને તેની સામે ફેંકીને તેને નમાવ્યો. નમેલા હાથી ઉપર

---

૧. કેળના જેવી જાંઘવાળી.

ચડીને તેને આલાનસ્તંભની સાથે બાંધ્યો. આથી મહાવતે તેની પ્રશંસા કરી. ભુવનપાલ નામના રાજાએ છડીદાર પુરુષ દ્વારા અગડદત્તને બોલાવ્યો. નમસ્કાર કરતા અગડદત્તને ગાઢ આલિંગન કરીને આસન ઉપર બેસાડ્યો. પછી રાજાએ તેને કહ્યું: હે વત્સ! જો કે મેં ગુણોથી જ તારું કુલ જાણી લીધું છે તો પણ કુલની વિશેષ વિગત જાણવા માટે મારું મન ઉત્કંઠિત થાય છે. આ પ્રમાણે સાંભળીને અગડદત્ત કંઈક નીચું મુખ કરીને રહ્યો એટલે પવનચંદ્ર ઉપાધ્યાયે સઘળો વૃત્તાંત કહ્યો. રાજા બોલ્યો: તો આ સામ્રાજ્ય એનું જ છે, આમાં કોઇ ફેરફાર નથી. આમ કહીને રાજાએ આભૂષણો આદિથી અગડદત્તનો સત્કાર કર્યો.

આ તરફ નગરજનોએ રાજાને ભેટણું ધરીને વિનંતિ કરી કે, હે દેવ! આપની નગરી નાના ગામડાથી પણ ઉતરતી છે. કારણ કે આપ રાજ્ય કરતા હોવા છતાં કોઈ અદૃષ્ટ ચોર રાતે આ નગરીમાં ચોરી કરે છે. આ તો ચંદ્રમાંથી વિષના બિંદુઓ ઝરવા જેવું થયું. રાજાએ કોટવાળને ઠપકો આપીને નગરનું રક્ષણ કરવા આજ્ઞા કરી. કોટવાળે પૃથ્વીપીઠને અડે તેટલું મસ્તક નમાવીને રાજાને કહ્યું: હે દેવ! નક્કી આ ચોર વિદ્યા-સિદ્ધ કે મંત્રસિદ્ધ છે. કારણ કે ઘણા કાળથી શોધ કરવા છતાં જોવામાં આવતો નથી. રાજા ચોરને શોધવાના ઉપાયની ચિંતા કરીને થાકી ગયો એટલે અગડદત્તે કહ્યું: હે પિતાજી! આપ ચિંતાના દુઃખને મૂકી દો અને આ કાર્ય માટે મને જ આજ્ઞા કરો. હું આપની આજ્ઞાને આધીન એવા મારી હાજરીમાં આપે આ કાર્ય માટે બીજાને આજ્ઞા ન કરવી જોઇએ. સુંઠથી કફ દૂર થઇ જતો હોય તો રસાયણનો ઉપયોગ કોણ કરે? અગડદત્તે આમ કહ્યું તેથી રાજાએ ચોર શોધવાની તેને આજ્ઞા કરી. હર્ષિતચિત્તવાળો અગડદત્ત પવનચંદ્ર ઉપાધ્યાયની રજા લઇને ચોરની શોધ કરવા લાગ્યો. જુગારીઓના સ્થાનો, દારૂના પીઠા, વેશ્યાનાં ઘરો અને મીઠાઇની દુકાનો વગેરેમાં ચોરની અતિશય શોધ કરતા તેના છ દિવસો પસાર થઈ ગયા. તેથી સાતમા દિવસે તેણે વિચાર્યું કે ચોરના સમાચાર પણ મળતા નથી. હવે એક જ દિવસ બાકી રહ્યો છે. તેથી મારી પ્રતિજ્ઞા કેવી રીતે પૂર્ણ થશે! આ પ્રમાણે વિચારીને, હાથમાં તલવાર લઇને, સ્મશાનમાં જઇને, વડલાની નીચે બેસીને, જેટલામાં જુએ છે તેટલામાં તેણે પરિવ્રાજકને આવતો જોયો. પરિવ્રાજકે ભયંકર રુદ્રાક્ષની માળારૂપી આભૂષણ ધારણ કર્યું હતું, ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં, હાથમાં દંડ અને કમંડલું હતાં, તેનું લલાટ વિશાળ હતું, આંખો લાલ હતી, જંઘા અને હાથ લાંબા હતા.

તે જ આ ચોર છે એવી સ્પષ્ટ સંભાવના અગડદત્તે કરી, તેટલામાં પરિવ્રાજકે આવીને તું કોણ છે? એમ અગડદત્તને પૂછ્યું. હું પરદેશી છું. જુગારના કારણે હું અતિશય દરિદ્રી બની ગયો છું. જેમ જેની ગાય નાસી ગઈ હોય તે ગાય માટે ભમે તેમ હું સદા ધન માટે જ્યાં ત્યાં ભમું છું. પરિવ્રાજકે ફરી તેને કહ્યું: જેમ ઘણો હિમ

કમલવનનો નાશ કરે તેમ હું તારા દારિદ્રયનો જલદી નાશ કરી દઈશ. તું મારી સાથે ચાલ. પછી "આપની આજ્ઞા પ્રમાણ છે" એમ અગડદત્તે કહ્યું એટલે પરિવ્રાજક અગડદત્તને ત્યાં જ રાખીને પોતે સ્મશાનમાં ગયો. ત્યાંથી લોઢાની બે કોશ અને તલવાર લઈને પરિવ્રાજક ફરી અગડદત્તની પાસે આવ્યો અને નગર તરફ ચાલ્યો. અગડદત્ત જલદી તેની સાથે ચાલ્યો. વિદ્યાથી જલદી નગરજનોને નિદ્રાધીન કરીને પરિવ્રાજકે કોઈકિ ધનવાનના ઘરમાં ખાતર પાડયું. ઘરમાંથી રત્નનાં આભૂષણો અને વસ્ત્રોની અનેક પેટીઓ કાઢીને અગડદત્તની સાથે ક્ષણવારમાં કોઇક મંદિરમાં લઈ ગયો. તેમાં સૂતેલા પરદેશી પુરુષોને તેણે ઉઠાડ્યા. પરદેશીઓને તેણે કહ્યું : જો તમે આ પેટીઓ ઉપાડીને મારી સાથે આવશો તો હું તમને ધન આપીશ. પરદેશીઓ ધનલોભથી પેટી ઉપાડવા તૈયાર થયા. આથી પરિવ્રાજક તેમની પાસે પેટીઓ ઉપડાવીને સ્વયં આગળ ચાલીને પેટીઓને શૂન્યમંદિરમાં લઈ ગયો.

ત્યાં બધા સુઈ ગયા એટલે પરિવ્રાજક પણ (જાગતો રહીને) કપટથી સૂઇ ગયો. આ વખતે અગડદત્તે વિચાર્યું : અહો ! આ કેવો દુષ્ટાત્મા છે ! તેથી મારે એનો વિશ્વાસ ન કરવો જોઇએ. આ પ્રમાણે વિચારીને અગડદત્ત પોતાની પથારીમાં બેસ મૂકીને અને હાથમાં તલવાર લઇને વડલાની બખોલમાં સંતાઈ ગયો. પરિવ્રાજકે સૂતેલા તે બધાને તલવારથી હણીને (અગડદત્તના બેસને અગડદત્ત સમજીને) અગડદત્તના બેસના પણ ક્રોધથી બે ટુકડા કરી નાખ્યા. અગડદત્તની પથારીને શૂન્ય જોઇને જેટલામાં આમ-તેમ જુએ છે તેટલામાં અગડદત્તે તેનો તિરસ્કાર કર્યો. પછી હે દુષ્ટચિત્તવાળા ! લાંબા કાળ સુધી ચોરી કરીને આજે કયાં જાય છે એમ બોલતા તેણે કમળના દાંડલાની જેમ તેની બે જંઘાઓને છેદી નાખી. ચોરે અગડદત્તને કહ્યું : હું તારા પરાક્રમથી પ્રસન્ન થયો છું. તેથી હે મહાપુણ્યવંત ! આ હિતોપદેશ સાંભળ:- આ મંદિરના પાછળના ભાગમાં ઊંચો વડલો છે. તેની બખોલમાં મારું પાતાલભવન છે, અર્થાત્ લોંયરામાં મોટું ભવન છે અને વડલાની બખોલમાંથી થઇને ભવનમાં જવાય છે. તેમાં વીરમતી (નામની મારી બહેન) છે. શિલાથી ઢાંકેલું દ્વાર ઉઘાડવું. મારી પાસે રાખેલ તલવાર સંકેત માટે (= મારી બહેનને ખાતરી થાય એ માટે) લે. તે મારી નાની બહેન તને પરણશે

હે મનુષ્યોમાં શ્રેષ્ઠ પુરુષ ! તે તને ખજાનામાં રહેલું બધું ધન બતાવશે. અગડદત્તે ત્યાં જઇને તે બધું તેના કહ્યા પ્રમાણે કરીને તત્કાલ તેના ઘરમાં પ્રવેશ કર્યો. વીરમતીને જોઇને તે આશ્ચર્ય પામ્યો. વીરમતીના રૂપમાં મોહ પામેલા તેણે તેને ભાઇનો વૃતાંત કહ્યો અને ખાત્રી માટે ભાઈનું ખડ્ગરત્ન આપ્યું. હર્ષથી પ્રસન્ન બનેલી તેણે તેનો આદર-સત્કાર કર્યો. પછી અગડદત્તને પલંગ ઉપર બેસાડીને તે ઘરની ઉપર ગઈ. અગડદત્તે વિચાર્યું : શત્રુ ઉપર વિશ્વાસ રાખવો યોગ્ય નથી. આમ વિચારીને તે પલંગને

છોડીને કયાંક ખુણામાં સંતાઈ ગયેા. અગડદત્તના દેખતાં જ તેણે યંત્રથી મુકેલી શિલાથી તુરત પલંગનેા ચૂરેા કરી નાખ્યેા. પછી કેાઈ જાતની શંકા વિના તે પાછી આવી. તે બેાલીઃ મારા ભાઇને મારીને અત્યાર સુધી જીવનારેા તું કેાણ ? આ પ્રમાણે બેાલતી તેને કેશેામાંથી પકડીને અગડદત્ત બહાર લઈ ગયેા. તેના ઘરનું દ્વાર તે જ પ્રમાણે બંધ કરીને વીરમતીની સાથે અગડદત્ત સવારે રાજા પાસે ગયેા. રાજાને વીરમતી ભેટ ધરીને નમસ્કાર કર્યો. રાજાએ આશ્ચર્યપૂર્વક અગડદત્તના પરાક્રમની પ્રશંસા કરી. પછી ચેારે ચેારેલું ધન નગરજનેાને અપાવ્યું. ખુશ થયેલા રાજાએ અગડદત્તને હજાર હાથીએા, દશ હજાર શ્રેષ્ઠ ઘેાડાઓ, રત્નનાં અલંકારેા, વસ્ત્રેા વગેરે, એક કેાડ સેાનામહેાર, લાખેાગામેાથી યુક્ત દેશ, તથા ધનભંડાર, વાહનેા અને આસનેાથી સહિત કમલસેના નામની કન્યા આપી. અગડદત્ત પરિવારસહિત જુદા મહેલમાં રહ્યો. ઉપાધ્યાયની સેવા કરતેા તે રાજાને પિતા-તુલ્ય માનવા લાગ્યેા.

એકવાર કેાઈસ્ત્રીએ અગડદત્તને વધાવીને કહ્યું : તમેાએ જે શ્રેષ્ઠિપુત્રી મદનમંજરીને સંતેાષ પમાડ્યો હતેા તે આપે કરેલા હસ્તિદમન, રાજપ્રસન્નતા, ચેારનિગ્રહ અને રાજ-પુત્રીવિવાહને સાંભળીને મનમાં આનંદ પામી છે. તે મદનમંજરીએ મને અહીં મેાકલી છે એમ કહીને તે સ્ત્રીએ ઉઠીને અગડદત્તના કંઠમાં હાર પહેરાવ્યેા. ફરી તે બેાલીઃ પણ ભાગ્યરહિત એવી તેને તમેાએ યાદ કરી નથી. અગડદત્ત બેાલ્યેા : તેણે કેાઈ પણ રીતે ખેદ ન કરવેા. હું સાથે લઈ જઈશ એમ જે કહ્યું છે તેમાં શું ફેરફાર થાય ? તે સ્ત્રીનેા સત્કાર કરીને અને મદનમંજરી માટે રત્નની વીંટી આપીને તેને અગડદત્તે પાછી મેાકલી.

એકવાર દ્વારપાલે આવીને અગડદત્તને કહ્યું : હે દેવ ! શંખપુરથી આવેલા રાજાના બે દ્વારપાલેા આપના ચરણેાનાં દર્શન કરવાની ઇચ્છા રાખે છે. અગડદત્તે તે બે દ્વાર-પાલેાને પ્રવેશ કરાવ્યેા. પ્રણામ કરતા અનિલવેગ અને શુભવેગ નામના તે બે દ્વાર-પાલેાને ઓળખીને અને ભેટીને પેાતાની પાસે બેસાડ્યા. પછી તેણે માતા-પિતાની કુશળતાના સમાચાર પૂછ્યા. સુવેગ તુરત બેાલ્યેા. હે દેવ! આપના માતા-પિતા બધી રીતે કુશળ છે. પણ આપનેા વિયેાગ દુઃસહ બની ગયેા છે. તે વખતે આંખેામાં આંસુને ધારણ કરતા અગડદત્તે કહ્યું : શત્રુસ્વરૂપ મારા જેવાને ધિક્કાર છે, કે જેના માતા-પિતાને પુત્રની ચિંતા કરવી પડે છે. કહ્યું છે કે– **"કેટલાકેા બાવળની જેમ વાવનારને પણ કાંટાઓથી પીડા પમાડે છે અને કેટલાકેા ચંદનની જેમ ઘસવા છતાં ઉપકાર કરે છે.** પ્રવાસ કરવામાં અને સાથે રહેવામાં પણ મેં માતા-પિતાને દુઃખી જ કર્યા છે. આ પ્રમાણે વિષાદ પામતા અગડદત્તને સુવેગે ફરી કહ્યું : ગુણી પુત્રનેા પ્રવાસ પણ પિતાના દુઃખ માટે થતેા નથી, અને એનેા જ સહવાસ થાય તે સેાનામાં સુગંધ સમાન બને. તેથી આપ પેાતાના ગુણેાથી અને દર્શનથી માતા-પિતાને જલદી

ખુશ કરો. અગડદત્તને લાંબાકાળના વિરહથી માતા-પિતાને મળવાની ઉત્કંઠા થઈ. આથી તે હવે માતા-પિતાને મળવા ઉતાવળો થયો. તે બે દ્વારપાલોનો સત્કાર કરીને તેમને સાથે લઈને અગડદત્ત રાજાના મહેલમાં ગયો. સુવેગ દ્વારા સઘળો વૃત્તાંત રાજાને જણાવ્યો. જેમ તેમ કરીને ભુવનપાલરાજાએ અગડદત્તને [1]પુત્રીની સાથે પોતાના દેશમાં જવા માટે રજા આપી. પછી અગડદત્તે ઉપાધ્યાયની રજા લીધી. સાસુએ તેનું મંગલ કર્યું એટલે પરિવાર સહિત તેણે પ્રયાણ કર્યું. રાજા તેની પાછળ ગયો. સૈન્ય જવા માટે ચાલ્યું એટલે અગડદત્ત સ્વયં રાતે પાછો વળીને રથને [2]દૂતીના ઘર પાસે રાખ્યો. પછી મદનમંજરીને જલદી રથમાં બેસાડીને પોતાનું સૈન્ય જે રસ્તે ગયું હતું તે સૂના માર્ગે આગળ ચાલ્યો. તે એકવાર વિંધ્યવનમાં છાવણીમાં રહેલો હતો ત્યારે ભીમનામના પલ્લિપતિના સૈન્યે આક્રમણ કર્યું. અગડદત્તના સૈનિકો તેની સાથે લડવા માંડ્યા. જેમ વાયુ ખાખરાનાં પાંદડાંઓને જુદી જુદી દિશાઓમાં લઈ જાય તેમ પલ્લિપતિના સૈન્યે અહંકારમાં આરૂઢ થયેલા અગડદત્તના સૈનિકોને જુદી જુદી દિશાઓમાં ભગાડી મૂક્યા. પછી પલ્લિપતિનું અગડદત્ત સાથે યુદ્ધ શરૂ થયું. ઘણા કાળ સુધી કોઈનો જય ન થયો. છલથી પતિના જયને ઈચ્છતી અતિશય શૃંગારરૂપી વૃક્ષની મંજરી જેવી મદનમંજરી સારથી બની. (તેને જોઈને મોહ પામવાથી નિર્બલ બનેલા) ભીમને અગડદત્તે યુદ્ધમાં હણી નાખ્યો. પછી અગડદત્ત તે એક રથમાં બેસીને માર્ગમાં આગળ ચાલ્યો.

અર્ધા માર્ગે તેને બે પુરુષો મળ્યા. [3]અગડદત્તે તેમને શંખપુરનો માર્ગ પૂછ્યો. તેમણે કહ્યું: આ વડના વૃક્ષ પાસેથી શંખપુર જવાના બે માર્ગો છે. તેમાં જમણી બાજુના માર્ગે શંખપુર ઘણું દૂર છે, પણ તે રસ્તો નિર્ભય છે. ડાબી બાજુના માર્ગે શંખપુર નજીક છે. પણ તે રસ્તો દુઃખથી જવાય તેવો છે. કારણ કે તે રસ્તામાં દુર્યોધન નામનો ચોર, એક હાથી અને સિંહ છે. તે વાતને નહિ સાંભળીને=લક્ષમાં ન લઈને અગડદત્તે નજીકના રસ્તે રથને ચલાવ્યો. તેના જ કાફલાની સાથે કેટલાક મુસાફરો પણ ચાલ્યા. રસ્તામાં જતા પૂર્ણબુદ્ધિવાળા તેને એક યોગી સામે મળ્યો. તેણે મનુષ્યની ખોપરીઓની માળારૂપી આભૂષણ પહેર્યું હતું. હાથમાં કમંડલ ધારણ કર્યું હતું. રણકાર કરતી ઘુઘરીઓના રણકારથી ગાજતી જટાના જૂથથી શોભતો હતો. તેણે આશીર્વાદ આપીને અગડ-

---

૧. **सुतासंवाहनापूर्वं** પદનો શબ્દાર્થ પુત્રીને લઈ જવાપૂર્વક એવો થાય. અહીં તેનો "પુત્રીની સાથે" એવો ભાવાર્થ લખ્યો છે.

૨. અહીં મદનમંજરીની દૂતી સમજવી. આ દૂતી પૂર્વે મદનમંજરીના કહેવાથી અગડદત્ત પાસે આવી હતી.

૩. અહીં ટીકામાં બહુ જ સંક્ષેપથી વર્ણન છે. પ્રસંગનો ભાવ સ્પષ્ટ થાય એ માટે અનુવાદમાં અન્ય ગ્રંથના આધારે કંઈક વિશેષ લખ્યું છે.

દત્તને કહ્યું: તીર્થયાત્રા માટે જવાની ઇચ્છાવાળો હું તારા સાર્થની સાથે આવવાને ઇચ્છું છું. અગડદત્તની રજા મળવાથી તે રથની પાછળ ચાલ્યો. યોગીની પ્રાર્થનાથી તેની સોનામહોરની થેલી અગડદત્તે રથમાં મૂકી. અગડદત્ત મધ્યાહ્ન સમયે પર્વત પાસેના કોઇ ગામમાં ગયો. સાથેના બધા માણસો ત્યાં આવી ગયા એટલે યોગીએ અગડદત્તને કહ્યું: હે ધર્મના જાણકાર! આ વર્ષે હું વર્ષાઋતુમાં આ ગામમાં રહ્યો હતો. તેથી આજે ગામના લોકો મારું આતિથ્ય કરશે. તેથી હે વિવેકી! સાર્થ સહિત તમે પણ આજે અતિથિ થાઓ! અગડદત્તે કહ્યું: વિવેકી એવા મારે આ પ્રમાણે મુનિના અન્નનું ભોજન કરવું યોગ્ય નથી. ના કહેવા છતાં યોગી (વિષમિશ્રિત) દહીં અને દૂધ વગેરે જલદી લઈ આવ્યો. અગડદત્ત સિવાયના બધા મુસાફરો ભોજન કરીને વૃક્ષની નીચે સૂઈ ગયા. અગડદત્ત જેટલામાં પોતાનું ભાતું જમવા બેઠો તેટલામાં તે બનાવટી યોગીએ અગડદત્તને કહ્યું: દુર્યોધન નામના ચોરને શું તેં સાંભળ્યો નથી? તે હું છું. રે! લક્ષ્મીદેવી જેવી પત્નીને લઈને મારી પાસેથી તું ક્યાં જઈ શકવાનો છે? મુસાફરોને ઝેરથી મેં મારી નાખ્યા છે. તલવારથી તને મારી નાખું છું એમ બોલતો તે તલવાર ખેંચીને અગડદત્ત તરફ દોડ્યો. આશ્ચર્ય પામેલા અગડદત્તે તલવાર વડે રમતથી તેના મસ્તકના પાકેલી કાકડીની જેમ બે ભાગ કરી નાખ્યા. તૃષાતુર તેને અગડદત્તે પાણી લાવીને આપ્યું. તેના ગુણોથી ખુશ થયેલા ચોરે તેને આ પ્રમાણે કહ્યું, આ પર્વતની ઝાડીની અંદર ગુફામાં મારું ઘર છે, તેમાં જ મારો બધો ધનભંડાર છે અને સુંદરી નામની પત્ની છે. પરાક્રમને જ ધન માનનારા હે ઉત્તમ પુરુષ! મારી અનુજ્ઞાથી તે બધું તારે લઈ લેવું.

અગડદત્ત તેના ઘરમાં જઇને તેની પત્નીને આ વાત કહી. રતિ જેવી તેને જોઇને અગડદત્તને તેના ઉપર અનુરાગ થયો અને તેને પણ કામદેવ જેવા અગડદત્તને જોઇને તેના ઉપર અનુરાગ થયો. શું કામ (=કામને આધીન જીવ) ઔચિત્યનો વિચાર કરે છે? અર્થાત્ નથી કરતો. તે વખતે તે બેને પરસ્પર અનુરાગવાળા થયેલા જોઈને મદનમંજરીને ક્રોધ આવ્યો. પણ જેમ દેવો સમુદ્રને ધારણ કરે છે તેમ મદનમંજરીએ મર્યાદારૂપી પાણીને ધારણ કર્યું. અર્થાત્ મર્યાદાને છોડી નહિ. વીર પુરુષોમાં શ્રેષ્ઠ એવો અગડદત્ત ચોરની સ્ત્રીને અને લક્ષ્મીને છોડીને રથ ઉપર બેસીને આગળ ચાલ્યો. જતા તેણે ફરી વનમાં ક્રૂર યમના જેવી આકૃતિવાળા વનના હાથીને પોતાની આગળ જોયો. તેણે તેને રમતથી વશ કરી લીધો. ફરી દાઢાઓથી ભયંકર સિંહને પોતાની આગળ જોયો. તેણે વજ્રથી વીંટેલા હાથરૂપી દંડને તેના મોઢામાં નાખીને તેનો ક્ષય કરી નાખ્યો. જેમ જ્ઞાની ભવરૂપી સમુદ્રના પારને પામે તેમ અગડદત્ત ક્રમે કરીને મહાન જંગલના પારને પામ્યો. જેમ મદરહિત પુરુષ મોક્ષસુખને જુએ તેમ અગડદત્તે પોતાની આગળ સૈન્યને જોયું. અગડદત્તે સૈન્યના નાયકોને પૂર્વનો વૃત્તાંત પહેલેથી પૂછ્યો. તેમણે કહ્યું: હે દેવ! તે વખતે થયેલા

રાત્રિયુદ્ધમાં કોઈ લુચ્ચા પુરુષે અમને કહ્યું કે, અગડદત્ત કુમાર આગળ ગયા છે. તેથી અમે સેના અને કમલસેના રાણીને લઈને જલદી બહારના માર્ગથી નીકળી ગયા અને અહીં સુધી આવ્યા. આપને ન જોતાં શરમીંદા બનેલા અમે વિચાર કરીને અહીં જ રહ્યા. પછી સૈન્યથી અનુસરાયેલ અગડદત્ત વિલંબ કર્યા વિના માતા-પિતાના મનોરથોની સાથે શંખપુર આવ્યો. રાજાની આજ્ઞાથી ઉત્તમ મંત્રીઓ અને સામંતો અગડદત્તની સામે ગયા.

નગરજનોથી કરાયેલ મંગલોની શ્રેણિવાળા નગરમાં તેણે પ્રવેશ કર્યો. અગડદત્ત ઉત્કંઠાથી જલદી પિતાના ચરણોમાં નમ્યો. રાજા પણ સ્નેહથી રોમાંચવાળો બનીને પોતાના પુત્રને ભેટી પડ્યો. પછી અગડદત્તે રાજાની આજ્ઞાથી માતાના ચરણોમાં વંદન કર્યું. જાણે આંસુઓથી પોતાના પુત્રને સ્નાન કરાવતી હોય તેમ માતાએ હાથથી પુત્રનો સ્પર્શ કર્યો. પછી અગડદત્તે નગરજનો અને પ્રધાન વગેરેનો યથાયોગ્ય સત્કાર કર્યો. પછી પિતાની આજ્ઞાથી અગડદત્ત પોતાના મહેલમાં આવ્યો. ઉત્તમ દિવસે રાજાએ પુત્ર ઉપર યુવરાજપદનો અધિકાર નાખ્યો. અગડદત્તે પોતાના ગુણોથી પ્રજાને બંધુની જેમ આનંદ પમાડ્યો. કૃતજ્ઞ અગડદત્તે મદનમંજરી પત્નીને મોટી માની અને કમલસેના પત્નીને નાની માની સર્વકાર્યોમાં મોટી પત્નીને જ આગળ કરતો હતો, તો પણ કુલીન નાની પત્નીએ જરા પણ રોષ ન કર્યો.

કોયલના ગાયનથી મનોહર એવી વસંતઋતુનો પ્રારંભ થતાં રાજા પત્ની સહિત મનોહર ઉદ્યાનભૂમિમાં ગયો. ફેલાતા કામના અભિમાનને ધારણ કરનાર અને મસ્તકમાં મંજરીઓની માળા પહેરનાર અગડદત્તકુમાર પણ મદનમંજરીની સાથે ઉદ્યાનમાં ગયો. આનંદમય અગડદત્ત રથમાં બેશીને પ્રારંભાયેલા સુંદર સંગીત અને [1] વાજિંત્રોના ધ્વનિથી મનોહર ઉદ્યાનમાં આવ્યો. આખો દિવસ ઉદ્યાનમાં ક્રીડા કરીને થાકી ગયેલો મહાપરાક્રમી અગડદત્ત પત્નીની સાથે રથમાં જ સૂઈ ગયો. નિદ્રાના કારણે રથથી બહાર લટકતા પત્નીના હાથમાં ભાગ્યવશાત્ જાણે તેનું મૂર્તિમાન કર્મ હોય તેવો સર્પ કરડ્યો. નિદ્રારહિત બનેલી તે મને સર્પ કરડ્યો સર્પ કરડ્યો એમ બોલી એટલે રથમાંથી ઉતરેલા અગડદત્તે સર્પને જોયો. વિષની અસરથી પત્ની મૂર્છા પામી એટલે અગડદત્ત પણ મૂર્છા પામ્યો. ઉદ્યાનના પવનથી અગડદત્ત ચૈતન્યને પામ્યો, પણ તેની પત્ની ચૈતન્યને ન પામી. મંત્રવાદીઓ જેટલામાં મંત્ર, તંત્ર અને ઔષધ વગેરે ઉપચારો કરવા લાગ્યા તેટલામાં વિષની લહરીઓથી જેનું ચૈતન્ય નાશ પામ્યું છે એવી તે ચેષ્ટારહિત બની ગઇ. તેથી અગડદત્તે પત્નીને ખોળામાં રાખીને ઘણા કાળ સુધી કરુણ વિલાપ કરીને પત્નીની સાથે અગ્નિમાં પ્રવેશ કરવા માટે ચિતા રચાવી. આ તરફ તેનો નિષ્કારણ બંધુ એવો કોઈ વિદ્યાધર તીર્થયાત્રા માટે જઈ

---

૧. મર્દલ વાજિંત્ર વિશેષ છે. તેના ઉપલક્ષણથી બીજા પણ વાજિંત્રો સમજી લેવા જોઇએ.

રહ્યો હતો. તે વિદ્યાધર નગરજનોના કોલાહલને સાંભળીને ત્યાં આવ્યો. અગડદત્તે તેને પત્નીનું ઝેર દૂર કરવાની પ્રાર્થના કરી. તેથી વિદ્યાધરે વિદ્યાનું સ્મરણ કરીને તેને પાણીથી છાંટીને વિષની અસર દૂર કરી. જેમ યોગી શક્તિને પ્રગટ કરે તેમ આંખોને ઉઘાડતી પત્નીને પામીને અગડદત્ત જાણે કેવળ આનંદરૂપ અમૃતના સરોવરમાં ડૂબેલો હોય તેવો બન્યો. વિદ્યાધર વાદળની જેમ ઓચિંતો ઉપકાર કરીને જેમ આવ્યો હતો તેમ જતો રહ્યો.

અગડદત્ત પત્નીને કામદેવના મંદિરના મંડપમાં લઈ ગયો. પત્નીએ ઠંડીની પીડા થાય છે એમ કહ્યું એટલે અગડદત્ત જાતે વનમાં જઈને અરણિકાષ્ઠનું મંથન કરીને અગ્નિ લઈ આવ્યો. મંદિરમાં ઓચિંતો દીપકનો પ્રકાશ થયો અને તુરત પ્રકાશ બંધ થઈ ગયો. દૂરથી આ જોઈને અગડદત્ત વિસ્મય પામ્યો. પવિત્ર અગડદત્તે પત્નીને દીપકના પ્રકાશનું કારણ પૂછ્યું. પત્નીએ કહ્યું : તમારા હાથમાં રહેલા અગ્નિનું ભીંતમાં પ્રતિબિંબ પડ્યું, તેથી આ પ્રકાશ થયો. પછી પત્નીના હાથમાં તલવાર આપીને પવિત્ર મનવાળો અગડદત્ત પત્નીની ઠંડી દૂર કરવા માટે અગ્નિ સળગાવવા લાગ્યો. અગડદત્ત મોઢું નીચું કરીને અગ્નિને ફૂંકી રહ્યો હતો ત્યારે જાણે ચમકતી વિજળી હોય તેવી તલવારરૂપી લતા અવાજ કરતી પૃથ્વી ઉપર પડી. શંકાવાળા અગડદત્તે ઊભા થઈને આ શું ? એમ પૂછ્યું. પત્ની બોલી : ઠંડીના કારણે મારા હાથ કંપતા હતા, એથી તલવાર મ્યાનમાંથી નીકળીને રણકાર કરતી નીચે પડી ગઈ. પત્નીના આવા ઉત્તરથી શંકારહિત બનેલા અગડદત્તે અગ્નિથી પત્નીની ઠંડી દૂર કરી. પછી સવારે આવેલા પરિવારથી યુક્ત અગડદત્ત મદનમંજરીની સાથે પોતાના મહેલમાં ગયો. ઇંદ્રિયને કાબૂમાં રાખનાર અગડદત્ત યથાયોગ્ય ત્રણ (=ધર્મ, અર્થ અને કામ) વર્ગની સાધના કરવા લાગ્યો તથા ક્રમે કરીને ન્યાય અને ધર્મનું વિશેષરૂપે પોષણ કર્યું.

એક દિવસ સભામાં બેઠેલા અગડદત્તને કોઈ સોદાગરે [1]ઘોડાઓ બતાવ્યા. અગડદત્ત એક ઊંચા ઘોડા ઉપર જલદી આરૂઢ થયો. તે અશ્વની છાતી અને પીઠ અતિશય પહોળી હતી, મુખ માંસથી રહિત હતું, કાન નાનાં હતાં, કેડનો ભાગ પુષ્ટ હતો, દશ ખુરોથી (રૂંવાટાના ગોળ કુંડાળાથી) યુક્ત હતો, મધ્યભાગમાં કૃશ હતો, પીઠ પહોળી હતી, પગોનો આગળનો ભાગ ચપળ હતો. કૂદતા ઘોડાને કાબૂમાં રાખવા માટે અગડદત્તે લગામ ખેંચી. આથી જાણે સ્પર્ધાથી હોય તેમ ઘોડાએ પાંચમી [2]ગતિનો સ્વીકાર કર્યો, અર્થાત્ ખૂબ જ વેગથી દોડવા માંડ્યું. સંભ્રાંત બનેલા બીજા અશ્વસવારોથી ઉત્તેજિત કરાયેલા કેટલાક ઘોડાઓ થાકીને પાછા વળી ગયા અને કેટલાક ઘોડાઓ તેની પાછળ ચાલ્યા. જેમ કોપથી પીડાતો કુશિષ્ય ગુરુને કષ્ટમાં નાખે તેમ તે તોફાની ઘોડો અગડદત્તને ક્ષણવારમાં નિર્જન જંગલમાં લઈ ગયો. અગડદત્તે જેટલામાં લગામ મૂકી

---

१. आश्वीयम्=अश्वानां समूहः ।

२. ઘોડાની એક પ્રકારની ગતિને ' પંચમધારા ' કહેવામાં આવે છે.

દીધી તેટલામાં મધ્યાહ્ન સમયે શ્રમથી પીડાતો અશ્વ જાણે વનની પ્રાપ્તિ થઈ તેમાં સાક્ષી થતો હોય તેમ ભૂમિ ઉપર પડ્યો. જંગલમાં પ્રવેશ કરતા તેણે શ્રી ઋષભદેવનું મંદિર જોયું. આગળ રહેલી વાવડીના પાણીમાં સ્નાન કરીને તેણે મંદિરમાં પ્રવેશ કર્યો.

તત્કાલ ફલ આપનારા જિનેશ્વરને નમીને મંદિરની બહાર આવેલા તેણે મંડપમાં જિનધર્મની દેશનાને આપતા એક મુનિને જોયા. મુનિને પ્રદક્ષિણા આપીને અને નમીને તેમની આગળ બેઠો. ચારિત્રને સ્વીકારવા માટે ઉત્કંઠિત થયેલા પાંચ પુરુષોને જોઇને તેણે મુનિને પૂછ્યું: હે સ્વામી ! યુવાનવયવાળા, ચારિત્રના અભિલાષી અને અંજલિ જોડીને રહેલા આ પાંચ પુરુષો કોણ છે ? અને તેમને વૈરાગ્યનું કારણ શું બન્યું ? મુનિએ કહ્યું: હે ભદ્ર ! સાંભળ, વિંધ્યા અટવીમાં રહેનાર ભીમ નામનો પલ્લિપતિ હતો. આ પાંચ પુરુષો તેના બંધુઓ છે. વિંધ્યા અટવીમાં કોઈ રાજપુત્રે સૈન્યની છાવણી નાખી. તેથી પલ્લિપતિએ રાજપુત્રના સૈન્યની સાથે રાત્રિયુદ્ધ કર્યું. પલ્લિપતિએ કુમારને કંઈક વ્યાકુલ કર્યો એટલે તેની પત્ની સ્વયં શરીરે શૃંગાર કરીને રથમાં સારથિ બની. તેથી તેની શૃંગારિક ચેષ્ટામાં ભ્રાન્ત બનેલા (=મોહ પામેલા) પલ્લિપતિને રાજપુત્રે હણી નાખ્યો. પછી તે તુરત આગળ ચાલ્યો. પલ્લિપતિના આ સગા ભાઇઓ તે જ વખતે પોતાના ગામમાંથી નીકળ્યા. અને ક્રોધથી વૈરનો બદલો વાળવાની ઇચ્છાથી રાજપુત્રની પાછળ ગયા. પણ તેને મારવા તેઓ સમર્થ ન થયા. પછી એકવાર જંગલમાં તેને પત્ની સાથે જોઇને મંદિરમાં છુપાઇને રહ્યા. હવે તેની પત્નીને સર્પ કરડ્યો. આથી તે પત્ની સાથે અગ્નિમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળો થયો. તેવામાં એક વિદ્યાધરે તેની પત્નીને જીવતી કરી. પછી તેની પત્નીએ મને ઠંડીની પીડા થાય છે એમ કહ્યું એટલે રાજપુત્ર સ્વયં અગ્નિ લેવા માટે ગયો. મંદિરમાં રહેલા તે ચોરો પૂર્વે લીધેલા દીવાને સળગાવીને રાજપુત્રને સુવાના સ્થાનને જેટલામાં જુએ છે તેટલામાં તેની પત્નીએ તેમના નાના ભાઇને રાગથી જોયો. નાના ભાઇએ પણ તેને રાગથી જોઈ. આમ બંનેને પરસ્પર અનુરાગ થયો. કારણ કે કામીઓને શરમ કયાંથી હોય ? સ્વયં પ્રાર્થના કરતી મૈથુનની ઇચ્છાવાળી તેને ચોરે કહ્યું: હે સુંદરી ! તારો પતિ જીવતો હોય ત્યાં સુધી તને લેવા માટે કોણ સમર્થ થાય ? તે બોલી: તો પતિને મારી નાખીને તને શલ્યરહિત કરું છું. તે આ પ્રમાણે બોલી રહી હતી તેટલામાં તેનો પતિ અગ્નિ લઇને આવી ગયો. તે ચોરો દીપક પ્રગટાવીને થોડા દૂર ખસી ગયા.

રાજપુત્રે પત્નીને દીપકના પ્રકાશનું કારણ પૂછ્યું. પત્નીએ કહ્યું: તમારા હાથમાં રહેલા અગ્નિનું ભીંતમાં પ્રતિબિંબ પડ્યું, તેથી આ પ્રકાશ થયો. રાજપુત્ર પત્નીના હાથમાં તલવાર આપીને જેટલામાં અગ્નિને ફૂંકે છે તેટલામાં તેની પત્ની તેને મારવા માટે તૈયાર થઈ. આ તરફ ચોરે વિચાર્યું: આના દુષ્ટ ચિત્તને ધિક્કાર થાઓ કે જે મારા ઉપર થયેલા ક્ષણિક રાગથી પોતાના પતિને હણવાને ઇચ્છે છે. જેણે આ સ્ત્રીના માટે

એની સાથે પોતાનું મૃત્યુ થાય એવું દાસપણું સ્વીકાર્યું તે પુરુષની જે ન થઈ તે મારા વિષે સ્થિર કેવી રીતે થાય? હા! સત્ત્વ અને શૌર્યના સમુદ્ર એવા આ નરરત્નનો વિનાશ કરાવીને હું નિરર્થક કઈ દુર્ગતિમાં જઇશ? આમ વિચારીને તે પુરુષે જલદી આવીને તેના હાથમાંથી જેમ સ્નેહી બંધુ આપત્તિને દૂર કરે તેમ તલવારને પાડી નાખી. આ પ્રમાણે સાંભળીને રાજપુત્રે ચિત્તમાં વિચાર્યું: સ્ત્રીઓને ધિક્કાર થાઓ અને મારા સાહસને ધિક્કાર થાઓ, કે જેથી મેં તેને જ આગળ કરી. ખરેખર! મેં ઉતાવળથી ચમેલીના પુષ્પોની માલાનો તિરસ્કાર કરીને ધંતુરાનો સ્વીકાર કર્યો. કારણ કે મોહથી મેં ધર્મ પ્રત્યે પ્રેમવાળી પત્નીને છોડીને વ્યભિચારિણી પત્નીનો આદર કર્યો. (હવે મુનિ અગડદત્તને આગળનો વૃત્તાંત કહે છે:-) મુનિએ કહ્યું: તેથી રાજપુત્રે તલવારનો ઝત્કાર અવાજ સાંભળીને પત્નીને પૂછ્યું: આ શું? તેણે કહ્યું: ઠંડીના કારણે મારા હાથ કંપતા હતા, એથી તલવાર મ્યાનમાંથી નીકળીને નીચે પડી ગઈ.

પદ્મિપતિના તે પાંચે બંધુઓએ વૈરાગ્ય થવાથી આત્મહિત કરવાની ઇચ્છાથી ભાઇના વેરનો બદલો લેવાની ઇચ્છાને છોડી દીધી. તેમણે વિચાર્યું: મનુષ્ય જે સ્ત્રીઓ માટે પ્રાણોને તૃણસમાન ગણીને પણ સુખ ભોગવવાની ઇચ્છા રાખે છે તે સ્ત્રીઓની ચેષ્ટા આવી છે. ઇત્યાદિ વિચારણાથી સંસાર ઉપર વૈરાગ્ય થવાથી આત્મઘાત કરવાની ઇચ્છાથી જઈ રહ્યા હતા. પણ હવે મારી દેશના સાંભળીને ધન્ય બનેલા તેઓ ચારિત્રને ઇચ્છે છે. આ સાંભળીને કુમારે પણ કહ્યું: હે પ્રભુ! આપે આ બધોય મારો વૃત્તાંત કહ્યો છે. કારણ કે તે રાજપુત્ર હું છું, અને તે સ્ત્રી મારી પત્ની છે. પદ્મિપતિના આ બંધુઓ વિરોધીના બહાનાથી ચોક્કસ મારા બંધુઓ થયા છે. તેમણે આ લોકમાં મારા બાહ્ય પ્રાણોનું રક્ષણ કર્યું છે અને પરલોકમાં મારા અંતરંગ પ્રાણોનું રક્ષણ કર્યું છે. તે આ વન ધન્ય છે કે જ્યાં મેં જિનેશ્વર દેવ, તત્ત્વજ્ઞાન અને સુગુરુ એ ત્રણ રત્નોને પ્રાપ્ત કર્યાં. તેથી બધી રીતે અનર્થના સાગર એવા આ સંસારને અત્યંત ધિક્કાર થાઓ. હે ચારણમુનિ! મારે ચારિત્રના સ્વીકારથી આપના ચરણનું શરણ છે. પછી અગડદત્ત બધાની સાથે ઘરે ગયો. માતા-પિતાની રજાથી તેણે કમલસેનાની સાથે દીક્ષા લીધી. પત્નીના કારણે થયેલા વૈરાગ્યથી વધતી આત્મશુદ્ધિવાળા તેણે ઘણા કાળ સુધી ચારિત્રની સુંદર આરાધના કરી. અગડદત્ત મુનિએ કર્મોનો મૂળથી નાશ કરીને મોક્ષ-સુખને મેળવ્યું. [૮૬]

નારી ઉપર વિશ્વાસ કરનારને દુર્દશાની પ્રાપ્તિ થાય છે એમ કહે છે:-

मुहमहुरासु निग्घिण-मणासु नारीसु मुद्ध! वीसासं ।
जइ तं लहसि अवस्सं, पएसिराओव्व विसमदसं ॥८७॥

ગાથાર્થ:– હે મૂઢ! જો તું મુખથી મીઠી (=તત્કાળ મનોહર લાગતી) અને હૃદયથી નિર્દય એવી સ્ત્રીઓનો વિશ્વાસ કરે છે તો પ્રદેશરાજાની જેમ અવશ્ય વિષમદશાને પામીશ.

ટીકાર્થ:–આ પ્રમાણે ગાથાનો શબ્દાર્થ છે. ભાવાર્થ જણાવવા માટે દૃષ્ટાંત કહેવામાં આવે છે:-

પ્રદેશી રાજાનું દૃષ્ટાંત

આમલકલ્પા નામની નગરી હતી. તે નગરીમાં જાણે ધનના બહાને કલ્પવૃક્ષો અનેકતાને પામેલાં દેખાતાં હતાં, અર્થાત્ જાણે ધનના બહાને અનેક કલ્પવૃક્ષો હતાં. શ્રી સૂર્યાભ નામના દેવે સ્વર્ગમાંથી આવીને તે નગરીમાં સમવસરણમાં બિરાજમાન શ્રી વીરજિનેશ્વરને વિનંતી કરી કે, હે સ્વામી! આજે મને ભક્તિને પ્રગટ કરવાનો રસ (=ભાવના) થયો છે. આથી આપ ગૌતમ વગેરે મહર્ષિઓને નવીન નાટકવિધિ બતાવવા માટે મને અનુજ્ઞા આપો. આ પ્રમાણે તેણે ત્રણ વખત વિનંતિ કરી. પણ ભગવાન મૌન રહ્યા. તેથી તેણે જાણ્યું કે ભગવાન નિષેધ કરતા નથી માટે અનુમતિ આપી છે. પછી તેણે ઇશાન દિશામાં જઇને પોતાના બે હાથોમાંથી એકસો આઠ દેવો અને એકસો આઠ દેવીઓને વિકુર્વીને નાટક કર્યું. મહર્ધિક તે સૂર્યાભદેવ બત્રીસ પ્રકારના નાટકને બતાવ્યા પછી વિજળીની જેમ કૂદીને સ્વર્ગમાં પાછો ગયો. હવે અન્ય લોકોને બોધ પમાડવાની ઇચ્છાવાળા શ્રી ગૌતમસ્વામીએ શ્રી વીરપ્રભુને પૂછયું કે; આ દેવ કોણ છે? આને કોનાથી બોધિની પ્રાપ્તિ થઇ? આની આવી સમૃદ્ધિ કેમ છે? શ્રી મહાવીર પ્રભુએ કહ્યું: હે વત્સ ગૌતમ! સાંભળ.

આ જ ભરતક્ષેત્રમાં શ્વેતાંબી નામની સમૃદ્ધ નગરી હતી. તેમાં પ્રદેશી નામનો નાસ્તિક રાજા ઇચ્છા પ્રમાણે રાજ્ય કરતો હતો. તેના કોપરૂપી અગ્નિ આગળ સૂર્ય અગ્નિના તણખા જેવો જણાતો હતો. તેને સૂર્યકાંતા નામની પત્ની, સૂર્યકાલ નામનો પુત્ર અને ચિત્ર નામનો જિનધર્મમાં રક્ત ઉત્તમ મંત્રી હતો. તે એકવાર રાજ્ય કાર્ય માટે શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ રાજા પાસે ગયો. ત્યાં તેણે ચાર જ્ઞાનના ધારક શ્રી કેશી ગણધરને વંદન કર્યું, તેમની પાસે શ્રાવકના બાર વ્રતોનો સ્વીકાર કર્યો અને વિહાર કરીને શ્વેતાંબી નગરીમાં પધારવા તેમને વિનંતિ કરી. પછી તે પોતાના ઘરે ગયો. પૃથ્વીપીઠ ઉપર વિહાર કરતા શ્રીકેશીગણધર ક્રમે કરીને શ્વેતાંબી નગરીના ઉદ્યાનમાં જઈને રહ્યા. ઉદ્યાનપાલકો પાસેથી શ્રીકેશી ગણધરના આગમનના સમાચાર જાણીને હર્ષ પામેલા ચિત્ર મંત્રીએ ત્યાં જ રહીને મનથી શ્રીકેશી ગણધરને નમીને વિચાર્યું: હું મંત્રી હોવા છતાં જો આ સ્વામી (=પ્રદેશી રાજા) નરકમાં જાય તો હું કુપુત્રની જેમ તેના ઋણથી મુક્ત કેવી રીતે બનું? તેથી હું કોઇ પણ ઉપાયથી સ્વામીને ગુરુની વાણી સંભળાવું.

[1]સમુદ્ર પ્રગટ થયે છતે જીવોને ભાગ્ય જ સાધ્ય છે. જેમ ગુણો જીવને ન્યાય પાસે લઇ જાય (=ન્યાય કરાવે, અન્યાય ન કરાવે) તેમ બુદ્ધિમાન અને મંત્રીઓમાં શ્રેષ્ઠ એવો ચિત્ર મંત્રી પ્રદેશી રાજાને અશ્વો ખેલાવવાના બહાને ઉદ્યાનમાં લઇ ગયો. થાકેલો રાજા વૃક્ષની છાયામાં બેઠો. જેમ રોગી વીણાના નાદને સાંભળીને ઉદ્વેગ પામે તેમ રાજા ગુરુની વાણી સાંભળીને અતિશય ઉદ્વેગને પામ્યો. તેણે મુખ મરડીને ચિત્રમંત્રીને કહ્યું: દૂર રહેલો આ રોગથી પીડાયેલા માણસની જેમ નિરસ બરાડા કેમ પાડે છે ? એ આ પ્રમાણે કેમ બોલે છે એ તો નજીકમાં જઇને નિશ્ચય કરી શકાય એમ કહીને મંત્રી રાજાને નજીકમાં લઇ ગયો. રાજાએ દેશના સાંભળી. તે આ પ્રમાણે:-

હ હા ! વિવિધ યુક્તિઓવાળા અર્થોથી મનોહર તત્ત્વને નહિ જાણતા મૂઢ જીવો અશુભ વાસનાથી નિરર્થક જન્મને હારી જાય છે. જીવો કદાગ્રહના કારણે નિરર્થક નરકના અતિથિ બને છે, પણ તત્ત્વને સ્વીકારીને શુભ ઊર્ધ્વગતિનો આશ્રય લેતા નથી, અર્થાત્ સદ્ગતિમાં જતા નથી. કેવલ પ્રત્યક્ષ પ્રમાણ છે (અન્ય પ્રમાણો નથી) એમ બોલનાર અન્ય વસ્તુના પ્રમાણને કે અપ્રમાણને અથવા નિષેધને કહેવા માટે પણ સમર્થ નથી જ. એથી યોગિપ્રત્યક્ષથી અથવા અનુમાનથી આત્માનું અનુમાન કરવું જોઈએ. સિદ્ધ થયેલો પોતાનો આત્મા અન્ય જીવો, કર્મ અને પરલોક વગેરેને સિદ્ધ કરે છે. આંખથી અલગ ન કરાયેલ કીકી જેમ આંખથી ભિન્ન નથી તેમ, આંખથી નહિ દેખાતા ઇચ્છા, દ્વેષ અને પ્રયત્ન વગેરે ભાવો ચૈતન્યથી ભિન્ન નથી, અર્થાત્ ઇચ્છા વગેરે ભાવો આત્મા વિના થતા નથી, માટે ઇચ્છા વગેરે ભાવોથી આત્માની સિદ્ધિ થાય છે. જીવોમાં જ્ઞાન-વિજ્ઞાનનું જે તારતમ્ય ઇષ્ટ છે તેમાં આત્મા ન જોવા છતાં જીવનો ભાવ કોના ચિત્તમાં વર્તતો નથી ? અર્થાત્ જ્યાં આત્મા છે ત્યાં જ આ તારતમ્ય દેખાય છે જ્યાં આત્મા નથી ત્યાં આ તારતમ્ય પણ નથી. આથી જીવોમાં દેખાતા જ્ઞાન-વિજ્ઞાનના તારતમ્યથી આત્માની સિદ્ધિ થાય છે. ફૂલ વગેરે આંખથી જોવામાં આવે છે ત્યારે રસની સ્મૃતિ થાય છે અને અત્યંત હર્ષ થાય છે, એથી દાંતો ઓચિંતા પાણીથી તરબોળ બની જાય છે, અર્થાત્ ઓચિંતુ મોઢામાં પાણી આવી જાય છે. એથી નક્કી થાય છે કે ઇંદ્રિયોથી ભિન્ન અને નહિ દેખાતો એવો કોઇ પદાર્થ છે કે જે પદાર્થ રૂપને જોઇને તેને અનુરૂપ રસનું સ્મરણ કરે છે. આ પદાર્થ તે જ આત્મા છે. બાલ, વૃદ્ધ વગેરે અવસ્થામાં શરીર બદલાતું જાય છે. એટલે જો શરીર એ જ આત્મા હોય તો પૂર્વે અનુભવેલાનું સ્મરણ ન થઈ શકે. તેથી કોઇક ગુપ્ત પદાર્થનું અનુમાન કરવું જોઇએ કે જે પૂર્વે અનુભવેલાનું સ્મરણ કરે છે. પૂર્વે અનુભવેલાનું જે સ્મરણ કરે છે તે જ આત્મા છે. જેમ ભાંગી ગયેલી ભીંતને બરોબર થયેલી જોઈએ છીએ ત્યારે કોઈ

---

૧. સમુદ્ર પ્રગટ થાય એટલે તેમાં રહેલાં રત્નો પ્રગટ થાય. પણ તે રત્નો જેનું ભાગ્ય હોય તે જ મેળવી શકે. આથી અહીં કહ્યું કે સમુદ્ર પ્રગટ થયે છતે જીવોને ભાગ્ય જ સાધ્ય છે, અર્થાત્ ભાગ્ય સિવાય બીજું કંઇ સાધ્ય નથી.

પુરુષે પ્રયત્નથી આ ભીંતને બરોબર કરી છે એમ આપણે અનુમાન કરીએ છીએ, કારણ કે પુરુષના પ્રયત્ન વિના ભાંગી ગયેલી ભીંત બરોબર ન થાય તેમ તૂટેલા અને ઉખડી ગયેલા વાળની વૃદ્ધિ વગેરે જે કાર્યો થાય છે તેનો પ્રયત્નથી કર્તા કોઈ હોવો જોઈએ. આ કર્તા તે જ આત્મા છે. બે આંખોથી કોઇ વસ્તુને જોતાં રાગ-દ્વેષ વગેરે વિકારો થાય છે. ઉત્પન્ન થતા આ વિકારો પોતાનો જનક કોઇ અદૃષ્ટ પદાર્થ છે એમ સ્પષ્ટ કહે છે =સૂચન કરે છે. આ અદૃષ્ટ પદાર્થ તે જ આત્મા છે. રૂપ વગેરેની જેમ સુખ વગેરે પણ ગુણો જ છે. એથી એ ગુણોનો આધાર કોઇ ગુણી માનવો જોઇએ, અને તે ગુણી દૃષ્ટિથી નહિ દેખાતો આત્મા છે. હું સુખી છું, હું દુઃખી છું ઇત્યાદિ જે સંવેદન (=અનુભવ) થાય છે તેનાથી આત્મા પ્રત્યક્ષ છે. આથી આ (=આત્મા છે કે નહિ એવા) નિરર્થક ભ્રમને છોડી દો.

સૂર્ય-ચંદ્રનું ગ્રહણ થાય છે વગેરે બાબતો સર્વજ્ઞે કહેલી છે, અને તે બાબતો આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ, માટે સર્વજ્ઞો અવિસંવાદી વચન કહેનારા છે, એ યુક્તિથી સર્વજ્ઞનો નિર્ણય કરવો જોઇએ, જેમ ધુમાડો જોઈને અગ્નિનો નિર્ણય કરીએ છીએ તેમ. જેમ ભીંતના આંતરે રહેલી વસ્તુઓનો કોઇ જાણકાર હોય છે, તેમ સૂક્ષ્મ અને આંતરામાં રહેલી વસ્તુઓનો કોઈ જાણકાર હોવો જોઈએ. ઇત્યાદિ અનુમાનથી સર્વજ્ઞને અવશ્ય માનવા જોઈએ. આપ્તપુરુષના વચનથી અને અનુમાનથી સર્વજ્ઞનો સ્વીકાર કરવો જોઈએ, અને મોક્ષલક્ષ્મી મેળવવા માટે સર્વજ્ઞે કહેલા સુમાર્ગનો આશ્રય લેવો જોઈએ.

શ્રીકેશી ગણધરની આવી તત્ત્વગર્ભિત વાણીથી રાજાનો આગ્રહ ઢીલો થયો. સંદેહથી ડોલાવાયેલો રાજા જલદી વ્યાખ્યાન સભામાં આવ્યો. આચાર્યની દૂધધારા જેવી સ્નેહવાળી દૃષ્ટિથી રાજાનો આંતર મલ જલદી ધોવાઈ ગયો. તેણે સૂરિની મધુરવાણી સાંભળી. પછી તેણે સૂરિને પૂછ્યું: હે ભગવંત! આપના મતથી મારા પિતા નરકમાં ગયા છે. તમારા ધર્મને જાણનારી મારી માતા ચોક્કસ સ્વર્ગમાં ગઈ છે. હું મારા માતા-પિતાને જેટલો પ્રિય હતો તેટલો બીજો કોઈ બીજા કોઈને પ્રિય ન હોય. તેથી મારા માતા-પિતા દેવલોકમાંથી આવીને મને સત્ય વસ્તુ કેમ જણાવતા નથી? ગુરુએ કહ્યું: પશુની જેમ કર્મથી બંધાયેલો નરકનો જીવ પોતાની ઇચ્છા પ્રમાણે નરકમાંથી અહીં આવવા કેવી રીતે સમર્થ થાય? સ્વર્ગમાં પરસ્પર પ્રેમવાળા દેવો વિષયોમાં આસક્ત હોય છે. તથા તેમને મનુષ્યોને આધીન કોઇ કાર્ય હોતું નથી, આથી દેવો પૃથ્વી ઉપર કેવી રીતે આવે? આ પૃથ્વીથી પાંચસો યોજન સુધી ઉપર દુર્ગંધ જાય છે. આથી દેવો અહીં આવતા નથી. અરિહંતોનાં પાંચ કલ્યાણકના મહોત્સવોમાં તથા તપથી આકર્ષાઈને દેવો મનુષ્યલોકમાં આવે છે, આ સિવાય આવતા નથી. ફરી રાજાએ પૂછ્યું: હે પ્રભુ! મેં જાતે એક ચોરને કોઠીમાં નાંખીને કોઠીનું મુખ બંધ કરીને અંદર રાખ્યો. અમુક વખત પછી જોયું તો તેનું શરીર કૃમિઓથી ભરેલું અને ચેષ્ટારહિત હતું. જીવને નીકળવાનો માર્ગ ન હતો અને અન્ય જીવોને પ્રવેશવાનો માર્ગ ન હતો. પછી તેના શરીરને

ચૂર્ણ જેવું પીશીને જોયું તો કોઇ પણ રીતે જીવ જોવામાં કે જાણવામાં ન આવ્યો. એક ચોરનું વજન કરીને તેના શ્વાસને રોકીને તેને મારી નાખ્યો. પછી તેનું વજન કર્યું. જીવતો હતો ત્યારે અને મરી ગયા પછી વજનમાં જરાય વધ-ઘટ જોવામાં ન આવી. ગુરુએ ઉત્તર આપ્યોઃ લોઢાની કુંભીને બંધ કર્યા પછી અંદર રહેલો માણસ શંખ ફૂંકે છે તો તેનો શબ્દ બહાર કેમ સંભળાય છે ? નીકળવાનો માર્ગ તો તેમાં દેખાતો નથી. શબ્દ પુદ્ગલ સ્વરૂપ છે. તેના સૂક્ષ્મપુદ્ગલો કોઠીને ભેદીને બહાર નીકળી જાય છે. તે જ પ્રમાણે અરૂપી જીવ પણ શબ્દપુદ્ગલની જેમ કોઠીમાંથી બહાર નીકળી ગયો.

જીવ સૂક્ષ્મ હોવાથી નીકળે છે ત્યારે દેખાતો નથી. અરણિકાષ્ઠને કાપવા છતાં તેમાં અગ્નિ જોવામાં આવતો નથી, છતાં તેમાં અગ્નિ છે. તે જ પ્રમાણે જીવના શરીરમાં જીવનો સ્વીકાર કરો. જેમ પવનથી ભરેલી અને પવનથી રહિત મશકનું વજન કરવામાં ભેદ પડતો નથી તે રીતે હે ભૂપ ! શું જીવમાં પણ ન મનાય ? જો મૂર્ત પણ સૂક્ષ્મ પદાર્થોનું સ્વભાવથી આવું સ્વરૂપ છે તો અરૂપી આત્મા માટે શું કહેવું ? હે મહારાજા ! આત્માને જ્ઞાનમય, સૂક્ષ્મ, કર્મથી બંધાયેલ અને મહાબલવાન જાણીને શ્રી જૈનશાસનમાં મતિ (=શ્રદ્ધા) કરો. તેથી પરંપરાથી આવેલી પણ નાસ્તિકતાને છોડીને અને સુવર્ણની જેમ જૈનમતની પરીક્ષા કરીને કલ્યાણ માટે જૈનમતનો આશ્રય કરો. તેની મિથ્યાત્વરૂપી મુદ્રા ઓગળી ગઈ. અજ્ઞાનતાનો નાશ થવાથી તે સમ્યગ્દર્શન પામ્યો અને [1]સૂર્યની જેમ બાર પ્રકારના શ્રાવકધર્મને પામ્યો. શ્રાવકધર્મનું નિર્મલપણે પાલન કરતો રાજા બાહ્ય અને[2] અભ્યંતર વિષયોમાં વિરાગભાવને પામ્યો. અન્યપુરુષમાં આસક્ત બનેલી તેની પત્ની સૂર્યકાંતાએ વિરક્ત બનેલા તેને પૌષધના પારણામાં (=પૌષધ પાર્યા પછી પારણું કરતો હતો ત્યારે ભોજનમાં) ઝેર આપ્યું. સૂર્યકાંતાએ મને ઝેર ખવડાવ્યું છે એમ જાણવા છતાં રાજાએ તેના ઉપર દ્વેષ ન કર્યો. પરમેષ્ઠિનમસ્કાર મંત્રનું સ્મરણ કરવામાં તત્પર ચિત્તવાળા તેણે પોતાના ચિત્તમાં ધૈર્ય ધારણ કરીને જાતે મહાવ્રતોનો સ્વીકાર કર્યો. મરીને તે સૌધર્મ દેવલોકમાં સૂર્યાભવિમાનમાં દેવ થયો. તે આ સૂર્યાભનામનો દેવ પોતાની બોધિને (=પૂર્વમાં થયેલી ધર્મપ્રાપ્તિને) જાણીને પૃથ્વી ઉપર આવ્યો છે. ચાર પલ્યોપમ પ્રમાણ આયુષ્ય ભોગવીને દેવલોકમાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને મોક્ષમાં જશે. [૮૭]

---

૧. સૂર્યના બાર સ્વરૂપો છે અને શ્રાવકધર્મના પણ બાર પ્રકારો છે. માટે અહીં **સૂર્ય ઇવ** એમ જણાવ્યું છે. જેમ સૂર્ય બાર સ્વરૂપને પામે છે તેમ તે શ્રાવકધર્મના બાર પ્રકારને પામ્યો.

૨. બહારથી વિષયોનો ત્યાગ કરવો તે બાહ્ય વિષયોમાં વૈરાગ્યભાવ છે, અને મનથી વિષયોની ઇચ્છા ન કરવી, અથવા શુભ-અશુભ વિષયોમાં રાગ-દ્વેષ ન કરવા એ અભ્યંતર વિષયોમાં વૈરાગ્ય ભાવ છે. [મારા ક્ષયોપશમ મુજબ આ સ્પષ્ટીકરણ કર્યું છે. આની બીજી રીતે પણ ઘટના થઈ શકે તો કરવી.]

સ્ત્રીઓ વિશ્વાસ કરવા યોગ્ય નથી એમ જણાવે છે :-

अणुकूलसपिम्माणवि, रमणीणं मा करिज्ज वीसासं ।
जह रामलक्खणेहिं सुप्पणहाए महारण्णे ॥८८॥

ગાથાર્થ :- જેવી રીતે શ્રીરામ અને લક્ષ્મણજીએ દંડકારણ્યમાં રાવણની બહેન શૂર્પણખા ઉપર વિશ્વાસ ન કર્યો તેમ હે જીવ! તું અનુકૂલ અને પ્રેમવાળી પણ સ્ત્રીઓનો વિશ્વાસ ન કર.

ટીકાર્થ :-અનુકૂલ=હિતકર આચરણવાળી. પ્રેમવાળી=સ્વાભાવિક સ્નેહવાળી. આવી પણ સ્ત્રીઓ ઉપર વિશ્વાસ ન કરવો જોઈએ. આ વિષે કહ્યું છે કે-**"બુદ્ધિશાળી પુરુષો સ્ત્રીઓ, મૂર્ખાઓ, ધિક્કારાયેલા શત્રુઓ અને જેમના આચારોનું જ્ઞાન નથી તેવા મનુષ્યો ઉપર વિશ્વાસ કરતા નથી."**

શૂર્પણખાનો પ્રસંગ સંક્ષેપથી આ પ્રમાણે છે:- શ્રીલક્ષ્મણજીએ શૂર્પણખાનો શંબૂક નામના પુત્રનો વધ કર્યો. પુત્ર શોકથી દુઃખી બનેલી તે ભમતી ભમતી પંચવટી વનમાં આવી. ત્યાં રહેલા શ્રીરામ અને લક્ષ્મણને જોઈને રૂપ અને સૌભાગ્યથી તેમના ઉપર મોહિત બની. કામાસક્ત બનેલી તેણે પુત્રવધના દુઃખને ભૂલીને તે બેની જ ઈચ્છા કરી. શ્રીરામે "મારે પત્ની છે" એમ કહીને તેનો સ્વીકાર ન કર્યો. આથી તે લક્ષ્મણ પાસે આવી. તું પહેલાં શ્રીરામ પાસે ગઈ હોવાથી મારી ભાભી થઈ એમ લક્ષ્મણે કહ્યું. વિવેકી લક્ષ્મણે પણ આ ઉપાયથી તેનો ત્યાગ કર્યો. આ પ્રમાણે સંક્ષેપથી શૂર્પણખાનો પ્રસંગ કહ્યો. વિસ્તારથી તો આગળ કહેવાશે તે સીતાના ચરિત્રથી જાણવો. [૮૮]

પૂર્વે જે કહ્યું તેને જ વિશેષથી કહે છે :-

पररमणिपत्थणाओ, दक्खिन्नाओ वि मुज्झ मा मूढ ।
पडसि अणत्थे किं किल, दक्खिन्नं रक्खसीहिं समं ॥८९॥

ગાથાર્થ :- હે મૂઢ જીવ! તું દાક્ષિણ્યતાથી પણ પરસ્ત્રીની પ્રાર્થનામાં મુંઝા મા, અર્થાત્ દાક્ષિણ્યતાથી પણ પરસ્ત્રીમાં પ્રેમ ન કર. જો પ્રેમ કરીશ તો અનર્થમાં પડીશ. રાક્ષસીઓ આગળ દાક્ષિણ્યતા શી ?

ટીકાર્થ :- રાક્ષસીઓ આગળ દાક્ષિણ્યતા ન કરવામાં પુરુષના ગુણની હાનિ થતી નથી. સ્ત્રીઓનું રાક્ષસીપણું પ્રસિદ્ધ જ છે. કહ્યું છે કે-**"સ્ત્રી દર્શનમાત્રથી પ્રાણોને હરે છે, સ્પર્શથી બલને હરે છે, મૈથુનથી કાયાને હરે છે. સ્ત્રી નિશ્ચિત પ્રત્યક્ષ રાક્ષસી છે."** [૮૯]

હવે પરસ્ત્રીના પ્રેમથી પોતાને ભાગ્યશાળી માનનારાઓને ઠપકો આપે છે :-

पररमणीरंगाओ, सोहग्गं मा गणेसु निब्भग्ग ! ।
जइ सिद्धिवहूरंगं, कारइ ता मुणसु सोहग्गं ॥९०॥

ગાથાર્થ :– હે નિર્ભાગ્ય ! પરસ્ત્રીના પ્રેમથી સૌભાગ્યને ન માન, અર્થાત્ રૂપાદિના ગર્વને ન કર. હા, જો સિદ્ધિવધૂ ઉપર પ્રેમ કરે તો સૌભાગ્યને માન.

ટીકાર્થ :– આ વિષે કહ્યું છે કે–**"જે વિરાગી પ્રત્યે રાગવાળી છે તે મુક્તિ-રૂપી સ્ત્રી ઉપર રાગ કરે તો જે રાગી પ્રત્યે વિરાગવાળી છે તે પરસ્ત્રી ઉપર કોણ રાગ કરે ?"** [૯૦]

સંસારના અભિલાષીઓને મોક્ષની પ્રાપ્તિ દુર્લભ છે એમ જણાવે છે :–

बहुमहिलासु पसत्तं, सिवलच्छी कह तुमं समीहेइ ।
इअराविं पोढमहिला, अन्नासत्तं न ईहेइ ॥९१॥

ગાથાર્થ :– અનેક સ્ત્રીઓમાં આસક્ત બનેલા તને શિવવધૂ કેવી રીતે ઇચ્છે ? અર્થાત્ ન ઇચ્છે. અન્ય પણ પ્રૌઢ સ્ત્રી પરસ્ત્રીમાં આસક્તને ઇચ્છતી નથી.

ટીકાર્થ :–આ વિષે કહ્યું છે કે–**"અન્ય અન્ય સ્ત્રીઓમાં આસક્ત ચક્રવર્તી પણ શ્રેષ્ઠ પતિ નથી. જ્યારે પરસ્ત્રીના સંગથી નિવૃત્ત થયેલો ખેડૂત પણ શ્રેષ્ઠ પતિ છે."** નિર્મલ શીલપાલનથી જ મોક્ષ મેળવી શકાય છે એવો આ ગાથાનો ભાવ છે. [૯૧]

મોક્ષ મેળવવા શીલપાલનનો જ ઉપદેશ આપે છે :–

सासयसुहसिरिरम्मं, अविहडपिम्मं समिद्धिसिद्धिवहुं ।
जइ इहसि ता परिहर, इअराओ तुच्छमहिलाओ ॥९२॥

ગાથા–ટીકાર્થ :– હે જીવ ! જો તું શાશ્વત સુખરૂપ લક્ષ્મીથી મનોહર, સ્થિર-પ્રેમવાળી અને સમૃદ્ધિથી સમૃદ્ધ સિદ્ધિરૂપી વધૂને ઇચ્છે છે તો બીજી તુચ્છ સ્ત્રીઓનો (=સાંસારિક સ્ત્રીઓનો) ત્યાગ કર, અર્થાત્ શીલનું જ પાલન કર. [૯૨]

કામથી પીડાયેલાઓને દુઃખ જ છે એમ કહે છે :–

रम्माओ रमणीओ, दट्ठुं विविहाओ कामतविअस्स ।
कत्थ सुहं तुह होही, भणिअमिणं आगमे वि जओ ॥९३॥

ગાથા–ટીકાર્થ :– હે જીવ ! વિવિધ મનોજ્ઞ સ્ત્રીઓને જોઈને કામથી પીડાયેલા તને સુખ ક્યાંથી થશે ? અર્થાત્ તને સંતાપ જ થશે. કારણ કે આગમમાં પણ આ (=હવે કહેવાશે તે) કહ્યું છે. [૯૩]

આગમમાં જે કહ્યું છે તે જ કહે છે :–

जइ तं काहिसि भावं, जा जा दिच्छसि नारीओ ।
वायाइद्धुयहडोव, अट्ठिअप्पा भविस्ससि ॥९४॥

ગાથા-ટીકાર્થ :- જો તું જે જે સ્ત્રીઓને જુએ છે તે તે સ્ત્રીઓમાં ચિત્તવિકાર કરીશ તો તું પવનથી હચમચેલા હડ નામના વૃક્ષની જેમ અસ્થિરાત્મા થઈશ. [૯૪]

સ્ત્રીઓનું શરીર પણ વૈરાગ્યનું કારણ છે એમ બતાવે છે :-

रमणीणं रमणीयं, देहावयवाण जं सिरिं सरसि ।
जुव्वणविरामवेरग्ग-दाइणिं तं चिय सरेसु ॥९५॥

ગાથાર્થ :- હે જીવ ! સ્ત્રીઓના અંગોપાંગોની જે મનોહર શોભાને યાદ કરે છે તે જ શોભા વૃદ્ધાવસ્થામાં વૈરાગ્યને ઉત્પન્ન કરે છે એમ વિચાર.

ટીકાર્થ :- વૃદ્ધાવસ્થામાં સુકાયેલાં પાંદડાવાળી લતાના જેવી શિથિલ અંગોવાળી નારીને જોઈને સર્વ કોઈ વિરાગ પામે છે. આથી યૌવનમાં (=યુવાન સ્ત્રીમાં) પણ તે અવસ્થાને યાદ કરીને શીલનું જ પાલન કર. [૯૫]

શીલનું જ માહાત્મ્ય અને શીલરહિત મનુષ્ય નિંદનીય છે એમ જણાવે છે :-

सीलपवित्तस्स सया, किंकरभावं करंति देवावि ।
सीलब्भट्ठो नट्ठो, परमिट्ठो वि हु जओ भणियं ॥९६॥

ગાથા-ટીકાર્થ :- શીલથી પવિત્રનું દેવો પણ સદા દાસપણું કરે છે, અને શીલથી ભ્રષ્ટ બ્રહ્મા પણ બધી રીતે નિંદાયો. કારણ કે પૂર્વ મુનિઓએ આ (=નીચે કહેવાશે તે) કહ્યું છે. [૯૬]

પૂર્વ મુનિઓએ જે કહ્યું છે તે જ કહે છે :-

जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा ।
पत्थितो अब्बंभं, बंभावि न रोअए मज्झ ॥९७॥

ગાથાર્થ :-જો સદા કાયોત્સર્ગમાં રહેનાર હોય, જો સદા મૌન રહેનાર હોય, જો મુંડન કરાયેલો હોય, જો વૃક્ષની છાલના વસ્ત્રો પહેરતો હોય, જો નિરંતર તપ કરીને શરીરને સુકવી નાંખ્યું હોય, તો પણ જો મૈથુનની પ્રાર્થના કરતો હોય તો તે મને ગમતો નથી. મૈથુનની પ્રાર્થના કરનાર બ્રહ્મા પણ મને ગમતો નથી, તો પછી સામાન્ય માણસની વાત જ ક્યાં રહી ?

ટીકાર્થ :-ગાથામાં વારંવાર યદિ (=જો) શબ્દનો પ્રયોગ "સર્વ ગુણોથી યુક્ત પણ પ્રાણી શીલરહિત હોય તો તેનું કોઈ મહત્ત્વ નથી." એમ શીલનું મહત્ત્વ બતાવવા માટે છે. ગાથામાં વા શબ્દથી ઉત્તમ જાતિ, ઉત્તમ કુલ આદિ ગુણોનો સંગ્રહ કર્યો છે. [૯૭]

સામાન્ય ઉપદેશ કહીને હવે નામના નિર્દેશથી કહે છે :-

इय भावंतो भावं, सजोगगुत्तो जिइंदिओ धीरो ।
रक्खइ मुणी गिहीवि हु, निम्मलनिअसीलमाणिक्कं ॥९८॥

ગાથાર્થ :- પૂર્વોક્ત ભાવનાને ભાવતો, સ્વયોગગુપ્ત જિતેંદ્રિય અને ધીર એવો સાધુ કે ગૃહસ્થ નિશ્ચિત પોતાના નિર્મલ શીલરૂપ માણેકરત્નની રક્ષા કરે છે.

ટીકાર્થ :- સ્વયોગગુપ્ત=પોતાના મન, વચન અને કાયા એ ત્રણ યોગને કાબૂમાં રાખનાર. જિતેંદ્રિય=ઇંદ્રિયના વ્યાપારને સ્વાધીન કરનાર (અર્થાત્ ઇંદ્રિયોને કાબૂમાં રાખનાર.) ધીર=નિશ્ચલ ચિત્તવાળો. આવો સાધુ કે ગૃહસ્થ શીલને માણેક રત્નની જેમ સુરક્ષિત રાખે છે. [૯૮]

હવે મુનિના જ શીલની રક્ષાનો ઉપાય કહે છે :-

एगंते मंताई, पासत्थाई कुसंगमवि सययं ।
परिवज्जंतो नवबंभ-गुत्तिगुत्तो चरे साहू ॥९९॥

ગાથાર્થ :- સાધુ એકાંતમાં સ્ત્રીઓની સાથે વિચારણાનો (=વાતોનો) ત્યાગ કરે, સ્ત્રીઓથી સંસક્ત સ્થાનમાં ન રહે, પાસત્થો, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદના કુસંગનો પણ સતત ત્યાગ કરે તથા બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓથી ગુપ્ત બનીને વિચરે= સંયમનું પાલન કરે.

ટીકાર્થ :-સાધુએ જ્યાં સ્ત્રી આદિનો સંસર્ગ હોય તેવા અનાયતન સ્થાનનો ત્યાગ કરવો જોઇએ. આગમમાં કહ્યું છે કે-**"સુસાધુઓને ક્ષણવાર પણ અનાયતનનું સેવન કરવું યોગ્ય નથી. વન જેવા ગંધવાળું હોય તેવા ગંધવાળો પવન હોય."** (આવ. ગા. ૧૧૩૩) આગમમાં પાસત્થાનું લક્ષણ આ પ્રમાણે છે :-"તે પાસત્થો સર્વપાસત્થો અને દેશપાસત્થો એમ બે પ્રકારે છે. તેમાં જે સર્વ ક્રિયાઓમાં જ્ઞાન-દર્શન-ચારિત્રની પાસે રહે (=જ્ઞાન-દર્શન-ચારિત્રની અંદર ન રહે પણ જ્ઞાન-દર્શન-ચારિત્રની પાસે રહે, અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્રથી રહિત માત્ર વેષધારી હોય) તે સર્વ પાસત્થો છે. જે નિષ્કારણ શય્યાતરપિંડ, અભ્યાહૃતપિંડ, રાજપિંડ, નિત્યપિંડ કે અગ્રપિંડને વાપરે તે દેશપાસત્થો છે." (સંબોધ પ્ર. ગુરુ અધિ. ગા. ૯-૧૦) અવસન્ન આદિ કુસાધુનું લક્ષણ સૂત્રમાંથી જાણી લેવું.

બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ આ છે :- **૧. વસતિ, ૨. કથા, ૩. નિષદ્યા, ૪. ઇંદ્રિય, ૫. કુડ્યાંતર, ૬. પૂર્વક્રીડિત, ૭. પ્રણીત આહાર, ૮. અતિમાત્ર આહાર, ૯ વિભૂષા એ નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ છે."**

૧. વસતિ :-જ્યાં સ્ત્રીઓનું ગમનાગમન વધારે હોય, જ્યાં પશુઓ અધિક પ્રમાણમાં હોય, જ્યાં નપુંસકો રહેતા હોય તેવી વસતિનો ત્યાગ કરવો જોઇએ. ૨. કથા :-રાગથી સ્ત્રીઓની કથા નહિ કરવી જોઇએ. જેમ કે-અમુક દેશની સ્ત્રીઓ અતિશય રૂપાળી હોય છે, અમુક દેશની સ્ત્રીઓનો કંઠ અતિશય મધુર હોય છે, અમુક જાતિની સ્ત્રીઓ અમુક વસ્ત્રો પહેરે છે વગેરે. ૩. નિષદ્યા :-જે સ્થાને સ્ત્રી બેઠી હોય તે સ્થાને તેના ઉઠી ગયા પછી પુરુષે બે ઘડી સુધી બેસવું નહિ અને પુરુષના ઉઠી ગયા

પછી સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી બેસવું નહિ. ૪. ઇંદ્રિય :–રાગથી સ્ત્રીઓની ઇંદ્રિયો કે અન્ય અંગોપાંગ તરફ દૃષ્ટિ પણ નહિ કરવી જોઈએ. અચાનક દૃષ્ટિ પડી જાય તો સૂર્યની સામેથી દૃષ્ટિ જેટલી ઝડપથી ખેંચી લેવામાં આવે છે, તેટલી જ ઝડપથી પાછી ખેંચી લેવી જોઇએ. ૫. કુડ્યાંતર :– જ્યાં ભીંતના અંતરે પુરુષ–સ્ત્રીની કામચેષ્ટા સંબંધી અવાજ સંભળાતો હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો જોઈએ. ૬. પૂર્વક્રીડિત :– પૂર્વે કરેલી કામક્રીડાનું સ્મરણ ન કરવું. ૭. પ્રણીતઆહાર :– પ્રણીત એટલે સ્નિગ્ધ. અત્યંત સ્નિગ્ધ દૂધ, ઘી આદિ આહારનો ત્યાગ કરવો. ૮. અતિમાત્ર આહાર :– અપ્રણીત આહાર પણ ભૂખથી વધારે ન લેવો. ૯. વિભૂષા :–શરીરની અને ઉપકરણોની વિભૂષાનો (=ટાપટીપનો) ત્યાગ કરવો. [૯૯]

ગૃહસ્થના પણ શીલની રક્ષાનો ઉપાય કહે છે :–

वेसादासीइत्तर–पमुहाणमसेसदुट्ठनारीणं ।
सीलवयरक्खणट्ठं, गिहीवि संगं विवज्जिज्जा ॥१००॥

ગાથાર્થ :–ગૃહસ્થ પણ બ્રહ્મચર્યની રક્ષા માટે વેશ્યા, દાસી, અસતી અને નટી વગેરે સર્વ દુષ્ટ સ્ત્રીઓના સંગનો ત્યાગ કરે.

ટીકાર્થ :–વેશ્યા=નટ વગેરે વ્યભિચારી પુરુષોને ભોગવવા યોગ્ય સ્ત્રી. દાસી= કામ કરનારી સ્ત્રી. અસતી=પતિને છેતરીને પરપુરુષ સાથે કામક્રીડા કરનારી સ્ત્રી. ગૃહસ્થે વેશ્યા આદિના સંગનો ત્યાગ કરવો જોઈએ. કહ્યું છે કે–**"રાજા ખરાબ મંત્રીથી, સાધુ કુસંગથી, પુત્ર લાલનથી (=બહુ લાડ લડાવવાથી), બ્રાહ્મણ ન ભણવાથી, કુલ કુપુત્રથી, શીલ દુષ્ટોની સોબતથી, મંત્રી દ્વેષથી, સમૃદ્ધિ અનીતિથી, સ્નેહ પ્રવાસ કરવાથી, સ્ત્રી મદ્યપાનથી, ખેતી તપાસ ન રાખવાથી, ધન ત્યાગથી અને પ્રમાદથી નાશ પામે છે."** [૧૦૦]

મુનિ અને ગૃહસ્થને હિતશિક્ષા આપે છે :–

वेसादासीइत्तर–परंगणालिंगिणीण सेवाओ ।
वज्जिज्ज उत्तरोत्तर, एए दोसा विसेसेणं ॥१०१॥

ગાથાર્થ :–વેશ્યા, દાસી, ઈત્વરી, પરસ્ત્રી અને લિંગિની, આ સ્ત્રીઓની સાથે ઉત્તરોત્તર અધિક અધિક કામક્રીડાનો ત્યાગ કરે. કારણ કે આ સ્ત્રીઓ ઉત્તરોત્તર વિશેષ દૂષિત કરનારી છે.

ટીકાર્થ :– ઇત્વરી=ધન લઇને પુરુષનો સંગ્રહ કરનારી (=સ્વીકાર કરનારી) સ્ત્રી. પરસ્ત્રી=ધન, રૂપ અને સૌભાગ્ય વગેરેમાં આસક્ત. લિંગિની=વ્રતધારિણી સ્ત્રી. આ વિષે કહ્યું છે કે– **"સાધ્વીની સાથે કામક્રીડા કરવાથી, દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી, મુનિનો ઘાત કરવાથી અને શાસનની અપભ્રાજના કરવાથી બોધિનો ઘાત થાય એમ શાસ્ત્રમાં કહ્યું છે."** [૧૦૧]

સાધુ-ગૃહસ્થ બંનેએ કુસંગનો ત્યાગ કરવો જોઇએ એમ કહે છે :-

जूआरपारदारिअ-नडविडपमुहेहिँ सह कुमित्तेहिं ।
संगं वज्जिज्ज सया, संगाओ गुणावि दोसावि ॥१०२॥

ગાથાર્થ :- જુગારી, પરસ્ત્રીગામી, નટ, વ્યભિચારી વગેરે કુમિત્રોની સાથે સોબતનો સદા ત્યાગ કરવો. કારણ કે સંગથી (=સુસંગથી) ગુણો પણ થાય અને સંગથી (=કુસંગથી) દોષો પણ થાય.

ટીકાર્થ :- સંગની અસર વિષે કહ્યું છે કે- **"ગુણોના યથાર્થ જ્ઞાનવાળા જીવમાં ગુણો ગુણરૂપ બને છે, ગુણોના યથાર્થ જ્ઞાનથી રહિત જીવમાં ગુણો દોષરૂપ બની જાય છે. નદીઓ સ્વાદિષ્ટ પાણીવાળી હોય છે. સ્વાદિષ્ટ પાણીવાળી પણ નદીઓ સમુદ્રમાં જઇને ખારાપાણીવાળી બની જાય છે."** [૧૦૨]

સ્ત્રીઓના ગુણોને કહે છે :-

मिउभासिणी सुलज्जा, कुलदेसवयाणुरूववेसधरा ।
अभमणसीला चत्ता-सइसंगा हुज्ज नारीवि ॥१०३॥

ગાથાર્થ :- સ્ત્રીએ પણ ઓછું બોલવું જોઇએ, સુલજ્જાવાળી બનવું જોઇએ, કુલ, દેશ અને વયને અનુરૂપ વેષ પહેરવો જોઇએ, અર્થાત્ ખોટો આડંબર ન કરવો જોઇએ, બહાર ન ફરવું જોઇએ. અર્થાત્ પોતાના ઘરના ઊંમરાનો ત્યાગ ન કરવો જોઇએ, અસતી સ્ત્રીનો સંગ છોડવો જોઇએ. આવી સ્ત્રીઓ પ્રશંસનીય બને છે.

ટીકાર્થ :- સ્ત્રીઓના લજ્જાગુણ વિષે કહ્યું છે કે- **"અસંતોષી બ્રાહ્મણો, સંતોષી રાજાઓ, લજ્જાળુ વેશ્યાઓ અને લજ્જાહીન કુલનારીઓ નાશ પામે છે."** સ્ત્રીઓએ પોતાના ઘરનો ઊમરો ન છોડવો જોઇએ એ વિષે કહ્યું છે કે-**"લજ્જાહીન જે સ્ત્રી પોતાના ઘરના ઊમરાને છોડીને બહાર જાય છે તે સુકુલમાં જન્મી હોય તો પણ કુલમર્યાદાનો લોપ કરવાના કારણે કુલટા જાણવી."**

ફરી પણ સ્ત્રીઓના ગુણોને જ કહે છે :-

देवगुरुपियरसुसराइ-एसु भत्ता थिरा वरविवेआ ।
कंताणुरत्तचित्ता, विरला महिला सुदृढचित्ता ॥१०४॥

ગાથા-ટીકાર્થ :- દેવ, ગુરુ, પિતા, સસરો, દિયર, પતિનો મિત્ર આદિ વિષે ભક્તિવાળી, સ્થિર (=દૃઢ મનોબળવાળી), ઉત્તમ વિવેકથી યુક્ત, પતિ પ્રત્યે અનુરક્ત-ચિત્તવાળી અને સુદૃઢ ચિત્તવાળી (=પોતાના શીલની રક્ષા કરવામાં દૃઢ) હોય એવી સ્ત્રીઓ વિરલ હોય છે. [૧૦૪]

મહાસતીઓ શીલમાં દૃઢ હોય છે એમ કહે છે :-

निम्मलमहासईणं, सीलवयं खंडिउं न सक्कोवि ।
सक्केइ जेण ताणं, जीवाओ सीलमब्भहिअं ॥१०५॥

ગાથાર્થ :- નિર્મલ મહાસતીઓના શીલવ્રતનું ખંડન કરવામાં ઇંદ્ર પણ સમર્થ નથી. કારણ કે તેમને પ્રાણનાશથી પણ શીલ અધિક હોય છે, અર્થાત્ મહાસતીઓ શીલરક્ષા માટે પ્રાણનાશને પણ સહન કરે છે.

ટીકાર્થ :- આ વિષે કહ્યું છે કે-**"આ સંસારમાં જેમાં પાણી ચક્કર ચક્કર ભમી રહ્યું છે તેવા આવર્તમાં રહેલા ભયંકર પાણીમાં પડવું એ સારું છે, ઘાસથી ગીચ બનેલા અને સર્પોથી વ્યાપ્ત બનેલા કૂવામાં પડવું એ સારું છે, વિંધ્ય અટવીમાં અનશન અને તૃષાથી પીડિત થયેલાનું મરણ સારું છે, પણ કુલીન સ્ત્રીઓને શીલથી ભ્રષ્ટ બનવું એ સારું નથી."** [૧૦૫]

એક ગાથાથી સતી શબ્દનો અર્થ કહે છે :-

सच्चिअ सइत्ति भण्णइ, जा विहुरे विहु न खंडए सीलं ।
तं किल कणयं कणयं, जं जलणाओवि विमलतरं ॥१०६॥

ગાથાર્થ :- તે જ સ્ત્રી સતી=મહાસતી કહેવાય છે કે જે સ્ત્રી સંકટમાં પણ શીલનું ખંડન ન કરે. તે જ સોનું સોનું કહેવાય છે કે જે અગ્નિમાંથી બહાર નીકળ્યા પછી વિશેષ શુદ્ધ દેખાય છે.

ટીકાર્થ :- તે જ સ્ત્રી સતી છે કે જે પરાધીન બનવા છતાં પોતાના આત્માની રક્ષા કરે છે. પણ આ પ્રમાણે નહિ :-**"હે નારદ ! એકાંત નથી, અવસર મળતો નથી, પ્રાર્થના કરનાર પુરુષ નથી તેથી સ્ત્રીઓનું સતીપણું થાય છે. (તાત્પર્ય કે એકાંત વગેરે ન મળે તેથી શીલ પાળે એટલા માત્રથી સતી ન કહેવાય. એકાંત વગેરે મળવા છતાં શીલ પાળે તો સતી કહેવાય."**

સતી નહિ હોવા છતાં પોતાને સતી માનનાર સ્ત્રીઓની દુષ્ટતાને કહે છે :-

निअसत्तवज्जिआओ, पावाओ नराण दूषणं दिंति ।
किं काहीमो अम्हे, निरग्गला जेणिमो पुरिसा ॥१०७॥

ગાથા-ટીકાર્થ :- નિજ સત્ત્વથી ચલિત (=શીલની દૃઢતાથી રહિત) અને દુષ્ટ આચરણવાળી સ્ત્રીઓ પુરુષોને દૂષણ આપે છે કે અમે શું કરીએ ? કારણ કે આ પુરુષો સ્વચ્છંદપણે લંપટ આચારવાળા છે, અર્થાત્ શીલભંગમાં પુરુષોનો જ દોષ છે, અમારો દોષ નથી. [૧૦૭]

પોતે કહેલા વિષયને જ મહાસતીના દૃષ્ટાંતથી દૃઢ કરે છે :-

तिहुयणपहुणावि हु, रावणेण जिस्से न रोममित्तंपि ।
संचालिउं न तीए, चरिअं चित्तंति सीआए ॥१०८॥

ગાથાર્થ :-ત્રણ ભુવનના માલિક પણ રાવણે જેનું એક રૂંવાડું પણ ચલાયમાન ન કર્યું, અર્થાત્ કાયાનો પણ સ્પર્શ ન કર્યો, તે સીતાજીનું અદ્‌ભુત ચરિત્ર કોને આશ્ચર્ય ઉત્પન્ન કરતું નથી ?

ટીકાર્થ :-આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો આ પ્રમાણે છે :-

સીતાજીનું દૃષ્ટાંત

મિથિલા નામની નગરી હતી. તેમાં રહેલા પુણ્યવંત સર્વ લોકો નિત્ય ઇંદ્રવાળા અને દેવોને રહેવાનું સ્થાન એવા સ્વર્ગમાં જવા માટે ઉત્સાહ ધરાવતા ન હતા. તે નગરીમાં જનક નામનો રાજા હતો. તેની ઇંદ્રના જેવી શક્તિએ *સૂર્ય અને ચંદ્રના બહાનાથી પ્રતાપ અને યશને જલદી ઉત્પન્ન કર્યા. તેની વિદેહા નામની પત્ની હતી. જાણે કે તેના દેહના સૌંદર્યથી બધી સ્ત્રીઓ વિદેહા (=બેડોળ શરીરવાળી) જ હતી એથી તે પૃથ્વીમાં વિદેહા (=સુંદર શરીરવાળી) એવા નામથી પ્રસિદ્ધ બની હતી. જેમ સારી રીતે આચરાયેલી શ્રેષ્ઠ રાજ્યનીતિ યશ અને લક્ષ્મીને ઉત્પન્ન કરે તેમ તે વિદેહા રાણીએ એકી સાથે પુત્ર અને પુત્રીને જન્મ આપ્યો. જેમ ગરુડ સર્પનું અપહરણ કરે તેમ પૂર્વભવના વૈરી દેવે જન્મેલા તે યુગલમાંથી પુત્રનું જન્મ થતાં જ અપહરણ કર્યું. વિજળીના પુંજ જેવા તે બાળકને દેવે વૈતાઢ્ય પર્વતમાં મૂકી દીધો. પછી ચંદ્રગતિ નામના વિદ્યાધર રાજાએ વૈતાઢ્ય પર્વતમાં પડેલા તેને જોયો. વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણિના રથનૂપુર નગરના નાયક તે ચંદ્રગતિ રાજાએ પૃથ્વી ઉપર રહેલા બાળકને લઇને પોતાનો પુત્ર કરીને તેનું પાલન કરવા લાગ્યો. તેનું ભામંડલ નામ રાખ્યું. તે બાલચંદ્રની જેમ વધવા લાગ્યો. પુત્રનું અપહરણ થતાં વિદેહાએ ઘણા કાળ સુધી શોક કર્યો. પુત્રનું અપહરણ થતાં માતા-પિતાએ યુગલરૂપે ઉત્પન્ન થયેલી પુત્રીને "જાણે કે આ સીતા (=લક્ષ્મીદેવી) છે" એમ કહ્યું. એથી તે પુત્રી 'સીતા' એવા નામથી પ્રસિદ્ધ બની. પુત્રનું અપહરણ થવાથી "કોઇ ઉપદ્રવ થશે" એવી શંકાવાળા સ્વજનોએ તે પુત્રીને પૃથ્વી ઉપર આળોટાવી. એથી તે 'ભૂસૂતા' એવા નામથી પણ પ્રસિદ્ધ બની. લક્ષ્મીદેવી જેવી તે કલાઓથી અને ઉંમરથી વધવા માંડી. ક્રમે કરીને તે યુવાનોને ઉન્માદ કરનારા દેવ જેવા યૌવનને પામી. જનક રાજાનું મન સીતાના વરની ચિંતાથી યુક્ત બન્યું એ

* અહીં કવિ કલ્પના કરે છે કે, આકાશમાં જે સૂર્ય અને ચંદ્ર દેખાય છે તે સૂર્ય અને ચંદ્ર નથી, કિંતુ સૂર્ય અને ચંદ્રના બહાનાથી જનક રાજાના પ્રતાપ અને યશ છે.

દરમિયાન આતરંગતમ નામના મ્લેચ્છ રાજાએ તેના થોડા પ્રદેશને લઇ લીધો. તે વખતે અયોધ્યાનગરીમાં દશરથ રાજા રાજ્ય કરતો હતો. તે જનકરાજાનો મિત્ર હતો. તેની ચાર પત્નીઓ હતી. તે પત્નીઓનાં અનુક્રમે કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી અને સુપ્રભા એવાં નામ હતાં. તેમના અનુક્રમે રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન એ નામના પુત્રો હતા. રામ 'પદ્મ' એવા નામથી આઠમા બલદેવ તરીકે પ્રસિદ્ધ બન્યા. મહાબલવાન લક્ષ્મણ 'નારાયણ' એવા નામથી આઠમા વાસુદેવ તરીકે પ્રસિદ્ધ બન્યા.

જનકરાજાનો દૂત દશરથ રાજાને પ્રણામ કરીને આગળ બેઠો. દશરથરાજાએ જલદી મિત્ર જનકરાજાના કુશલતાના સમાચાર પૂછ્યા. પછી દશરથ રાજાએ દૂતને કહ્યું: હે દૂત! મારી કુશલતાના સમાચાર માટે તને હમણાં અહીં મોકલ્યો છે એમ હું જાણું છું. તો પણ અહીં આવવામાં જે વિશેષ કારણ હોય તે મને જલદી કહે. દૂત બોલ્યો: જો કે મારા સ્વામીના હજારો મિત્રો છે, તોપણ શત્રુથી થયેલા દુઃખમાં સ્વબંધુની જેમ આપને જ તેમણે યાદ કર્યા છે. વૈતાઢ્ય અને કૈલાસ એ બે પર્વતોની વચ્ચે જાણે શરીરધારી ક્લેશ હોય તેવો અર્ધબર્બર નામનો દેશ છે. તે દેશમાં માયૂરશાલ નામના નગરમાં જાણે તૃષ્ણા વધારનાર તાવ હોય તેવો અને દુર્જય એવો આતરંગતમ નામનો મ્લેચ્છ રાજા છે. તેના શ્રેષ્ઠ રાજ્યરૂપી ધુરાને ધારણ કરનારા હજારો પુત્રો તેજ, ભાલેજ અને કંબોજ વગેરે દેશોનો ઉપભોગ કરે છે. હમણાં તે મ્લેચ્છ રાજાએ તમારા આ મિત્રના પ્રદેશનો નાશ કર્યો છે. તેથી આપ વિલંબ કર્યા વિના યથાયોગ્ય કરવામાં પ્રયત્ન કરો. તેથી (મિત્રને મદદ કરવા માટે) તૈયાર થતા પિતાને રામે રોકચા. શરીર-બળથી અને સૈન્યબળથી એમ બે રીતે બલવાન શ્રી રામ સ્વયં લક્ષ્મણની સાથે મિથિલા ગયા. જેમ ચંદ્ર અંધકારનો નાશ કરે તેમ શ્રીરામે મ્લેચ્છ રાજાનો ક્ષણવારમાં નાશ કરીને જનકરાજાને ખુશ કર્યો. આથી જનકરાજાએ રામને સીતા આપવાની ઈચ્છા કરી.

આ તરફ નારદ કૌતુકથી કન્યાના અંતઃપુરમાં ગયા. માત્ર લંગોટને પહેરનારા, પીળાકેશવાળા, છત્ર ધારણ કરનારા અને ઘાસના આસન ઉપર બેસનારા અને ભયંકર આકૃતિવાળા નારદને જોઈને ભય પામેલા સીતાજી અંદર પેસી ગયા. દાસીઓએ નારદજીને કંઠ, કાન અને ગળામાં પકડ્યા. નારદજી બળ કરીને દાસીઓથી છૂટી ગયા. પછી ઉડીને ક્રોધથી વૈતાઢ્ય પર્વત ઉપર ગયા. ત્યાં ચિત્રપટમાં સીતાજીને આલેખીને ચંદ્રગતિ રાજાના ભામંડલ નામના પુત્રની આગળ તે ચિત્રપટ બતાવ્યું. તે ચિત્રને જોવાથી ભામંડલને અતિશય કામથી પીડાયેલો જાણીને પિતાએ સીતાજીનું નામ, રૂપ વગેરે બધું જાણી લીધું. નારદજીને રજા આપીને ચિત્રગતિએ ભામંડલને કહ્યું: હે વત્સ! ખેદ ન કર. હું તારી સાથે સીતાને પરણાવીશ. હવે ચંદ્રગતિએ ચપલગતિ નામના વિદ્યાધર દ્વારા રાતે જલદી જનકરાજાને પોતાની પાસે બોલાવીને તેની પાસે પોતાના પુત્ર માટે સીતાજીની માગણી કરી. જનકરાજાએ કહ્યું: મેં સીતા રામને આપી દીધી છે. ચંદ્રગતિ બોલ્યો: જો તમે પ્રેમથી સીતા નહિ આપો તો હું સીતાનું અપહરણ કરવા પણ સમર્થ છું.

જેથી રામને મૂકીને (=રામનો પરાભવ કરીને) મારો પુત્ર તેને પરણશે અથવા કોઈ નિંદા ન કરી શકે તેવું મારું વચન તમે સાંભળો. મારા રાજમહેલમાં દેવની આજ્ઞાથી એક એક હજાર યક્ષોથી અધિષ્ઠિત વજ્રાવર્ત અને અર્ણવાવર્ત નામના બે ધનુષ રહેલાં છે. ભવિષ્યમાં થનારા બલદેવ અને વાસુદેવ માટે આ બે ધનુષ રાખેલાં છે. આ બે ધનુષ લઈને સીતાને આપવા માટે શરત કરો. તે શરત આ પ્રમાણે છે :- મારા આ બે ધનુષ્યમાંથી એક પણ ધનુષ્યને જે ચડાવે (=ધનુષ્યને ઉપાડીને તેના ઉપર પણછ ચઢાવે) તેને જ જય પામેલો જાણવો અને તેને તમારી પુત્રી પરણાવવી. જનક રાજાએ ક્ષણવાર વિચાર કરીને કાલક્ષેપ કરવાની (=સમયને પસાર કરવાની) ઈચ્છાથી "એ પ્રમાણે હો" એમ તે વિદ્યાધર રાજાને કહ્યું : પછી ચંદ્રગતિ રાજાએ વજ્રાવર્ત અને અર્ણવાવર્ત એ બે ધનુષ્ય આપીને જનકરાજાને આનંદપૂર્વક મિથિલાનગરીમાં પહોંચાડ્યો. ચંદ્રગતિ પણ ભામંડલની સાથે જલદી મિથિલાનગરીમાં ગયો.

જનકરાજાએ સવારે સીતાના સ્વયંવરનો પ્રારંભ કર્યો. સ્વયંવરમંડપમાં ભૂચર અને ખેચર રાજાઓ બેઠા. રામ અને લક્ષ્મણ પણ પિતાની પાસે બેઠા. અલંકારોથી સુશોભિત કરાયેલી સીતા સભામાં આવી. બધાનાં નેત્રરૂપી કમળો સીતા ઉપર જાણે ચોંટી ગયા હોય તેમ પડ્યા હવે છડીદારે કહ્યું: હે રાજાઓ ! સાંભળો. જે આ વજ્રાવર્ત ધનુષ્યને ઉપાડીને તેના ઉપર પણછ ચઢાવશે, આ સભામાં ભૂચર અને ખેચર રાજાઓથી પૂજાયેલો તે કન્યાઓમાં શ્રેષ્ઠ એવી સીતાને અવશ્ય પરણશે. તેથી હર્ષથી શેરડી લેવાની ઈચ્છાવાળા બાળકોની જેમ હર્ષ પામેલા રાજાઓ સ્વેચ્છાથી ધનુષની પાસે ગયા. કેટલાકો આ શરત કહી તેટલા માત્રમાં નાસી ગયા, કેટલાકો આ ધનુષ્યને જોવા પણ સમર્થ ન બન્યા, કેટલાકો આ ધનુષ્યનો સ્પર્શ કરવા પણ સમર્થ ન બન્યા, અને કેટલાકો ધનુષ્યને ઉપાડવા જતાં પ્રારંભમાં જ પડી ગયા. હવે સીતા વડે હર્ષથી જોવાયેલા શ્રીરામે પિતાની આજ્ઞાથી રાજાઓના મુખોને (=મસ્તકોને) નમાવવા સાથે વજ્રાવર્ત ધનુષ્યને નમાવ્યું. પછી સીતાજીના હૃદયની સાથે ધનુષ્યને આકર્ષીને (=ખેંચીને) અને ઉતારીને તેના ઉપર પણછ ચઢાવી. (આથી સીતાએ રામને વરમાળા પહેરાવી.) લક્ષ્મણજી પણ અર્ણવાવર્ત ધનુષ્યને રમતથી ઉપાડીને (તેના ઉપર પણછ ચઢાવીને) વિદ્યાધરોની અઢાર કન્યાઓને પરણ્યા. સીતા માટે દુઃખી થતા ભામંડલને કોઈક જ્ઞાની સાધુએ "આ તારી યુગલપણે જન્મેલી બહેન છે" એમ કહીને પ્રતિબોધ પમાડ્યો. જનકરાજા વડે અશ્વો અને રત્નો વગેરેથી સત્કાર કરાયેલા રાજાઓ પોતાના સ્થાને ગયા. શ્રીરામ પણ પોતાની રાજધાનીમાં ગયા.

વૃદ્ધ બનતા દશરથને શ્રીરામનો રાજ્યાભિષેક કરવાનું મન થયું. આ વખતે પૂર્વે થાપણ મૂકેલું વરદાન કૈકેયીએ સ્વેચ્છાથી માગ્યું. દશરથ નિઃસાસો નાખીને બોલ્યા:

પોતે કરેલી પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરવું જોઈએ. પછી શ્રીરામને બોલાવીને દશરથ રાજાએ વિષાદપૂર્વક કહ્યું: હે વત્સ! પૂર્વે સ્વયંવરમાં કૈકેયીએ સારથિપણું કર્યું હતું. એના સારથિપણાથી તુષ્ટ થયેલા મેં તેને વરદાન આપ્યું હતું. હમણાં કૈકેયીએ "મારા પુત્ર ભરતને રાજ્ય આપો" એ પ્રમાણે વરદાન માગે છે. હર્ષ પામેલા અને વિનયથી નમેલા શ્રીરામે પિતાને કહ્યું: હું અને ભરત એ અમે બંને પુત્રો આપના માટે સમાન છીએ. તેથી આપ ભરતને રાજ્ય આપો. મારે તે માન્ય છે. એક પુષ્પને મસ્તક ઉપર ધારણ કર્યે છતે બીજાં પુષ્પો શું નથી શોભતા? આ સાંભળીને દશરથરાજાએ ભરતને રાજ્ય લેવાની આજ્ઞા કરી. ભરત બોલ્યા: હું આપની સાથે વનમાં જઇશ (=દીક્ષા લઇશ) મારે રાજ્ય જોઈતું નથી. દશરથરાજાએ કહ્યું: મારી પ્રતિજ્ઞા પૂરી કર અને તારી માતાની આજ્ઞાનું પાલન કર. કારણકે મેં તારી માતાને પૂર્વે વરદાન આપ્યું હતું અને હમણાં તારી માતા "તને રાજ્ય મળે" એ પ્રમાણે વરદાન માગે છે. શ્રીરામે પણ ભરતને કહ્યું: તને રાજ્યમાં આસક્તિ નથી તો પણ રાજ્યને લઈને હમણાં પિતાને સત્ય કર. ભરતે રામને પ્રણામ કરીને ગદ્ગદવાણીથી કહ્યું: રાજ્ય આપવું એ પિતાજીને અને આર્ય આપને યોગ્ય છે, પણ રાજ્ય લેવું એ મારા માટે યોગ્ય નથી. શ્રીરામે વિચાર્યું: હું અહીં રહીશ તો ભરત રાજ્ય નહિ લે. કારણ કે કુલીન પુરુષોને વિનયરૂપ આચારનું ઉલ્લંઘન દુષ્કર છે. આ પ્રમાણે વિચારીને શ્રીરામે પિતાને પ્રણામ કર્યા. પછી શ્રેષ્ઠ ધનુષ્ય અને ભાથાંઓથી યુક્ત શ્રીરામ અપરાજિતા માતાને પ્રણામ કરીને બોલ્યા: હે માતાજી! આપે ભરતને પરમાર્થ વૃત્તિથી મારી જેમ જ જોવો. પોતાની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા પિતાજીએ ભરતને રાજ્ય આપ્યું છે. હું અહીં હોઇશ તો ભરત રાજ્ય નહિ લે. તેથી હું વનમાં જવાને ઇચ્છું છું. શ્રીરામે આ પ્રમાણે કહ્યું: એટલે અપરાજિતા રાણી મૂર્છા પામીને ભૂમિ ઉપર પડ્યા. પંખાઓથી ચેતના ઉત્પન્ન થઈ એટલે તેમણે વિલાપ કરતાં કહ્યું: રામવિયોગના દુઃખને હું કેવી રીતે સહન કરી શકીશ? શ્રીરામ બોલ્યા: હે માતાજી! આપ આવી [1]કાયરતા કેમ કરો છો? સિંહ અન્યવનમાં જાય ત્યારે શું સિંહણ દુઃખી થાય? પિતાએ કૈકેયીને વરદાનરૂપી ઋણ ચૂકવવાનું છે. તેથી સત્યપ્રતિજ્ઞાવાળા પિતાજીનું ઋણ દૂર થાય એ માટે હું ઉત્સાહિત કેમ ન થાઉં?

આ પ્રમાણે કૌશલ્યામાતાને સમજાવીને અને બીજી માતાઓને પ્રણામ કરીને શ્રીરામ સિંહની જેમ નિઃશંકપણે વન તરફ ચાલ્યા. સીતાજીએ પોતાના પતિની પાછળ જવા માટે દશરથરાજાને પૂછ્યું. દશરથ રાજાએ નિષેધ ન કરીને અનુજ્ઞા આપી. પછી સીતાજીએ સાસુને પૂછ્યું. સાસુએ સીતાજીને ખોળામાં બેસાડીને આંખમાંથી આંસુ પાડતાં ગદ્ગદ વાણીથી કહ્યું: હે પુત્રી! બધું સહન કરનાર તારા પતિને શું દુષ્કર છે? પણ હે બાળા!

---

૧ અહીં **નવા** પદનો અર્થ આ પ્રમાણે છે:– **નવા** એટલે નવા પ્રકારની. નવા પ્રકારની કાયરતા એટલે સત્ત્વવંત રાણીઓએ ન કરી હોય તેવી કાયરતા.

ચમેલીના પુષ્પોની માળાની જેમ તું શ્વાસથી પણ કરમાઈ જાય છે. આથી તું અતિશય કષ્ટવાળા વનવાસને કેવી રીતે સહન કરીશ ? પતિવ્રતા સ્ત્રીઓ સંકટમાં પણ પતિની પાછળ જાય છે. આથી પતિની સાથે જવા માટે કે ન જવા માટે હું આગ્રહ કરવા સમર્થ નથી. સીતાજી બોલ્યાઃ હે માતાજી ! જ્યાં હું આપના પુત્રની સેવા વિરામ પામ્યા વિના (=સતત) મેળવી શકું ત્યાં જ બધું મારા માટે કલ્યાણકારી છે. આ પ્રમાણે સર્વ સાસુઓને નમીને અતિશય પ્રીતિવાળા સીતાજી જેમ સમુદ્રની ભરતી ચંદ્રને અનુસરે તેમ જલદી પતિની પાછળ ગયા. રામ વનમાં જઇ રહ્યા છે એમ લક્ષ્મણજીએ સાંભળ્યું. આથી લક્ષ્મણજીએ આશ્ચર્યપૂર્વક અર્ણાવાવર્ત ધનુષ્ય ઉપર દૃષ્ટિ નાખીને મનમાં જલદી વિચાર્યું કે, અહો ! [1]કાલરાત્રિની જેમ તે આ કૈકેયી ભયંકર છે, કે જેણે આ સમયે ઉત્પાતજનક આ વરદાન માગ્યું. ભરતને રાજ્ય આપીને પિતાજી ઋણરહિત બની ગયા છે. હવે હું એની પાસેથી રાજ્ય છિનવીને શ્રીરામને આપી દઉં અથવા સત્ત્વવંત ભરત સ્વયં રાજ્ય નહિ આપે. આથી કુલવિરોધનો ત્યાગ કરીને રામની જ પાછળ જાઉં. શ્રીલક્ષ્મણજી આ પ્રમાણે વિચાર્યા પછી પિતાને, સુમિત્રામાતાને અને કૌશલ્યાને કહીને સીતાથી યુક્ત શ્રીરામની પાછળ ગયા. જેમની આંખોમાંથી માપ ન કરી શકાય તેટલા આંસુઓ વહી રહ્યા છે તેવા નગરજનોથી જોવાતા અને પ્રફુલ્લમુખવાળા તે ત્રણે અયોધ્યાનગરીમાંથી નીકળ્યા. શ્રી લક્ષ્મણજી અને શ્રી સીતાજીની સાથે પૃથ્વી ઉપર પરિભ્રમણ કરતા શ્રીરામ દંડક નામના મહાન જંગલમાં જઈને કોઇ પર્વતની ગુફામાં રહ્યા. ત્યાં બે મહામુનિઓ બે માસખમણના અન્તે વહોરવા માટે પધાર્યા. શ્રી સીતાજીએ પ્રાસુક આહાર–પાણી વહોરાવીને પારણું કરાવ્યું. આ સમયે દેવોએ ત્યાં દુંદુભિના ધ્વનિપૂર્વક સુગંધી જળની વૃષ્ટિ કરી. તેની ગંધથી કોઇ રોગી પક્ષી ત્યાં આવીને મુનિઓને નમ્યો. સગંધ નામનો તે ઉત્તમ પક્ષી મુનિઓના ચરણસ્પર્શથી નીરોગી બની ગયો, તેના મસ્તકની જટા રત્નના અંકુરા સમાન બની ગઇ, તેની પાંખો સુવર્ણ જેવી થઈ ગઇ.

શ્રીરામે મુનિઓને વંદન કરીને પૂછયું : આપની પાસે રહેલો આ દુષ્ટ પક્ષી હમણાં જાણે શાંત હોય તેવો કેમ બની ગયો છે ? મુનિઓએ કહ્યું: પૂર્વે અહીં [2]કુંભકારકૃટ નામનું નગર હતું. તેમાં દંડકિ નામનો રાજા હતો અને પાલક નામનો મંત્રી હતો. પાલકમંત્રીએ દંભથી સ્કંદકસૂરિને (ઘાણીમાં) પીલ્યા. તે સૂરિ નિયાણાસહિત મરીને વહ્નિકુમાર દેવોમાં દેવ થયા. તેણે દેશ અને રાજા સહિત આ નગરને બાળી નાખ્યું. તેથી આ જંગલ તે રાજાના નામથી 'દંડકારણ્ય' એવા નામથી પ્રસિદ્ધ બન્યું. તે દંડકિ રાજા સંસારમાં ભમીને કોઢ રોગવાળો આ પક્ષી થયો છે. અમને જોઈને તેને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. આથી તે જલદી અમારી પાસે આવ્યો. (અમને પ્રાપ્ત થયેલી સ્પર્શો-

૧. કાલરાત્રિ એટલે પ્રલયકાળ કે પ્રલયરાત્રિ.

૨. અન્યગ્રંથોમાં નગરનું નામ કુંભકારકટક અને રાજાનું નામ દંડક જોવામાં આવે છે.

ષધિ લબ્ધિના પ્રભાવથી) તે નિરોગી થઈ ગયો છે. કરુણાથી શ્રેષ્ઠ તે જિનધર્મમાં પરાયણ બન્યો છે. આથી આ જટાયુ પક્ષી તમારો સાધર્મિક છે. તે પક્ષીને બંધુ માનતા શ્રીરામ અને લક્ષ્મણ શ્રી સીતાજીની સાથે પંચવટીમાં આવ્યા અને ત્યાં લતાગૃહોમાં સ્થિરતા કરી.

હવે ક્રૌંચરવાનદીના કિનારે ક્રીડામાં તત્પર શ્રીલક્ષ્મણજીએ વાંસની ઝાડીમાં એક ખડ્ગ જોયું. કૌતુકથી શ્રીલક્ષ્મણજીએ તે ખડ્ગ હાથમાં લીધું. પછી હાથ વડે વેગથી ખડ્ગને ચલાવતા તેમણે વાંસની ઝાડીને કોમળ કમળદંડની જેમ રમતથી કાપી નાખી. ત્યાં પૃથ્વી ઉપર ધૂમાડાવાળું કુંડ, મસ્તક અને લોહી નીકળતા ધડને જોઈને શ્રીલક્ષ્મણજીએ પોતાના ચિત્તમાં વિચાર્યું: હહા ! શસ્ત્ર વિનાના આ કોઈ પુરુષને મેં મારી નાખ્યો. લાંબા વખત સુધી પોતે શોક કરીને તે પ્રસંગ શ્રીરામને કહ્યો. શ્રીરામ બોલ્યા: આ સૂર્યહાસ નામનું ખડ્ગ છે. એના સાધકને તેં મારી નાખ્યો છે. વળી તેનું રક્ષણ કરનાર પણ કોઈ અહીં હોવો જોઈએ. આ તરફ પાતાલલંકાના અધિપતિ ખરરાક્ષસની પત્ની અને રાવણની બહેન ચંદ્રણખા પુત્રને જોવા માટે આવી. વાંસની અંદર પુત્રના લોહીથી લાલ ધડને જોઈને તે રડવા લાગી. રડતાં રડતાં તે બોલી: હે પુત્ર ! કયા અભાગિયાથી તું આ પ્રમાણે હણાયો ? પછી તે ત્યાં શ્રીલક્ષ્મણજીના પગલાની નિશાનીવાળા રસ્તે ગઈ. શ્રીરામ અને લક્ષ્મણજીને જોઈને તેણે પુત્રશોકને મૂકી દીધો. જેની ઈંદ્રિયો કામને આધીન છે એવી તે શ્રીરામને જોઈને કામાસક્ત બની. આથી પોતાનું કન્યા જેવું રૂપ કરીને શ્રીરામની પાસે પોતાને પરણવાની માગણી કરી. શ્રીરામ બોલ્યા: હે ભદ્રા ! મારી આ પત્ની મારી પાસે જ છે. તેથી મારા નાના બંધુ લક્ષ્મણનો સ્વીકાર કર. શ્રી રામે આમ કહ્યું: એટલે તે શ્રી લક્ષ્મણજી પાસે ગઈ. શ્રીલક્ષ્મણજીએ પણ કહ્યું: તું (પ્રથમ) મારા વડિલબંધુ પાસે ગઈ એથી મારી ભાભી થઈ. શ્રીલક્ષ્મણજીએ આ પ્રમાણે તેને હાંકી કાઢી એટલે કામથી પીડાયેલી તે ફરી રામ પાસે ગઈ. શ્રી સીતાજી તેના ઉપર હસ્યા. પછી ક્રોધથી વિકૃત સ્વરૂપ ધારણ કરીને પાતાળલંકામાં જઈને ખરને જલદી શંબૂકના વધનો પ્રસંગ કહ્યો. ખર અતિશય ગુસ્સે થઈને ચૌદહજાર સુભટોને લઈને શ્રીરામ અને લક્ષ્મણજીની સાથે યુદ્ધ કરવા માટે ચાલ્યો. શ્રી લક્ષ્મણે કૌતુકથી ખરના સુભટોને હણવા માટે હું એકલો તેમની સાથે યુદ્ધ કરવા જાઉં છું એમ શ્રીરામને વિનંતિ કરી. શ્રીરામે કહ્યું: જો તું સંકટમાં આવી પડે તો સિંહનાદથી મને જણાવવું. શ્રીરામની આ શિક્ષાને સ્વીકારીને, જેમ ગરુડ સર્પોને હણવા માટે જાય તેમ, શ્રી લક્ષ્મણ રાક્ષસોને હણવા માટે રાક્ષસો તરફ એકલા ચાલ્યા. પતિને સહાય કરવાની ઇચ્છાથી જલદી ત્રિકૂટ પર્વત ઉપર જઈને ચંદ્રણખાએ રાવણને આ પ્રમાણે કહ્યું: દશરથના પુત્રો રામ અને લક્ષ્મણ એ બે વીરપુરુષો દંડકારણ્યમાં રહેલા છે. તેમણે યમને તારા ભાણેજનું બલિદાન આપ્યું છે. આથી તારા બનેવી ગુસ્સે થઈને તેમની સાથે યુદ્ધ કરવા ગયા છે. એકલો લક્ષ્મણ સુભટોની સાથે નિર્ભયપણે યુદ્ધ કરી રહ્યો છે. લક્ષ્મણના

પરાક્રમથી અને પોતાના બળથી ગર્વિષ્ઠ બનેલો રામ તો હાથીની જેમ પત્ની સીતાની સાથે પોતાની મરજી પ્રમાણે ક્રીડા કરી રહ્યો છે. સીતા જેવું સ્ત્રી રત્ન તારી પાસે નથી અને ગર્વિષ્ઠ તે બેને તેં જિત્યા નથી. તેથી હે બંધુ! તારી ભુજાઓ ટીટોડા પક્ષીના (પગ) જેવી છે એમ હું માનું છું.

તત્કાલ અતિશય કામને વશ બનેલો રાવણ પુષ્પક વિમાનમાં બેસીને સીતાની પાસે ગયો. સીતાજીને શ્રીરામની પાસે બેઠેલા જોઇને રાવણ સીતાજીનું અપહરણ કરવા સમર્થ ન થયો. તેથી જેમ સાપ નાગદમની ઔષધિથી દૂર રહે તેમ રાવણ દૂર ઊભો રહ્યો. પછી રાવણે અવલોકિની વિદ્યાનું સ્મરણ કરીને તે વિદ્યાને કહ્યું : સીતાને મારી પાસે લઇ આવ. તે વિદ્યાએ કહ્યું : તમારી આજ્ઞાથી મને કંઇ પણ દુઃશકય નથી. આમ છતાં સીતાને લેવાનો એક ઉપાય છે. તે આ પ્રમાણે :–રામ અને લક્ષ્મણ વચ્ચે સંકેત થયો છે કે જો સંકટ પડે તો સિંહનાદ કરવો. આથી જો સિંહનાદ થાય તો રામ લક્ષ્મણની પાસે જાય. રાવણે સિંહનાદ કરવાની અનુમતિ આપી એટલે વિદ્યાએ સિંહ-નાદ કર્યો. શ્રીરામ સિંહનાદ સાંભળીને આશંકાવાળા બનીને બોલ્યા : આહ! આ શું થયું? આ પ્રમાણે બોલતા શ્રીરામને સીતાજીએ કહ્યું : હે સ્વામી! હજી પણ કેમ વિલંબ કરો છો? જલદી જાઓ અને આ સંકટમાંથી લક્ષ્મણનું રક્ષણ કરો. આ પ્રમાણે બળાત્કારે સીતાજીએ જવાનો આગ્રહ કર્યો એટલે શ્રીરામ ધનુષમાં દોરી ચઢાવીને લક્ષ્મણ પાસે ગયા. હવે રાવણે વિમાનમાંથી ઉતરીને લક્ષ્મણની ચિંતાથી વ્યગ્ર બનેલા સીતાજીને વિમાનમાં બેસાડવા માટે જલદી પ્રારંભ કર્યો. સીતાજીનું રુદન સાંભળીને જટાયુ ત્યાં આવ્યો અને તેણે સીતાજીને કહ્યું : હે વત્સે! ભય ન પામ. સીતાજીને આમ કહીને તેણે કઠોર નખના આઘાતોથી રાવણને ઉપદ્રવ કર્યો. ગુસ્સે થયેલા રાવણે તલવારથી પાંખો છેદીને તેને પૃથ્વી ઉપર પાડયો. વિમાનમાં બેસાડીને લઈ જવાતા સીતાજીએ વિલાપ કર્યો. હે ભામંડલભાઈ! મારું રક્ષણ કર. હે લક્ષ્મણથી યુક્ત શ્રીરામ! મારું રક્ષણ કરો. તે વખતે ભામંડલનો એક ખેચર સુભટ સીતાજીની ભૂમ સાંભળીને યુદ્ધ કરવા આવ્યો. રાવણે (પોતાની વિદ્યાથી તેની બધી વિદ્યાઓ હરીને) તેને ભૂમિ પર પાડી દીધો.

હવે રાવણે સીતાજીને કહ્યું : હે સીતા! ત્રણ લોકને કંટક સમાન હું તારો આજ્ઞાકારી પતિ છું. તેથી તું આક્રંદન શા માટે કરે છે? અહીં લંકાના મહાન ઉદ્યાનમાં સુવર્ણ–રત્નની શિલા ઉપર લજ્જાનો ત્યાગ કરીને દેવીઓને પણ દુર્લભ એવી ક્રીડા કર. ભીલ એવા રામથી શું? યૌવનથી બલવાન એવા મારો આશ્રય લે. હે રંભોરૂ! નંદનવન હોય તો ભ્રમરી શું મરુભૂમિને યાદ કરે? આ પ્રમાણે બોલતો રાવણ શ્રીસીતાજીને સમુદ્રના માર્ગે લઇ ગયો. સીતાજીએ પણ મુખથી શ્રીરામ શ્રીરામ એવા શબ્દોનું રટણ ચાલુ રાખ્યું. આ પ્રમાણે ખુશામત કરતો રાવણ સીતાજીના ચરણકમલમાં નમ્યો. સીતાજીએ પરપુરુષના સ્પર્શની શંકાથી પોતાના પગોને ખસેડી લીધા. મને

સુખપૂર્વક જોતી આ સ્વયં પ્રસન્ન બનશે એવી આશાથી હર્ષ પામેલો રાવણ પોતાની નગરીમાં ગયો. વણિક, વેશ્યા, ચોર, જુગારી અને પરસ્ત્રીગામી પુરુષો બીજાના અંતરને ન જાણવા છતાં પવનને ગાંઠમાં બાંધે છે, અર્થાત્ અશક્ય કાર્ય કરવાનો પ્રયત્ન કરે છે. સીતાજીએ તે વખતે "જ્યાં સુધી શ્રીરામ અને શ્રીલક્ષ્મણજીના કુશળ સમાચાર ન મેળવું ત્યાં સુધી હું ભોજન નહિ કરું" એ પ્રમાણે અભિગ્રહ લીધો. રાવણે સીતાજીને દેવરમણ ઉદ્યાનમાં અશોકવૃક્ષની નીચે રાખ્યા. ત્રિજટા રાક્ષસી અને પહેરીગરો તેમનું રક્ષણ કરવા લાગ્યા.

શ્રીરામને આવતા જોઈને સંભ્રમ પામેલા શ્રીલક્ષ્મણે કહ્યું : આર્યાને (=સીતાજીને) એકલી મૂકીને આપ પણ અહીં કેમ આવ્યા ? શ્રીરામ બોલ્યા : તારા સિંહનાદને સાંભળીને હું અહીં આવ્યો છું. શ્રીલક્ષ્મણે કહ્યું : હે બંધુ ! મેં સિંહનાદ કર્યો નથી. આપ કોઈનાથી છેતરાયા છો. માટે જલદી પાછા જાઓ. શત્રુસમૂહનો નાશ કરીને આપની પાછળ જ હું આવ્યો એમ સમજો. પાછા ફરેલા શ્રીરામ પોતાના આશ્રમમાં ગયા. ત્યાં સીતાજીને ન જોયા. આથી ચિત્તના સંતાપથી ત્યાં મૂર્છિત બનીને કપાયેલા વૃક્ષની જેમ ભૂમિ ઉપર પડ્યા. જંગલના પવનથી તેમને ચેતના આવી. આમ-તેમ ભમતા તેમણે જટાયુને હણાયેલો જોયો. આથી સીતાજીનું અપહરણ થયું છે એમ જાણ્યું. તેમણે જટાયુને પંચ નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. પરમ શ્રાવક તે જટાયુ મરીને માહેંદ્ર (=ચોથા) દેવલોકમાં ઉત્તમ દેવ થયો. શ્રીરામ જંગલમાં વૃક્ષો, લત્તા-મંડપો અને ગુફાઓને જોઈ જોઈને સીતાજીને ન જોવાથી ફરી મૂર્છિત બનીને ભૂમિ ઉપર પડ્યા. વિરાધની સાથે જલદી આવેલા શ્રીલક્ષ્મણે તે વખતે શ્રીરામને એકલા મૂર્છિત બનેલા જોયા. શ્રીલક્ષ્મણે પાણી સિંચીને અને વૃક્ષનાં પાંદડાંઓ વીંઝીને શ્રીરામને સ્વસ્થ કર્યા સીતાજીના વિયોગથી ગાંડા જેવા થઈ ગયેલા શ્રીરામ બોલ્યાઃ હે વનદેવીઓ ! મેં બધે જોયું પણ સીતાજીને કયાંય જોયા નથી. તમોએ તેને ચોક્કસ જોઈ છે. તમે કેમ બોલતી નથી ? હે દેવી ! હું તમને એકલા મૂકીને લક્ષ્મણની પાસે ગયો અને તમારા માટે મેં બંધુને છોડ્યો. મારી આવી કુમતિને ધિક્કાર હો ! આ પ્રમાણે વિલાપ કરતા શ્રીરામ ફરી ફરી પૃથ્વી ઉપર પડવા લાગ્યા. પક્ષીઓ અને મૃગલાઓ પણ આશ્ચર્યપૂર્વક શ્રીરામની ચારે બાજુ ઊભા રહ્યા.

આંસુવાળા શ્રીલક્ષ્મણે પણ શ્રીરામને નમીને કહ્યું: હે આર્ય ! આપ આ શું બોલો છો ? શત્રુને જીતનાર હું આપનો બંધુ લક્ષ્મણ આપની આગળ રહેલો છું. શ્રીલક્ષ્મણની તે વાણીથી અમૃતની જેમ સિંચાયેલા શ્રીરામ હર્ષનાં આંસુવાળા બનીને શ્રીલક્ષ્મણને વારંવાર ભેટ્યા. શ્રીલક્ષ્મણ બોલ્યાઃ હમણાં શોક કરવો યોગ્ય નથી. કપટથી સીતાજીનું અપહરણ થયું છે. તેથી સીતાજીને શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ. [1]આ વિરાધ

૧. અહીં વિશેષ સ્પષ્ટતા થાય એ હેતુથી અન્ય ગ્રંથના આધારે કંઈક વિશેષ લખ્યું છે.

આપણો મિત્ર છે. રાવણના સેવકોએ તેના પિતા ચંદ્રોદરને કાઢી મૂકીને પાતાળ લંકાને કબજે કરી હતી. હું જ્યારે ખર સાથે યુદ્ધ કરતો હતો ત્યારે આ વિરાધ મારી પાસે આવ્યો અને શત્રુની સાથે યુદ્ધ કરવાની આજ્ઞા માગી. પણ મેં એકલાએ જ શત્રુનો સંહાર કર્યો. તે વખતે મેં તેને પાતાળ લંકાનું રાજ્ય આપવાનું વચન આપ્યું છે. આથી હમણાં વિરાધને તેના પિતાનું સ્થાન એવું પાતાળ લંકાનું રાજ્ય આપવું જોઇએ. શ્રીલક્ષ્મણે આમ કહ્યું તેથી શ્રીરામે જલદી પાતાળ લંકામાં જઈને વિરાધને પાતાળ લંકાના રાજ્ય ઉપર બેસાડ્યો. ખરની પત્ની ચંદ્રણખા અને તેનો પુત્ર સુંદ એ બંને (લક્ષ્મણ વગેરેથી) ભય પામીને રાવણના શરણે ગયા. પછી શ્રીરામે કિષ્કિંધાનગરીમાં યુદ્ધમાં વ્યભિચારી (=બનાવટી) સુગ્રીવને મારીને શરણે આવેલા સુગ્રીવને રાજ્ય ઉપર બેસાડ્યો. પછી પોતાની અઢાર કન્યાઓ શ્રીરામને આપવા તત્પર થયેલા સુગ્રીવને શ્રીરામે સીતાજીને શોધવા માટે પ્રાર્થના કરી. પછી હર્ષ પામેલા પરાક્રમી સુગ્રીવે સીતાજીની શોધ માટે જાણે રામના મનોરથો હોય તેવા સુભટોને દરેક દિશામાં બધા સ્થળે મોકલ્યા. સુંદર ગ્રીવાવાળો સુગ્રીવ સ્વયં કંબૂદ્વીપમાં ગયો. ત્યાં પૃથ્વી ઉપર પડેલા રત્નજટી વિદ્યાધરને શ્રીરામ પાસે લઇ ગયો. ભામંડલના સુભટ એ રત્નજટીએ "સીતાજીનું રાવણે અપહરણ કર્યું છે" વગેરે સીતાજીનો સઘળો વૃત્તાંત શ્રીરામને જણાવ્યો.

રાવણે સીતાનું અપહરણ કર્યું છે એ જાણીને હર્ષ પામેલા શ્રીરામે તે લંકા કેટલી દૂર છે ? એમ વારંવાર પૂછ્યું. સુગ્રીવ આદિએ કહ્યું : લંકા દૂર છે કે નજીક છે ? એવી ચિંતાથી શું વળવાનું છે ? પણ ત્રણલોકમાં વીર અને પાપી એવા રાવણને જિતવો એ દુષ્કર છે. રામ બોલ્યા: જય-અજયની ચિંતાથી સર્યું. પણ તમે રાવણને લક્ષ્મણ બતાવો. પછી રાવણનું બળ જણાશે. લક્ષ્મણે પણ તિરસ્કારપૂર્વક શ્રીરામને કહ્યું: જેમ કાગડો પૂરી લઇને નાસી જાય તેમ સીતાજીને લઈને નાસી જનાર તેનું બળ શું છે ? જાંબવાન મંત્રીશ્વરે શ્રીલક્ષ્મણને કહ્યું: જે કોટિશિલાને ઉપાડે તે રાવણને મારી નાખશે. પછી બધા ભેગા થઇને શ્રી લક્ષ્મણને સિંધ દેશમાં લઈ ગયા. શ્રીલક્ષ્મણે શિલા ઉપાડી એટલે દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. કોટિશિલાને નમસ્કાર કર્યા પછી બધાય વિમાનમાં બેસીને સમ્મેતશિખરમાં જિનેશ્વરોને વંદન કરીને ફરી કિષ્કિંધાનગરીમાં આવ્યા. હવે વૃદ્ધ (=અનુભવી) વાનરોએ કહ્યું: તમારાથી રાવણનો નાશ થશે. પણ નીતિને માનનારાઓએ હમણાં રાવણ પાસે દૂત મોકલવો જોઇએ. (જો દૂત મોકલીને કાર્ય સિદ્ધ થઈ જતું હોય તો યુદ્ધ કરવાની જરૂર ન રહે. જો દૂત દ્વારા કાર્ય સિદ્ધ ન થાય તો જ

---

૧. ગ્રીવા એટલે ડોક.

યુદ્ધ કરવું એવી નીતિ છે.) શ્રીરામે "તે પ્રમાણે હો" એમ કહ્યું એટલે સુગ્રીવે સૂર્યપુરથી સર્વ કાર્યોમાં સમર્થ હનુમાનને બોલાવ્યા. સુગ્રીવે હનુમાનને શ્રીરામની આગળ કરીને શ્રીરામને કહ્યું: હે દેવ! આ પરાક્રમી હનુમાન મારા રાજ્યનાં પ્રાણ-સ્વરૂપ છે. તેથી સીતાદેવીના સમાચાર માટે આને સ્વેચ્છાથી મોકલો. શ્રીરામે હનુમાનને (પોતાની) વીંટી આપીને સીતાજીને સંદેશો કહ્યો. તે આ પ્રમાણે :- હે હનુમાન! લંકામાં જઈને સીતાજીને આ વીંટી સંકેત માટે આપજે અને કહેજે કે તમારા વિના રામ જગતને સીતામય જુએ છે. મારા વિરહમાં તમે નિરર્થક જ પ્રાણોનો ત્યાગ કરશો નહિ. કારણ કે જો હું સાચો રામ હોઈશ તો તમને જલદી પાછા લાવીશ. હનુમાને 'હા' એમ કહ્યું.

પછી હનુમાન શ્રીરામને નમીને આકાશમાર્ગથી જલદી લંકાનગરીમાં ગયા. ત્યાં હનુમાને બિભીષણને આ પ્રમાણે કહ્યું:- હે કુલીન! હું તમારી જ પાસે ન્યાય અન્યાય કહું છું. તેથી જો તમે બંધુના કલ્યાણને ઇચ્છતા હો તો સીતાજીને મુક્ત કરાવો. બલવાન પણ તમારા બંધુ જેના કારાગૃહમાં રહ્યા હતા તેનો પણ શ્રી રામે નાશ કર્યો છે એમ જાણીને સીતાજી જલદી પાછા આપો. બિભીષણ પણ બોલ્યો : અમોએ ભાઇને પહેલાં જ આ વાત કરી છે અને ફરી પણ કરીશું. કારણ કે કલ્યાણ કોને પ્રિય ન હોય? આ સાંભળીને હનુમાન જલદી દેવરમણ ઉદ્યાનમાં ગયા. ત્યાં અશોક વૃક્ષની નીચે સીતાજીને જોયા. આ વખતે સીતાજી લાંબા નિસાસા નાખી રહ્યા હતા. તેમનાં અંગો કૃશ થઈ ગયા હતા અને વસ્ત્રો મલીન થઇ ગયા હતા. યોગિનીની જેમ સતત રામ રામ એ પ્રમાણે ધ્યાન ધરી રહ્યા હતા અને રડી રહ્યા હતા. સીતાજી બહુ ઉત્તમ સતી છે એમ વિચારી વિચારીને વિદ્યાથી અદશ્ય શરીરવાળા હનુમાને સીતાજીના ખોળામાં વીંટી નાખી. સીતાજીએ વીંટીને હર્ષના આંસુઓથી નવડાવીને પૂછ્યું: હે [1]મુદ્રિકા! લક્ષ્મણ સહિત રામ કુશળ છે ને? હવે હનુમાન બોલ્યા: તમારી શોધ માટે સ્વામીએ મને મોકલ્યો છે. હું ત્યાં જઇશ એટલે શ્રીરામ શત્રુના નાશ માટે આવશે સીતાજીએ પૂછ્યું: હે વત્સ! તું સમુદ્રને કેવી રીતે ઓળંગી શકયો? હનુમાને કહ્યું: આકાશ-ગામિની વિદ્યાથી મેં સમુદ્રને ઓળંગ્યો છે. સીતાજીએ શ્રીરામની વિગત પૂછી એટલે હનુમાને શ્રીરામે કહેલી સઘળી વિગત કહી. શ્રીરામને વિશ્વાસ પમાડવા માટે હનુમાને શ્રી સીતાજીના ચૂડામણિની માગણી કરી. ચૂડામણિ આપીને સીતાજી બોલ્યા: હે વત્સ! અહીં નિર્દય રાક્ષસના સ્થાનમાં તને અનર્થ ન થાય એ માટે જલદી અહીંથી જતો રહે. હનુમાને કહ્યું: વાત્સલ્યથી યુક્ત મનવાળા હે માતાજી! તમે શંકા ન કરો. હું પૂજ્ય શ્રીરામનો સુભટ છું (જેનો તેનો સુભટ નથી) એ બતાવીને જ જઈશ પછી હનુમાન સીતાજીને નમીને, અશોકવનને ભાંગીને, અક્ષકુમાર વગેરે રાક્ષસોને મારીને,

---

૧. મુદ્રિકા એટલે વીંટી.

લંકાનગરીનાં ઘરોને પાડીને, પોતાનાં [૧]બંધનોને તોડીને અને રાવણના મુગુટનો જલદી ચૂરો કરીને શ્રીરામ પાસે ગયા.

શ્રીરામને નમસ્કાર કરીને સીતાજીનો ચૂડામણિ આપ્યો. શ્રીરામે હનુમાનને ભેટીને સીતાજીના સમાચાર પૂછ્યા. હનુમાને લંકાનાં ઘરો પાડી નાખ્યા વગેરે સઘળા સમાચાર કહ્યા. વિરાધ, જાંબવાન, નીલ, ભામંડલ, નલ અને અંગદથી યુક્ત શ્રીરામ આકાશ માર્ગથી લંકા તરફ ચાલ્યા. સુગ્રીવ વગેરે આગેવાનોની સાથે શ્રીરામ અને શ્રીલક્ષ્મણનું સૈન્ય માર્ગમાં ઉવદ્રવ વિના સમુદ્રની ઉપર ચાલવા લાગ્યું. સમુદ્ર ઉપર ચાલતા તે સર્વે વેલંધર પર્વત પર રહેલા વેલંધરનગર પાસે આવ્યા. તે નગરમાં સમુદ્ર અને સેતુ નામના બે દ્વીપનાયકો (=દ્વીપના રાજાઓ) હતા, તેઓ ઉદ્ધત થઈને રામના સૈન્યની સાથે યુદ્ધ કરવા લાગ્યા, તેમાં નલે સમુદ્રરાજાને અને નીલે સેતુરાજાને બાંધી લીધા અને શ્રી રામને સોંપ્યા. શ્રી રામની સેવામાં તત્પર બનેલા તે બેને શ્રી રામે ફરી તેમના રાજ્ય ઉપર બેસાડ્યા. પછી સુવેલ પર્વત ઉપર રહેલા વેલ નામના રાજાને શ્રી રામે જીત્યો. પછી લંકાની પાસે આવેલા હંસદ્વીપમાં રહેલા હંસરથ રાજાને જીતીને શ્રી રામ ત્યાં આવાસો (=રહેવાનાં સ્થાનો) બનાવીને રહ્યા. શ્રી રામને આવતા સાંભળીને યુદ્ધમાં શૂર રાવણે પણ જેમ મિથ્યાદૃષ્ટિ જીવ દુર્ગતિને તૈયાર કરે (=દુર્ગતિમાં જાય તેવું કર્મ કરે) તેમ સૈન્ય તૈયાર કર્યું. હવે બિભીષણે રાવણને નમસ્કાર કરીને કહ્યું: હે દેવ! પ્રસન્ન થાઓ અને પોતાના પણ ભવિષ્યના શુભ પરિણામનો વિચાર કરો, પહેલાં તમોએ કરેલા પરસ્ત્રીના અપહરણથી કુલ લજ્જા પામેલું છે, પણ હમણાં સર્વ વિનાશ ન કરો, સીતાજીને પાછા સોંપી દો. ઇત્યાદિ બિભીષણના વચનથી ક્રોધ પામેલા રાવણે બિભીષણને તે પ્રમાણે તિરસ્કાર્યો કે જેથી પરિવાર સહિત તેણે શ્રીરામચંદ્રનું શરણ સ્વીકાર્યું. સમયને જાણનારા શ્રીરામે પણ બિભીષણનો સત્કાર કરીને તેને પોતાની પાસે રાખ્યો અને પવિત્ર એવા તેને લંકાનું રાજ્ય આપવાનું સ્વીકાર્યું.

જેમ પહેલા ગુણસ્થાને રહેલા જીવને કર્મ પ્રકૃતિઓ ઘેરી લે તેમ, હવે શ્રીરામની આજ્ઞાથી વાનરોએ ક્ષણવારમાં લંકાનગરીને ઘેરી લીધી. રાવણના હસ્ત, પ્રહસ્ત, મારીચ, શુક અને સારણ નામના સેનાપતિઓ યુદ્ધ કરવા માટે લંકાનગરીના કિલ્લામાંથી બહાર નીકળ્યા. જેમ પવન ધાન્યના ફોતરાના ઢગલાને ક્ષોભ પમાડે (=ઉડાડી દે) તેમ યુદ્ધ કરતા મહાબળવાન વાનરોએ રાક્ષસોના સઘળા સૈન્યને ક્ષોભ પમાડ્યો. પછી બંધુ સહિત

---

૧. રાવણના પુત્ર ઇન્દ્રજિતે હનુમાન ઉપર નાગપાશ શસ્ત્ર છોડ્યું હતું. આથી તે પગથી મસ્તક સુધી બંધાઈ ગયા હતા. નાગપાશના બંધન સહિત હનુમાનને રાવણની પાસે લઈ ગયો હતો. ત્યાં હનુમાને નાગપાશ તોડી નાખ્યો હતો અને રાવણના મુગુટને પગની પાટુથી ચૂરી નાંખ્યો હતો.

રાવણ યુદ્ધ કરવા માટે આવ્યો. રામ અને ભામંડલ વગેરે તેમની સામે થયા. મહાવાજિંત્રો વાગ્યા એટલે બન્ને પક્ષના વીરો તલવારો અને બાણોથી લડવા લાગ્યા, આકાશમાં રહેલા જોવાતા તે વીરો લાંબા કાળ સુધી લડ્યા. ક્રોધથી બળેલા રાવણે બિભીષણ ઉપર ત્રિશૂલ ફેંક્યું. જેમ શુભધ્યાનવાળો જીવ કર્મોનો ચૂરો કરી નાખે તેમ શ્રીલક્ષ્મણે એ ત્રિશૂલનો કણ કણ ચૂરો કરી નાખ્યો.

તેથી અતિશય ક્રોધ પામેલા રાવણે શ્રી લક્ષ્મણને છાતીમાં તીક્ષ્ણ [1]શક્તિ મારી. આથી શ્રીલક્ષ્મણ મૂર્છિત થઇને ભૂમિ ઉપર પડ્યા. આથી શોકથી દુઃખી બનેલું શ્રીરામનું સૈન્ય છાવણી તરફ પાછું વળ્યું. વિજયી રાવણે પણ યુદ્ધમેદાનમાંથી નીકળીને લંકામાં પ્રવેશ કર્યો. તે સાંભળીને મૂર્છાથી ભાંગી પડેલા સીતાજી પૃથ્વી ઉપર પડ્યા. વિદ્યાધરીઓએ જલથી સિંચન કર્યું એટલે સીતાજી ચૈતન્યને પામ્યા. જેના માટે પતિ અને દિયરને આ પ્રમાણે કષ્ટ આવ્યું, તે ભાગ્યહીન અને દુષ્ટાત્મા હું બાલ્યાવસ્થામાં જ કેમ મરી ન ગઈ? ઇત્યાદિ વિલાપ કરતા સીતાજીને કોઈ વિદ્યાધરીએ કહ્યું : હે દેવી ! શોક ન કરો. તમારા દિયર સવારે શલ્યરહિત બની જશે. તે વખતે સૂર્યોદયનું ધ્યાન ધરતા સીતાજી સ્વસ્થ થયા શ્રીલક્ષ્મણને ભૂમિ ઉપર પડેલા જોઇને શ્રીરામ પણ મૂર્છા પામીને ભૂમિ ઉપર પડ્યા. મૂર્છા દૂર થતાં શ્રીરામ બોલ્યા : હે વત્સ ! અકાળે મૂંગો કેમ રહે છે? પોતાના આ સેવકોનો વાણીથી કે દૃષ્ટિથી પણ સત્કાર કર. હે વત્સ ! તે વખતે બિભીષણને લંકાનું રાજ્ય આપવાનું સ્વીકારીને હવે જેમ કૃષ્ણ શેષનાગની પીઠ ઉપર નિશ્ચિતપણે સૂએ છે તેમ તું નિશ્ચિતની જેમ કેમ સૂતો છે? હા વત્સ ! તું અહીં રહે. હું રાવણને મારીને તેનું સ્થાન (=રાજ્ય) બિભીષણને આપું છું એમ કહીને શ્રીરામ ધનુષ્યનું આસ્ફાલન કરીને જેટલામાં ચાલ્યા તેટલામાં બિભીષણે તેમને હાથમાં લઇને આ પ્રમાણે કહ્યું : હે સ્વામી ! મોહનો ત્યાગ કરીને ધીરજ રાખો. શક્તિથી હણાયેલ પુરુષ સૂર્યોદય સુધી જીવે પણ છે. તેથી મંત્ર-તંત્ર વગેરેથી પ્રતિકાર માટે પ્રયત્ન કરો. શ્રીરામે 'હા' એમ કહ્યું એટલે ચારે દિશામાં સૈન્યથી યુક્ત સુગ્રીવ વગેરે વીરો શ્રીલક્ષ્મણની ચારે બાજુ શસ્ત્રો ઉગામીને ઊભા રહ્યા. આ તરફ પ્રતિચંદ્ર નામના વિદ્યાધરે આવીને શ્રીરામને કહ્યું : શક્તિને કાઢવાનો જે ઉપાય મેં અનુભવ્યો છે તેને તમે સાંભળો. ભરતના મામા દ્રોણમેઘ રાજાની વિશલ્યા નામની કન્યા છે. તેના સ્નાન-જળથી સિંચન કરવાથી શક્તિ નીકળી જશે. પ્રતિચંદ્રે આમ કહ્યું એટલે શ્રીરામની આજ્ઞાથી ભામંડલ વગેરે જઇને વિશલ્યાને ત્યાં લઈ આવ્યા. તેના સ્નાનજળથી લક્ષ્મણને સિંચન કર્યું. પ્રકાશ કરતી શક્તિ બહાર નીકળી ગઈ. પછી સૂર્યનો ઉદય થયો. શ્રીરામના સૈન્યમાં પ્રાતઃકાળે શુભસૂચક દુંદુભિઓ વાગી.

---

૧. શક્તિ દેવીસ્વરૂપ છે અને પ્રજ્ઞપ્તિ વિદ્યાની બહેન છે, (જુઓ ત્રિ. શ. પુ. ચ. પર્વ સાતમું)

અપશુકનોએ વારવા છતાં (યુદ્ધરૂપી) પ્રાતઃકાલનું ભોજન કરવામાં ઉત્સુક રાવણ પ્રાતઃકાળે સૈન્યની સાથે યુદ્ધમેદાનમાં આવ્યો. ફરી શ્રીરામ અને રાવણનો યુદ્ધરૂપી ઉત્સવ શરૂ થયો. તેમાં વાનરો રાક્ષસોના મસ્તકોને લઈને ગોળાની જેમ ફેંકવા લાગ્યા. વેગથી ઊભા થતા શ્રીરામને પ્રણામ કરીને અને શક્તિની વેદનાની ઉપેક્ષા કરીને શ્રીલક્ષ્મણ યુદ્ધની ઈચ્છાથી ઊભા થયા. વધતા પરાક્રમવાળા શ્રીલક્ષ્મણને જોઈને રાવણે તેને જિતવાની ઈચ્છાથી બહુરૂપી વિદ્યાનું સ્મરણ કર્યું. સ્મરણ માત્રથી બહુરૂપી વિદ્યા હાજર થઈ. આથી રાવણે પોતાનાં શસ્ત્ર સહિત અનેક રૂપો કર્યાં. શ્રીલક્ષ્મણે આગળ, બે પડખાઓમાં, પાછળ, પૃથ્વી ઉપર અને આકાશમાં એમ ચારે બાજુ શસ્ત્રોને વર્ષાવનારા રાવણોને જ જોયા. રથ ઉપર આરૂઢ થયેલા અને બલવાન શ્રીલક્ષ્મણ એક હોવા છતાં જાણે અનેક હોય તેમ ચારે બાજુ તીક્ષ્ણ બાણોથી રાવણોને પૃથ્વી ઉપર પાડવા લાગ્યા. હવે પ્રતિવાસુદેવ રાવણે ચક્રને યાદ કરીને હાથમાં લીધું, પછી મસ્તક પાસે ભમાડીને લક્ષ્મણ ઉપર છોડ્યું. તે ચક્ર શ્રીલક્ષ્મણને પ્રદક્ષિણા આપીને શ્રીલક્ષ્મણના જ હાથમાં આવ્યું. તે વખતે શ્રીલક્ષ્મણ આઠમા વાસુદેવ છે એ પ્રમાણે દેવોએ આકાશમાં ઘોષણા કરી. શ્રીલક્ષ્મણે તે જ ચક્રથી ક્ષણવારમાં રાવણનું મસ્તક કાપી નાખ્યું. આકાશના ચોગાનમાંથી દેવોએ કરેલી પુષ્પવૃષ્ટિ થઈ. શ્રીરામ અને શ્રીલક્ષ્મણે લંકાના રાજ્ય ઉપર બિભીષણને બેસાડ્યો. તે પછી પરિવાર સહિત તે બંને સીતાજીને લેવા માટે ઉદ્યાનમાં ગયા. શ્રીરામ અને શ્રીલક્ષ્મણને દૂરથી આવતા જોઈને હર્ષથી પ્રફુલ્લિત બનેલા સીતાજી નવા મેઘના પાણીથી સીંચાયેલી વનરાજીની જેમ શોભા પામ્યા. આકાશમાં દેવો "મહાસતી સીતાજી ધન્ય છે" એ પ્રમાણે બોલ્યા. શ્રીલક્ષ્મણ વગેરેએ શ્રીસીતાજીને પ્રણામ કર્યા. સીતાજીએ તેમને આશીર્વાદથી આનંદ પમાડ્યો. જેમ રોહિણીથી ચંદ્ર શોભે છે અને કમલિનીથી સૂર્ય શોભે છે તેમ તે વખતે [૨]શ્રીરામથી મહાસતી સીતાજી શોભ્યા. સુગ્રીવ, ભામંડલ અને બિભીષણ વગેરે અનેક વીરપુરુષો સહિત શ્રી રામ અને લક્ષ્મણ પુષ્પક વિમાનમાં બેસીને જલદી અયોધ્યાનગરીમાં ગયા. સુમિત્ર અને ભરત એ બન્નેએ શ્રીરામ અને શ્રીલક્ષ્મણ એ બંનેને પ્રણામ કર્યા. શ્રીલક્ષ્મણ પણ પ્રણામ કરતાં એ બેને હર્ષથી ભેટી પડ્યા વાજિત્રોના નાદપૂર્વક તે બંનેએ રાજમહેલમાં પ્રવેશ કર્યો. સાસુઓએ "વીર પ્રસૂતા થા" એમ કહીને સીતાજીને આનંદ પમાડ્યો. શ્રી લક્ષ્મણનો વાસુદેવ પદનો અભિષેક થઈ ગયા પછી શ્રીરામે સુગ્રીવ વગેરે સઘળા રાજાઓને પોતપોતાના દેશમાં જવાની રજા આપી.

હવે સીતાજીએ અષ્ટાપદ પ્રાણીના સ્વપ્નથી સૂચિત ગર્ભને ધારણ કર્યો. શ્રીસીતાજીને સમેતશીખર તીર્થની યાત્રા વગેરેના દોહલા ઉત્પન્ન થયા. આ દરમ્યિાન શ્રીસીતાજીનું જમણું

---

૨. અહીં સીતાજીથી શ્રીરામ શોભ્યા એમ હોત તો વધારે સારું થાત.

નેત્ર ઓચિંતું ફરકવા લાગ્યું. આશ્ચર્ય પામેલા શ્રીસીતાજીએ આ વાત શ્રીરામને કહી. શ્રીરામે કહ્યું : હે ભદ્રા ! આ અશુભ નિમિત્ત છે. તેથી પોતાના મંદિરમાં જઇને દેવોની પૂજા કરો અને સુપાત્રમાં દાન આપો. પતિની આવી શિખામણ સાંભળીને સીતાજીએ તે પ્રમાણે કર્યું. હવે સત્ય બોલનારા નગરના અધિકારીઓએ શ્રીરામને કહ્યું : હે દેવ ! સત્ય હોય કે અસત્ય હોય, ઇષ્ટ હોય કે અનિષ્ટ હોય, પણ સર્વ લોકો જે વાત કરતા હોય તે વાતની વિદ્વાનોએ શ્રદ્ધા કરવી જોઇએ. સર્વ લોકો આ પ્રમાણે કહે છે :– સ્ત્રીલુબ્ધ રાવણે એકલા સીતાજીનું અપહરણ કર્યું અને પોતાના ઘરમાં છ મહીના સુધી રાખી, સીતાજી રાવણ પ્રત્યે રક્ત હતા કે વિરક્ત હતા એ જાણી શકાતું નથી, કારણ કે રક્ત છે કે વિરક્ત છે એ સ્ત્રીઓના વિષયમાં જાણવું મુશ્કેલ છે. રાવણે સંમતિથી અથવા બળાત્કારે સીતાજીનો ઉપભોગ કર્યો કે નહિ તે જાણી શકાતું નથી, અર્થાત્ ઉપભોગ નથી કર્યો એની શી ખાતરી ? જેમ તેલનું બિંદુ પાણીમાં પ્રસરે તેમ યુક્તિયુક્ત આ પ્રવાદ લોકમાં બધા સ્થળે ફેલાઈ ગયો છે. તેથી હે શ્રીરામ ! આ પ્રવાદને આપ સહન કરો નહિ. પવન જેવા પ્રવાદથી મલિન બનેલા પોતાના આરિસા જેવા નિર્મલ કુલની ઉપેક્ષા કરો નહિ. સીતાજી ઉપર કલંક આવ્યું એવો નિર્ણય કરીને શ્રીરામ દુઃખી બન્યા અને મૌન રહ્યા. પછી ધૈર્ય ધારણ કરીને અધિપતિઓને કહ્યું : તમોએ મને જણાવ્યું એ સારું કર્યું, માત્ર સ્ત્રી ખાતર હું અપયશને સહન નહિ કરું. શ્રીરામે આ પ્રમાણે કહીને અધિકારીઓને રજા આપી.

હવે વીરપુરુષની જેમ રાત્રિમાં પરિભ્રમણ કરતા શ્રીરામ જેટલામાં ચમારના ઘરની બાજુમાં નીચે જઇને ઊભા રહ્યા તેટલામાં તેમણે નીચે પ્રમાણે સાંભળ્યું : પાડોશી પાસેથી ઘણા કાળ પછી આવેલી પોતાની પત્નીને ચમારે પગથી મારીને તિરસ્કારપૂર્વક આ પ્રમાણે કહ્યું : આટલા કાળ સુધી તું કયાં રહી હતી ? પત્ની બોલી : તમે કોઈ નવા પુરુષ છો. રાવણના ઘરેથી લાવેલા સીતા રાણીને શું રામે રાખી નથી ? શ્રીરામે પણ પોતાની સ્ત્રી છ મહિના સુધી બીજાના ઘરમાં રહી તે સહન કર્યું અને તમે તમારી સ્ત્રી એક ક્ષણ પણ બીજાના ઘરે રહે તે સહન કરવા સમર્થ નથી. ચમાર બોલ્યો : શ્રીરામ સ્ત્રીથી જિતાયેલા છે અને હું તેવો નથી, તેથી કેવી રીતે સહન કરું ? આ પ્રમાણે સાંભળીને દુઃખથી અસ્વસ્થ થયેલા શ્રીરામે વિચાર્યું : મને ધિક્કાર છે. સ્ત્રી માટે હું નીચ માણસોના ધિક્કારને સાંભળું છું. સીતાજી નિશ્ચિત પતિવ્રતા છે, રાવણ દુરાચારી છે, મારો વંશ નિષ્કલંક છે, હા ! રામ શું કરે ? આમ વિચારીને શ્રીરામે શ્રી લક્ષ્મણ સાથે એકાંતમાં વિચારણા કરી. શ્રીલક્ષ્મણે કહ્યું : લોકોના કહેવાથી મહાસતી સીતાજીનો ત્યાગ ન કરો. કારણ કે લોક સ્વભાવથી જ પરના દોષો બોલવામાં રસિક હોય છે. રાજાએ તેવા લોકને શિક્ષા કરવી જોઇએ. અથવા મહાત્માઓએ તેવા લોકની ઉપેક્ષા કરવી જોઇએ. શ્રીરામ બોલ્યા : તારું કહેવું સાચું છે. કારણ કે લોક પ્રાયઃ એવો હોય છે. પણ જે વાત સર્વલોકોથી વિરુદ્ધ હોય એનો યશસ્વી પુરુષે ત્યાગ કરવો જ જોઇએ.

આ પ્રમાણે નિશ્ચિત આજ્ઞાથી બળાત્કારે શ્રીલક્ષ્મણને નિષેધ કરીને શ્રીરામે કૃતાંતવદન નામના સેનાપતિને કહ્યું : અરે ! સીતાજીને વનમાં મૂકી આવ. વળી સીતાજીને સમ્મેત-શીખર તીર્થની યાત્રા કરવાનો દોહલો ઉત્પન્ન થયો છે. આથી તે જ બહાનાથી તેમને ગંગા નદીના સામા કિનારે લઈ જા. કૃતાંતવદને શ્રીરામને નમસ્કાર કરીને સ્વામીની આજ્ઞાથી શ્રીસીતાજીને રથમાં બેસાડ્યા. સમ્મેતશીખરની યાત્રા કરાવતા તેણે સીતાજીને ભયંકર જંગલમાં મૂકી દીધા. તેણે સીતાજીને કહ્યું : હે દેવી ! લોકાપવાદથી આપ જંગલમાં મૂકાવાયા છો. હા હા ! સ્વામી વડે આ કાર્યમાં જોડાયેલો હું ખરેખર હણાઇ ગયો છું. આ પ્રમાણે સાંભળીને મૂર્છા પામેલા સીતાજી રથ ઉપરથી પૃથ્વી ઉપર પડી ગયા. ઘણા કાળ પછી સ્વસ્થ થઈને સીતાજીએ રામને ઉદ્દેશીને કહ્યું : જો તમને અજ્ઞાન-જનોના અપવાદનો ભય હતો તો લોકોની સમક્ષ મારી પાસે દિવ્ય કેમ ન કરાવ્યું ? એકલી અને ગર્ભવતી પત્નીને વનમાં મૂકી દીધી તે નિર્દયમાં નિર્દય કાર્ય છે. આવું કાર્ય શું આપના કુલને ઉચિત છે ? તો પણ હું આ વનમાં પણ શુભ પુણ્યવંતી થઈશ. શ્રીરામ અને શ્રીલક્ષ્મણ દીર્ઘકાળ સુધી જય પામો. આ પ્રમાણે સેનાધિપતિને કહીને મહાસતીએ તેને રજા આપી. ખરતા આંસુઓમાં [1]તરતો તે સેનાધિપતિ સીતાજીને નમીને પાછો ગયો.

પૂર્વભવમાં ઉપાર્જન કરેલા પોતાના કર્મોની નિંદા કરતા અને ભય પામેલા સીતાજી યૂથથી ભ્રષ્ટ બનેલી હરણીની જેમ વનમાં ભમવા લાગ્યા. હવે ત્યાં આવેલો વજ્રજંઘ રાજા સીતાજીને બહેન માનીને પુંડરીકનગરમાં આનંદથી લઈ ગયો. આ તરફ શ્રીરામે પોતાના સેનાધિપતિ પાસેથી સીતાજીની વાત સાંભળી. સીતાના વિયોગથી થયેલા દુઃખને સહન નહિ કરી શકતા શ્રીરામ તત્કાલ તે સેનાધિપતિની જ સાથે જંગલમાં ગયા. ત્યાં જાતે સીતાજીની બધા સ્થળે શોધ કરી, પણ સીતાજીને જોયા નહિ. સીતાજી મૃત્યુ પામ્યા છે એમ માનીને ઘરે આવીને સીતાજી સંબંધી મૃતકાર્ય કર્યું. પછી શ્રીરામ "સીતા સીતા" એમ સીતાજીનું ધ્યાન ધરતા સમય પસાર કરવા લાગ્યા. પછી સીતાજીએ ત્યાં યુગલ બે પુત્રોને જન્મ આપ્યો. વજ્રજંઘ રાજાએ તેમનો જન્મોત્સવ પોતાના પુત્રની જેમ કર્યો. તેમનાં અનંગલવણ અને મદનાંકુશ નામ રાખ્યાં. પણ તે બંને લવ અને કુશ એવા હુલામણા નામથી પ્રસિદ્ધ બન્યા. કલાસમૂહથી પૂર્ણ બનેલા, યૌવનરૂપી લક્ષ્મીને પામેલા, મહાબાહુવાળા અને અતિશય મુશ્કેલીથી કાબૂમાં રાખી શકાય તેવા તે બંને ઇંદ્રના જેવા વીર બન્યા. વજ્રજંઘ રાજાએ પોતાની શશિચૂલા નામની કન્યાને અને બીજી બત્રીસ કન્યાઓને અનંગલવણની સાથે પરણાવી. અંકુશ માટે પૃથુ રાજાની કન્યા માગી. પૃથુ રાજાએ અંકુશના વંશની ખબર નથી એમ વિચારીને અંકુશને કન્યા ન આપી. આ તરફ વજ્રજંઘની સાથે પૃથુ રાજાનું મહાન યુદ્ધ થતાં ક્રોધ પામેલા લવણ

૧. અહીં કવિએ કલ્પના કરી છે કે એટલા બધા આંસુઓ ખર્યા કે જેથી તે તે આંસુઓમાં તરવા લાગ્યો.

અને અંકુશે પૃથુના સૈન્યને ભાંગી નાખ્યું. નાસી જતા પૃથુ રાજાને લવણ અને અંકુશે તિરસ્કારપૂર્વક આ પ્રમાણે કહ્યું : સુવંશમાં ઉત્પન્ન થયેલા તમે અજાણ્યા વંશમાં ઉત્પન્ન થયેલા અમારાથી કેમ નાસી જાઓ છો ? પાછા વળીને પૃથુ રાજાએ કહ્યું : શૌર્યથી તમારું કુલ જાણી લીધું. પછી વજ્રજંઘ રાજાની સાથે સંધિ થઈ ગઈ. આ તરફ છાવણીમાં સર્વ રાજાઓ બેઠા હતા ત્યારે ત્યાં નારદ આવ્યા. વજ્રજંઘ રાજાએ નારદને નમીને કહ્યું : હે મુનિ : પૃથુ રાજા અંકુશને કન્યા આપવા ઇચ્છે છે. તેથી લવણ અને અંકુશનો વંશ કહો, જેથી તે પણ સંતોષ પામે. નારદે હસીને કહ્યું : આ બેના કુળને કોણ નથી જાણતું ? રાવણનો વધ કરવામાં કુશળ શ્રીરામ અને લક્ષ્મણ તેમના અનુક્રમે પિતા અને કાકા છે. લોકાપવાદના ભયથી શ્રીરામે આ બે સીતાજીના ગર્ભમાં હોવા છતાં સીતાજીને ગીચ જંગલમાં છોડી દીધા. અંકુશ બોલ્યો : હે નારદજી ! તેમણે આ સારું નથી કર્યું. વિચાર્યા વિના માત્ર લોકોના કહેવાથી આ કરવું એ તેમના માટે યોગ્ય ન ગણાય. લવે પૂછ્યું : જ્યાં તે બે રાજાઓ છે તે નગરી અહીંથી કેટલી દૂર છે ? નારદે જવાબ આપ્યો : અહીંથી તે નગરી એક સો સાઠ યોજન દૂર છે. હવે પૃથુરાજાની કનકમાલા નામની પુત્રીને અંકુશની સાથે પરણાવીને વજ્રજંઘ રાજા પોતાની નગરીમાં ગયો.

હવે મામાને અને માતાને પૂછીને લવણ અને અંકુશ માતાનો ત્યાગ કરવાના કારણે થયેલા ક્રોધથી સેનાની સાથે અયોધ્યા તરફ ચાલ્યા. ક્રમે કરીને અયોધ્યાની પાસે જઈને તે બંને યુદ્ધ માટે તત્પર બન્યા. આ સાંભળીને શ્રીરામ અને શ્રીલક્ષ્મણ સૈન્ય સહિત યુદ્ધ કરવા માટે આવ્યા. યુદ્ધનું સંઘર્ષણ થતાં બલવાન લવણ અને અંકુશે રામના સૈન્યને લાચાર બનાવી દીધું. હવે તે બંને શ્રીરામ અને શ્રીલક્ષ્મણની સાથે લડવા લાગ્યા. ગુસ્સે થયેલા શ્રીલક્ષ્મણે કુશ ઉપર ચક્ર ફેંક્યું. ચક્ર જખમ રહિત અંકુશને વેગથી પ્રદક્ષિણા કરીને જેમ પૂર્વે કરેલાં કર્મો કર્તાને અનુસરે તેમ લક્ષ્મણની પાસે પાછું આવ્યું. ખિન્ન બનેલા શ્રીરામ–લક્ષ્મણે વિચાર્યું : શું પૃથ્વી ઉપર આ બે બલદેવ–વાસુદેવ છે ? આપણે બલદેવ–વાસુદેવ નથી ? આ દરમિયાન ભામંડલની સાથે નારદમુનિ ત્યાં આવ્યા. તેમણે ખિન્ન બનેલા રામ–લક્ષ્મણને હસીને આ પ્રમાણે કહ્યું : હે રઘુવંશના પુત્રો ! તમે હર્ષના સ્થાને શોક કેમ કરો છો ? પોતાના પુત્રથી થયેલ પરાજય કોના ચિત્તને આનંદ ન પમાડે ? સીતાજીની કુક્ષિમાં ઉત્પન્ન થયેલા આ બે તમારા જ પુત્રો છે. યુદ્ધના બહાને તમને જોવા માટે આવ્યા છે, પણ શત્રુ નથી. કુશ ઉપર ફેંકેલું ચક્ર સમર્થ ન બન્યું એ જ આનું ચિહ્ન છે. કારણ કે ચક્ર સ્વગોત્ર વિના બીજે કર્યાંય નિષ્ફલ બનતું નથી. હવે શ્રીરામ–લક્ષ્મણ જાતે પુત્રવાત્સલ્યથી હર્ષપૂર્વક લવણ–અંકુશની પાસે વેગથી ગયા. વિનીત એવા તે બે પણ જલદી રથ ઉપરથી ઉતરીને શ્રીરામ–લક્ષ્મણને નમ્યા. તેમણે આદરપૂર્વક તે બંનેના મસ્તક સુંઘ્યા. તેથી તે વખતે બંને સૈન્યો હર્ષમય બની ગયા. રામે પુષ્પક વિમાનમાં બેસીને મહાન આડંબરથી નગરમાં પ્રવેશ કર્યો.

હવે લક્ષ્મણ, સુગ્રીવ, વજ્રજંઘ અને બિભીષણથી વિનંતિ કરાયેલ શ્રીરામે સીતાજીને હર્ષથી જલદી તેડાવી. સીતાજી અયોધ્યા પાસે આવ્યા એટલે લક્ષ્મણ સામે ગયા. શ્રીલક્ષ્મણે ભાભીને નમીને કહ્યું : હે દેવી ! ઘણા કાળ પછી હવે આપ પ્રવેશ કરીને નગરીને પવિત્ર બનાવો. સીતાજી બોલ્યા : શુદ્ધિ કર્યા વિના મારો આ અપવાદ શાંત નહિ થાય. જ્યાં સુધી મારો આ અપવાદ શાંત નહીં થાય ત્યાં સુધી હું નગરીમાં અને ઘરમાં પ્રવેશ નહિ કરું. મેં પાંચ દિવ્યો સ્વીકાર્યા છે. તે આ પ્રમાણે : જ્વાળાઓથી યુક્ત અગ્નિમાં પ્રવેશ કરું, અથવા મંત્રેલા ચોખાઓનું ભક્ષણ કરું, અથવા તપાવેલા લોઢાના રસનું પાન કરું, અથવા ત્રાજવા ઉપર ચઢું, અથવા જીભથી તપાવેલા લોઢાની કોશને ચાટું. આ પાંચમાંથી તમો કહો તે દિવ્ય કરું. આ સાંભળીને શ્રીરામ પણ ત્યાં આવ્યા. સીતાજીના અતિ આગ્રહને વશ બનેલા શ્રીરામે અગ્નિદિવ્યને માન્ય કર્યું. શ્રીરામે ત્રણસો હાથ લાંબો-પહોળો અને બે પુરુષપ્રમાણ ઊંડો ખાડો ખોદાવ્યો. ચંદનના કાષ્ઠોથી એ ખાડો પૂરાવ્યો. અગ્નિ પ્રદીપ્ત બન્યો અટલે સરળ ચિત્તવાળા સીતાજીએ પંચનમસ્કાર મંત્રનું સ્મરણ કરીને આ પ્રમાણે વિનંતિ કરી : હે લોકપાલો ! સાંભળો, જો મેં શ્રીરામ વીના બીજા કોઇ પુરુષને મનમાં ધારણ કર્યો હોય તો મને અગ્નિ બાળી નાખો, અન્યથા આ અગ્નિ પણ મારા માટે અમૃતકુંડ જેવો બની જાઓ. આ પ્રમાણે કહીને અને અરિહંતનું સ્મરણ કરીને સીતાજીએ અગ્નિમાં ઝંપાપાત કર્યો. સીતાજીએ અગ્નિમાં પ્રવેશ કર્યો એટલે તુરત અગ્નિ બુઝાઇ ગયો અને ખાઇ ક્રીડા કરવાના જલથી પૂર્ણ વાવ બની ગઈ. શીલના પ્રભાવથી જલના મધ્યભાગમાં સહસ્રદલ કમલરૂપ શ્રેષ્ઠ સિંહાસન ઉપર બિરાજમાન સીતાજી જાણે મનુષ્ય દેહ ધારણ કરનારી લક્ષ્મીદેવી હોય તેમ શોભા પામ્યા. દેવોએ સીતાજીના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ કરી. મનુષ્યોએ અહો શીલ ! અહો શીલ ! એ પ્રમાણે પ્રશંસા કરી. માતાના પ્રભાવને જોઇને લવણ અને અંકુશ જલદી રાજહંસની જેમ તરતા માતા પાસે જઇને માતાના ચરણોમાં નમ્યા. લક્ષ્મણ વગેરેએ સીતાજીને ભક્તિથી નમસ્કાર કર્યા. શ્રીરામ પણ સીતાજીની પાસે આવીને અંજલિ જોડીને બોલ્યા : હે દેવી ! જંગલમાં ત્યાગ કરવા છતાં તમે સ્વપ્રભાવથી જીવ્યા એ જ મોટું દિવ્ય હતું, પણ મેં તે જાણ્યું નહિ. તે બધું માફ કરીને પુષ્પક વિમાનમાં બિરાજમાન થાઓ, અને પોતાના ઘરે ચાલો. હે ભદ્રા ! પૂર્વની જેમ આ રાજ્યલક્ષ્મીને સફલ કરો. સીતાજી બોલ્યા : આમાં તમારો દોષ નથી, લોકોનો પણ કોઈ દોષ નથી. કિંતુ જીવને પૂર્વ કર્મોનો વિપાક સહન કરવો પડે છે. હવે પછી આવા સંસારવાસથી મારે સર્યું. હવે હું સંસારના ઉચ્છેદ માટે મહાફલવાળા ચારિત્રનો આશ્રય લઈશ. પછી સીતાજીના ચારિત્ર સ્વીકાર નિમિત્તે ઘણી સંપત્તિનો વ્યય કરીને ઉત્સવ થયો. સીતાજીના કેશો ક્લેશથી છુટવા માટે શ્રીરામે જાતે લીધા. ઘણા કાળ સુધી ચારિત્ર પાળીને સીતાજી અચ્યુત (=બસમા) દેવલોકમાં ઈંદ્રપણું પામ્યા. શ્રીરામ પણ ક્રમે કરીને શુક્લધ્યાનથી કર્મોનો નાશ કરીને મોક્ષમાં ગયા. [૧૦૮]

મહાસતીનું લક્ષણ કહે છે :-

જા સીલભંગસામગ્ગિ-સંભવે નિચ્ચલા સઈ એસા ।
ઇયરા મહાસઈઓ, ઘરે ઘરે સંતિ પઉરાઓ ॥ ૧૦૯ ॥

ગાથાર્થ :- શીલભંગની સામગ્રી હોવા છતાં, એટલે કે એકાંત સ્થાન, પરપુરુષનો પ્રેમ, પરપુરુષની મોહથી કામની પ્રાર્થના વગેરે સંકટ આવવા છતાં, જે સ્ત્રી પોતાના શીલની રક્ષામાં અત્યંત આગ્રહવાળી હોય તે સ્ત્રી સતી=મહાસતી કહેવાય છે, બીજી મહાસતીઓ તો, એટલે કે સંકટમાં ન પડી હોય અને એથી શીલ પાલનમાં તત્પર હોય તેવી સ્ત્રીઓ તો, ઘર ઘરમાં ઘણી છે.

ટીકાર્થ : આ વિષે કહ્યું છે કે, "સંકટમાં પણ શીલથી યુક્ત હોય તેવી સ્ત્રીઓ વિરલ છે. હમણાં તો સ્ત્રીઓ પ્રાયઃ પરપુરુષે કામની પ્રાર્થના ન કરી હોય તેથી જ પતિવ્રતા છે." [૧૦૯]

આમ શીલપાલન દુષ્કર હોવાથી શીલરક્ષાનો ઉપાય કહે છે :-

તહવિ હુ એગંતાઈ-સંગો નિચ્ચંપિ પરિહરેઅવ્વો ।
જેણ ય વિસમો ઇંદિય-ગામો તુચ્છાઇં સત્તાઇં ॥ ૧૧૦ ॥

ગાથાર્થ:- જો કે શીલપાલન દુષ્કર છે, તો પણ શીલ પાળવાને ઇચ્છતા મનુષ્યે એકાંતમાં (સ્ત્રીઓનો) સંગ વગેરેનો સદા ત્યાગ કરવો જોઇએ. કારણ કે ઇંદ્રિયોનું રક્ષણ દુષ્કર છે અને સત્ત્વ (=ચિત્તની દૃઢતા) અલ્પ જ છે.

ટીકાર્થ :- આથી પોતાના સંબંધવાળી પણ (બહેન વગેરે) સ્ત્રીઓની સાથે એકાંતમાં સંગનો ત્યાગ કરવો જોઇએ. કહ્યું છે કે-"પુરુષે માતા, બહેન કે પુત્રીની સાથે એકાંતમાં બેસવું નહિ. કારણ કે બળવાન ઇન્દ્રિયો વિદ્વાનને પણ ઉન્માર્ગમાં ખેંચી જાય છે." [૧૧૦]

પોતે નિર્દોષ હોય તો પણ (એકાંતમાં) સંગ કરવાથી થતા બીજા દૂષણને બતાવે છે:-

જઇવિ હુ નો વયભંગો, તહવિ હુ સંગાઓં હોઇ અવવાઓ ।
દોસનિહાલણનિઉણો, સવ્વો પાયં જણો જેણ ॥ ૧૧૧ ॥

ગાથાર્થ:- જો કે (એકાંતમાં) સંગ કરવાથી સરળ મહાત્માઓને વ્રતભંગ થતો નથી, તો પણ અપવાદ (=દોષારોપણ) તો જરૂર થાય. કારણ કે મોટા ભાગના લોકો બીજાના દોષો જોવામાં હોંશિયાર હોય છે.

ટીકાર્થ:- આ વિષે કહ્યું છે કે-**જેનાથી પોતાના દોષોને જુએ એવી એક પણ આંખ લોકો પાસે નથી, બીજાના દોષો જોવામાં લાખો આંખો ઉત્પન્ન થાય છે.**" વળી બીજું "**જે કાળમાં દોષો પણ ગુણો તરીકે હૃદયમાં વસતા હતા તે કાળ ગયો. હમણાં તો લોકોના ગુણો પણ દોષો થાય છે, અર્થાત્ ગુણો પણ દોષો તરીકે દેખાય છે.**" [૧૧૧]

હવે ફલ બતાવવાપૂર્વક શીલના ઉપદેશનો ઉપસંહાર કરે છે :-

तो सव्वहावि सीलंमि, उज्जमं तह करेह भो भव्वा ।
जह पावेइ लहुच्चिय, संसारं तरिय सिवसुक्खं ॥ ११२ ॥

ગાથાર્થ:-**હે ભવ્યો ! તેથી (=શીલપાલન વિના મોક્ષ મળતો ન હોવાથી) શીલમાં મન-વચન-કાયાની શુદ્ધિથી તેવી રીતે ઉદ્યમ કરો કે જેથી જલદી સંસારને તરીને મોક્ષસુખને પામો.**

ટીકાર્થ :- અહીં હે પુરુષો ! કે હે સ્ત્રીઓ ! એમ વિશેષ શબ્દથી સંબોધન ન કરતાં હે ભવ્યો ! એમ સામાન્ય શબ્દોથી સંબોધન કર્યું છે તે પુરુષ અને સ્ત્રી એ બન્ને શીલપાલનથી જ મોક્ષ પામે છે એમ જણાવવા માટે કર્યું છે, તથા હે ભવ્યો ! એવા સંબોધનથી એ પણ જણાવ્યું છે કે- ભવ્ય જીવો જ ઉપદેશને યોગ્ય છે. અભવ્ય જીવોને હિતકર પણ પ્રવચનતત્ત્વનો ઉપદેશ હૃદયમાં વસતો નથી. જિનાગમમાં કહ્યું છે કે- "**મિથ્યાદૃષ્ટિ જીવ જિને ઉપદેશેલા પ્રવચનની (=શાસ્ત્રની) શ્રદ્ધા કરતો નથી અને ઉપદેશેલા કે નહિ ઉપદેશેલા અસત્ય પદાર્થોની શ્રદ્ધા કરે છે.**" [૧૧૨]

હવે ગ્રંથકાર સ્વગર્વનો ત્યાગ કરવાપૂર્વક શીલમાં પ્રવર્તાવનાર અને શીલભંગથી રોકનાર અનેક ઉપદેશોની પરંપરાનો ઉપસંહાર કરે છે:-

इय सीलभावणाए, भावंतो निच्चमेव अप्पाणं।
धन्नो धरिज्ज बंभं, धम्ममहाभवणथिरथंभं ॥ ११३ ॥

ગાથાર્થ :- પૂર્વોક્ત ઉપદેશની શ્રદ્ધાપૂર્વક હંમેશાં જ શીલભાવનાથી આત્માને ભાવિત કરતો, અર્થાત્ શીલપાલન માટે પોતાના આત્માને દૃઢ કરતો, ધન્ય જીવ ધર્મ-રૂપી મહામહેલના આધારભૂત સ્તંભ સમાન બ્રહ્મચર્યવ્રતને ધારણ કરે છે.

ટીકાર્થ :- આનાથી ગ્રંથકાર એ જણાવે છે કે- પુણ્યશાળી જીવો જ શીલ ધારવાને માટે સમર્થ બને છે, નહિ કે મારા જેવો પાપી. સંગરૂપ દોષમાં પણ પુણ્યશાળીઓ શીલને પાળે જ છે. વિશિષ્ટ શીલની કસોટીનો તેવો પ્રસંગ ન આવ્યો હોય તો પણ શીલ-વંતોના શીલની શ્રદ્ધા કરવી જોઇએ. આ વિષે ધનશ્રી સતીનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે :-

ધનશ્રી સતીનું દૃષ્ટાંત

લક્ષ્મીના આશીર્વાદ સમાન ઉજ્જયિની નામની નગરી હતી. તે નગરીના ઘરો ઉપર રહેલા કળશો જાણે કલ્યાણના પુંજ હોય તેવા જણાતા હતા. તે નગરીમાં પ્રતાપી જિતશત્રુ નામનો રાજા હતો. તેના બાહુરૂપી સ્તંભમાં લક્ષ્મી પૂતળીની જેમ લીન બની હતી. તે નગરીમાં સાગરચંદ્ર નામનો શેઠ હતો. ચંદ્રશ્રી નામની તેમની પત્ની હતી. જેમ સમુદ્ર ચંદ્રથી હર્ષ (=વૃદ્ધિ) પામે છે તેમ તેનું ચિત્ત પુણ્યથી ઉલ્લાસ પામતુ હતું. તે બેનો જેનું વચનરૂપી અમૃત સ્વીકારવા યોગ્ય છે તેવો સમુદ્રદત્ત નામનો પુત્ર હતો. તેને કલાસમૂહના શિક્ષણ માટે ઉપાધ્યાયને સોંપ્યો. એક દિવસ તેણે માતાને ઉપાધ્યાય સાથે આસક્ત બનેલી જોઈ. આથી સ્ત્રી પ્રત્યે વિરક્ત બનેલા તેણે લગ્ન ન કરવાનો મનમાં અભિગ્રહ કર્યો. યૌવનમાં રહેલા તેના લગ્ન માટે પિતાએ વય અને કુળને અનુરૂપ સેંકડો કન્યાઓ શોધી, પણ જેમ સાધુ લક્ષ્મીનો નિષેધ કરે તેમ તેણે સર્વ કન્યાઓનો નિષેધ કર્યો. આ પ્રમાણે વિરક્ત એવા તેનો યોગીની જેમ સમય પસાર થવા લાગ્યો.

એકવાર તેનો પિતા વ્યવહારના કામ માટે સૌરાષ્ટ્રદેશમાં ગયો. ત્યાં ગિરિપુરનગરમાં ધન નામના સાર્થવાહના ઘરે રહ્યો. સારી રીતે જાણવામાં આવેલી ધનની પુત્રી ધનશ્રીનું સમુદ્રદત્ત માટે માંગુ કરીને સાગરચંદ્ર શેઠ પોતાના ઘરે આવ્યો. તેણે સમુદ્રદત્તને કહ્યું : હે પુત્ર ! ગિરિપુરમાં મારાં કરિયાણાં છે. તે કરિયાણાં તું જઈને લઈ આવ. પોતાનું ઈષ્ટ કરવાની ઈચ્છાથી શેઠે તેના મિત્રોને વિવાહ સંબંધી સર્વ વૃત્તાંત એકાંતમાં જણાવ્યો. પોતાને ઉચિત પોષાકથી શોભા કરીને અને ઘણાં વાહનો લઈને સમુદ્રદત્ત મિત્રોની સાથે ગિરિપુર તરફ ચાલ્યો. જેમ પુણ્યવાન પુરુષ પોતાના ઈષ્ટને પામે તેમ તે ગિરિપુરના ઉદ્યાનમાં આવ્યો. મિત્રોએ ધનશેઠને સમુદ્રદત્તનું આગમન જણાવ્યું. ધનશેઠ પણ વિવાહની બધી સામગ્રી તૈયાર કરીને પરિવાર સહિત સમુદ્રદત્તને આમંત્રણ આપીને પોતાના ઘરે લઇ ગયો. ધનશેઠે કપટથી સમુદ્રદત્તની સાથે ધનશ્રી પુત્રીનું લગ્ન કરાવીને તુષ્ટિદાનથી જમાઇને હર્ષ પમાડ્યો. જેની સર્વ ઉચિત ક્રિયા મિત્રોએ કરી છે એવો તે સમુદ્રદત્ત વાસગૃહમાં (=શયનગૃહમાં) ગયો. જેમ શિયાળ પાણી જોઇને પાછો ફરે તેમ તે ધનશ્રીને જોઇને પાછો ફર્યો. આવીને મિત્રોની સાથે સૂતો. પ્રભાત થતાં વડીનીતિના બહાનાથી તે જંગલમાં પલાયન થઈ ગયો. મિત્રોએ આ વિગત ધનશેઠને જણાવી. સસરા વિગેરેએ બધા સ્થળે તપાસ કરી પણ જમાઇનો પત્તો લાગ્યો નહિ. આ સાંભળીને સાગરચંદ્ર શેઠ જલદી ત્યાં આવ્યા. કેટલાક દિવસ ત્યાં રહીને પોતાના નગરમાં પાછા ગયા.

બાર વર્ષ પછી વધી ગયેલ દાઢી–મૂછવાળો અને પુષ્ટશરીરવાળો સમુદ્રદત્ત ભિક્ષુકોની સાથે ગિરિપુર આવ્યો. ઘરના બગીચામાં રહેલા ધનસાર્થવાહને તેણે કહ્યું : પગાર વિના હું તમારો ઉદ્યાનપાલક થાઉં. શેઠે તેનો સ્વીકાર કર્યો. વૃક્ષ સંબંધી આયુર્વેદ-

શાસ્ત્રમાં કુશળ તેણે ક્રમે કરીને તે ઉદ્યાનને દેવોના ઉદ્યાન સમાન મનોહર બનાવી દીધું. તે ઉદ્યાનની સર્વ ઋતુઓના ફળોથી સુશોભિત સમૃદ્ધિને જોઇને આનંદથી પૂર્ણ બનેલા ધનસાર્થવાહે મનમાં આ પ્રમાણે વિચાર્યું:– આવી કળાનું પાત્ર આ આવા કાર્યમાં યોગ્ય નથી, શું ચિંતામણિ બકરીના ગળાનું આભૂષણ બનવાને યોગ્ય છે? પછી તેને દુકાનના વેપારમાં જોડયો. વેપારની કળાથી ત્યાં પણ તેણે પ્રજાને પોતાને વશ બનાવી દીધી. બધાના વિશ્વાસનું પાત્ર અને લક્ષ્મીને વશ કરવા માટે ઔષધતુલ્ય તે વિનીતક એવા નામથી બધે પ્રસિદ્ધ બન્યો. આને સર્વગુણવાળો જાણીને રાજા લોભથી એનો સ્વીકાર ન કરે એ માટે ધનશેઠે એને ઘરનાં સર્વ કામો કરવાની આજ્ઞા કરી. ઇચ્છિત સર્વ કાર્યોને કરતા તેને ધનશેઠ પુત્રથી પણ અધિક માનવા લાગ્યા. ગુણો કોને માન આપતા નથી? સર્વ કાર્યોમાં લાયક હોવાથી અને વિનીત હોવાથી તે ક્રમે કરીને સતી ધનશ્રીના પણ વિશ્વાસનું પાત્ર બન્યો.

એક દિવસ ઝરુખામાં રહેલી ધનશ્રીને કોટવાળે જોઇ. આથી કામથી અત્યંત પીડાયેલો તે વિશ્વને ધનશ્રીમય જોવા લાગ્યો. તેણે જાણ્યું કે વિનીતક સદા ધનશ્રીની પાસે રહે છે, આથી કામુક તેણે વિનીતકને દૂત કાર્ય કરવા માટે પ્રાર્થના કરીને ધનશ્રી પાસે મોકલ્યો. તેણે પણ અવસર જાણીને ધનશ્રીને તે વૃત્તાંત કહ્યો. ઉત્તમ વસ્તુને લેવાની ઇચ્છાવાળા ધૂર્ત માણસો કઈ ચેષ્ટા કરતા નથી? મસ્તક ધુણાવતી સતી ધનશ્રીએ તેને કહ્યું: હે વિનીતક! ઘણા કાળથી તું મને પ્રાણોથી પણ અધિક પ્રિય છે, પણ આ કાર્યથી તું શત્રુથી પણ અધિક ભયંકર છે. કારણ કે તું મારા શીલરૂપી માણેક રત્નને દૂષિત કરવાને ઇચ્છે છે. માતા–પિતાએ બધાની સાક્ષીએ મને જે સમુદ્રદત્ત આપ્યો છે તે જ મન–વચન–કાયાથી મારો પતિ છે. ગુપ્તહર્ષવાળા વિનીતકે ફરી ધનશ્રીને કહ્યું: જેમ કૃપણ માણસ ધનને નિરર્થક ગુમાવે છે તેમ તું જન્મને નિરર્થક કેમ ગુમાવે છે? અનુરાગવાળી પણ તને છોડીને જે ચાલ્યો ગયો છે અને જેનો પતો મળતો નથી, તેના માટે જન્મ હારી જવો એ મને નિરર્થક જણાય છે. ધનશ્રી બોલી: મને વારંવાર આ સંભળાવતો તું વિનીતા હોવા છતાં અવિનીત છે. જેમ જલબિંદુઓથી યુક્ત હેમંતઋતુનો પવન કમલિનીને પ્રતિકૂળ છે તેમ તું મને પ્રતિકૂળ છે. કુલીન સ્ત્રીઓ માટે આ લોકમાં અને પરલોકમાં શીલ જ પ્રાણ છે. શીલ નષ્ટ થતાં જીવતો પણ પ્રાણી મરેલા જેવો છે. એક આ શીલ ન જાઓ; કારણ કે શીલ હશે તો બીજું બધું થશે=મળશે. કંદ સાબૂત હોય તો વેલડીના પલ્લવોની ઉત્પત્તિમાં કોઈ સંદેહ રહેતો નથી. તું ઘણા કાળથી પરિચિત હોવાથી હમણાં તને જીવતો છોડી દઉં છું, પણ જો ફરી આ પ્રમાણે બોલીશ તો તને સર્વ પ્રકારે શિક્ષા કરવામાં આવશે. આ પ્રમાણે ધનશ્રીથી તિરસ્કાર કરાયેલ વિનીતક

ધનશ્રીના ચરણોમાં પડીને બોલ્યો : મારો આ અપરાધ માફ કર. તારો પતિ આ સમુદ્રદત્ત કોણ છે તે મને કહે. ધનશ્રીએ કહ્યું : ઉજ્જયિની નામની મહાનગરીમાં સાગરચંદ્ર શેઠ છે. તેનો આ પુત્ર છે. તે ગુણોની ખાણ છે. જેમ સમુદ્ર રત્નોનું સ્થાન છે તેમ તે કલાઓનું સ્થાન છે. વિનીતક બોલ્યો : તો તારા ગુણોથી પ્રસન્ન થયેલો હું તારા પતિને જ્યાં-ત્યાંથી શોધીને લઈ આવીશ. આ પ્રમાણે કહીને તે ત્યાંથી નિકળી ગયો. ધનશ્રીના ઉજ્જ્વલ શીલને વિચારતા તેણે જેમ જ્ઞાની ગર્વને છોડી દે તેમ "સ્ત્રીઓ દુઃશીલવાળી હોય છે" તેવા આગ્રહને મૂકી દીધો. ઉજ્જયિની જઈને તેણે માતા-પિતાના મનને આનંદ પમાડ્યો. તેના પિતાએ ધનશેઠને તેનું આગમન જણાવ્યું. માતા-પિતા અને સસરો તેને ફરી જન્મ પામેલો માનવા લાગ્યા. બંને સ્થળે વધામણીના મહોત્સવો થયા. ધનશ્રીને ઘણી સમૃદ્ધિથી લઈ જવાની ઇચ્છાવાળો સમુદ્રદત્ત જલદી ગિરિપુરનગરમાં ગયો. જેમ યોગી ભવરૂપી સમુદ્રના કાંઠાને જોઈને આનંદ પામે તેમ જમાઈને જોઈને બધા એકદમ આશ્ચર્ય પામ્યા અને હર્ષમય બની ગયા. સતી ધનશ્રી પણ કલંક રહિત શીલના પ્રભાવરૂપી અદ્‌ભુત વૈભવથી આ લોક અને પરલોકમાં ઉત્પન્ન થયેલાં કલ્યાણકારી સર્વ સુખોને ઘણા કાળ સુધી પામી. [૧૧૩]

હવે ગ્રંથસમાપ્તિમાં પોતાના નામ નિર્દેશપૂર્વક મંગલ આશીર્વાદ આપે છે :-

इइ जयसिंहमुणीसर-विणेयजयकित्तिणा कयं एयं ।
सीलोवएसमालं आराहिय लहह बोहिसुहं ॥ ११४ ॥

ગાથાર્થ :- હે ભવ્યો ! આ પ્રમાણે જયસિંહસૂરિના શિષ્ય શ્રી જયકીર્તિ (સૂરિ)એ કરેલી આ શીલોપદેશમાલાને આરાધીને બોધિસુખને પામો.

ટીકાર્થ:- આ પ્રકરણના કર્તા આચાર્યશ્રી જયસિંહસૂરિના શિષ્ય શ્રી જયકીર્તિ (સૂરિ) છે, જયકીર્તિ એ નામનો અર્થ આ પ્રમાણે છેઃ- જેમાં જય પ્રધાન છે એવી જે કીર્તિ તે જયપ્રધાન કીર્તિ. જયપ્રધાન કીર્તિ છે જેની તે જયકીર્તિ, અથવા જગતમાં કીર્તિ છે જેની તે [1]જયકીર્તિ. સ્વ-પરને હિતકર ઉપદેશ આપનાર હોવાથી આ મહાત્માનું જયકીર્તિ એવું નામ સાર્થક (=બંધ બેસતું) છે. તેમણે આગમમાં કહેલી ગાથાઓના અર્થનો સંગ્રહ કરીને આ શીલોપદેશમાલા રચી છે. શીલોપદેશમાલા શબ્દનો અર્થ આ પ્રમાણે છે :- શીલના સારવાળા જે ઉપદેશો તે શીલોપદેશો. શીલોપદેશની માલા=શ્રેણિ તે શીલોપદેશમાલા, અથવા માલા એટલે પુષ્પોની માળા જેવી માળા. જેમ પુષ્પમાળા સર્વ જીવોના ઉત્તમ અંગ કંઠે ધારણ કરવા લાયક છે તેમ આ શિલોપદેશમાલા પણ કંઠે ધારણ કરવા લાયક છે. શીલોપદેશમાલાને આરાધીને એટલે તેમાં કહેલા ઉપદેશને

---

૧. સંસ્કૃતમાં **जगत्कीर्ति** એવો શબ્દ થાય. પ્રાકૃતમાં **जयकीत्ति** થાય. ગુજરાતીમાં જયકીર્તિ શબ્દ થાય.

સ્વયં પાળીને કે શ્રોતાઓને તેનો ઉપદેશ આપીને. બોધિસુખ એટલે સમ્યક્ત્વથી પરંપરાએ પ્રાપ્ત થતું મોક્ષસુખ. કારણ કે મોક્ષસુખ જ સર્વ શ્રેષ્ઠ, શાશ્વત, દુ.ખથી રહિત, વિકાર (=ફેરફાર) વિનાનું, સંપૂર્ણ અને મંગલનું મૂળ છે. [૧૧૪]

આ પ્રમાણે શીલોપદેશમાલા નામનું પ્રકરણ પૂર્ણ થયું. તે પૂર્ણ થતાં તેની શીલતરંગિણી નામની આ ટીકા પૂર્ણ થઈ.

ભાવાનુવાદકારની પ્રશસ્તિ :-

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી જયકીર્તિસૂરિ વિરચિત અને પૂજ્યપાદ આચાર્યદેવશ્રી સોમતિલકસૂરિ કૃત શીલતરંગિણી ટીકા સહિત શીલોપદેશમાલા ગ્રંથનો સિદ્ધાંતમહોદધિ સ્વ. પ. પૂ. આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પરમગીતાર્થ સ્વ. પ. પૂ. આચાર્યદેવશ્રી હીરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પરાર્થપરાયણ પ. પૂ. આચાર્યદેવશ્રી લલિતશેખરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ વિ. સં. ૨૦૪૬ના પોષ માસમાં દહેજગામમાં શરૂ થયો અને તે જ વર્ષના જેઠ માસમાં ભરુચનગરમાં એની સમાપ્તિ થઈ.



શુદ્ધિ પત્રક

પેજ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬	૩	જ	જે
૩૩	૯	**ક**	**કે**
૩૮	૧૪	જાણીને	જણાવીને
૩૮	૩૦	ચંદ્રમા	ચંદ્રમાં
૪૨	૨૩	છે'	છે,
૪૩	૧૦	જતેની સાંકળે	જ તેની સાંકળો
૪૪	૮	જણાવેા	જાણુવેા
૪૮	૬	ચારિત્રધારી	ચારિત્રધારી.
૪૮	૧૯	છે?	છો?
૫૪	૨૧	',એ	"એ
૭૮	૭	યૌવન	યુવાન
૮૫	૨૩	દંદુભિનાદ	દુંદુભિનાદ
૯૮	૩	હતા,	હતી,
૯૮	૨૯	ભાવેા	ભવેા
૧૦૫	૨૫	મ્લેછ	મ્લેચ્છ
૧૦૯	૨૫	ગુરુને	ગુરુએ
૧૧૬	૮	કટાળેલી	કંટાળેલી
૧૧૬	૧૧	અંદેશને	આદેશને
૧૨૯	૧૦	કરીએ	કરીએ.
૧૩૦	૨૭	**રહનેમિ મુણંપિ**	**રહનેમિમુણંપિ**
૧૩૦	૩૨	નેમિનથના	નેમિનાથના
૧૩૪	૧૭	ને	તે
૧૩૫	૧૯	કામુદી	કૌમુદી
૧૩૯	૧૯	સુમગલા	સુમંગલા
૧૩૯	૨૬	વકચૂલ	વંકચૂલ
૧૪૩	૧૭	દુનર્યેાથી	દુર્નયેાથી
૧૫૪	૧૩	મુકીને	મુકીને
૧૫૮	૪	કર્યા	કર્યા.
૧૫૮	૨૨	ઋષભરવામિને	ઋષભસ્વામિને
૧૬૩	૨૯	અજના	અંજના
૧૬૬	૪	રૂપવાવાળા	રૂપવાળા
૧૭૧	૨૫	પવનંજયનઃ	પવનંજયના
૧૭૧	૩૪	સગારેા	સાગરેા
૧૮૦	૧૩	કહ્યા.	કહ્યો.
૧૮૨	૩૧	પ્રરતુતમાં	પ્રસ્તુતમાં
૧૮૮	૧૨	રુકિમણીને	રુક્મિણીને
૧૯૩	૨	ચેાસક્કતેથી	ચેાક્કસથી
૧૯૪	૩૧	**ક્લીવ ઇવ**	**ક્લીબ ઇવ**
૨૨૮	૮	બાજુ બધેાને	બાજુ બંધેાને
૨૨૯	૨૧	લાગ્યું	લાગ્યું.
૨૪૮	૬	નદયંતીને	નંદયંતીને
૨૫૨	૨૬	જણાતેા અને	જણાતેા.
૨૫૩	૬	ઉદ્યાન ક્રીડાને	ઉદ્યાનક્રીડાને
૨૫૫	૭	શેાભી	શેાભી.
૨૫૭	૨૨	દારિદ્રતા	દરિદ્રતા
૨૫૭	૨૬	**સો**	**સો**
૨૫૮	૧૦	ગયા	ગયા.
૨૬૦	૧૮	લાગી	લાગી.
૨૬૪	૫	મારૂા	મારેા
૨૬૬	૧૭	સ્વયવરમાં	સ્વયંવરમાં
૨૬૭	૨૧	ઊચા	ઊંચા
૨૬૭	૨૫	હતેા	હતેા.
૨૬૮	૩	હલાવતી	હલાવતી.
૨૬૮	૪	કાઠે	કાંઠે
૨૬૮	૧૦	પૂછુ	પૂછું
૨૬૯	૧૯	તેમ	જેમ
૨૭૦	૨૮	જો જે	જોજે
૨૭૩	૨૬	ઉતર્યો	ઉતાર્યો
૨૭૩	૨૯	લગા.	ગયા.
૨૭૫	૨૯	વસ્ત્રીરહિત	વસ્ત્રરહિત
૨૭૮	૨૪	અકિક	અધિક
૩૦૦	૨૫	શ્રાવકના	શ્રાવકનાં
૩૦૨	૨૩	બીજો કેાઇ બીજા કેાઈને	બીજા કેાઇને
૩૦૮	૨૦	મત્રી	મૈત્રી

પૂજ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરિજી મ.ના

સંપાદિત–અનુવાદિત–લેખિત ગ્રંથો



ક્રમ	ગ્રંથ	સાઇઝ	વિષય
૧	યોગશાસ્ત્ર	પોકેટબુક	મૂળશ્લોકો
૨.	જ્ઞાનસાર	,,	,,
૩.	તત્ત્વાર્થ	,,	ગુજરાતી સાથે સૂત્રો
૪.	ધર્મબિંદુ	ક્રાઉન ૧૬ પેજી	,,
૫.	પંચસૂત્ર	,,	,,
૬.	વીતરાગ સ્તોત્ર	,,	,,
૭.	પંચાશક	,,	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
૮.	ભવભાવના	,,	મૂળશ્લોકોનો ,,
૯.	હારિભદ્રીયઅષ્ટક	ફૂલસ્કેપ ૧૬ પેજી	,, ,,
૧૦.	જ્ઞાનસાર	,,	,, ,,
૧૧.	પ્રશમરતિ	,,	,, ,,
૧૨.	તત્ત્વાર્થ	ક્રાઉન ૧૬ પેજી	વિસ્તૃતવિવેચન
૧૩.	નિત્ય ઉપયોગી સાધના સંગ્રહ	,,	શ્રાવકોને ઉપયોગી વિષયોનો સંગ્રહ
૧૪.	માતા–પિતાની સેવા	,,	વિવેચન
૧૫.	મૈત્રીની સાધના	,,	વિવેચન
૧૬.	સત્સંગની સુવાસ	,,	,,
૧૭.	પ્રમોદ પુષ્પ પરિમલ	,,	,,
૧૮.	સાધુસેવા આપે મુક્તિમેવા	,,	,,
૧૯.	ગુરુતત્ત્વ વિનિશ્ચય	ક્રાઉન ૮ પેજી	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
૨૦.	પંચવસ્તુક	,,	,,
૨૧.	શ્રાવકનાં બાર વ્રતો યાને નવપદ પ્રકરણ	,,	,,
૨૨.	શીલોપદેશમાલા	,,	,,
૨૩.	,,	,,	પ્રાકૃત–સંસ્કૃત
૨૪.	સિદ્ધહેમ વ્યાકરણ (મધ્યમવૃત્તિ)	,,	સંસ્કૃત વ્યાકરણ
૨૫.	પ્રદેશબંધ	,,	સંસ્કૃતટીકા

Printed By;
KANTILAL D. SHAH
at
"BHARAT PRINTERY"
Newmarket, Panjarapole, Relief Rd.
AHMEDABAD-1. Phone : 387964.

